
હરિઃૐ



પૂજ્ય શ્રીમોટા

# જીવન અને કાર્ય

ભાગ - ૨

પૂજ્ય શ્રીમોટા
હરિઃૐ
હરિઃૐ આશ્રમ-સુરત

॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટા

## જીવન અને કાર્ય

## ભાગ - ૨




**: સંપાદકો :**

ઈશ્વર પેટલીકર

રમેશ ભટ્ટ

રતિલાલ મહેતા



હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં, જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
મોબાઇલ ફોન. : + ૯૧-૯૭૨૭૭૩૩૪૦૦
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

❑ © હરિઃૐ આશ્રમ, સુરત - નડિયાદ

❑ પહેલી આવૃત્તિ : નવેમ્બર ૧૯૭૫ પ્રત : ૧૭૫૦
બીજી આવૃત્તિ : સપ્ટેમ્બર ૨૦૦૯ પ્રત : ૩૦૦૦
(સંશોધન - સંવર્ધન : રજનીભાઈ બર્માવાળા)

❑ પૃષ્ઠ : ૬ + ૪૧૪ = ૪૨૦

❑ પડતર કિંમત : રૂ. ૧૫૦/-
વેચાણ કિંમત : રૂ. ૧૦૦/- (ભાગ-૧ અને ભાગ-૨નું સંયુક્ત મૂલ્ય)

**વાંચનની સુગમતા માટે ગ્રંથની રચના બે ભાગમાં કરેલ છે. નામસૂચિ અને વિષયસૂચિ ભાગ-૨ના અંતમાં છે.**

❑ **પ્રાપ્તિસ્થાન :** હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫૦૦૫.
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **શ્રી રજનીભાઈ બર્માવાળા**
**શ્રી જયંતીભાઈ જાની**

❑ ડિઝાઇનર : **મયૂર જાની,**
બી/૮, રીપલ એપાર્ટમેન્ટ, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
મો. ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૧૪, મો. ૯૩૨૭૦૩૬૪૧૪

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨.
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

# અનુક્રમણિકા


શ્રીગંગાચરણે .................... ૪૩૧
જનેતાને અંજલિ .................. ૪૩૭
સાચી ઈશ્વરભક્તિ ................ ૪૩૮
સાધનાની પારાશીશી .............. ૪૩૯
દુઃખ—પ્રભુના આશીર્વાદ ........... ૪૪૧
જીવનદાતા દુઃખ ................. ૪૪૨
દુઃખમર્મ ........................ ૪૪૩
દુઃખ ........................ ૪૪૫
દુઃખનો મર્મ ..................... ૪૪૬
પુરુષાર્થ ........................ ૪૪૭
સાચી જીવનદૃષ્ટિ ................ ૪૪૯
'લગની' ........................ ૪૫૦
પ્રેરણા ......................... ૪૫૧
ગૂઢતત્ત્વ ........................ ૪૫૨
આત્મનિવેદન .................... ૪૫૫
एक ........................ ૪૫૫
શૂન્ય ......................... ૪૫૬
નઠારું—સારું—નરસું .............. ૪૫૬
કસોટી ......................... ૪૫૭
નામસ્મરણ ...................... ૪૫૭
ગુણોની રમત .................... ૪૫૭
ગુરુમાહાત્મ્ય .................... ૪૫૮
શિલ્પીટાંકણાં શો પ્રેમ ............. ૪૫૯
ચૈતન્યકર્મોનાં મૂળમાં .............. ૪૫૯
જન્મમૃત્યુના રાસ ................. ૪૬૦
જોબનિયે જીવનસિદ્ધિ ............. ૪૬૧
'જ્ઞાની ને અજ્ઞાની વચ્ચેનો ફેર' ..... ૪૬૨
'ઝંખના અગ્નિ' ................. ૪૬૩
સ્મરણસાથી ..................... ૪૬૪
પૂજા-અર્ચન-આહાર .............. ૪૬૪
પ્રાર્થનાભાવે પ્રવૃત્તિઓ ............ ૪૬૫
'આજ' ને 'કાલ' ................. ૪૬૬
ગૂઢતા ......................... ૪૬૭
આત્મનિષ્ઠ ...................... ૪૬૭
ફનાગીરી ....................... ૪૬૮
'સ્વજનભાવ' .................... ૪૬૯
'બુદ્ધિ' ......................... ૪૬૯
મોહ ......................... ૪૭૦
યુદ્ધ ......................... ૪૭૧
વિઘ્ન ......................... ૪૭૧
માનવદેહ ....................... ૪૭૨
સમર્પણ ........................ ૪૭૩
સાધના અનિવાર્ય ................ ૪૭૩
સ્વપ્નમાં સાધના ................ ૪૭૪
સનમનું તત્ત્વ .................... ૪૭૫
પિયર ......................... ૪૭૬
શું સાંભળશે નહિ કો'ક ? .......... ૪૭૭
અમારે જીવવાનું છે ............... ૪૭૮
અમારો પ્રેમ ..................... ૪૭૮
જીવનધંધો ...................... ૪૭૯
જીવન સંભાળતાં રે'જો ............ ૪૮૦
વહાલાં સ્વજનો .................. ૪૮૧
અનુકૂળતા માટે પ્રાર્થના ............ ૪૮૩
ભિખારી ભીખ માગે છે ............ ૪૮૪
ભિખારીની દયા જાણી ઘટે તો ટુકડો દેજો .............. ૪૮૪
ગૂઢ રીતિ ....................... ૪૮૫
તમે ક્યારે લઈ લેશો ? ............. ૪૮૫
ભાવથી વેપાર ................... ૪૮૬
પશ્ચાત્તાપ થશે ત્યારે ............... ૪૮૭
સ્વજનનું શ્રેય ચિંતન .............. ૪૮૮
એવા કૈંક વિચાર ................ ૪૮૮
મહોબતની મીઠી લહેજત .......... ૪૮૯
કહો, ત્યાં શું પછી કરું ? ........... ૪૮૯
પ્રેમભાવથી કૃતાર્થતા .............. ૪૯૦
આ સાધુડાની ટેવ ................. ૪૯૨

## ખંડ : ૩

શ્રીમોટાનાં વિચારસ્ફુલિંગ .... ૪૯૩–૫૯૦

## ખંડ : ૪

**શ્રીમોટાનાં બહુવિધ સ્વરૂપ ... ૫૯૧–૭૪૧**

૧. સંકડામણોની વચ્ચે ......... ૫૯૩
૨. જીવનવિકાસની પારાશીશી .. ૫૯૪
૩. ભગવાનને માર્ગે જવા કર્મ ... ૫૯૪
૪. દીક્ષા ..................... ૫૯૬
૫. ગુરુએ મને પકડ્યો ......... ૫૯૬
૬. મગરમચ્છ બતાવ .......... ૫૯૮
૭. બ્રહ્મચર્ય માટેની સાધના ..... ૬૦૦
૮. આહાર ................... ૬૦૩
૯. પૂર્વગ્રહો તોડવા ............ ૬૦૪
૧૦. માંદગીઓ ................ ૬૦૫
૧૧. તાદાત્મ્યભાવને કારણે ...... ૬૦૮
૧૨. સ્થિતપ્રજ્ઞ ................. ૬૧૨
૧૩. જીવનકાર્ય ................ ૬૧૬
૧૪. ઊંધિયા–
ભોજનનો તૃપ્તિવિસ્તાર ..... ૬૧૮
૧૫. લાક્ષણિકતાઓ ............. ૬૧૯
૧૬. અઘોરીબાબા –
મોતનો સામનો ............ ૬૨૪
૧૭. વારાંગનાઓનો ફાળો ....... ૬૨૮
૧૮. આશ્રમોની પ્રણાલિકા ....... ૬૩૦
૧૯. વિલક્ષણ કાર્યરીતિ .......... ૬૩૨
૨૦. અનેકવિધ લક્ષણો .......... ૬૩૩
૨૧. સંકોચથી મુક્ત ............. ૬૩૮
૨૨. લેખન–પ્રકાશન ........... ૬૪૦
૨૩. માતા અને શિક્ષક ........... ૬૪૧
૨૪. શૌર્ય સિંચતા શિક્ષક ......... ૬૪૩
૨૫. જ્યાં ત્યાં અભય ............ ૬૪૬
૨૬. પુરોહિત .................. ૬૪૮
૨૭. વૃક્ષપ્રેમી .................. ૬૫૦
૨૮. નાનાંની પણ કદર .......... ૬૫૨
૨૯. ભાવોદ્રેક .................. ૬૫૩
૩૦. સેવાચાકરી ................ ૬૫૪
૩૧. ઉપયોગ કે ઉપભોગ ? ...... ૬૫૮
૩૨. સાધકનું હૃદય ............ ૬૫૯
૩૩. પ્રાર્થના .................. ૬૬૧

**'મોટા' થયા પહેલાં–**

૧. કિશોરાવસ્થા :
શ્રીમોટાના શબ્દોમાં ......... ૬૬૩
૨. શ્રીમોટાનો જન્મ અને તે પછી ૬૬૫
૩. સેવા અને સાધના .......... ૬૬૬
૪. સદાનો ઋણી હરિજન
સેવક સંઘ ................. ૬૬૮
૫. શ્રીમોટાની સાધનામાં
સાંઈબાબા ................ ૬૭૦

**શ્રીમોટાઃ મુક્તાત્મા**

૧. કેવા મહાત્મા .............. ૬૭૪
૨. ડૉક્ટરનો અદ્ભુત બચાવ .... ૬૭૪
૩. ૧૫મી ઑગસ્ટની ઉજવણી .. ૬૭૭
૪. સૂક્ષ્મ વિવેકના જ્ઞાતા ........ ૬૭૭
૫. અનોખો આહુતિયજ્ઞ ........ ૬૮૧
૬. ''જીવન્મુક્તિ'' ........... ૬૮૨
૭. રામ ઝરૂખે બૈઠકર .......... ૬૮૫
૮. માથે પેટી મૂકીને.... ....... ૬૮૬
૯. પરમહંસનું લક્ષણ .......... ૬૮૭

**વીણેલાં મોતી**

૧. સ્પર્શ .................... ૬૮૮
૨. મરણિયો નિર્ધાર .......... ૬૮૯
૩. વિનમ્રતા ................ ૬૯૦
૪. સત્પુરુષ ................ ૬૯૦
૫. ખુમારી .................. ૬૯૧
૬. નંગજડિત સોનાનો મુગટ .... ૬૯૨

૭. હૃદયપરિવર્તન ............ ૬૯૩
૮. યોગીજનો ................. ૬૯૫
૯. પ્રેમ ...................... ૬૯૬
૧૦. સેવક .................... ૬૯૬
૧૧. શ્રદ્ધા ..................... ૬૯૭

**શ્રીમોટાની વર્તનલીલા**

૧. જાદુ ....................... ૬૯૮
૨. હનુમાન કૂદકો ............. ૭૦૦
૩. પતિતપાવની ગંગામા જેવા .. ૭૦૧
૪. જય જલારામ .............. ૭૦૨
૫. પૈસાની સગાઈ ? ........... ૭૦૩
૬. શ્રેષ્ઠ કળા ................. ૭૦૪
૭. ખૂબી .................... ૭૦૪
૮. બાળપ્રેમ ................. ૭૦૫
૯. માનસ ચિકિત્સક ........... ૭૦૬
૧૦. રસ્તામાં પંક્ચર પડે ? ....... ૭૦૭
૧૧. લીધેલું પાછું નથી આપતા .... ૭૦૮
૧૨. ફૂલહાર .................. ૭૦૮
૧૩. મરચાં .................... ૭૦૯
૧૪. પ્રેમશસ્ત્ર ................. ૭૦૯
૧૫. રામનવમી ................ ૭૧૦
૧૬. હૃદયપ્રવેશ .................૭૧૧
૧૭. સંવાદ .................... ૭૧૨
૧૮. પ્રોત્સાહન ................ ૭૧૩
૧૯. આત્મીયતા ................ ૭૧૪
૨૦. ગમ્મત ................... ૭૧૪
૨૧. ખરી દક્ષિણા ............... ૭૧૪
૨૨. ભગવાનના માર્ગે જવામાં નિયમિતતા ................ ૭૧૫
૨૩. કશાનો પણ સંકોચ નહિ ..... ૭૧૭
૨૪. કોઈ કામ નીચું નહિ ........ ૭૧૮
૨૫. શ્રીમોટાની રૂઢિભંજકતા ...... ૭૧૯
૨૬. સદ્ગુરુનો ક્રોધ તો કૃપાપ્રસાદી ૭૨૧
૨૭. શબ્દાર્થની અનુભૂતિ ........ ૭૨૪
૨૮. ભગવાન માટે રુદન કેમ નહિ ?૭૨૫
૨૯. અધ્યાપક પાસે રસોઈ કરાવડાવી ................ ૭૨૬
૩૦. ઝીણવટભરી ચીકાશ ........ ૭૨૮
૩૧. વર્તમાનપત્ર વિના ચાલે ..... ૭૨૯
૩૨. ચમત્કાર કે કૃપાદૃષ્ટિ !....... ૭૩૦
૩૩. શ્રદ્ધાનું બળ ............... ૭૩૧
૩૪. પરસ્પર વિરોધી વિધાન ..... ૭૩૪
૩૫. જીવન્મુક્તિથી વિદેહમુક્તિ સુધીનો ગાળો ............. ૭૩૬
૩૬. પ્રેમથી પલાળ્યાં અને પલટ્યાં . ૭૩૮
૩૭. હાથ ઝાલ્યો તે ન છોડે ....... ૭૩૯
૩૮. સંકલ્પ કરાવી દેહમુક્તિ અપાવી .......... ૭૪૧


## ખંડ : ૫


**શ્રીમોટાનાં કાર્યો ........................ ૭૪૩**

**હરિઃૐ આશ્રમો ....................... ૭૪૫**

૧. કુંભકોણમ્ આશ્રમ .......... ૭૪૬
૨. કુંભકોણમ્ આશ્રમ વિશે ‘હિંદુ’‘Hindu’ Daily ....... ૭૪૭
૩. નડિયાદ આશ્રમ વિશે ભવિષ્યવાણી .............. ૭૪૮
૪. સુરત આશ્રમને ગેબી મદદ ... ૭૪૯
૫. ફિરોઝપુરનું મૌનમંદિર ...... ૭૫૧
૬. રોજબરોજનો કાર્યક્રમ ....... ૭૫૧
૭. શ્રીમોટા અને આશ્રમ ....... ૭૫૨
૮. હરતુંફરતું કાર્યાલય ......... ૭૫૪
૯. વ્યવસ્થાપકો ............... ૭૫૫
૧૦. ‘મોટા’ ................... ૭૫૬
૧૧. શ્રીમોટાની નિષ્કિંચનતા ..... ૭૫૬

૧૨. ઈશ્વરદત્ત મિલકત .......... ૭૫૭
૧૩. દક્ષિણા લેવાની શરતે ....... ૭૫૮
૧૪. વાણીમાં કંજૂસાઈ ........... ૭૫૮

**'મૌનએકાંત' મંદિરો .................. ૭૫૯**
૧. 'મૌનએકાંત'ના શ્રીગણેશ ... ૭૫૯
૨. મૌનએકાંત મંદિર .......... ૭૬૧
૩. લાક્ષણિક અનુભવ ......... ૭૬૪
૪. પાથેય પૂરું પાડતાં મંદિરો .... ૭૬૭
૫. નામસ્મરણનો પ્રયોગાત્મક પુરાવો .................. ૭૬૯
૬. અહમ્‌ની પ્રતીતિ ........... ૭૭૪
૭. લગની ................... ૭૭૫
૮. પ્રચંડ સૂર્ય ................. ૭૭૫
૯. ક્લેશ હરનાર ............. ૭૭૬
૧૦. મારા જીવનના શ્રેષ્ઠ દિવસો .. ૭૭૬
૧૧. પથ્થરનો ચોતરો હાલે છે ..... ૭૭૭
૧૨. અંધકારનો આનંદ .......... ૭૭૮
૧૩. અદૃશ્ય અવાજ ............. ૭૭૮
૧૪. ચારે ખૂણે મોટા ............ ૭૭૯
૧૫. કાવ્યની સ્ફુરણા ............ ૭૭૯
૧૬. નંદનવન સમું ............. ૭૮૦
૧૭. જીર્ણજ્વર ગયો ........... ૭૮૦
૧૮. મનમાં શાંતિ ............... ૭૮૦
૧૯. આટલું મીરાંય નાચી નહિ હોય! ................ ૭૮૧
૨૦. સ્વીસ સન્નારીનો અનુભવ ... ૭૮૧
૨૧. અમેરિકન પ્રોફેસરનો અનુભવ .................. ૭૮૨
૨૨. ડેનિઅલનું નિવેદન ......... ૭૮૨
૨૩. અન્ય અનુભવોનો સારાંશ ... ૭૮૩

**પ્રાર્થના ........................ ૭૮૬**
૧. મૌનએકાંત મંદિરનો સાધક ... ૭૮૬
૨. નિત્ય કર્મ કરતાં કરતાં........ ૭૮૭
૩. ઉત્સવ પ્રાર્થના ............. ૭૮૭
૪. સંસ્કાર વિધાન ............. ૭૮૮
૫. લગ્નવિધિ ................ ૭૮૯
૬. ખાતમુહૂર્ત-વાસ્તુપૂજન-ગૃહપ્રવેશ ................. ૭૯૦
૭. મરણોત્તર ક્રિયા ............ ૭૯૦
પ્રવચનો અને પ્રશ્નોત્તરી ..... ૭૯૧
પત્રો ..................... ૭૯૩

**ગુણભાવ વિકાસક યોજનાઓ......... ૭૯૪**
૧. ધનનો સદુપયોગ ........... ૭૯૪
૨. ગુણની કદર .............. ૭૯૫
૩. સદ્‌પ્રવૃત્તિના પ્રથમ પ્રેરક અને પ્રોત્સાહક ................. ૭૯૭
૪. અન્ય કાર્યો ............... ૭૯૮
૫. અજોડ કાર્યપદ્ધતિ .......... ૭૯૮
૬. રોગગ્રસ્ત શરીરની અપૂર્વ ચર્યા ............... ૭૯૯
આંખ મીંચાય ત્યારે ......... ૮૦૦
પૂજ્ય શ્રીમોટાનો અપૂર્વ દેહત્યાગ ........... ૮૦૧
**જનકલ્યાણની પ્રવૃત્તિઓ............... ૮૧૩**
**વહાલાં સ્વજનોને ...................... ૮૧૮**
**સ્મરણભાવના .......................... ૮૨૨**
**પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ............. ૮૨૪**
**અગત્યના પત્રો........................ ૮૨૭**
**આરતી ................................ ૮૩૧**
**નામસૂચિ ............................. ૮૩૪**
**વિષયસૂચિ ............................ ૮૩૮**

## શ્રીગંગાચરણે

*(શિખરિણી-મંદાક્રાંતા)*

મળી ગંગા માતા પછીથી પરવા શી રહે રાંકને આ ?
મળ્યા કેડે માતા કંઈ જ પરવા શી રહે ભૂખની ત્યાં ?
શિરે માતાકેરાં કરકમળની હૂંફ જ્યાં સ્નિગ્ધ હોય,
હશે ત્રિલોકે કો મુજ સમ બીજો ભાગ્યશાળી શું ક્યાંય ?

સદા કેવી માતા સતત વહેતી શુદ્ધ ને બુદ્ધ મુક્ત!
શકે બાંધી રાખી પછીથી મુજને વિશ્વમાં બીજું કોણ ?
ત્રિલોકે કો બીજું મુજ જનનીની જેવું ના શક્તિશાળી
પડ્યો માને ખોળે, પછીથી ક્યમ રે' માથી મારી જુદાઈ ?

હૃદે જેમાં તેમાં મુજ જનનીને હું નીરખતો,
મને જેમાં તેમાં મુજ જનનીનો આશ્રય વડો,
મને જેમાં તેમાં શરણ જનનીનું જ બસ છે,
સદા મારી માતા અમર તપજો મારી પર તે.

વિના માડી કેવા જગ અમ થતા હાલ-હેવાલ બૂરા!
અમે માર્યાં માર્યાં જીવન જીવતા કેવું તારી વિના મા!
વિના માડી ક્યાંયે સુખ ન મળશે સાવ નિશ્ચિંતતાનું
હૃદે એ ઊગ્યાથી મુજ મન થયું માડીને શોધવાનું.

જવા જેણે જેણે નિજ મન કર્યું માડીની પાસ પ્રેમે,
વિના માડી તેણે મન-ચિત્ત-હૃદે સ્વાદ ના કૈં ધર્યો છે,
સમર્પ્યું છે જેણે જીવન સઘળું માડીને કાજ ભાવે,
નવાજ્યા વિના તે જનની ન રહે એહને કોઈ કાળે.

હું તો આવ્યો આવ્યો રખડી ભટકી લોથ કેવો થઈને,
મને મારું નો'તું જરી પણ રહ્યું ભાન પૂરું કશુંયે,
રડી આળોટ્યાં મેં બહુ બહુ કર્યું આર્ત ને આર્દ્ર ભાવે,
કૃપા ત્યારે માએ મુજ પર કીધી, ધન્ય હો મારી માને.

હજારો ને લાખો રૂપ અવનવાં માડી! તારાં બધે છે,
બધાંનામાં મા! જે સજીવન ભર્યું પ્રાણ ચૈતન્ય તું તે!
બધાંમાંની શક્તિ સકળ, ચરણે માત્ર બિંદુ સમી તે
મહાશક્તિ એવી અમ જનની તે રીઝજો પ્રેમભાવે.

સમાઈ રે'વાને, રસ તુજ નર્યો પામવાને અનેરો,
—અનેકે આપ્યાં છે, નિજ શિર પદે હર્ષઘેલાં થઈને
મરીને તે જીવ્યાં, રળી જીવનનો પ્રેમ આનંદ લૂંટ્યો,
ગુણો ગાતાં એવી મુજ જનનીના, પ્રાર્થનાભાવ ખૂટ્યો.

તને છાનું છાનું હૃદય નીરખવું વ્હાલું વ્હાલું ગમે છે,
લપાવા તારામાં હૃદય ઊછળતું, નાચતું તે તરંગે,
છુપાયેલું તારું જીવન સ્થૂળમાં શોધી તે કાઢવાને,
—મહાત્માઓ કૈંક પણ ગળી ગયા પામતાં પામતાં તે.

કઈ રીતે ગાઈ શકું તુજ મહાશક્તિ-સૌંદર્ય-ગાથા ?
વિના અંજાયા કો રહી નવ શક્યું તું-પ્રભાવેથી માતા,
કૃપાથી તે તારો પણ હૃદય જરા જો રસાસ્વાદ ચાખ્યો,
વિના મૂઆ તેનો કદીય પણ તે છૂટકો ના થવાનો.

તણાતાં દેખાયે જગજન બધાં કોઈ ને કોઈ લોભે,
મને તેમાં માના પ્રણયરસની શી કળા ગૂઢ લાગે!
સમાઈ છે મારી જનની સહુમાં કોઈ ને કોઈ રૂપે,
હું તો તેથી જ્યાં ત્યાં ફરી શકું બધે માની સંગાથ પ્રેમે.

અરે! દુઃખી લોકો, દુઃખમહીં સડી કાં રહ્યાં છો નકામાં ?
ઊભી છે પ્રત્યક્ષે જનની સમીપે સાદ એને ન દો કાં ?
પડેલાં દુઃખોમાં જનની સ્તવશે, રે' ટકી તે જ ઊભો,
છતાં માને કોઈ સ્મરણ ન કરે, મા બિચારી કરે શું ?

સ્મરે છે માડીને નિજ જીવનનાં ધર્મ-કર્તવ્યમાં જે,
સ્વીકારે જે માને મળી પરિસ્થિતિમાંહી સૌ યોગ્ય ભાવે,
મળેલું એ ક્ષેત્ર નિજ જનનીનું ભક્તિકેરું ગણે જે,
કરે શો એવાને હૃદય સરસો ચાંપીને પ્રેમ મા તે.

મળેલાં કર્તવ્યે મનહૃદયનો પ્રેમનો ભાવ પૂરો
—ફળાવા ભક્તિને સમજી સમજી જે ઉતાર્યા કરે સૌ,
છતી તેનામાં તો મુજ જનની તે થાય પ્રત્યક્ષ ભાવે,
જગે મારી મા તો હસતી રમતી સર્વમાં ગૂઢ ખેલે.

મળેલું મા કાજે સમજી સમજી પ્રેમથી વાપરે જે,
મળેલું એવાનું કંઈપણ કશું ના નકામું જતું તે,
કરે જે જે તે તે નિજ જનનીના પ્રેમના ભાવ અર્થે,
સમર્પી તે માને નિજ મન સદા સાવ ખાલી રહે છે.

લપાઈને સૂવું જનની પડખે મીઠું તે કેવું લાગે!
નથી માડી જેને સમજી ન શકે સુખ તે કોઈ રીતે,
અમર્યાદાવાળી મુજ જનનીની પ્રેમવિસ્તાર પાંખ,
જહીં હું હોઉં ત્યાં પ્રસરતી રહે આંખ એની અમાપ.

અપાપી-પાપીનો તુજ શરણમાં ક્યાંય મા! ભેદ ના છે,
પછી મૂર્ખા લોકો તુજ શરણું મા! કેમ લેતા નથી તે ?
ગ્રહે જેનો હાથ રહમ કરીને જ્યાં તું મા! એકવાર,
કરાવી દે તેનો ભવવમળથી માડી! બેડો તું પાર.

પહોળા મા હાથો કરી કરી ચહે બાળને ચાંપી લેવા,
જુઓ! માડી કેવી તલપ તલસે બાળ કાજે હૃદયમાં,
ઊઠો જાગો, લોકો નિજ જનનીને પ્રેમભાવે પુકારો,
ભૂલી સૌ જંજાળ, લપછપ, હૃદે માડીનું લક્ષ ધારો.

જતાં માના પંથે નિજ જીવનની ભાવનાનો વિકાસ
—થતો રે'છે કેવો શરણજન જે જાણશે એકમાત્ર,
હશે માડી પાસે, પણ મન ઠર્યું જેનું ન હોય મામાં
—ન એને દેખા દે, મન શરણ તો રાખજે લીન તુંમાં.

ગુમાને પોતાના બળ પર રહી ચાલવાનું કરે જે,
કૃપાનો તેવાને અનુભવ હૃદે ના થશે કોઈ રીતે,
અહં મૂકી પૂરું શરણ તુજમાં જે રહે પ્રેમભાવે,
બતાવે છે લીલા તુજ રમતની એહને મુક્તરંગે.

સ્વભાવે રે' જેનું મન પકડમાં, રૂપ માનું સ્વતંત્ર
—શકે ના પામી તે, થઈ નવ શકે માનવી મુક્ત એવું,
મથે જે રંગાવા મન, મતિ, અહં, ચિત્ત ને પ્રાણ તુંથી,
—કૃપાની ઝાંખીનો અનુભવ થશે, એ જ રંગાય માથી.

કરાવે છે મા તો અનુભવ ઘણા, બુદ્ધિ જો હોય કોરી,
—ઠરે છે ના એને મન અનુભવો, તે ન રંગાય કો દી,
'કૃપા તારી માડી સતત વિલસે એવું સદ્‌ભાગ્ય રે' જો'
—ઝિલાવાને એને કરગરી લળી યાચું એ રાંક હું તો.

વિના તારા કોઈ મનન મનમાં ના થજો કોઈ વેળા,
રહો રંગાયેલાં મન, મતિ, અહં, ચિત્ત ને પ્રાણ તુંમાં,
કદી મૂર્ખાઈથી તુજ પકડથી હુંથી ભાગી જવાતાં
—મને પાસે લેજે મુજ પકડીને કાનપટ્ટી જ તું મા!

જતાં તારે પંથે મન નીરખિયાં પાંગળાં ને અશક્ત,
''ચઢાવે લૂલાંને ગિરિ તુજ કૃપા'', ઉક્તિ તે ભાળી સત્ય,
જનો કોઈ એને કવિ મનતણી કલ્પના ખાલી માને,
પરંતુ જેઓને અનુભવ થયો હોય તે સાચી જાણે.

તપશ્ચર્યા વિના નવ જઈ શકે કોઈ તું પાસ માડી!
ભણાવે છે એવા જગતજનને પાઠ પ્રત્યક્ષ આંહીં,
રહે છે ચેતેલી મનહૃદયની ભાવના જેની મામાં,
અહં તેવાકેરું ગળી જઈ બધું, ને બને ભક્ત તારા.

સ્વભાવે પોતાના મન જહીં કરે ચાલવાનું અજાણ્યે,
તહીં જે ચેતે તે મન રહી શકે જીવતાં જ્ઞાનભાવે,
'ઊભી છે મા પાસે નિજ મદદમાં એમ વિશ્વાસ ધારી',
પથે ઝુકાવે જે હૃદય શકશે માનું તાત્પર્ય ન્યાળી.

''થતાં જુદી જુદી પરિસ્થિતિ જગે જીવને હેતુ એનો
—હશે શો'' એવું જે મનન કરીને વર્તશે, જીવશે તો,
મળેલાં કર્તવ્યે મન, હૃદયથી, જ્ઞાનથી, ભક્તિભાવ
—ધરે છે જે ઊંડો, હૃદ બની શકે માતણો તે જ ભક્ત.

મળેલાં કર્તવ્યે નિજ જીવનનો ધર્મ જે સત્ય માને,
મળેલાં કર્તવ્યે નિજતણું થતું શ્રેય સૌ માનતા જે,
'મળેલું કર્તવ્ય નિજ જીવનના ક્ષેત્ર વિકાસનું છે'
લહી લેવું કર્મે, મન જનનીને જે ધરે લ્હાણ પામે.

જગે માડીકેરા પદકમળના આશ્રયે જે રહેશે,
શકે દંડી એને જગતભરમાં કોઈ ના કોઈ રીતે,
મળેલ જે નિર્દ્વંદ્વ સુખ, અનુભવી હોય તે એક જાણે,
બીજાંને સ્વપ્નેયે જનની સુખનો ખ્યાલ કેમે ન આવે.

બીજા લોકો એને નવ સમજતા, કલ્પના માત્ર ધારે,
જગે લોકો એને 'ઊંઘમહીં મળ્યું સુખ' એવું પ્રમાણે,
પરંતુ જે રીતે સુખ મળી શકે તે રીતે વર્તી જોઈ,
પછી હૈયે એવું સુખ ન મળતાં બોલવા સર્વ છુટ્ટી.

ભલે માને કે ના, જગજન મને ના પડી કાંઈ એની,
કરે કિંતુ માની શી અવગણના! તે ન સે'વાય હુંથી,
પડી પાયે તેથી જગતજનને પ્રાર્થના રાંકની કે
'ઊંડી તીવ્રાકાંક્ષા જગવી હ્રદયે, વર્તી નિર્દ્વંદ્વ જોજે!'

કશું માગી માગી વધુ તુજ કને માગતો હું નથી મા!
ન જો મા! હું માગું લળી તુજ કને, માગવા જાઉં હું ક્યાં?
મને જેમાં તેમાં મુજ જનની! તું કામધેનુ રૂપે છે,
બધી આશા ઈચ્છા તુજ વગર મા! કોણ પૂરી કરી શકે તે?

હું તો અજ્ઞાની છું, મતિ વગરનો મારું કલ્યાણ શેમાં
—ન જાણું તે પૂરું, પણ ત્યમ છતાં હું કરું નિત્ય માગ્યા,
હ્રદે માગ્યાનો મા! લળી તુજ કને ઑર આનંદ આવે,
શિશુ માને કેવું પજવી પજવી મોજ ને વ્હાલ માણે!

સહી લે છે મા સૌ નિજ શિશુતણું કંઈ થતાં આડુંતેડું,
અને શિક્ષા દેવી ઘટતી જહીં હો, પ્રેમથી આપતી સૌ,
જગે મારી માના સમ અવર ના કોઈ નિષ્ઠુર પૂરું
વળી સાથે માના સમ અવર ના કોઈ પ્રેમાળ એવું.

ન રંગાયે બુદ્ધિ જહીં સુધી ખરી ભક્તિના રંગથી તે,
ન માને આવે તે મદદ ખપમાં પૂરી પિછાનવાને,
કર્યે કોરી બુદ્ધિ થકી જનનીની ખાલી વાતો, ન પામે,
રહ્યો ખાંડાધારે પથ, મરજીવા શૂર જે ભક્ત પામે.

મડાગાંઠો જે જે સમજી હરખે કાપવાનું કરે છે,
ગુમાવામાં એવું મન સમજતો શ્રેય પોતાનું સૌ તે,
ચહે જે તે કાજે જન દઈ શકે મૂલ્ય માગ્યું બધુંએ,
વિના ચાહ્યા કોને જનની ન મળે, મૂલ્ય આપ્યા વિના તે.

તમારી રીતેથી, તમ સમજણે જો પડી ખાલી રે'શો,
હૃદે માને પામી કદી નહિ શકો નિશ્ચયે જાણી લે'જો,
થશો જ્યાં નિર્દ્વંદ્વ મનહૃદયથી શુદ્ધ હોમાઈ યજ્ઞે,
મળી માને ત્યાં કંઈ કળી શકી, ખેલશો સર્વભાવે.

કૃપાલીલા તારી અકળ વદતા છો ભલે સર્વ લોક,
પ્રવેશ્યા ના જેઓ જનની હૃદયમાં, તે વદે એમ ફોક,
દિલાસો ખાલી તે નિજ મન થકી મેળવી શાંતિ લે છે,
મર્યા વિના સ્વર્ગે નવ જઈ શકે કોઈ કોના બતાવ્યે.

કઈ રીતે મોઢે મુજ જનનીનાં હું વખાણો કરું શાં ?
બધાંનેયે લાગે નિજ જનની શી વ્હાલી વ્હાલી હૃદેમાં!
મને મારી માનાં કરકમળનો સ્પર્શ જાદુભર્યો શો
—થતો રે'જો જ્યાં ત્યાં લળી કરગરી પ્રાર્થતો રાંક હું તો!

'તને મા જીવાડી હૃદયપટમાં ચેતનાયુક્ત હોવા'
હતો એવો મારો કંઈ જીવનનો સ્વપ્નઆદર્શ ઊંડો,
મથાવ્યાં જેણે સૌ કીધું જ મુજને, ઊંઘવાયે ન દીધો,
કૃપા માડી તારી મુજ પર હતી, ઊજળા દી થયા તો.

હતું કેવું મારું ગત જીવન જે, તે બન્યું આજ કેવું!
શકે જાણી એને ક્યમ કરી બીજાં, જાણતી એક મા! તું,
મને દુર્ભાગીને જનની મળતાં સર્વ સદ્ભાગ્ય લાધ્યું,
હવે મારે કોનો જગ ખપ નથી, માડીથી સર્વ પામું.

ત્રિલોકે મા! તારી જય જય હજો, તારી સત્તા પ્રવર્તો,
કૃપા સત્તાધીશ મુજ પર હજો તારી સૌ વાતમાં તો,
''બધું તારું ચાલ્યું મુજ પર થજો, શૂન્ય રે'વાઈ પૂરું
—ભરાવ્યાં તારાં તે ડગ મુજ થકી સૌ ભરાજો'' હું યાચું.

## જનેતાને અંજલિ

*(મંદાક્રાંતા)*

જે માતાએ નિજ ઉદરમાં ભાર સેવ્યા કરીને,
કષ્ટો વેઠી નવ જીવનનો આપિયો જન્મ વિશ્વે,
એ માતાને જીવનમહીં મેં કૈં ન સંતોષ દીધો,
ને આઘાતો વળી ઉપરથી કૈંક આપ્યા કરેલા.

*(શિખરિણી-મંદાક્રાંતા)*

છતાં જેણે મારી પર હૃદયમાં ન અસંતોષ આણ્યો,
ગણી વ્હાલો હૈયે સગવડ મને દીધી શી માર્ગ પ્રત્યે,
ઘણું વેઠ્યું પોતે જગતજનની શી ટીકા તેં સહી મા!
અમોને તેં તો મા! કદી નથી દીધું આવવા એવું કૈં મા!

તને પૈસે પૂરી સુખી નવ કરી, તારી મા, પૂરી આશા
ફળાવી એકે ના કદી પણ શક્યાં—શું અમે પુત્ર પાક્યા!
રહ્યો'તો મારામાં મુજ જીવનની ધૂનમાં મસ્ત હું ને,
જરાયે આપ્યું ના તુજ પર કદી ધ્યાન મેં કોઈ વાતે.

તને ઓછું આવે ત્યમ જગતમાં વર્તવાનું બન્યું'તું,
છતાંયે તેં માડી! અમ શિર પરે હાથ રાખ્યો કૃપાળુ,
સહી લીધું જાતે પણ દુભવવા ના દીધાં તેં અમોને,
કઈ રીતે તારું ઋણ પતવવું ના સૂઝે મૂર્ખને તે.

હતા આશીર્વાદો તુજ અમ પરે પામિયા તેથી લ્હાણ,
છીએ આજે જે કૈં અમી નજરનું તે પરિણામ સ્પષ્ટ,
અમોને આપીને તુજ જીવનથી માનવી જન્મ રૂડો,
ગણાવું શા તારા અમ પર બધા જીવને ઉપકારો.

કઈ રીતે ભૂલું જનની તુજને! પ્રેમ-કલ્યાણવાળું,
મને તો લાગે છે તુજ બિરદ મા! શ્રેયને આપનારું,
જતાં તેં ના વાર્યો ધરી મુજ કને તારી મુશ્કેલીઓને,
પછી મૂંગે મોઢે સહન કરવું જાણ્યું મા! માત્ર શું તે ?

ગરીબીમાં કેવી તુજ જીવન મા! આખુંયે ગાળ્યું તોયે,
ન બૂમો પાડી કે અવર સમીપે રોદણાં ના રડ્યાં તેં,
થતી જ્યારે દુઃખી અતિશય મને★ ને અસંતોષ સાલ્યે,
બળાપા કાઢ્યા છે અમ વિષયમાં શો છતાં પ્રેમ હૈયે!

શકું જો સંતોષી મુજ જીવનથી હું તને માડી પૂરું,
શકું જો દીપાવી મુજ જીવનથી નામ તારું મધુરું,
શકું જો ફેલાવી જીવનસુરભી એક તારી કૃપાએ,
જીવ્યું મારું તો હું સફળ ગણું ને શો કૃતાર્થી થવાયે!

કૃપાદૃષ્ટિ તારી અમ પર સદા રાખતી માડી! રે'જે,
અમોને પ્રેરાવ્યા જીવન કરજે શ્રેયને માર્ગ ખંતે,
જતાં ઊંધું ક્યાંયે વલણ, અમને વાળજે માર્ગ સીધે,
અમારામાં તારું જીવન પૂરતું ખીલજો ભાવમાં તે.

**('જીવનસંદેશ' આ. ૭, પૃ. ૨૭૫)**

## સાચી ઈશ્વરભક્તિ

*(અનુષ્ટુપ)*

દેવ મંદિર બેઠેલો, ખરો તે દેવ ના ગણો,
જગાડવા ખરો દેવ, એ છે સાધન માત્ર તો.

કામાદિ રાગ ને દ્વેષ, થતાં ઓછાં અનુભવો,
પ્રભુમાં રે'તું હો ચિત્ત વધુ, તો યોગ્ય જાણજો.

પ્રભુની ભક્તિ જો સાચે ભાવે તે કરતાં હશું,
પ્રત્યક્ષ પરિણામો સૌ જીવને ભાળતાં જશું.

---

★મનમાં

ખાલી નામ લીધાથી કૈં આપણું વળવાનું ના,
ભાવવૃદ્ધિ થતાં જાણો ફળંતું નામ ઉરમાં.
આશા, ઈચ્છા, કશી તૃષ્ણા એવાએ રાખવી નહિ,
ઊઠતી તે જુઓ ત્યારે, પ્રભુને સ્મરવા ચહી.
પ્રભુ વિના કશો ખ્યાલ ઊઠવા દ્યો ન ચિત્તમાં,
કામ સૌ આપણાં એ તો થયા તે કરશે સદા.

(૧)

અનંત કાળથી વિશ્વ ચાલ્યા જ કરતું દીસે,
એની સંભાળ લેનારું બેઠેલું કોઈ તો હશે.
પ્રભુમાં સર્વ આધાર શ્રદ્ધા, વિશ્વાસ, જીવતાં
જેને બેઠાં હશે ઊંડાં તેવા નિર્ભય રે' સદા.
આપણે આપણા ભાવે રમવાનું ચહ્યા કરો,
એ જ મહત્ત્વનું કાર્ય આપણું સૌ ગણ્યા કરો.
લગાતાર રહે છે જે એકના એક કામમાં,
બુદ્ધિ તે કામ ઉકેલે, કેવી સૂક્ષ્મ કરે થયાં!
એવી પ્રત્યક્ષ તે વાત એને લાગ્યા કરે હૃદે,
પોતાનો ગુરુ એવો તે ત્યારે ખરેખરો બને.
કોઈના પર આધાર ત્યારે ના રાખવો પડે,
ઉકેલ સર્વ વાતોમાં મેળે એને જડ્યા કરે.
થતાં પૂરી પ્રભુભક્તિ એવું આપણુંયે થશે,
સાચી ભક્તિ ઊગી ત્યારે ઘટે તે પ્રીછવી હૃદે.

('જીવનપગલે' આ. ૨, પૃ. ૧૧, ૧૪)

## સાધનાની પારાશીશી

*(અનુષ્ટુપ)*

પ્રભુ દોરવણી નીચે મુકાઈ પ્રેમથી જવું,
કોઈ ભાગ ન બાકી રે' એવું સૌ કરી નાખવું.

ખુલ્લા થાઓ પ્રભુ પ્રત્યે, આપણાં સર્વ કર્મને,
પ્રભુ દોરવણી નીચે મૂકી દ્યો પ્રાર્થીને હૃદે.
ઉન્મુખતા પ્રભુ પ્રત્યે પ્રેમભાવથી રાખજો,
એવા પ્રયત્નની ધારા વ્‌હેતી અખંડ રાખજો.
તટસ્થતા, હૃદે શાંતિ, સ્થિરતા, સમતા-દશા,
થવા સારુ, પ્રભુની તે કૃપા સ્‌હાય કરો ચહ્યાં.
તેવું તેવું થવા સારુ પોતાથી બનતું બધું,
કરી સૌ છૂટવું ખંતે, કૃપા તે સાથ માગજો.
પોતે કર્યા વિના એની કૃપા જો માગશો તમે
ઊભો ના પડખે રે'શે પ્રભુ પોતાની મેળ તે.
જે તે કર્યાં કરો તેમાં પ્રત્યક્ષ કેટલાં રહે,
એ બધાં સાધનાંમાપો આપણે જાણવાં હૃદે.
ઈશ્વરેચ્છા પરે રે' છે કેટલી શરણાગતિ,
વિચારો શા કરે પેદા તેયે તે એક માપ છે.
જ્ઞાન, વિવેકની શક્તિ ખીલેલી પુષ્પ જેમ રે',
વર્તન કોરું એવાનું થશે ના કોઈ રીતિએ.
પ્રત્યેક વર્તને એવા પ્રાર્થના કરવી હૃદે
પ્રાર્થ્યા વિનાનું એવાને કશુંયે ખપશે ન તે.
આહારે ભાવના રાખી તે યોગ્ય પ્રાર્થના કરો,
મળમૂત્ર જવા કાળે યોગ્ય તે ભાવના ધરો.
બીજાંની સાથ શી રીતે વર્તતાં શ્રેય સૌતણું
થતું રહે હૃદે એવો ભાવ ત્યાં રાખવો ઊંડો.
'વર્તતાં કાંઈ કો સાથે એથી એને થશે શું શું'
આવી જવો ઘટે ખ્યાલ મેળે એવો હૃદે પૂરો.
પરોવી ભાવના કામે કરો ઉકેલ કામનો,
થયેલું કામ તે વિના આપણું કામનું ન તો.

કેટલી જાગૃતિ રાખી, કેટલી કાળજી લીધી,
ચેતના કેટલી રાખી આધાર એ પરે બધો.

હૃદયે પ્રભુતણો ભાવ પ્રત્યેક કર્મમાં રહે,
આપણો કેટલો, કેવો, તોળાય સર્વ તેથી તે.

કર્મ પ્રભુતણો ભાવ બઢાવવા મળ્યા કરે,
ખ્યાલ તે રાખીને ઊંડો કર્મ સૌ કરવાં ઘટે.

શુષ્કતા ના થવા દેવી કર્મમાં પેસતાં હૃદે,
આપણે આપણું જોતાં રહેવું બધી પેરથી.

છેતરાઈ જવાવાનું ક્યાંયે તે રાખવું નહિ,
શુદ્ધ ચિત્ત કરી રાખ્યા ભાવકક્ષા વધારવી.

અજંપો તે કશી વાતે આપણે ધરવો નહિ,
થતું હો જેમ તેવું સૌ થવાવા દ્યો બધું સહી.

કિંતુ વિવેકનું જ્ઞાન ચેતનાવાળું રાખવું,
થતું રે' તેથી કોઈનું કૈં ન ખોટું ઘટે થવું.

બધા દોર મૂકી છૂટા એક તારે હૃદે ઊંડું
પ્રભુભાવે રહેવાનું રાખ્યા કરો મથી ઘણું.

('જીવનપગલે' આ. ૨, પૃ. ૩૪ થી ૩૮)

## દુઃખ—પ્રભુના આશીર્વાદ

*(ઝૂલણા છંદ)*

કારમું દર્દ જે દેહનું કુશળ કો,
વૈદ્ય નસ્તર મૂકી દૂર કરશે,
તેમ સૌ દુઃખ તો સ્થૂળનાં પડળને,
ચીરીને સૂક્ષ્મને બ્‌હાર આણે.

જેમ આ જગતમાં કૈં અનુભવ વિના,
સાંપડ્યું સાંભળ્યું છે કદી ના,
ભાવ જન્માવવા ગૂઢ ત્યમ અખતરો,
ભૂમિકા સ્થૂળમાં દુઃખનો ત્યાં.

('જીવનપગલે', આ. ૨, પૃ. ૪૨)

## જીવનદાતા દુઃખ

*(અનુષ્ટુપ)*

મોંઘામૂલો મહામંત્ર જીવનસિદ્ધિનો કશો,
વિશ્વે અસ્તિત્વમાં હોયે, દુઃખ તો એક જાણશો.

દુઃખને જે સહે પ્રેમે, દુઃખમાં હેતુ જે જુએ,
દુઃખને યજ્ઞભાવે જે સહે, કલ્યાણ મેળવે.

આવેલું દુઃખ પોતાની મેળે ના તે જતું રહે,
સહેવું પડવાનું તે છૂટકો કોઈનો ન છે.

સહ્યા વિના ન જો આરો તો કંટાળવું શું પછી ?
ભોગવો એ રીતે દુઃખ જેથી મૂડી શકો રળી.

દુઃખને જે શકે વાળી જીવને રચનાત્મકે,
દુઃખને ફેરવી એવો શકે લાભે સુખાત્મકે.

**દુઃખ એ તો નિશાની છે, પ્રભુકેરી કૃપાતણી,**
**દુઃખને અવમાને જે નકારે પ્રભુની પ્રીતિ.**

વિચારતાં કરી મૂકે દુઃખ જીવન જન્મતાં,
સ્હેતાં સ્હેતાં દુઃખોથી શી પ્રાણશક્તિ કરે મળ્યાં.

સ્થિતિમાં એકની એક પડી રે'વા ન દુઃખ દે,
દુઃખ ગોદાટીને કેવો પોતાનો માર્ગ તે કરે!

પૂરી જીવનની ક્રાંતિ દુઃખ દ્વારા થયા કરે,
દુઃખ એ તો તપશ્ચર્યા માનવીની જગે ખરે.

દુઃખથી છો ઘડી વાર દબાઈ માનવી જતાં,
પ્રેરાવશે છતાં દુઃખ ધક્કેલ્યાં કરી કર્મમાં.

દુઃખ વેઠ્યા વિના જન્મ કશાનોય થતો નથી,
દુઃખ આઘાત આપીને પ્રેરાવે બોધ આપથી.

દુઃખ જે આપશે એને પોતાને દુઃખ મારશે,
દુઃખ જે ફેડશે એને દુઃખ તે મુક્તિ આપશે.

દુ:ખની સાધના દિવ્ય માનવી જીવને મળી,
જીવનમાનુષી તેથી દિવ્યતામાં જતું મળી.
જન્માવવા પુરુષાર્થ, ચેતના પ્રકટાવવા,
મળેલું દુ:ખ સદ્‌ભાગ્યે ઉષ્મા જીવન પ્રેરવા.
હતાશ દુ:ખથી જેઓ બને નિર્માલ્ય જીવને,
દુ:ખ એનું ચડી વાગે દુ:ખમાં તે ડૂબ્યા કરે.
રોદણાં રડવાથી કૈં દુ:ખ તો ઓછું ના થતું,
ઊલટો દુ:ખનો ભાર વધે સાલે હ્રદે ઘણો.
''જીવનસિદ્ધિને માટે મળેલું દુ:ખ'' જાણીને,
મુકુટ શિરનો એને જે ગણી શિર પ્‌હેરશે.

('જીવનપગલે' આ. ૨, પૃ. ૪૩-૪૬)

## દુ:ખમર્મ

*(અનુષ્ટુપ)*

ભોગ આપ્યા વિનાનું સૌ સુખ ના સુખ જાણશો,
પૂરી યજ્ઞાહુતિથી જે જન્મે તે સુખ જાણજો.
ઊંડો આઘાત જ્યાં લાગે લાગણી તેથી જન્મશે,
ભાવના જોમને ત્યારે હૈયે જે અપનાવશે.
એવો હેતુ દૃઢાવી જે વહી દેશે જવા ન કૈં,
ભાવના એવી જન્મેલી ભાવે કેન્દ્રિત તો થશે.

• • •

સાંપડે યાતનાઓ તો મહેચ્છા જાગી જેહને,
દુ:ખોને યજ્ઞભાવે જે સ્વીકારે, લ્‌હાણ પામશે.

• • •

પ્રભુ તો સ્‌હાય દેવાને ઊભો પ્રત્યક્ષ સૌ પળે,
કિંતુ તે સ્‌હાય લેવાની તૈયારી આપણી ન છે.

આપણે આપણી રીતે ચાહ્યા સૌ કરીએ છીએ,
એ રીતે ખેંચવા પ્રેરે પ્રભુનેય જનો ખરે.
અનેક સંતભક્તોએ પોતાને દળી નાંખીને,
નમ્રમાં નમ્ર થૈ પૂરા ઓળખ્યા છે પ્રભુ હૃદે.
સૌ સહ્યા કરવામાં તે પ્રભુનું જ્ઞાનભાવથી,
જીવનની પરાકાષ્ઠા પમાશે આપણા થકી.
ઉર-દૌર્બલ્યથી જન્મ્યો સંતોષ ખપનો જ શો!
એ તો મૃત્યુ પમાડે છે, અગ્નિને બૂઝવે પૂરો.

*(શિખરિણી-મંદાક્રાંતા)*

બધા નાનામોટા નિજ જીવનમાં સાંપડે જે પ્રસંગો,
નકામા તે ના'વે જરૂર પ્રભુનો ગૂઢ હેતુ રહેલો.
શકો ના પ્રીછી તે પછીથી પ્રભુ શું કરે બાપડો હા!
મળે જ્યાં વેતા ના નિજમહીં પૂરા, દોષ શો કાઢવો ત્યાં ?
નડે વિઘ્નો જ્યાં જ્યાં પ્રકૃતિ નિજની માનજો ત્યાં રહેલી,
જીતી લેવા એને હૃદય દઢતા રાખજો ખંતવાળી.

• • •

પ્રભુ ડાહ્યો જ્ઞાની તમથી અદકો શ્રેય જે છે તમારું,
તમોને પ્રેરાવે તહીં, પણ છતાં ધ્યાન બેસે ન પૂરું.
સ્વભાવે દોરાઈ જીવન ઘડવાના પ્રસંગો ગુમાવો,
હશો દેતાં શાને પછીથી અમથો દોષ એને જ માથે ?

• • •

જુઓ જે જે વિશ્વે પરિણત થતું લાગતું રે' સદાયે,
ન એવી ને એવી સ્થિતિમહીં પડી કોઈ રે' છે કદીયે.

*(ગઝલ)*

જીવન વેપાર કરવાની પ્રભુએ પેઢી ખોલી છે,
કશું આપ્યા વિના સોદો કશોયે ના થવાનો છે.

જીવનને સાચવી રાખે સદા નિજ સ્વાર્થ કાજે જે,
જીવન તે મેળવી શકશે નહિ ઉપાય કોટિએ.

*(ઝૂલણા છંદ)*

મથવું એ જીવન આનંદ પ્રકટાવવા,
એમ ગણીને જ જે યુદ્ધ ખેલે,
મૃત્યુ એને કરી શું શકે ત્યાં ભલા ?
મૃત્યુ ગળી ત્યાં જશે આપમેળે.
દુઃખ અનિવાર્ય છે જીવનના પંથમાં,
સ્હેવું તે સકળને ભાગ આવે.
પણ ઝઝૂમ્યા કર્યે જીતશે તે ખરે,
આખરે વિજય-વરમાળ પ્હેરે.

*(શાર્દૂલવિક્રીડિત)*

જે જે સર્વ પરિસ્થિતિ જગ મળે તે તે વિકાસાર્થ છે,
એ રીતે ઉપયોગ શક્તિ કરીને ત્યાં શોધજો તત્ત્વને.

*(શિખરિણી-મંદાક્રાંતા)*

કસોટી આપે છે પ્રભુ, કરી કૃપા આપણું સત્ત્વ જોવા,
''સ્વીકારો શી રીતે મનહૃદયથી'' પારખું તેનું લેવા,
ગમે તેવું આવે સહન કરતાં હાલી ત્યાં કૈં ન જાતાં,
પ્રભુને સંભારી બનતું સઘળું સૌ કરો સોંપી એને.

**('જીવનપગલે' આ. ૨, પૃ. ૪૮ થી ૫૪)**

## દુઃખ

*(અનુષ્ટુપ)*

દુઃખ એ કલ્પના માત્ર માનવીના મને વસે,
દુઃખ એને ગણે જે ના દુઃખ તેને નહિ કશે.
પ્રેમની તે પરાકાષ્ઠા પ્હોંચવા શો વિયોગ છે!
તેવું જ દુઃખનું જાણો વિકાસાર્થે મળ્યું જ તે.

દુઃખદ્વાર જરૂરી છે પ્રભુમ્હેલ પ્રવેશવા,
દુઃખથી જ થયા સંતો, મહાત્મા પૃથ્વીની પરે.

દુઃખથી તો જણાયે છે સાચું વિશ્વસ્વરૂપ શું!
દુઃખથી તો પમાયે છે તત્ત્વ જીવનનું ખરું.

દુઃખ તો પ્રકૃતિ છાયા આપણામાંની તે રહી,
સંજોગો જ્યાં પ્રતિકૂળ થતાં તે દૃષ્ટિમાં પડી.

*(મંદાક્રાંતા)*

એ તો તાવ્યાં જરૂર કરશે કેટલાં પાણીમાં છો ?
એણે તાવ્યાં શરણ જનને મૃત્યુથીયે વધારે.

જેવું સોનું અગન તપતાં શુદ્ધ થાયે વિશેષે,
તવાવામાં તેવું શરણ જનની પ્રેમભક્તિ વધે છે.

દીધેલું સૌ પ્રિય પ્રભુતણું કષ્ટ ના તે નકામું,
એની શિક્ષા અટપટી દીસે બુદ્ધિ ત્યાં બ્હેર મારે.

શા કાજે તે દુઃખ અપવતો તે લક્ષ્યા જો કરાય,
તો સ્હેવામાં સહન કરતાં હો, ન તેવું જણાય.

*(અનુષ્ટુપ)*

જડની પેઠ સૌ સ્હેવું માત્ર એ દેહકષ્ટ છે,
એવું કષ્ટ સુધારે શું ? એમાં શો ભલી વાર છે ?

માનવી જાગૃતિ માટે દૈવી સંદેશ દુઃખ હા!
દયા લાવી પ્રભુ દુઃખ નાંખે સૌને જગાડવા.

('જીવનપગલે' આ. ૨, પૃ. ૫૫ થી ૫૮)

## દુઃખનો મર્મ

*(અનુષ્ટુપ)*

ધીરજ, હામ ને આશા દુઃખથી જીવને ઊગે,
કાપતાં કાપતાં દુઃખ જીવને શ્રેય સાંપડે.

દારિદ્ર્ય, ત્રાસ, કંટાળો ભલે દુઃખથી ઊપજે,
સાથે સાથે સુઝાડે છે ઉપાયો દુઃખ જીવને.
કોઈને સુખી જોઈને સુખી એને ન માનવું,
એનાય જીવને દુઃખ હશે કોઈ પ્રકારનું.
સર્વને દુઃખની છાયા જીવને તો પડ્યા કરે,
આવરાઈ ન જાયે જે દુઃખથી તે જીવ્યા કરે.
દુઃખથી જન્મવાનું છે સુખ સર્વ પ્રકારનું,
દુઃખને વેઠજો પ્રેમે, દુઃખને અપનાવજો.
દુઃખથી જીવને દ્વેષ જન્મે બીજાંની ઉપરે,
દ્વેષથી કામ ત્યાં લેતાં દુઃખનો હેતુ ના ફળે.
દુઃખ પામરતા પ્રેરે માનવી જીવને ખરે,
અજ્ઞાન અંધકારે શું જીવન છાવરી જ દે!
**ક્રાંતિને પ્રેરનારું છે દુઃખ એ તો સનાતન,**
**દુઃખ જીવનનું પર્વ, દુઃખ જીવન ઉત્સવ.**
દુઃખ દેનારનો હેતુ, દબાતાં, દુઃખથી ફળે,
દુઃખથી જે દબાતો ના એને કો શું કરી શકે ?
દુઃખને જે ઉકેલે તે શકે ઉકેલી જીવન,
જીવન માનવી કાજે દુઃખ શું દિવ્ય ઔષધ!

**('જીવનપગલે' આ. ૨, પૃ. ૫૯ થી ૬૨)**

## પુરુષાર્થ

*(અનુષ્ટુપ)*

બને છે કાલથી આજ, આવતી કાલ આજથી,
નિશ્ચયે બનવાની તે જાણજો લક્ષ તે ધરી.
મહત્ત્વ આજનું તેથી જેના જીવનમાં ઊંડું,
કરે ભવિષ્યને તેવા પોતાનામાં નકી ઊભું.

આજમાં તો સમાયેલાં ભૂત ને ભાવિ બેઉયે,
ધરી ભવિષ્યનો ખ્યાલ ચેતે ભૂતથી, તે જીતે.
આજમાં શક્યતા પૂરી જન્મ દેવા ભવિષ્યને,
આજ જે જીવી જાણે છે, તેવા જીવનને રળે.
કાલ ને આવતી કાલ બેનો સુમેળ આજમાં
કરે વિવેકશક્તિથી, જીવને તે કરે ફળ્યાં.
પ્રવૃત્તિ-હીન જાગીને પ્રવૃત્તિમાં રહ્યા જવું,
સંકેલી લેવી પ્રવૃત્તિ આજનો તે સ્વભાવ શો!
દિવ્ય જીવનની ગૂઢ શક્યતા માનવીહૃદે,
આજ ઉકેલવાને દે પ્રસંગો કર્મ જીવને.
અંધારું ના નકામું છે અંધારું તેજ પામવા,
અંધારામાંહી તે દૃષ્ટિ સાધકે રાખવી સદા.
અંધારું માનવી માને અભાવાત્મક તત્ત્વ તે,
કિંતુ તેમાંય છે ગૂઢ ચેતના ઈશની ખરે.
આજ ને કાલનાં પાસાં બંનેમાં ગુરુએ મને
ચેતનાનો ઊંડો ખેલ બતાવ્યો ગૂઢ શો હૃદે!
હજારો વંદનો એને, હજારો પ્રાર્થના પદે,
મને પામરને જેણે હાથ આપી લીધો ખભે.
એવા ગુરુતણા પાદો ધોવાનેય ન યોગ્ય હું,
કિંતુ તે સામું ના જોતાં કૃપાધોધ વહાવીઓ.
મારા તે જીવને એણે ભાગ શો ભજવ્યા કર્યો!
એને સમક્ષ રાખીને હૈયે વર્ત્યા કર્યો ઊંડો.
પ્રત્યક્ષ જીવને લાભ થતો દેખી બીજા કશે
ગુરુનાં વર્તનોમાં મેં ખ્યાલ રાખ્યા કર્યો ન કૈં.
ગુરુ એવા મને જેણે કૃપાથી જીવને દીધા,
પ્રભુ વિના બીજા કોની શક્તિની બ્હાર વાત ત્યાં.

બલિહારી પ્રભુની તે જેણે તે ગુરુપાદમાં
ચિત્ત મુગ્ધ કરાવીને ગુરુને ઓળખાવિયા.

આપના પાદને મારા ગુરુપાદ ગણી હ્દે,
નમ્રભાવે પ્રણામો ત્યાં કરીને વિરમું પદે.

('જીવનપગલે' આ. ૨, પૃ. ૭૭ થી ૮૦)

## સાચી જીવનદૃષ્ટિ

*(અનુષ્ટુપ)*

સંપત્તિ જે ગમે તેવી વેપારે રળી હો ભલે,
યદ્વાતદ્વાપણું જો રે' ત્યાં તો સર્વ ગુમાવશે.

વર્તમાને કરે જેવું ભવિષ્યે તેવું જન્મશે,
એ તો ઉઘાડી છે વાત ઊતરે સર્વને ગળે.

ફાવી જતા જ દેખાય પ્રપંચી જગમાં ભલે,
ચિત્તની શાંતિ કૈં પૂરી ભોગવી શકશે ન તે.

પ્રસન્નચિત્તનું સુખ એને જે ના ગણે સુખ,
સાધનામાં પ્રવેશાવું એવા માટે નિરર્થક.

હળવા ઉરની કેવી મઝા જેને મહાલવી,
એવાને કાજ તો માર્ગ સાધનાનો નથી વળી.

સ્થૂળ દૃષ્ટિ પડી જેમાં લેવાનું નહિ છે કશું,
ખોવાનું ઊલટું સૌ જ્યાં પોતાનું મન જે ગણ્યું.

તૈયારી એટલી ના હો લેશો ના નામ કોઈએ,
તૈયારી કરીને પૂરી પ્રવેશો સાધનાપથે.

દોહ્યલો માર્ગ એથી તો સાધનાનો ઘણો જગે
જેને હો કિંતુ જાગેલી ભૂખ તે ખાવું ખોળશે.

કેવું સ્વરૂપ પોતાનું સાધનામાર્ગથી જડે,
જડે જેમ, સૂઝે એના ઉપાયો આપમેળ તે.

શોધશે મૂળ પોતાનાં ક્યાં ક્યાં તે નડતાં દીસે,
પ્રેમભાવે થવા એનું મથે તેવા રૂપાંતરે.

('જીવનપગલે' આ. ૨, પૃ. ૮૧-૮૨)

## 'લગની'

*(અનુષ્ટુપ)*

*(૨)*

'કરીશું આમ તો આવું આમ થાશે' વિચાર સૌ,
કાર્યને કરતી વેળા આપણે ધારવા ન કો.
કાર્યનું જોશ તો તેથી માર્યું શું જાય છે બધું,
કાર્યમાં હેતુનો પ્રાણ પરોવી સૌ કર્યાં જવું.
હૈયાના ભાવને આપી મહત્ત્વ, કાર્ય સૌ કરો,
ભલેને બગડે કાર્ય ચિંતા તેની ન કૈં ધરો.
વિવેક જ્ઞાનવાળો તે હોવો ત્યાં આપણો ઘટે,
છતાં પાછું, વિચારોથી ડો'ળાઈ ના જવું કશે.
તાટસ્થ્ય, સ્થિરતા, હૈયે શાંતિ, ઊંડી પ્રસન્નતા,
સર્વ કર્મ કરાતાં ત્યાં રે'વાં ઘટે પૂરેપૂરાં.
અભ્યાસ એક વેળાએ જ્ઞાનપૂર્વક આ બધો,
કેળવાઈ જતાં હૈયે સ્થિતિ નિર્બંધ પામશો.
ભક્તિ ને ધ્યાન ને યોગ, જ્ઞાન—સૌનો સમન્વય,
આપણામાં થશે ત્યારે સુમેળ જન્મશે ઉર.
નિશ્ચળ, નિશ્ચયી ખંત ધાર્યા ઊંડો કરો હૃદે,
જીત્યા વિના કશુંયે તે મૂકી દેવું ન આપણે.
સર્વથી આત્મની શક્તિ સર્વ સામર્થ્યવાળી શી!
શ્રદ્ધા વિશ્વાસ હૈયે તે ધારી મેળવવો જય.
કશું અધૂરું ના મૂકો ઉતારો આરપાર તે,
સાર પામ્યા પછી છોડો આવેલું હાથ હોય જે.

પ્રમાણ આપણે સૌનાં જાણવાં જોઈએ હૃદે,
ભરાઈ પડવા ક્યાંયે જેથી સંભવ ના રહે.

ઉઘાડી આંખથી છોને કૂવામાં પડીએ ભલે,
જાણીને તે કરેલું ત્યાં વિશ્વાસ એટલો હશે.

લોકોની રીતથી કૈંયે આપણે કરવાનું ના,
લોકોત્તર પૂરેપૂરું આપણે તો થવાનું ત્યાં.

('જીવનપગલે' આ. ૨, પૃ. ૯૪ થી ૯૭)

## પ્રેરણા

*(અનુષ્ટુપ)*

સાધના વિકસે જ્યારે પ્રેરણાને અનુસરો,
સ્થૂળ ને સૂક્ષ્મ અંગોનાં થાય ત્યારે રૂપાંતરો.

થાય સાધકને જ્યારે પ્રેરણાના અનુભવો,
સાધનાવર્તને એણે વાપર્યા કરવા ઘટે.

વિના સંબંધ, વિચાર વિના કૈં જ પ્રયોજન,
ઉદ્‌ભવે ખ્યાલ જે વેળા આચરી જોવું તે હૃદ.

એથી લાભ થતો જો કૈં આવે અનુભવે પૂરો,
જાગૃતિ રાખીને પૂરી આચરવા ન ચૂકજો.

ઉદ્‌ભવસ્થાન બુદ્ધિનું મસ્તકે જાણતા બધા,
હૈયું એ પ્રેરણાનું છે મૂળ ઉદ્‌ભવસ્થાન ત્યાં.

થતું જ્યાં ચિત્ત નિષ્કામ અહં નિર્મૂળ સૌ થયે,
સંસ્કારોનો થતાં નાશ, પ્રેરણા જન્મશે હૃદે.

પ્રેરણાથી જ પ્રવૃત્તિ આઠે પ્‌હોર પળે પળે,
કરે જે યોગ્ય સંપૂર્ણ જાણવો આત્મનિષ્ઠ તે.

('જીવનપગલે' આ. ૨, પૃ. ૧૦૨–૧૦૩)

# ગૂઢતત્ત્વ

*(અનુષ્ટુપ)*

સર્વ પ્રતિકૃતિઓમાં માનવીની પ્રતિકૃતિ,
સર્વ રીતે પૂરી શ્રેષ્ઠ જાણવી પ્રભુની કૃતિ.
પાછલા કર્મસંસ્કારો પ્રારબ્ધ તે ભલે ગણો,
દોષ દેવો કશો એને યોગ્ય માનવીને ન તો.
'અંધકાર ભર્યા કોઈ ભૂત કે તૂતથી જગે,
હંકારાતા નથી ક્યાંયે', આપણે જાણજો ખરે.
આપણે કબજે પૂરું હોતું તે આપણું નથી,
આપણામાંનું બીજું કો ભાગ ત્યાં ભજવે નકી.
વળાંકો આપણા સર્વે કર્મનું પરિણામ છે,
છતાં તે બાંધી ના લે છે ક્યાંયે આપણને કશે.
માની જો લઈએ એમ, 'કર્મથી જ બધું બને',
સ્વતંત્ર ના થવાનું તો નિશ્ચયે કો કદીય તે.
કર્મનો કાયદો એક સત્તાવાન સ્વતંત્ર જો,
કર્મ ઓળંગવા એવાં કોઈ કાળે બને ન તો.
મૂઢ યાંત્રિક સંબંધી જીવન માનવીતણું,
નથી તે, સંકળાયેલું એનાથી ત્યાં બીજું ઘણું.
જીવને માનવીકેરા થરો અનેક જાતના,
એક બીજા વિશે તેઓ પ્રવેશ્યા કરતા સદા.
યાંત્રિક, પ્રાણથી યુક્ત, ચેતનાયુક્ત હોય તે,
બુદ્ધ્યાત્મક, શરીરે આ આધ્યાત્મિક થરો વસે.
પ્રવાહો જીવને આવા ઊઠતા આવતા-જતા
પ્રવાહ પાડતા રે' તે એક બીજા વિશે સદા.
માનવી જીવને કોઈ અનંત તત્ત્વ ગૂઢ છે,
કર્મના નિયમેથી તે લેપાયેલું કદી ન રે'.

*(શિખરિણી-મંદાક્રાંતા)*

ગમે તેવી છોને, પણ અટલતા કર્મકેરી ભલે હો,
છતાંયે મર્યાદા જરૂર સઘળાં કર્મની ત્યાં રહેલી.
અમર્યાદાવાળું જીવનમહીં કો તત્ત્વ જે છે વસેલું,
થવા નિત્યે એ તો પ્રગટ જીવને ગૂઢ પ્રેરાયેલું શું!

*(અનુષ્ટુપ)*

સ્વભાવ ઊર્મિના જોશે આઘાતજન્ય સ્ફૂર્તિથી,
પરોવાયેલું એવાનું કર્મમાં ચિત્ત ના રહે.
ઉદ્યોગશીલતા જેની ચેતના મૂળશક્તિથી,
પ્રેરાયેલી રહે તેની કર્મના હેતુલક્ષથી.
યાંત્રિકતામહીં પ્રાણ ચેતનાના સ્ફુરે ન જ્યાં,
ને અંતઃસ્ફૂર્તિ ના જેમાં, ગણો સાત્ત્વિકતા ન ત્યાં.
પ્રકૃતિ કાયદાઓથી બન્યું જો માનવી હતે,
કર્મના કાયદાઓથી બંધાયેલું જ રે'ત તે.

*(૨)*

આખરી સત્ય ના કર્મ, સત્ય છે પર કર્મથી,
પ્રીછવા સત્યને કર્મ, કર્મ સર્વોપરી નથી.
પોતાના ધ્યેયથી કામ રાખતો તે હશે હૃદે,
જે જે મળે પ્રભુનું તે, બીજું જોવા ન તે જશે.
જેમાં તેમાં પ્રભુહાથ પ્રીછી તારવવા મથે,
માયામાં હોય છો એવો એને ત્યાં ચેતન મળે.
ના માયા, સત્, અસત્, પોતે, માયાકેરા સ્વરૂપમાં,
મથે જે ખોળવા એને, મેળવે ઈશચેતના.
માયાને જાણવાથી તો માયાને મેળવે જનો,
માયાના પડદા ચીરી જે જુએ, મેળવે ખરું.
એકલી પામવા એને જે તે સર્વમહીં ઊંડી,
કેન્દ્રિત વૃત્તિ જેની રે', તેવો શ્રેય શકે વરી.

(૩)

યાંત્રિક વ્યવહારોમાં ભાવ કુંઠિત તો રહે,
ત્યાં ઘટમાળમાં પૂરાં બંધાતાં મુક્તિ ના મળે.

વિશ્વમાં પ્રકૃતિજન્ય કામે લાગી રહ્યાં બળ,
જાગેલી ચેતનાને તે ના રે' થયા વિના વશ.

સુમેળ ભાવમાં એનો જ્યારે પૂરેપૂરો બને,
સ્વતંત્રતા પૂરેપૂરી માનવીને મળે હૃદે.

પ્રભુના ભાવની સાથે તાદાત્મ્ય જીવને થતાં,
નૈસર્ગિકપણે ત્યારે ખીલે ઓર સ્વતંત્રતા.

પ્રભુના ભાવમાં ઊંડું જેટલું જીવશું હૃદે,
પ્રભુના ભાવનું હૈયે મહત્ત્વ તેટલું રહે.

મહત્ત્વ એકલું એવું ચાલે આપવું ના હૃદે,
એને તો સર્વ કર્મોમાં પૂરું ઉતારવું પડે.

ભવિષ્યે જીવને પૂરી શક્યતાઓ ભરી પડી,
વાળતાં વલણો રે'વું જીવને રચનાત્મકે.

વિવેકશક્તિને હૈયે જાગૃત રાખતો હશે,
ઊઠતાં વલણો એને વાળવા સૂઝ તો પડે.

જીવતી જાગતી એવી જેનામાં જાગૃતિ નથી,
જીવન શોધી ના તેઓ શકે કોઈ ઉપાયથી.

ખરું કે ખોટું કર્મોનું જોવા તે બેસશે નહિ,
'પોતાની ચેતના કર્મે શું આપે કામ' તે જુએ.

પ્રભુના ભાવની હૈયે જીવતી ધારણા ધરી,
કર્મે પ્રવેશવાનું જો બને, શ્રેય વરે નકી.

('જીવનપગલે' આ. ૨, પૃ. ૧૦૩ થી ૧૧૦)

## આત્મનિવેદન

*(શિખરિણી-મંદાક્રાંતા)*

વિના સંકોચે જે મનહૃદયને ભાવથી ઠાલવે છે,
ભલેને લાગે કે હૃદય તમને ના પ્રભુ સાંભળે તે,
હૃદે કિંતુ જ્યારે ઝળહળ થતી ભાવના જાગી ઊઠી,
પરોવી કર્મે જ્યાં પ્રભુપદ ઢળે, સાંભળે તુર્ત શ્રીજી.

કહેવામાં એને મનહૃદયથી સર્વ ખુલ્લાં થવાનું,
કહેવામાં એને લળી લળી હૃદે ભાવનું વ્યક્ત હોવું,
કહેવાનું રાખો ચરણકમળે જે કર્યાં સૌ કરો તે,
વધારો એ રીતે પ્રિય પ્રભુતણો પ્રેમસંબંધ હૈયે.

(‘જીવનપગલે’ આ. ૨, પૃ. ૯૪)

તમારું જે જે કૈં બનતું પ્રભુને આત્મભાવે નિવેદો,
બધું આરોગાવી પછીથી ગ્રહજો તે પ્રસાદી જ રૂપે,
અજીઠું એને તો કશું ન ધરશો, ના ગમે એવું એને,
ચખાડ્યા વિના તો હૃદય પ્રભુને ના કશો સ્વાદ લેશો.

## एक

*(અનુષ્ટુપ)*

આખરે એક તો સર્વ, એકમાં સૌ સમાયેલું,
એકથી સૌ પરિવ્યાપ્ત, છતાં કાં અન્ય લાગતું ?

આપણે એક તો પૂરા થયેલા ના બધા વિશે,
તેથી તો સર્વમાં એક દીસે આપણને ન તે.

એકમાં એક સંપૂર્ણ, એકથી એક એકમાં,
એકાકાર થયા વિના જણાયે કેમ એક ત્યાં ?

એકની આગળે શૂન્ય, શૂન્ય પ્હેલાં થવું પડે,
થવાતું જાય છે જેમ શૂન્ય, એક ઝગ્યા કરે.

શૂન્યતામાં રહેલો છે, એકનો ગર્ભ ગૂઢ શો!
નકારાત્મક જે માત્ર ભાવ, 'શૂન્ય' ન જાણશો,

('જીવનપાથેય' આ.૩, પૃ. ૧૪૩)

## શૂન્ય

*(અનુષ્ટુપ)*

'કશુંયે જે ન કૈં' એને લોક તો શૂન્ય ક્હે જગે,
ભાવમાં 'શૂન્યતા'નો તો એવો અર્થ ન સંભવે,
અભાવાત્મક ના જાણો શૂન્યતાને ભૂલેચૂકે,
શૂન્યતા પ્રકટાવે છે ભાવ કો ઓર ગૂઢ તે.

પ્રેરક ભાવ તો શૂન્ય શૂન્યની શક્તિ ઓર શું!
'ખાલી'માં શક્તિ શી ભવ્ય! વિજ્ઞાને સિદ્ધ તે કર્યું.
ખાલી ના કૈં થવાયે છે એમનું એમ કોઈથી,
પૂરેપૂરો પુરુષાર્થ તે માટે કરવો પડે.

('જીવનપાથેય' આ. ૩, પૃ. ૧૪૩-૧૪૪)

## નઠારું—સારું—નરસું

*(અનુષ્ટુપ)*

સારા કે નરસાકેરું આપણે કૈં ન ચિંત્વવું
પરંતુ સર્વમાંથીયે ભાવને નિત્ય પ્રીછવું.

સારા ને નરસાકેરું ર્હેતું દ્વંદ્વ સદા જગે,
જીવને પાર તેનાથી પ્રભુભાવે થવાનું છે.

'નઠારું' તે નઠારું ના જો પ્રભુભાવ ત્યાં હશે,
દ્વંદ્વની પાર એ રીતે જિંદગીમાં થવાનું છે.

દ્વંદ્વમાં તે પ્રભુભાવ જો રાખી ન શકાય તો,
દ્વંદ્વથી શી રીતે પાર થવાના પછી જીવને ?

દ્વંદ્વની વૃત્તિ તે દ્વંદ્વે રાખવાની ન જીવને,
એકધારું ઊંડું એવું ભાન તે રાખજો હૃદે.

('કર્મગાથા' આ.૨, પૃ. ૧૫૫, ૧૫૮, ૧૬૫)

## કસોટી

*(અનુષ્ટુપ)*

કસોટી પ્રભુની એ તો અમોલી ભેટદાન છે!
એને જે કો નકારે તે પ્રભુતા પામી ના શકે.

કસોટી પાર થાનારો એને જો સમજ્યા કરે,
એવા જીવનનું પામે રહસ્ય કોક દી ખરે.

માનવી જાગૃતિ માટે કસોટી દૈવી શી અહા!
દયા લાવી પ્રભુ આપે તે તો સૌને જગાડવા.

## નામસ્મરણ

*(ઝૂલણા)*

જો જરા ઊતરી કૈં ઊંડું ત્યાં જુઓ, નામરૂપે બધુંયે જણાશે,
'નામ' વિણ કૈં કશું વિશ્વમાં શું દીઠું ? નામ સર્વસ્વ જ્યાં ત્યાં બધેયે,
માનવી મૂર્ખતા ક્ષુદ્ર કેવી દીસે, ત્યાગ મિથ્યાત્વનો કેમ આવે ?
સૂર્યની આગળે આગિયો ક્ષુદ્ર છે તેથીયે તે વધુ નામ આગે.

જાનમાં ઓળખે કોઈ પણ ના છતાં, ફોઈ વરની થઈ ખૂબ મ્હાલે,
ભારનો ટોપલો માનવી શિર લઈ, વરની મા ના, છતાં મોડ ઘાલે.
નામની નાથમાં હૃદય નથ્થઈ જતાં દોરશે નામ ત્યાં આપમેળે,
કંઈ કશો ભાર ના કંઈ જ ચિંતા ન ત્યાં, દિવ્ય નિશ્ચિંતતા નામ ખોળે.

('જીવનપાથેય' આ.૪, પૃ. ૯૯-૧૦૦)

## ગુણોની રમત

*(અનુષ્ટુપ)*

ગુણોથી ગુણની રીતે કામ લીધા કર્યે બધું,
ગુણની ચેતનાશક્તિ ફળાવે છે ન ત્યાં કશું.

ગુણોથી આવવું ઊંચું એમનું એમ ના બને,
જાણવા જોઈશે 'ગુણો', 'સ્વામિત્વ ગુણનું શું ?' તે.

ગુણનું કામ ગુણો તે એમ ને એમ ના કરે,
સ્વભાવે ગુણ વર્તાવ્યા સામાન્ય જનને કરે.
ગુણોની ઉપરે કાબૂ પૂરો મેળવવા હૃદે,
કર્મમાં જ્ઞાનના ભાવે વર્તવું તેથી સાધકે.
ગુણોને સેવવાથી તો મળે ના કાબૂ એમનો,
જ્ઞાનભાવેથી વર્તાતાં કાબૂ ત્યાં મેળવી શકો.
પુરુષ-પ્રકૃતિ-જ્ઞાને વિવેકશક્તિ સત્ત્વ દે,
અનાસક્તિ પરાવૃત્તિ સંપૂર્ણ રાજસે રહે.
જીવનાસ્તિત્વમાં પૂરી સમતા તામસે રહે,
દૈવી તે ચેતનાનું દે કામ ગુણો ત્રણે ખરું,
ભાવે તટસ્થ જો પોતે બેઠો જોતો રહે બધું.

## ગુરુ માહાત્મ્ય

*(અનુષ્ટુપ)*

સ્થૂળ દેહ ગુરુ ના છે, સૂક્ષ્મથી સૂક્ષ્મ ભાવ શો!
ગુરુના જીવને જ્યારે ભળશો, તો પિછાનશો.
ગુરુની ચેતનાશક્તિ જીવને તે પ્રવેશવા,
અને કરી શકે કાર્ય આપણાં, તે પ્રમાણવા.
ગુરુમાં લક્ષ રે'વાનું તે મહત્ત્વનું કેટલું,
જીવનસાધના જેઓ કરે તે જાણશે ખરું.
ગુરુના સ્થાનનું કેવું મહત્ત્વ જીવને ઊંડું!
જે કોઈ જાણશે એને નવા રૂપે દીસે ગુરુ.
મહત્તા ગુરુની એવી જ્ઞાનભાવે ગ્રહ્યા કરી
ઠસાવ્યાં જીવને ઊંડી કરી તેથી ફળ્યાં કરી.

**('જીવનપાથેય' આ. ૩, પૃ. ૫)**

## શિલ્પી-ટાંકણાં શો પ્રેમ

*(અનુષ્ટુપ)*

શિલ્પીનાં ટાંકણાં જેવો પ્રેમ હોવો ઘટે હૃદે!
આકાર ભાવને યોગ્ય તેવો પ્રેમ દઈ શકે.
કાળની જેમ તે ક્રૂર મૂર્તિને ઘડવા સમે,
સૂક્ષ્મ જ્યાં ઘાટ દેવો હો, હાથ એનો મૃદુ બને.
જેવું કામ, હૃદે તેવો ભાવ તે પ્રકટાવશે,
ભાવ કેન્દ્રિત તે રાખી કામમાં જીવ ઘાલશે.
પંપાળ્યે કામ ના આવે વૃત્તિને એમ તો કદી,
ટાંકણાં-પ્રેમથી વૃત્તિ નિત્ય યોગ્ય ઘડ્યા જવી.
પાછળ શો પડે પ્રેમ કેમે કેડો ન છોડી દે,
પ્રેમ તે પરવા કોની ક્યાંયે રાખે ન સ્હેજયે.
મર્યાદા બાંધવા યોગ્ય ત્યાં તો બાંધે ખુશી થકી,
પોતાની મેળ તે વર્તે સ્વયંભૂ પ્રેરણા થકી.

('પુનિત પ્રેમગાથા' આ. ૩, પૃ. ૯૪)

## ચૈતન્યકર્મોનાં મૂળમાં

*(અનુષ્ટુપ)*

જે પ્રભુત્વ રહેલું છે ગૂઢમાં ગૂઢ જીવને,
થવા પ્રાગટ્ય તે માટે નિમિત્ત કર્મસાધન.
ચેતનાશક્તિના ભાવે મૂલ્યાંકનો સનાતન,
ઘટે છે જાણવા સૌનાં, યોગ્ય તે માપ નિયમ.
ચૈતન્યે જે અવસ્થા સૌ મથે પ્રાગટ્ય તે થવા,
તે પરે સર્વ આધાર રહેલો કર્મમાં સદા.
સ્વરૂપ મૂર્ત ચૈતન્ય આપવા કર્મ સૌ મળે,
કર્મમાં હેતુ ને જ્ઞાન રાખવાં તેથી જીવને.

આબેહૂબ પ્રતિકૃતિ ચેતનાતણી જે નથી,
એવાં કર્મતણું મૂલ્ય લગારે જીવને નથી.

ચૈતન્ય અંતરેથી સૌ કર્મ તે જન્મવાં ઘટે,
કર્મનું મૂળ ચૈતન્યે રે'વું તે આપણું ઘટે.

દ્વંદ્વાદિ અસરોથી કૈં જે જે કર્મ થયા કરે,
ચેતનાશક્તિ પ્રાબલ્ય ઓછું ઓછું કર્યાં કરે.

રાગમોહાદિથી મુક્ત ભાવને અર્થ કામ સૌ—
જેમ જેમ થતાં રે'શે ચૈતન્ય તેમ જાગશે.

આલંબન લીધેલું છે જેનું ભાવ જગાડવા,
હૈયામાં શ્વાસ તે એનો કરો રાખ્યા કૃપાથી ત્યાં.

પ્રાણવાળી સ્મૃતિ એની હૈયે જો ચેતતી રહે,
ઉપજાવ્યા વિના ભાવ તેવી સ્મૃતિ ન તે રહે.

માનવીનાં બધાં કર્મ તે ચૈતન્ય દબાવી દે,
કેટલી વાર શો ભાવ મારી નાંખે બધોય તે!

('કર્મગાથા' આ. ૨, પૃ. ૮૭—૮૮)

## જન્મમૃત્યુના રાસ

*(શાર્દૂલવિક્રીડિત)*

કેવો રાસ રચાય છે પળપળે મૃત્યુ અને જન્મનો!
એની એ ઘટમાળમાં સરકતું એ વિશ્વનો ખેલ શો!
તેમાં જીવ રમ્યા કરે, પણ ખરું ના ભાન એને થતું,
કેવો આપ વહ્યા કરે પ્રકૃતિથી કોઈ ન ત્યાં જાગતું.

જેનામાં પ્રભુ ભાવના તરવરે, ઉન્મુખતા અંતરે,
જેનામાં નિજ કર્મમાં નિતરતો રે' ભાવ તેવો ખરે,
જેને છૂટી જતા દીસે મનતણા સંકલ્પ વિકલ્પ સૌ,
એવા જીવ રહી શકે પળપળે ત્યાં જાગતાં આપ તો.

• • •

શા શા રાસ રચાય છે નવનવા વૃત્તિ કૂંડાળાં રચી!
ને શા હ્રાસ થઈ જતા અવનવા સ્હેજે ઘડીવારમાં!
જન્માવે પલકારમાંહી, પલકે શું મૃત્યુ ઉદ્‌ભાવતો!
એ તારી ઘટમાળમાં અમર થૈ રે’વા કૃપા દે પ્રભો!

કેવું પ્રેમસ્વરૂપ દિવ્ય રસીલું શું મુગ્ધરૂપે રસ્યું!
તે આકર્ષણ જાદુ કે અવનવું દુર્ગા અને કાલીશું!
લીલા પ્રેમકળા ખરી જીવનમાં સર્જ્યાં કરે સૃષ્ટિ શી!
મૃત્યુ જન્મ થયાં કરે પળપળે તોયે રહી એક શી!

(‘પુનિત પ્રેમગાથા’ આ. ૩, પૃ. ૨૬૧, ૨૬૨, ૧૭)

## જોબનિયે જીવનસિદ્ધિ

જોબનિયું, ખાંડાની ધારે ખેલો,
જોબનિયું, આજ આવ્યું ને કાલ જાશે,
જોબનિયું, પ્રેમમસ્તીમાં મ્હાલો,
જોબનિયું, આજ આવ્યું ને કાલ જાશે,

જોબનિયું, આત્માની એંધાણે પેખો,
જોબનિયું, આજ આવ્યું ને કાલ જાશે,
જોબનિયું, રસ-રંગ હિંચે હિલોળો,
જોબનિયું, આજ આવ્યું ને કાલ જાશે,

જોબનિયે કરવાનું સૌ કરી નાંખો,
જોબનિયું, આજ આવ્યું ને કાલ જાશે,
જોબનિયે જીવનસિદ્ધિ પામો,
જોબનિયું, આજ આવ્યું ને કાલ જાશે,

જોબનિયું, ફાટું ફાટું ઉર રાખો,
જોબનિયું, આજ આવ્યું ને કાલ જાશે,
જોબનિયું, ખાંડાની ધારે ખેલો,
જોબનિયું, આજ આવ્યું ને કાલ જાશે.

(‘જીવનમંથન’, આ. ૨, પૃ. ૨૯)

*(અનુષ્ટુપ)*

ગુણ દોષ મળે બંને માનવીજીવને સદા,
થવા નિર્મળ, જુવાની ઋતુ તે માટ યોગ્ય ત્યાં,
અંતે જુવાનીની કાં તો મૂર્ખ કે સમજુ બને,
માનવી જે જુવાનીમાં વળે તે ગમ, તે ઢળે.
જોશ યૌવન ઊભું છે, ત્યાં સુધી માત્ર જીવન,
જિંદગીના વિકાસાર્થે યોગ્ય શો કાળ યૌવન!

('કર્મગાથા' આ. ૨, પૃ. ૬૨)

## 'જ્ઞાની ને અજ્ઞાની વચ્ચેનો ફેર'

*(અનુષ્ટુપ)*

કામ સૌ જ્ઞાની, અજ્ઞાની કર્યા ગુણાશ્રયે કરે,
બંનેના હેતુમાં જ્ઞાન જુદું જુદું રહ્યા કરે.
નદીના પટની જેમ કર્મનો પટ તો ગુણો,
ગુણોમાં જેવું હો જ્ઞાન તેવો રે' પટ કર્મનો.
સોનાની ભસ્મ તો થાતાં ગુણ એનો જુદો બને,
તત્ત્વ તો એકનું એક, છતાં ભેદ તહીં પડે.
યદ્વાતદ્વાપણે પેલો અજ્ઞાની વર્ત્યા જશે,
જ્ઞાનીનાં કર્મની આગે ધારણાપગથી હશે.
'જ્ઞાની-અજ્ઞાનીમાં ફેર તો પછી કેમ જાણવો ?
તાટસ્થ્યે વર્તતો પ્હેલો, બીજો અસ્થિર માનવો.

('કર્મગાથા', આ. ૨, પૃ. ૧૩૬, ૧૬)

## 'ઝંખના અગ્નિ'

*(અનુષ્ટુપ)*

'થવું છે, થવું છે' માત્ર પોકારો પાડવા થકી,
થવાશે ના થવું જેવું, ઇચ્છા ઊંડી ભલે રહી.
ઝંખના તે થવાકેરી એકલી કામ શું કરે ?
બિચારી વાંઝણી એ તો ઠેરની ઠેર ત્યાં રહે.
ઝંખના જો પુરુષાર્થે ધક્કેલા મારતી રહે,
એકની એક જગ્યામાં બેસી રે'વા ન દે પળે.
તોયે કેડો ન મૂકી દે આપણો ફરીને ફરી,
ટકોર્યાં તે કરે ઊંડું ધ્યેયપ્રાપ્તિ થવા ચહી.
જ્વલંત ઝંખના એવી જેના હૈયે જલી રહી,
કૈં ન દુર્લભ એવાને, એવો પ્રાપ્તિ કરે બધી.
મન, બુદ્ધિ અને ચિત્ત, પ્રાણ, વૃત્તિ, અહં બધાં,
તેજસ્વી ઝંખના થાતાં ફેરવાયા કરે સદા.
અગ્નિથી ભસ્મ સૌ થાયે કૂડું સોગણું હો ભલે,
કૂડાનું ચાલશે ના ત્યાં ઝંખના અગ્નિ જો જલે.
કૂડું સૌ જે, કૂડારૂપે પછી રે'શે ન તે કદી,
દિવ્ય રૂપાંતરે એવું ફેરવાઈ જશે નકી.
ઝંખના એવી તે હૈયે ઉગ્રમાં ઉગ્ર ભાવથી—
વર્ધતાં, યજ્ઞની જ્વાળા રીતે, અર્થ જતો સરી.

('કર્મગાથા' આ. ૨, પૃ. ૩૧)

*(વસંતતિલકા)*

જે ઝંખના હૃદય શક્તિ ન પ્રેરતી રે'
જે ઝંખના હૃદય ચેતનતા ન પ્રેરે,
જે ઝંખના બળ ન સાહસ દિવ્ય પ્રેરે,
સાચી ન તે હૃદયની મૂળ ઝંખના છે.

('પુનિત પ્રેમગાથા' આ. ૩, પૃ. ૨૪૨)

## સ્મરણસાથી

*(હરિગીત)*

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મન વાસનામાં, પાપમાં, ચિતના બધા સંસ્કારમાં,
મનની રમત ને ગમતમાં મનનાં રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઇન્દ્રિયોના વિષયમાં,
અમ શરીરકેરા રોમ રોમે હૃદયકેરા લોહીમાં,
રગરગમહીં, નખશિખમહીં, ને શરીરના નવદ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.

ખટરસતણા સહુ સ્વાદમાં, મીઠી મીઠી બધી વાસમાં,
ઉર ચેતનામાં, બુદ્ધિમાં, ચિત પ્રેરણામહીં પ્રાણમાં,
અમ લાગણીમાં, ભાવનામાં, પ્રેમમાં, રસમાં બધા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.

જીવનતણા સહુ ભંગમાં, જીવનતણા સહુ રંગમાં,
જીવનતણા એ અટપટા આડાઊભા સહુ તારમાં,
મારી ગમે તેવી ભલે હો સર્વ જીવનભાતમાં,
રસીલું વણાયાં ત્યાં કરો પ્રિય નામ તારું ભાવમાં.

સારાય જીવનપટતણા તાણા અને વાણા વિશે,
ભીંજાયેલા હો રગરગે તુજ પ્રેમથી રંગાયેલા,
તુજ નામના પ્રિય સ્મરણના ઠોકે સદા ઠોકાયેલા,
એવું પ્રભુપદ હો સમર્પિત આ જીવન, હો તુજ કૃપા.

**('શ્રીગંગાચરણે', આ. ૨, પૃ. ૩૦ થી ૩૨)**

## પૂજા-અર્ચન-આહાર

*(અનુષ્ટુપ)*

પૂજા, અર્ચન સેવા સૌ, પ્રભુ મેળવવા હૃદે,
યદિ તેવું થતું ના હો, ભૂલા ક્યાંક પડેલ તો.

પૂજા આદર કૈં આપો, મહત્ત્વ એનું કાંઈ ના,
કિંતુ એનાથી શો પામો લાભ, એ જ મહત્ત્વ ત્યાં.

વિધિ કે માન્યતાઓમાં રહેવું જકડાઈ ના,
ભાવ પ્રાગટ્ય અર્થે સૌ તે તે છે ખપનું ભલા!

મને મહત્ત્વ ના આપો, આપ્યા તે સત્યને કરો,
સર્વશ્રેષ્ઠ ગણી ભાવ, એને યોગ્ય મહત્ત્વ દો.

વ્યક્તિ પરંપરાથી સૌ સત્ય મહત્ત્વનું ઘણું,
સત્યને પકડી રાખી તેવા ભાવેથી જીવવું.

વર્તને હેતુનું જ્ઞાન આપણું જેવું રે' હૃદે,
વિકાસ તેટલો થાય જીવને સર્વ નિશ્ચયે.

ધર્મ આત્મા પુરાયેલો આચાર પિંજરા વિશે,
આચાર કોટલા બ્હાર થૈને તત્ત્વ જગાડજો.

સૌ આચાર કરેલા તે શક્તિને પ્રકટાવવા,
કિંતુ આચારમાંથી સૌ ધર્મપ્રાણ જતા રહ્યા.

આચાર મડદા જેવા આજે તો પ્રચલિત છે,
એને જે ગ્રહી રાખે છે, મેળવી પ્રાણ ના શકે.

કિંતુ આચારને જેઓ ભાવ-જ્ઞાન-હૃદે થવા,
સ્વીકારે છે પ્રભુ કાજે જન્મે તે થકી ચેતના.

**('કર્મગાથા' આ. ૨, પૃ. ૮૩, ૮૫, ૮૬, ૯૫)**

## પ્રાર્થના ભાવે પ્રવૃત્તિઓ

*(અનુષ્ટુપ)*

અન્ન કે સ્થૂળ એવું જે આવે તે ઉપયોગ સૌ,
ચેતનાશક્તિ પ્રેરાવા મળેલાં ધારીને ગ્રહો.

અન્નથી તો ટકે પ્રાણ અન્નમાં ચેતના ખરે,
શક્તિ જન્માવવાકેરી જીવને ધારવી ઘટે.

પાણી ઓગાળવાને છે આપણામાંની વક્રતા,
પાણીને લેતી વેળાએ રાખજો એવી ધારણા.

દુર્વૃત્તિરૂપ સૌ ત્યાગ મળ વાટે જતો દીસે,
થવાવા દૂર તેવું સૌ તે વેળા પ્રાર્થજો હૃદે.

સૂતી વેળા સૂઈ જાતું આપણામાંનું સ્થૂળ તે,
'જાગતાં સૂઈ તે રે'જો' પ્રાર્થજો એવું તે પળે.

પ્રાર્થના ભાવ હૈયામાં દૃઢાવી કર્મ સૌ કરો,
વિના ભાવ થતાં કામો નકામાં સર્વને ગણો.

પ્રાર્થના દિવ્યશક્તિની શુદ્ધ આધાર સૌ થવા,
જોઈને કરવી નિત્યે, ભાવે યત્ન કરી રહ્યા.

ખાઓ, પીવો, સૂઓ, બેસો, ઊઠો, જે સૌ કર્યાં કરો,
ધારી ત્યાં ધારણા એની તે તે સર્વ કર્યાં જજો.

('કર્મગાથા' આ. ૨, પૃ. ૧૧૮)

## 'આજ' ને 'કાલ'

*(અનુષ્ટુપ)*

'આજ'માં તો સમાયેલાં ભૂત ને ભાવિ બેઉયે,
ધરી ભવિષ્યનો ખ્યાલ ચેતે ભૂતથી તે જીતે.

'આજ'માં શક્યતા પૂરી જન્મ દેવા ભવિષ્યને,
'આજ' જે જીવી જાણે છે, તેવા જીવનને રળે.

સ્વતંત્ર કાલથી કોઈ માનવી ના જીવી શકે,
કાલને વાળવાકેરી શક્યતા આજમાં દીસે.

આવતી કાલનાં સ્વપ્નાં આજમાં જે ખડાં કરે,
એને ભવિષ્ય પોતાનું ભવિષ્ય ના પછી રહે.

ઓગાળી નાખતા ભૂત જેઓ આજથી જીવને,
ભવિષ્ય આજમાં તેનું ભળી સૌ જતું લાગશે.

આજમાં કાલનું રૂપ પ્રત્યક્ષ જે પિછાનતો,

આજમાં આવતી કાલ જન્માવી તે શકે ખરો.
વર્તમાને રહ્યું ભૂત, ભવિષ્ય, વર્તમાનમાં,
ત્રણે એવાં ભળેલાં કે કેમ કો’ જાણી તે શકે ?
આજનું મૂલ્ય જે આંકે પોતે જીવનથી ખરું,
મૂલ્યાંકનો બધાં તેનાં આજથી ફેરવાય શું!
આજ તે એકલી આજ સ્વતંત્ર કોઈ રીત ના,
છતાં સ્વતંત્રતા માટે પ્રેરણા પ્રેરતી સદા.
ભૂત ને આવતી કાલ બેનો સુમેળ આજમાં
કરે વિવેકશક્તિથી જીવને તે કરે રળ્યાં.

**(‘જીવનપગલે’ આ. ૩, પૃ. ૬૯ થી ૭૧)**

## ગૂઢતા

*(અનુષ્ટુપ)*

માનવીરૂપ છે ગૂઢ, ગૂઢ છે મન માનવી,
તેથીયે માનવીશક્તિ ગૂઢમાં ગૂઢ શી ખરી!
ગૂઢતાની મહત્તા શી! ગૂઢતા મન ખેંચતું,
જેનામાં ગૂઢતા જાણી ત્યાં મેળે મન પ્રેરતું.
ગૂઢતાને શકે જાણી કેવી રીતે જગે જન!
ગૂઢને જાણવા જાતાં બને ગૂઢ વધુ ગૂઢ.
જાણવા ગૂઢને એવા રીત શી ગ્રહવી રહી!
અનાદિ કાળથી એને ઉકેલી કો શક્યું નહિ.
માનવીદિલનું ગૂઢ એના સર્વ સ્વરૂપમાં
વિચારે, ભાવના, કર્મે, એથી તો ફેરવાય શાં!

**(‘કર્મગાથા’ આ. ૨, પૃ. ૧૯)**

## આત્મનિષ્ઠ

*(અનુષ્ટુપ)*

જોયા વિના જુએ પોતે, સાંભળ્યા વિણ સાંભળે,
ચાલ્યા વિના પગે ચાલે, સૂંઘ્યા વિના સૂંઘ્યા કરે.

ચાખે છે તે વિના ચાખ્યા, વિચારે બુદ્ધિના વિના,
પ્રવૃત્તિમાંહી પ્રેરાયા સંસ્કારો વિણ તે કરે.
પ્રેરણાથી જ પ્રવૃત્તિ આઠે પ્હોર પળે પળે,
કરે જે યોગ્ય, સંપૂર્ણ જાણવો આત્મનિષ્ઠ તે.

**('જીવનપગલે' આ. ૩, પૃ. ૯૫)**

## ફનાગીરી

*(ગઝલ)*

જગત પરનું બધું ચોક્કસ અનામત રાખીને જે જે,
પ્રભુના જે થવા ચાહે, બધાં તે વ્યર્થ ફાંફાં છે.
'અમારું સર્વ દુનિયાનું અમારું રે', અમારું હો'
પ્રભુ જો એમ મળતો હો અમોને તો મીઠો લાગે.
તમારા પાદ ને હાથ પૂરા બાંધેલ રાખીને,
પછી તરવાનું શીખવાની બધી ઇચ્છા નકામી છે.
તમારી આંખ પાટાથી તમે બાંધી પછી ઇચ્છો,
જવા પંથે અગાડી ત્યાં જશો કેવી રીતે બાપુ ?
તમારી ઝંખના જેમાં તમારો પ્રેમ જેમાં છે,
બધું રાખી સલામત તે પ્રભુ ચાહવું નિરર્થક છે,
બધું જે તે કંઈ લો છો પૂરી કિંમત દઈ તેની,
પ્રભુને એકલો લેવા વિના કિંમત બધાં ઇચ્છે!
ફના કરવાની જો હિંમત ફના થાવાનું સૌ સાહસ,
તમારામાં પૂરાં હો તો પ્રભુના આવશો પંથે.
જગતમાં પ્રેમને માટે ફના થાવું, ફના થાવું,
જીવન એવા ફના થાવા થકી નિશ્ચય પ્રકટવાનું.
ફના થાવામહીં જેને હૃદય આનંદ પ્રકટે છે,
અને આનંદ એવાથી જીવનમાં પ્રાણ ફોરે છે,
સમર્પણ, ત્યાગ, બલિદાન, જીવન કેડે થવા જેને,
ઉમળકાભેર તૈયારી જીવનને મેળવે તે તે.

**('જીવનપાથેય' આ. ૪, પૃ. ૭૨)**

## ‘સ્વજન-ભાવ’

*(ગઝલ)*

સ્વજનનો પ્રેમ હૈયાનો રહે હૈયા વિશે ન્યારો,
સ્વજન તે ખોળિયું ના છે, પરંતુ ભાવમૂર્તિ શો!
સ્વજનને દિલ મળવામાં શરીર તો સ્થૂળરૂપે છે,
પરંતુ તાર હૈયાના મિલવવા ભાવરૂપે તે.
‘સ્વજન’ તો દિલનો ભાવ બઢવવાને દઢવવાને,
જીવનમાંના જીવન કાજે પ્રસાદીરૂપ મળિયું છે.

**(‘જીવનસંદેશ’ આ. ૭, પૃ. ૧૦૨)**

*(અનુષ્ટુપ)*

ખોળિયાં બે જુદાં હોયે કિંતુ જ્યાં ભાવ એક રે’,
એ રીતે જે જીવે તેવાં સાચાં પ્રેમી બની શકે.

**(‘જીવનસંદેશ’ આ. ૭, પૃ. ૧૫)**

## ‘બુદ્ધિ’

*(અનુષ્ટુપ)*

આપણા ચિત્તસંસ્કારો બુદ્ધિ કર્માનુસારિણી,
ભજવે ભાગ હેતુને ફંટાવવા ઘડી ઘડી.
પૂર્વગ્રહો રહેલા છે સંસ્કાર બુદ્ધિમાં ઘણા,
એનાથી જે જણાયેલું હોવા ન સત્ય સંભવે.
એવું જે સત્યમિશ્રિત જણાયે, એથી તોય તે,
ભુલાવે નાંખનારું છે જાણજો કદી થૈ પડે.
સંસ્કાર બુદ્ધિનું જોશ હેતુની શુદ્ધતા વિશે,
ઘટે વાપરવાં તેથી ત્યાં ઘડી ઘડી ચેતીને.
સત્યનું અંગ એકાદું બુદ્ધિથી જાણી કો શકે,
સમગ્ર સત્ય બુદ્ધિથી શકે જાણી ન કોઈયે.
બુદ્ધિનું સમજેલું તે સાવ ઉપરચોટિયું,
કશા પ્રાણ નથી એમાં જેથી આગળ કૈં ધપો.

તર્કવિતર્ક કે ચર્ચા શાસ્ત્રની સૌ પરંપરા,
એકલી બુદ્ધિના શુષ્ક સાધને તે મપાય ના.
કિંતુ નિરુપયોગી ના એવુંયે બુદ્ધિનું કશું,
બુદ્ધિયે ના નકામી, જો એને પાંસરી રાખીશું.

('કર્મગાથા' આ. ૨, પૃ. ૨૭, ૮૨, ૧૨૨)

## મોહ

*(અનુષ્ટુપ)*

યોગ્ય જીવનનું ભાન, જાગવા નવ મોહ દે,
કેવો તે જકડી રાખે! છૂટવા નવ દે, અરે!
મોહ જીવનનો ધર્મ સૂઝવા નવ દે ખરો,
એના એ જ વિચારોનાં કૂંડાળાંમાં ભમાવતો.
શુભ સંસ્કાર પામેલાં એવાં માનવી હો ભલે,
કિંતુ શાં મોહના પાશે જકડાયા રહ્યા કરે!
પોતે બંધાઈ રે'વું ને બીજાંને બાંધી રાખવો,
પ્રેમ તો નામ ના એનું એ તો મોહ ગણો ખરો.
પ્રેમ ને મોહની વચ્ચે ભેદ કેવો અનંત છે!
મોહ ને પ્રેમ ના એક જુદાં જુદાં સ્વરૂપ તે!
મોહના સ્પર્શજાદુથી માનવી ત્યાગ સૌ કરે,
એવા ત્યાગે ભલીવાર જીવને ના કશો વળે.
મોહથી ત્યાગ જે થાય ઊલટો જીવને ઘણો,
બંધાવ્યાં તે કરેછે શો! ત્યાગ તે 'ત્યાગ' ના ગણો.
પ્રેમનો માટીનો દેહ મોહને જાણવો ખરે!
બનાવે આંધળું ભીંત એ તો જીવનને અરે!
મોહ તો માત્ર બાંધે છે પાટા આંખ પરે પૂરા,
તણાંયાં જાય શા લોક મોહના વ્હેણમાં ખરા!

એવાને કોઈ જો આવે સત્ય હૈયે સુઝાડવા,
એને તે સત્ય ના લાગે એવો મોહપ્રભાવ ત્યાં.

શક્તિ હોવા છતાં, મોહ શક્તિ શી હરી લે બધી!
હરી લે બુદ્ધિની સાન, અદ્‌ભુત મોહની ગતિ!

**('પુનિત પ્રેમગાથા' આ. ૩, પૃ. ૪૦ થી ૪૨, ૧૬૦, ૧૬૨)**

## યુદ્ધ

*(અનુષ્ટુપ)*

યુદ્ધ તો છે અનિવાર્ય, યુદ્ધ જીવનમાં બધે,
યુદ્ધને જે નકારે છે, નકારે તત્ત્વ જીવને.

વિશ્વમાંયે જીવે છે જે યુદ્ધ આપ્યા કરી મથે,
વિના યુદ્ધ કદી જીવ કશામાંય ન પાંગરે.

વસ્તુ મેળવવા કાજે મસ્તી ઉદ્‌ભવવી ઘટે,
યુદ્ધ મસ્તી વિના કોઈ ના વસ્તુ મેળવી શકે.

ધ્યેયને પામવા કાજે ધરે જે આશ જીવવા,
જિંદગીને ઘડે તેવા, ઢેફાં તો માનવી બીજાં.

જીવનધ્યેયના માર્ગે યુદ્ધમાં જે ખપી જશે,
પોતાને ધન્ય માને તે એવા ભાવ ઝીલી શકે.

**('પુનિત પ્રેમગાથા' આ. ૩, પૃ. ૭૭)**

## વિઘ્ન

*(અનુષ્ટુપ)*

વિઘ્ન ના સાંપડ્યું કોને ? બતાવો એક તો જગે,
પામશે વિઘ્નથી લાભ વિઘ્નને જે વધાવશે.

વિઘ્નથી જીવને કો દી દબાઈ ના જવું કશું,
પ્રેમથી સામનો એનો જે કરે, પામશે નવું.

જીવનધ્યેય પોતાનું દૃષ્ટે જે નિત્ય રાખીને,
ધ્યેય ફળાવવા, સામે ઝઝૂમે વિઘ્ન તે જીવે.

# માનવદેહ

*(અનુષ્ટુપ)*

માળખું માનવીનું જે મળ્યું તે પ્રભુની કૃપા,
માનવીદેહને તો કો’ ગુમાવો ના કદી વૃથા.

જીવન માનવીકેરું શ્રેષ્ઠ સૌ યોનિની મહીં,
જીવન માનવી વિના મુક્તિ કો’ જીવને નથી.

મનખાદેહ સદ્ભાગ્યે મળેલો ચેતવા હૃદે,
કૃપા રાખી ઊંડો ખ્યાલ યાચું તે જીવજો હૃદે.

માનવી જિંદગી કેવી પ્રભુની ભેટ! જાણીને,
એને સર્જાવીને પૂરી સાર્થ તે કરજો પદે.

જીવન સાધવા કાજે કર્મ જેવું મહત્ત્વનું,
આત્માની સાધના કાજે જરૂરી તેવું ખોળિયું.

પ્રેમની સાધના દિવ્ય માનવી જ કરી શકે,
યોનિમાં બીજી કોઈયે થવી શક્ય ન તે દીસે.

દુર્લભ માનવી જન્મ તેથી તો જગમાં ગણ્યો,
કૃપાથી એવું પામેલાં, એને શું રોળી નાંખવો ?

સર્વ પ્રતિકૃતિઓમાં માનવીની પ્રતિકૃતિ,
સર્વ રીતે પૂરી શ્રેષ્ઠ જાણવી પ્રભુની કૃતિ.

ઓળંગી સર્વ મર્યાદા અમર્યાદાપણા વિશે,
અમૂલ્ય મનખાદેહ ધન્ય પ્રવેશતાં થશે.

પ્રભુનો પ્રેમ લેવાને જન્મેલાં આપણે છીએ,
તેના વિના કો’ બીજો હેતુ છે ના જીવનનો ખરે.

નિષ્ઠા જેને પૂરેપૂરી એવી બેઠેલી છે હૃદે,
માનવી જન્મની શી તે યથાર્થતા પિછાનશે!

માનવી દેહથી માત્ર સૌ વિકાસ થવાતણી,
શક્યતાઓ ભરેલી છે ધન્યતા એથી એની શી!

## સમર્પણ

*(અનુષ્ટુપ)*

જેને સમર્પતાં પ્રેમે આઠે કોઠે દીવા હૃદે,
ભાવ, આનંદ, એવાનું તે સમર્પવું યોગ્ય છે.

બેળે બેળે સમર્પેલું, સમર્પેલું ગણાય ના,
એવા સમર્પવામાંથી ફળે જીવન ના કદી.

કર્મયે કરવાનાં છે પ્રભુના ભાવ કાજ સૌ,
બીજો ખ્યાલ રખેને ત્યાં ના પેસી કો ઘટે જવો.

એવાં કર્મો કશાં બીજાં જે જે કૈં કરતાં જ હો,
એને કાજે કરીને સૌ સમર્પ્યા તે બધું કરો.

બુદ્ધિથી માત્ર કે'વું તે, કે તેવું મન બોલવું,
કામ ના આવશે યોગ્ય, એવું અર્પેલું આપણું.

જેના સમર્પણે પૂરી ભાવના ઉરની ઊંડી,
તદાકારપણે છે ત્યાં અર્પેલું યોગ્ય તે ચહી.

સમર્પ્યાની કસોટી કે આપ્યા કેડે કશું હૃદે,
—આગલા પાછલા એના વિચારો જન્મશે ન કૈં.

## સાધના અનિવાર્ય

*(અનુષ્ટુપ)*

પ્રભુની દિવ્ય શક્તિ તે વિશ્વમાં સચરાચરે,
હજારો રીતથી વ્યક્ત પોતે કેવી થયા કરે!

ઝાડમાં ઝાડરૂપે તે, પાણીમાં પાણીરૂપ તે,
ચેતના મર્મની રીતે, આવિર્ભાવરૂપે ઠરે.

સર્વના મૂળમાં જોતાં ચૈતન્યશક્તિ વાસ છે,
વૈજ્ઞાનિકો કહે એવું, પ્રયોગે સિદ્ધ તે કરે.

'જો તે હો સત્ય તો કેમ એને જોઈ શકાય ના ?'
પ્રશ્ન એ ઊઠતો સૌને, વચ્ચે વિક્ષેપ ક્યાંક ત્યાં.

ઇન્દ્રિયો, મન ને ચિત્ત, અહંકારતણા રૂપે,
ભેળવાયેલી તે ભેગી જુદી કેમ કરી જુઓ ?

ઇન્દ્રિયો, મન ને ચિત્ત, બુદ્ધિ, પ્રાણ વળી બીજાં,
અહંકારાદિથી નોખું થવાનું રહ્યું ત્યાં સદા.

તે બધાંથી થયા વિના પૂરેપૂરું જુદું હૃદે,
આત્માની દિવ્ય શક્તિ ના પમાયે અન્ય કો રીતે.

પ્રચંડ સાધના ઉગ્ર તે કાજે કરવી પડે,
તે વિના એ નથી શક્ય ઉપાયે કોઈ રીતિએ.

લાખો વાર કંઈ બોધ સાંભળ્યા કરશો ભલે,
જશો કોટિય વારે છો સંતનાયે સમાગમે.

શાસ્ત્રનાં ચિંત્વનો ઊંડાં ને અભ્યાસ કરો કર્યાં,
તોયે ના પમાવાનું તે વિના કૈં સાધના કર્યાં.

સાધના માત્ર ઉપાય એકલો એક ત્યાં ખરો,
શક્તિને પામવાકેરો, ફાંફાં બીજાં બધાં ગણો.

**('કર્મગાથા' આ. ૩, પૃ. ૪૩ થી ૪૫)**

## સ્વપ્નમાં સાધના

*(અનુષ્ટુપ)*

ઊંઘમાં જાતનું ભાન રહે આપણને ન ત્યાં,
છતાંયે કરતા રો'છો કર્મ ત્યાંયે અજાણતાં.

ભોગવો ભોગ સ્વપ્નાંમાં લીધાં ત્યાં રસ જે કરો,
જાગૃત સ્થિતિનો ભોગ એનાથી હળવો ખરો.

સ્થળ ને કાળમર્યાદા સ્વપ્નના વિશ્વમાં ઘટે,
દશા જાગૃતમાં બંને રહે વિક્ષેપ ત્યાં નડે.

તેથી ઊંઘમહીં હૈયે પૂરા જે ચેતતા રહે,
સાક્ષીભાવ હૃદે રાખી અલિપ્તપણું કેળવે.

('કર્મગાથા' આ. ૩, પૃ. ૧૪૯–૧૫૦)

## સનમનું તત્ત્વ

*(અનુષ્ટુપ)*

સુભાગી કો પળે એવી જીવનનો ખ્યાલ તે જાગ્યો,
સનમ દીદારનો હૈયે, મૂંઝાવામાં મને નાંખ્યો.

કદી ઊભી રહી પાસે નયનના પ્રેમ ઈશારે,
મને નજદીક બોલાવી પછાડ્યો કેટલી વારે!

સનમ તું ક્રૂર આવી કાં ? સનમનો પ્રેમ આવો શો ?
મને રંજાડવામાં તે ભલા સુખ માણતી શાને ?

સદા કુરબાની માગે છે, હૃદયનું સૌ સમર્પણ તે,
છતાં તે ભેટમાં સોંપે હૃદયનું દર્દ ઊંડું શેં ?

બધુંયે આપતાં કરતાં ધરાતી ના દીસે પૂરી,
'ફના થઈ જીવવું એમાં' કહ્યા કરતી હંમેશાં શી!

જીવનસંધ્યાતણી વેળા બધે અંધાર છાયે જ્યાં,
સનમ અસ્તિત્વ પોતાનું જણાવી લુપ્ત થાતી કાં ?

તને આપ્યા જ કરતો હું કદી ના થાકતો લાગું,
છતાંયે બેવફાઈ શી! સનમ દીદાર કાં આઘું ?

સનમની કલ્પના જે જે હૃદય આદર્શ લાગી છે,
છતાં તુજ ભૂતમાં કાં તું મને જકડાવી મારે છે.

સનમના ભૂતમાં શાને સનમને દેખતો ? મૂર્ખા!
સનમ તો જો પણે ઊભી તને બોલાવતી, જા ત્યાં.

અને હું સ્વપ્નથી જાગી વળી ત્યાં દોડતો જાઉં,
સનમ ત્યાંથીય ભાગીને થતી અદશ્ય લાગે છે.

સનમનાં રૂપ શાં નોખાં! સનમના ભેદ જુદા છે,
સનમના કંઈ પ્રકારોમાં સનમનું તત્ત્વ નોખું છે.

**('જીવનપાથેય' આ. ૪, પૃ. ૮૭–૮૮)**

## પિયર

*(ગઝલ)*

પિયરનાં લાડ ને સુખ, પિયરનાં મોજ ને કોડ,
વહેતા સ્રોતના જેવું પિયરનું નિર્મળ જીવન.

પિયરમાં માતણો ખોળો, પિયરના પ્રેમની છોળો,
જગતમાં ક્યાંય નહિ ભાળો, ભલે છોને બધે ખોળો.

પિયર સ્વચ્છંદ નિર્દોષે રમત ગમ્મત ઘણી કરતાં,
વિના બોજા, વિના ચિંતા, ચહ્યું માંગ્યું મળે મેવા.

રિસાવાની, મનાવાની, ખિજાવાની, ચીડવવાની,
ગમે તે ગાંડી ને ઘેલી હઠો કરવા લહેજત શી!

નથી ત્યાં શેઠ કે માલિક અમારા તો અમે રાજા,
ઈશારે સૌ બને રાજા અમારા ઠાઠ ન્યારા ત્યાં.

બધાંયે વહાલથી અમને ભીંજી, રાજી, વળી રાખે,
કશાની ના પડી અમને પિયરની મોજ ન્યારી છે.

પિયરમાં સૌ લડાવે છે, પિયરમાં સૌ પટાવે છે,
પિયરમાં સૌ હસાવે છે, પિયરનો રંગ એવો છે.

પિયરમાં ખૂબ મસ્તાના થઈ ફરવા અને હરવા—
તણી મસ્તી અજાયબ જે મળે તે ક્યાંય બીજે ના.

પિયર સંપૂર્ણ અવલંબનની શય્યા તે અનોખી છે,
સૂવાનું સોડ તાણી જ્યાં મીઠું મીઠું શું લાગે છે!

જગત ક્ષુલ્લક બધું લાગે, પિયરની આગળે જે તે,
પિયર મારું સદા જીવજો સદા ખપજો પિયર મુજ તે.

અમોને સર્વ સંભાળે, અમોને સર્વ સંભારે,
અમોને સર્વ બહેલાવે, પિયરતોલે ન કો આવે.

અમારો ભાવ સૌ પૂછે, અમોને સૌ રમાડે છે,
અમોને જોઈને રાજી પિયરમાં શાં બને પોતે!

('જીવનપ્રવેશ' આ. ૨, પૃ. ૧૭૭)

## શું સાંભળશે નહિ કો'ક ?

*(ગઝલ)*

સ્વજનને યાદ કરી કરીને જીરવવું શી રીતે જીવન!
અહા! શા આંચકા લાગે, સ્વજનને ના કંઈ સમજણ.

સ્વજનને યાદ કરતાં તે સમૂળગુંયે સ્મૃતિપટમાં,
ન જાગે, તે ખરે સૂચવે સ્વજનનો ભાવ ના અમમાં.

કદીક જો જાગતું દિલમાં, અરે! કહીં ભાગમાં ખટકે
—અને વીખરાયેલા વેશે, ન તે છે ઠામઠેકાણે.

કણી જેમ પગ વિશે ખટકે, સ્વજન જીવન હૃદય ખટકે,
અરે! તે સાંભળે કોણ ? કયાને તે હૃદય ખટકે ?

સ્વજનમાંનું જીવન જોઈ દિવસ શા કારમા સહેવા!
છતાં ફરિયાદ કરવાની અમારે ક્યાંય તે છે ના.

સ્વજન કલ્યાણ વાંછાની જીવનના પ્રેમની ભૂખ,
—બરાડા શા પડાવે તે! શું સાંભળશે નહિ કો'ક ?

અમોને છેહ દેવામાં સ્વજન-દિલ શી મજા પ્રકટે!
સ્વજન શેનાં! સ્વજન શેનાં! હૃદય કાં રંગ ના પ્રકટે ?

('જીવનપોકાર', આ. ૫, પૃ. ૫૩, ૫૮-૫૯)

## અમારે જીવવાનું છે

*(ગઝલ)*

અમારે જીવવાનું છે, હૃદયની ભાવના જોરે,
હૃદયની ભાવના જ્યાં છે, જીવનમાં ત્યાં જીવન પ્રેરે.

જગતમાં ભાવ જેનો છે, બધાં કિંમત પૂછે એની,
જરૂર પડતાં ખરીદી લૈ બનાવે વસ્તુ તે નિજની.

ન જેનો 'ભાવ' છે કાંઈ, ન એને કોઈ પૂછે છે,
જરૂરી હોય છો ભારે, છતાં ચગદાય તે ચરણે.

ઠરે છે ભાવ જેનો જ્યાં બધું અંકાય ત્યારે તે,
જગત વ્યવહાર શો ચાલે, બધે ગણના કરી 'ભાવે'.

નભે સૌ ભાવની તોલે જીવન સૌ ભાવ સર્વસ્વ,
ગરીબની 'ભાવ' મૂડી છે, ગરીબનું સાચું તે સ્વર્ગ.

હૃદયના 'ભાવ' પર મારે ભૂમિકા ચાલવા કાજે,
જગતમાં ક્યાંય હો ઠરવા મને તો ઠામ ભાવ જ છે.

કૃપાથી 'ભાવ' તે દેજો, છૂટે હાથે દીધા કરજો,
કરી વળતર પ્રભુ પૂરો અતુલો આપશે પાછો.

**('જીવનસંદેશ', આ. ૭, પૃ. ૧૬)**

## અમારો પ્રેમ

*(ગઝલ)*

અમારા પ્રેમની ઝોળી સદા ખાલી રહ્યા કરતી,
ભિખારી ભીખ માંગે છે, છતાં ક્યાંયેથી ના મળતી.

ભીખ્યો તે પ્રેમ ના મળશે અરે! શીદ તું ચહ્યા કરતો!
ચહ્યા કરવા વિશે હૃદય મૂક્યો રસ છે પ્રભુએ શો!

અમારે ચાહી ચાહીને રહેવાનું બધાંમાં છે,
અમારે ચાહવાકેરી બધાંને, રીત ન્યારી છે.

અમારો પ્રેમ ન્યારો છે, બધાં સાથે જુદો જુદો,
છતાંયે એકસરખો છે, જુદો લાગે છતાં ભેળો.

અમારે તો બધાંનેયે સમજી સમજી વળગવું છે,
રહ્યા કરીએ હૃદય વળગી—ન અમને કોઈ વળગે છે.

વળગવા તો જતાં કોને મૂકે તરછોડી આઘે તે,
જતાં કરવા હૃદય પ્રેમ સ્વજન ગણના કરે ના તે.

અમે રાચી રહ્યા સહુમાં, સહુ રાચે જ નિજનિજમાં,
અમારે તો પડી સહુની, પડી અમ ના સ્વજન દિલમાં.

જતાં કરવા સ્વજનકેરું ભલું, અમને નકારે છે,
સ્વજન એવાં દીધાં પ્રભુએ કૃપા કરીને જ કસવાને.

કસી જોજો, કસી જોજો, જરા ના રાખશો બાકી,
નહિતર તો ભૂમિકા સૌ જણાશે શી રીતે પાકી ?

જીવન વિકસાવવા દૃઢ શાં સ્વજન દીધાં પ્રભુએ તો
બધી રીતે હૃદય મુજને તમોમાં રાખજો પૂરો.

('જીવનસંદેશ', આ. ૭, પૃ. ૪૭)

## જીવનધંધો

*(ગઝલ)*

અરેરે! આમ તો શાને અમોને રગરગાવો છો ?
વિસારે પાડી કાં અમને ગળે ફાંસો લગાવો છો ?

હૃદય વહાલાં સ્વજનને તો ભુલાયે કેમ, શી રીતે ?
ભુલાતાં તો હૃદય સમજો, 'સ્વજન' સાચું થયું ના તે.

હૃદયના ભાવની મુજને ભયંકર ભૂખ લાગી છે,
ન મળતાં શી બૂમો પાડી બધાંને સંભળાવે તે!

તમારી સાથ જીવનને પૂરેપૂરું જ રંગાવા,
હૃદયમાં ચાહના મુજને—સ્વજન કિંતુ મદદમાં ના!

‘તમારામાં ભળી ભાવે, તમારાથી જીવનકેરું
કૃપાથી કામ લેવું છે!’—જીવન અમ એ જ દાવાનું.

‘સ્વજન સંભારી જીવવાનું’ જીવનયારી અમારી તે,
‘વિચારે કોણ તે અમને!’ વખા એવા અમારા છે.

જીવનલગની સ્વજન હૃદયે ન ચેતે જ્યાં લગી પૂરી,
ઉદાસી ત્યાં લગી અમને છવાયેલી રહેવાની.

‘સ્વજન હૃદયે હૃદયની ધા, કૃપાથી કોક દિવસેયે,
પ્રભુ સંભળાવશે નિશ્ચે!’ ભરોસો ઉર વસેલો તે.

સ્વજનનામાં રહેવાને અમારું દિલ તલસે છે,
હૃદયનો ભાવ હૈયાથી ઝિલાવાને હૃદય ઝંખે.

હૃદયની ઝંખના જેને કદરથી લાગતાં હૃદયે,
સ્વજનની ધારણા મૂર્તિ થતાં સૌ કર્મમાં ઊગે.

‘જગતને ચાહવાકેરો કૃપાથી તો દીધો અમને
જીવનધંધો’ ફળવવાનો અમારે શો રહ્યો છે તે!

કૃપા કરજો! કૃપા કરજો! સ્વજન વહાલાં! કૃપા કરજો,
પડેલું પાલવે એને કૃપાથી ઉર પાલવજો.

(‘જીવનસંદેશ’, આ. ૨, પૃ. ૬૨–૬૩)

## જીવન સંભાળતાં રે’જો

*(ગઝલ)*

સ્વજન મીઠાં વચન બોલી મને શાં ફોસલાવે છે!
કહ્યું પાળી ન બતલાવે હૃદયમાં ઘા પડાવે છે.

જીવનનું સુખ લેવાને, જીવનનું દુઃખ દેવાને
ઉમળકાભેર તૈયાર ન જોતાં દિલ ભાંગે છે.

અરે! કોઈ ન બુઝાવો હૃદયના પ્રેમદીપકને,
અમારી એક આશા તે જગતમાં જીવવા કાજે.

જીવનની સાથ ભળવામાં જીવન ઉપયોગ કરવાને
સ્વજનથી રાગયે કરવા અમારું દિલ ઝંખે છે.

જીવનથી એક બનવાને, જીવન કાજે ખરું રળવા
હૃદયનું પ્રાણપંખેરું તડપતું ને તલપતું હા!

અમારે ભાગ લેવો છે, સ્વજનકેરા જીવનમાંહે,
પરંતુ કોઈ ના અમને હૃદયથી આવકારે છે.

'તમારા તો અમે છીએ' સ્વજન એવું મુખે વદતાં,
ન આવે તે હૃદય પાસે, નિરર્થક ખાલી શાં બકવાં!

હૃદય વિશ્વાસ પ્રેરવવા જીવનવર્તન ન તેવું જો,
થતું કેવું હશે અમને! વિચારે કોણ એવું સૌ ?

અમારી દુર્દશા કરવા સ્વજન જીવ્યા કરે, એવું
અમારે જોઈ જોઈને હૃદયમાં ભાંગતાં રે'વું.

જીવનના પ્રેમ ને રંગ બીજા જીવને ચઢવવાને
અમારો ભેખ ન્યારો જે, ચઢાવેલો પ્રભુએ છે.

પ્રભુ જોનાર બેઠો છે, પ્રભુ સંભાળનારો છે,
'જીવન સંભાળતાં રે'જો' સ્વજનને પ્રાર્થના મુજ તે.

('જીવનસંદેશ', આ. ૭, પૃ. ૭૦)

## વહાલાં સ્વજનો

હૃદય ચાહ્યાં અને ચાહ્યાં સદા કરવામહીં ઊંડું,
મળે ના સુખ જો પૂરું, અહા! તે સુખ તો કેવું!

સદા ચાહ્યાં કરો તોયે વધુ ત્યાં ચાહવા દિલ
થયા કરતું સતત લાગે, હૃદય શો પ્રેમનો મર્મ!

હૃદયને ચાહવામાં શું હૃદયમાં દુઃખ લાગે છે!
છતાં તે દુઃખથી એને હૃદયમાં ભાવ જાગે છે!

અને એ ભાવથી હૈયું ટકી, હૈયા વિશે રે' છે,
સદા જોડાયેલું રે'વા હૃદય પ્રેર્યા કરે છે તે.

ઊભી છે ભેદની ભીંતો ન તૂટે કે તોડાવે
અભેદાનંદની મસ્તીતણું શું ભાન ચુકાવે ?

હૃદય આનંદ તૈયાર હૃદય કાજે ઊભો શો તે!
ઝુકાવો કાં ન, દિલબરને તપાવ્યા ત્યાં કરો શાને ?

તમારામાં સમાવું છે, તમારામાં પુરાવું છે,
તમારામાં થઈ મારું તમારામાંહી મરવું છે.

જીવે છે વિશ્વ આનંદે, હૃદય આનંદ તો કેમ
હૃદય ના ઝંખતું પૂરું ? ઊભાં ખાલી રહ્યાં કેમ ?

અરે! સંભાળતાં રો' છો તમે હદને બધી રીતે,
રહો છો ત્યાં જ અટવાઈ રમંતાં હદ વિશે જે તે.

મળે આનંદ બેહદનો કદીયે હદ વિશે ના તે,
ન આવે કલ્પના ખ્યાલે પૂરો આનંદ એવો તે.

છતાં હદમાં રહી બેહદતણા આનંદ આદર્શે,
ઝુકાવ્યા જે હૃદય રાખે જશે તે કોક દી પારે.

હૃદય હદના રિવાજોને જવા બેહદતણા ભાવે,
વટાવે પ્રેમના જ્ઞાને, પ્રવેશે બે-હદે તે તે.

રહી હદમાં હૃદય બેહદતણું જે ધ્યાન સેવે છે,
ભળે હદની અને બેહદતણી સરહદ વિશે તે તે.

કૃપા કરજો, દયા કરજો, થતાં સૌ કર્મની અંતર,
પ્રભુભાવે ભીંજાયેલું નિરંતર રાખજો અંતર.

પનારે હું પડેલો છું, બૂડવજો કે તરવજો, ને
તમોને જે ગમે સારું, ભલે એનું કરો તે તે.

('જીવનસંદેશ', આ. ૭, પૃ. ૧૦૮–૧૦૯)

# અનુકૂળતા માટે પ્રાર્થના

*(ગઝલ)*

તમારામાં થવા માટે અનુકૂળતા મને દેજો,
તમારા દિલનું સાચું સ્વજન મુજને તમે કરજો.

તમોને દુઃખ દેવાતાં તમે ના રોષ દિલ ધરજો,
કહેવાનો ઊંડો મર્મ સમજવા યત્ન ત્યાં કરજો.

તમારું સુખ તે મારું તમે સુખ તે થવા દેશો,
મને સુખ ત્યાં જણાતાં ના, કહેવા ત્યાં મને દેશો.

હૃદયપથ મોકળા કરવા મને દાખલ થવા દેશો,
અને એમ ઊતરાતાં ત્યાં થતાં કૈં સૌ સહી લેશો.

તમારે તો બધાંનેયે સહેવાનું હુંથી આવ્યે,
વળી રંજાડવાનું કૈં થતાં માફી મને દેજો.

તમારા રોષને સહેવા નથી ત્યાં સ્થાન મારામાં,
ભવાં ઊંચાં થતાં જ્યાં તો હૃદય પામું હૃદય ત્યાં ના.

તમારો પ્રેમ માગું છું, હૃદયની ભાવના માગું,
તમારી ઝંખના માગું તમન્ના ઈશની માગું.

તમારે દ્વાર આવીને ભિખારી થઈ હું તો ઊભો,
કરે ખાલી રખડતો ત્યાં ગરીબને શું મૂકી દેશો ?

બધાંને કૈંક ને કૈંક તમોને આપતાં દેખું,
મને ત્યાં એકલાને કાં નહિ આપો, બને તે શું ?

ભિખારી એટલું કહીને પડી મારે નથી રે'વું,
ચહું ત્યાં માગવા ધર્મ પ્રવેશાવા તમોમાં હું.

('જીવનપાથેય', આ. ૪, પૃ. ૧૨૦–૧૨૧)

# ભિખારી ભીખ માગે છે

*(ગઝલ)*

તમારે બારણે આવી ભિખારી ભીખ માગે છે,
ભિખારીને જવા દેશો ન ખાલી, પ્રાર્થના તમને.

તમારે આંગણે આવી કશુંક કૈં માગતાં તેને,
મૂઠી ચપટી તમો દ્યો છો, નિહાળ્યું આંખથી મેં તે.

મને તો એકલાને શું ભલા! બાકી અરે! રાખી
ભિખારીને રખડતો ને રવડતો મેલશો ઠેલી ?

તમારે પાલવે હું તો પડ્યો, એને નિભાવીને
ગરીબની ઠારી આંતરડી દુવાને પામજો હૈયે.

('જીવનપ્રેરણા', આ. ૩, પૃ. ૮૭)

# ભિખારીની દયા જાણી ઘટે તો ટુકડો દેજો

*(ગઝલ)*

'થવા તે પ્રેમને કાજે ફના જીવનતણા ભાવે,
થયા કરવાનું હૈયામાં' લગન એવી લગાડોને.

ભિખારી જે રખડતો'તો જીવનના બારણે તેને
તમે બોલાવીને શાને રહેવા દો ભૂખ્યો એને ?

તમારી બૂમથી એ તો ખરે બોલાવિયો આવ્યો,
હવે ટટળાવતાં શાને ? ઊભો કાં ખાલી રાખ્યો શો ?

હજી ખપ્પર રહેલું છે પડેલું ખાલીખમ કેવું,
નજર એમાં રહેલી શી! સ્વજનને સાદ પાડ્યે શું ?

ભિખારી કેમ પાછો તે હવે આંગણ થકી જાયે ?
હવે તો આર કે પાર થવાનું જે ભલે થાયે.

તમારે આંગણે અડ્ડો જમાવીને પડ્યું રહેવું,
ભલે નાખો, ન નાખો કે, અમારું એટલું કહેવું.

('પ્રણામ-પ્રલાપ', આ. ૪, પૃ. ૪૪)

## ગૂઢ રીતિ

*(શિખરિણી)*

પડી રે'વા દેજો તમ હૃદયના કોઈક ખૂણે,
તમારો જાણીને કંઈક મુજને ચાહ તમ દે,
ગમે તેવો તોયે સ્વજન તમ જે પાલવ પડ્યો,
નિભાવી લ્યો એને તમ ઉર કરી પાલન પૂરું.

તમે તો કૈં કૈં દો, કંઈ પણ દઈ હું નવ શકું,
ભિખારી હું તો છું પ્રભુપદ પ્રભાવે જીવી શકું,
તમારી પાસેનું સઘળું લઈ લેવા પદ ચહું,
નથી સત્તા પાસે પ્રભુપદ પુકાર્યાં નિત કરું.

હજારો ગાઉનું અતિશય ભલે અંતર રહ્યું,
ભલેને છો એવા હજી કંઈ રહ્યા ભેદ મન શું!
વળી છોને જાળાં નયન પડળો ઉપર વળે,
તમો ચાહેલાંને મુજ કરીશ જંપીશ પછી હું.

થશે શી રીતે તે મુજ મન કહી તે નવ શકે,
થશે ક્યારે તેવી સમયગણના ના ધરું હૃદે,
કૃપાથી એની તે પ્રિય પ્રભુતણા નામ રસનું
પથે ભાથું લાધ્યું, મુજ હૃદય તે સાધન વડું.

**('પુનિત પ્રેમગાથા', આ. ૩, પૃ. ૯)**

## તમે ક્યારે લઈ લેશો ?

*(ગઝલ)*

ગણું હું મારું ધન જેને તમોને આપવાને સૌ,
હૃદયમાં ઝંખના ભારે તમે ક્યારે લઈ લેશો ?
લઈ લો મારી પાસેથી બધી લક્ષ્મી જીવનની જે,
મને કાં લૂંટી ના લેતા ? કરું છું યાચના તમને.

જતાં સઘળુંય એમાંનું નથી ખાલી થવાનું તે,
ભર્યો ભંડાર એવો તે પ્રભુનો શો દીધેલો છે!
અધૂરો હું મુનીમ એનો હજી તોયે બડાશો શી!
તમારી આગળે ફેંકું! પ્રભુ સાચી ઠરવશે સૌ.
સમાઈશું જ પોતામાં પૂરેપૂરા હૃદય જ્યારે,
શકીશું સાચું સમજી શું સ્વરૂપ ત્યારે બધાનું તે.

**('પુનિત પ્રેમગાથા', આ. ૩, પૃ. ૭૦)**

## ભાવથી વેપાર

*(અનુષ્ટુપ)*

તમારા ભાવથી મારે વેપાર ખેડવો રહ્યો,
મૂડી વિના ભિખારીથી થઈ વેપાર શેં શકે ?
મૂડી માગ્યા કરું તેથી હૈયાના પ્રેમભાવની,
કરો આપ્યા સ્મૃતિ જોડી જ્ઞાનપૂર્વક તે વળી.
એવી સ્મૃતિતણા તાર સંધાતા ત્યાં અખંડ રે',
કર્મમાં જ્ઞાન હેતુનો તો તો અર્થ સર્યા કરે.
ભાવસ્મૃતિ ન તે જો હો પ્રાણવાળી પૂરી હૃદે,
તાદાત્મ્યભાવ શી રીતે તે વિના જામશે હૃદે ?
ચેતના-સ્ફૂર્તિ હૈયામાં પ્રકટાવ્યા સ્મૃતિ કરે,
ત્યારે સ્મૃતિતણું જોશ આવેલું જાણવું ઘટે.

**('પુનિત પ્રેમગાથા', આ. ૩, પૃ. ૧૪૯)**

● ● ●

લૂલો કેવો હું છૂટો છું શકું ચાલી હું શી રીતે ?
મને દૈ ચેતનાશક્તિ જીવતો રાખજો હૃદે.
વ્હાલાને સ્મરવાનું તો ચેતનાશક્તિ કાજ હો,
નકામી ચીજની જેમ વખારે નાંખી કાં મૂકો ?

વિષપાન કરાવ્યું છે એવી પ્રસાદીયે પીધી,
હવે તિલાંજલિ આપી કૃપા રાખી ઠરો ચહી.

ફરિયાદરૂપે આવું કહેતો ના કશુંય હું,
કોઈ ઉપાયથીયે તે જાગે જો ખ્યાલ, તો રૂડું.

પ્રેમ અભેદમાર્ગી છે લીલા પ્રેમની અદ્‌ભુત,
પ્રેમનો તે ચમત્કાર, ભાવ એ પ્રેમનું રૂપ.

તાદાત્મ્ય પ્રેમમાં તેથી હૈયે ઊંડું રહ્યા કરી,
સાફલ્ય જીવવું એવું ધન્ય સૌ કરજો ભળી.

પનારે જે પડેલું છે તમારે તો કૃપા કરી,
ધન્ય પોતે બની, ધન્ય પેલાનું કરજો વળી.

**('પુનિત પ્રેમગાથા', આ. ૩, પૃ. ૧૪૯, ૧૫૧, ૧૫૨)**

## પશ્ચાત્તાપ થશે ત્યારે

*(અનુષ્ટુપ)*

તમારા પ્રેમથી મારે જીવવાનું હ્રદે રહ્યું,
હૈયાનો ભાવ એ શક્તિ જોમ મારા ગરીબનું.

પ્રેમને કાજ ઝંખું છું પ્રેમ સૌ આપજો બધાં,
આપજો પ્રેમયે જ્ઞાને હેતુએ કરી ત્યાં સદા.

વધારે શું કહેવું તે મને લાજમ ના કશું,
મૂર્ખ તોયે અરે! કેવા બખાળા ઉરના બકું.

ભલેને આજ વ્હાલાંને એની ના ગણના હશે,
કોઈ કાળે હ્રદે સત્ય એનુંયે ઉર લાગશે.

પશ્ચાત્તાપ પૂરો ત્યારે એવાને લાગશે હ્રદે,
'હતું કોક મળેલું જે જીવ્યું તે પ્રેમ કારણે'.

**('પુનિત પ્રેમગાથા', આ. ૩, પૃ. ૧૬૩)**

## સ્વજનનું શ્રેય ચિંતન

*(અનુષ્ટુપ)*

તમારું લૂંટી લીધું શું કૃપાથી તે બતાવશો,
પાછું આપી દીધા જેવું હશે, તો તે દઈશ હું.
વારે વારે મને ગોદા માર્યા શું કરવા ઘટે ?
તમારા ચિત્તની જોડે કાં ન લો સમજી હૃદે ?
તમારું શું બગાડ્યું છે ? જરા તો ખ્યાલ તે ધરો,
પ્રભુએ તો સુધાર્યો છે તમારો સ્વાર્થ તે ઘણો.
પાડ તે માનવો મૂકી અન્યથા કાં વિચારવું ?
માનવીને ઘટે તે શું ? હૈયે ઊંડું વિચારશો.
શાતા દેવી હૃદે ઇચ્છી પ્રભુએ જે બતાવિયું,
તે પ્રમાણે બતાવીને શાંતિ દેવા ચહ્યા કર્યું.
તમારી પ્રકૃતિ ઊંડી ગુણે કેવી ભરેલી છે,
કરે જે શ્રેય પોતાનું એને કાં નિંદવો ? ભલા!
તમારા શ્રેયનું એને ચિંત્વવું એકલું રહ્યું,
તમારી પ્રકૃતિ એને કેવું ધર્યાં★ કરે શું શું!

('પુનિત પ્રેમગાથા', આ. ૩, પૃ. ૧૭૭, ૧૭૮)

## એવા કૈંક વિચાર

*(શાર્દૂલવિક્રીડિત)*

હૈયાકેરી વરાળ કાઢી તમને હું સંભળાવ્યા કરું,
પ્હોંચી ના શકતી દીસે હૃદયમાં, વચ્ચે નડે છે કશું,
'તોડી કાટલું નાંખવું જરૂરનું તે કેમ પૂરું બને ?'
એવા કૈંક વિચાર આ હૃદયમાં સ્ફુર્યા કરે છે હવે.

('પુનિત પ્રેમગાથા', આ. ૩, પૃ. ૧૯૫)

---

★ધાર્યાં

## મહોબતની મીઠી લહેજત

*(ગઝલ)*

જિગર વિના જિગર ભીનું જિગરનો પ્રેમ ન્યારો છે,
જિગરનો પ્રેમ જો  જુદો જિગરનોયે જુદો ત્યાં છે.

જિગરના પ્રેમ જાદુથી સદા ભુરકાઈ રહેવાનું,
હૃદયના પ્રેમને ઐક્ય જિગરમાંહી★ સમાવાનું.

હૃદય અમ પ્રેમના રસથી સદા જોડાયેલાં રે'શે,
★★જીવન તો એક છે છોને ★★★જીવનના દેહ જુદા છે.

ભલે મૃત્યુ, ભલે સ્વર્ગે ભલે જ્યાં હો જવાનું ત્યાં,
અમે તો સાથ રે'વાના, અમે સાથે જ ઊડવાના.

અમારા પંથમાં કંટક ફૂલોની જેમ લાગે છે,
અમારી સ્વર્ગની દુનિયા, અમારો રાહ ન્યારો છે.

સદાયે પ્રેમ મસ્તીમાં અમારે બસ રહેવું છે,
શરાબે પ્રેમ મહોબતના વિશે બસ ડૂલ રે'વું છે.

ખુવારીના અમે પંથે વળેલાની ખુમારી તે,
મહોબતની મીઠી લહેજત જિગર સમજે જિગર જાણે.

('પુનિત પ્રેમગાથા', આ. ૩, પૃ. ૨૧૨)

## કહો, ત્યાં શું પછી કરું ?

*(અનુષ્ટુપ)*

કોઈ વ્હાલું કહેતું કે 'અમોને પ્રભુ મેળવો,
સાક્ષાત્કાર કરાવો તો જાણીશું ઉર સાચું તો'.

હોત તે હાથ જો મારે વાત, તો ક્યારનુંય તે
પ્રત્યક્ષ તે કરાવીને દીધું હોત ઊંડું હૃદે.

★શમાવાનું, ★★જિગર, ★★★જિગરના

કોઈનું ત્યાં ન ચાલે છે પોતે તેવા થયા વિના,
પ્રભુએ પાંસરો ના છે, સીધો તે ક્યાંય ના ભલા!

એ તો શી આવવાકેરી માંગી લે ભૂમિકા હૃદે,
તે વિના તે ઠરે ત્યાં ના કાયદો સૂક્ષ્મ એહ છે.

એવું કરાવવા કેવો ઝંખ્યા નિત્ય કરું ઊંડું
મને સાથ મળે ના ત્યાં કહો ત્યાં શું પછી કરું ?

તમારો સાથ જો પૂરો હૈયામાં મળતો રહે
પ્રત્યક્ષ જો બધી વાતે રે'વાતું એમ હોય તે,
આપમેળે તમોને તો જણાયા કરતું બધું
માથાકૂટ પછીથી તો રે'શે ના કશી આપ શું.

કૃપાથી સૌ કરી જોવા આટલુંયે મથ્યા કરો,
સાચું કે ખોટું છે એની પરીક્ષાયે કરી જુઓ.

તમેયે રાહ ક્યાં સુધી આવી તે નીરખ્યા જશો ?
વેવલું જીવવું આવું નિભાવી કેમ રાખશો ?

('પુનિત પ્રેમગાથા', આ. ૩, પૃ. ૧૬૧, ૧૬૨)

## પ્રેમભાવથી કૃતાર્થતા

*(ગઝલ)*

તમારા પ્રેમનો ભાવ પ્રભુએ જે ચખાડ્યો છે,
પ્રભુની ભાવના જીવતીતણાં દર્શન કરાવ્યાં છે.

અજાણ્યો હું હતો સહુથી છતાં પ્રભુ જે તમારામાં,
વસેલો સૂક્ષ્મ, એણે શો નવાજ્યો લઈ મને બથમાં★!

પ્રભુ વ્હાલો ઉકેલી દે પ્રભુમાં જીવ જે રાખે,
બધાંયે કામ એવાનાં બલિહારી કૃપાની તે.

---

★બાથમાં

તમે સદ્‌ભાવ ને પ્રેમ બતાવ્યાં કેટલાં, કેવાં!
ન લાયક કાંઈ એ કાજે, કરામત શી પ્રભુની ત્યાં!

પ્રભુ સચરાચરે કેવો બધે પ્રસરેલ જીવે તે!
તમારામાં મને એણે મહત્તા શી બતાવી છે!

અજાણ્યો હું ભલે તોયે તમારામાં છતો થઈને
કૃપાથી શી મદદ દીધી! ભુલાયે ના કદી એને.

પ્રભુ એવો કૃપાળુ છે પ્રભુ પર લક્ષ રાખે જે
બધું સંભાળી લે એનું બધાંમાંયે બધી રીતે.

તમારામાં વસેલા તે પ્રભુને ઉર ઉમળકેથી
કરું કોટિ પ્રણામો હું હૃદયથી વારી વારીને.

ગરીબ પૂરો બધી વાતે ન પાસે કાંઈ એવું છે,
ચરણકમળે તમારે જે ધરી કૃતાર્થ થાઉં કે.

કૃપા કરીને સદા મુજ પર તમારું કોક જાણીને,
હૃદયના કોક ખૂણામાં જરા સ્થળ આપજો મુજને.

ફરી ફરી પાડ માનું છું લળી લળી આપના પદમાં,
પ્રભુ ઉપકારથી હૈયું દ્રવ્યું શું આપની સ્મૃતિમાં!

પ્રભુને પ્રાર્થના મારી ''પ્રભુ જીવન વિશે તમને,
હૃદય ચેતાવજો લગની પ્રણય એનો લગાડીને!''

**('પુનિત પ્રેમગાથા', આ. ૩, પૃ. ૨૫૦, ૨૫૧)**

## આ સાધુડાની ટેવ

*(વૈદરભી વનમાં વલવલે – એ ઢાળ)*

એવી અમ સાધુડાને ટેવ છે.

જેનું લઈએ તેનું દઈએ અમે, રાખીએ સમતોલ,
ઘટતું કે વધુ નવ તોલીએ, દઈએ સરખાં જ મોલ. —એવી.

અમારો વેપાર શ્રીનામનો, એની સાથે જ કામ,
એ સાથ જેનો વ્યવહાર છે, અમ પિયર એ અમ ધામ. —એવી.

અમારે નાનપ, મોટપ નથી, નથી શરમ ને લાજ,
ઘરબાર ને ખેતર નથી, અમે ફરીએ બેતાજ. —એવી.

અમે તો રાજા અમ પિંડના, અમે અમારા શિરતાજ,
કોઈના કહ્યામાં અમે નથી, અમારો પ્રેમરાજ. —એવી.

સારાયે વિશ્વમાં વર્તતી, અમ વહાલાકેરી આણ,
અમારે તો ઓછપ શી પછી ? જ્યાં જઈએ ત્યાં એંધાણ. —એવી.

અમોને ભટકવાની ટેવ છે, રહીએ એક ના ગામ,
અમારાં ઠેકાણાં કશાં નથી, અમે તો બેઠામ. —એવી.

સ્વેચ્છાચારે ફરતાં જુએ, અમને જગ બેલગામ,
અમે તો ધણીકેરાં ઘોડલાં, અમને એની લગામ. —એવી.

જગના તમે લોક રાખજો, જો રખાય તો હેત,
અમે તો આવીશું ભીખ માંગતા, પુકારી અહાલેક. —એવી.

('જીવનપગથી', આ. ૨, પૃ. ૧૨૯)

॥ હરિઃૐ ॥

# ખંડ - ૩

# શ્રીમોટાનાં વિચારસ્ફુલિંગ

વિજ્ઞાનની શોધખોળોથી જ ગરીબી હટશે. માટે એવી શોધખોળોને પ્રોત્સાહન મળે એવી યોજના કરો.

— શ્રીમોટા

» સાધનાકાળના શરૂ શરૂના તબક્કે જે જુદું જુદું વાંચવામાં પડી જાય છે, તે ગૂંચવાડામાં પડશે, એ રીતે એનો માર્ગ ખુલ્લો રહેવામાં અડચણો આવશે. એનું મન એને હજારો પરસ્પર વિરોધી દિશાઓમાં તાણી જશે. અનેક તર્કવિતર્ક જાગશે. સૌથી ઉત્તમ તો એ છે કે સાધનામાર્ગનું વાંચવાની તે વેળા જરૂર નથી. જે સૂચવાયું હોય તે જ પ્રેમભાવે, સમર્પણભાવે, શરણાગત રહીને ઉત્કટભાવે કર્યાં કરીશું અને એમાં જ્યારે સ્થિત થતાં જઈશું ને ભગવાનનો ભાવ આપણામાં સ્થિર થવા માંડે, ત્યાર પછી જે કંઈ વાંચવું હોય તે વાંચવું જોઈએ.

**('જીવનપગરણ', આ. ૩, પૃ. ૧૨૩)**

» લાગણી આપણું અણમોલું ધન છે. ધૂળધોયો જેમ સોનું ભળેલી ધૂળમાંથી ધૂળધૂળ કાઢી નાંખી સોનું તારવી લે છે, તેમ લાગણીમાંથી આપણે તેવું તારવી લઈ શકીએ છીએ, તેનો ઉપયોગ કરી શકીએ છીએ, પરંતુ તેમાં લાગણી સાથે રમત કરવા જઈને એને નોતરવી ન ઘટે કે આપણે સામે જઈને એને ખેંચી લાવવાની કે ઉતારવાની ન હોય, કારણ કે તેમાં ખોવાઈ જવાવાનો પૂરો સંભવ છે.

**('જીવનપગરણ', આ. ૩, પૃ. ૧૩૨)**

» ઊર્મિને, લાગણીને દબાવવી એ ઠીક નથી, પરંતુ તે સાથે, એ ઊર્મિવાળી લાગણીની સાથે વહ્યા જવું એ પણ ઇષ્ટ નથી. બંને વચ્ચેનો લાભપ્રદ રસ્તો આપણાથી ખોળી લેવાવો ઘટે.

**('જીવનપગરણ', આ. ૩, પૃ. ૧૭૮)**

» મનને તદ્દન ખાલી રાખ્યા કરવાનું છે. જે કંઈ વિચારો, ગડમથલો ઊપજે એનો તુરત ઉકેલ કરી દેવાનું આપણે રાખવું.

**('જીવનપગથી', આ. ૩, પૃ. ૧૬)**

» સત્ત્વગુણના પણ ગુલામ થવાનું નથી.

**('જીવનપગથી', આ. ૩, પૃ. ૧)**

» પહેલાંનું ભણેલું ભૂલવું પડશે. **('જીવનપગથી', આ. ૩, પૃ. ૨)**

» જે કંઈ કરતા રહીએ તેમાં દિલ હોય, પ્રેમ હોય, રસ હોય અથવા એ બધાં ન હોય તોયે એ બધાં જન્મવાનાં જ છે એવી શ્રદ્ધા, વિશ્વાસથી ને ધગશથી સર્વ કાંઈ કર્યાં કરીએ, એનો તંત પકડી રાખીએ, એટલી જાગૃતિ રાખવી જોઈએ. (**'જીવનપગથી', આ. ૩, પૃ. ૧૯**)

» આપણા આગ્રહો, વિચારો, મંતવ્યો, ખ્યાલ વગેરેને આપણે બીજાઓ પર ન લાદીએ ને કંઈ કહેવાનું હોય તે એક વખત પ્રેમપૂર્વક કહીએ, અને તે પણ જરાકે ભાર દીધા વિના ને પછીથી એનો સમૂળગો વિચાર પણ કાઢી નાંખીએ. સૌ કોઈને એમની એમની રીતે એમના જ વાતાવરણમાં સ્વતંત્રપણે વિકસવા દઈએ. (**'જીવનપગથી', આ. ૩, પૃ. ૯૫**)

» આપણે બીજી સકળ વૃત્તિઓનું જોશ ને એનું સ્વચ્છંદીપણું મિટાવવું હોય તો આપણા કામની ભાવનામાં ખૂબ એકાગ્રપણે, ઉત્કટ ભાવથી વળગ્યા રહેવું જોઈએ, તે સિવાય આ વસ્તુ થવી શક્ય નથી, અને આવું કરીશું તો જ બીજી બધી વસ્તુઓને આપણે ગૌણપણે હાથમાં કે મનમાં લઈ શકીશું. (**'જીવનપગથી', આ. ૩, પૃ. ૧૦૧**)

» કોઈ પણ આપણું કશુંક પ્રેમથી કરે તો આપણે તેની ખૂબ કદર કરવી. એવી કદરભાવના આપણે સરળતાથી અને સહૃદયતાથી રાખવાની છે. એથી સામાના દિલ પર પણ અસર થાય છે ને તેને આપણી તરફ લાગણી રાખવાને ઉત્તેજન મળે છે. વળી, આપણામાંનું અક્કડપણું પણ ઓછું થાય છે. (**'જીવનપગથી', આ. ૩, પૃ. ૧૧૩**)

» આપણાથી થતાં બધાં જ કામોમાં કંઈ લાભ મેળવવાની કે ગેરલાભ થવાની કશીયે ઇચ્છા કે ભય આપણે રાખવાનાં નથી. એનું સ્વાભાવિક પરિણામ લાભમાં કે ગેરલાભમાં ભલે આવતું હોય, પરંતુ આપણી માનસિક ભૂમિકામાં તેવી ઇચ્છાને ક્યાંય સ્થાન ન હોય એટલું આપણે સતત જોવું ઘટે. (**'જીવનપગથી', આ. ૩, પૃ. ૧૧૪**)

» કામ કદીયે આપણને વિઘ્નકર્તા થશે નહિ. તે તો એક રીતે આપણી ધારણામાં આપણને વધારે મક્કમ બનાવવાને, દૃઢ રહેવાને અને કસોટી કરવાને માટે મળેલી તક છે. (**'જીવનપગથી', આ. ૩, પૃ. ૧૧૪**)

» સાધકે પોતાની જાતનું, વિચારોનું, વૃત્તિઓનું, લાગણીઓનું, ભાવનાઓનું ને ચેતનાનું ઊંડું પૃથક્કરણ કરતા રહેવું પડશે. તે દરેકને તેના યથાર્થ સ્વરૂપમાં સમજીને આપણા વિકાસમાં તેમનો કેવી રીતે શ્રેષ્ઠ ઉપયોગ યોજી શકાય તે સમજી લેવું પડશે.

**('જીવનપગથી', આ. ૩, પૃ. ૧૬૬)**

» કોઈપણ લાગણી કે ઊર્મિનો ઊભરો આવે, ત્યારે તેનો ઉપયોગ નામસ્મરણના વેગમાં કરી લેવાનું ચૂકવું નહિ.

**('જીવનપગથી', આ. ૩, પૃ. ૧૬૭)**

» સમજણથી આગળ વધ્યા કરવાનું રાખવું, અંધશ્રદ્ધાથી નહિ.

**('જીવનપગથી', આ. ૩, પૃ. ૧૬૭)**

» જાતીય વિષય વાસનાનો ઉપભોગ તો સાધક માટે ઊંડી ખીણમાં ફેંકાઈ જવા જેવો છે. **('જીવનપગથી', આ. ૩, પૃ. ૧૮૧)**

» આપણી ચેતનાની સાંકળ આપણા પ્રત્યેક પ્રિયજનમાં જોડાયેલી રાખવાનું કર્યા જઈશું તો એનું જોર વહેંચાઈને વેડફાઈ જવાનું છે. જ્યાં સુધી આપણામાં એટલી શક્તિ પ્રગટી નથી કે તે બધાં સાથે એકધારું સંધાણ રાખી શકીએ, ત્યાં સુધી તો એકમાં જ ચેતનાની સાંકળ રહ્યા કરે એ જરૂરનું છે. **('જીવનપગથી', આ. ૩, પૃ. ૧૮૧)**

» સાધકનું મહત્ત્વનું એક લક્ષણ પ્રસન્નચિત્તતા છે.

» મનને તો હજી બુદ્ધિની મદદ વડે એના આડા અવળાપણાને સમજીને કંઈક અંશે કાબૂમાં પણ લાવી શકાય, પરંતુ બુદ્ધિનું તેવું નથી હોતું. બુદ્ધિ એ પ્રકાશરૂપ સૂક્ષ્મમાં સૂક્ષ્મ છે. બુદ્ધિની શુદ્ધિ પણ તેટલી જ જરૂરી છે. **('જીવનસોપાન', આ. ૫, પૃ. ૧૪૨)**

» સાધક જ્યારે એકાગ્રપણે, કેન્દ્રિતપણે, સમગ્રપણે શ્રીપ્રભુને અંતઃકરણથી સર્વ રીતે ને સર્વ ભાવે એકેએક કરણથી સંપૂર્ણ શરણાગતિને પામે છે, ત્યાર પછી શ્રીભગવાન એની સાધનાનો ભાર પોતાના હસ્તક લેતા હોય છે. **('જીવનસોપાન', આ. ૫, પૃ. ૧૭૨)**

» પ્રભુપ્રાપ્તિનો હેતુ કોઈ સ્થૂળ કે સૂક્ષ્મ લાભ મેળવવાનો ન હોવો ઘટે. પ્રભુને ખાતર જ પ્રભુને પ્રાપ્ત કરવાનો છે.

**('જીવનસોપાન', આ. ૫, પૃ. ૧૭૮)**

» સાધકનું હૃદય ને શ્રીસદ્‌ગુરુનું હૃદય, એ બંનેનો તદ્દન એકરાગ ને એકમેળ બને એ આ સાધનામાર્ગમાં ફતેહની એક સૂક્ષ્મ ચાવી છે.

**('જીવનસોપાન', આ. ૫, પૃ. ૧૯૪)**

» મનનાં દૃષ્ટિ, વૃત્તિ ને વલણ બહિર્મુખ થતાં એમને ટકોરવાં, સંકેલવાં ને સંકોરવાં. આ ત્રણ પ્રક્રિયા સાધકને કાજે ઘણી જરૂરની છે, પણ તે સચેતન જાગૃતિ પ્રકટ્યા વિના નહિ બની શકે. સદ્‌વસ્તુની કેવળ વાતોથી, ચર્ચાઓથી કે તેવા કશાથી કાર્ય નહિ સાધી શકાય, તેને માટે તો જોઈશે પ્રખર અને પ્રચંડ સાધનાભર્યો પુરુષાર્થ.

**('જીવનસોપાન', આ. ૫, પૃ. ૨૧૬)**

» કેટલાક જીવ તો એમ માનતા હોય છે કે સાધકમાં આવશ્યક હૃદયની સાચી દાનત અથવા જીવનવિકાસ પરત્વેની ઉત્કટ જિજ્ઞાસા શ્રીભગવાન જ કરી દેશે, કારણ કે સઘળું શ્રીભગવાન કરે છે માટે આપણી સાધના પણ તે જ કરાવશે. આ સાવ અજ્ઞાનભરેલી માન્યતા છે ને સાધનાપંથે અવરોધકર્તા છે.

» સાધકે એકલા સાધનને પકડી રહેવાથી કશું વળવાનું નથી. તેમાં હૃદયનો ભાવ પ્રગટવો ઘટે અને તે ભાવ પાછો કર્મના હાર્દમાં જીવતો થવો જોઈએ. તેવું થાય તો સાધકના હૃદયનો વિકાસ આપમેળે થયા કરે.

» સાધકે સાધનાના ભાવમાં જ આગ્રહ રાખીને, બીજી બધી બાબતમાં પૂરતો યોગ્ય વિવેક રાખીને જ્ઞાનપૂર્વક નિરાગ્રહી રહ્યા કરવું ઘટે.

» સાધક જ્યારે જીવનને શ્રીભગવાનની ભાવનામાં પ્રવર્તાવવાની શરૂઆત કરતો હોય છે, તે વેળા એકદમ કંઈ એનું સંપૂર્ણપણે જ્ઞાનભક્તિયુક્ત સમર્પણ થઈ શકવું શક્ય હોતું નથી. જેમ જેમ શ્રીભગવાનના પ્રેમભાવથી જીવન રંગાતું જાય તેમ તેમ ક્રમશઃ તે થયે જતું હોય છે.

» સાધનાપથમાં આવતી કઠિનાઈઓ વેળા તેમાં તપની જીવંત ભાવના જો તે સમયે જ્ઞાનાત્મક ભાવે હૃદયમાં જગાડવાનું બની શકે તો તેવો શ્રમ, તેવી કઠિનાઈઓ પણ એક પ્રકારના તપ તરીકે જીવનવિકાસ યજ્ઞમાં ઉપયોગી નીવડી શકે છે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૫૦)**

» પ્રકૃતિના સ્વભાવથી નિરાગ્રહપણું પ્રવર્તતું જણાય, તો તેવા નિરાગ્રહીપણાથી તો જીવનવિકાસની ભાવના જીવતી કરાવવાને, પ્રકટાવવાને કશો જ લાભ હોતો નથી. પ્રકૃતિના કે પરિસ્થિતિના પ્રેરાવ્યા નહિ, પરંતુ જ્ઞાનભાવે પ્રકૃતિને પલટાવવાના હેતુએ નિરાગ્રહીપણું કેળવવાનું હોય છે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૧૫૭)**

» નમ્રતા પણ દાખવવાની છે ને સદ્‌ભાવના પણ રાખવાની છે, પરંતુ તેનો અર્થ એવો નથી કે પોતાના જીવનધ્યેયની ભાવનાને કચડીકચડીને તેમ થયે જાય. એમાં તો જીવનનું મૃત્યુ છે.

**('જીવનપોકાર', આ. ૪, પૃ. ૧૫૭)**

» સાધનામાં બહુ ખેંચી પકડીએ ને બહુ ઢીલું મૂકીએ તે બંને દશા અયોગ્ય છે. બહુ ખેંચી પકડીએ એટલે પુરુષાર્થથી તંગ ને તંગ રહ્યા કરીએ તે, ને બહુ ઢીલું મૂકી દઈએ એટલે પ્રમાદ, આળસ ને તામસમાં જ પડ્યા રહીએ તેવી દશા. આપણે તે પણ નથી થવાનું ને આ પણ નથી થવાનું. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૨૧૮)**

» કશુંયે યંત્રવત્ નકારવાથી સાચો ઈન્કાર નહિ થઈ શકે, પરંતુ તે બધું ટાળવા કરવાની પાછળ તે તે પળે પ્રત્યક્ષ જીવનના ધ્યેય પરત્વેના હેતુનું જીવતુંજાગતું જ્ઞાન, તેની સમજણ ને તે કર્મના હાર્દમાં તેવા પ્રકારની તે તે આચરતી પળે સમજણની ભાવના પ્રગટવાં ઘટે, તે પ્રકારની ભાવનામાંથી જીવનની વર્તનકળા પ્રગટવી ઘટે ને તે રીતે તે બધું જો બહાર ફેંકાતું જાય તો યોગ્ય અર્થ સરે.

**('જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૩૨)**

» સાધનાની ઉત્તરોત્તર કક્ષાઓમાં 'ગુણ'નો પણ વિલય થયા કરે છે.

સત્ત્વગુણ જેવો આપણામાં જીવકોટિમાં હોય છે, તેવો ને તેવો કંઈ તે ચેતનપણાની કક્ષામાં નથી હોતો. એની ભૂમિકા તે હોવા છતાં તેના પ્રકાર અને કક્ષા તો તદ્દન જુદી જ રીતનાં રહ્યા કરે છે. રજસ તેવી કક્ષામાં જીવનમાં શક્તિના સ્વરૂપમાં પ્રકટતો રહ્યા કરે છે, ને તમસ—તે ગુણ કોઈ પરમ શાંતિમાં, કોઈ અવર્ણનીય શાંતિમાં, કોઈ પરમ વિમલ એવી સ્થિરતામાં પરિણામ પામતો જતો અનુભવાય છે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૪૧૪)**

» નામસ્મરણનો હેતુ જ્ઞાનપૂર્વક હૃદયમાં હૃદયથી જીવતો રહ્યા કરે તો જ તેનો અર્થ સરી શકે. બાકી ખાલી નામ લીધા કર્યે ને ભજન, કીર્તન ગાયા કર્યે ખાસ કશો દહાડો ન વળે. મનમાં મનથી આપણે સંસારમાં રમ્યા કરતા હોઈએ ને સંસારના વિચારોમાં રસ પ્રકટાવતા રહીએ, તો તે નહિ ચાલી શકે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૪૨૨)**

» સાધકના જીવનમાં દૃઢ મક્કમતાની ધારણા સૂર્યના તાપની પેઠે પ્રગટી ગયેલી હોવી જોઈશે. મક્કમતા એટલે અડગપણું તથા ધારણા એટલે એની પાછળના જ્ઞાનની સમજ અને તે પણ સતત, એકધારી કાર્ય-સાધકતાયુક્ત સમજ. આવું જીવનસાધનાનું સ્વરૂપ થઈ જવું ઘટે. એ તો જ્ઞાનભક્તિયુક્ત વર્તન કર્યાં કરવાથી તેનામાં જીવનચેતન પ્રગટે છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૮૬)**

» સાધનામય જીવનમાં પ્રવેશ થતાં સાત્ત્વિક ગુણો કેળવાતા જતા, વિકસતા જતા જણાય ત્યારે જાણવું કે સાધનાનું મુખ સાચી દિશામાં છે.

» જે જે વૃત્તિ, વિચાર, લાગણી, પરસ્પરના વર્તનથી પ્રગટતી વૃત્તિ, કર્મ-પ્રસંગ ને વર્તનમાં જાગતાં વલણો ને તેમાં પોતાની પ્રગટતી જતી સ્થિતિ, તે બધાંનો હૃદયનો ખુલ્લો એકરાર પૂરેપૂરો થયા વિના સાધકથી ખુલ્લું થઈ શકવાનું નથી.

» 'સાધકને કંઈ કશાનું બંધન ન હોય' તે સોએ સો ટકા અજ્ઞાનભરી સમજણ છે. ગમે તેમ વર્તવાથી કરીને કદી પણ જીવનમાં યોગ્ય

વ્યવસ્થિતિ પ્રકટી શકતી નથી. જીવન પણ એક કળા છે અને તે ઉત્તમમાં ઉત્તમ કળા છે. ગમે તેમ પીંછી ચલાવવાથી કંઈ કળા પ્રગટતી નથી. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૫૧)**

» સાધનાથી ઊપજતી જતી સમજણ માત્ર વાગોળ્યા કરવાથી કશું નહિ બને, આંધળું અનુકરણ કર્યે પણ નહિ ચાલે. એમાંથી દેખાતી કે અનુભવાતી પ્રતિભાથી અંજાઈ ગયે પણ કશું નહિ વળે, પરંતુ એમાંથી જે ચેતન જાગે, તેને નવા પ્રકારે સર્જન થવા ઈચ્છતા તત્ત્વને સ્વીકારીને કામે લગાડવું પડશે, તો જ નવું નવું જીવનમાં મળ્યા કરવાનું છે. સાધનામાંથી રસજ્ઞ દૃષ્ટિ, શક્તિ ખીલતી જવી જોઈએ, જેથી પ્રત્યેક કર્મમાં એનો આગળપાછળનો હેતુ અને તેનું જ્ઞાન મળ્યા કરશે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૮૪)**

» એવું થતાં પોતે દૃઢ સ્થિતિવાળો સાધક થયો છે, એમ માનવાનું છે. પછી તો આકાશવૃત્તિ ઉત્પન્ન થયેલા એવા હૃદયમાં રાગદ્વેષવાળા વિચારો માઠાં ફળ નિપજાવે છે. ઉપલા દોષોવાળાં આંદોલનો ચિદાકાશમાં મળી, પોતાનાં સ્વજાતીય દોષવાળાં આંદોલનોને આકર્ષીને તે વિચારનાં આંદોલનોનું ફળ સમષ્ટિમાં ઉત્પન્ન કરાવે છે. આમ પોતે જગતમાં શાંતિને બદલે અશાંતિ જન્માવાનું કારણ બની જાય છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૪૩)**

» જીવનમાં પ્રાકટ્ય પામે અને જીવનના પ્રવાહને તેના ભાવના પ્રવાહમાં વહન કરાવે તે શ્રદ્ધા. શ્રીસદ્‌ગુરુ પરત્વે એક જાતનો અહોભાવ પ્રકટવો તે તો બહુ પ્રાથમિક પ્રકારની શ્રદ્ધા ગણાય. તેથી ઝાઝું નીપજી શકે નહિ, તેમ જ તે છેક નકામું પણ નથી.

» સાધનામાં આગળ જતાં એક એવો તબક્કો પ્રકટે છે કે જ્યારે સાધના એક નિર્બંધ રીતે સર્વાન્તર્યામી અને સર્વજ્ઞ આપણને દોરે તેમ દોરવાની જ્ઞાનભક્તિપૂર્વકની જીવંત, ચેતનાત્મક મુલાયમતાવાળી આંતરિક અને સ્વાભાવિક પ્રક્રિયા માત્ર બની રહે છે.

» બ્રહ્મચર્યપાલન કરવાની આવશ્યકતા આ માર્ગ માટે કેટલી બધી જરૂરની છે એનું મહત્ત્વ ને જ્ઞાન હોવું જોઈએ એટલું જ નહિ, પરંતુ સાથે સાથે સાધકનો પ્રાણ, સૂક્ષ્મપણે કે સૂક્ષ્મ રીતે પણ, જાતીય વિષયવાસનામાં મુદ્દલે રસ ન સેવે, ન લે ને જે જે કંઈ કામવાસનાને પોષક હોય, તેવી લાગણીઓને અને વૃત્તિઓને ઉશ્કેરે તેવું હોય, તે સકળમાંથી પોતાની જાતને સાધક પૂર્ણપણે પાછી ખેંચી લેશે તે બાબતની હંમેશાં ખૂબખૂબ જાગૃતિ ને ચોકસાઈ રાખશે.

» 'નમ્રતા' એટલે કાયરપણું નહિ. નમ્રતા એટલે આચારવિચારના નિયમોનું શુષ્ક પાલન નહિ. ઘરેડ પ્રકારનાં માનઆદર આપવાની નીતિરીતિ પણ નહિ. તે બધું નમ્રતાનું સ્વરૂપ નથી. નમ્રતા આત્માનો એક ગુણ ગણાય. સાધક જ્ઞાનપૂર્વક નમ્રતાના ગુણને જીવનમાં પ્રકટાવી શકે છે ને તેણે તે પ્રકટાવવો પણ જોઈએ.

**('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૧૨૬)**

» કેવળ સમાજનાં રૂઢિ બંધનો તોડી નાખવા ખાતર એટલે કે સમાજ-સુધારાના હેતુથી જ કશી કોઈ પ્રવૃત્તિ સાધકે ન કરવી ઘટે. આપમેળે તેવો પ્રસંગ માથે આવી પડે તો રૂઢિનાં બંધન તોડતાં અચકાવું પણ નહિ કે ગભરાવું પણ નહિ. **('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૧૬૨-૧૬૩)**

» સાધન તે સાધન છે, નહિ કે સાધ્ય. ધ્યેયની સિદ્ધિને માટે સાધન છે. સાધન જો ઘરેડરૂપ બની ગયું તો તે વ્યર્થ છે. સાધનને ભાવનાથી પરિપૂર્ણપણે તેવા યોગ્ય વર્તનમાં પ્રકટાવ્યા વિના ધ્યેયને પામી શકાતું નથી. **('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૧૯૯)**

» ધ્યાનમાં ત્રણ કે ચાર કલાક બેસાયું કે અમુક સાધન આમ થયું કે તેમ થયું અથવા અમુક રીતે દૃઢ રહેવાયું કે મક્કમપણે વર્તાયું, વ્યવસ્થા જળવાઈ, નિયમબદ્ધ ચલાયું—આ બધું ખાસ મહત્ત્વનું નથી. એ બધાના પરિણામે રોજિંદા કર્મવ્યવહારમાં ભાવના જીવતી-જાગતી કેટલી રહે છે, એકમાં જ રમમાણ કેટલી રહ્યા કરે છે. ભાવનામાં ઉત્કટતાની માત્રા કેટલી વધે છે, સદ્‌ગુરુમાં કેટલી પ્રીત વધે છે, તે બધું સાચું પ્રમાણ છે અને એનું નામ સાચું ધ્યાન છે. ભલેને આપણે ધ્યાનમાં ન બેસી શકતાં હોઈએ, તોપણ ભાવના

લક્ષ્યબિંદુ પરત્વે આપણી વૃત્તિ અવ્યભિચારિણી રહેતી હોય તો પેલું ધ્યાન કરવાની જરૂર ન પડે, પરંતુ તે સાથે સાથે એટલું ખ્યાલમાં રાખવાની જરૂર છે કે ઉપર કહી તેવી સ્થિતિ આપણી થાય તેને માટે એકધારી આંતરિક તેમ જ બહિર્ સાધનયુક્ત, ભાવપ્રેરક ચેતનવંતી સાધના કરવાની આપણા જેવા માટે ઘણી જરૂર છે.

**('જીવનસંશોધન', આ. ૧, પૃ. ૨૦૯-૨૧૦)**

» આપણા સ્વભાવના વિકૃત વળાંકો આપણને ઘણા ઘણા ડંખવા જોઈએ. તે આપણી નબળાઈ છે, દોષ છે અને આધ્યાત્મિક જીવનવિકાસની સાધનાને માટે તે ભારે અંતરાય રૂપ છે. આ બધું જ્યાં સુધી ડંખશે નહિ, ત્યાં સુધી તેમાંથી મુક્તિ મળી શકશે નહિ. માત્ર નામસ્મરણ કર્યાં કરીશું તો એની મેળે બધું રાગે પડી જશે એવી જે માન્યતા છે તે બરાબર નથી. જોકે નામસ્મરણ પણ પૂરેપૂરું સતત એકધારું કરી શકાવું સહેલું નથી અને સ્વભાવના પેલા વિકૃત વળાંકો તો એમ ને એમ કાયમ રહ્યા કરે છે.

**('જીવનસંશોધન', આ. ૧, પૃ. ૨૪૮)**

» સાધકમાં જો ભાવના પ્રકટેલી ન રહ્યા કરતી હોય તો શ્રીસદ્‌ગુરુના ભાવનો સ્વીકાર અને પ્રાકટ્ય સાધકમાં થતાં વાર લાગવાની, કારણ કે તો તો શ્રીસદ્‌ગુરુના ભાવને પથ્થરનાં આવરણો કોરી કોરીને, ભેદીને ઊંડું ઊતરવાપણું રહેશે. કેટલીક વાર એ ભાવ ત્યાંનો ત્યાં સ્થિર પણ પડી રહે. એમ પણ બને કે એ ભાવ પોતાની અસરનો જોઈએ તેટલો ને તેવો ઉપયોગ કરાતો ન લાગતાં પાછો પણ વળી જાય.

**('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૨૮૧)**

» સાધક ભૂલો તો કરશે, પરંતુ જો એમાં પણ સાધનાની ભાવના એ સતત રાખ્યા કરતો હશે, તો એને એની ભૂલો સમજાઈ જવાની છે ને તેમાંથી પાછો વળી શકનાર છે. **('જીવનપાથેય', આ. ૩, પૃ. ૮૪)**

» જીવનમાં સાત્ત્વિક સંઘર્ષણ ઊભું થાય છે, ત્યારે હૃદયમંથન થાય છે. એ મંથનમાંથી નવનીત તારવી લેવાની કળા જાણવી અનિવાર્ય છે. સાચી રીતે મથનારને એ આપોઆપ સૂઝે છે.

**('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૧૬)**

» કર્મના સંસ્કાર ચિત્તમાં સતત પડ્યા કરતા હોય છે ને પડેલા રહ્યા કરે છે. તે ક્યારે ઊગી નીકળશે તે ચોક્કસપણે કહી શકાય નહિ.
**('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૧૭)**

» જીવનના એકએક પ્રવર્તતા ક્ષેત્રની સર્વ પ્રકારે અને સર્વ ભાવે પૂરેપૂરી આંતર્‌બાહ્ય શુદ્ધિ થયા વિના ખરેખરી અને પૂરી સાધના થવી કદાપિ શક્ય નથી. **('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૧૯)**

» બધો આધાર મનને રસ પડાવવા વિશે રહેલો છે. જેમાં મનને રસ છે, જે મનને ગમે છે, તેવું કામ કરવાને માનવી સર્વ કંઈ કરી ચૂકતો હોય છે. **('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૧૯)**

» આપણાથી તદ્દન વિરુદ્ધ વિચાર કે આચારવાળાઓ પ્રત્યે પણ સહિષ્ણુ રહીએ કે રહેવાનો સતત પ્રયત્ન કર્યા કરતા હોઈએ તો આપણી તટસ્થતા વધે છે. **('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૮)**

» જેવું શુદ્ધ પાણીમાં મેલું પાણી ભળતાં થાય છે, તેવું સદ્‌ભાવના સાથે જે જે બધું પોતામાંનું નિમ્ન ભળ્યા કરે છે, તેથી તેવું થાય છે ને પેલી સદ્‌ભાવનાની અસર કે મહત્ત્વ મોળાં પડતાં જાય છે.
**('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૨૨)**

» સાધનાના માર્ગમાં જીવનું જે તે કંઈ બીજી તરફનું (નિમ્ન પ્રકારનું) ગુમાવવાપણું બનતાં જો અકળામણ, ભાર કે એવું લાગે તો સાધના માટે તે જીવની યોગ્ય તૈયારી થયેલી નથી તેમ જાણવું.
**('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૨૪)**

» સંસારને મૂકી દેવાથી કાંઈ સંસારથી અલગ થઈ શકાતું નથી. સંસારનો હેતુ તો જીવનના ફલિતાર્થે છે. સંસારથી અલગ થયે સંસારી મન એના વિચાર કરતાં અટકી જઈ શકતું નથી.

સંસાર તો ભગવાનનો જ વ્યક્ત ભાવ છે, એટલે સંસારમાં મનના દષ્ટિકોણને બદલવાનું આપણે શક્ય બનાવવાનું છે.
**('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૩૯)**

» સંતોને માત્ર જાણ્યાથી કે તેમની સાથે માત્ર રહેવાથી આપણું કશું

દળદર ફીટી શકતું નથી. જ્યાં લગી આપણા જીવનનું અને મનના વલણનું પૂરેપૂરું 'ઉન્નયન' થતું ન અનુભવી શકીએ, ત્યાં લગી કશામાં સંતોષ માનવો નહિ.

ગુરુ કે સંતની કૃપામદદ ત્યારે જ મળે કે જ્યારે આપણામાં તેવાં દૃષ્ટિ, વૃત્તિ ને વલણ જીવતાં થયેલાં હોય. ખરી રીતે તો આપણા પોતા વિના બીજો કોઈ ગુરુ નથી. ગુરુ તો સર્વત્ર અને સર્વમાં વ્યાપેલો છે. **('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૫૩)**

» કસોટી અને મંથન જીવનવિકાસને કાજે ઘણાં મહત્ત્વનાં અંગો છે, તેના વિના જીવનનું હીર જાણી, પારખી કે પરખી શકાતું નથી. **('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૬૦)**

» વિસંવાદ દેખાય છે ખરો, પરંતુ સુમેળ કે સંવાદ એ જ સારાયે સંસારનો ને જગતનો પાયો છે. **('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૬૧)**

» આપણું ક્ષેત્ર સંસાર છે, પરંતુ સંસારમાં સંસારની ભાવના રાખવાની નથી. **('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૬૨)**

» સંસારને છોડ્યો છોડી શકાતો નથી. સંસાર આપણને વળગેલો નથી, કિંતુ આપણે સંસારને વળગેલા છીએ, અને તેથી કરીને મનની સ્થિતિને જ ત્યાં માત્ર પલટાવવાની રહે છે. મન એની મેળે પલટી જઈ શકતું નથી. એટલા કાજે જ સાધનાની જરૂર છે. **('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૭૦)**

» જગતમાં સમજુને જ વધારે સહેવાનું આવે છે ને વધારે સહેવું પડતું હોય છે. એ જ મારે મન તો તપશ્ચર્યા છે. સંસારમાં જે સહેવાનું આવે છે, તે જીવનની કેળવણી કાજે છે, જીવનના વિકાસ કાજે છે. **('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૭૮)**

» સાધક હંમેશાં પોતાનું જ જોવામાં ને પોતાને જ યોગ્ય રીતે મઠારવાને લક્ષવાન રહેતો હોય છે. એને બીજાની ઝાઝી પડી હોતી નથી. તે એકલો જેટલો પોતાનામાં કેન્દ્રિતપણે એકાગ્રતાથી વર્ત્યો જશે, તેટલા પ્રમાણમાં તે સમષ્ટિના મધ્યબિંદુને પણ સ્પર્શતો હોય છે. પોતાના

જીવનની સર્વ પ્રકારે જે જીવ પૂરેપૂરી શુદ્ધિ જ કર્યા કરતો રહે છે, તે જીવ જગતની સાચી સેવા કરતો હોય છે.

**('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૯૩)**

» એ ઘેલછા અને ધૂન તો છે પણ એમાં આંધળાપણું ક્યાંય નથી. ઝંપલાવવા કાજે કે યાહોમ થવા કાજે ઊલટાં એ તો જરૂરનાં અંગ પણ છે. **('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૯૪)**

» કોઈનેયે જીવ સ્વભાવે કરીને અન્યથાપણે મનમાં લવાઈ જવાતાં, ''અરેરે! આ તો આપણા વહાલા ભગવાનનો દ્રોહ થઈ રહેલો છે.'' એમ થાય અને તેથી કરીને પારાવાર પસ્તાવો ને દુઃખ થાય, તો જાણવું કે આપણે શ્રીભગવાનનાં ચરણકમળમાં શરણભાવ કેળવી શકવાને સમર્થ થઈ શકવાના છીએ.**('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૧૦૩)**

» ગુરુ એ કાંઈ સ્થૂળ નથી. પણ 'ગુરુડ્મ્' એ એક બંધિયાર ખાનું છે.

**('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૧૦૫-૧૦૬)**

» જ્ઞાની અને અજ્ઞાની બંને ભોગવે તો છે, (ઉપભોગ પણ કરે છે,) જ્ઞાની ઉપયોગની દૃષ્ટિએ ભોગવે છે, ને તેવાં જ્ઞાન, ભાન સાથે ભોગવે છે અને અજ્ઞાની માત્ર ભોગવવાનું જ કરે છે. જ્ઞાનીને ભોગવવું ઉપાધિરૂપ નથી, જ્યારે અજ્ઞાનીએ ભોગવેલું તેને ઉપાધિરૂપ જ નીવડે છે. **('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૧૧૭)**

» જે જીવનું શ્રીભગવાનના નામનું રટણ ઘરેડની રીતે થાય અને એવા રટણની અખંડ ધારા સતત એકધારી—ગંગધારવત્ જો પ્રભુકૃપાથી બની શકી, તો એવી પ્રવૃત્તિમાં પણ ચેતન પ્રગટ્યા વિના રહી શકવાનું નથી. **('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૧૨૦)**

» જે જે કોઈ મળે તેનામાંથી જો જીવ તેના સદ્ગુણની ભાવના જોવાનું કેળવ્યા કરે, તો તે જીવમાં સદ્ભાવના જીવતી બનવાની શક્યતા ઊભી થઈ શકતી હોય છે. સર્વ કોઈ જીવના સદ્ગુણ જોવાની અને તેને પોતામાં ઊતરવાનું મન કરવાની કેળવણી તે પણ સાધનાનું

એક અંગ જ છે. **('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૧૨૮)**

» બુદ્ધિમાં શંકારૂપી વૃત્તિ કુદરતે મૂકેલી છે, તે એટલા માટે કે સત્યની શોધમાં પ્રવેશ કરાવવા આપણને તે સતત મથાવ્યા કરે.
**('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૧૪૫)**

» માનવી સાધારણપણે મળેલું કે કમાયેલું ધન યદ્વાતદ્વાપણે વેડફી દેતો હોતો નથી, પરંતુ જીવને નૈસર્ગિકપણે મળેલી કામવૃત્તિ આદિની મૂડી કે શક્તિ તે બેફામપણે નશાના ઘેનથી ઘેરાઈને સ્વચ્છંદતાપૂર્વક ગમે તેમ ને ગમે તેટલી વેડફ્યા કરે છે. તેમ કરવાથી તે તે વૃત્તિ આદિનું સ્વરૂપ વિકૃત થતું જશે એવું ભાન પણ એને રહેતું નથી.
**('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૧૫૫)**

» જ્ઞાનપૂર્વકની જાગેલી મહત્તાનું સ્થાન ચિરંજીવી છે, જ્યારે મહત્તાથી અંજાઈ જવું એ તો જડ દશા પણ હોય, તેવી દશામાં વિકાસની ગતિ થવી શક્ય નથી. **('જીવનપ્રેરણા', આ. ૪, પૃ. ૧૪૮)**

» પ્રત્યેક માનવીમાં પ્રભુ પાસે જવાની શક્તિ છે એટલું જ નહિ, પણ શ્રીભગવાન તો સાદ પાડતા જ હોય છે. આપણે માનવી જ એની પાસે જતા નથી. **('જીવનપગરણ', આ. ૩, પૃ. ૧૫)**

» સાધનાપથે સર્વ રીતે અને સર્વ ભાવે ભિખારી થવું પડશે. ત્યાં નર્યું સુખ નથી. રાતદિન જહેમત ઉઠાવ્યા કરવાની રહે છે.
**('જીવનપગરણ', આ. ૩, પૃ. ૨૯)**

» મનથી જેટલું અન્યથા આપણે ભટકવાનું રાખ્યું, તેટલું પારાવાર નુકસાન થવાનું છે. **('જીવનપગરણ', આ. ૩, પૃ. ૨૯)**

» કરકસર પણ સારી વાત છે, પરંતુ પાંચ, પચાસ, પાંચસો કે પાંચ હજાર ખર્ચી નાખવા પડે તો મનમાં ખૂંચ કે ખેંચ ન જાગવી જોઈએ.
**('જીવનપગરણ', આ. ૩, પૃ. ૯૬)**

» વ્યવસ્થા ઈચ્છનીય છે, પરંતુ ગેરવ્યવસ્થા થાય તોયે કદી આપણી વૃત્તિ ડહોળાઈ જવી ન ઘટે. **('જીવનપગરણ', આ. ૩, પૃ. ૭૭)**

» સ્વચ્છતા આવકાર્ય છે, પરંતુ સાથે સાથે એટલી જ ગંદકીવાળી જગામાં રહેવાનું આવે તોપણ ચિત્ત સ્થિર રહી શકે એવી તૈયારી હોવી જોઈએ. **('જીવનપગરણ', આ. ૨, પૃ. ૭૭)**

» આપણે માની લીધેલી રીતભાતો—રિવાજો, ટેવો વગેરેને છોડી દેવાને માટે આપણે મનને, પ્રાણને, શરીરને આઘાતો આપવા પડશે ને ટેવો વગેરેથી કેટલીક વાર ઊંધું પણ ચાલવાનું આવશે. આ બધાનો અર્થ પાછો એવો નથી કે આપણે સત્યને રસ્તે ન ચાલવું. **('જીવનપગરણ', આ. ૩, પૃ. ૧૦૩)**

» બુદ્ધિથી સૂઝેલા સત્યની શ્રદ્ધાએ અનુભવથી નક્કર હકીકતનું સ્વરૂપ જ્યાં સુધી લીધું નથી, ત્યાં સુધી તે સત્ય પચ્યું છે એમ ન ગણાય. આખરે તો શ્રદ્ધા જ્યારે વાસ્તવિકતા બને, ત્યારે કામ પાકવા માંડે. **('જીવનપગરણ', આ. ૩, પૃ. ૧૧૪-૧૧૫)**

» સંતોએ અને ભક્તોએ શ્રીભગવાનની આગળ પોતાની જાતને અત્યંત પાપી, નીચ, પામર વગેરે અનેક વિશેષણોથી નવાજી છે. તે વખતે એમનું માપ દુનિયાદારીના લોકોના જીવન સાથેની સરખામણીનું નથી હોતું. એમનું એ માપ તો એમની અને પ્રભુની વચ્ચે જે અંતર પડેલું છે, તેનું છે. ને જે દર્દ આર્દ્ર હૃદયથી પોકાર ઉઠાવ્યા, પાડ્યા કરે છે એ એમને એવું બોલાવે છે. **('જીવનપગરણ', આ. ૩, પૃ. ૧૨૯)**

» પ્રત્યેક પળના કાર્યની ગતિ આપણી અંદરની આધ્યાત્મિક કે દૈવી ચેતનાને આપણાથી મદદ થતી રહે છે કે નહિ એ વિશે ખબરદારી રખાય એનું નામ જાગૃતિ. **('જીવનપગરણ', આ. ૩, પૃ. ૨૦૯)**

» અપરિગ્રહનો એક ઉત્તમ અર્થ મનમાં કોઈ પણ વાતને, જકડીને સંગ્રહી ના રાખવી એ પણ છે. **('જીવનપગથી', આ. ૩, પૃ. ૪)**

» કરકસર એ સારી વસ્તુ છે, પરંતુ તે કરવાની વૃત્તિ શેમાંથી ઉદ્‌ભવે છે તે જોવું જોઈશે. તેવી વૃત્તિ કેટલીક વાર ધનસંપત્તિ ઉપર માલિકીની ને સંઘરો કરવાની વૃત્તિમાંથી પણ જન્મે છે. લાખો

રૂપિયાનું ધર્માદા ટ્રસ્ટ કર્યું હોય એવા માણસો પણ પૈસાને જકડીને પકડી રાખતા જોયા છે. વળી, કરકસરનાં આપણાં ધોરણો સેળભેળ-વાળાં હોય છે. આથી, પ્રથમ તો એનાથી ઉપર જવાનું એકવાર કરવાનું છે. **('જીવનપગથી', આ. ૩, પૃ. ૫)**

» આપણી મુક્તિ કંઈ જન્મમરણનો ફેરો ટાળવા માટે નથી. એ મુક્તિ એટલે પુરુષની પોતાની સાહજિક સ્વતંત્ર ચેતનાત્મક શક્તિ પોતાની પ્રકૃતિમાં સિદ્ધ કરવી તે. **('જીવનપગથી', આ. ૩, પૃ. ૧૦)**

» વખત આવ્યે જે સાધના કર્યાં કરતાં હોઈશું, એને પણ છોડી દેવી પડશે. એટલે સાધના પણ એટલી વહાલી નથી, જેટલું ધ્યેય, સાધ્ય. **('જીવનપગથી', આ. ૩, પૃ. ૧૪)**

» જન્મસિદ્ધો પણ પુરુષાર્થ કરે છે. મુક્તાવસ્થા પામતાં પહેલાં કે અવતાર સ્વરૂપે પ્રકટ થતાં પહેલાં એમને પણ પ્રબળ વેગ કરવો પડેલો હોય છે. **('જીવનપગથી', આ. ૩, પૃ. ૨૨–૨૩)**

» આપણે પોતે આપણી જાતને જ આપણું પૂરું મનાવી શકતા નથી, તો બીજું કોઈ આપણું માને એવો ભ્રમ રાખવો એ બેહૂદું છે! **('જીવનપગથી', આ. ૩, પૃ. ૨૯)**

» આપણે જો વર્ષાઋતુ બેસતાં સાફસૂફી કરીને, ખેડીને જમીન પોચી કરીને ખાતર વગેરે નાંખીને તૈયાર રાખીશું તો ઈશ્વરકૃપાથી વરસાદ પડતાં એમાંથી બીજના (આપણામાં બીજ તો વવાયેલું પડેલું જ છે) ફણગા ફૂટી નીકળશે. માટે આપણું કામ તો ખેતરને ખેડીને, વાડો વગેરે મજબૂત કરીને, ખાતર નાંખીને તૈયાર કરવાનું છે ને તે પછી વરસાદની રાહ જોયા કરવાની છે. **('જીવનપગથી', આ. ૩, પૃ. ૩૧)**

» સંકલ્પશુદ્ધિ એ પણ સાધનાનું એક મહત્ત્વનું અંગ છે. તે માત્ર વિચાર અટકાવ્યાથી શક્ય નથી. જ્યાં સુધી આપણામાં સંસ્કાર પડેલા છે, ત્યાં સુધી સંકલ્પશુદ્ધિ થવી શક્ય નથી. **('જીવનપગથી', આ. ૩, પૃ. ૩૫)**

» સંસ્કાર પણ ત્યારે જ લય પામશે કે જ્યારે આપણે પ્રભુમાં એકરાગ–તલ્લીન થઈ ગયા હોઈશું. **('જીવનપગથી', આ. ૩, પૃ. ૩૫)**

» સૂર્ય કરોડો માઈલ દૂર છે, છતાં એની ઉષ્મા આપણને લાગે છે જ, તો જે તત્ત્વ એનાથી તો ક્યાંય જબરું છે તે એનાથી નજીક પણ છે એની ઉષ્મા આપણને કાં ન લાગે ?(**'જીવનપગથી', આ. ૩, પૃ. ૩૮**)

» જેમ લોહચુંબક તો એની હદમાં આવી જતા બધા લોઢાને પોતાના સ્વભાવથી ખેંચતું જ રહેલું હોય છે, તેમ શ્રીભગવાન આપણને ખેંચવા તૈયાર છે, પરંતુ એ આપણને ખેંચે તેવી હદમાં આવી જવાનું આપણે શિર ચડે છે. (**'જીવનપગથી', આ. ૩, પૃ. ૪૫**)

» અંતરમાં બીજને અંકુરિત કરવા માટે દિલમાં સતત પ્રેમરૂપી પાણીનું સિંચન કર્યા જ કરવું પડશે. (**'જીવનપગથી', આ. ૩, પૃ. ૪૭**)

» કોઈનાય કામમાં મદદ કરવી એમાં કશું ખોટું નથી, પણ આપણે કોઈના મૂઢ હથિયાર બનીને તે કરવાનું નથી.
(**'જીવનપગથી', આ. ૩, પૃ. ૫૯**)

» આપણી જાતને સતત આપણે ટોક્યા કરીશું તો આપણે દીવાની દિવેટની જેમ બળ્યા કરીશું ને આપણા પર મોગરા નહિ બાઝ્યા કરે. મોગરા બાઝશે તો આપણું તેજ ઘટવાનું છે ને એક વખત એવો આવે કે જ્યારે આપણે પૂરા હોલવાઈ પણ જઈએ.
(**'જીવનપગથી', આ. ૩, પૃ. ૬૪**)

» નિઃસંગ એટલે માણસોથી અલગ એમ નહિ, પણ વૃત્તિ, વિચાર, લાગણી, સુખ, દુઃખ આદિ કોઈપણ જાતની લાગણી ને આંતરિક મનાદિકરણોની પ્રવૃત્તિથી અલિપ્ત.(**'જીવનપગથી', આ. ૩, પૃ. ૬૭**)

» આપણે જે રીતે વિચાર કરીએ છીએ, તે જ રીતે તે ફરીને પાછા આપણામાં પેસતા હોય છે, એટલે નકારાત્મક વિચારો જેટલા ઓછા થાય તેટલું સારું ને આખરે તો તે સપૂચા બંધ થવા જોઈશે, નહિ તો પાછા એ વિચારો બેવડા જોરથી, બેવડી ગતિથી આપણામાં પેસવાના છે ને જીવનને નુકસાન કરવાના છે. વિચારમાત્ર અટકે તોતે સર્વથી ઉત્તમ. (**'જીવનપગથી', આ. ૩, પૃ. ૮૩**)

» બહિર્‌માં એક દૃષ્ટિ રહી શકે તે માટે ભક્તિની જરૂર છે ને અંતરમાં

એક થવાને માટે ધ્યાનની જરૂર છે.(**'જીવનપગથી', આ. ૩, પૃ. ૮૪**)

» વડ મોટો થતાં તેમાંથી વડવાઈઓ ફૂટીને પાછી જમીનમાં મૂળરૂપે ચોંટે છે, પાકી જડ ઘાલે છે ને તેમાંથી બીજો વડ પાછો ઉત્પન્ન થાય છે. એમ એક વડના અનેક વડ થઈ જાય છે. તેવી રીતે આપણી આંતરિક ભાવના ખીલીને હકીકતના રૂપમાં ખૂબ સઘન બને છે. ત્યારે બધી દિશાઓમાં તેના ફણગાઓ ફેલાઈને કામ કરવા માંડે છે, એવી રીતે તે પણ મહાન કબીરવડ જેવી ફાલે છે ને ફૂલે છે. તે પછી એ કેવી શીતળ છાયા આપે છે! (**'જીવનપગથી', આ. ૩, પૃ. ૧૦૭–૧૦૮**)

» કર્મના સંસ્કારોને લીધે જે જે કંઈ વિચાર ઊઠે, તે વિચારોના અંકોડા આપણે જોડવાના નથી. યોગની આ એક મોટી ક્રિયા છે, જેટલે અંશે જાગૃત રહીને આપણે આ વિચાર પરંપરાને લય પમાડવાની ક્રિયા કરતા જ રહીશું, તેટલે અંશે ચિત્તનાં દ્વંદ્વ ને ગુણના સંસ્કારોની અસર આપોઆપ વિલય થવાની છે. (**'જીવનપગથી', આ. ૩, પૃ. ૧૧૧**)

» આપણી દૃષ્ટિ આત્મલક્ષી હોવાની સાથે સાથે સર્વલક્ષી પણ હોવી ઘટે છે. કટ્ટરમાં કટ્ટર વિરોધી પ્રત્યે પણ પ્રેમ, સહાનુભૂતિ ને કદરની લાગણી હોવી ઘટે. એનું દૃષ્ટિબિંદુ પણ સમજવાને મથવું જોઈએ. (**'જીવનપગથી', આ. ૩, પૃ. ૧૧૮**)

» આપણે જો શ્રીભગવાનના થવું હશે તો, તેની પાસે જવું હશે તો, એની શરતોએ જ તેમ થઈ શકશે.(**'જીવનપગથી', આ. ૩, પૃ. ૧૨૩**)

» 'વાડ વિના વેલો ચડે નહિ' એવી કહેવત છે, પરંતુ વેલાએ જો ચઢવું હોય તો વેલાએ ઊગવાપણું રહે છે અને ચઢવાનો આધાર વાડરૂપે નિર્માણ થઈ ચૂકેલો જ છે. (**'જીવનપગથી', આ. ૩, પૃ. ૧૫૫–૧૫૬**)

» સ્વપ્નમાં વાસનાનો કંઈ એક પ્રકાર નથી. તેનું જોર જ્યારે પ્રબળ હોય છે અને બાહ્યપણે બધી ઈન્દ્રિયો જ્યારે નિશ્ચેષ્ટ અને નિષ્ક્રિય બનેલી હોય છે, ત્યારે ઈન્દ્રિયોના મૂળમાં વાસના ઊંડી ઊતરે છે, અને બાહ્ય ઈન્દ્રિયો નિષ્ક્રિય હોવા છતાં તેમની પ્રકૃતિના સ્વભાવ

પ્રમાણે તેમનો અનુભવ તે ત્યાં ત્યાં લે છે.

**('જીવનપગથી', આ. ૩, પૃ. ૧૧૭)**

» પતિ-પત્નીનો સંબંધ વાસનાઓનું ઊર્ધ્વીકરણ કરવા માટે છે, એટલે કે તેને શુદ્ધ અને ઊંચા પ્રકારની કરવા માટે છે.

**('જીવનપગથી', આ. ૩, પૃ. ૧૮૦)**

» પ્રત્યેક સંબંધ આપણી આંતરિક ચેતનાને જીવતી જાગતી રાખવાને કાજે છે, પછી તે વ્યાવહારિક હોય, સાત્ત્વિક હોય કે આધ્યાત્મિક હોય, એવો જ્ઞાનપૂર્વકનો પૂરેપૂરો ખ્યાલ દરેક સાધકે અંતરમાં રાખવો ઘટે છે. સંબંધ ને સંપર્ક જીવને જીવદશામાં પ્રેરે છે કે આત્મદશામાં પ્રેરે છે, એ એણે પ્રત્યેક પ્રસંગમાં વિચારવું જોઈશે. જ્યાં સુધી જગત ને વ્યવહારમાં છીએ, ત્યાં સુધી સંબંધ હોવાના ને રહેવાના.

**('જીવનપગથી', આ. ૩, પૃ. ....)**

» આપણા વિચારો આપણને ઘડે છે, એટલે અંતર્મુખી અને એક જ ભાવનાના એકલીનતાયુક્ત વિચારો રહે તે જરૂરનું છે. વિચારોની સાંકળ કદી ન જોડ્યા કરવી. **('જીવનપગથી', આ. ૩, પૃ. ૧૮૭)**

» જેમ શબ્દનાં, અવાજનાં મોજાં વાતાવરણમાં ફેલાઈ જાય છે એ સિદ્ધ હકીકત છે, એમ વિચારનાં પણ મોજાં થાય છે ને તે વાતાવરણમાં ફેલાય છે. **('જીવનપગથી', આ. ૩, પૃ. ૧૮૮)**

» શ્રીભગવાનનાં ચરણકમળમાં જ્ઞાનભક્તિપૂર્વકની સંપૂર્ણ શરણાગતિ આપણા એકએક કરણની થઈ ગયા બાદ પ્રકૃતિનું દિવ્ય રૂપાંતર થયા કરતું હોય છે, તે વિના નહિ. **('જીવનમંડાણ', આ. ૫, પૃ. ૧૯)**

» જીવનનો રસ સંસારમાં નથી, પણ અંતરમાં છે. વ્યક્તિનું જ વિસ્તાર સ્વરૂપ સંસાર છે. **('જીવનમંડાણ', આ. ૫, પૃ. ૨૫)**

» અજ્ઞાનમૂલક દશામાં થતો ત્યાગ તે ત્યાગ નથી. તે તો ખાલી ઘસડાવાપણું છે. તણાવાપણું છે. તેમાં નાછૂટકાપણાની લાગણી હોય

છે ને લાચારીની દશા હોય છે. તેમાંથી ક્લેશ, સંતાપ, ઉદ્વેગ આદિ વધે છે ને જીવનનું કચડાવાપણું વધે છે. (**'જીવનમંડાણ', આ. ૫, પૃ. ૩૬**)

» આપણે આપણા કરતાં બીજાને વધારે મહત્ત્વ સમજપૂર્વક આપવું. આપણને કોઈ સાચી રીતે સમજે કે નહિ તેની લેશ પણ પરવા કર્યા વિના બીજાને આપણે સાચી રીતે સમજવાનો જાગ્રત પ્રયત્ન કરવાનો છે. (**'જીવનમંડાણ', આ. ૫, પૃ. ૪૨**)

» જે જીવ જીવનવિકાસની ભાવનાને દઢાવી દઢાવીને, મનનાં બધાં વલણોને સમજી સમજીને ભાવનાનો વિકાસ કર્યે જાય છે, અને જ્યાં જ્યાં નકારાત્મક વલણ પ્રકટે, ત્યાં ત્યાં થંભી જઈને તેના વહેણમાં ન તણાતાં તટસ્થતાથી એવાં વલણને પ્રભુકૃપાથી નકારે છે, ઈન્કાર કરે છે, તેવો જીવ આજ નહિ તો કાલે જાગવાનો જ છે.
(**'જીવનમંડાણ', આ. ૫, પૃ. ૫૩**)

» તપશ્ચર્યામાં નરી શુષ્કતા છે કે માત્ર કઠણાશ છે, એ ખ્યાલ ખોટો છે. આનંદપૂર્વક અને જ્ઞાનના હેતુથી, હૃદયના ઉમળકાથી જે તપ થાય છે, તેનાથી તો ફૂલની જેમ જીવનમાં પમરાટ પ્રકટે છે અને જીવન ભર્યું ભર્યું લાગે છે. તપમાંથી તો ગુણ, શક્તિ ને જ્ઞાન પ્રકટે છે. (**'જીવનમંડાણ', આ. ૫, પૃ. ૬૮**)

» સર્વ કંઈ ચોક્કસ લક્ષણોથી માપો. લક્ષણો વડે સમજવાની ટેવ પાડવાથી કદી પણ ભ્રમણામાં પડી જવાનું બનતું નથી.

» જીવનમાં જ્યારે જ્યારે કોઈના તરફથી કંઈ સૂચન મળે, ત્યારે તેના બે ભાગ પાડી દેવા, ઉપયોગનું અને બિનઉપયોગનું. જે જે કંઈ કહેવા-કથવામાં આવે કે સૂચવવામાં આવે ને જે કરવામાં કંઈ કશો ગેરલાભ ન હોય, એટલે ભાવનામાં ક્ષતિ ન ઊપજતી હોય, જે કરવામાં કશો વાંધો ન હોય, તેવું તો એકદમ સ્વીકારીને તુરતોતરત જ કરી દેવું. (**'જીવનમંડાણ', આ. ૫, પૃ. ૮૮**)

» સાધારણ રીતે નાની નાની બાબતોમાં કરવા કે ન કરવાપણામાં

મનના આગ્રહ, મમતા, આસક્તિ વગેરેનું દર્શન કે વ્યક્તપણું થયા કરતું હોય છે. **('જીવનમંડાણ', આ. ૫, પૃ. ૮૮)**

» વૃત્તિ એ શક્તિ સ્વરૂપ છે, જો જ્ઞાનભક્તિપૂર્વક એનો ઉપયોગ થતો હોય તો. **('જીવનમંડાણ', આ. ૫, પૃ. ૧૫૬)**

» વૃત્તિથી જ વૃત્તિ ઘડાતી હોય છે. વૃત્તિ જાગ્યા વિના કશું બનતું નથી કે થતું નથી. **('જીવનમંડાણ', આ. ૫, પૃ. ૧૫૬)**

» બીજાનો દોષ હૈયે વસે તો ત્યાં આપણે ચેતવું રહ્યું. મન જો પ્રેમભક્તિથી, ભાવનાના વેગથી પ્રભુસ્મરણમાં મસ્તપણે ગુલતાન રહ્યા કરે તો બીજા જીવોનું કશું અન્યથાપણે ટકોરેલું કે દુઃખદાયક કહેવું-કથવું આપણને તે રીતે લાગવાનું નથી. **('જીવનમંડાણ', આ. ૫, પૃ. ૯૯)**

» ભાવના જો જીવનમાં ઘડતરને યોગ્ય આકાર ન આપી શકે તો એવી ભાવનાની ઊર્મિ એ તો મોસમ વગરના માવઠા જેવી સમજવી.

» એકની એક બાબતના જેના જેના ને જે જે વિચારો વારંવાર આવ્યા કરે તો તેમાં તેમાં જીવ લપેટાયેલો છે તેમ પ્રમાણવું.

**('જીવનમંડાણ', આ. ૫, પૃ. ૧૪૧)**

» જીવનવિકાસ કાજે કરીને કોઈ સંતાત્મામાં જ્ઞાનભાવ સાથે ખૂબ લાગણી જન્મતી હોય તો તેને આસક્તિ ન ગણાય.

**('જીવનમંડાણ', આ. ૫, પૃ. ૧૪૨)**

» જેવા પ્રકારના વિષયમાં મન ચોંટે છે, તેવા પ્રકારનું મન છે.

**('જીવનમંડાણ', આ. ૫, પૃ. ૧૪૨)**

» કોઈનીયે જોડે અથડામણ થાય એનો અર્થ એ થયો કે આપણું મન હજુ અથડામણને સ્પર્શ કરી શકે છે. **('જીવનમંડાણ', આ. ૫, પૃ. ૧૫૫)**

» સાધનાનું પરિણામ પ્રકૃતિ ને સ્વભાવનું રૂપાંતર.

» જેને સર્વમાંથી, આડા ઊભા સર્વ પ્રસંગોમાંથી, રૂડું જ જોવા, અનુભવવાની કળા જીવનમાં સાંપડે છે એવા જીવો ધન્ય છે.

» સમર્પણ કર્યું હોય તેના વિશેના કશા પણ આગળપાછળના વિચારો સમર્પણ કર્યા કેડે આપણને ન થવા ઘટે, તો તે યોગ્ય પ્રકારનું ઉત્તમ સમર્પણ ગણાય.

» સર્વનું મૂળ બીજ પોતાની પ્રકૃતિ છે. બીજા કોઈને દોષ દેવો કે જોવો તે આપણી પામરતા ને નિર્બળતા છે. આપણે પોતે જ વિશેષ જાગૃત રહેવાનો પ્રયત્ન કરીએ ને આપણે પોતાને જ દોષ દેવાનો છે.

» આપણા જ ધાર્યા પ્રમાણે ને આપણી સમજણ પ્રમાણે બધું બન્યા કરવું જોઈએ અને તે જ બધું સારું છે, એવા પ્રકારનું માનસ હોય તો તે એક પ્રકારનું સ્વચ્છંદીપણું ને સંકુચિતપણું પણ છે.

» જે રાગ સ્થૂળમાં આપણને ચોંટાડી ન રાખે, પરંતુ તે રાગમાંથી વિવેકયુક્ત સમજણ પ્રગટાવીને તાટસ્થ્ય અને સમતા જન્માવીને ઉપર ખેંચી આણે તે રાગ ઉત્તમ છે.

» સંત પુરુષમાં રાગ થવો એટલે આપણાં નિમ્ન પ્રકૃતિનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહંકારને તેની ચેતનાના હૃદયભાવ સાથે મેળ ખવડાવવો.

» સાચી શ્રદ્ધા સામાન્યતઃ એકદમ પ્રગટતી નથી. શ્રદ્ધા પણ કેળવાતાં કેળવાતાં કેળવી શકાય છે, તેમ છતાં મૂળ ગુણધર્મ તો સહજ છે.

» શ્રીભગવાન પરની શ્રદ્ધા એ તો નગદ નાણું છે. જેમ નગદ નાણાં વડે ખપની ચીજ ખરીદી શકાય છે, તેમ શ્રીભગવાન પરની શ્રદ્ધા પ્રસંગ પડ્યે આપણને જો ટટાર ન બનાવી શકે, તો એ શ્રદ્ધા એ શ્રદ્ધા નથી, પણ કોઈ પ્રકારની ખાલી આળપંપાળ છે.

**('જીવનસોપાન', આ. ૫, પૃ. ૨)**

» મળેલા જીવનની પરિસ્થિતિમાંથી નવચેતન અને નવજીવનની આશાના અંકુર ઉગાડવા અને એ પ્રકારનો પુરુષાર્થ જગાડવો એમાં સાચી માણસાઈ રહેલી છે. **('જીવનસોપાન', આ. ૫, પૃ. ૩)**

» ભાગતાં તો સૌ કોઈને આવડે, પરંતુ પરિસ્થિતિની સામે ઊભા રહી, પરિસ્થિતિમાં હળીમળી, તેમાંથી ઊંચે આવવું એ વિરલ વીર આત્માનું કામ છે. **('જીવનસોપાન', આ. ૫, પૃ. ૩)**

» કોઈની લાગણીને પંપાળવી એથી તો તેના જીવનને વધારે દુઃખી બનાવવાપણું પણ થઈ જાય. **('જીવનસોપાન', આ. ૫, પૃ. ૩)**

» કોઈના મનને વધારે આળું બનાવવામાં કદાપિ મદદગાર ન થવું. પરિસ્થિતિ આવી પડતાં તેના જીવનમાં મર્દાનગી પ્રગટે, એવું કંઈક થઈ શકે તો તે ઉત્તમ સેવા છે. **('જીવનસોપાન', આ. ૫, પૃ. ૪)**

» નકામી લૂલી લૂલી લાગણીઓ દર્શાવવામાં જીવતરને ફેંકી દેવાનું નથી. જીવનને તો નક્કર પાયા પર ચણવાનું છે. કોઈને પણ એવી રીતે આશ્વાસન દેવાનો કશો અર્થ નથી. **('જીવનસોપાન', આ. ૫, પૃ. ૫)**

» આપણી આ ભવની પ્રકૃતિ, ગતિ ને દિશા જેવા પ્રકારની હોય, તેવા પ્રકારનો આપણો પુનર્જન્મ છે. **('જીવનસોપાન', આ. ૫, પૃ. ૬)**

» જેટલા પ્રમાણમાં ઉત્કટ પ્રકારની ભાવના વધુ સાત્ત્વિક, તેટલા પ્રમાણમાં તેનો જન્મ વહેલો થાય તેવું કંઈક ખરું, અને આધ્યાત્મિક માર્ગની જેને લગની લાગેલી છે, એવા જીવનો જન્મ બીજા પ્રકારના જીવો કરતાં ઘણો વહેલો થાય છે, એવો અનુભવ છે.

**('જીવનસોપાન', આ. ૫, પૃ. ૭)**

» બીજી કોઈપણ પ્રવૃત્તિ આપણે કરતાં હોઈએ, છતાં આપણું મન તો આપણા અસલના કામમાં જ લાગેલું રહેતું હોય, તેવી રીતે જીવવાની કળા સાધકે શીખવાની રહે છે.

**('જીવનસોપાન', આ. ૫, પૃ. ૭)**

» જ્યાં સુધી આપણા થતા જતા પુરુષાર્થમાં આપણું હૃદય રેડાયું નથી, ત્યાં સુધી આપણો તેવો પુરુષાર્થ પૂરેપૂરો ફળી શકતો પણ નથી.

**('જીવનસોપાન', આ. ૫, પૃ. ૯)**

» જેટલો સમય ઉત્તમ પ્રકારની ભાવનાના વર્તનમાં ગળાયો તેટલો સમય આપણે સાચી રીતે જીવ્યા ગણાઈએ.

**('જીવનસોપાન', આ. ૫, પૃ. ૧૦)**

» આમેય દુઃખ સહન તો કરવું પડે છે જ. એને બદલે જો જ્ઞાનપૂર્વક દુઃખને સ્વીકારીને, દુઃખ એ જીવનને ઘડાવા કાજે સોનેરી તક છે, એમ સમજીને, જે કોઈ જીવ તેને નિવેદે છે—એવા માટે દુઃખ એ તપશ્ચર્યા છે ને જે તપશ્ચર્યામાં હૃદય છે, તેવા પ્રકારની તપશ્ચર્યામાં તો આનંદ, ઉત્સવ રહેલો છે. **('જીવનસોપાન', આ. ૫, પૃ. ૧૨)**

» દોષનું મનન ચિંતવન દોષનું બળ વધારે છે.

**('જીવનસોપાન', આ. ૫, પૃ. ૧૫)**

» 'સારા' પરત્વે સદ્ભાવ જાગે એમાં તેની કશી કિંમત નથી. પણ 'નઠારા' પરત્વે પણ સદ્ભાવ જગાડીને જીવતો કરવાનો છે. જેટલું 'સારું' પ્રેરણા આપી શકે, તેટલું 'નઠારું' પણ જરૂર આપી શકે.

**('જીવનસોપાન', આ. ૫, પૃ. ૨૩)**

» પ્રયત્નની સાથે સાથે આપણે શ્રીભગવાનની કૃપામદદ જ્યારે ને ત્યારે યાચતા રહેવાની છે. **('જીવનસોપાન', આ. ૫, પૃ. ૨૧)**

» બુદ્ધિ એ જ્ઞાનનું કરણ છે અને લાગણી, સહાનુભૂતિ વગેરે ભાવનું કરણ છે. જીવનવિકાસના માર્ગમાં બુદ્ધિ અને ભાવ બંનેની જરૂર છે. **('જીવનસોપાન', આ. ૫, પૃ. ૨૨)**

» જો આપણામાં બુદ્ધિ સતેજ અને સૂક્ષ્મ ન બનતી જતી હોય તો તેમાં આપણું હૃદય નથી એમ નિશ્ચે પ્રમાણવું.

**('જીવનસોપાન', આ. ૫, પૃ. ૨૨)**

» સંસ્કાર કરતાં જીવનમાં પ્રેમનું મહત્ત્વ વિશેષ છે. પ્રેમ કરતાં ભાવનું મૂલ્યાંકન જીવનમાં શ્રેષ્ઠ છે. પ્રેમ જાગ્યા વિના ભાવ જાગી શકે નહિ. એવો ભાવ પ્રકટતાં આપણાં કરણો તેના રાગમાં રહે છે, પરંતુ એવો ભાવ સહજમેળે જાગી જતો નથી. **('જીવનસોપાન', આ. ૫, પૃ. ૨૩)**

» જે તે કંઈ અભ્યાસથી આવડે છે. અભ્યાસ વિના સાધનામાં પ્રાણ ન પ્રકટે. અભ્યાસ દૃઢ થતાં તેમાં હૃદય પણ રેડાય ને સામેલ થાય. અભ્યાસથી એક જાતની લઢણ જાગે છે. એવી લઢણમાં એક પ્રકારની ઘરેડ થઈ જવાનો સંભવ પણ ખરો, તેથી અભ્યાસમાં વારંવાર બુદ્ધિ વડે, હૃદયની લાગણીઓ વડે ભાવનાનું ઉદ્દીપન વારંવાર કર્યાં કરવું.

**('જીવનસોપાન', આ. ૫, પૃ. ૨૬)**

» આપણું વિચારબળ એક જ પ્રકારની દિશામાં ને ગતિમાં સતત મનન ચિંતનવાળું રહ્યા કરે ને તે ભાવનું ઉદ્દીપન રહ્યા કરે તથા એના જેવાં જ વર્તનનો અમલ થયા કરે, તો નિમ્ન પ્રકારની બુદ્ધિ જરૂર હઠવા માંડે અને આપણા પુરુષાર્થમાં આપણને રસ જામવા માંડે.

**('જીવનસોપાન', આ. ૫, પૃ. ૩૦)**

» પ્રકૃતિમાં રહેલું ચેતન અનેક પ્રકારનું રૂપ—નવાં નવાં રૂપો પણ ધારે છે અને તે એક હોવા છતાં અનેક રૂપ બને છે. આપણે પણ એક હોવા છતાં અનેક પ્રકારના વારંવાર થયા કરીએ છીએ અને બદલાયા કરીએ છીએ. આકાર એક ભલે દેખાય પણ આકારમાં પ્રકાર જુદા જુદા થયા કરે છે. **('જીવનસોપાન', આ. ૫, પૃ. ૩૦)**

» આપણી પ્રાર્થનાનો સ્વર દિલમાં મધુર લાગે ત્યારે ભાવ સવિશેષપણે છે એમ સમજવું. અત્યંત કઠોર લાગે ત્યારે મનનું ઠેકાણું નથી અથવા તો કંઈક અકળાયેલું છે એમ જાણવું.**('જીવનસોપાન', આ. ૫, પૃ. ૩૧)**

» ઉચ્ચાત્માનો—ગુરુનો આશ્રય જીવનના ઊર્ધ્વીકરણ સારુ છે ને તે પણ સાધનરૂપ છે. સર્વશ્રેષ્ઠ અને સર્વોત્તમ તો એકલા શ્રીભગવાન જ છે. **('જીવનસોપાન', આ. ૫, પૃ. ૫૩)**

» આપણે જ્યાં સુધી જીવદશામાં છીએ, ત્યાં સુધી આપણામાં જે કંઈ

ઉત્તમમાં ઉત્તમ હોય, તે પણ ચેતનની અપેક્ષાએ પૂરતું નથી.
**('જીવનસોપાન', આ. ૫, પૃ. ૫૪)**

» જીવદશામાં જે જે કંઈ વૃત્તિ, લાગણી હોય અને તે ઉત્તમ પ્રકારની હોય તેમ છતાં તે બંધનકારક છે. દા.ત. પુણ્ય હોય તો તે પણ બંધનકર્તા છે. **('જીવનસોપાન', આ. ૫, પૃ. ૫૪–૫૫)**

» થયેલા અનુભવમાંથી સમજણ તારવીને, તેનું નિરીક્ષણ કરીને તેનાથી આગળ પણ બુદ્ધિ જઈ શકે છે, પરંતુ બુદ્ધિને અનુભવના આધારની જરૂર રહે છે. **('જીવનસોપાન', આ. ૫, પૃ. ૫૭)**

» મનન ચિંતવન જો થયા કરે તો બુદ્ધિ, અનુભવની નક્કર ભૂમિકા ઉપર ઠેકો મારીને આગળ જવાને આપણને પ્રેરાવે છે.
**('જીવનસોપાન', આ. ૫, પૃ. ૫૭)**

» સમજણ સમજણના પણ પ્રકાર હોય છે. જે સમજણ આપણને ઊંચી દિશા પ્રતિ લઈ જાય છે, તે સમજણ એકલી માત્ર બુદ્ધિની નથી હોતી. **('જીવનસોપાન', આ. ૫, પૃ. ૫૭–૫૮)**

» બુદ્ધિ ઊંચી દિશાનું વિચારી શકે છે, પણ ત્યાં ઠરી શકતી નથી. એનું ઉડ્ડયન ખાલી ખાલી હોય છે. બુદ્ધિ મદદ કરે છે ખરી, પણ તે અનુભવના જોર ઉપર. **('જીવનસોપાન', આ. ૫, પૃ. ૫૮)**

» સાધનાનો અર્થ ગળે ટૂંપો દઈને જીવનને ગૂંગળાવી દેવાનો નથી, પરંતુ સહજ સ્વાભાવિકપણે તેનો વિકાસ થાય અને તે જ રીતે વૃત્તિઓનો સુમેળ ઊપજે ને તેમાંથી શાંતિ, સમતા, તાટસ્થ્ય, ધીરજ, સહિષ્ણુતા, પ્રસન્નચિત્તતા આદિ ગુણોનો વિકાસ થતો અનુભવાય, તે તે ગુણોની શક્તિનો જીવનમાં સાંપડતા પ્રસંગોમાં જ્ઞાનપૂર્વકનો ઉપયોગ થયા કરે, ને તેના વડે જીવન ભર્યું ભર્યું લાગે અને ધન્ય થતું અનુભવાય એનું નામ છે સાધના.
**('જીવનસોપાન', આ. ૫, પૃ. ૬૬)**

» મૌનએકાંત લેવાનો હેતુ લગની લગાડવાનો છે ને સાધનામાં વિશેષ એકાગ્રતા, કેન્દ્રિતતા પ્રાપ્ત થાય તે કાજેનો છે.

**(‘જીવનસોપાન’, આ. ૫, પૃ. ૭૧)**

» આપણી અહંતાને જેમ બને તેમ સમજી સમજીને જ્ઞાનપૂર્વક આઘાત આપ્યા કરવાના છે. આપણું ધાર્યું કે કહ્યું ન થાય, ત્યારે મનમાં વિશેષ રાજી થવાનું છે, કારણ એ રીતે અહમ્‌ને ફટકો પડે છે.

**(‘જીવનસોપાન’, આ. ૫, પૃ. ૭૧–૭૨)**

» વગર લેવેદેવે કોઈને કંઈ કશું સૂચન ન કરવું. સૂચન એ અહમ્‌ની પેદાશ છે. **(‘જીવનસોપાન’, આ. ૫, પૃ. ૭૨)**

» શરીરની સંભાળ રાખવી જરૂરી છે. એની ચિંતા કરવી એ ગાંડપણ છે, તેમ તેને પંપાળવું એ ઘેલછા છે, પણ તેની યોગ્ય સારવાર કરવી એ આપણો ધર્મ છે. **(‘જીવનસોપાન’, આ. ૫, પૃ. ૮૫)**

» ઊર્મિની ગતિમાંથી કર્મમાં ચેતન પ્રકટે તો તે ઊર્મિ ઉપયોગની.

**(‘જીવનસોપાન’, આ. ૫, પૃ. ૯૧)**

» ચેતનનો અનુભવ કરવા સારુ વિસંવાદમાં સંવાદની દૃષ્ટિને હૃદયમાં જીવતી રાખીને આપણે વર્તવાનું રહે છે.

**(‘જીવનસોપાન’, આ. ૫, પૃ. ૯૬)**

» આપણને જે જે વિચારો, વૃત્તિઓ, વલણ વગેરે ઊઠ્યા કરે ને તે ઉપરથી આપણને આપણી કક્ષાની સમજ પડી જવી જોઈએ.

**(‘જીવનસોપાન’, આ. ૫, પૃ. ૧૨૧)**

» માનવીના દિલમાં એકબીજા પ્રતિનો અવિશ્વાસ જણાય, છતાં મૂળમાં તો, અંતર્ગતપણે વિશ્વાસ-શ્રદ્ધા રહેલાં છે. જેમ નદીના પટમાં ભલેને પાણી સુકાઈ ગયેલું જણાયાં કર્યું હોય, પરંતુ અંદર, અંતર્ગતપણે, તો પાણી હોય છે જ તેમ.

**(‘જીવનસોપાન’, આ. ૫, પૃ. ૧૨૭)**

» ઘૃણા, દયા, લજ્જા, ભય, શોક, નિંદા, કુળ-અભિમાન તથા શીલ, સ્વભાવ ને જાતિનું અભિમાન એ બધા પણ એક પ્રકારના સંકોચ છે. તેમાંથી મુક્ત થવું જ જોઈશે.

**('જીવનસોપાન', આ. ૫, પૃ. ૧૨૯)**

» જીવથી બને તેટલો સકળ પુરુષાર્થ કરી કરીને છેવટના અંત સુધી મથ્યા કરે, ને તેમ સકળ ઉપાયો લીધેલા હોવા છતાં કંઈ કારી ન ફાવે, ત્યારે તે પ્રભુને મદદ માટે પોકારે. અંતે તો પુરુષાર્થ કરી કરીને એનામાં જ ગળી ને મળી જવાનું છે. એમ બનીને તેના સાચા અર્થમાં 'નિર્બળ' બનવાનું છે. ત્યારબાદ પ્રાર્થના કરવાની કળા **'નિર્બળ કે બળ રામ'** એમાંથી આપણને મળી રહે છે. **('જીવનસોપાન', આ. ૫, પૃ. ૧૮૨)**

» શરૂશરૂમાં ને ઠીક ઠીક લાંબા કાળ સુધી પણ સાધકને સ્વપ્રયત્ન અનિવાર્ય છે. મૂર્ખ ને અજ્ઞાની લોક 'બધું જ ગુરુ કરી દેશે' એમ માની કશું પણ કર્યા વિના તમસના પ્રેર્યા એમ ને એમ પડ્યા રહે છે. સ્વપ્રયત્નમાં અહંકાર ન રહે તેની પૂરી તકેદારી રાખવી.

**('જીવનસોપાન', આ. ૫, પૃ. ૧૯૧)**

» જેમાં ને તેમાં માથું મારવાનું દિલ થાય તો જાણવું કે તે અહંતા છે.

**('જીવનસોપાન', આ. ૫, પૃ. ૨૦૧)**

» (શરીરનું આરોગ્ય અને સુખાકારી પૂરેપૂરાં જળવાઈ રહે તેટલા પ્રમાણનો) અલ્પ આહાર, અલ્પ વિહાર, અલ્પ નિદ્રા, અલ્પ બોલવું, અલ્પ સંબંધ, અલ્પ સંપર્ક, અલ્પ વ્યવહાર, અલ્પ જવું–આવવું ને અલ્પ મેળાપો, એ બધું મનનો સંયમ કેળવવામાં ઘણાં ઘણાં મદદરૂપ છે. આવા બધા 'અલ્પતા'ના પ્રકારની પાછળનો હેતુ તો એ છે કે જીવે વધારે ને વધારે અંતર્મુખતા કેળવ્યા કરવાની છે.

**('જીવનસોપાન', આ. ૩, પૃ. ૧૯૯–૨૦૦)**

» અહંતાથી મુક્ત માનવી કેવો હોય એનું નરી નજરે આવે એવું વ્યક્ત લક્ષણ એક તો એ છે કે તે સાધરણતઃ સાવ સંપૂર્ણ અજ્ઞાન, નિરાગ્રહી રહ્યા કરતો હોય છે.

» નમ્રતા એટલે પોતે કશું જ નથી, એકમાત્ર શ્રીભગવાન જ સર્વ કાંઈ છે, એવી નિષ્ઠાપૂર્વકની જ્ઞાનયુક્ત ભાવના.

**('જીવનસોપાન', આ. ૩, પૃ. ૨૦૦)**

» જીવ અટવાઈ જાય, મૂંઝાઈ જાય, લેવાઈ જાય, અકળાઈ જાય, અશાંત થઈ જાય, દુઃખી દુઃખી થઈ જાય, તો હજી એનામાં અહંતા ભરી પડેલી છે તેમ જાણવું, કારણ કે તેની અહંતાને તેવા તેવા પ્રકારના આઘાત લાગે છે, તેથી કરીને તેને તેવી તેવી લાગણીઓ થાય છે. **('જીવનસોપાન', આ. ૫, પૃ. ૨૦૧)**

» મેલાં કપડાંને રંગ બરાબર ચઢી શકતો નથી. કપડાંને રંગવા માટે પ્રથમ તો એમાંનો બધો મેલ કાઢી નાંખવો પડે છે. તેવું જ અંતઃકરણને, આધારમાં બધાં કરણોને ને શુદ્ધિને વિશે છે.

**('જીવનસોપાન', આ. ૫, પૃ. ૨૦૩)**

» જીવનની સમસ્યાઓનો ઉકેલ બુદ્ધિના નિર્ણય કરતાં હૃદયમાંથી મળ્યા કરે, તે માટે સાધકે અંતર્મુખતા વધુ ને વધુ કેળવ્યા કરવાની રહે છે.

**('જીવનસોપાન', આ. ૩, પૃ. ૨૦૯)**

» અંતર્મુખતા પૂરેપૂરી કેળવાયા વિના બુદ્ધિમાં સમતા પ્રકટી શકતી નથી.

**('જીવનસોપાન', આ. ૩, પૃ. ૨૧૦)**

» શ્રીસદ્‌ગુરુની ભાવનાને લાયક થવું ને એની પસંદગીમાં આવવું એટલે જીવનવિકાસની સમગ્રતામાં પણ પ્રકટતા રહેવું.

**('જીવનસોપાન', આ. ૩, પૃ. ૨૨૩)**

» જીવન જો જીવવું જ હોય તો જીવનવિકાસના યજ્ઞ કાજે, મરી-ફીટી સર્વ રીતે ફના થઈ જવું. જીવન એ તો આપણું સદ્‌ભાગ્ય છે. એવી જીવનની ફનાગીરીમાંથી જ જીવનની ફોરમ પ્રકટે છે.

**('જીવનસોપાન', આ. ૩, પૃ. ૨૩૧)**

» જે કંઈ જીવદશાના વલણનું ઉદ્‌ભવે ને તે બધું આપણા પોતાના અસલ સ્વરૂપનું નથી, એવું જીવતુંજાગતું પ્રત્યક્ષ જ્ઞાનભાન

રચનાત્મકપણે તે તે વેળા આપણામાં જાગી જાય તો સમજવું કે સમતાની પ્રાપ્તિ થવા માંડી છે. (**'જીવનસોપાન', આ. ૩, પૃ. ૨૩પ**)

» જીવ સ્વભાવનું કોઈ પણ પ્રકારનું નકારાત્મક વલણ એ પણ અશુદ્ધિ કહી શકાય. શુદ્ધિ એટલે માત્ર નીતિમત્તાની ગણતરીનું ધોરણ એટલું જ તે નથી.

નીતિમત્તાના ધોરણના એકમાત્ર તેવા વિચારથી અને અમલથી કરણોની શુદ્ધિ થાય છે, એમ માનવામાં ક્યાંય અતિશયોક્તિ ને તર્કદોષ લાગે છે. (**'જીવનસોપાન', આ. પ, પૃ. ૨૩૬**)

» પુરુષાર્થ પણ એકલો નથી અને કૃપા પણ એકલી નથી.

(**'જીવનસોપાન', આ. પ, પૃ. ૨૩૯**)

» શ્રીસદ્‌ગુરુ તો જે જીવો પોતે મરી મરીને ફરી પુનર્જીવન પ્રાપ્ત કરતા રહે છે, એવા જીવો પર તે વારી જતો હોય છે.

જે જીવ શહાદત ભરેલી જીવનની કુરબાનીથી પોતાના શ્રીસદ્‌ગુરુની ભક્તિ કરે છે, જીવનને ન્યોછાવર કરી શ્રીગુરુને ચરણકમળે આહુતિઓ પ્રેમથી આપ્યા કરે છે. એવા જીવ શ્રીસદ્‌ગુરુની કૃપા મેળવવાને પાત્ર થતા હોય છે. (**'જીવનસોપાન', આ. ૩, પૃ.** ૨૭૮)

» શ્રીસદ્‌ગુરુને આપણા હૃદયમાં જીવતો કરવાનો છે. શ્રીસદ્‌ગુરુ એટલે એની દેખીતી શરીરની આકૃતિ નહિ, પરંતુ એના હૃદયમાં પ્રકટી રહેલી ચેતન ભાવના કે જેની મદદ લઈને ઊંચે આવી શકાય છે.

(**'જીવનસોપાન', આ. પ, પૃ. ૩૦૬**)

» સાધકે બને તેટલી શાંતિ, સમતા, તટસ્થતા, પ્રસન્નતા આદિ ગુણોને, એ બધાંને ખૂબ ખૂબ સાચવવાનાં છે. જીવનવિકાસની ભૂમિકા રચાવવાને કાજે તે ઘણાં ઘણાં મહત્ત્વનાં છે, પરંતુ તેને જ જો મહત્ત્વ આપ્યા કરીને માત્ર ગુણોને મેળવવામાં મથ્યા કરીએ તો

તેનો અંત નહિ આવે. એના કરતાં તો હૃદયમાં એકનિષ્ઠાથી ચેતનસ્મરણની ભાવના જો આપણે કેળવી શકીએ તો તેવા ગુણો આપણામાં પ્રકટતા જતા આપણે અનુભવીશું. (**'જીવનસોપાન', આ. ૫, પૃ. ૩૧૨–૩૧૩**)

» સાચા હૃદયની નમ્રતા ઘેટાંના જેવી નથી હોતી. એનામાં તો અગ્નિનું પ્રચંડ તેજ અને શક્તિ પણ રહેલાં છે. (**'જીવનસોપાન', આ. ૫, પૃ. ૩૩૪**)

» આદર્શના પડછાયાના અનુભવમાં કેટલાક જીવ પોતાના મૂળ આદર્શનો જ તે અનુભવ છે, એમ માની લઈ તેમાં સંતોષાઈ જતા હોય છે. (**'જીવનસોપાન', આ. ૫, પૃ. ૩૪૧**)

» આદર્શની સંપૂર્ણતાની ટોચે પહોંચતાં પહોંચતાં તો આદર્શનું સ્વરૂપ પણ વિસ્તાર ને વિશાળતા પામતું જતું હોય છે ને આદર્શની રૂપરેખા પણ બદલાતી જતી હોય છે. (**'જીવનસોપાન', આ. ૫, પૃ. ૩૪૦–૩૪૧**)

» આદર્શને પમાતાં પમાતાં આદર્શ પોતે જ એક પછી એક તેની ઉત્કૃષ્ટતામાં પ્રકટતો જતો હોય છે. (**'જીવનસોપાન', આ. ૫, પૃ. ૩૪૧**)

» જેના જીવનમાં કોઈ ઉચ્ચ આદર્શની આગ જલતી જ ન હોય તેવા જીવે બીજાંને કહેવાપણું કે સુધારવા જવાપણું હોઈ શકતું નથી.
(**'જીવનસોપાન', આ. ૫, પૃ. ૩૪૨**)

» જગતમાં તો બધું છે ને એમનું એમ જ ચાલ્યા કરવાનું છે. કંઈક કંઈક સુધારકો થઈ ગયા, કંઈક કંઈક મહાત્માઓ થઈ ગયા, કંઈક કંઈક સંતો ને સદ્‌ગુરુઓ થઈ ગયા ને સાક્ષાત્ શ્રીભગવાનના અવતાર પણ થઈ ગયા, છતાં આપણે બધા જેમ હતા તેમના તેમ છીએ. માટે બધાંનો ને જગતનો વિચાર માંડી વાળીને આપણે જ જો ઠામઠેકાણે થવાને સાચી રીતે હૃદયની સચ્ચાઈથી મંડીશું તો કંઈક દહાડો વળવાનો છે, બાકી જગતમાં તો બધું દેખાશે.
(**'જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૪**)

» સાધકે પોતાની ટેવો, મંતવ્યો, સમજણો, આગ્રહો, મતમતાંતરો, દોષો, કુટેવો, આશા, ઇચ્છા, કામના, તૃષ્ણા, કામ, ક્રોધ, મદ, મોહ, મત્સર, ઇત્યાદિનો સ્વીકાર કરવાનો છે, પણ તે સ્વીકાર એમનાથી પર થવા કાજે છે. **('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૬)**

» મનમાં જે મનોમંથન થાય એમાંથી જીવનમાં યોગ્ય પરિવર્તન પ્રગટે એવી નક્કર ભાવના પ્રગટતી રહે તો તેવું મંથન યોગ્ય પ્રકારનું સમજવું, બાકી તો મન નકામા તરંગે ચઢીને જીવનને ઉથલાવી પણ નાંખે. **('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૯)**

» ચોર, ડાકુ આપણા પર ચાકુ ચલાવે છે ચોરવાને ને લૂંટવાને, સર્જન (શસ્ત્રવૈદ્ય) આપણા ઉપર ચાકુ ચલાવે છે, સાજા કરવાને ને જીવાડવાને. બંને કાર્યોમાં ક્રિયા એક પ્રકારની છે, પણ હેતુ અને ભાવમાં ધરમૂળનો ફરક છે. આથી, ક્રિયા અને કર્મનું મહત્ત્વ નથી, પરંતુ તેની પાછળના અંતરમાંના ભાવનું જ મહત્ત્વ છે. ડાકુનું ચાકુ જીવની જીવ પ્રકારની ઇન્દ્રિયોનું સાધન છે, સર્જનનું ચાકુ જાગેલા આત્માનું સાધન છે. **('જીવનપ્રવેશ', આ. ૫, પૃ. ૨૧–૨૨)**

» જીવનમાં ઉચ્ચ ગતિમાં પ્રવર્તવું છે, એવી ભાવના પ્રગટવી એ દુર્લભ ઘટના છે ને તેમાંયે સત્પુરુષનો આશ્રય અંતરની પ્રેમ-ભક્તિ-જ્ઞાનભાવે જાગૃતિ સાથે પોતાના આંતરિક વિકાસની સમજણના ધોરણથી હૃદયમાં પ્રગટતો રહે તે તે વળી એનાથીયે દુર્લભ છે ને તેથીય વધુ દુર્ઘટ તો સત્પુરુષના હૃદયને સમજવું અને અનુભવવું તે છે. **('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૩૦)**

» જીવનમાં પ્રસંગો બને છે તો તૂટક તૂટક પણ તે સર્વ પ્રસંગોને સાંકળી લેનારી એક જાતની સળંગતા ને સમગ્રતા, તે તે પ્રસંગના અંતરમાં રહેલી છે અને તે ભાવિ તરફ દોરી જતી હોય છે. જીવન છિન્નભિન્ન નથી, અવિચ્છિન્નપણે એક છે. **('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૩૩–૩૪)**

» હાલના આપણા દેખાતા જીવનની પાછળ ને આગળ પણ એક પરંપરા પણ છે. એ પરંપરા અનાદિ છે તેમ છતાં તેનામાં ચેતન

હોવાથી ચેતનનું જ્ઞાન-ભાન પ્રકટી જાય તો તે અંતવાળી પણ બની શકે. **('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૩૪)**

» કેટલાકનું કથન કે લખાણ તેમના બહુશ્રુતપણામાંથી પ્રકટે છે, વાચનમાંથી પ્રકટે છે, સાંભળેલી વાતમાંથી પણ પ્રકટે છે, પરંતુ કોક જ વિરલા આત્માનું અનુભવમાંથી પ્રકટતું હોય છે. અનુભવના કથનની પાછળ આત્મવિશ્વાસનું થનગનતું ચેતન રહેલું છે. **('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૩૪)**

» ચેતનનો અનુભવ તો માગી લે છે ભારે જ્ઞાનભક્તિપૂર્વક તપશ્ચર્યા અને કઠણ સાધના. **('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૪૮)**

» જે જીવાત્માનું અહમ્ ઓગળી ગયું છે, તેને ક્યાંય વિરોધ નથી થતો, બલ્કે વિરોધ હોતો જ નથી. **('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૫૪–૫૫)**

» ભાવનું તેના ઉત્કટપણામાં સઘન બનવું એ કર્મથી પ્રકટે છે. કર્મનું મહત્ત્વ ભાવને લીધે છે. **('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૫૯)**

» જ્ઞાન ક્રિયામાં પ્રત્યક્ષ થયા વિના મોક્ષ નથી. **('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૬૨)**

» આત્મનિવેદન એટલે આપણને ચેતનના ભાવથી સંકળાવનાર કોઈ દિવ્ય સાંકળ. **('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૬૨)**

» સાધક એટલે જીવનવિકાસપથે પળવાને સતત જ્ઞાનભક્તિયુક્ત જાગૃતિ સેવીને મથનાર જીવાત્મા. **('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૬૩)**

» જો જીવે પોતાની નિમ્ન પ્રકૃતિને દાદ આપી તો તેનું જોર ચડી વાગશે. વિજય તો સામનો કરવામાં અને યુદ્ધ આપવામાં રહેલો છે—પરિણામ ગમે તે હોય. **('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૬૫)**

» જેમાં ને તેમાંથી જીવનની નેમને વધારે પ્રોત્સાહન મળે એવી કોઈ અગમ્ય પ્રકારની આંતર્દૃષ્ટિ આપણામાં જાગી જવી જોઈશે. **('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૬૬)**

» જીવ હારતો ભલે લાગે, પણ જો તે પોતાની આંતર્દષ્ટિ ખુલ્લી રાખ્યા કરે, તેમાંથી જીત મેળવવાપણું શીખવાની હૃદયમાં પાકી નેમ રાખ્યા કરે તો, તેવો જીવ હારતો હારતો પણ જીવતો રહી શકે છે, ટટાર ઊભો રહી શકે છે. **('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૬૭)**

» સાધક સાચી રીતે સાધનામાં જીવ પરોવતો બની ગયો હશે તો પોતાની જ પ્રકૃતિના સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ હુમલાઓ એના પર થયા કરવાના. સામા જીવની પ્રકૃતિ દ્વારા એની પોતાની જ પ્રકૃતિ જાણે કે હુમલો કરવાને મથી રહી ન હોય એવા પણ સૂક્ષ્મ અનુભવો જો સાધક જાગ્રત રહેલો હશે તો થવાના છે.
**('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૬૭)**

» વિકાસનો મૂળભૂત સિદ્ધાંત ઘર્ષણમાં રહેલો છે. ઘર્ષણ વિના તો માનવી જેમનો તેમ પડ્યો રહ્યો છે. અંતર્મુખ વળેલા માટે ઘર્ષણ એ તો તેજસ્વિતાને જીવંત રાખવાને ખરું સાધન છે.
**('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૭૦)**

» કોઈએ અન્યાય કર્યો હોય તો તેનું સ્મરણ પણ ન રહે એટલું જ નહિ, પરંતુ તેના પર ઉપકાર કરવાની ભાવના પ્રત્યક્ષ જાગતી રહી શકે એવું સાધકે પોતા વિશે કરી દેવાનું રહેશે.
**('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૭૩)**

» વર્તમાનમાં રહ્યે રહ્યે ભૂતકાળમાં વારંવાર ડોકિયાં ન કરે તો તે સાધક કાજે ઘણું જરૂરનું છે. વર્તમાનને જ સંભાળીને, સાચવી લઈને તેના ઉજ્જ્વળ ભવિષ્યને ખડું કરી દેવું ઘટે. **('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૭૬)**

» સાધકે પ્રકૃતિ જીતવાની છે, એટલું જ નહિ પરંતુ પ્રકૃતિથી પર પણ થવાનું રહે છે. **('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૭૯)**

» ભૂલેચૂકે પણ કોઈનેય આપણે ભોંઠો ન પાડવો. એની ભોંઠપ આપણે પોતે જ્ઞાનપૂર્વક વહોરી લેવી. **('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૮૧)**

» કોઈ જાણી જોઈને આપણા પર દોષારોપણ કરે કે બીજી રીતે અન્યથાપણે કરે તો ઝટઝટ તેનો ખુલાસો આપવા મન તૈયાર થઈ

જાય તો તે યોગ્ય નથી. સાધક જીવે એમ તો પોતાનો બચાવ કરવાની વૃત્તિ પણ મૂકી દેવી પડશે. (**'જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૮૧**)

» શીખવાને કાજે તો ઘણા ઘણા જ્ઞાનપૂર્વક નમ્ર થવાની જરૂર રહે છે. એવી નમ્રતા જીવનમાં પ્રગટતાં બીજા ગુણોની જાગૃતિ ને શક્તિ પણ છતી હોય છે, તેથી સાધનામાં તો શૂન્યથીયે શૂન્ય થયા વિના આપણામાં સાચું તત્ત્વજ્ઞાન ઊગી શકવાનું નથી.
(**'જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૮૩**)

» સંસાર વ્યવહારમાં જે તે બધા જ જીવો એકબીજાને એકદમ સલાહ આપવા અને શિખામણ દેવા તૈયાર થઈ જતા હોય છે. તેવા પ્રસંગમાં આપણે મુકાઈ જવાનું થતાં આપણે શાંતિ ધારણ કરી તેમના તેમના કહેવાનો મર્મ સમજવો ને સૂલટો અર્થ ઘટાવવો, પરંતુ આપણે પોતે તો કોઈને સલાહ, સૂચન કે શિખામણ દેવા કદી પણ કૂદી ન પડવું. શક્ય હોય ત્યાં માગે તોય ના પાડવી. (**'જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૯૯**)

» જે જીવ દુઃખમાં સુખ જુએ છે અને સુખમાં દુઃખ સંકળાયેલું જુએ છે, તેવો જીવ જ તે બંનેમાંથી નોખો તરી આવવાનો.
(**'જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૧૦૨**)

» સારું અને નરસું એ પણ જીવપ્રકારનાં બે પાસાં છે, એ બંને પાસાંમાંથી જુદા પડવું રહ્યું. એવો જે જ્ઞાનપૂર્વકનો અભ્યાસ એ જ સાધના. (**'જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૧૦૩**)

» ખોટી રીતે અન્યાયના ભોગ ભલે આપણે બન્યા હોઈએ, તેમ છતાં અન્યાયને જરા પણ સ્પર્શવા ન દઈએ તો મન ત્રાસ, કંટાળો, સંતાપ કદાપિ નહિ પામે. (**'જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૧૦૫–૧૦૬**)

» જે સત્ય હોય તે તેવું ને તેવું જ્યાં ને ત્યાં હંમેશાં કહી નાંખવામાં ડહાપણ નથી. તે તેમ ન કહેવાનું કરતાં કે ન કહેવા જતાં અસત્ય થાય છે એમ આપણને લાગે, પણ અચૂક હરેક પ્રસંગમાં તેમ માનવું યોગ્ય નથી. (**'જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૧૦૬**)

» સામાનો દોષ જાણવા છતાં પણ આપણે જ્ઞાનયુક્ત અણજાણમાં છીએ, તેવી રીતે વર્તવું એ જેવા તેવા જીવનું ગજું નથી.

**('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૧૦૬)**

» અન્યાયને સહી લેવાના વલણને સ્થાને જીવનવિકાસના ગુણોને પ્રેમપૂર્વક કેળવવા કાજે તેનો સ્વીકાર કરવાની કળા આપણે શીખવાની છે. અન્યાયનો સ્વીકાર એવી રીતે કરીએ કે જેથી આપણે પણ ચઢીએ ને અન્યાય કરનારના જીવનમાં તે અંગેનું સાચું જ્ઞાન પ્રકટે ને તે પણ સાચી સમજણની કક્ષામાં પ્રવેશે. અન્યાય સ્વીકારવાની કળામાંથી ત્યાગ, બલિદાન ને સમર્પણની કળા આપોઆપ જીવનમાં વ્યક્ત થાય છે. **('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૧૦૭)**

» કોઈ આપણો દોષ બતાવે તેને સાચો ગુરુ ગણવો. કોઈ ઊણપ બતાવે તો તેના પર વધારે રાજી થવું. તેવી વેળા હૈયાનો ઉમળકો પ્રકટે તો આપણે સાચા સાધક છીએ એમ માનવું. દોષ ચીંધનારના ઘણા ઘણા ગુણ ગાવા. **('જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૧૩૭)**

» મનની દ્વિધાજનક સ્થિતિ વેળાએ મૌન સેવન જરૂરી ભલે હોય, પરંતુ તે એકલું પૂરતું નથી. તેવી સ્થિતિ ટાળવાના ઉપાયો લેવામાં સતત જાગૃતિ સેવીએ તથા તે પૂરતું સ્થિતિનો ગાળો જેટલો ટૂંકાવી લઈ શકાય તેમ કરીએ તો ઘણું કમાઈએ.

**('જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૧૩૮–૧૩૯)**

» અભ્યાસના મૂળમાં જો સાચેસાચો વૈરાગ્ય પ્રગટી ગયેલો હોય તો તેવો અભ્યાસ જલદી ફળે, નહિતર અભ્યાસ એકલો એકલો થયા કરે ને તે દીર્ઘકાળ પર્યંત ને નિરંતર, તો તેમાંથી પણ વૈરાગ્ય પ્રકટી શકે છે. માટે આપણે તો ધીરજ ને હિંમત રાખીને જે કર્યા કરવાનું છે, તે કર્યા કરવું. **('જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૧૪૧)**

» દોડીની વેલ ભરઉનાળામાં ખીલે છે, તેવી રીતે ખરેખરો સાધક તો જીવનસંગ્રામનો રસિયો બને છે. મુશ્કેલી, ઉપાધિ, દુ:ખ, નિરાશા

આદિ જીવનમાં પ્રકટતાં તેનામાં કાંઈ ઑર પ્રકારનું શહૂર ને ઝનૂન પ્રકટે છે. **('જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૧૪૨)**

» સમાજની ઘરેડથી ભિન્ન રીતે ચાલનારા જીવો સમાજનો અને કેટલીકવાર તો કુટુંબનો પણ પ્રેમ અને સહાનુભૂતિ ગુમાવી બેસે છે. તેઓ એકલા અને અટૂલા પડી જાય છે. એવાઓ પ્રત્યે આપણો ધર્મ તો હૃદયની પ્રેમપૂર્વકની ભાવનાથી પૂરેપૂરી માનસિક ઉદારતા દાખવીને તેમની સાથે સમભાવ દર્શાવવાનો હોય ને શક્ય હોય ત્યાં સક્રિયપણે પણ. **('જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૧૪૬)**

» સમાજની સજ્જડ નિષ્પ્રાણ બની ગયેલી ઘરેડને તોડવાને કાજે એવા પ્રસંગો તો આપણી આંખ ખોલનારા નીવડે છે. સમાજ આવા જીવોને તુચ્છકાર કે અવગણના કરીને તે પોતાના સત્ત્વને જ હણતો હોય છે. **('જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૧૪૮)**

» સ્વચ્છંદ અને ભૂલથી કરીને અથડાઈ પડેલા જીવની ઊલટી વધારે કાળજી અને સંભાળ લેવાની હોય છે. **('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૧૪૯)**

» ધર્મની સાચી ભાવનાના પ્રાકટ્યથી તો હૃદયની ઉદારતા અને વિશાળતા વધુ ને વધુ કેળવાય. **('જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૧૪૭)**

» સહન કરી લેવું ને ગમ ખાઈ જવી તે સારું છે, પરંતુ મનમાં તે અંગે ચણચણાટી કરીને મન જો ગણગણતું રહે તો તે ઘણું ખરાબ.

» જીવનનો આનંદ તો સર્વ કોઈ સ્થિતિમા ંજીવતો રહે, ને જીવતો રહે એનું જ નામ આનંદ. **('જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૧૭૪)**

» આશાનિરાશા એ તો માત્ર પ્રભુભાવની અતુલ અને અપાર સમુદ્ર પરની લહરીઓ છે. સમુદ્રની ગંભીરતા કે મહત્તા તેથી ઘવાતી નથી. **('જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૧૮૧)**

» શ્રીભગવાનની ભાવનાનું અનુશીલન અને પરિશીલન રાખ્યા કરે છે, તે જ જીવતું રહી શકે છે. પહેલાં પહેલાં તો નામનું નામનું જ બન્યા કરે છે પણ તેમાંથીયે કામનું થઈ શકે છે. તે ભાવનાને જે

સર્વ કર્મમાં જાગૃતિપૂર્વક વણી લેવાનો સહજમેળે અભ્યાસ કેળવતો રહે, એનું જ નામ સાચી સાધના છે. (**'જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૧૮૬**)

» મનનો સહજ સ્વભાવ તો સંકલ્પ વિકલ્પ છે. એ એનું સહજ લક્ષણ છે. એને તપથી સ્થિર કરવાનું છે. (**'જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૧૮૭**)

» માનવજીવ અથડાતાં કુટાતાં પ્રકૃતિમાં પ્રકૃતિનો વિકાસ સાધે છે ખરો, પરંતુ એ વિકાસ અજ્ઞાનમૂલક રહે છે.

(**'જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૧૮૮**)

» જીવનની આંતરિક ચેતનાશક્તિને માર્ગ દેવા જીવનમાં સર્વ સંજોગો મળે છે. એ સંજોગો ભલે કર્મના નિમિત્તે હોય, પણ તેનો આંતરિક હેતુ તો જીવનને ફળદાયી બનાવવાનો હોય છે.

(**'જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૧૯૨**)

» જે કંઈ વૃત્તિ સામાન્યપણે ઊઠે છે, તે બંધિયાર બનીને પડી રહેતી નથી, એ તો ગતિ કરે છે જ, પરંતુ ઊર્ધ્વગામી જીવનની સદ્‌વૃત્તિમાં માનવીજીવે પ્રાણચેતના રેડ્યા વિના તે ગતિમાં આવી શકતી નથી. આથી જ પ્રભુકૃપાથી પ્રેરાઈને જીવે પ્રાર્થનાભાવે પુરુષાર્થ કરવાની જરૂર રહે છે. (**'જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૨૦૫**)

» ધ્યેય ગમે, રુચે તે એક વાત છે ને તેમાં પગરણ દઢાત્મકપણે મંડાયા કરવાનું થયે જાય તે વાત વળી જુદી છે.

(**'જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૨૦૪**)

» કોઈપણ સંત કે ગુરુ ચમત્કાર કે જાદુથી કોઈપણ જીવમાં ભગવાનનો ભાવ એકદમ તત્ક્ષણ પ્રકટાવી શકતો નથી, એવી શક્યતા પણ નથી. (**'જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૨૦૯**)

» અમુક જ સંપૂર્ણ સનાતન સત્ય છે, તે વિનાનું બીજું કશું સત્ય નથી, એવી મડાગાંઠ કદી ન વાળી શકાય. જે જે કાળે સમાજને જેવી જેવી ને જેટલી જેટલી જરૂરિયાત પ્રકટે છે, તેવી તેવી રીતે તેવા તેવા મહાન આત્માઓ કાળપુરુષ તરીકે જ્ઞાનભાવે પ્રવર્તવાનું કર્યા કરતા હોય છે, એટલે તે કામ તે કાળ પૂરતું તે પૂરું ને તે કાળે સત્ય હોય.

કાળે કાળે સત્યનું સ્વરૂપ પણ બદલાતું રહેતું હોય છે.
('જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૨૨૫–૨૨૬)

» જીવનવિકાસના ભાવસહ પ્રભુપ્રીત્યર્થે સતત કર્મમાં રોકાયેલા રહેવું અને મનને તેવી રીતે રોકાયેલું રાખવું, એના જેવી જીવનની બીજી કોઈ ઉત્તમ કેળવણી નથી. ('જીવનપ્રવેશ', આ. ૧, પૃ. ૧૮૨)

» જેમ તરવાની ભૂમિકા રચવાને ને તે કળા હસ્તગત કરવાને માટે પાણીની જરૂરિયાત છે, તેમ આપણને આ જગતની ને સૌની જરૂર છે ને એ જ્ઞાન એમના એમના સંપર્કથી મેળવી શકાય એટલા પૂરતું જ એ બધું 'સત્ય' છે ને પછી નથી—આપણા પૂરતું જ. પણ તે પછી પણ એનું અસ્તિત્વ નાશ પામતું નથી, માત્ર એનો ઉપયોગ બીજી રીતે છે. ('જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૨૫૭)

» એકાંતિક જીવનમાં મૌનને પ્રધાન સ્થાન છે, તેમાંય સમગ્ર આધારને પ્રભુને સમર્પણ કરવાની ભાવનાને ઉદ્દીપ્ત કરવાને માટે મૌનની ખાસ ને ઘણી જ જરૂર છે. ('જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૨૫૭)

» બધી ઈન્દ્રિયોને પોતપોતાના વિષયમાં રસ લેતી રોકી શકાય ત્યારે જ સાચું મૌન થયું ગણાય, અથવા બીજી રીતે કહીએ તો મૌન એટલે ઈન્દ્રિયોને પોતપોતાની પ્રાકૃતિક ક્રિયાઓમાંથી ઉપરામ પમાડવાની ક્રિયા. ('જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૨૫૮)

» સંયમ એટલે જીવનમાં આચરાઈ રહેલા ભાવોની સીમા. સંયમ એટલે પોતાના જીવનનું રક્ષણ કરવા યોજાયેલી જીવંત ભાવનાત્મક આચારની દીવાલ.

જે સંયમી જીવન જગતને કઠોર કરી મૂકે છે, તેવો સંયમ યથાર્થ નથી. જે સંયમને વારંવાર વ્યકત થવાપણું હોય છે, તે સંયમ જ નથી.

લાગણીઓને યથેચ્છપણે વ્યક્ત થવા દેવાથી શક્તિ ક્ષીણ થાય છે ને જીવનવિકાસના ક્રમમાં તે નિરર્થક નીવડે છે.

જીવનની કોઈપણ શક્તિને હેતુપૂર્વક સીમાબદ્ધ કર્યા સિવાય, તેને અમુક વિશેષ વસ્તુનો અભ્યાસ કરાવી ન જ શકાય.

અસંયમી લાગણી ને વૃત્તિના પ્રાગટ્યમાં નિર્બળતા પોષાય છે.
(**'જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૨૬૩ થી ૨૬૭**)

» માથે ઘણનો માર પડે એટલે કે ગમે તેવી વિકટ કે પ્રતિકૂળ સ્થિતિમાં મુકાઈએ, તોપણ જે ભાવના ઊગેલી હોય તે તેના યથાર્થપણામાં ઊલટી વધુ સતેજ અને શક્તિવંતી બને ને એવું પ્રત્યક્ષ અનુભવાય તો જ તે ભાવના સાચી એમ પ્રમાણવું. (**'જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૨૮૨**)

» ખાલી ગુરુમંત્ર લીધાથી કશું વળતું હોતું નથી. એ પણ એક અજ્ઞાન-મૂલક ભ્રમણા છે. જ્યાં સુધી જીવનનું મૂળ વહેણ બદલાઈ ન જાય, ત્યાં સુધી એવા હજારો ગુરુમંત્ર લીધેલા વ્યર્થ છે.
(**'જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૨૯૦–૨૯૧**)

આશા, તૃષ્ણા, કામ, ક્રોધ, મદ, મોહ, લોભ, મત્સર, કામના, રાગદ્વેષ, અહંકાર વગેરે બધાંને કાઢવાનું કે મોળાં કરવાનું જ્યાં સુધી ઝંખનાપૂર્વકનું ઊગી શકતું નથી, એવી તૈયારી જે જીવની ચાહીને થઈ શકતી નથી, એવા જીવને સાક્ષાત્ શ્રીભગવાન પણ ઊંચે ચડાવી શકવા સમર્થ નથી. (**'જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૨૨૫**)

» વૃત્તિ એ તો શક્તિનું સ્વરૂપ છે. સંસારી જીવની વૃત્તિનું મૂળ તો અજ્ઞાનમાં છે, જ્યારે કોઈ દિવ્ય, ઉચ્ચ આત્માની વૃત્તિનું મૂળ તો જ્ઞાનમાં રહેલું છે. આથી બંનેની વૃત્તિના મૂળમાં—ભૂમિકામાં ફરક હોવાથી, બંનેને એક રીતે જોવાની, માપવાની, અનુભવવાની મનીષા રખે આપણે રાખીએ! (**'જીવનપોકાર', આ. ૨, પૃ. ૨૯૭**)

» અજ્ઞાની, સંસારી જીવની વૃત્તિ વધારે બંધનકર્તા ને રાગદ્વેષને વધારનારી છે, જ્યારે જ્ઞાની જીવાત્માની ભાવના મુક્તિપ્રદેશે પ્રવર્તનારી હોય છે. (**'જીવનપોકાર', આ. ૨, પૃ. ૨૯૭**)

» ઉપયોગ એ જ જ્ઞાન છે. જેમાં ને તેમાં ઉપયોગના હેતુના જ્ઞાનને હૃદયસ્થ દઢાવીને વર્તીએ. ઉપયોગ એટલે માત્ર કંઈ સ્વાર્થ જ નહિ.
(**'જીવનપોકાર', આ. ૪, પૃ. ૧**)

» ગુરુ જે જે કંઈ આપણને સૂચન કરતા હોય તો તે કંઈ અમથું અમથું હોતું નથી. તેમાં કંઈક રહસ્ય અને હેતુ હોય છે. તે સૂચનનો અમલ પ્રેમભક્તિ જ્ઞાનભાવે થયા કરતો હોવાથી એને સ્મરણભાવના પણ દિલમાં પ્રકટ્યા કરે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૪)**

» जीवभावे दया अेटले अहंकार । **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૭)**

» ભાવનાને ટકાવી રાખવાને માટે, તેને વધુ તેજસ્વિત અને શક્તિશાળી બનાવવાને માટે, વધારે એકાગ્ર, કેન્દ્રિત કરવાને માટે નામસ્મરણ એ જબરજસ્ત સાધન છે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૯)**

» બીજા કશાનો અંતરાય નથી, જે કંઈ અંતરાય છે, તે સાચા પ્રકારનો દઢ, મક્કમ નિશ્ચય પ્રકટેલો હોતો નથી તે છે.

**('જીવનપોકાર', આ. ૪, પૃ. ૧૦)**

» આપણને કંઈ કશાનો સામનો કરવાનો નથી, સામનો જે કરવાનો છે તે તો અંતરમાં આંતરિક વૃત્તિઓનો.

**('જીવનપોકાર', આ. ૪, પૃ. ૧૦)**

» જે જે રીતે જોયું, જેવું જેવું આપણે સાંભળ્યું, વિચાર્યું, વર્ત્યા, બોલ્યા ને જેવી જેવી વૃત્તિ તે તે પળે આપણી રહી, તે તે રીતનું તેવું તેવું, તેવી તેવી વૃત્તિનું જીવન આપણે નિર્માણ કરી ચૂક્યાં નિશ્ચે જાણવું, સમજવું ને માનવું. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૨૦–૨૧)**

» જીવકક્ષાનું નકારાત્મક જે હોય, તેવું જીવનમાં નિર્માણ નથી જ થવા દેવું એવો મક્કમ નિર્ધાર જે જીવે કરેલો છે, તેવો તો કંઈ પણ કશો નકારાત્મકપણાનો અંતરમાં કે બહારથી અનુભવ થતાં અંતરથી પૂરો સાબદો બની પૂરો જાગ્રત બને છે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૨૧)**

» ગમે તે થાય તેમ થતાં જીવનનાં નકારાત્મક પાસાંને તો કાન, મોં, આંખ ન ધરવાં તે ન જ ધરવાં. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૨૧)**

» મૌનનું આંતરિક વ્યાપક સૂક્ષ્મ સ્વરૂપ પ્રકટ્યા વિના મન નિઃસ્તબ્ધ—નીરવ દશાને કદી પણ પામી શકતું નથી. મન

નિસ્તરંગ દશાને જ્યાં સુધી ન પામે, ત્યાં સુધી મનની મૂળ શક્તિ વ્યક્ત થતી અનુભવાઈ શકાતી નથી. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૨૪)**

» મનાદિકરણો ભાવનાથી જ્યારે તરબોળ રહ્યા કરે છે, ત્યારે બીજી કોઈ જાતના વિચારો પ્રવેશી શકતા નથી. તેવી દશામાં નામસ્મરણ આદિ સાધન, ભાવની એકતાનતાથી, એકાગ્રતાથી સારી રીતે થયા કરે છે. ભાવની એકાગ્રતા જામતાં જામતાં તેમાંથી કેન્દ્રિતતા જન્મે છે. ભાવની કેન્દ્રિતતા થતાં, ને તેની સંપૂર્ણતાની ટોચે પહોંચતાં ને તે દશામાં લાંબા ગાળા સુધી સ્થિરપણે ટકતાં ને જીવતી રહ્યાં કરતાં તે પછી તેનો વિસ્તાર પણ થવા માંડે છે. શ્રીસદ્‌ગુરુનું ચેતનવંતું પવિત્ર સ્મરણ હૃદયમાં હૃદયથી પ્રકટાવીને તેના હૃદય સાથે આપણા હૃદયનું ભાવભક્તિથી એકતાનતાભર્યું અનુસંધાન કર્યા કરીને તેવું જ્ઞાનયુક્ત તાદાત્મ્ય સાધી સાધીને હૃદયની એકતા જ્યારે ઉદ્‌ભવે, તેવી વેળા જે જીવંત ચેતનયુક્ત કેન્દ્રિતતા પ્રકટે છે, તે સ્થિતિ જ્ઞાનદશાના અનુભવની ભૂમિકારૂપે હોય છે.

**('જીવનપોકાર', આ. ૪, પૃ. ૨૭)**

» શ્રીસદ્‌ગુરુના હૃદયના ભાવને જ્યારે સાધક પ્રેમભક્તિ વડે હૃદયમાં હૃદયથી પકડતો બની શકે છે, તે વેળાથી સાધકના જીવનનો વિકાસ ઘણો ઝડપી બની જતો હોય છે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૨૮)**

» સ્થૂળ પ્રાણ પોતાની અસર મનાદિ ઉપર પહોંચાડીને બુદ્ધિને ભમાવી દે છે, ચિત્તમાં દોષ ઉત્પન્ન કરે છે, મનને ચકડોળે ચઢાવે છે, એટલે વિચારની પૂરેપૂરી શુદ્ધતા આપણામાં રહી શકતી નથી.

**('જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૧)**

» ખચકાતાં ખચકાતાં કંઈક કશું કોઈનેય આપવાનું બન્યું તો તેવા આપવાપણાથી કશું એની યોગ્યતામાં ફળી શકતું નથી. આપવામાં જો કંઈ કશી ગણતરી, માન્યતા, અપેક્ષા કે આડીઅવળી સમજણ પ્રકટેલી રહી તો તેવું અપાયેલું મિથ્યા નીવડી શકે છે. જે કંઈ

આપવાનું હોય તે એક યજ્ઞભાવના તરીકે પોતાના વિકાસાર્થે ને શુદ્ધ નિર્મળ ભાવના પ્રકટાવવા કાજે તેમ કરવાનું હોય.

**('જીવનપોકાર', આ. ૪, પૃ. ૪૯)**

» જગત એટલે જ ફેરફાર. તો એવા ફેરફારને જીવનમાં જ્ઞાનપૂર્વક આપણે આવકારીએ અને સ્વેચ્છાએ આપણા જીવનનો સમૂળગો ફેરફાર પ્રભુકૃપાથી પમાડતાં રહીએ. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૪૯)**

» ઇન્દ્રિયોની લાલસાઓને જીતવાનો ઉપાય તે તે વેળા ગદ્ગદ ભાવે ને તેની વેદનાથી ડંખતા અને સાલતા હૃદયે, આર્ત અને આર્દ્ર ભાવે શ્રીહરિની પ્રાર્થનામાં રહેલો છે. સતત ભાવનાભર્યા નામસ્મરણનું એકધારું દિલમાં દિલથી રટણ તે વેળા થયે જવું ઘટે. એના જેવો બીજો કોઈ સરળ ઉપાય નથી. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૫૨)**

» જ્ઞાનભક્તિપૂર્વકનું આત્યંતિક પૂરેપૂરું આત્મસમર્પણ થયું ન હોય, ત્યાં સુધી આપણા પોતાના અંગત પુરુષાર્થની ઘણી ઘણી જરૂર રહે છે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૬૨–૬૩)**

» બીજાંને આગળ આણ્યાં કરવાનું પ્રેમભાવે જો આપણે કરીશું તો તેમાં આપણું કશું જ બગડી જવાનું નથી. ઊલટો લાભ જ છે. અહમ્ ટાળવાની એ તાલીમ બની શકે છે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૭૪)**

» કોઈનાયે પ્રત્યે નકારાત્મક વલણ ઊપજે એટલે કે જો આપણું મન તેનું નરસું વિચારવાનું કરે કે, તુરતાતુરત તે જીવના ઉત્તમ પાસાને યાદ કરવું. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૭૫)**

» જગતમાં અને સંસાર વ્યવહારમાં ન્યાય-અન્યાયનાં પાસાં રહેલાં હોવાથી આપણને ન્યાય પણ થાય અને અન્યાય પણ થાય, એવું તો બનતું જ રહ્યા કરવાનું. વળી, આપણને જે અન્યાય થતો દેખાય છે, તેવો સાચે સાચ અન્યાય કરવાનો હેતુ સામાનો ન પણ હોય. આપણે તો હરકોઈ સ્થિતિમાં સદ્ભાવ જ સેવવાનો હોય.

**('જીવનપોકાર', આ. ૪, પૃ. ૭૬)**

» બીજી વ્યક્તિ તરફથી કોઈનીયે નકારાત્મક વાત નીકળતાં, તેવી વેળાએ આપણે કળા વાપરીને ચાલતી વાતને એવો તો પલટો અપાવીને કોઈ બીજા ઊંચા ભાવનાના પ્રસંગના વલણમાં તેને ફેરવી નંખાવવાનું કરવું જોઈએ. સામા જીવની ભાવનાને પણ તેજસ્વિત બનાવવાનું થાય, એવી રીતે વાતનો પ્રકાર ઉપજાવવાની કળા આપણામાં પ્રકટેલી હોવી જોઈશે.

દુન્યવી, સાંસારિક, ક્ષુલ્લક વાતો ન છૂટકે સાંભળવી જ પડે તેવી નાજુક પરિસ્થિતિની વેળાએ તે વાત સાંભળવા છતાં સાંભળવાનું ન બને એમ મનને, ત્યારે નામસ્મરણ ધારણામાં બુડાડી દેવાનું પ્રભુકૃપાથી ચેતીને, જાગીને થયા કરતું હોય તેવી ટેવ આપણે પાડવી જોઈએ. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૮૨–૮૩)**

» જેમ કાંટાથી કાંટો નીકળી શકે છે, જેમ ઝેર ઝેરની માત્રાથી ટળી શકે છે, તેમ જીવનું સંસારીપણું જીવનવિકાસની ભાવનાને સંસારમાં તેની યથાર્થતા વડે કરીને જીવવાથી ટળી શકે છે.

**('જીવનપોકાર', આ. ૪, પૃ. ૮૫)**

» ઘણા લોક 'એ (પ્રભુ યા ગુરુ) બધું જ જાણે છે, એ અંતર્યામી છે. એને શું કહેવાની જરૂર છે ?' એવા જે ખ્યાલો રાખે છે, તે અજ્ઞાનમૂલક ને ભ્રમણાત્મક છે. અંતર્યામીત્વની હકીકત યથાર્થ હોવા છતાં સાધકે તો આત્મનિવેદનરૂપે જે તે બધું કહેવું કે લખવું ઘટે છે. પ્રાર્થનાનો આશ્રય લઈને ચેતનાની કૃપાશક્તિને પોકાર્યા કરવાની રહે છે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૧૦૯–૧૧૦)**

» હૃદયમાં હૃદયથી જે પ્રાર્થના થતી તેમ છતાં તે ન ફળતી તો આ જીવ પોતાની જાત—મનને, પ્રાણને, ચિત્તને, બુદ્ધિને, અહમ્‌ને તેનાં અનેક પાસાંઓમાં વળી વળીને તપાસી લેતો. ક્યાંક કવાણું હોવું જ ઘટે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૧૧૧)**

» સંસાર, વહેવાર વર્તનમાં જ્યાં જ્યાં આપણને અન્યાય થતો લાગે, ત્યાં ત્યાં અન્યાયને અન્યાય તરીકે તો કદી પણ ન સ્વીકારવો. એની પાછળ આપણને ઘડવાનો પ્રભુનો હેતુ પ્રીછવો. અન્યાય થયો છે

એવું લાગે છે તે આપણાં મન, બુદ્ધિ, પ્રાણ ને અહમ્‌ને તેઓ હજી પૂરી સમતામાં, તટસ્થતામાં, શાંતિયુક્ત દશામાં ક્યાં પ્રકટેલાં હોય છે કે તેમનો તેવો તોળેલો તે અંગેનો ન્યાય યોગ્યતાવાળો હોય ? મનાદિએ જે વિચાર્યું હોય તે તદ્દન ખરું જ છે એમ કેમ કરીને જાણી શકાય ? દરેક પ્રસંગને અનેક બાજુઓ હોય છે. એટલે તેને તેની સમગ્રતાથી આકલન કરવાનું આપણાથી કેવી રીતે બની શકે ? માટે માનેલા અન્યાયને અન્યાય તરીકે ગણવાનું થતાં તો આપણે જ કદાચ બીજા કોઈને અન્યાય કરી બેસીશું.

આપણે ભલે કદાચ અન્યાયના ભોગ બની જતા હોઈએ, પણ આપણાથી કોઈને અન્યાય ન થઈ જાય તેમ જ કોઈને અન્યાયી માની ન લેવાય તેની પૂરી કાળજી રાખવાની છે.

આપણું અહમ્ અમથું અમથું જરાપણ ઘવાતાં એની ક્રિયા શરૂ થઈ જતી હોય છે. અહમ્‌પણે પ્રકૃતિનું કાર્ય થતું હોય છે ને એની પાછળ પ્રકૃતિની પ્રેરણા છે. આપણી એવી અહંતા ઘટે એ સાધના-માર્ગ માટે ઘણું મોટું ને જીવ કાજે ભારેમાં ભારે મુશ્કેલ કાર્ય છે, પરંતુ તે કર્યા વિના છૂટકો નથી.

આશાઓ, ઇચ્છાઓ, કામનાઓ, તૃષ્ણાઓ આદિનું સ્ફુરણ થતું ભલે દેખાય, પણ ગતિમાન થતું ન અનુભવાય ત્યારે જાણવું કે આપણું અહમ્ નરમ પડેલું છે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૧૨૧ થી ૧૨૩)**

» પ્રાર્થના કરવાની જે બાબતમાં પ્રાર્થના કરતા હોઈએ તે ફળે કે ન ફળે તે મહત્ત્વની બીના નથી, પરંતુ જેમ જેમ પ્રાર્થનાનો ભાવ આપણા હૃદયમાં પ્રત્યક્ષપણે જીવતો બન્યા કરતો હોય છે, તેમ તેમ શ્રીભગવાનના ભાવ સાથેનો આપણા અંતરનો સંબંધ બંધાતો જતો હોય છે તે એક મહત્ત્વની હકીકત છે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૧૩૪)**

» કર્મની યોગ્યતા જોવા કરતાં ઇન્દ્રિયો ને મનાદિકરણોની પાત્રતા અને શ્રેષ્ઠતા યોગ્ય પ્રકારની થાય, તે પરત્વેનો આપણો જીવતો જાગતો ઝોક હેતુપૂર્વકનો વધે તે ઘણું જરૂરનું છે.

**('જીવનપોકાર', આ. ૪, પૃ. ૧૪૦)**

» શ્રીસદ્‌ગુરુની ભક્તિ માત્ર તેમના શરીરની સેવામાં પર્યાપ્ત થઈ જતી નથી, પરંતુ ગુરુની ચેતનાત્મક ભાવનાની ધારણા આપણા હૃદયમાં પળેપળ જીવતી રહ્યા કરે, એવી ધારણાથી આપણને જેમાં ને તેમાં ઊંચે તર્યા કરવાનું પ્રત્યક્ષ તે તે વેળા જ્ઞાન પ્રકટ્યા કરી તે તે કર્મ યજ્ઞભાવે થયા કરે. તે તે કર્મ પાછાં પ્રભુ-ચરણકમળે સમર્પણ થયા કરે ને તેવાં કર્મો પ્રભુપ્રીત્યર્થે થયા કરે—એવું એવું જ્ઞાન તે તે કર્મ કરતી પળે આપણામાં જીવતું રહ્યા કરે, તે જ શ્રીસદ્‌ગુરુની સાચી પ્રેમભક્તિ છે. જેના વડે આપણા જીવનનું યોગ્ય સાચું ઘડતર થયા કરે, તે શ્રીસદ્‌ગુરુની પ્રેમભક્તિ છે.

**('જીવનપોકાર', આ. ૪, પૃ. ૧૮૪)**

» શ્રીસદ્‌ગુરુની સાચી પિછાન તો કદી બાહ્ય રીતે થતી હોતી જ નથી. એ તો આગળ જતાં જતાં અંતરમાં અંતરથી થયા કરતી હોય છે. એવો પ્રકટેલો અનુભવ તે જ સાચો અનુભવ છે.

**('જીવનપોકાર', આ. ૪, પૃ. ૧૯૦)**

» સકળ કંઈ મળી આવતાં કર્મ એ આપણા વહાલા પ્રભુની પ્રસાદી છે, એમ જ્ઞાનપૂર્વક સ્વીકારીને જ્યારે કંઈ અણગમતું, અજુગતું કરવાનું આવી પડે, તેવી વેળાએ પણ તેને પ્રભુકર્મ સમજીને, તેવા કર્મમાં તે કર્મનાં પાસાંને ન નિહાળતાં તેનાથી પ્રભુનો પ્રેમભાવ પ્રકટાવવાનું બન્યા કરે તો તો એવા થયેલા અનુભવથી પ્રેરણાત્મક સમજણ આપણને પ્રકટ્યા કરે ખરી. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૧૯૪)**

» કુટુંબના વડીલો પણ આપણાં જેવા જ માનવીઓ છે. જેમ આપણામાં અનેક પ્રકારની ઊણપો, કુટેવો, અવગુણો વગેરે ભર્યા પડ્યા છે, તેમ તેમનામાં પણ હોઈ શકે છે, પરંતુ તેથી કંઈ તેઓ પરત્વેના આપણા સદ્‌ભાવ, આદર, પ્રેમભાવ વગેરે ઘટી જવા ન જોઈએ. સદ્‌ભાવથી સદ્‌ભાવ સાંપડે છે ને તેવી ભાવનામાં વધારો થાય છે. તેમના પ્રતિ જે ભાવ આદર કેળવવાનાં છે, તે આપણા પોતાના વિકાસ માટે છે. આપણે કંઈ ગુણની પૂજા કરવા નથી નીકળ્યા,

પરંતુ તેઓ આપણા વડીલ છે, તે હકીકત જ માન-ભાવ-આદર દેવા માટે પૂરતી ગણાવી જોઈએ. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૧૯૬)**

» **'મન લાગો મેરો યાર ફકીરી મેં'** ફકીરી એટલે માત્ર ગરીબાઈ નહિ, માત્ર ત્યાગ નહિ. જેનામાં મન દિલ લગાડી દેવાનાં છે, તેના વિના બીજા કશામાં તે ચોંટી જ ન શકે તેવી મસ્ત દશા પ્રકટેલી હોય તે પણ 'ફકીરી'ના અર્થ માટે પૂરતું નથી. એનાથીય આગળ ફકીરીનો ભાવ તો જીવનવિકાસની ઉત્તમમાં ઉત્તમ જ્ઞાનમૂલક કક્ષાઓમાં પ્રકટતો રહ્યા કરે છે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૨૦૦)**

» કર્મનું કર્તાપણું, એનું ઉત્તમપણું, એનું કૌશલ્ય, એની શક્તિ, એની કળા—એ બધું જીવનું નથી જ નથી. તે તો બધું વાતાવરણના ચેતનના વિસ્તારપણામાંથી પ્રકટેલું છે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૨૦૪)**

» ગરીબની કોઈ 'દયા' ખાશો નહિ. દયા ખાનાર આપણે કોણ ? એ કોઈ કને દયા નથી માગતો, માગે છે ન્યાય. એ આપી શકાતો હોય તો આપજો. દયા ખાવાની ન હોય. સહાનુભૂતિ ધરાવી શકાય. દયાની લાગણીમાં સૂક્ષ્મ અહંકાર છુપાયેલો છે.

**('જીવનપોકાર', આ. ૪, પૃ. ૨૦૮)**

» ગુરુના આંધળા અનુકરણથી કશો શુક્કરવાર વળી શકતો નથી. તે તો જીવનનું અજ્ઞાનતામાં મૃત્યુ છે. ગુરુ કરવા ખાતર ગુરુ કરવા એ તો મુદ્દલે ખપનું નથી, પરંતુ જીવનવિકાસની ભાવનાને જીવનમાં ઉપયોગમાં પ્રવર્તાવવા કાજે શ્રીસદ્‌ગુરુનું જ્ઞાનભક્તિપૂર્વક સેવન કરવાના ભાવે જીવનવિકાસની ભાવનાના આધારના સાધનરૂપે શ્રીસદ્‌ગુરુ કરેલા હોય તો તે ગુરુ ખપના છે. એવું જો સાચેસાચ એના યોગ્ય ભાવાર્થમાં આપણા જીવનમાં હૃદયથી પ્રકટેલું હોય, તો એનું માપ-લક્ષણ એ છે કે એની ગરજ આપણામાં જાગી ગયેલી જીવનમાં અનુભવાશે. જો એવી પૂરેપૂરી સાચી ગરજ જાગી ગયેલી હોય, તો મન ફરી ફરી, વળી વળી, એના તરફ વળ્યા કરે. એમ હોય તો એ વારંવાર યાદ આવ્યા કરે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૨૧૦–૨૧૧)**

» ગુરુને પારખી પારખીને, કસીને સ્વીકારો તેની ના નથી. સ્વીકારતા પહેલાં જે કંઈ અંતરમાં જાણવું હોય તે બુદ્ધિની, ભાવના આદિની મદદથી જાણી લેવાનું કરી શકાય, પણ એકવાર તેને હૃદયથી સ્વીકાર્યા બાદ તેની સાથે ખાલી ગતકડાં કરવાં, શંકા-કુશંકાઓમાં અટવાવું, તર્ક-વિતર્કો કરવા, વગેરે આપણા કાજે જરાકે યોગ્ય નથી. તેને આપણા જ જેવો (પ્રકૃતિથી પ્રેરાતા માનવી જેવો) સમજવામાં, માનવામાં, જાણવામાં આપણો પ્રકૃતિદોષ રહેલો છે તે નક્કી પ્રમાણવું. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૨૧૪)**

» ગુરુના હૃદયભાવને સહજમેળે જો આપણાથી જીવનમાં સ્વીકારી શકાતો હોય તો તો તે સર્વથી ઉત્તમ છે.
**('જીવનપોકાર', આ. ૪, પૃ. ૨૧૬)**

» આપણે જે જે કંઈ કરીએ છીએ, તે આઘાત પ્રત્યાઘાતથી પ્રેરાઈને કરતા હોઈએ છીએ અને આઘાત પ્રત્યાઘાતની ભૂમિકા એટલે તો કોઈ ને કોઈ પ્રકારની ક્ષુબ્ધતાની દશા. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૨૪૩)**

» જે જે કંઈ જેને ઉત્કટપણે કઠે, તેમાંથી તે પરાઙ્મુખ પણ થઈ શકતો હોય છે. દુઃખ આપણને જગાડે ને ગતિમાં પ્રેરાવે તો તે દુઃખ સાચું.
**('જીવનપોકાર', આ. ૪, પૃ. ૨૬૪)**

» દુઃખ પોતાને જાણવા સમજવા કાજેનું યોગ્ય દર્પણ છે.

» જીવે શ્રીભગવાનના માર્ગે વળવાનું કર્યું કે લોક તેની કનેથી વધારે ને વધારે ઉત્તમપણાની આશાની ધારણા સેવતા હોય છે. તેમને એમ ખબર નથી રહેતી કે કોઈ કંઈ એકદમ પ્રકૃતિ કે સ્વભાવ થોડો જ સુધારી શકતું હોય છે ? સાધક થતાંની સાથે થોડું જ સિદ્ધ થઈ જવાય છે ? પરંતુ આમાંથી આપણે તો એ પાઠ લેવાનો છે કે હવે આપણાથી યદ્વાતદ્વા વર્ત્યે નભી શકાવાનું નથી. તેમ છતાં પાછું આપણે કંઈ લોકોને માટે જીવવાનું નથી. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૨૯૫)**

» લોકો તો બેઠક વિનાના ઢોળવા જેવા છે. આજે એક બોલે તો કાલે બીજું પણ બોલે. જેને વખાણે તેને નિંદે પણ ખરા. તેમ છતાં તેમની

અવગણના તો કદી ભૂલેચૂકે પણ આપણાથી થઈ ન જ શકે. **લોકોમાં પણ આપણો વહાલો પ્રભુ રમી રહેલો છે.** તે દ્વારા આપણને તે ચેતવતો પણ હોય. એ રીતે આપણે તો લોકોના બોલવાપણામાંથી શીખવાનું પણ હોય. તેમ છતાં લોકો અને તે (શ્રીભગવાન) બંને એક નથી. **લોકોમાં ભગવાન છે, પણ લોકો ભગવાન નથી.**

**('જીવનપોકાર', આ. ૪, પૃ. ૨૯૫–૨૯૬)**

» આપમેળે આનંદથી, સમજણના હેતુથી જે કર્યાં કરીએ, ને કરવું જ પડતું હોય ને કર્યાં વિના છૂટકો જ નથી. એવી રીતે તેનું તે જ કર્મ કર્યાં કરતાં હોઈએ, તો તે બંનેના પરિણામમાં પણ ભેદ હોય છે. આપણે તો જે તે આનંદથી, જીવનની કેળવણીના હેતુનો જીવતો ખ્યાલ ઉગાડી ઉગાડીને કર્યાં કરવાનું છે.

**('જીવનપોકાર', આ. ૪, પૃ. ૨૯૯)**

» ભક્તિમય જીવન એટલે કલ્પનામય જીવન એમ નથી. ભક્તિ એટલે પોકળતા પણ નહિ. ભક્તિનો પાયો તો જ્ઞાનની વાસ્તવિકતાભરી હકીકતના નક્કર પાયા પર રચાયેલો હોય છે. ભક્તિ એટલે તો મનાદિકરણોને સતત એકધારા એના પ્રિય ચિંતવનમાં ગુંદર કે સરેશની જેમ ચિટકાવીને રખાવે ત્યારે તેને ભક્તિ કહી શકાય.

**('જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૨૩)**

» શ્રીભગવાનની કૃપા રેઢી પડી નથી. તે તો એનાં થયેલાં હોય તેવી વેળાએ પણ તેની અગ્નિપરીક્ષામાં કેટલાંયે તેનાં ભક્તજનો આકરાં તવાયાં છે. એટલે તેની કૃપા, તેના થઈ જવાતાં પછી પણ, તેની કસોટીમાંથી પાર ઊતરતાં ઊતરતાં મળતી હોય છે. કૃપાનું સ્વતંત્ર અસ્તિત્વ છે ને બધું છે, પણ પહેલાં તો આપણું જ અસ્તિત્વ ક્યાં છે તેનું ભાન કોને છે ? **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૨૮–૩૨૯)**

» અનેક વેળા આપણે વધસ્થંભે ચઢ્યા જ કરવાનું રહે છે.

**('જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૩૨)**

» કસોટીમાંથી સહીસલામત પસાર થયા વિનાનો સદ્‌ભાવ પણ શા

કામનો ? જગતવ્યવહારમાં લોક પણ નાણું પારખીને લેતા હોય છે, ત્યારે શ્રીભગવાન કંઈ સામાન્ય લોક કરતાં ઊતરતો તો ન જ હોઈ શકેને ? **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૩૩)**

» જે જીવ સાચી રીતે મથતો હોય છે, તે કદી પણ માથે હાથ દઈને બેસી રહેતો નથી, અથવા તો કદી પણ પરિસ્થિતિનો વાંક કાઢતો નથી. પોતાની અશક્તિ હોય, નબળાઈ હોય કે ગમે તેવું હોય તોપણ તેને તે રૂપે જ સ્વીકારી લે છે. તેમાં તે કોઈ જાતનાં ગલ્લાંતલ્લાં કરતો નથી. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૩૮)**

» 'અમુક થયું તેથી તેમ થયું ને આમ હતું તેથી તેમ બન્યું' તેવું તે કદી કહેતો નથી. તે તો ખચકાયા વિનાનો સ્પષ્ટ, ખુલ્લો, હૃદયનો એકરાર કરી દે છે. જે જીવ પરિસ્થિતિથી લાચાર બન્યો એમ ગણાવે છે, તેવો જીવ પોતાની લાચારીને, પરિસ્થિતિને નિમિત્તે સંતાડે છે. એટલે જે જીવ સાવ ખુલ્લો નથી, તે કશાક નિમિત્તને પાછળ ઊભું કરતો હોય છે. તેવો જીવ ક્યાંક ને ક્યાંક જરૂર અટવાઈ જવાનો.
**('જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૩૮)**

» જે જે આત્મનિષ્ઠ થયા છે, તેમનામાં કંઈક કંઈક અમુક પ્રકારની વિચિત્રતાઓ—ખાસિયતો જોવામાં આવેલી છે. તો તેવું શાથી ? એમ લોકો પૂછે છે. તેનો જવાબ એ છે કે સામાન્ય માનવી પ્રકૃતિવશ હોઈ વિચિત્રતાઓનો દાસ છે, જ્યારે આત્મનિષ્ઠમાં તો તેની સવિશેષતા છે, તે તેની લાક્ષણિકતા પણ છે.
**('જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૪૮)**

» પ્રકૃતિ એના અસલ સ્વરૂપમાં તો અશુદ્ધિવાળી નથી, તે તો દ્વંદ્વની રમતમાં પડેલી છે. દ્વંદ્વ એ એનું લક્ષણ છે. એના ચણતરમાં જ દ્વંદ્વ રહેલું છે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૪૮)**

» વ્યક્તિગત જીવનમાં શું કે સમગ્ર જીવનમાં શું કે સારાય સમાજ કે સૃષ્ટિના જીવનમાં શું—મન, બુદ્ધિ વગેરેથી જીવનના બધા પ્રશ્નો ઉકેલાઈ જવાના છે એમ અનુભવ તો બતાવી આપતો નથી. મન-

બુદ્ધિ કંઈ કશાનું સમગ્રપણું તોલવાને, માપવાને, સમજવાને, અનુભવવાને કદી પણ શક્તિમાન નથી.

**('જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૫૨)**

» આપણી સંસ્કૃતિમાં જે અનેક પ્રકારના સાંપ્રદાયિક મતો પ્રસર્યા, તે ત્યાગ અને ભોગ એ બેની વચ્ચેના બધા ફાંટાઓ છે. ત્યાગ કે ભોગ બંને પ્રેમભક્તિજ્ઞાન યોગની ભૂમિકાવાળા જ હોવા ઘટે, તો જ તે શોભે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૬૮)**

» સંયમ અને દમન એ બેમાં ઘણો તફાવત છે. દમનથી બુદ્ધિ, પ્રાણ આદિ કુંઠિત બની જાય છે. જેમ નપુંસક માનવીમાં વાસના નથી હોતી એવું નથી હોતું. એવી રીતે કરણોને કુંઠિત બનાવીને આગળ વધવાના માર્ગને આપણી સંસ્કૃતિના અનુભવીઓએ સામાન્યતઃ નકાર્યો છે.

**('જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૬૯)**

» લાગણીઓને પંપાળતા શબ્દોથી કે એવા પ્રકારના કાગળના લખાણથી આશ્વાસન આપવાની રીત એ જીવનવિકાસની ભાવનાને સાચી રીતે પ્રેરનારી નથી, એથી તો ઊલટું જીવન કે લાગણી વધારે લૂલી લૂલી બને છે. ભાષા એ તો જીવનને આકાર પમાડવાને ઘણું લૂલૂં ને અધૂરું સાધન છે. સાચું સાધન તો પ્રેમભક્તિ-જ્ઞાનયોગ-પૂર્વકની જીવનની તપશ્ચર્યા છે. શબ્દમાં, શબ્દલાલિત્યમાં, વિચારમાં ને લાગણીમાં રાચનારો જીવ જીવનવિકાસને સાચી રીતે સાધી શકવાનો નથી. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૭૨)**

» કંઈ કશા પર તિરસ્કાર કરવાથી તેમાંથી નીકળી શકાતું નથી, પણ ઊલટું કળણમાં વધુ ખૂંપી જવાય છે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૮૩)**

» જીવનવિકાસના માર્ગમાં તિરસ્કાર, ઘૃણા, વેર, નિંદા, અવમાનના, અવગણના વગેરે વૃત્તિને સ્થાન જ નથી. ઘણાંને એમ કહેતાં જાણ્યાં છે કે 'પાપને ધિક્કારતાં શીખો, પાપીને નહિ.' પરંતુ પાપ ને પાપી તે બંનેને એકબીજાથી અલગ પાડીને જુદાં જુદાં સમજી, તેમ ગણી શકવાની ખપમાં લાગે એવી સૂક્ષ્મ વિવેકશક્તિ સામાન્ય જીવમાં

હોતી નથી. એટલે પાપને ધિક્કારવાની સાથે સાથે આપણું મન પાપીને પણ તેમાં સમાવી દેતું હોય છે. આથી આપણે તો સર્વ પરત્વે, સારા કે નરસા પરત્વે એકમાત્ર જીવતો સદ્ભાવ જ રાખ્યા કરવાનો હોય. જો આપણા જીવનમાં જીવનવિકાસની ભાવનાનું મહત્ત્વ પ્રકટેલું રહ્યા કર્યું હશે, તો નરસાની પરત્વે આપણે વળગી શકવાના નથી અથવા વળતાં વળતાં જાગી જઈને બચી શકવાનાં છીએ તે નક્કી જાણવું. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૮૪)**

» સજાગ અને મથતા માનવીને તો ડગલે ને પગલે વિચારવાનું હોય છે. એને તો પળેપળ યુદ્ધની સ્થિતિમાં જતી હોય છે. આંતર-બાહ્ય બધે જ સંગ્રામ પ્રકટેલો રહ્યા કરે છે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૯૫)**

» સાંસારિક જીવનની સાંકળથી મુક્ત થઈ જ શકાતું હોય ને બીજી બાજુથી માનવીની મહેચ્છા આધ્યાત્મિક જીવન પરત્વેની થોડીઘણી પણ હોય તો, તેવા જીવે પ્રાર્થના કરી શ્રીભગવાનની મદદ માગવી રહી. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૯૭)**

» જીવપ્રકૃતિને ચેતનપણામાં જ્ઞાનપૂર્વક લય પમાડી દેવી એનું નામ મરીને જન્મવું. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૪૦૫)**

» કેટલાય જીવો પોતાની અશક્તિનો, પ્રકૃતિનો, તામસનો અથવા ખાલી ખાલી પડી રહી એળે સમય ગુમાવવાપણાની નિષ્ક્રિયતાનો ઉપર ઉપરથી તો દોષ કાઢતા ને સ્વીકારતા જાણેલા છે, પરંતુ અંતરમાં, અંતરથી તેવી પોતાની દશા નિર્મૂળ કરવાને મુદ્દલે તેઓ સાચી રીતે ઉત્કટ તમન્નાથી હૃદયમાં ઝંખતા હોતા નથી. સાધકે પોતાના અંતર્યામી સાથેનો આંતરિક સંબંધ કોઈ ને કોઈ સાધનથી કરી, સતત પળેપળ એકધારો જીવતો થઈ શકે, તે તેવા ભાવમાં એની સાથે હૃદયથી હૃદયમાં એકરસ થઈ શકે એવા જ્ઞાનભક્તિ-પૂર્વકના પ્રયત્નમાં રહેવું જોઈએ. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૪૦૮)**

» જીવનવિકાસ પરત્વેનો જે આશાવાદ છે, તે તો જ્યાં ને ત્યાં અને જેમાં અને તેમાં બાથોડિયાં મારતો હોતો નથી. એનો માર્ગ તો

નિશ્ચલ હોય છે અને એની મતિ-ગતિ પણ નિશ્ચલ હોય છે. એનો નિર્ણય પણ નિશ્ચલ હોય છે. (**'જીવનપોકાર', આ. ૪, પૃ. ૪૧૧**)

» ગુરુનાં ચરણસ્પર્શ કરવાં, સાષ્ટાંગ દંડવત્ પ્રણામો કરવા, ચરણામૃતો પીવાં, ફૂલો ચઢાવવાં, ધૂપ-દીવા કરવા, પૂજા-અર્ચન કરવાં, અગરબત્તી સળગાવવી, માળાઓ પહેરાવવી, ભેટસોગાદો ધરવી—એવું બધું ને એટલું જ માત્ર કરવું—એનાથી જીવનવિકાસની દિશામાં કશું જ ન વળી શકે. જે કામ કરવું છે તેની જાગૃતિ, ચીવટ, ખંત, કાળજી વગેરે હજી ક્યાં પ્રકટ્યાં છે ? પોતાના કામનું જીવતું રટણ, રોજિંદા વ્યવહારવર્તનમાં ક્યાં રહે છે ? ખાલી 'ગુરુ, ગુરુ' કર્યે શું વળી શકે ? ખાલી ગુરુના નામના જયનાદો અને પોકારો કર્યે શું થઈ શકે ? આ તો બધી છે બહિર્પૂજા. તેનુંયે સ્થાન છે, જો તેથી આંતરિકભાવ તેના યથાર્થપણામાં પ્રકટી શકતો હોય તો, નહિતર નહિ. તેથી તો બહુબહુ તો આ માર્ગની અભિરુચિ ઊપજે, તેથી વિશેષ કશું નહિ. માટે જે ખરું કરવાનું છે, તે કરવા દિલ લાગી જવું જોઈએ. ગુરુની સાથે આપણા હૃદયના તારનું જ્ઞાનપૂર્વકનું હૃદયમાં હૃદયથી અનુસંધાન પળેપળ સંપૂર્ણ ચેતનયુક્ત જાગૃતિમાં થઈ જવું ઘટે. એવું અનુસંધાન જ્યારે જીવની દશામાં હૃદયમાં પ્રકટે છે, ત્યારે જ સાધના સહજમેળે થયા કરે એવી કક્ષામાં પ્રવેશવાનું બની શકે છે. (**'જીવનપોકાર', આ. ૪, પૃ. ૪૧૬–૪૧૭**)

» રાગદ્વેષમાંથી ઊગરવાને કાજે આપણે કંઈ ખાસ મથામણ નથી કરવાની, પણ ખરી મથામણ તો કરવાની છે પ્રભુમય જીવન જીવવા કાજે. તેવું જીવન જીવવાની કળા જો પ્રભુકૃપાથી પ્રાપ્ત થઈ શકી તો રાગદ્વેષનો વંટોળિયો જીવનમાંથી આપમેળે અદૃશ્ય થઈ જવાનો છે. રાગદ્વેષ ને દ્વંદ્વાદિથી મુક્તિ મેળવવાને જે જીવ જહેમત ઉઠાવવાનું કરે છે, એવા પ્રયત્નમાં જીવનનું કલ્યાણ નથી એમ કહેવાનો તો આશય ન જ હોય, પરંતુ એ બધુંય પ્રભુમય જીવન થઈ જતાં આપોઆપ ફલિત થવાનું જ છે. એટલે જે ઝોક દેવાનો છે તે ગુણોની પ્રાપ્તિની સાધના પર નહિ, પરંતુ આંતરિક જાગૃતિ

ને પ્રભુભાવ ઉપર ખરો ઝોક દેવાનો છે.

**('જીવનપોકાર', આ. ૪, પૃ. ૪૨૦–૪૨૧)**

» ભાવનાને કર્મમાં પ્રવેશ કરાવવી ઘટે. કર્મનું પરિણામ ને તેની કક્ષા— ભાવના જો તે કર્મમાં હોય ને તે પણ તે હેતુના જ્ઞાનપૂર્વકની હોય તો બદલાતાં રહે છે. જ્યારે કર્મ અતિ ઉત્તમ કક્ષાનું હોવા છતાં જો ભાવના જ્ઞાનપૂર્વકની ઉત્તમ કક્ષાની તેમાં જીવતી રહ્યા કરેલી ન હોય, તો તેવા ઉત્તમ કર્મનું પરિણામ ઉત્તમ પ્રકારનું ન પ્રકટી શકે.

**('જીવનપોકાર', આ. ૪, પૃ. ૪૨૯)**

» આપણે જે કામ હાથમાં લીધું હોય, ત્યાં જે કામ આવી મળ્યું હોય તેમાં ફતેહ ધારો કે ન મળે, તોપણ તે કામ પરત્વેનો ઉત્સાહ હૃદયમાં જીવતો રાખ્યા કરવો. આપણે તો કામ સાથે ને તેમાં રહેલા અંતર્ગત ભાવ સાથે નિસ્બત છે, કામના પરિણામ સાથે નિસ્બત નથી. કામ કર્યેથી ને કામ કરતાં રહેવાથી પરિણામ તો નિશ્ચિત છે. સંકલ્પની શકિત ઘણી મોટી છે. આત્મવિશ્વાસ પ્રકટ્યા વિના સંકલ્પમાં શક્તિ જીવતી થઈ શકતી નથી. માટે જે કામ હાથમાં લઈએ તે સંપૂર્ણ આત્મવિશ્વાસ દૃઢાવીને લઈએ અને પૂરું કરીને જ જંપીએ.

**('જીવનપોકાર', આ. ૪, પૃ. ૪૩૦)**

» કામ કરતાં કરતાં તે કામથી ક્યાંય પણ રાગદ્વેષ ન પ્રકટે તેની તો પૂરેપૂરી જીવતી ચોકી રાખ્યા કરીએ. સાધકનું પ્રત્યેક કર્મ રાગદ્વેષ ઘટાડનારું હોવું ઘટે, એવી જાગૃતિ રાખીને આપણે સંસારમાં વર્તવાનું છે.

અવગુણ કે દોષનો સ્વીકાર જેમ તેનાથી પર થવા કાજે છે, તેવી રીતે કર્મનો સ્વીકાર તેનાથી રાગદ્વેષાદિની મુક્તિ કાજે છે.

**('જીવનપોકાર', આ. ૪, પૃ. ૪૩૦)**

» જીવનમાં જીવનની ધ્યેયની ભાવના જ્વાળામુખીના જેવી ધગધગતી જ્યારે જ્વલંતપણે પ્રકટી ઊઠતી હોય છે, ત્યારે ધ્યેય પરત્વેની ભાવના પ્રમાણેનું વર્તન પ્રત્યેક થતા જતા કર્મમાં પ્રકટી શકે છે અને એવો માનવી સજાગ રહી શકે છે.

» સ્ફુટપણે કશું સમજવાની ઈચ્છા ન રાખવી. જેટલું વધારે સૂક્ષ્મપણે કહેવાયેલું આપણાથી સમજાય તેટલું વધારે સારું. એથી આપણી બુદ્ધિ કસાય છે ને વધારે સૂક્ષ્મ થાય છે. વસ્તુનું યથાર્થપણું શું છે અને આપણી પરિસ્થિતિને અનુકૂળ શું છે, તે પણ એને લીધે આપણને સમજાવા માંડે છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૨–૩)**

» પૈસાની ગણતરી કરવાની નથી. એ જેટલું આ માર્ગમાં સારું છે, તેટલું જ સારું એનો અયોગ્યપણે વ્યવહાર ન થાય તે જોવાનું કામ પણ છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૪)**

» ઈચ્છાશક્તિનું બળ, વૃત્તિ, વિચાર કે વાસના કરતાં ક્યાંય અનેકગણું વધારે છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૫)**

» આપણો ધર્મ તો નિર્બળ તરફ હમદર્દી રાખવાનો અને ખોટાં કામ કરનારને પણ ચાહવાનો છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૧૨)**

» જગત છે ત્યાં સુધી એમાં અનેક પ્રકારના પ્રવાહો અને સામા પ્રવાહો રહ્યા જ કરવાના. સત્ ને અસત્, સુખ ને દુઃખ, પ્રકાશ ને અંધકાર, એવાં દ્વંદ્વો દુનિયામાં તો રહ્યા જ કરવાનાં. હા! એમ બને કે કોઈ વાર સત્ વધારે પ્રમાણમાં પ્રધાનપણે રહ્યા કરે ને તેને આપણે 'સત્યયુગ' કહીએ છીએ. આવી રીતે સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ ને કળિયુગ, એમ ચાર કાળની કલ્પના ઉદ્ભવેલી હશે. દરેક યુગમાં થોડા પ્રમાણમાં બાકીના ત્રણ યુગો હોય છે જ અને આપણામાં પણ ચારે યુગો છે. તેમાંથી બીજા યુગોને ઘટાડી ઘટાડીને ને પછી તો સત્યયુગની પણ ઉપર થઈને જીવવાનું આપણું તો ધ્યેય છે. સ્થળ અને કાળ તો આપણા શરીર તથા તેની અંદરનાં તત્ત્વોની રમતને અંગે છે ને એમને લીધે છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૧૫–૧૬)**

» જે કંઈ છે તે યથાયોગ્યપણે જ મળેલું છે એટલે કશુંય નકારવાનું નથી, પણ જે છે તે સાધનાની દૃષ્ટિએ અને રીતે ઉપયોગ કરવાનો છે ને તે અંગેની સમજ વધાર્યા કરવાની છે.

આપણને મળેલું જગત, શરીર, માતાપિતા, સગાંવહાલાં,

ભાઈભાંડુ, પતિ-પત્ની, માલ-મિલકત, સંજોગો, પરિસ્થિતિ અને એ બધાં ઉપરાંત આ જીવન પણ માત્ર સાધનાના ઉપયોગ માટે મળેલું છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૦)**

» જગતમાં કે જીવનમાં જો લાંબી દૃષ્ટિ કરીને જોઈએ તો જણાશે કે કોઈપણ ક્યાંયે સ્વતંત્ર નથી. આપણી માનેલી સમજણ, આપણી માન્યતાઓ, જીવનનાં સુખનાં સાધનોની આપણી સમજૂત—એ પ્રમાણે જ એ બધું નિર્વિઘ્ને ચાલ્યા કરે. એમાં સળંગપણું રહ્યા કરે, ક્યાંયે જરાપણ અથડામણ ન થાય એવા સંજોગો ને એવી વૃત્તિને આપણે સ્વતંત્રતા માની લઈએ છીએ પણ ખરી રીતે એમાં સ્વતંત્રતા નથી. એ તો ઇન્દ્રિયોની વૃત્તિઓના ગુલામ થતા જવાનો રસ્તો છે. જગતમાં કોઈપણ સ્વતંત્ર નથી. જેણે શ્રીભગવાનને અનુભવ્યો છે તે જ એકમાત્ર સ્વતંત્ર થઈ શકે છે. બાકીનાં બધાં તો ઘટમાળાની ગુલામીમાં જ પડી રહેલાં છે ને ઘટમાળાની ઘરેડમાં તો કોણ નથી ? **('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૩)**

» જગત મિથ્યા નથી, અસત્ય નથી પણ જગતને જોવાની આપણી દૃષ્ટિ અસત્ય છે. જ્યારે આપણે ભાવનામય થઈ જઈએ છીએ, ત્યારે જગત 'જગત' તરીકે રહેતું નથી, શ્રીભગવાનના વ્યક્ત સ્વરૂપ તરીકે આપણને તે દેખાય છે.

વ્યવહારને આપણે નકારવાનો નથી, તેમ જ વ્યવહારને તાબે પણ થઈ જવાનું નથી. આપણે શ્રીભગવાનના એક જીવંત સજ્ઞાન, સભાન ચેતનાવાહન તરીકે સંસારવ્યવહારમાં જીવવાનું છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૮)**

» સતત અભ્યાસ અને વૈરાગ્ય વિના આપણને સાચી દૃષ્ટિ, સાચું જ્ઞાન મળે નહિ. અભ્યાસ એટલે કે આપણે જે ધ્યેય ધાર્યું છે—શ્રીભગવાનને મેળવવાનું—તેનું જ સતત ચિંતવન પ્રેમભક્તિ ભાવે, આપણામાં જાગ્રત રહ્યા કરે તે. તે આપણી જિજ્ઞાસા ને તમન્નાને વેગવંતી, પ્રાણવાળી, બળવાળી અને ચેતનવંતી બનાવ્યા કરશે. આ સઘળું થવા માટે આપણામાં વૈરાગ્યની ભાવના પણ ખૂબ

જાગેલી હોવી જોઈએ. વૈરાગ્ય એટલે 'સંસાર, જગત મિથ્યા છે' વગેરે વિચારો નહિ પણ કોઈપણ બાબતની આપણને આસક્તિ ન રહે, રાગ ન રહે એનું નામ વૈરાગ્ય. વૈરાગ્ય એટલે નિષ્કામ, નિર્મોહ, નિરાગ્રહ, નિરહંકાર, નિર્લોભ વગેરે વગેરેની સમગ્રતા. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૯–૩૦)**

» પર્વતની મોટી મોટી શિલાઓની અંદર રહેલું પાણી તેનાં છિદ્રોમાંથી પણ વહેવાને જોર કરી રહેલું હોય છે. તેવી રીતે આપણી અંદર રહેલો ભગવાન પ્રકટ થવાને માટે હંમેશ તૈયાર હોય છે. માત્ર આપણી તૈયારી કે તમન્ના જાગેલી હોતી નથી. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૨–૩૩)**

» આપણે માટે કોઈક કશું કરે અથવા બીજાનું રાઈ જેટલું પણ જે સારું હોય, તે આપણને ભાવનાથી કરીને પહાડ જેવું લાગ્યા કરે એવી સાધકની દૃષ્ટિ કેળવાવી ઘટે. આથી પરસ્પર હૃદય વધુ પાસે આવ્યા કરશે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૪૮)**

» પ્રેમને તો આપણે આપણી ભૂમિકાના માપથી માપવા મથ્યા કરીએ છીએ એટલે જ વાંધો આવે છેને ? લોકો જેને 'પ્રેમ' 'પ્રેમ' પોકાર્યા કરે છે તે પ્રેમ નથી, પણ પોતાના સ્વાર્થની સમજણ પ્રમાણેની માત્ર તેવા પ્રકારની લાગણી છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૫૪)**

» આપણું કોઈ કર્મ યોગ્ય હતું કે નહિ તે સમજવાની ઉત્કંઠા ને આતુરતા હોય તે સમજી શકાય, પરંતુ એક વખત કર્મ કરી દીધા પછી એ વિશે ઝાઝી ફિકર ચિંતા સેવ્યા ન કરવી. જે તે બધો વિચાર કર્મના આરંભમાં કરવો. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૬૦)**

» શ્રીસદ્‌ગુરુ અંગેનો કે આપણા સાધનામાર્ગ અંગેનો આપણી આજુ-બાજુઓમાં, સગાંસંબંધીઓમાં કે મિત્રોમાં વાણીથી યા લેખનથી ઝટ દઈને અધીરાઈભર્યો પ્રચાર કરવા ન મંડી પડવું. આપણા જીવનનો વિકાસ અને આપણા સ્વભાવનું રૂપાંતર જેમ જેમ થતાં જશે, જેમ જેમ એની સુંદર છાપ, અસર તેઓ ઉપર

પડતી જશે, તેમ તેમ તેમને તેમને પણ આ માર્ગના મહત્ત્વ વિશે આપમેળે લાગ્યા વિના રહેવાનું નથી અને એવું લાગવું બને તે વધારે તત્ત્વવાળું ને ઊંડી અસર કરનારું નીવડશે.

**('જીવનમંથન', આ. ૨, પૃ. ૬૧)**

» જીવનવિકાસ કાજે રચનાત્મક બાજુનું વાચન આપણી સમજણ કેળવવાને માટે મદદરૂપ થઈ પડે ખરું. જે કંઈ કરીએ તે સાધનાના અંગ તરીકે ગણી લેવાનું છે. એવું વાચન તે પણ ભાવનાના વિકાસ કાજે છે એ દૃષ્ટિએ વાંચવાનું કરીએ તો ફાયદો થાય.

**('જીવનમંથન', આ. ૨, પૃ. ૬૨)**

» દોષના વારંવાર વિચાર ન કરવા. એના કરતાં તો શ્રીભગવાની ભક્તિમાં મન પલળેલું રહે એ વધારે ઉત્તમ છે. માત્ર દોષો ખોળવાને જ મથવાનું નથી. એનો અર્થ એમ નથી કે દોષો પ્રતિ દુર્લક્ષ કરવાનું કર્મ તો કોરું કોરું કર્મ છે. એના કરતાં પ્રભુભાવથી ભીંજેલું હૈયું રાખવાનો પુરુષાર્થ થતો રહે તો સર્વ કાંઈ સુતરું સુતરું વહ્યા કરે.

**('જીવનમંથન', આ. ૨, પૃ. ૬૩–૬૪)**

» જીવનમાં જ્યારે ઘણા co-incidents—યોગાનુયોગ-થાય ત્યારે તેમાં ક્યાંક દિવ્ય સાંકળ છે એવા અનુમાન ઉપર આવે ને એને એવા હકીકતપણામાં માને તો તે માત્ર કલ્પના છે એમ ન કહી શકાય. ને એવાને માટે પ્રત્યક્ષપણે શ્રદ્ધા-વિશ્વાસ જીવંત કરનારું પણ તે નીવડી શકે છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૬૪)**

» સદાચાર એ આધ્યાત્મિક જીવનનો મૂળ પાયો છે. તેમ છતાં સાધક પોતાના અંતરાત્માની સાધનામાં ઊંડો ને ઊંડો જેમ જેમ અનુભવે દૃઢ થતો જાય છે, તેમ તેમ ઉપર જણાવેલ પ્રદેશમાં પણ તે બદ્ધ રહી શકતો નથી. એક કાળે સદાચાર એ એના જીવનનો મૂળ પાયો હતો ને હકીકતપણે સત્ય હતું, ને તે જ સર્વસ્વ કંઈ હતું, પરંતુ આગળ જતાં, હવે તે પ્રદેશનું કાર્ય પૂરું થઈ જતાં, તે પ્રદેશ—

ભૂમિકા—પર પહેલાં જેટલો જીવતો ઝોક તેનો રહેતો હતો, તે જીવંત ઝોકનો પ્રદેશ હવે કોઈ ઉચ્ચતર દશામાં વળી રહેલો હોય છે, એટલું જ અને ત્યાંયે પોતાની જ્ઞાનભક્તિપૂર્વકની જીવંત તટસ્થતા તો તે રાખ્યા જ કરતો હોય છે.

**('જીવનસંદેશ', આ. ૪, પૃ. ૨૪૬)**

» જે ગરીબ બકરીથીય વધારે ગરીબ છે, તે સાથે સાથે જેના અંતરમાં સિંહના જેવી શક્તિ ભરેલી છે, તે સાચા અર્થમાં નમ્ર છે.

શક્તિ પોતે જ નમ્રમાંયે નમ્ર અને ઉગ્રમાંય ઉગ્ર છે. જો તે સ્વભાવતઃ નમ્રથીયે નમ્ર ન હોત તો જડ જેવા દેખાતા પદાર્થમાં તે ક્યાંથી ભળી ગઈ હોત ?

» શૂન્યતા એ નમ્રતાનું અંતિમ માપ છે. શૂન્યતા એટલે અહંતાનો સર્વાંશે લય.

જેનામાં લેશ પણ અહંતા કે અભિમાન નથી રહ્યું, તેને જ નમ્રતા વરે છે.

અહંતા કદી કદી તો નમ્રતાનો સ્વાંગ સજીને પોતાનો વેશપલટો છુપાવે છે. **('જીવનમંથન', આ. ૪, પૃ. ૨૪૭ થી ૨૪૯)**

» કોઈ આપણો વિરોધ કરે, ત્યારે આપણે ધીરજ ન ખોઈ બેસીએ, અને જેની સાથે આપણને વિરોધ થાય, તેના પ્રત્યે પણ આપણે નમ્રતાથી અને આધ્યાત્મિક સદ્‌વૃત્તિથી વર્તીએ.

સાધારણતઃ આપણો એ સ્વભાવ જ થઈ ગયો છે કે કોઈ આપણા મતને ન માનતો હોય, એને આપણે આપણો વિરોધી માની લઈએ છીએ. આ અસહિષ્ણુતાનું સ્વરૂપ છે.

**('જીવનસંદેશ', આ. ૪, પૃ. ૨૫૧)**

» ઊંડા વેર હંમેશાં કોઈ ને કોઈ જાતનાં ઊંડા ઘાને લીધે જન્મે છે. પછી ભલે ઘા કરનાર વ્યક્તિ કોઈ બીજી જ હોય. ઘવાયેલો માનવી પછી જોઈ શકતો નથી કે, 'ઘા કરનાર કોઈક છે ને હવે હું જેને ઘા કરું છું તે તો બીજું જ કોઈક છે.' **('જીવનસંદેશ', આ. ૪, પૃ. ૨૫૨)**

» ભયાનક અને અનિષ્ટ દેખાતી પ્રવૃત્તિમાં પણ, એટલે પ્રત્યેક પ્રકારની પ્રવૃત્તિમાં અને પ્રકૃતિમાં, ઈષ્ટ ને અનિષ્ટ એમ બંને પ્રકારો હોવાના.

કોઈપણ કામ કરવાની રીતમાં પણ આવી 'સાચી અને ખોટી' રીતનું સંમિશ્રણ હોવાનું.

સામાન્યપણે અનિષ્ટ ગણાતી વસ્તુનો કે પરિસ્થિતિનો સામનો કરવાનો આવે, ત્યારે એમાં પણ કશુંક તો ઈષ્ટ છે, એમ સમજીને તેનો સામનો જ ન કરવો એ જેમ એક પ્રકારની ભ્રમણા કે અયોગ્યતા છે, તેમ તેનો સામનો કરવામાં તાટસ્થ્ય ગુમાવી કડવાશ ધારણ કરવી એ બીજા પ્રકારની ભ્રમણા છે. (**'જીવનસંદેશ', આ. ૪, પૃ. ૨૫૨–**૨૫૩)

» સંપૂર્ણ સમભાવ અને પ્રેમજન્ય સમજણથી આપણે જગતનાં અનિષ્ટોનો સ્વીકાર કરવો જોઈએ અને તેનો જરૂર લાગે ત્યાં જરૂર પડે તેટલી જ માત્રામાં સામનો કરવાનો આવે તો તે કરવો જોઈએ. (**'જીવનસંદેશ', આ. ૪, પૃ. ૨૫૩**)

» દિવ્ય ચેતનાશક્તિ તો માનવીને જેવો હોય તેવો ને તેવો જ સ્વીકારે છે, ને તે નિર્બળ હોય કે સબળ, જગતની દૃષ્ટિએ અનિષ્ટ હો કે ઈષ્ટ હો, તોયે તેના પર પ્રેમ રાખે છે, કેમ કે જેઓમાં એ ચૈતન્યશક્તિએ વાસ કર્યો હોય છે, તેઓનો પ્રેમ તો સ્વયંભૂ ને નિરાલંબ હોય છે. આ પ્રેમશક્તિથી જ દુષ્ટમાં દુષ્ટ લૂંટારાને કે અધમાધમ પતિત માનવીને તેઓ સંત કોટિમાં પલટાવી શક્યા છે. (**'જીવનસંદેશ', આ. ૪, પૃ. ૨૫૩**)

» સત્‌કર્મનો બદલો સત્‌કર્મ જ આપી શકે, તેમાં અપેક્ષાને સ્થાન નથી.

» વાસનાઓનો એમની એમની રીતે ઉપયોગ કરવા જતાં એમનો વેગ વધવાનો છે. એ રીતે તેમની શુદ્ધિ સાધી શકાય નહિ, પણ એમના વહેણના પરથી ભિન્ન રીતે તેનો જ્ઞાનભક્તિપૂર્વક ઉપયોગ કરવાનો છે. નથી એમને નકારવાની કે નથી એમને જડ બનાવી દેવાની. નકારી

કે જડ બનાવી દીધે કંઈ એમનું અસ્તિત્વ નાશ પામી જવાનું નથી.

» જે ગતિમાંથી આપણામાં જીવંત શ્રદ્ધા જન્મે, જે ગતિમાંથી હૃદયમાં ભક્તિની પ્રેરણા જાગે, સચરાચરમાં વ્યાપી રહેલા ચૈતન્યને અંતરના ઉમળકાથી પ્રણામ કરવાની સહજ ઊર્મિ જાગે ને એવું જ્યાં જ્યાં ને જ્યારે જ્યારે થાય, ત્યાં ત્યાં પોતાનાં શ્રીગુરુચરણ છે એમ અનુભવવું. **('જીવનપાથેય', આ. ૩, પૃ. ૧૩)**

» નમવું એટલે જેમને નમન કરવામાં આવે છે, તેનામાંથી ગ્રહણ કરવા લાયક જે કંઈ ઉત્તમ હોય, તે ગ્રહણ ને સ્વીકાર કરવાની હૃદયની ઉત્કટ ભાવનાથી નમીને તે લેવા જવાનો ભાવ રાખવો તે.

સ્થૂળ નમવામાં કશો લાભ નથી, બલ્કે દંભ વધવાનો સંભવ છે. સંતમહાત્માઓને માત્ર પગે લાગવાથી કશું વળે નહિ.
**('જીવનપાથેય', આ. ૩, પૃ. ૧૩)**

» જેને ચિંતા હોવાનાં પૂરતાં સબળ કારણો હોવા છતાં તેનો કશો ભાર જ્ઞાનપૂર્વક લાગતો નથી, એવી પ્રેમભક્તિપૂર્વકની સ્થિતિને પ્રસન્નતા કહી શકાય.

પ્રસન્નતા એ કંઈ ઊભરાની સ્થિતિ નથી કે કોઈ ઊર્મિનું વેવલાપણું પણ નથી. **('જીવનપાથેય', આ. ૩, પૃ. ૩૩)**

» માનસિક ને ઐહિક વિકાસ માટે જેમ અનેક પ્રકારનાં શિક્ષણો લઈએ છીએ, તેમ જીવનવિકાસ અર્થે શારીરિક ને માનસિક કષ્ટ ભોગવવાની ને ઉત્સાહપૂર્વક શારીરિક શ્રમ ઉઠાવવાની તાલીમ ઘણી જરૂરની છે.

» અત્યાર સુધી જેને આપણે ત્યાગ માનતા હતા, તે ત્યાગ ન હતો. સાચો ત્યાગ તો આનંદમાં પરિણમે. બળેબળે થયા કરેલું હોય તેને ત્યાગ ન કહી શકાય. **('જીવનપાથેય', આ. ૩, પૃ. ૮૮)**

» સમર્પણયજ્ઞ આપણાં અંદરનાં કરણોને તેમના પ્રકૃતિ ધર્મમાંથી મુક્તિ અપાવે છે, જ્યારે જીવપ્રકારનું ઘસાવાપણું કે આપવાપણું આપણને વધારે જકડાવે છે.

» જોબનિયું તો ચાર દિવસનું ચાંદરણું છે. તેનો ઉત્તમ ઉપયોગ આત્માની પિછાણ કરવામાં થવો ઘટે. સંસારીને મન તે અમર છે. સાધકને મન તેમ નથી. તેને ગમે તેમ ખર્ચી નાંખ્યે પાલવે નહિ—જે કરી લેવાનું છે, તે ત્યારે જ કરી લેવાનું છે. યુવાની એ જીવનનો સર્વશ્રેષ્ઠ કાળ છે. સાધના માટે પણ આ જ સમય ઉત્તમોત્તમ છે. સાહસ અને અજાણમાં ભૂસકા મારવા એ તો માત્ર યુવાની જ કરી શકે. સાધકનો પ્રથમ ધર્મ આ ગાળાને પ્રેમથી ઉત્સાહમાં—આદર્શની રણભૂમિમાં—જોડી દેવાનો છે. (**‘જીવનમંથન’, આ. ૨, પૃ. ૮૯–૯૦**)

» નબળાઈનો સ્વીકાર સબળ થવા માટે છે—નબળાઈમાં પડી રહેવા માટે નથી.

માનવી માનવીને ચાહે છે, તે માનવીને માટે નથી ચાહતો, પરંતુ કોઈ ને કોઈ જાતના તેના તરફથી સંતોષાવાપણા માટે ચાહે છે કે વળગે છે, એટલે કે પોતાને માટે જ ચાહે છે.

(**‘જીવનમંથન’, આ. ૨, પૃ. ૧૧૦–૧૧૨**)

» જે કાંઈ બોલવાનું હોય તે ઉપરછલ્લું ન હોય પણ અંતરને પ્રકટ કરનારું હોય. સ્વભાવથી, લાગણીથી પ્રેરાઈને તેના હથિયાર તરીકે જે બોલવાનું થાય ને બોલી દેવાય તે જુદું અને લાગણીને આપણે વાપરીએ છીએ તેવા સભાન જ્ઞાનપૂર્વકના ખ્યાલ સાથે એનો જે ઉપયોગ બોલવામાં થાય તે હકીકત જુદી છે. પહેલામાં બોલાયેલા બોલ આપણા માલિક બની બેસે છે, જ્યારે બીજામાં બોલાયેલા બોલના આપણે માલિક બનીએ છીએ.

(**‘જીવનમંથન’, આ. ૨, પૃ. ૧૨૬**)

» અમથું અમથું મનને અન્યથાપણામાં ભટકાઈ પડવાની ટેવ હોય, તો તેવી ટેવથી મુક્તિ પામ્યા વિના સામાના દિલને સાચી રીતે આપણાથી સમજાઈ શકાવાનું નથી. (**‘જીવનમંથન’, આ. ૨, પૃ. ૧૩૩**)

» ગુરુનું કાર્ય તો ડૉક્ટરનું છે. રોગ, ગૂમડાં, ચાંદાં આદિ દૂર કરવાનું ને જરૂર પડ્યે નસ્તર—ઑપરેશન—કરવાનું કાર્ય છે. તેવી વેળા

તે ક્રિયાને જે પ્રેમથી આવકારે છે, તેનો વિકાસ ઝડપી બને છે.

**('જીવનમંથન', આ. ૨, પૃ. ૧૩૩)**

» તાલાવેલીમાં લાગણી—ભાવનાનું પૂર હોય છે ખરું, ને તે તેમાં જ—એકમાં જ—એકાગ્ર ને કેન્દ્રિત કરી મૂકે છે, પરંતુ સાથે સાથે તટસ્થતાનો ગુણ ત્યારે કેળવાયેલો હોય તો તાલાવેલીથી પણ તે આગળ લઈ જશે. તાલાવેલી થવી તે ઉત્તમ છે, પણ તેમાં ગળાડૂબ ડૂબી જવાય તે ઠીક નથી. તાલાવેલી ડૂબી જવા માટે નથી, પરંતુ ઊર્ધ્વ થવા માટે છે. તેનો ઉપયોગ હોય, ઉપભોગ નહિ.

**('જીવનમંથન', આ. ૨, પૃ. ૧૩૮)**

» ખુલ્લી આંખે જે જોયેલું હોય, કાનોકાન જે સાંભળેલું હોય, તોપણ તેવા જોવામાં અને તેવા સાંભળવામાં મનની સમજણ જે પ્રકારની હોય તે સમજણના પ્રકારના ઢાળમાં જ તે જોવાનો, સાંભળવાનો મર્મ આપણને સમજાય છે—તે ક્રિયાઓની પાછળ જોનાર અને સાંભળનાર ખરી રીતે મન છે અને મનની સમજણ સત્ય હોઈ શકતી નથી. નજરે જોયેલું અને કાનોકાન સાંભળેલું પણ કેટલીક વખત આપણે સમજ્યા હોઈએ છીએ, તે કરતાં જુદું હોવાનો સંભવ છે, એટલે કે ખોટું હોવાનો સંભવ છે.

**('જીવનમંથન', આ. ૨, પૃ. ૧૩૮)**

» બીજાના કહેવા પ્રમાણે હેતુપૂર્વક ને જ્ઞાનપૂર્વક આચરણ કરવાથી આપણે નિરાગ્રહી બનતા જઈએ છીએ, કારણ બીજાનું કહ્યું કરવામાં આપણી સમજણથી બીજી રીતે પણ વર્તવું પડે છે ને તે રીતે આપણા અહમ્‌ને ઓગાળવાનું બનતું રહે છે. બીજાનું કહ્યું આનંદથી ને હેતુપૂર્વક કરવા જતાં આપણે ગુલામ નથી બની જતા, ઊલટું આપણે સામાના કરતાંય આપણી જાતને ઊંચે પ્રકટાવતા જઈએ છીએ, જેમ વજનદાર વસ્તુ હલકી બની જતાં તે હવામાં પણ અધ્ધર તરી–રહી શકે છે તેમ. સ્વયંસ્ફૂર્તિ ને ઉત્સાહથી પોતાના વિકાસાર્થે સર્વસ્વપણે ને સર્વ ભાવે કોઈ યોગ્ય સમર્થને શરણે જવામાં જીવનનો અદ્‌ભુત વિકાસ સાધી શકાય છે. શરણ એટલે ગુલામી નથી.

શરણાગતિનું રહસ્ય મહામૂલું છે. (**'જીવનમંથન', આ. ૨, પૃ. ૧૪૫**)

» માનવી સર્વ કંઈ કરવા સમર્થ છે. જો આ વિધાનને સ્વીકારીએ તો પછી પ્રારબ્ધવાદ કે નિયતિ જેવું કશું રહેતું નથી. પ્રારબ્ધ, પુરુષાર્થ એવા બધા વાદ જેને ખરી ધગધગતી તમન્ના પ્રકટે છે, તેને વળગી શકતા નથી. (**'જીવનમંથન', આ. ૨, પૃ. ૧૪૮**)

» જગતમાં, કુદરતમાં જ્યાં જુઓ ત્યાં સુસંવાદ, સુમેળ છે. વિસંવાદ લાગે છે પણ તે તો માત્ર સપાટી ઉપરનો. સમુદ્રમાં મોટાં મોટાં મોજાંઓ ઊછળે છે ખરાં, પણ એની ભીતરમાં તો ગંભીરતા ને સ્થિરતા છે. આટઆટલાં વિખવાદ, આટઆટલાં કારમાં વિશ્વયુદ્ધો, અનેક પ્રકારના દ્વેષો, અથડામણો—આ બધું હોવા છતાં સમાજ ટકી રહ્યો છે તે સુસંવાદના બળ ઉપર. એ સુસંવાદ માનવસમાજના હાર્દમાં ગૂઢપણે પડેલો છે. જેમ ચેતનને આપણે જોઈ શકતા નથી, પણ તે છે તે હકીકત છે, તેમ આ અંતર્ગત સુસંવાદનું પણ છે. (**'જીવનમંથન', આ. ૨, પૃ. ૧૬૫–૧૬૬**)

» માનવી કેટલો બધો ભીરુ હોય છે, ક્યાંક યુદ્ધ આવ્યું, ક્યાંક મથામણ પ્રકટી, ક્યાંક અથડામણ થઈ કે જાણે ઊભી પૂંછડીએ ભાગે છે. જીવનનો સાધક તો સંગ્રામમાં પ્રેમથી, શૌર્યથી ઝઝૂમશે. એ તો જીવનમાં લડતાં લડતાં ખતમ થઈ જવાની ઉમળકાથી પૂરેપૂરી તૈયારી સેવતો હોય છે. એ તો કહે છે કે કદાચ હારીશું તો તે જીતવા માટે છે, તેવી તેની હારમાંથી પરાક્રમ અને મર્દાનગી પ્રકટે છે. શ્રીભગવાનને તે સમયે તે વધુ ને વધુ હૃદયથી વળગે છે. શ્રીભગવાન જ એનો સહારો છે, એમ તેને લાગી જાય છે. 'એક સહારો રામ' એ તે અનુભવે છે. શ્રીભગવાનને આર્તતા ને આર્દ્રતાપૂર્વક હૃદયથી કરેલા પોકાર અને તે સમયે એનાથી થતી ગદ્‌ગદ ભાવનાયુક્ત પ્રાર્થના એ જ એનો રામબાણ ઉપાય બની રહે છે. (**'જીવનમંથન', આ. ૨, પૃ. ૧૬૯**)

» મૈત્રીની ભાવના જેમ જેમ વિસ્તારને પામે છે, તેમ તેમ સ્પર્ધાની

લાગણી ઓસરવા માંડે છે, કરુણા જેમ જેમ જ્ઞાનપૂર્વક કેળવાતી જાય છે ને જેમ જેમ એનો વિસ્તાર વધે છે, તેમ તેમ અહંકારનો લય થતો જતો અનુભવાય છે. મુદિતાનો, સર્વ પ્રકારની પ્રસન્નતાનો ઉદય થતાં અદેખાઈનો નાશ થતો જાય છે. નિઃસ્પૃહતાથી ક્ષોભ, ક્લેશ, મોહ, મમતા આદિનો લય થવા માંડે છે. આથી સાધકે જીવપ્રકારની પ્રકૃતિની લઢણોને—નકારાત્મક વસ્તુઓને—કાઢવા માટે તેના ઉપર જોશ ન દેતાં કે મહત્ત્વ ન દેતાં મૈત્રી, કરુણા, પ્રસન્નતા, નિઃસ્પૃહતા આદિ એવી સાત્ત્વિક ભાવનાઓને કેળવવામાં જાગૃતિ રાખી રાખીને જ્ઞાનપૂર્વક મથ્યા કરવું જોઈએ. (**'જીવનમંથન', આ.** ૨, **પૃ.** ૧૮૨–૧૮૩)

» ભોગવવા જેવા તમામ પદાર્થોને વિશે ઉપયોગ પૂરતું તે લેવાનું રાખીએ. જેમ એરંડિયું પીવાની ગરજ—આવશ્યકતા—જ્યારે જાગે છે, ત્યારે તે ઉપયોગથી થોડુંય વધું લેવાનું કરતા નથી, તેમ વસ્તુઓને માત્ર નિર્વાહ પૂરતા યોગ્ય પ્રમાણમાં ઉપયોગ અર્થે વાપરવાની હોય.

જે કાંઈ સારુંનરસું, ઓછુંવધતું મળ્યા કરે એના વિશે સંતોષની લાગણી ધરાવવી. એમ કરવાથી સમતા કેળવવામાં મદદ મળશે.

ભૂખ, દુઃખ, અપમાન અને વિરોધી પ્રત્યે પણ પ્રીતિ રાખતા થઈ જઈ શકીએ તો બધે જ અનુકૂળતા પ્રાપ્ત થઈ જવાની છે. અપમાનને અમૃત કરી સેવનાર અને માનને ઝેર સમાન લેખનાર જીવને કદી પતન થવા પ્રસંગ આવતો નથી. માનથી દેહાભિમાન અને અહમ્ વધે છે. (**'જીવનમંથન', આ.** ૨, **પૃ.** ૧૮૪–૧૮૭)

» ગોઠે તો કામ ભોગવો, ગોઠે તો રામ ભોગવો.

» જીવનમાં સદ્ભાવનો સંપૂર્ણ પ્રભાવ પ્રકટ્યા વિના જે તે બધા જીવો સાથે આપણે ઉત્તમતાથી વર્તી શકવાના નથી.

» જ્યારે આપણે બોલીએ છીએ, ત્યારે શબ્દની ગતિનાં મોજાં આપણા અને બીજાનાં કાન પર પડે છે, તેવી રીતે તેજનાં કિરણોની ગતિને લીધે જોઈ શકીએ છીએ. શબ્દ અને તેજને ગ્રહી શકે એવું યંત્ર જો

આપણા શરીરમાં યોગ્ય રીતનું ન હોય તો આપણે સાંભળી કે જોઈ શકતા નથી—જેમ કે બહેરો અને આંધળો. આ જ પ્રમાણે વિશ્વમાં જે સૂક્ષ્મ ક્રિયાઓ થઈ રહેલી હોય છે, તે પ્રત્યે આપણે બહેરા કે આંધળા છીએ. સ્થૂળ ઇન્દ્રિયો આ સૂક્ષ્મને ગ્રહવા અસમર્થ છે ને સૂક્ષ્મ ઇન્દ્રિયો જેની વિકસી નથી, તેને તે બધું કોયડારૂપ પણ ભાસે છે. જ્યારે જેઓ શ્રીભગવાનની દિવ્ય સૃષ્ટિ સાથે ને તેના દિવ્ય હેતુ સાથે સંકળાઈ ચૂક્યા છે, જેમને દિવ્ય દૃષ્ટિ સાંપડી ચૂકી છે, તેઓ—એવા વિરલ આત્માઓ—માટીના દેહધારી હોવા છતાં પણ વિશ્વમાં વિલસી રહેલા સૂક્ષ્મ તત્ત્વોનાં આંદોલનો ઝીલી શકે છે—ગ્રહી શકે છે—તે સાથે તાર મિલાવી શકે છે, જોઈ શકે છે, સાંભળી શકે છે.

**('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૨૭)**

» સારુંયે વિશ્વ ગતિનું બનેલું છે, સચેતન અને અચેતન બધીયે વસ્તુઓમાં જેવી જેની પ્રકૃતિ તેવાં તેની ગતિનાં મોજાં. આપણાં પણ તેવાં ગતિનાં મોજાં છે. ક્રોધમાં હોઈએ, પ્રસન્નચિત્ત હોઈએ, વિકારી વૃત્તિમાં હોઈએ એમ ગમે તે વૃત્તિમાં હોતાં તેવાં પ્રકારનાં મોજાં પ્રકટેલાં રહે છે. વૃત્તિની જેવી ને જેટલી ઉત્કટતા એવાં એનાં મોજાં. જેને દિવ્ય દૃષ્ટિ સાંપડી ચૂકી છે, તે આવાં મોજાંઓને જોઈ શકે છે, પારખી શકે છે, આકલન કરી શકે છે.

**('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૨૮)**

» જે બધામાંથી છૂટો થઈ ગયેલો છે, તેવો જ બધાનામાં એની રીતે જકડાયેલો પણ રહી શકે છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૩૧)**

» જે ભાવનાના ગુણો સ્ત્રીહૃદયમાં રહેલા છે, એને સ્ત્રીત્વ કહી શકાય. ભાવનાપૂર્વકનું એવું સ્ત્રીત્વ કેટલાક સમર્થ પુરુષોએ કેળવેલું જાણેલું છે. શ્રીરામકૃષ્ણ પરમહંસના જીવનમાં એવો ભાવ પ્રકટ્યાનું સુવિદિત છે, એટલે એવા સ્ત્રીત્વની ભાવના પુરુષપણામાં પ્રકટી શકે છે એની સંપૂર્ણ શક્યતા છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૩૨)**

» અતિ સ્થૂળ નિકટપણું પ્રેમને સમજવાને, અનુભવવાને આવરણરૂપ છે. જો આપણે સ્થૂળ રીતે નિકટવર્તી હોઈશું, તેમ

છતાં હૃદયના પ્રેમને પારખવાની, સમજવાની ને અનુભવવાની કળા હૃદયથી જો નહિ સાંપડી હોય તો એવું નિકટપણું આપણને અંતરાયરૂપ પણ થઈ પડવાનું અને સ્થૂળપણે નિકટ હોવા છતાં અંતરમાં અંતરથી હજારો ગાઉ દૂર હોવાના.

**('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૩૫)**

» સામાન્યપણે તો કોઈપણ જીવને આપણે જે મદદ કરીશું તેનો ઉપયોગ તે પોતાની પ્રકૃતિ ને સ્વભાવ અનુસાર જ કરવાનો છે, તે નક્કી સમજી લેવું. તે મદદનો દુરુપયોગ થતાં પછી તે વિશે મનમાં કશા વિચાર થવા દેવા તે બરાબર નથી. ભવિષ્યમાં આપણે તેની સાથે વિચારીને વર્તવું ઘટે તો તેમ કરીએ, અથવા આપણી પોતાની ઉદારતા અને વિશાળતા કેળવવાને અર્થે પણ, તે જીવને ફરીથી મદદ થઈ શકે છે. આમાં માત્ર એક હકીકતનો ખ્યાલ રાખવાનો રહે છે કે આપણા તેવા વર્તનથી સામાની પ્રકૃતિની પકડને વધારવામાં અને તેના અયોગ્યપણાના વર્તનમાં આપણે મદદ કરતા થઈ રહીએ ને વ્યક્તિવ્યક્તિને અને આપણા આંતરિક વલણને સમજી સમજીને પરિસ્થિતિને યોગ્ય નિર્ણય કરવાનો રહે છે.

**('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૪૯)**

» કંઈપણ કશાથી કરી ઊંચાનીચા થવાપણું ન કરવું, તે યોગ્ય તો છે, પરંતુ તેવી દશા થતાં આપણે વિચારવું કે તેથી કરીને આપણી પ્રગતિ થવાની કે પીછેહઠ થવાની ? આપણે જેમ જે કરવું છે, તે કરવાની નેમમાં આપણી વિશેષ ને વિશેષ એકાગ્રતા ને કેન્દ્રિતતા પ્રગટે ને તે માટેની ઝંખના ઉત્તરોત્તર વધતી જતી ને તેજસ્વિત થતી જો ન અનુભવી શકાઈ તો આપણે ઠેરના ઠેર રહેવાના છીએ યા કદાચ પીછેહઠ પણ થાય. જ્યારે આપણા ધ્યેય પરત્વેની હૃદયની ભાવના જ્ઞાનભક્તિપૂર્વક એકાગ્ર અને કેન્દ્રિત બની ચૂકી હશે, ત્યાર પછી કંઈ કશા પરત્વે ઊંચાનીચા થવાપણું બનવાનું નથી.

**('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૫૩–૨૫૪)**

» જીવનમાં—સાધનામાં—આપણું શરીર—આપણો દેહ—એક મોટામાં

મોટો ભાગ ભજવે છે. તેના વિના મુક્તિ સાંપડવી શક્ય નથી. શરીર માબાપને લીધે મળે છે. તેમાંય જનનીએ, માએ તો આપણને નવનવ માસ પેટમાં રાખીને તેના લોહીમાંથી લોહી આપ્યું છે, તેના માંસમાંથી માંસ આપ્યું છે. તેના દેહના આધારે આપણો દેહ જન્મ્યો છે, પોષાયો છે, વૃદ્ધિ પામ્યો છે. એવી જનની પરત્વે ગંગાના પુનિત પ્રવાહની જેમ આપણા હૃદયની ઉમળકાભેરની ભાવના અખંડપણે, નિરંતરપણે ને સમગ્રપણે જો ન અનુભવાય તો તેટલું આપણું કાચું સમજવું. મા એ સ્થૂળ મા નથી. એ તો જીવનની પ્રેરક અને દ્યોતક છે. મા પરત્વેનું આપણું વર્તન આપણા હૃદયસ્થ ભાવને વિશેષપણે પ્રકટાવવા માટે છે. (**'જીવનમંથન', આ. ૨, પૃ. ૨૫૬**)

» હેતુની શુદ્ધતાથી, જ્ઞાનપૂર્વકના નમ્રતાયુક્ત વર્તનથી ને તેવા વર્તનમાં પ્રકટતી જતી હૃદયની માર્દવતાથી આપણે વડીલોનાં મનહૃદયને જીતી લેવાનાં છે. જીવનપથમાં આપણે કોઈનાથી નોખા થવાનું નથી. સર્વ પ્રકારના ભેદ ટાળવાનું આપણે તો ચહ્યું છે. આપણે તો હૃદય હૃદયને સાંધવાને મથવાનું છે ને જ્ઞાનપૂર્વકના વર્તનમાં અભેદભાવ પ્રગટે એવું જીવન પ્રભુકૃપાથી પ્રકટાવવું છે. એટલા માટે આ ભેદપણું જે છે, તે સાધન તરીકે લીધેલું છે. ભેદને અભેદમાં પ્રકટાવવાનો છે. (**'જીવનમંથન', આ. ૨, પૃ. ૨૬૦**)

» શાંતિ, સમતા, પ્રસન્નતા, તટસ્થતા વગેરે જે રીતે વધારેમાં વધારે સમય રોજિંદા વ્યવહાર વર્તનમાં પ્રકટેલાં રહ્યા કરતાં હોય, તેવી રીતે વર્તીએ તો ભાવનાથી જીવનમાં પ્રવર્તાવું શક્ય બને છે. ભાવનામાં એકાગ્રતા અને કેન્દ્રિતતા પ્રકટ્યા વિના સાધનાનું હાર્દ પકડી શકાતું નથી. ભાવના એ જ્ઞાનપ્રેરક છે. ભાવ પ્રકટતાં જ્ઞાન પ્રકટે છે. (**'જીવનમંથન', આ. ૨, પૃ. ૨૬૮**)

» કોઈપણ જીવની મૃદુ લાગણીને ભૂલથી પણ અવજ્ઞાની નજરે જોવાનું ન બની જવું ઘટે. પ્રત્યેક સ્ત્રીનો સ્નેહ કહો, ભાવ કહો, પ્રીતિ કહો, લાગણી કહો, એ આપણા હૃદયમાં જીવનવિકાસની ભાવનાના એક

પ્રતીકરૂપે સ્પર્શવી ઘટે. તેમને માટે જીવનમાં સંપૂર્ણ સદ્ભાવ, માન, આદર ને ભક્તિ આપણા જીવનમાં પ્રકટેલાં હોવાં જોઈએ.

**('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૭૪–૨૭૫)**

» જીવનવિકાસની સાધનાથી જે સર્વભૂતહિતરતપણું પ્રકટે છે, તે ઉત્તમ પ્રકારનું દાન છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૭૬)**

» માત્ર ધર્મશાસ્ત્રોના અભ્યાસ વડે કે બુદ્ધિના સૂક્ષ્મ ઊંડા ચિંતન દ્વારા દિવ્યશક્તિની દૃષ્ટિ ને શક્તિ ન સાંપડી શકે, કારણ કે દ્વંદ્વ પ્રકારની વૃત્તિ—વાસનાથી મુક્તિ પામ્યા વિના, રાગદ્વેષથી પર થયા વિના, અજ્ઞાનની દૃષ્ટિ લુપ્ત થયા વિના, કામનાઓ ઉપર વિજય મેળવ્યા વિના અને અહંકારથી સંપૂર્ણ નિર્મૂળ થવાયા વિના બુદ્ધિમાં બુદ્ધિની સંપૂર્ણ શુદ્ધિ ને સાત્ત્વિકતા પ્રકટી શકતાં નથી. યોગની સાધના દ્વારા એવી શુદ્ધિ પ્રકટી શકે છે. સાધનાના મૂળ હાર્દમાં કામનાની ને અહંતાની મુક્તિ રહેલી છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૭૭)**

» કોઈ મહાન, જ્ઞાની, અનુભવી આત્માની પ્રેરણાત્મક જીવંત સંસ્કૃતિથી તીર્થ પ્રકટે છે. તીર્થ એ જીવની ભાવનાનું ને સંસ્કૃતિનું પ્રતીક છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૭૭)**

» માનવી જેની પાસેથી પોતાના જીવનનો પ્રકાશ પામે છે, તેની વાતો કરવાને હૃદયની ઊર્મિ સ્વયંપણે જાગતી હોય છે. એવી હૃદયોર્મિને સંયમ ને વિવેકની મર્યાદામાં રાખવાની છે. એવી પ્રકટેલી ઊર્મિનો ઉપયોગ સાધનના ભાવમાં કરવાનો છે.

**('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૮૦)**

» જીવનના જે બધા આનંદો જીવનના નીચલા થરોની ભૂમિકાના છે ને જ્યાં સુધી તે અતિ મહત્ત્વના લાગ્યા કરે છે, એટલું જ નહિ પરંતુ તે જીવનમાં નિશ્ચિતતારૂપે મનમાં દૃઢ બનેલા હોય છે, ત્યાં સુધી આપણે તે બધાને છોડી દઈ શકીએ એમ નથી બનતું. નીચલા થરોના એવા સુખની વાસના માનવી ત્યારે જ છોડી દઈ શકે કે જ્યારે એ બધાનો ને એ બધામાંથી હૃદયના દૃઢ અનુભવે એનો પૂરેપૂરો

ભ્રમ ભાંગી ગયો હોય. જ્યાં પાર્થિવ સુખનો પૂરો અંત પ્રકટે છે, ત્યાં ને ત્યાં તે ક્ષણથી જ પારમાર્થિક જીવન શરૂ થાય છે.

**(‘જીવનમંથન’, આ. ૨, પૃ. ૨૮૦)**

» કેટલીક વાર માનવીની ગણતરી પ્રમાણેના ભરપૂર સુખના આનંદમાં પણ કદીક કદીક અતૃપ્તિ કે અસંતોષની જ્વાળા પ્રકટતી હોય છે. એવા એવા જીવનની ફાટમાં થઈને પણ કેટલીકવાર હૃદયના કોઈ ઉન્નતગામી જીવનની હાકલ પડતી સંભળાય છે, પરંતુ તેવી વેળાએ યોગ્ય તત્પરતા પ્રકટેલી ન હોવાથી એવી જાગેલી પ્રેરણા ઘણી વાર શમી જતી હોય છે ને ફરી પાછો અંધકાર છવાઈ રહે છે.

**(‘જીવનમંથન’, આ. ૨, પૃ. ૨૮૦)**

» જીવનની અને જગતની બધી સમસ્યાઓ અને પ્રશ્નોનો ઉકેલ આપણે અત્યારે ને અત્યારે જ પૂરેપૂરો લાવી દઈશું એવું માનવામાં કેવળ અજ્ઞાન છે. આવા બધા સમાજસુધારણાના પ્રયત્નમાં સાચી પ્રામાણિકતા, વફાદારી, નેકદિલી અને પૂરી સચ્ચાઈ હોવા છતાં ‘આ એક જ સાધન એવું છે કે જેની પરિપૂર્ણતા થતાં સમાજનો પૂરેપૂરો સર્વાંગીણ ઉદ્ધાર થઈ જશે.’ એવા પ્રચારની ઉગ્રતા જ્યારે પ્રકટે છે, ત્યારે તેમાંથી સત્યની શક્તિ મોળી પડી જાય છે. એટલે જ્યારે ‘આ જ ખરું ને બીજું નહિ’ એવી સમજણ જે જે પ્રયત્નમાં પ્રગટેલી રહે છે, ત્યાં ત્યાં ચેતનાનું સાચું પૂરું વ્યક્તિત્વ નથી એમ પ્રમાણવું.

(તેમ છતાં) આપણે તો જેમાં સત્ય યત્ન છે, પ્રામાણિકતા છે, સચ્ચાઈ, વફાદારી તથા નિષ્ઠાપૂર્વકનું વર્તન છે, ત્યાં ત્યાં સવિશેષપણે સદ્‌ભાવ જ રાખવો ઘટે. આપણી રીત સંપૂર્ણ છે ને બીજાની નથી એમ માનવામાં પણ દોષ છે. સત્યનાં અનેક પાસાં છે, તેથી અમુક જ રીત સાચી એમ આગ્રહ ન રાખવો ઘટે.

**(‘જીવનમંથન’, આ. ૨, પૃ. ૨૮૧–૨૮૨)**

» જેમ જેમ જીવનો આંતરવિકાસ પ્રકટતો જાય છે, તેમ તેમ એની જીવનદૃષ્ટિ પણ બદલાતી જાય છે. કોઈ સાધક સાધનાના અમુક

મર્યાદિત ઉદ્દેશથી જ—ધારો કે દેશના ઉદ્ધાર અર્થે શક્તિ પ્રાપ્ત કરવાની નેમથી—જોડાય પરંતુ તેમાં ઊંડું ઊતરતાં એણે ધારણ કરેલા હેતુની દૃષ્ટિની પાછળ તે વેળા અજ્ઞાન હતું એમ એને ત્યારે સમજાયા વિના રહેતું નથી. ને એમ એ ઉત્તરોત્તર ઉચ્ચ પ્રકારના જીવનમાં પ્રવેશતો પણ જતો હોય છે.

**('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૮૩)**

» સુખ બાહ્ય પ્રકારનાં સાધનમાં નથી, સુખ તો છે અંતરમાંથી પ્રકટતી સાચી સમજણમાં ને તેને અનુરૂપ વર્તનમાં.

**('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૯૦)**

» સારાયે વિશ્વમાં જે દ્વૈત છે, એનું રહસ્ય પ્રેમમાં રહેલું છે. દ્વૈત હોવાને કારણે જ આકર્ષણ રહ્યા કરે છે. તેમાં એક બાજુ અવતરણ છે ને બીજી બાજુ આરોહણ છે. સ્ત્રી-પુરુષનું દ્વૈત પણ ચેતનના અનુભવ કાજે છે. સર્જનને માટે દ્વૈત જરૂરનું છે, અનિવાર્ય છે.

**('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૯૮)**

» મનાદિકરણમાં જે ઉચ્ચ પ્રકારની સંસ્કૃતિ ને સમૃદ્ધિ પ્રકટેલી હોય છે તેને પણ રૂપ ગણી શકાય. જીવન સંસ્કારની ખીલી ઊઠેલી ભાવનાને પણ રૂપ ગણાય. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૦૦)**

» પુરુષ-પ્રકૃતિના વિકાસને અનુકૂળ નારીશક્તિ એટલે જગજ્જનની આદ્યશક્તિ.

જેમને અતિમનસ મેળવવાની સાધના કરવી હોય, તેઓ તે પ્રેમથી કરે, પરંતુ એને યોગ્ય ઠેરવવાને એ બીજી પ્રવૃત્તિનું પણ યોગ્ય મૂલ્યાંકન આંકવાની ને એમની યોગ્ય કદર કરવાની સાત્ત્વિક માનસિક તૈયારી તેવા સાધકની હોવી ઘટે.

ચર્ચા કરવી નહિ, ચર્ચા કરવાની જો આવે જ, તો તે માત્ર જાણવા સમજવા માટે હૃદયની નમ્રતાભરી જિજ્ઞાસુ ભાવનાથી તેમ કરવાનું રાખવું.

**('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૦૧–૩૦૪)**

» બરાબર સાંભળવાની પણ એક અનોખી કળા છે. જ્યારે આપણે કશુંક સાંભળવાના હોઈએ, ત્યારે કહેનારને પ્રતિ-કહેણ માટેની તૈયારીઓ માનસિકપણે રચ્યા વિના તથા પ્રત્યાઘાતી માનસિક આંદોલન ઊઠવા દીધા વિના કે તે વિષય અંગે આપણા મનમાં બીજા કોઈપણ વિચાર જાગવા દીધા સિવાય પૂર્ણ સ્વસ્થ ને નીરવ મનથી તથા એકાગ્ર ચિત્તથી સાંભળવાની ટેવ કેળવવા જેવી છે. આમ કરી શકીએ તો કોઈપણ ચર્ચાનો લાભ મળવાનો હોય તો ન મળી શકે તથા સામાના દૃષ્ટિબિંદુને યથાયોગ્ય સમજવામાં સરળતા પણ રહી શકે.

» બીજી વ્યક્તિને અમુક કામમાં રસ લેતી કરવી હોય તો જે જે કામમાં તે સંકળાયેલી હોય એની બધી હકીકતથી એને વાકેફ રાખવી ઘટે. આથી તેનો તે કામમાં રસ જળવાઈ શકે છે ને આપણી મુરાદ બર આવી શકે છે.

» જે જે માનતા હોઈએ, તેનાથી ઊંચા પ્રકારનું આગળ ને આગળ છે જ તે નક્કી જાણવું. માટે જે માનતા હોઈએ, તે નવાનો સ્વીકાર કરવાને માટે છોડતા જવાનું રહે છે. (**'જીવનમંથન', આ. ૨, પૃ. ૩૨૨**)

» જેઓ ઉચ્ચતમ પ્રકારના સંગીતશાસ્ત્રી, કવિ, શિલ્પી, ચિત્રકાર, સાહિત્યકાર અને કલાકાર છે, તે તે બધા એ ચૈતન્યશક્તિના અવતરણની સૂક્ષ્મ પૂર્વભૂમિકા સમા છે. તેમાંના કેટલાક તો તે ચૈતન્યશક્તિનો (તેઓ જ્યારે તેમના ક્ષેત્રના ભાવની ઉચ્ચ કક્ષામાં પ્રકટેલા હોય છે ત્યારે) સ્પર્શ પણ કરતા હોય છે અને તેવા સ્પર્શને પરિણામે ઉત્તમ કોટિનું સર્જન કરી શકતા હોય છે. એવા મહાન સાહિત્યકાર કે કલાકારનું ચારિત્ર્ય, સદાચાર કે નીતિની દૃષ્ટિએ ઉત્તમ પ્રકારનું કદાચિત્ ન જણાય તો તેથી આઘાત સેવવાની જરૂર નથી. ભાવનાની એકાગ્રતા પ્રકટે છે અને તેનું ઉડ્ડયન અમુક ઊંચાઈએ થાય છે, ત્યારે એક પ્રકારનો ચેતનાત્મક સ્પર્શ જીવનમાં અનુભવાય છે. મહાન કલાકાર કે સાહિત્યકારનું તેવા કાળનું સર્જન કે લખાણ તેવા

સ્પર્શને કારણે નીપજતું હોય છે. એવું સર્જન કે સાહિત્ય શ્રીભગવાનની શક્તિનું સર્જન ગણી શકાય. તેની સાથે સર્જકના સ્થૂળ જીવનને સંકળાવી ન શકાય. આવા પ્રકારનો વિવેક યોગ્ય મૂલ્યાંકન માટે જરૂરી છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૨૪–૩૨૫)**

» એવા કેટલાક સંત-ભક્તો હોય છે, જેને તેમની હૃદયની નમ્રતાને લીધે કોઈ ઝટ પામી શકતું નથી. એવાના હૃદયની એવી નમ્રતા તેમની દિવ્ય ચેતનાનું ઢાંકણ બની જતી હોય છે, ને તેમનું જ્યાં ત્યાં રક્ષણ કર્યા કરે છે. તેમ છતાં એવાની પ્રતિભા ઢાંકી ઢંકાઈ રહી શકતી નથી—જો આપણે હૃદયથી એવા ગુણની કદરભક્તિવાળા પ્રકટેલા હોઈએ તો. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૨૫)**

» ચેતન હંમેશાં ઇચ્છે છે કે અચેતન તેને જીતી ન જાય. ચેતનને અચેતનમાં પૂરેપૂરો પ્રવેશ પામીને ત્યાં સંપૂર્ણ અભિવ્યક્તિ કરવી છે. અચેતન એક તસુ પણ એમ ને એમ મૂકી દેતું નથી. અહીં ચેતનાનો અર્થ જેટલો વિસ્તારીએ એટલો ઓછો.

**('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૩૦)**

» આપણે ઝટઝટ ને હકીકત કરતાં વધારે પ્રમાણનું માની લેનારા ન થઈએ અને સાથે સાથે દિવ્યશક્તિની શક્યતાઓને અશક્ય પણ ન ગણી કાઢીએ.

ખુલ્લા થવું એટલે જીવપ્રકારની સમજણ, રીત, માન્યતા, ટેવ, આગ્રહ તથા મનાદિકરણના પ્રાકૃતિક ધર્મથી મુક્તિ. આવું ખુલ્લા થવું તે જ્ઞાનપૂર્વકનું ખુલ્લા થવાપણું ગણાય. એવું ખુલ્લા થવાપણું એટલે જ્ઞાનાત્મક શરણાગતિ. એવું ખુલ્લા થવાપણું એટલે જીવનું જીવપણું ટાળવાની મંગળમય પ્રાથમિક ભૂમિકા. ખુલ્લા થવું એટલે જીવપ્રકૃતિએ જીવપ્રકૃતિમાંથી મુક્તિ મેળવીને ચેતનના પ્રદેશમાં પગલાં માંડવાનાં મંગળાચરણ.

શ્રીસદ્‌ગુરુના વચનના તાત્પર્યને—હાર્દને—તેની સંપૂર્ણ જ્ઞાનાત્મક દશાથી ગ્રહણ કરવું એ કંઈ જેવું તેવું કર્મ નથી. સૌ કોઈ

પોત પોતાની અધૂરી રીતે તે સમજતું હોય છે.

કોઈપણ સિદ્ધિ—અને મુક્તિ પણ—પ્રાપ્ત કરવી તે એક વસ્તુ છે અને તેને અમલી બનાવી કાર્યક્ષેત્રમાં સફળપણે ઉતારવી તે બીજી હકીકત છે. જેમ અમુક વૈજ્ઞાનિક શોધ અને તેનો વ્યવહારમાં ઉપયોગ અને અમલ તે બે ભિન્ન વસ્તુઓ છે તેમ.

પોતાની વૃત્તિઓનું રૂપાંતર થતું જતું જો સાધક હૃદયથી અનુભવી શકતો હોય તો જ સાધના એ સાધના છે, નહિતર એ તો બંધન છે, વળગાડ છે. એમ સમજીને એણે એવી સાધનાને ફગાવી દેતાં અટકાવું ન જોઈએ.

બીજાના સત્‌કર્તવ્યની કદરથી આપણું હૃદય આપોઆપ પ્રેમભાવથી ભીંજાઈ જવું જોઈએ, પરંતુ આપણે તેવું નહિ કરીએ તો બીજાને ઠીક નહિ લાગે અથવા બીજાં અમુક પ્રકારનું ધારશે એવું મનમાં ન થવું ઘટે. આપણો ખ્યાલ આપણા પૂરતો જ રહે તો તે ઉત્તમ. કદર જે કરવાની છે તે તો આપણો ગુણગ્રાહકતાનો ગુણ કેળવવા ને આપણા જીવનમાં પ્રકટાવવા માટે.

**('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૩૫ થી ૩૪૦)**

» કર્મનો જે રીતે ઉપયોગ થાય ને એવા ઉપયોગમાં જે પ્રકારનો રસ લેવાયા કરાય તે પ્રમાણે કર્મનું પરિણામ આવવાનું શક્ય બને છે. કર્મની સાથે ભાવનાનો સંબંધ રહે છે.

પ્રત્યેક કર્મમાં જાગૃતિપૂર્વકનો તેના હેતુનો ખ્યાલ તેને જન્મવો જોઈશે. એમ કરતાં કરતાં તે પ્રકારની અખંડ જાગૃતિ તેનામાં પ્રકટવી જોઈશે. તેવી સતત એકધારી પ્રકટેલી જાગૃતિ પછી તો તેના અનાયાસપણામાં પ્રકટી જશે.

આપણને કોઈ મોટું ગણે, સારા ગણી સન્માન ને આદર આપે, ઉત્તમ કદર કરે, ઉત્તમ મોટા આસને બેસાડે વગેરે રીતે બહુમાન કરે તો આપણે એના અધિકારી નથી એમ સમજવું, પરંતુ સર્વના કૃપાપાત્ર છીએ એમ લેખવું. ને બધાંએ કૃપા કરીને એવો

અધિકાર પ્રેમથી આપ્યો છે એમ સમજી શ્રીભગવાનની ભક્તિને યોગ્યપણે પામવાને હજી આપણને ઘણી વાર છે એમ સમજીને જ્ઞાનપૂર્વક નમ્રતા સેવવી અને ઈશ્વરનો આભાર માની સર્વની કૃપા યાચ્યા કરવી.

સામાના ઉપકારનો બદલો વાળી ન શકાય એવી પરિસ્થિતિમાં હૃદયની ઘણી ઘણી કદર ને આદરભક્તિ બુદ્ધિથી પ્રકટાવીને જીવતી રાખ્યા કરવી. જો એમ નહિ કરીએ તો કૃતઘ્નતાનો દોષ આપણને લાગશે.

પરમ તત્ત્વને મેળવવાના ઉપાયોના માત્ર જાણકાર કરતાં એની પ્રાપ્તિના માર્ગનાં વિઘ્નોને યથાર્થ રીતે જાણનાર ને હામ ભીડીને એને પ્રભુકૃપાથી હઠાવનાર—એને ઉત્તમ ગણેલા છે.

આપણને સ્વાર્થની જ્યારે ખૂબ તાલાવેલી પ્રકટેલી હોય છે, ત્યારે આપણે જેમ સર્વ કોઈનું ખરુંખોટું સહી લઈએ છીએ, તેમ પરમાર્થના વિષયમાં—પ્રભુપ્રાપ્ત કરવાના વિષયમાં—પણ પ્રતિકૂળતાઓ જે જે પ્રકટે, તેને પ્રેમપૂર્વક સ્વીકારીને, તપશ્ચર્યાભાવે સહી લઈને કોઈના પણ ગુણદોષ ન જોતાં સર્વને અનુકૂળતા કરી આપવી તે પ્રભુપ્રાપ્તિ થવામાં સાધનરૂપ છે.

**('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૪૧ થી ૩૪૪)**

» સંબંધી, સ્વજનના વિચાર તથા વર્તનને ન જોતાં, તેમનાં કલ્યાણ તરફ જ આપણે તો ધ્યાન રાખવાનું છે. જ્યારે તેઓને સમજાશે કે આપણે તો તેમના કલ્યાણમાં જ તત્પર રહીએ છીએ, ત્યારે તેઓ આપણા પરત્વે પોતાનું પ્રતિકૂળ વર્તન છોડી દઈને આપણને અનુસરવાના હશે તો અનુસરશે.

જેનું હૃદય સદાય અવિરત પ્રસન્ન છે, એવા ઉપર શુભ સંસ્કાર પડવાથી પ્રાપ્ત થનાર પ્રત્યેક પ્રસંગમાં આનંદને અનુભવવાની મનને સતત ટેવ પડે છે. પછી એને કોઈ વસ્તુ, પ્રસંગ, ઘટના

અરુચિકર લાગતી નથી. જેમાં ને તેમાં આનંદ, રસજ્ઞતા ને માધુર્યને અનુભવ-વાનો જ્ઞાનભક્તિપૂર્વકનો અભ્યાસ પડવાથી મનને શાંતિ મળે છે, પ્રસન્નતા પ્રકટે છે તથા એની તેજસ્વિતા ને શક્તિ ઑર વધે છે.

વહેવાર વેળા વહેવાર ને સાધના વેળા સાધના, એમ બે જુદાં જુદાં ખાનાં પાડી નાખ્યે નહિ ચાલે. સાધનાનો ભાવ જો પ્રેમભક્તિ-પૂર્વકનો, સાફ દિલવાળો, પૂરેપૂરો હોય તો તેવી ભાવનાનો જ્ઞાનપૂર્વકનો ઉપયોગ સર્વ ક્ષેત્રમાં કર્યા કરવાનું રાખે તો સાધકના સ્વભાવનું રૂપાંતર થયા કરવાનું બને, બાકી નહિ.

**('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૪૫–૩૪૬)**

» જ્યારે આપણે સમતા—તટસ્થતાપૂર્વક પૃથક્કરણ કરતાં હોઈએ, તે વેળાએ હૃદયનું મહત્ત્વ તો નામસ્મરણમાં પ્રકટ્યા કરે અને પૃથક્કરણ કરવામાંથી આડે ફંટાયાનું મૂળ કારણ સમજી જવાય અને તેનું નિરાકરણ થાય એવી રીતનું ધોરણ જીવનમાં પ્રકટવું ઘટે.

**('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૫૨–૩૫૩)**

» જેમ વ્યવહારની બધી ચીજો ઈન્દ્રિયથી પરખાય છે. એમનું આકલન પણ થાય છે, તેવી રીતે શ્રીભગવાનનો જે ભાવ છે ને જે અનિર્વચનીય છે, તેને પામવા કે પારખવા માટે જે શક્તિ આપણને ખપ લાગે તેનું નામ શ્રદ્ધા. શ્રદ્ધા એટલે તો આંતર્દૃષ્ટિ પણ.

**('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૫૩)**

» શ્રીભગવાનનું દર્શન એટલે અમુક કાલ્પનિક ભાવ, મનની કોઈ કલ્પના નથી. સંસ્કાર પરંપરાગત થયેલી આપણામાં જે એક પ્રકારની ભાવના છે તે પણ તે નથી. શ્રીભગવાનના ભાવનું આપણામાં સ્પષ્ટ થવું એનો અર્થ એ છે કે એના ભાવની અંદર રહેલાં તત્ત્વો જેમ કે એનું સચરાચરપણું, એની અનંત, અમર્યાદ શક્તિ, અનેક પ્રકારના ગુણોની ને ગુણોથી પરની શક્તિ, એનું સવિકલ્પપણું અને નિર્વિકલ્પપણું વગેરે આપણામાં પ્રત્યક્ષ અનુભવરૂપે પ્રકટ થાય,

ત્યારે એનાં દર્શન થયાં ગણાય. શ્રીભગવાને જે આ સૃષ્ટિ રચી છે, તેની પાછળ કોઈ ગૂઢ હેતુ હશે જ—છે, એ હેતુને પાર પાડવામાં પ્રત્યેક જીવ સંકળાયેલો છે. આપણને આત્માની સ્થિતિનું ભાન થતાં, તે હેતુનું સ્પષ્ટ દર્શન થાય છે ને એમ આપણે એના યંત્ર બનીએ છીએ. પળેપળ એવી ભાગવત સ્થિતિમાં નિરહંકારપણે ને અભેદભાવે રહેવાયા કરાય અને પળેપળ તેવા ભાગવતી કાર્ય થયાં કરે એનું નામ શ્રીભગવાનનું દર્શન. (**'જીવનમંથન', આ. ૨, પૃ. ૩૪**)

» શ્રીભગવાનના અનુભવ માટે અમુક શરતો પૂરી કરવી પડતી હોય છે. તેમાંથી કેટલીક નીચે પ્રમાણે હોઈ શકે છે.

શ્રીભગવાનના અસ્તિત્વનો હૃદયની જ્ઞાનભક્તિપૂર્વકનો નિશ્ચય, 'સર્વરૂપ શ્રીભગવાન એ મારો આત્મા છે' એવી ઊંડી અંતરની જ્ઞાનપૂર્વકની સમજ, સર્વરૂપ ભગવાન જ છે એવો હૃદયમાં હૃદયથી જ્ઞાનભક્તિપૂર્વકનો સ્વીકાર, પોતાની જાતની સંપૂર્ણપણે ઓળખ, એને સ્વકર્મથી સંતોષવા એ જ એની પાકી સમજ, આવું આપણે શ્રદ્ધાથી રોજ ને રોજ નિશ્ચયાત્મક બુદ્ધિથી, હૃદયથી હૃદયમાં તે બધું કેળવતા રહીએ, અને તે બધું ઊંડું ને ઊંડું સમજથી ઉતારીને તેનો અનુભવ કર્યા કરીએ તો આપણે શ્રીભગવાનના છીએ અને એ આપણો છે તેવા તત્ત્વનો અનુભવ થશે જ થશે.

**('જીવનમંથન', આ. ૨, પૃ. ૪૫)**

» સારોય સમાજ ઉન્નતિના સર્વોત્કૃષ્ટ શિખરે પહોંચી જાય તેવું બનવું શક્ય લાગતું નથી. વ્યક્તિ ચઢી શકવાની છે અને ચઢશે. સમાજ પણ વ્યક્તિ તરફ મીટ માંડતો હોય છે, વ્યક્તિથી દોરવાતો હોય છે ને વ્યક્તિથી પોતાની પ્રાણશક્તિ બઢતી તે અનુભવતો હોય છે. સમાજ વ્યક્તિનો બનેલો છે. આમ વ્યક્તિ જેટલું ઊંચે ચઢવામાં મથશે અને વધુ ને વધુ વ્યક્તિઓ ઉચ્ચ જીવન પ્રકટાવવામાં રસ લઈને તે પરત્વે નિષ્ઠા જેટલી પ્રકટાવશે તેટલા પ્રમાણમાં સમાજનો પણ ઉદ્ધાર થવાનો છે તે નક્કી વાત છે.

**('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૫૫)**

» દરેક સમાજને પોતપોતાની આગવી વિશિષ્ટ પરંપરા ને સંસ્કૃતિ હોય છે, જેને આપણે વિશિષ્ટ ગુણશક્તિ પણ કહી શકીએ. તેની પ્રેરણા પામી પામીને તે ચાલે તો એનો વિકાસ થઈ શકે છે. દરેક સમાજને એવી સ્વતંત્ર સંસ્કૃતિ હોય છે જ.

**('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૫૬)**

» માનવીના જીવનમાં જે અવ્યક્ત ઈશ્વરનું સ્વરૂપ છે, તેને એકાગ્ર ને કેન્દ્રિત સાધનાના ભાવ વડે છતું કરીને એને ક્રિયાના પ્રવાહ સ્વરૂપમાં એની કૃપાથી વહેતું મૂકવાનું કરવું તેનું જ નામ સાક્ષાત્કાર. આપણામાં જે અવ્યક્ત પ્રભુમય જીવન છે, તેને પ્રેમભક્તિજ્ઞાન-પૂર્વકની ચેતનયુક્ત જાગ્રતિમય સાધનાના પળેપળના અભ્યાસ વડે, જીવનમાં પ્રત્યક્ષ કામ કરતું અનુભવવું તે જ છે સાક્ષાત્કાર.

**('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૪૨–૩૪૩)**

» શ્રીસદ્‌ગુરુ સાધકની નબળાઈઓ પરત્વે કડકમાં કડક થઈને એનું તેને પૂરેપૂરું ભાન પ્રકટાવે છે, જ્યારે બીજાઓની નબળાઈઓ પરત્વે પૂરેપૂરાં જ્ઞાનપૂર્વક ક્ષમાશીલ રહ્યા કરવાને સાધકને પણ તે સૂચવે છે.

**('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૫૭)**

» બીજાઓની નબળાઈઓ પરત્વેનું જ્યારે જીવને ભાન પ્રકટે છે ને જો પૂરેપૂરી જ્ઞાનયુક્ત તટસ્થતા ન પ્રકટી હોય તો તે વેળા તે જીવ તે પરત્વે નરક પર માખી બણબણે છે, તેમ ગણગણવાનો.

**('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૫૭)**

» આપણા જીવનમાં ઊંડે ઊંડે જડ ઘાલીને બેઠેલાં સર્વ સંસ્કાર, વિચાર, વૃત્તિ, સમજણ, માન્યતાઓ વગેરે વગેરેનો વારસો ગુરુનો હુકમ થતાં એકદમ બદલાઈ જવાનો છે, એમ માનવું તે નર્યું અજ્ઞાન છે. શ્રીસદ્‌ગુરુ તો દૃષ્ટિ પ્રેરે. આપણને જુદી જુદી પરિસ્થિતિઓ પરત્વે યોગ્ય વિચાર કરવાને પ્રેરાવે. બાકી બીજું બધું તો આપણે જ કરવાનું રહે છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૫૮)**

» શ્રીભગવાનને ચરણકમળે તાજાં જ ફૂલો ચઢાવવાનાં હોય, તેવી રીતે જુવાનીમાં પ્રભુમય જીવન કરવાનું જેણે સ્વીકાર્યું છે, તે જ વધુ યોગ્ય છે. જોબન—યુવાની—એ તાજું ફૂલ છે. ઘડપણમાં મોટા ભાગે કોઈ ગોવિંદના ગુણ ગાઈ શકવાનું નથી. જીવનની સાધનામાં જોઈતાં સાહસ, હિંમત, અડગતા, પુરુષાર્થનું બળ, ઉત્સાહ, ખંત, ધીરજ વગેરે ગુણો જુવાનીમાં જ વધુ ખીલેલા રહે છે. તે વેળાએ જીવનની સાધનામાં જો ખૂંપી શકવાનું બન્યું તો એવા એના ગુણોનો ઉત્તરોત્તર વિકાસ થતો રહેવાનો. એવા ગુણો એની શ્રેષ્ઠ કક્ષાએ પહોંચીને પરિપક્વપણે થઈ દિવ્યતાના અંશરૂપે પરિવર્તનને પામી શકવાના છે. ત્યારે તે ગુણ, ગુણ નથી રહેતા પણ શક્તિરૂપે પ્રકટેલા હોય છે. ત્યારે એવા માનવીને ઘડપણ હોવા છતાં ઘડપણ નહિ હોય.

**(‘જીવનમંથન’, આ. ૨, પૃ. ૩૬૦)**

» જીવનની સાધના એ હાંસીખેલ નથી, એ તો મર્દાનગીના ખેલ છે. એના મહત્ત્વનો, ગંભીરતાનો ખ્યાલ હજુ આપણને પૂરેપૂરો પ્રકટેલો નથી. સર્વ પ્રકારે, સર્વ ભાવે, જીવનને ન્યોછાવર કરી કરીને વારી વારી જઈને ત્યાગ, બલિદાન ને સમર્પણ કરવાની ઉત્કટ ભાવના પળેપળ જીવતી જાગતી રાખ્યા કરીને આપણે હોમાયે જવાનું છે.

**(‘જીવનમંથન’, આ. ૨, પૃ. ૩૬૦)**

» બીજાનામાં પ્રેમભક્તિ રાખવા છતાં આપણે તો આપણામાં જ મસ્ત રહેવાનું છે. બની શકે તેટલા નિઃસંગ રહેવું—સ્થૂળપણે અને સૂક્ષ્મપણે બંને રીતે, આપણામાં ભરાઈ રહેલાં મંતવ્યો, ગણતરીઓ, માપો, મૂલ્યાંકનો, મડાગાંઠો, ગમા-અણગમા, રાગ-દ્વેષ, સમજણો, સંસ્કારો—એ બધાં આપણાં સંગીઓ છે. એમાંથી હવે આપણે નિઃસંગ થવાનું છે. **(‘જીવનસંશોધન’, આ. ૨, પૃ. ૧૨)**

» પોતાને પસંદ પડતા વિચારો ને કાર્યો જેને અનુકૂળ ન આવતાં હોય તેના પ્રતિ અવગણનાની વૃત્તિ, એના સાત્ત્વિક કાર્ય પરત્વે

બેદરકારવૃત્તિ વગેરે આપણામાં ન આવી જવું ઘટે. આવી અનુદારતા અને અસહિષ્ણુતા જવી જોઈએ. (**'જીવનસંશોધન', આ. ૨, પૃ. ૧૨–૧૩**)

» પ્રભુનું સંપૂર્ણ યંત્ર બની જનાર જીવ સકળ કંઈ કશાનું સંપૂર્ણ જ્ઞાન ધરાવી શકે છે, એવી હકીકત અને સમજણ યોગ્ય નથી. એના અનુભવના વિષયોમાં તો અપવાદ તરીકે તેવું જ્ઞાન નિમિત્તના કારણે તેને પ્રભુકૃપાથી કદીક કદીક ઊગી શકતું હોય છે.

(**'જીવનસંશોધન', આ. ૨, પૃ. ૨૧**)

» જેની કનેથી આપણે મેળવવું છે, તેના દિલમાં આપણું દિલ એક કરી દઈ શકીએ અને આપણે જો તેના જ પૂરેપૂરા થઈ શકીએ તો તેનું દિલ આપણા પર પ્રકટે છે. (**'જીવનસંશોધન', આ. ૨, પૃ. ૨૧**)

» જેની પાસેથી મેળવવાનું છે, તેના પરત્વે કૃતજ્ઞતાની ભાવના જાગવી ઘટે છે. જેના વડે કરીને આપણા દિલમાં ભાવ પ્રકટે છે, તે ભાવના પરિણામથી કૃતજ્ઞતાની ભાવનાનું પ્રાકટ્ય સહજ બને છે. ને જેમ જેમ પછી ભાવનું સ્વરૂપ લે છે, તેમ તેમ આપણે અનુભવીએ છીએ કે કૃતજ્ઞતાની ભાવના જ આ માર્ગના આગળના પ્રવાસનું પરિણામ છે ને એથી વધુ આગેકૂચનું કારણ પણ તે છે.

(**'જીવનસંશોધન', આ. ૨, પૃ. ૨૧–૨૨**)

» અશિષ્ટ અને મુફલિસ પોષાકના અંચળામાં સાધના કરનાર સાધકને ગુપ્તપણે નિરાંતે સાધના કરવાની સરળતા મળી રહેતી હોય છે. એથી કરી બીજી કોઈ રીતે ભાગ્યે જ શીખાય તેવા નમ્રતાના પાઠો સમાજના હાથે શીખવાના મળે છે. માન-અપમાનથી પર થવાના અભ્યાસની શક્યતા પણ તેમાંથી નીપજી શકે છે અને પરિણામે સર્વ પરત્વે સદ્ભાવ રાખવાની આવશ્યક તાલીમ તેમાંથી સાંપડે છે— જો સતત હેતુનું લક્ષ ને જાગૃતિ સેવી શકાઈ તો.

(**'જીવનસંશોધન', આ. ૨, પૃ. ૩૧**)

» 'વૃત્તિનો સંયમ કરો', 'સંયમ કરો', ને અમુક 'આ પાળો કે તે પાળો' એવા પોકારોથી કે એવા બોધ દેવાથી કંઈ કશું ઝાઝું વળનાર

નથી. માનવીને જ્યારે પોતાના જીવનધ્યેયની દિલમાં ખરેખરી તમન્ના પ્રકટે છે, ત્યારે જ જીવનવિકાસના માર્ગનું ખરેખરી રીતનું કામ થતું અનુભવાય છે. **('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૩૮)**

» કોઈ કીમતી વસ્તુ ખોવાઈ ગઈ હોય છે તો તે જડે નહિ, ત્યાં સુધી તેમાં જ આપણું લક્ષ આપમેળે બીજી પ્રવૃત્તિઓ કરાતી હોવા છતાં સતત જારી રહે છે, તેમ આપણા જીવનલક્ષનો જીવતો ખ્યાલ ને શ્રીભગવાનનું સ્મરણ આપણી ઈતર સકળ પ્રવૃત્તિમાં રહેવાં ઘટે છે. **('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૪૧)**

» અવળા અનુભવ થાય ત્યારે અકળાવું નહિ. તે પણ વાદળની જેમ વીખરાઈ જવાના જ છે.

જીવનધ્યેય પરત્વેની ભાવના કોઈપણ પ્રકારે રોજિંદા કર્મવ્યવહારમાં અખંડપણે વહ્યા કરે અને આંતરિક કરણોના જીવ-પ્રકારના પ્રવાહમાં ન તણાઈએ, તથા તેમાં તાટસ્થ્ય, સમતા, શાંતિ, પ્રસન્નતા આદિ પ્રકટ્યા કરે અને તેમ કરવાને હૃદયથી જાગૃતિપૂર્વક પ્રભુકૃપાથી મથાયા જવાય તેનું નામ સાચી સાધના. **('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૪૯–૫૦)**

» જે જે કંઈ જીવદશાનું હોય કે પ્રકટે તેનો જો જાગૃતિપૂર્વક ઈન્કાર થયે જાય, અને જો તેની લાંબી પરંપરા ન ચાલે અને મનાદિકરણો ભાવનામાં એકાગ્રતાથી રમ્યા કરતાં અનુભવાય તો સાચો ઈન્કાર થયેલો છે એમ ગણી શકાય. એવી કળામાં અખંડતા પ્રકટે તે વેળાથી સાચી સાધનાની શરૂઆત થાય છે. **('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૫૦)**

નિરંતરતાની ભાવાવસ્થામાંથી ચેતનનું વ્યક્ત થવાપણું આપમેળે પ્રકટે છે.

દિલમાં ને દિલથી પ્રકટેલા ભાવમાં કોઈ કશી ગણતરી રહેતી નથી કે તેના પ્રકાર ઊઠતા નથી. જ્યાં કશી ગણતરી છે, ત્યાં દિલ પૂરું પ્રકટેલું નથી એમ પ્રમાણવું.

માનવી શું કામ કરે છે, જગતના ધોરણે તેનું વર્તન કેવું છે, એના ઉપર એની જીવકક્ષા કે જીવનની ઉચ્ચતાનો આધાર મુદ્દલ નથી. ખરો આધાર તો એનું અંતરનું સત્ત્વ કેવું છે ને કેવું ઘડાયે જતું હોય છે, તેના પર છે. એટલે તે જ્યાં સુધી આપણે જાણતા નથી, ત્યાં સુધી આપણને કોઈનુંયે મૂલ્યાંકન કરવાનો સાચો અધિકાર નથી.

» બીજું, બીજી બાબતોમાં—જેમ કે રાજકારણ, સમાજસેવા, તત્ત્વજ્ઞાનના વાદ પણ—એ બધામાં આગ્રહ એટલે એક પ્રકારનું સૂક્ષ્મ હુંપણું, પછી ભલેને તે વિસ્તૃત સમજણના પ્રકારનું હોય!
(**'જીવનસંશોધન'**, **આ. ૨, પૃ. ૫૧, ૫૩, ૭૩, ૧૦૦**)

» ધર્મમાં પણ અહંભર્યા આગ્રહ હોય છે. અમારો જ ધર્મ સાચો અને તે પ્રમાણે બીજા જીવે તો જ તેમનું કલ્યાણ થાય, કે જલદી કે વધારે કલ્યાણ થાય, એવો મતાગ્રહ હોય છે. એવી જ રીતે આધ્યાત્મિક માર્ગમાં પણ જોવામાં આવે છે.

જગતમાં વાદોના, મતોના, પદ્ધતિઓ આદિનાં જે સંઘર્ષણો પ્રવર્તે છે, તેનું મૂળ આ અહમ્‌માં છે. (**'જીવનસંશોધન'**, **આ. ૨, પૃ. ૧૦૦**)

» બીજાના દોષ તરફ નજર નાંખવાને બદલે તેના ગુણ તરફ નજર દિલમાં જો રહ્યા કરે, તો તેવા ગુણ આપણામાં પણ વિકસી શકે. સાધનામાં જ શું, જીવનના કોઈપણ ક્ષેત્રમાં, કદરભાવના અને ગુણગ્રાહકતાનો ગુણ અતિ ઉપયોગી ને જરૂરી છે. આપણું લક્ષ જેના પર રહેશે, તે તત્ત્વ વહેલુંમોડું આપણામાં ખેંચાશે.
(**'જીવનસંશોધન'**, **આ. ૨, પૃ. ૧૦૩**)

» સમર્થ પુરુષ કાળને બનાવે છે કે કાળ સમર્થ પુરુષને ઉપજાવે છે એ તાત્ત્વિક ચર્ચા જવા દઈએ. એટલું તો નિર્વિવાદ છે કે સમર્થ પુરુષ કે મુક્તાત્મા કાળના ઘડવૈયા જરૂર હોય છે. તેઓ કાળની અસર પ્રમાણે વર્તે છે, તે હકીકત સાચી છે, પરંતુ તે તેનાથી તણાઈને નહિ, તેનાથી ઉપર તરતા રહીને, અવતાર પોતે તો કાળની

અસરથી પર હોય છે, પણ જગતની તેમના તેમના અવતાર સમયની, બીજી કોઈ રીતે ન પુરાય એવી, ચેતનના આવિર્ભાવની માગણી તેઓ પૂરે છે ને તે તેમના દેહ ધારણનો હેતુ હોય છે.

જે કોઈ પરમ પુરુષે જે કંઈ જગતમાં કર્યું, તે તેમના યુગકાળના ધર્મને અનુસાર કર્યું ને તે કાળના ધર્મના પ્રમાણમાં તે રીતે જગતમાં તેમનું વ્યક્તત્વ થયું. તેથી કંઈ તે તેટલામાં જ સમાયા હતા, તેટલાં જ તેમનાં શક્તિ-સામર્થ્ય હતાં, એમ માનવું એમાં વિચાર દોષ દેખાય છે. **('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૧૧૧)**

» આપણે તો સર્વ ધર્મ પરત્વે, ધર્મોના મૂળ આચાર્યો પરત્વે તથા સર્વ સત્‌પુરુષ કે મુક્તાત્મા પરત્વે હૃદયનો પૂરેપૂરો ભક્તિભર્યો ઊછળતો સદ્‌ભાવ કેળવી કેળવીને દાખવવાનો છે.

સર્વ પરત્વે જ્ઞાનયુક્ત સદ્‌ભાવ પૂરેપૂરો દાખવ્યા વિના સર્વ પરત્વેની સમત્વની ભાવના પ્રકટી શકવાની નથી.

Exclusively–એકલો, અલગપણે, ભક્તિયોગ તે ભક્તિયોગ નથી, જ્ઞાનયોગ તે જ્ઞાનયોગ નથી, કર્મયોગ તે કર્મયોગ નથી, જીવન-સાધનામાં તે બધા એકબીજામાં ઓતપ્રોત થઈ ગયેલા હોય છે.

જ્યાં સુધી આપણામાં તટસ્થતા, સમતા, સાક્ષીભાવ પૂરેપૂરાં પ્રકટ્યાં નથી, ત્યાં સુધી આપણે કોઈને પણ યોગ્ય રીતે તોલી શકવાના નથી. તેથી બીજાનું આડું જોવું તે કરતાં આપણે તેમાંથી પરાઙ્‌મુખ થવું તે આપણા શ્રેય માટે ઉત્તમ છે.

**('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૧૧૨, ૧૧૪)**

» આપણા સાથીદારોને કેમ કરીને વધુમાં વધુ ઉપયોગી થઈ પડાય ને તેમને કેમ કરીને વધુ મહત્ત્વ દેવાયે જાય ને આપણે પોતે તો શૂન્યમાં શૂન્ય રહી શકીએ એમ વર્તવાથી શરણાગતિની ભાવના કેળવાતી આવે છે. જોકે આવા વર્તાવથી ઘણી વાર પ્રત્યક્ષ ગેરલાભ પણ થતો હોય છે, કિંતુ તેવા ગેરલાભમાંયે સાચો લાભ સમાયેલો

હોય છે, એ અંતે જણાયા વિના નહિ રહે.

**('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૧૧૬)**

» જીવનપથમાં આવતાં વિઘ્નો, મુશ્કેલીઓ, ગૂંચો તો ઊલટાં આધ્યાત્મિક, તંદુરસ્તી ને બળને પુષ્ટિ કરનાર ઔષધિ જેવાં નીવડે છે—જો આપણી તે પરત્વેની જીવંત, વેધક, સારગ્રાહી દૃષ્ટિ પ્રકટેલી હોય તો. **('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૧૧૬)**

» બીજાના સદ્‌ગુણ પરત્વેનું સહજ આકર્ષણ ને તેની કદર સાધકના જીવનમાં જો વ્યક્ત થતી ન અનુભવાય તો પોતાની દિશા ખોટી છે એમ સમજવું. **('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૧૧૯)**

» બીજા કોઈ જીવનાં ગુણગાન કે વખાણ સાંભળતાં જો મનમાં દ્વેષ-ઈર્ષ્યા કે એવી કોઈ વૃત્તિ ઉદ્‌ભવે ને તેના પ્રતિકારરૂપે તે જીવની આપણી સમજણની આડીઅવળી વાત હૈયે ચઢે યા વ્યક્ત થઈ જાય તો સમજવું કે બીજાના સદ્‌ગુણ પરત્વેનું સહજ આકર્ષણ હજુ આપણામાં પ્રકટ્યું નથી ને એટલે અંશે સદ્‌ભાવની સાધના લૂલી યાને અધૂરી સમજવી.

» હૃદય એ શબ્દ સ્થળવાચક નથી, પરંતુ કક્ષાવાચક કે ભૂમિકાવાચક પણ છે. **('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૧૨૦)**

» જીવન માત્ર કંઈ ગુણોનો સમૂહ નથી. ગુણોમાં જીવન રહેલું છે એ વાત સાચી. સદ્‌ગુણથી જીવન શોભે છે એ પણ ખરું છે, પરંતુ જીવનની સાચી વાસ્તવિકતા ને તેની મર્યાદા એકલા ગુણના વર્તુળમાં પુરાઈ રહી શકતી નથી. એ એનાથી પાર પણ છે.

માટે ગુણ એ આપણું લક્ષ્ય નથી. ગુણને પ્રેરાવનારી જે શક્તિ ને ગુણમાં રહેલી જે શક્તિ, તે શક્તિનું આપણામાં પ્રાકટ્ય થાય અને તે આપણાં સકળ કર્મમાં, વ્યવહાર વર્તનમાં કાર્યસાધક થઈ રહેલી અનુભવીએ એ આપણું ધ્યેય હોવું ઘટે.

**('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૧૨૧)**

» માનવીનો વિકાસ આમ તો પ્રકૃતિના પટમાં થયા જ કરતો હોય

છે, પણ તે પ્રકૃતિમાં વિકાસ થયે જાય છે, ચેતનમાં નહિ. તે ચેતનતત્ત્વ પ્રત્યેકના જીવનનો જે પ્રકૃતિનો પટ પડેલો છે, તેના દ્વારા વ્યક્ત થાય છે. એટલે ચેતનને વ્યક્ત કરવા સારુ પ્રકૃતિના વલણને ચેતના-ભિમુખ થવાનું રહે છે. **('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૧૨૭)**

» બહેનો અને માતાઓ સાથેનો નિર્મળ ભાવસંબધ, એ પતન કરનારું સાધન નથી, પરંતુ બળ અને પ્રેરણા આપનારું સાધન છે. તે સંબંધના અંતરના હાર્દમાં જીવનવિકાસના ધ્યેયનું જ્ઞાનભક્તિપૂર્વકનું ભાન પ્રકટેલું હોવું જોઈશે. **('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૧૪૧)**

» સંબંધ વધે તેમ તેમ નિઃસંગની ભાવના પણ સવિશેષ કેળવાયે જાય, તે તરફ લક્ષ દેવું ઘટે છે. સત્સંગની ભાવના રાખવાથી એટલે કે જે કંઈ મળે તેની તેની સાથે જીવનવિકાસના હેતુના જ્ઞાનની ભાવના ફળાવવાની એકમાત્ર એકાગ્ર ને કેન્દ્રિત દૃષ્ટિ, વૃત્તિ ને વલણ પ્રકટ્યાં હોય તો તેવા સત્સંગથી નિઃસંગની ભાવના એટલે કે આત્માની ભાવના કેળવાતી જતી હોય છે.

સકળ પ્રકારના સંબંધ અને કર્મ પણ ભાવના કેળવવાને અર્થે છે અને જીવનવિકાસના ઘડતર ને ચણતરને કાજે છે. તે વિના સંબંધ કે કર્મનો બીજો કોઈ અર્થ કે હેતુ નથી.

**('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૧૪૦ થી ૧૪૨)**

» ભાવમાં જ્યારે એકાગ્રતા ને કેન્દ્રિતતા પ્રકટે ને ટકે એટલે કે એમાં જ એટલી તો ગાઢ તન્મયતા જન્મે કે આગળ પાછળનાનું ભાન પણ ન રહે. એવી સ્થિતિ વારંવાર જ્યારે થઈ જતી હોય, ત્યારની સ્થિતિમાં સંપૂર્ણ એવી ભાવાવસ્થા થઈ જવાની તૈયારી હોય, ત્યારે જેવા થવાનું દિલ હોય તેની સદ્‌ભાવના સચેતનપણે જો આપણે હૃદયમાં રાખી શક્યા, તો આપણી પ્રગતિ ઘણી ઝડપી થાય.

**('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૧૪૬)**

» આપણને જેના પરત્વે અણગમો હોય કે થાય તેને જ્ઞાનભાનપૂર્વક

ખાસ સવિશેષ પ્રેમથી ચાહવું અને તે પણ આપણા કલ્યાણને માટે તેમ કરવાનું છે.

» વ્યવહારની બહારની પ્રવૃત્તિઓમાંથી અલિપ્ત રહેવાનું છે, તે વાત સાચી, પરંતુ જે પ્રવૃત્તિ આવી મળેલી હોય, તે તરફ એક પ્રકારની અરુચિની વૃત્તિ, ત્રાસ કે કંટાળાની વૃત્તિ ઊપજતી હોય ને તેને લીધે તેમાંથી ભાગી છૂટવાની વૃત્તિ પેદા થતી હોય તો તે યોગ્ય નથી. તે પણ એક પ્રકારનો તમોગુણ છે.

» સત્સંગનો મહિમા ઘણો ગવાયો છે. તે એટલા માટે કે મુક્તાત્માની સાથેના પ્રેમજ્ઞાનભક્તિપૂર્વકના આંતરિક પરિચયથી જીવનમાં પ્રેરણાત્મક ભાવ પ્રકટે છે અને એવા ભાવનો સદુપયોગ અંતર્મુખતા કેળવ્યા કરવામાં રહેલો છે.

» શોક થતાં તે પણ એક પ્રકારની લાગણી જન્મે છે. તેનો પણ નામસ્મરણમાં ઉપયોગ થઈ શકે છે. તેમાંથી એકાગ્રતા જન્માવી શકાય છે. કોઈ પણ ઊર્મિને, લાગણીને સાધનાના રચનાત્મક ઉપયોગમાં લઈ શકાય એમ છે.

» જીવપ્રકારની કોઈપણ વૃત્તિના બળથી મુક્ત, એવો જે મુદ્દલે બળ વગરનો જીવ તે સાચી અબળા.

જ્યારે સંપૂર્ણ નિરાસક્તિ, નિર્મમત્વ, નિરાગ્રહ, નિરહંકારીપણું વગેરે જીવનમાં કામ કરતાં થઈ જાય, ત્યારે જ સાચી રીતે શ્રીભગવાન ઉપર આધાર રાખી શકાતો હોય છે.

અધ્યાત્મપથે 'નિર્ધન' થઈ જવાનું છે એટલે કે જીવપ્રકારનો—જીવપ્રકારની વૃત્તિઓનો—ખજાનો છે, તે ખપાવી દઈને એ અર્થમાં, પૂરેપૂરા ભિખારી બનવાનું છે.

**('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૧૬૮–૭૨–૭૩–૭૫–૯૦–૯૭)**

» ગુરુભાવ એટલે ગુરુ પોતે નહિ કે તેનું શરીર નહિ, પરંતુ જીવનનો વિકાસ થવાને આપણને જે ઉત્કટ તમન્ના પ્રકટેલી હોય છે, તેને

એકમાં એકાગ્ર ને કેન્દ્રિત કરીને તેનામાંથી પ્રેરક બળ અને ચેતનવંતા પ્રાણ પ્રાપ્ત કરવાને જે લક્ષ્ય, જે સાધન છે તે.

**('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૨૦૩)**

» હૃદયની અજ્ઞાત પ્રેમભક્તિથી ઋષિ-મુનિઓની સેવા કરવામાં ઇતિ-કર્તવ્યતા માનનારા પણ તરીને પાર ગયાના શબરી જેવા દાખલા પણ છે. એટલે જીવનવિકાસની સાધનામાં એકાગ્ર ને કેન્દ્રિત થવાતું જવાય તો વિવિધ ગુણશક્તિઓ સાથે વિકસે છે ને એમ કરતાં કરતાં પૂર્ણત્વની કક્ષામાં પણ પહોંચી શકાય છે.

» સાધનામાં કાળબદ્ધ યોજનાની જેમ એવા કોઈ કાળનું—અમુક સમયને અંતે અમુક સ્થિતિ કે ભાવના થાય એવી નિશ્ચિતતાનું—નિર્ણિતતાનું સ્થાન ન હોઈ શકે. જે કોઈ પોતાની 'આજ' યોગ્યપણે સંભાળે છે, તેની 'કાલ' યોગ્યપણે પ્રકટવાની જ છે.

» આપણા મનને અથવા ભાવને સ્થિર કરવાને માટે સાકાર આલંબનની જરૂર પ્રકટે છે. તેથી કોઈ ને કોઈ પ્રકારે માનવસમાજમાં મૂર્તિપૂજાનો સંસ્કાર જીવંત રહેવાનો છે. શ્રીસદ્‌ગુરુની પ્રથા પાછળનો અંતર્ગત હેતુ તો એક અવલંબન તરીકેનો છે.

» સેવાના પ્રેમથી તો ભેદ ઘટે અથવા ઘટવા માંડે, પરંતુ ભેદની માત્રા સેવાના ક્ષેત્રમાં વધેલી અનુભવાય છે. એટલે એને સાચા અર્થમાં તે 'સેવા' ગણાય કે કેમ તે વિચારવું રહ્યું.

» સાચો ને ઇચ્છવાજોગ ચમત્કાર તો પ્રકૃતિનું રૂપાંતર થાય તે છે. ભાવનામાં અખંડતા પ્રકટતાં પ્રકટતાં મનમાં નીરવતા, બુદ્ધિમાં પ્રજ્ઞાવસ્થા, ચિત્તમાં ચેતનાની ભાવના, પ્રાણમાં એકમાત્ર ભગવદ્‌-ભાવનાની ભાવના ને અહમ્‌માં પ્રભુપ્રેરિત શક્તિ, એવાં પરિણામમાં પ્રકટતાં પ્રકટતાં પ્રભુકૃપાથી શરણાગતિને પામીશું. આપણે તો આ પ્રકારની ભાવાત્મક-પરિણામજનક ચમત્કારની વાંછના રાખવી.

**('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૨૧૩, ૨૧૫, ૨૨૫, ૨૬૯)**

» અવ્યક્તમાં આસક્તિ થવી એ ઘણું દોહ્યલું છે. સાકારની ભક્તિ પ્રમાણમાં વધુ સુગમ છે. આથી સાધનાને માટે ભક્તિ વિશેષ સાનુકૂળ છે. ભક્તિમાંથી જ્ઞાન પ્રકટે છે અને જ્ઞાનમાંથી યોગ પ્રકટે છે ને તે બધાંમાંથી કર્મકૌશલ્ય પણ પ્રકટે છે.

**('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૨૭૭)**

સાધનના અભ્યાસમાં સાકારપણું એટલે તેનો ભાવ અને તેમાંથી પ્રકટતી એકાગ્રતા, કેન્દ્રિતતા ને સળંગતા ને તે પછી તેનો થતો વિસ્તાર.

જેમ શિક્ષણમાં આગળ ધપવાને માટે સાકારનું શરણું એ શિક્ષક, તેવી રીતે જીવનવિકાસના માર્ગે અવલંબન લેવાનું જે યોગ્ય સાકાર સાધન તે શ્રીસદ્‌ગુરુ.

કર્મ કરવા છતાં એ કર્મ પાછળની ઇચ્છા કોઈ લૌકિક પ્રકારની ન હોવી જોઈએ, કિંતુ સાધનાના ભાવને પ્રેરક બળરૂપ પ્રકટ્યા કરે એવી રીતે ને એવા ભાવે પ્રભુપ્રીત્યર્થે મળેલાં કર્મો યજ્ઞભાવે આપણે કર્યાં કરવાનાં છે.

મૌન તો સારું જ પરંતુ પાછું એ મૌન ઘરેડ પ્રકારનું, શુષ્ક, કોરું કોરું ન હોવું ઘટે. મૌનમાં આંતરિક પ્રવાહ ભાવનામય પ્રકટેલો રહે અને તેવું ન હોય, તે વેળાએ મનનચિંતવનની પ્રક્રિયા ચાલતી રહે, એટલે કે કોઈ ને કોઈ પ્રકારે મૌન પાળતી વેળાએ સાધનાના રચનાત્મક સાધનમાં વળગેલા રહ્યા કરતા હોઈએ તો તે પ્રકારનું મૌન વિકાસાત્મક છે.

સંસારી માનવી અને સાધક બંને જણા સાંસારિક, વ્યાવહારિક કર્મો કરતાં હશે. એટલે બંનેનાં કામનો પ્રકાર બાહ્ય રીતે તો એક જ હોવા છતાં કર્મની પાછળના ભાવમાં પાયાનો ફરક હોય છે. સંસારીનું લક્ષ તો સંસાર પરત્વે રહેવાનું ને એના ચિત્તમાં સંસાર જન્મવાનો, જ્યારે સાધક પોતાની તે ભાવનાને વિશેષ મહત્ત્વ આપતો હશે. જો તેમ ન કરી શકતો હોય તો તે તેની નબળાઈ છે. તેવી નબળાઈ તેનો

દોષ છે. તેમાંથી તેણે નીકળી જવું ઘટે. એટલે સાધક જ્યારે ખરેખરી રીતે સકળ પ્રકારનાં કર્મ કરતાં કરતાં અંતરમાં એકમાત્ર સાધનાના જ ભાવની એકાગ્રયુક્ત જ્ઞાનાત્મક ધૂનમાં પ્રકટેલો રહ્યા કરતો હશે, ત્યારે તેવાં તેવાં કર્મના ક્ષેત્રપ્રકારના સંસ્કાર તેના ચિત્ત ઉપર પડી શકવાના નથી, પરંતુ તેના બળમાં તેથી તો ઉમેરો થવાનો છે.

**('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૨૭૮, ૨૭૯, ૨૮૦, ૨૯૦)**

» શ્રીસદ્ગુરુ સાથે એકતા એટલે શ્રીસદ્ગુરુના જેવા થવાનું છે એમ નહિ, પરંતુ એનો અર્થ તો એટલો કે હૃદય હૃદયની સાથે મળી, ભળી, ગળી ગયું હોય અને દિલ દિલનો જ્ઞાનભક્તિપૂર્વકનો તાદાત્મ્યભાવ પૂરેપૂરો પ્રકટી જાય, અને એક એકના દિલમાંની બીજા પરત્વેની ભાવના બીજાના દિલને પણ મળી શકે એવી દિલની તેવા પ્રકારની એકતા, અને તે થવાને આપણે મથવાનું છે. બાકી આપણે એકબીજાના જેવા થવાનું નથી, આપણે તો પ્રભુના જેવા થવાનું છે. પ્રભુની જે સગુણ ભાવના છે, તેની ધારણા અનુસાર આપણા જીવનનો વિકાસ કરવાનો છે.

કર્મ યોગ્ય પ્રકારનાં થયા કરે અને તેમાં વ્યવસ્થા પ્રકટે તેના પર ઝોક ને મહત્ત્વ ન આપતાં કર્મ કરતાં કરતાં મનમાંનો ભાવ આપણી સાધનાને અનુકૂળ અંતર્ગતપણે વહ્યા કરે તેને મહત્ત્વ આપ્યાં કરવાનું છે. ભાવને મહત્ત્વ આપી તે પ્રમાણે થતાં કર્મમાં યદ્વાતદ્વાપણું પ્રકટે છે, એવી માન્યતા એ એક ભ્રમ છે. કર્મકૌશલ્ય એકાગ્રતામાંથી પ્રકટે છે.

ભાવ કેળવાઈને એકાગ્ર ને કેન્દ્રિત થતો જાય છે. તેનું પ્રત્યક્ષ લક્ષણ વૃત્તિઓ શમતી અને ઠરતી હોય છે તે છે.

જેમ કોઈ નિપુણ વગાડનારને કે પ્રવીણ ગાનારને જરાક પણ સૂર બેસૂરો થતાં સફાળી ખબર પડી જાય છે, તેમ આપણને ક્યાંક ભાવની ધૂનથી જરાક પણ ભિન્ન થવાતાં એકદમ આંચકો લાગી જવો જોઈશે. એ રીતનો અનુભવ થાય તો આપણે ભાવની ધૂનમાં

રહ્યા હોવાનું પ્રમાણવું.(**'જીવનસંશોધન', આ. ૨, પૃ. ૨૯૫ થી ૨૯૯**)

» કોઈપણ જાતની અન્યથાવૃત્તિ કોઈના પર આવવા દેવી નહિ અને કરવી પણ નહિ, કારણ કે એમાં પોતાનું અહિત છે. ધારો કે આપણને તેમ થવાનું સાચું કારણ મળ્યું હોય તોપણ તેમ થવાથી તે અન્યથાવૃત્તિના તેવા સંસ્કાર આપણામાં પોતાનામાં પડવાના છે, એટલે આપણે પોતે થઈને આપણું જ અહિત કરીએ છીએ એવું સાધકને લાગી જવું જોઈએ. એટલે સાચી રીતે તો સાધનાપથે સર્વ પરત્વે કેમ કરીને કેવળ સદ્ભાવ કેળવાયા કરે તે તરફ લક્ષ રાખવું ઘટે છે. સાચી રીતે થતી જતી સાધનાના ભાવમાંથી તો તે સદ્ભાવ પ્રકટતો રહે છે. (**'જીવનસંશોધન', આ. ૨, પૃ. ૩૦૦**)

» જે ભાવ દૃઢાવવાનો આપણે નિશ્ચય કર્યો હોય તે નિર્ણયને મદદ કરે એવું જે વિચારવાનું બને એ તો જાણે ઉત્તમ, પરંતુ જે આડુંઅવળું પ્રકટે, ત્યારે તેના પ્રવાહમાં તણાઈ ન જવું ઘટે, એટલી જાગૃતિ હોવી, રાખવી જોઈએ.

» એકાગ્રતાનો પણ એક જાતનો આનંદ હોય છે. કંઈ પણ કશામાં પ્રકટેલી એકાગ્રતામાંથી ભાવ ને આનંદ જન્મે છે. જેમ જેમ એકાગ્રતા કેળવાતી જાય, તેમ તેમ ભાવ વધારે ને વધારે ખીલતો જાય છે.

» કરુણાથી બીજાને માટે પ્રેરાઈ જવાનું બનતું હોય તો આપણી જાત માટે જ પ્રથમ કરુણા કેમ નહિ ? આપણે આપણા પોતા માટે તો હૃદયની યોગ્ય પ્રાર્થના કરવાને પૂરા સમર્થ થયા નથી, ત્યાં બીજાને માટે તેમ કરવાની વૃત્તિ કરવી એ આડફંટે જવા બરાબર છે.

(**'જીવનસંશોધન', આ. ૨, પૃ. ૩૦૧ થી ૩૦૪, ૩૧૧**)

» ગીતાજીમાં જે **'ભજતે'** શબ્દપ્રયોગ આવે છે, તેનો ઉપરછલ્લો વાણીમાં જ ભજન કરે છે એવો અર્થ કે ભાવ હોતો નથી, પણ આપણી આખી ચેતના પળેપળ પ્રભુના ભક્તિભાવની સતત ને સળંગ ધારાથી ઊભરાયા કરે તે **'ભજતે'**નો અર્થ છે. વળી મનસા,

વાચા, કર્મણા ભજવા ઉપરાંત અથવા તેના વધુ સ્પષ્ટ અર્થ તરીકે **'સમ્યગ્ વ્યવસિતો હિ સઃ'** કહ્યું છે. એટલે કે એના જીવનના પ્રત્યેક આચારવિચાર યોગયોગ્ય ચેતનાત્મક પ્રકારના પ્રકટેલા હોવા જોઈશે, તેનાં અંદરનાં બધાં મનાદિકરણોમાં સુમેળ, સુસંવાદ હોવો જોઈશે, એટલે કે તેઓ સુવ્યવસ્થિત હોવાં જોઈશે તેમ જ તેના જીવનમાં અને જીવનનાં સર્વ ક્ષેત્ર અને સર્વ પાસાંમાં તેનામાં ભાવપૂર્ણ યોગયોગ્ય વ્યવસ્થિતિ પ્રકટેલી હશે ને તેથી તેનો જીવનવ્યવસાય પણ એ પ્રકારનો હશે એવો ભક્ત **'ક્ષિપ્રમ્'** જલદી ધર્માત્મા થાય છે, ચિરશાંતિ પામે છે, અખંડ ધારાવત્ હૃદયનો આહ્લાદ પામે છે. એવા ભક્તને માટે શ્રીભગવાન વચન આપે છે કે તેની ભક્તિ મિથ્યા થતી નથી, તે નાશ પામતો નથી.

**('જીવનસંશોધન', આ. ૧, પૃ. ૩૨૬)**

» **'નિર્બળ કે બળ રામ'**નો સાચો અર્થ તો એ છે કે જ્યારે જીવદશામાંથી સંપૂર્ણ અહમ્નો લય થઈ જાય અને છેક છેવટની ઘડી સુધીનો સકળ પુરુષાર્થ કરી કરીને **'હારે કો હરિનામ'** એવી સ્થિતિ પ્રાપ્ત થાય ત્યારે **'નિર્બળ કે બળ રામ'** એમ આપણે સાચા ભાવથી પોકારી શકીએ. **('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૩૨૩)**

» ઘણાખરા ભાષ્યકારો અમુક સાંપ્રદાયિક મતને પોષણ આપનારા કે પોતાની રુચિ કે કક્ષા અનુસાર કે પોતાના Mission–પ્રભુપ્રેરિત એ સ્થળકાળ માટેના તેમના કર્તવ્ય અનુસાર મૂળ શ્લોકનો અર્થ કરતા હોય છે ને તે તેમને માટે યોગ્ય પણ છે. પણ આપણે તો મૂળ શ્લોકનો જ આપણા પોતાના જીવનયોગને અનુકૂળ જે રીતે અર્થ સૂઝે તેમ તેમાંથી હાર્દ પકડવું.

**('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૩૨૮)**

» જ્ઞાનનો ખરો અર્થ સમજણ નહિ પણ તેવું જીવન.

**('જીવનસંશોધન', આ. ૪, પૃ. ૩૬૬)**

» માનવીના સંજોગોથી, બુદ્ધિના પ્રભાવથી, મનના ફાંકાથી,

વિદ્વત્તાના ઘમંડથી, જીવનવ્યવહારમાં મળેલા લાભો તથા જય ને જશથી, આગળપાછળના લોકોની બોલબાલાથી, વાતાવરણથી વગેરે એવાં અનેક કારણોથી જીવમાં એક પ્રકારની અહંપ્રેરિત personalityનું—વિશિષ્ટતાયુક્ત વ્યક્તિત્વનું—થર જામતું હોય છે અને એ જીવનમાં વિકાસપથે ભારે અંતરાયરૂપ બની રહે છે. અહંપ્રેરિત વિશિષ્ટ વ્યક્તિત્વના કે એવી બીજી વૃત્તિના કોઠામાં એટલે કે અભિમન્યુના ચક્રાવામાં આપણે પેઠા એટલે પછી તો ભુલભુલામણીમાં ભૂલા પડીને અટવાયા કરવાના. આવા ચક્રાવામાંથી બહાર ખેંચી કાઢનાર જો કોઈ હોય તો તે જીવનવિકાસની સાધના છે. એ સાધનાના જોરે આપણાથી સવેળા જાગ્રત થઈ જવાય છે ને આપણી થતી ચૂક દીવા જેવી સ્પષ્ટ દેખાઈને એવી ભુલભુલામણીમાંથી પ્રભુકૃપાથી બહાર નીકળી શકાય છે. **('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૩૩૬, ૩૩૮)**

» ચર્ચાનું મૂળ ઉત્પાદક કારણ અહંકાર છે. ચર્ચામાં સામા પરત્વે એક પ્રકારની સૂક્ષ્મ અનુદારતા પ્રકટેલી રહે છે. સામાને ઓળખી શકવાની શક્તિ હોયા વિના તેને વિશે જાણેઅજાણે આપણને એમ માનવાનું મન થાય છે કે આપણે તેનાથી બુદ્ધિમાં અને સમજણમાં ને તેની યોગ્યતામાં ચઢિયાતા છીએ. વળી સૂક્ષ્મપણે એમાં દંભ પણ સેવાઈ જતો હોય છે, કારણ કે ચર્ચાના રસમાં તણાઈને સામી વ્યક્તિના કથનમાં જે કંઈ રહેલા સત્યને સ્વીકારવાનું અશક્ય બની જાય છે, અને કોઈક વાર તે ઊંડે ઊંડે સમજાતું હોય તોપણ તેના પ્રતિ દુર્લક્ષ કરીને આપણો કક્કો ખરો કરાવવા મથીએ છીએ. ચર્ચામાં બુદ્ધિનો દુરુપયોગ પણ થયા કરે છે.

**('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૩૪૦)**

» 'અમુક કાર્યની સિદ્ધિ તેનો કાળ પાકે ત્યારે થાય' એમ જે કહેવામાં આવે છે તે 'કાળ પાકવાના' નિર્માણની હકીકત જેટલી સત્ય છે, તેટલી જ પાછી કાળ પાકવાની મુદતમાં ઓછાવત્તાપણું આપણી તમન્નાની ઉત્કટતા, જીવનવિકાસની પ્રેમભક્તિ, પ્રભુકૃપા,

સાધનામય જીવન આદિમાંથી ફલિત થતાં આંતરિક પ્રયાસથી થઈ શકે છે એ હકીકત પણ સાચી છે.(**'જીવનસંશોધન', આ. ૨, પૃ. ૩૪૫**)

» સાધના એટલે જ કાળને જલદી ને છતાં યોગ્યપણે પકાવનારી જડીબુટ્ટી. પ્રતિકૂળ સંજોગોને અનુકૂળ કરવાની કળા એટલે સાધના એમ પણ કહી શકાય. પ્રકૃતિ દ્વારા જીવની થતી ઉત્ક્રાંતિમાં શક્તિ ને પ્રાણસંચાર પ્રકટાવી તેને વેગવાળી ને ભાવાત્મક બનાવનાર જે ચેતનની પ્રક્રિયા તે સાધના એમ પણ કહી શકાય.

(**'જીવનસંશોધન', આ. ૨, પૃ. ૩૪૫–૩૪૬**)

» યુદ્ધ એટલે માત્ર સંહાર એ સમજણ ઘણી અધૂરી છે. યુદ્ધથી ખંડન અને મંડન બંને થાય છે. યુદ્ધ એટલે ખંડન અને મંડન બંને.

» બુદ્ધિના ક્ષેત્રે, મનના ક્ષેત્રે, પ્રાણના ક્ષેત્રે, શારીરિક ક્ષેત્રે એમ માનવી-ના આધારના પ્રત્યેક કરણની પ્રવૃત્તિમાં યુદ્ધ ખેલાયે જતું હોય છે.

જ્યાં દ્વંદ્વ છે ત્યાં યુદ્ધ છે. અનેક પ્રકારનાં દ્વંદ્વોનાં યુદ્ધ દ્વારા સૃષ્ટિમાં શ્રીભગવાનનો દિવ્ય સૂક્ષ્મ હેતુ સધાયે જતો હોય છે.

» જગતમાં બધું અભેદરૂપે જ તત્ત્વરૂપ છે, એટલે જે કંઈ બન્યા કરે, તે આપણે લીધે જ છે. એનું મૂળ કારણ તો આપણામાંનું છે.

(**'જીવનસંદેશ', આ. ૪, પૃ. ૯**)

» કંઈપણ કશું (અણગમતું યા દુઃખદાયક પણ) ઉદ્ભવતાં કે થતાં એનું મૂળ પોતાનામાં જ જોવા મથવું ને જોવાનું કરવું એનું નામ અભેદ ઉપાસના. એમ કરતાં કરતાં જગતનું મૂળ આપણે જ છીએ એમ અનુભવ થયા વિના રહી શકતો નથી.(**'જીવનસંદેશ', આ. ૪, પૃ. ૧૧**)

» સાધના એટલે ભક્તિ, જ્ઞાન, ધ્યાન અને કર્મમાર્ગનો સમન્વય. ભક્તિ એ ભાવનાનો ધોધ, જ્ઞાન એ હેતુ, ધ્યાન એટલે એકાગ્રતા અને કેન્દ્રિતતા, કર્મ એટલે એ બધાંને સુયોગ્યપણે, સુમેળ રીતે વહેવા માટેનો પટ—channel. (**'જીવનસંદેશ', આ. ૪, પૃ. ૧૦**)

» પ્રાર્થના પણ એક પ્રકારનું ધ્યાન જ છે. પ્રાર્થના સાકાર છે. ધ્યાન

નિરાકાર છે. ધ્યાનમાં આપણે કશો આધાર લેતા નથી. ભાવની વૃદ્ધિ અર્થે પ્રાર્થનાનો સાધન તરીકે આધાર લઈએ છીએ, પણ બંનેનું પરિણામ એકસરખું છે. ત્યારે આપણે ધ્યાનસ્થ રહ્યા કરતાં હોવાં જોઈએ. ભાવનાનો ભાવમાં લય થઈ જાય એ જ પ્રાર્થનાનું રહસ્ય છે. **('જીવનસંદેશ', આ. ૪, પૃ. ૧૩)**

» ગુરુ એટલે સાધકને એના જીવનવિકાસનાં પગથિયાં ઉત્તરોત્તર ચઢાવતી જનારી એક નિસરણી, તેની સમજને ઉચ્ચતર અને ઉચ્ચતમ ભૂમિકાઓ સાથે જોડનારી સાંકળ.

**('જીવનસંદેશ', આ. ૪, પૃ. ૧૬)**

» સૂક્ષ્મભાવમાં કહીએ તો ગુરુની સમીપતા કે દૂરપણું કશું છે નહિ, કારણ કે ગુરુ એ તો ભાવરૂપે જ છે. **('જીવનસંદેશ', આ. ૪, પૃ. ૧૭)**

» Trifles–ક્ષુલ્લકપણું પણ નકામું નથી, એમાં પણ શ્રીભગવાનની જ ચેતનાશક્તિ રમી રહેલી છે. એ પણ એનું જ સ્વરૂપ છે. પણ એમાં પણ આપણો ભાવ તો એ ચૈતન્યભાવનો જ રમ્યા કરે તો!

**('જીવનસંદેશ', આ. ૪, પૃ. ૫૮)**

» જગતમાં કશું નકામું નથી. જેને માનવી તદ્દન ખરાબ ગણે છે, તે પણ નકામું નથી. એ ખરાબ દેખાય છે કે ગણાય છે, એનું કારણ આપણે એને એ રીતે ગણતા, દેખતા, સમજતા, માનતા, વાપરતા આવ્યા કર્યા છીએ, તે છે, બાકી ખરાબ કશું જ નથી. જે કંઈ બધું યથાસ્થાને યોગ્ય જ છે ને શ્રીભગવાનમય છે.

ખેતરમાંનું ખાતર ગમે તેટલું દુર્ગંધ ફેલાવતું હોય તોપણ એને સૃષ્ટિમાં સ્થાન છે જ અને ત્યાં એનો ઉપયોગ પણ છે જ.

**('જીવનસંદેશ', આ. ૪, પૃ. ૫૯, ૧૩૪)**

» આત્મવિશ્વાસ એ મિથ્યાભિમાનની લાગણી નથી, પરંતુ એ તો ધ્યેય પ્રતિ પહોંચાડનારી આવશ્યક ભાવના છે.

**('જીવનસંદેશ', આ. ૪, પૃ. ૧૦૭)**

» તટસ્થતા અને અનાસક્તિ લગભગ પર્યાયવાચક (સમાન

અર્થવાહી) શબ્દો છે છતાં તેમાં ભેદ છે. તટસ્થતાને એક રીતે અનાસક્તિનું પરિણામ પણ ગણી શકાય.

**('જીવનસંદેશ', આ. ૪, પૃ. ૧૩૧)**

» બુદ્ધિ લાગણી કરતાંયે વધુ આગ્રહી અને દીર્ઘકાળ પર્યંત પોતાનું જીવન ટકાવવાની શક્તિવાળી છે.**('જીવનસંદેશ', આ. ૪, પૃ. ૧૩૪)**

» દુનિયામાં ખેલાતાં યુદ્ધોમાં પરોવાયેલાની તો જગતને જાણ પણ થાય છે. એના યશોગાન ગવાતાં હોય છે, પણ આ આધ્યાત્મિક યુદ્ધક્ષેત્રે યુદ્ધ ખેલનાર સાધકને તો કોઈ જોઈ કે જાણી નહિ શકે, કારણ કે જગતને—જગતમાં—તેવી દૃષ્ટિ ને વૃત્તિ તે પરત્વેની બહુ જૂજ હોય છે. એટલે એની કદર કે એની વાહવાહ બોલનારા ખાસ કોઈ નહિ હોય. એણે પોતાનામાંથી જ સંતોષ મેળવી લેવાનો રહેશે. **('જીવનસંદેશ', આ. ૪, પૃ. ૧૪૫–૧૪૬)**

» ધિક્કારવૃત્તિ એ પ્રેમની વિકૃત દશા છે યાને ઊલટું પાસું છે.

» સાચા અર્થમાં સ્વાનુભવમાં જેમ સર્વાનુભવ આવી જાય છે, તેમ સ્વકલ્યાણની પ્રવૃત્તિમાં સર્વકલ્યાણની પ્રવૃત્તિ આપોઆપ થયા કરે છે.

સમદૃષ્ટિ એટલે નિર્લિપ્ત સમન્વયાત્મક દૃષ્ટિ.

**('જીવનસંદેશ', આ. ૪, પૃ. ૧૬૮–૧૭૧)**

» પ્રેમ એ આપણા દિલની ભાવનાનું ગતિવાહક યંત્ર છે.

» રામરાવણ યુદ્ધમાં રામ, લક્ષ્મણ આદિને કદાચ સૌથી વધુ ત્રાસ ઈન્દ્રજિત્‌નો હતો, કેમ કે તે પોતાનું સાચું સ્વરૂપ માયાવી સ્વરૂપમાં ઢાંકી દઈને, વાદળાં પાછળ છુપાઈને, ન દેખાય એવા સ્થળેથી પોતાનાં બાણ ફેંકતો હતો. તેવી રીતે પ્રકૃતિના હુમલા સાધકના જીવનમાં વધુ ને વધુ ગુપ્ત વેશના થતા જવાના, એવા માયાવી સ્વરૂપથી રક્ષણ કરવાનું શસ્ત્ર સાધક માટે તટસ્થતા અને સમતાયુક્ત આંતરનિરીક્ષણ છે. **('જીવનસંદેશ', આ. ૨, પૃ. ૨૧૩)**

» સંતસમાગમથી તથા તેમના વસવાટના વાતાવરણની આપણાં

કરણો ઉપર સારી અસર થાય છે તે ખરું છે—પણ જો એ સંત પ્રત્યે આપણને સદ્ભાવ, માન, આદર, વિશ્વાસ, શ્રદ્ધા યા પ્રેમભક્તિ આપણા હૃદયમાં પ્રકટ્યાં હશે તો જ. (**'જીવનસંદેશ', આ. ૪, પૃ. ૨૧૭**)

» જે જીવ સાધનામાં ઓતપ્રોત થઈ જાય છે, તેનામાં તો જ્યાં જ્યાં જગતમાં સૌંદર્યની ભાવના કોઈપણ કળારૂપે વ્યક્ત થયેલી હોય તેના પ્રતિ તેના હૃદયની કદરવૃત્તિ ખીલતી જતી હોય છે. રમ્ય સૂર્યોદય કે સૂર્યાસ્તને સમયે, આકાશમાં પૂનમની શીતળ ચાંદની ખીલી હોય ત્યારે, જંગલની વનસ્પતિનું કુદરતી સૌંદર્ય ભરપૂર ભર્યું હોય ત્યારે, સાગરનાં ઘૂઘવતાં મોજાંઓમાં, માનવીના હૃદયના સદ્ભાવમાં, નૃત્ય-સંગીત-ચિત્ર-શિલ્પકળા આદિ લલિતકળાનાં તેજસ્વિત દર્શનમાં, કલ્પનાના ઉડ્ડયનશીલ પ્રભાવમાં યા કોઈ આકાશી ઊર્મિના સાહિત્ય-સર્જનમાં—આવા બધામાં શ્રીભગવાનની ચેતનાશક્તિનો દિવ્ય સ્પર્શ થયેલો છે એમ હૃદયની ધારણા ધરાવાઈને ત્યાં ત્યાં એવા સાધકનું પ્રાર્થનાભક્તિભાવે શિર નમે છે.

(**'જીવનપાથેય', આ. ૩, પૃ. ૧૮૩**)

» જે મંથનમાંથી, વલોપાતમાંથી, રુદનમાંથી કશું શુભ જન્મતું નથી તે મંથન, વલોપાત ને રુદન વ્યર્થ છે. માનવી રિસાય, અકળાય, રૂંધાય, આઘાત લાગે ત્યારે રડવાનું બને, પરંતુ એના પ્રત્યાઘાતોએ કરીને એના પરિણામજનક અનુભવને હૃદયમાં સ્વીકારવાને તૈયારીવાળું જો માનવી બની શકે નહિ તો એવું દુઃખ, રુદન આદિ એ તો એની મૂઢતાને કારણે છે. મૂઢતા ન હઠે ત્યાં સુધી કશી યોગ્ય સમજણ પ્રવેશી ન શકે. મૂઢતા એ એક જ્ઞાનની આડેનો મોટો પડદો છે. (**'જીવનમંથન', આ. ૨, પૃ. ૧૯૨**)

» જીવનવિકાસના માર્ગે સાચી રીતે, સાચી ભાવનાથી, મર્દાનગીથી હૃદયના ઉમળકાથી, પ્રેમભક્તિથી જે જીવ એક પણ ડગલું આગળ ને આગળ માંડતો રહે તેનું તે કાર્ય સાચી ગુરુદક્ષિણા છે.

(**'જીવનમંથન', આ. ૨, પૃ. ૧૭૧**)

» સાધનાના ક્ષેત્રમાં જો પડ્યા, તો તેમાં સંપૂર્ણપણે હોમાઈ જવાનું રહે છે. જુદી જુદી દિશામાં વહેંચાયેલા દિલને સંકેલી સંકેલીને, સંકોરી સંકોરીને સતત યજ્ઞમાં હોમ્યા કરવાનું રહે છે. એવો પળેપળનો જીવંત યજ્ઞ જીવનમાં પ્રકટ્યા વિના સાધનાનું કામ પાકવાનું નથી. જીવનમાં જીવનનો એવો સતત એકધારો ચાલતો યજ્ઞ એ જ સાચી ગુરુદક્ષિણા છે. એની કિંમત ગુરુચરણે લાખો રૂપિયાની ભેટ કરતાં ઘણી વધારે છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૧૯૪)**

» પ્રત્યેક જીવની જન્મોજન્મની સમગ્ર ને સળંગ સંસ્કારશક્તિ કેવા પ્રકારની છે અને મૃત્યુટાણે તે તે જીવની કેવી ગતિ રહે છે, (ઉપલી સમગ્ર ને સળંગ સંસ્કારશક્તિ લખી છે તેના આધારે) તેના પર તુરત કે મોડો તે જીવનો જન્મ થવાનો આધાર રહે છે.

**('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૧૧૦–૧૧૧)**

» પુરુષ-શરીરી જીવ બીજા જન્મમાં સ્ત્રી પણ જન્મે અને સ્ત્રી-શરીરી જીવ પુરુષ પણ જન્મે. પુરુષ હોય તે પુરુષ જ જન્મે અને સ્ત્રી હોય તે સ્ત્રી જ જન્મે એવો નિયમ નથી.

**('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૧૧૧)**

» મૌન એટલે માત્ર વાચાનું મૌન નહિ. એ તો એક એના સ્થૂળ પાસાનો અર્થ. સાચું મૌન તો પાંચેય ઈન્દ્રિયોનું હોવું જોઈએ. બધી ઈન્દ્રિયોને પોતપોતાના વિષયમાં રસ લેતી રોકી શકાય, ત્યારે જ સાચું મૌન ગણાય. એવી દશા પ્રકટતાં સારાયે જીવનની દૃષ્ટિમાં ને સૃષ્ટિમાં પલટો થાય છે. **('જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૨૫૮)**

॥ હરિઃૐ ॥

# ખંડ - ૪

# શ્રીમોટાનાં બહુવિધ સ્વરૂપ

મારે સમાજને બેઠો કરવો છે.

— શ્રીમોટા

॥ હરિઃૐ ॥

## ૧. સંકડામણોની વચ્ચે

શ્રીમોટાના જીવનનાં જુદાં જુદાં અનેક પાસાં અને લક્ષણો વિશે ચોક્કસપણે સ્પષ્ટતાથી લખવું એ એક પ્રકારનું ઘણી મુશ્કેલીવાળું કાર્ય છે, કારણ કે આવા લોકોનું જીવન એકધારું, એકસરખું, એક જ પ્રકારનું, એક જ જાતની ગતિવાળું હોતું નથી. અનેક પ્રસંગોએ તેઓશ્રી જુદી જુદી રીતે વર્તતા હોય છે. તેમના વર્તનની રીતો નિરાળી નિરાળી હોય છે. એટલે કાંઈ ચોક્કસપણે લખવું એ મારા જેવાને માટે અઘરું તો છે જ. જેટલું જેટલું ખ્યાલમાં છે ને જે કાળે જે જે થયું છે અને જે જે રીતે તેઓશ્રી વર્ત્યા છે તેને સંપૂર્ણપણે ન્યાય આપી શકું એમ નથી. એ પ્રસંગોના જાણકાર કેટલાક આજે પણ છે. છતાં લખી શકાય એવી બધી સામગ્રી ઉપલબ્ધ નથી, તેથી એમને પૂછી પૂછીને ઉતારી લીધી છે :

શ્રીમોટાએ કોઈ એવી પરંપરાયુક્ત જાણીતી એવી પદ્ધતિથી સાધના કરી નથી. શરૂશરૂમાં એમનો નામસ્મરણ ઉપર મહત્ત્વનો ઝોક હતો. જેમ જેમ એમાં એ આગળ વધતા ગયા તેમ તેમ તેમના હૈયામાંથી બધું સૂઝતું ગયું. સ્મરણ, પ્રાર્થના, આત્મનિવેદન, અભય, નમ્રતા, મૌન અને એકાંત આપણા બહિર્મુખપણાને ઘટાડે છે. અભય અને નમ્રતા અંતર્મુખતા પ્રકટાવે છે—આંતરબાહ્ય બધી રીતે.

જોકે એમણે ગુરુ કરેલા ને ગુરુની મદદ પણ મળેલી, પણ ગુરુ પાસે વારંવાર જઈ શકે એટલા એમની પાસે પૈસા ન હતા. એમના ગુરુ મહારાજ મધ્યપ્રદેશમાં સાંઈખેડા ગામથી દૂર એકાંતમાં દિગંબર અવસ્થામાં રહેતા અને શ્રીમોટા મળેલું કર્મ છોડીને જવામાં માનતા પણ ન હતા. એઓ હંમેશાં માનતા આવેલા કે મળેલું કર્મ, સ્થિતિ, સંજોગો, ફરજ ને તે પરત્વેનો આપણો જે ધર્મ તેને પ્રેમભક્તિથી અદા કરવો તે જ સાચો ધર્મ છે. પોતાના જીવનમાં મળેલા ધર્મને ઉવેખીને બહાર જવાની વાત તેમને ગળે કદી ઊતરી ન હતી.

## ૨. જીવનવિકાસની પારાશીશી

શ્રીભગવાનને માર્ગે પળનારા લોકો જ્યારે શ્રીમોટાને ધ્યાન વગેરે વિશે પૂછે છે તેમને કહે છે કે, ''ભાઈ, તમારાથી ધ્યાન એકદમ નહિ થઈ શકે. ધ્યાન કેળવવા માટે સાચોસાચ એક પ્રકારની ખાસ ભાવના જાગેલી હોવી જોઈએ. વળી, ધ્યાન તો આપમેળે જ થાય તે ઉત્તમ અને તે ત્યારે થશે જ્યારે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, અહંકાર, ઝંખનાઓ, અનેક પ્રકારની લોલુપતાઓ મોળાં પડશે ત્યારે. એ એનો મુખ્ય હેતુ. રાગદ્વેષ મોળા પાડવા સાધકના જીવનનું એક લક્ષ હોવું ઘટે.''

ઘણીવાર શ્રીમોટા આ સાધનાપંથે વળેલાઓને કહેતા હોય છે કે જે કોઈને જીવનવિકાસના માર્ગે વળવું છે અને જેનામાં એની સાચી દાનત હોય, એવા માણસો કદી કાળે તામસમાં પરોવાયેલા હોતા નથી. એવા લોકોએ સતત એકધારા કર્મમાં એકરસ થઈને પરોવાયેલા રહેવું જોઈએ. કંઈપણ કામ કર્યા વિના પડી રહે તેવા માણસો પરત્વે તેમને (શ્રીમોટાને) નફરત છે, એમ તો નહિ કહી શકું, પણ માણસો દાવો કરે કે પોતે શ્રીભગવાનના પંથે પડેલા છે, એવા દાવાનો શ્રીમોટા કદી સ્વીકાર કરી શકતા નથી. રજસ પ્રકૃત્તિવાળાએ એકાંતવાસ કરવો ને અંતર્મુખ બનવું જોઈએ અને તમસ પ્રકૃતિવાળાઓએ કર્મમાં પ્રવૃત્ત બનવું જોઈએ, જેથી એનું તામસ ઘટશે અને કર્મની સાથે સ્મરણ, જપ વગેરેમાં પ્રવૃત્ત બનવું જોઈએ.

## ૩. ભગવાનને માર્ગે જવા કર્મ

શ્રીમોટા વારંવાર કહેતા હોય છે કે કર્મમાત્ર ભાવનાને સાકાર કરવા માટે છે. કર્મના આધાર વિના ભાવનાનું ગાઢ સ્વરૂપ એના ચેતનપણામાં પ્રકટી શકવાનું નથી.

શ્રીમોટાએ સાધના અંગેનું કોઈ સાહિત્ય વાંચ્યું નથી. એવું વાંચવાનો મહાવરો ને સમય પણ ન હતા. વાંચવાનું દિલ પણ થતું

નહિ. છતાં તેઓશ્રી એકધારા સાધનાના પંથમાં ધક્કેલાતા રહ્યા કરેલા. એટલે એમને જે સમજણ ઊગેલી છે, તે એમના પોતાના હૈયાના મથામણ કરેલા અને મથામણ થયેલા માર્ગમાંથી જ મળેલી છે. એમણે કેટલા બધા પત્રો લખ્યા છે! પ્રત્યેક સાધકને લખેલા કાગળો સને ૧૯૪૦-'૪૩ દરમિયાન લખાયેલા છે અને શ્રીઅરવિંદના પત્રો ૧૯૪૪ પછી બહાર પડ્યા છે. એ કાગળો અને શ્રીમોટાના પત્રોમાં ઘણું સામ્ય છે. અમદાવાદના પ્રોફેસર રા. બ. આથવલે સાહેબે શ્રીમોટાના એક પુસ્તકની પ્રસ્તાવનામાં આ હકીકતનો બહુ સ્પષ્ટપણે ઉલ્લેખ કરેલો છે.

શ્રીમોટાના જીવનની બીજી ખૂબી એ છે કે પ્રત્યેક કર્મને માટે તેમણે સમય મુકરર કરેલા છે. શ્રીમોટા કશું યદ્વાતદ્વા થવા નહિ દે. એમની સાથે સાધનાના ભાવે સંયુક્ત થયેલા જીવોને પણ તે પ્રમાણે વર્તવા નહિ દે. યદ્વાતદ્વાપણું, ગમેતેમ સ્વચ્છંદતાથી વર્તવું એ સાધકના જીવનનું બહેતર લક્ષણ નથી. બહાર જવું હોય તો તેઓશ્રી યોગ્ય સમયે જ વાહન મંગાવે. યોગ્ય સમયે વાહન આવે તેની ખાંખત પણ રાખે છે અને સમય પાળવાની એમની રીત અને તે પ્રત્યેક કર્મ તે તે કાળે તે તે રીતે કરવું અને તે સમયે જ કરવું જોઈએ એવી એમના જીવનમાં વર્તવાની રીત, એ પણ અનોખી પદ્ધતિ છે.

પોતાના સ્વભાવને જેવો ને તેવો જ રાખીને શ્રીભગવાનને માર્ગે કદી પણ વિકાસ થઈ શકે નહિ અને સાધુ-મહાત્માઓના કેવળ આશીર્વાદથી કોઈ આગળ વધી શકે તેવી માન્યતામાં ભ્રમણા છે, એમ શ્રીમોટા કહે છે. સાધુ-મહાત્માના આશીર્વાદ ને કૃપામાં શક્તિ નથી એવું નથી. શક્તિ તો છે એમ શ્રીમોટા માને છે, પણ આપણામાં આપણે પક્ષે એ માટેની પાત્રતા, યોગ્યતા કેળવવાની રહે છે. એવી યોગ્યતા ને પાત્રતા આપણામાં પ્રકટેલી હોય તો જ આપણામાં એવું સંગ્રાહકપણું—'રીસેપ્ટિવિટી'—પ્રકટે.

## ૪. દીક્ષા

શ્રીબાળયોગીએ શ્રીમોટાને દીક્ષા આપેલી અને એ દીક્ષામાં શું શું થયું તેનું વર્ણન કોઈ પુસ્તકમાં નથી. શ્રીમોટાને કદીક કદીક તે પ્રસંગ વિશે બોલતા સાંભળેલા છે.

શ્રીબાળયોગી મહારાજે શરૂ શરૂમાં શ્રીમોટાને ધ્યાન કરવાનું કહેલું, પણ એ ધ્યાન તો તેમનાથી થાય જ નહિ. શ્રીમોટા કહે કે, ''પ્રભુ! મને જાતજાતના વિચારો આવે છે. મન એકાગ્ર થતું નથી. એકદમ શાંત રહેતું નથી.'' મન શાંત થાય ત્યારે વિચાર, વૃત્તિ વગેરે ન ઊઠે ને તદાકાર નિર્વિકલ્પ પ્રમાણે મન રહે, ત્યારે જ ધ્યાન થયેલું ગણાય, એવી સમજણ શ્રીમોટાની હતી, પરંતુ કોણ જાણે શ્રીબાળયોગી મહારાજે તો એમના સામાનમાંથી એક મોટો ખીલો કાઢ્યો. પાંચ-છ ઈંચ લાંબો લોઢાનો જબરજસ્ત ખીલો હશે અને એ ખીલાનો આગળનો જે ડટ્ટો જોરથી ભ્રૂકુટીના ભાગમાં ઠોક્યો. ત્યાર પછી એ ધ્યાનાવસ્થામાં ચાલ્યા ગયા અને ત્રણ દિવસ સુધી એની એ સ્થિતિમાં એમને રહેવાનું થયું હતું. જ્યારે શરીરની સભાનતામાં શ્રીમોટા આવ્યા ત્યારે જ આટલો બધો સમય પસાર થઈ ગયો છે, એવી એમને ખબર પડી. તો ચેતનામાં નિષ્ઠા પામેલા શરીરધારી આત્માની સાથે મહાત્માના હૃદયની જીવંત ચેતનાત્મક ભાવનાથી પેલા બીજા અજ્ઞાની માણસના હૃદયની સાથે જીવનના હેતુવિકાસની જ્ઞાનભાવનાની પ્રેરણાએ સંધાણ કરવું તે દીક્ષા.

## ૫. ગુરુએ મને પકડ્યો

કેટલીક વાર શ્રીમોટાને ભક્તો તરફથી એમ પણ પુછાતું સાંભળ્યું છે કે, ''તમે તમારા ગુરુની મદદ મેળવ્યા કરવાની વાતો કરતા હતા તે બધી વાત તો કરો.''ત્યારે તેઓ ઘણીવાર કહેતા હતા કે, ''ગુરુએ મને પકડ્યો હતો. મેં કાંઈ ગુરુને પકડ્યા ન હતા અને ગુરુની મદદ અને તેની કળાનું મને કાંઈ ભાન ન હતું. મને તો તેણે સાધન માત્ર

બતાવ્યું : સ્મરણ, પ્રાર્થના, ભજન, આત્મનિવેદન કરવાનું. અભય, નમ્રતા, મૌન, એકાંતવાસ વગેરે પ્રકટાવવાનું.'' તે ખૂબ ધૂનથી, ઝનૂનથી કરે અને તેમ કરીને જ દિવસમાં વધારે ને વધારે સમય સાધનામાં જ વીતે તેવો શ્રીમોટાનો સખત પ્રયત્ન રહ્યા કરતો.

તેઓ રોજ રાત્રે સ્મશાનમાં સૂવા જતા, ત્યારે એકવાર તેમના ગુરુ મહારાજનું સ્વપ્નમાં દર્શન થયું ને તેમણે તેમને સાધન કરવાનું બતાવ્યું. જ્યારે તેઓ જાગ્યા ત્યારે સ્વપ્નની વાત યાદ આવી. સ્વપ્નું એ મિથ્યા છે એમ ગણીને તેને કાંઈ મહત્ત્વ આપ્યું નહિ. બીજા દિવસે પણ એ જ સ્વપ્નું આવ્યું. છતાં એમણે ગણકાર્યું નહિ. ત્રીજે દિવસે પણ એ જ પ્રકારનું સ્વપ્નું આવ્યું તોપણ મહત્ત્વ આપ્યું નહિ. ચોથે દિવસે પણ એ આવ્યું તોયે એ પરત્વે લક્ષ દીધું નહિ. પાંચમે દિવસે જ્યારે ફરીથી એમ જ થયું, ત્યારે શ્રીમોટાને એમ થયું કે, 'અરે! રોજનું રોજ એક પ્રકારનું બરાબર એક જ જાતનું તે ને તે હકીકતવાળું સ્વપ્ન આવે છે તો તેનો કોઈ હેતુ હોવો જોઈએ! તો આપણે એ કરી જોવામાં જાય છે શું ?' એમ વિચારીને તે સ્વપ્નની હકીકત મુજબ સાધન કરવા લાગ્યા. ઘણી વખત શ્રીમોટા બોલતા કે, ''પાંચમે દિવસે જ્યારે મારામાં એ સ્વીકારવાની બુદ્ધિ આવી તેથી મને બહુ ડંખ્યું.'' આમ, તેમનામાં રીસેપ્ટિવિટી—સ્વીકારશક્તિ—મોડી આવી તેનું તેમને ઘણું દુઃખ થયેલું. તે પછી તો સ્વપ્નો દ્વારા શ્રીમોટાને એમના ગુરુમહારાજે કેટકેટલાં સાધનો બતાવ્યાં હતાં. ત્યારે તેમને ખ્યાલ આવ્યો કે, ''અરે! ગુરુ એ એક કેવી આધ્યાત્મિક શક્તિ છે!''

શ્રીમોટાની ગુરુ વિશેની સમજણ કેટલી બધી સ્પષ્ટ છે અને ગુરુ શરીર હોવા છતાં, વ્યક્તિ હોવા છતાં વ્યક્તિ નથી—એ એક જ વાક્યમાં એમણે ઘણું બધું કહી દીધું છે. શ્રીભગવાનને માર્ગે પળનારા સાધકોએ શ્રીમોટાની આ ગુરુ પરની સમજણ વાંચવા જેવી ખરી. એમને લાગ્યું છે કે આ ગુરુની મદદ એ વાસ્તવિકતાની હકીકત છે અને

તે મળી શકે એમ છે ને એમને આપણે આપણા આધારમાં જીવતા કરી શકીએ તો.

આ સમજણ ખરી રીતે તો તેમના સદ્‌ગુરુએ જ આપેલી, ત્યારે એમને લાગ્યું કે આવી સમજણ મારામાં ઊગી છે તો આ ગુરુને પોતાના આધારમાં કેમ કરીને જીવતા કરી શકાય એ પર એમણે બહુ વિચાર કર્યો. શરૂઆતમાં તો ગુરુમહારાજનું જે સ્વરૂપ હતું, તેને જ પોતાની આંખ સમક્ષ રાખી રાખીને વાતો કરવા લાગ્યા. નિવેદન કરવા લાગ્યા અને તેવી રીતે તે સ્વરૂપને દિવસમાં વારંવાર, સેંકડો વાર પોતાની મનની આંખ આગળ પ્રત્યક્ષ કરતા. ત્યાર પછી આગળ વધતાં તેમના ગુરુમહારાજના સ્વરૂપનો સૂક્ષ્મ ભાવ તેમના પોતાના આધારમાં પ્રકટવા લાગ્યો. આ તો તેમણે કરેલી વાતો કરું છું. હું તો માત્ર લહિયો જ છું. આમાંથી કોઈ વાચકોને કંઈક મળે ને હેતુની સમજણ પડે તો પડે.

## ૬. મગરમચ્છ બતાવ

એકવાર પૂ. શ્રીમોટાએ કહેલી એક સુંદર વાત યાદ આવે છે ને તેમના જ શબ્દોમાં હું રજૂ કરું છું.

શ્રીબાળયોગીએ એક વખત મને કહ્યું કે, 'મુઝે એક મગરચ્છ દેખનેકુ લે ચલ.' મેં પૂછ્યું, ''પ્રભુ! આપને લઈ તો જાઉં, પણ મગર-મચ્છ કયે ઠેકાણે છે, ક્યાં છે, એ મને કહો તો આપને ત્યાં લઈ જાઉં.'' પણ એ સ્થળનું નામ બોલે તે બીજા. હું તો ઘણી વાર એમને પૂછ્યા કરું પણ એ તો 'મગરમચ્છ, મગરમચ્છ' એ સિવાય બીજી વાત જ ન કરે. એટલે મેં વિચાર્યું કે આપણે આણંદ સુધી એમને લઈ જવા ને આણંદથી વડોદરા, ખંભાત ને ડાકોર એ ત્રણ જુદી જુદી દિશામાં લાઈનો જાય છે, એટલે આણંદ જઈને પછી તેમને પૂછીશું. એટલે અમે ટિકિટ લઈને ગાડીમાં બેઠા ને આણંદ ઊતર્યા. પછી શ્રીબાળયોગી મહારાજને પગે લાગ્યો ને પૂછ્યું કે, ''અહીંથી ત્રણ જગ્યાએ જવાય

છે. એક તો વડોદરે જવાય છે. ત્યાં બાગમાં બહુ મોટા મોટા મગરમચ્છ છે.'' તો એમણે કહ્યું કે, ''ઈસ લાઇન ઉપર જાનેકા નહીં હૈ.'' ''અચ્છા, તો પછી ખંભાત એક લાઈન જાતી હૈ. વહાં પર ભી સમુદ્ર હૈ. વહાં કભી મગરમચ્છ હો.''પણ તે પોતે તો કાંઈ બોલે નહિ! મારે શી રીતે જવું ? ક્યાંની ટિકિટ લેવી એ મહામોટી મૂંઝવણ! એ ન કાંઈ જવાબ આપે અને 'મગરમચ્છ, મગરમચ્છ'—બસ એટલું જ બોલે. પછી તો મને થયું ચાલોને ડાકોરમાં. ત્યાં ગોમતીજીમાં એવા મોટા મોટા કાચબાઓ છે. તે મમરા નાંખીને મહારાજને બતાવીશું. એમ વિચારીને મેં તો લીધી ડાકોરની બે ટિકિટો. ડાકોર ઊતર્યા. મારી પાસે ત્યારે પૈસા ના મળે કે જેથી મહારાજને ગોમતીજી સુધી ઘોડાગાડીમાં બેસાડીને લઈ જઈએ. એટલે અમે તો ચાલતાં ચાલતાં ગયા અને રસ્તામાંથી બે પૈસાના મમરા લીધા અને ગોમતીજી પાસે પહોંચી પાણીમાં મમરા નાંખ્યા ને એટલા બધા મોટા મોટા કાચબા આવ્યા! એટલે મેં તો મહારાજને કહ્યું કે, ''મહારાજ! પ્રભુ! જુઓ આ મગરમચ્છ!'' ''અરે! સાલા! કૈસા ગધ્ધા જૈસા બેવકૂફ હૈ! તેરે મેં અક્કલ નહીં!'' એમ કહીને બેચાર ગાળો ચોપડી દીધી. ''આ મગરમચ્છ ન હોય તો તો બાપજી કયા મગરમચ્છ ને કેવા મગરમચ્છની તમે વાત કરો છો ?! મને કાંઈ સમજણ પડતી નથી ને હું તો મૂંઝાઉં છું. તો મારે મગરમચ્છ બતાવવા તમને ક્યાં લઈ જવા ?!''

એટલામાં તો શ્રીબાળયોગી મહારાજ ચાલવા માંડ્યા. તે ગોમતીના કિનારા પાસે હાલ જ્યાં તુલા છે, શ્રીભગવાનને જ્યાં જોખેલા તે તુલા છે, તેનાથી આગળ જતાં ડાબે હાથે એક જગ્યાએ જતાં એક ગાંડો મેલાઘેલા જેવો દેખાતો એક માણસ પડી રહ્યો હતો. તેની પાસે જઈને મહારાજ તો બેઠા! ને પછી બેઉ જણ જે વાતો કરવા લાગ્યા ને ઉરાંગઉટાંગ શું બોલે છે તે મને તો કશું સમજાયું નહિ! પેલો પૂછે, ''તમે ક્યાં સૂઓ છો ?'' ને પેલો કહે, ''હું તો આકાશમાં સૂઈ રહું છું.'' ''તમે શું કરો છો ?'' એવી આડીઅવળી વાતો કરે. જેને મોઢું માથું—હેડ ઍન્ડ ટેઈલ—કાંઈ

આપણને સમજાય નહિ. પછી તો બધી વાતો કરી રહ્યા પછી શ્રીબાળયોગી મહારાજે મારી ભલામણ કરી કે, ''ભઈ! આ છોકરો છે તે કો'ક વાર એને સાધના કરતાં કરતાં કંઈ મુશ્કેલી આવી પડે ને તમારી પાસે આવે ત્યારે એને સમજાય એવી ભાષામાં વાત કરજો.''

પછી મેં ડાકોરમાં પણ તપાસ કરી. એ લોકો તેમને મસ્તરામ કહેતા ને વળી વર્તણૂક ગાંડા જેવી. વાજાં વગડાવે ને કોઈ મળવા આવે ત્યારે કહે, ''એય! ચા લાવ, ભજિયાં લાવ.'' એવો બધો ખેલ કર્યા કરતા અને બહુ ઓછા માણસો આવી આધ્યાત્મિક કક્ષાએ, ઊંચા શિખર ઉપર ગયેલા હશે, એવું સમજતા હશે. મને પણ ત્યારે તો સમજણ ન હતી, પણ ત્રણચાર વાર તેમની પાસે મારા પોતાના સાધનાના પ્રશ્નો લઈને જવાનું બનેલું. ત્યારે એમણે મને તેના જે ઉત્તરો આપ્યા તે પરથી બધું સમજાયું ને ભાન આવ્યું કે, ''ઓહો! આ તો બહુ આગળ વધેલા એવા નિષ્ઠા પામેલા પુરુષ છે!'' પછી એમની પાસે હું જતો, ત્યારે તો હું બહુ ભક્તિપૂર્વક નમસ્કાર કરતો. મને કંઈક સ્થૂળ સેવા કરવાનું સૂચવે તો હું રાજી પણ થાઉં, એમ મારી મરજી પણ મેં પ્રદર્શિત કરેલી. માત્ર એક જ વાર મને પાશેર ભજિયાં લઈ આવવાનું કહેલું. તે મેં આણી આપેલાં. તે પોતે ખાઈ ગયા. મને તે કહે કે, ''તને એક પણ નહિ આપું.'' મેં કહ્યું, ''પ્રભુ! જેવી આપની મરજી. મારી ઇચ્છા નથી કે પ્રભુ, આપ મને આપો.'' અને જ્યારે જ્યારે હું ગયો ત્યારે ત્યારે તેઓ વાજાંવાળાને બોલાવીને વાજાં વગડાવતાં. આવા એક મસ્તરામ તે જ મગરમચ્છ! પણ તેની મને શી ખબર કે આવો એક માણસ આધ્યાત્મિક કક્ષાએ ઉચ્ચમાં ઉચ્ચ શિખર જેણે સર કર્યું હોય, તેને આ બાળયોગી મહારાજ મગરમચ્છ કહેતા હશે ? એની મને શી ખબર પડે ?

## ૭. બ્રહ્મચર્ય માટેની સાધના

એમને કોઈક અનુભવીએ કહ્યું કે બ્રહ્મચર્યને પરિપક્વ થવાને માટે

કે બ્રહ્મચર્યનું યથાયોગ્યપણે પાલન થાય, સ્વાભાવિક થઈ જાય, એને માટે અમુક પ્રકારની સાધનાની જરૂર છે. હૃદયમાં હૃદયથી ભાવ જ્યારે પ્રકટે છે, ત્યારે બધી જ પ્રાકૃતિક હકીકતો ગૌણ બની જાય છે. આપણા દિલમાં ભાવ જ્યારે ચેતનવંતો પ્રકટે છે, ત્યારે પ્રાણની, પ્રકૃતિની નિમ્ન હકીકતો, વિષયો બધા ગૌણ બની જાય છે, એ હકીકત હોવા છતાં એક એવા સાધનાના અનુભવી મહાપુરુષે સૂચવ્યું કે, ''જો તું ચૈત્ર માસમાં કોઈ ખરેખરા એકાંત સ્થળે જઈને, પર્વતની એકાંત જગ્યાએ જ્યાં જળાશય હોય ત્યાં શિલા ઉપર ખરેખરા તડકામાં બેસીને આ સાધના તું કર, અને તારા દિલમાં ભાવના તો છે એટલે તને તે સાધનાથી જે લાભ મળશે તે તો અનોખો હશે. એ તને અનુભવથી સમજાશે.''

એટલે શ્રીમોટાએ તે સૂચન સ્વીકારી લીધું અને કોઈક જગ્યાએ, ખાસ કરીને એમને યાદ છે ત્યાં સુધી નર્મદા માતાનો જ પ્રદેશ હતો. ત્યાં ભરબપોરે અગિયાર વાગ્યાથી એક તપેલી શિલા ઉપર તેઓ બેસી જતા અને એમની બેસવાની જગ્યાથી ત્રણ ફૂટ આગળ દોઢ ફૂટ ઊંચી ને બે ફૂટ પહોળી એવી ૨૧ છાણાંની ધૂણી. તે પછીથી બીજા ત્રણ ફૂટ દૂર એવી બીજી ૨૧ ધૂણીઓ અને તે પછીના બીજા ત્રણ ફૂટના અંતરે ત્રીજી ૨૧ છાણાંની ૨૧ ધૂણીઓ ગોળાકારે બનાવેલી. એવી ૬૩ ધૂણીઓ ધિકાવીને તેઓ બેસતા. ઉનાળાનો ચૈત્ર માસનો પ્રખર તાપ અને શિલા ઉપર નગ્ન શરીરે બેસવાનું અને તે લગભગ પાંચ-સાડાપાંચ કલાક સુધી સાંજે પાંચ વાગતાં સુધી બેસી રહેતા. એ કાળ દરમિયાન તેઓ ભાવાવસ્થા, ધ્યાનાવસ્થામાં આપમેળે જતા. ભજન-કીર્તન કરતા ત્યારે ભાવાવસ્થા થઈ જતી.

તેઓ એમ કહેતા કે આ શરીરમાં પણ જે અનેક પ્રકારનો મળ છે, જેમ મળશુદ્ધિ સાધના માટે અનિવાર્ય છે, તેમ શરીરનાં અનેક કરણોની શુદ્ધિ—ચિત્તની શુદ્ધિ, પ્રાણની શુદ્ધિ, સંકલ્પની શુદ્ધિ—આ બધી શુદ્ધિઓની સાધનામાં જેમ અનિવાર્યતા છે, એવી રીતે આ શરીરના રોમેરોમની મળશુદ્ધિ થવી જરૂરી છે અને એ મળ આ પરસેવાની વાટે જ નીકળી શકે. શરીરમાંથી પરસેવો નીકળે છે એ કુદરતે આપણા શરીરમાં

મૂકેલી પ્રક્રિયા આપણા શરીરની યથાયોગ્યતા જાળવવાને માટે જ મૂકેલી છે. એનું ભાન આપણા લોકોને બહુ ઓછામાં ઓછુંછે. આજે એક એવા પ્રકારનો કાળ પ્રકટ્યો છે કે જ્યારે પવન વગર માણસોને ચેન પડતું નથી. ખાસ કરીને શહેરોની અંદર વાતાનુકૂલિત જગ્યાઓ, પંખાઓ ફરતા અને શરીરને અનેક પ્રકારની વાયુની લહેરોથી એવી રીતે રહેવાનું જે જે લોકોને પસંદ પડી ગયું છે, એ શરીરના આરોગ્ય માટે ઉત્તમ પ્રકારની હકીકત નથી. ભલે આજે એ સાચી હકકીત લોકો માનતા ન હોય, તેમને ગળે આ હકીકત કદાપિ ઊતરી નહિ શકે, પણ શરીરમાંથી પરસેવો નીકળે અથવા તો શરીરનો પરસેવો જેટલો વધારેમાં વધારે નીકળે એ શરીરના આરોગ્ય માટે ઉત્તમ પ્રકારની હકીકત છે.

શ્રીમોટાએ આવી રીતે નગ્નાવસ્થામાં તપેલી શિલા ઉપર, આગળ-પાછળ ૬૩ ધૂણીઓ ધીકતી હોય એની વચ્ચે, પાંચ કલાક સુધી બેસી રહેવાનું થતું, તેમાંથી તેમના શરીરમાંથી પરસેવો ઘણો બધો નીકળતો. તેને તેઓ એમ માનતા કે આ પણ એક પ્રકારનો મળ શરીરમાંથી નીકળી જાય છે, એવી એમની દૃઢ સમજણ હતી ને એ ગાળાની અંદર પણ સખત તાપની વચ્ચે એમના ચિત્તની અવસ્થા તો ભાવનામાં જ રમ્યા કરતી. સતત પ્રાર્થના, ભજન, સ્મરણ, ધ્યાનમાં એ બધામાં તેઓ લીન રહેતા અને ભજન ગાતાં ગાતાં એમને જે ભાવાવસ્થા થઈ જતી એ કેટલાય વખત સુધી ચાલ્યા કરતી.

એ પૂરી થયા પછી એમણે એવી વ્યવસ્થા કરેલી કે બે માણસો લીમડાનાં કૂણાં કૂણાં જે પાન હોય તે બધાં વાટીને એક માણસ એક વાટકામાં રસ કાઢી લાવે અને બીજો માણસ બીજા વાટકામાં રસ કાઢી લાવે અને એમને એ માટે પૈસા આપતા અને પછી એ ધૂણીમાંથી તે બહાર નીકળીને બે રૂમાલથી આખું શરીર લૂછતા. ત્યારે તે દિવસોમાં તે સ્નાન કરતા નહિ અને પેલો લીમડાનો રસ તેઓ ધીરે ધીરે, 'સીપ' કરતાં, જરા જરા પીતા, જાણે કે ખાતા હોય એમ વારાફરતી એ પીતા ને પૂરો કરતા. એ જ એમનો ખોરાક ને એ જ એમનું પાણી. એ ૨૮ દિવસની સાધનામાં એમણે કદી બીજો ખોરાક લીધો નથી. પાણી પણ

પીધું નથી. એમણે પોતે કહેલી સાધનાની આ હકીકત છે ને બ્રહ્મચર્યના પાલન અર્થે બહુ ઉત્તમમાં ઉત્તમ સાધનાની રીત છે એમ તેઓએ અમે પ્રશ્ન પૂછેલો ત્યારે કહેલું.

સાધના આમ જ થઈ શકે, એમાં વિધિનિષેધ છે નહિ. શ્રીભગવાન પરત્વેનો એકધારો ચેતનવંતો જીવતો જાગતો એકનિષ્ઠભાવ પ્રકટે એ જ મોટામાં મોટી હકીકત છે. એ ભાવ આપણા દિલમાં પ્રકટેલો જીવતો રહ્યા કરે તો બીજા કોઈ સાધનની જરૂર પણ નથી, ને એ ભાવ કેળવવાને માટે અથવા તો ચેતનવંતો આપમેળે સતત વહ્યા જ કરે એ માટે એમણે અનેક જુદા જુદા પ્રકારની સાધનાનો આશરો લીધેલો છે, પણ એ હકીકત મારાથી જાણી શકાઈ નથી, કેમ કે તેઓ પોતાની હકીકત પોતાની મેળે કદી કહે તેવા નથી જ. કંઈક પણ પૂછીએ તોય તે કહે નહિ જ. આ પણ તેઓ કહેતા ન હતા, કેમ કે એમના જીવનમાં એક એવા પ્રકારની નિષ્ઠા પ્રકટેલી છે કે જે કોઈ સાધન શ્રીમોટાએ કર્યું હોય તેનો કોઈ પ્રત્યક્ષ સાક્ષી ન હોય તો તેવી હકીકત તેઓ કદી કહેતા નથી. પણ આ મેં એમને ખાસ પૂછ્યું કે, ''**મોટા** આ બધી હકીકત તમે ના કહો તે બરાબર નહિ. ખાસ કહેવી જ જોઈએ, કારણ કે એવા બધા સાક્ષીઓ આપણા જીવનમાં ક્યાંથી હોય ? ને તમે એ હકીકતો કહો તો અમે બધા તો સાચી જ માનીએ છીએ. બીજા કોઈ એ માને કે ન માને તે બાબતે અમને કોઈ સ્પૃહા ન હોવી જોઈએ.'' ત્યારે તેમણે મને જણાવ્યું કે, ''તમે કહો છો એ સાચું હોય પણ જ્યારે આપણે આપણા જીવનની હકીકત કહેવા બેસીએ ત્યારે એ એટલી બધી સત્યની નિષ્ઠાવાળી હોવી જોઈએ, એટલું જ નહિ પણ એ સત્યનું આચરણ કરતી વેળાએ કોઈપણ આપણું આગળપાછળનું સ્વજન હાજર હોય અને જાણતું હોય એ આ કાળમાં બહુ જરૂરી છે. આજે આ કાળ એવો ચાલે છે કે જ્યારે આપણે આપણા જીવનની હકીકત ખુલ્લી કરવા બેઠા હોઈએ ત્યારે એ હકીકતને આપણે કોઈપણ રીતે પુરવાર કરી શકીએ એવી સ્થિતિમાં હોઈએ તે આપણા માટે ઉત્તમ પ્રકારનું છે.''

## ૮. આહાર

આધ્યાત્મિક માર્ગે વિકાસ સાધવા માટે કેવા પ્રકારનો આહાર લેવો તેને તેઓ બહુ મહત્ત્વ આપતા નથી. ખરું મહત્ત્વ તો આપણા દિલમાં શ્રીભગવાનને માર્ગે પળવાની જે તમન્ના, જિજ્ઞાસા છે તે જિજ્ઞાસામાં કેટલો જીવ છે અને જિજ્ઞાસા કેવા પ્રકારની છે તેના પર બધો મદાર છે. જેને ધગધગતી જ્વાળામુખી જેવી તમન્ના, જિજ્ઞાસા પ્રકટે, ફુવારાની પેઠે સતત ગતિશીલ, ક્રિયાશીલ અને સર્જનશીલ રહે તેવાને માટે એમણે ઘણું ઘણું લખ્યું છે.

શ્રીમોટા તો ઘણીવાર કહે છે કે ગામડાંમાં કેટલાયે સંત-ભક્તો થઈ ગયા છે. ગામડાંનો ગરીબ માનવી સત્ત્વગુણનો ખોરાક, સાત્ત્વિક ગણાતો ખોરાક કેવી રીતે લઈ શકે ? ડુંગળી, લસણ ને મરચાં ખાનારા ગામડાંના માનવી પણ મહાન ભક્તો થઈ ગયેલા છે. આપણે માંસાહારને નકારીએ છીએ, પણ એવા કેટલાયે ભક્તો ને જ્ઞાનીઓ દેશપરદેશમાં થઈ ગયા છે કે જેઓ દારુ પણ પીતા અને માંસ ખાતા. એટલે શ્રીમોટાની સમજણમાં તો એ જ છે કે શ્રીભગવાનને પંથ પળનારને જો ઉત્કટમાં ઉત્કટ દશાવાળી જિજ્ઞાસા હોય તો આવી જાતના ખોરાકનું કંઈ પણ વિધિનિષેધપણું એને વળગી શકતું નથી.

શ્રીમોટાએ નાનપણમાં ગરીબીમાં ઘણી મજૂરી કરેલી છે, ત્યારે ડુંગળી લસણ ખાધેલાં છે. રોટલાની સાથે શાક ખાઈ શકે એવી સ્થિતિ ન હતી. લસણ, મીઠું ને લાલ મરચું વાટીવાટીને ચટણી બનાવી નાંખે, પછી રોટલાની સાથે તે ખાતા. ડુંગળી પણ ખાતા. આજે તેઓ ડુંગળી ને લસણ નથી ખાતા એનું કારણ તો એમના શરીરને દાહ લાગે છે તે છે. બાકી એમને એ ખાવાનો કોઈ જાતનો વાંધો નથી.

## ૯. પૂર્વગ્રહો તોડવા

શ્રીમોટો એમના જીવનમાં, વ્યવહારમાં અને કુટુંબમાં કેટલીયે વાર રૂઢિભંજક કર્મ કર્યાં છે, પણ એમાં એમની સુધારાની દૃષ્ટિ ન હતી પણ

પૂર્વગ્રહો તોડવાની દૃષ્ટિ હતી. જ્યારે તેમના વડીલ બંધુનું અવસાન થયું, ત્યારે તેમણે કોઈને રડવા કૂટવા દીધાં ન હતાં. બીજી કોઈપણ વિધિ કરવા દીધી ન હતી. ત્યારે તેમની આર્થિક સ્થિતિ નબળી હતી, પણ એવાં કર્મ કરવાં જોઈતી સહનશક્તિ, તાકાત તેમનામાં હતાં. એમાં એમની આધ્યાત્મિક પંથની પણ થોડી અસર હતી એમ કહી શકાય.

પહેલાં એવું ગણાતું કે મુસલમાનના ઘરનું ખાવાથી મુસલમાન થઈ જવાય છે. એમને એક મુસ્લિમ મિત્ર હતો. તેની સાથે તેઓ ચા પીવે. એ મિત્રને એવું થઈ આવ્યું કે એકવાર શ્રીમોટા તેના ઘરે માંસ ખાય તો વટલાવી શકાય. શ્રીમોટાને આ વાતની ખબર પડી. ત્યારે તેમણે તે મિત્રની સાથે તેના ઘરે જ માંસ ખાધું, પણ તેથી તેઓ વટલાઈ ગયા ન હતા અને તેમણે બેધડક કહેલું કે, આવી રીતે જ્યાં જ્યાં એમને સમજની મડાગાંઠો દેખાતી, ત્યાં ત્યાં તેવી મડાગાંઠો તોડવા માટે તેઓ મથતા. એટલે માંસ ખાવા સામેનો પૂર્વગ્રહ તોડવા માટે જ તેમણે આમ એકવાર કર્યું હતું.

## ૧૦. માંદગીઓ

શ્રીમોટાના શરીરમાં આજે કેટલાક એવા રોગો છે કે જે ઘર ઘાલીને બેઠા છે, છતાં એમની પ્રવૃત્તિઓ જોતાં બહારથી કોઈને એમ ન લાગે કે તેમના શરીરમાં આવા આવા રોગો હશે! એટલે તેને વિશે ઘણાના મનમાં વિવિધ પ્રકારના પ્રત્યાઘાતો જન્મે છે, જે કુદરતી છે.

(૧) કેટલાક અધ્યાત્મ વિજ્ઞાનમાં રસ નહિ ધરાવતા એવા એમના મિત્રો છે, જે સમાજસુધારક તરીકે પ્રતિષ્ઠાનું સ્થાન ધરાવે છે, તેઓ એવી ટીકા કરતા હોય છે કે ‘‘શ્રીમોટા તેમના રોગ પર જરૂરી શસ્ત્રક્રિયા જેવા ઈલાજો કેમ કરાવતા નહિ હોય ?’’ (૨) કેટલાક પ્રશંસકો એવો પ્રશ્ન કરતા હોય છે કે, ‘‘રામનામથી રોગ મટી જતા હોય છે એમ કહે છે તો આપના જેવા સંતને એ કેમ મટતા નથી ?’’ (૩) ત્યારે કો’ક ભોળો ભક્ત એટલે સુધી આવેશમાં આવીને બોલી જતો હોય છે કે, ‘‘મોટા! તમને શેના રોગ થાય ? તમે ઢોંગ કરો છો!’’

(૪) તો કોઈ સ્વજન અર્ધીપર્ધી સમજમાં એમ પૂછતો હોય છે કે, ''મોટા, તમારા શરીરમાં કોઈના રોગો જેમ આવે તેમ તેને વિદાય કેમ કરતા નથી ?''

''મુક્તોને રોગ કેમ થતા હશે ?'' એ વિશે સમાજમાં ઘણી ગેરસમજ પ્રવર્તે છે, પરંતુ પ્રથમ ઉપર્યુક્ત ચાર પ્રકારના વર્ગોના પ્રશ્નો વિશે પ્રભુકૃપાએ ખુલાસો કરી લઈને પછી બીજી વાત કરીએ :

(૧) એક જાણીતા સમાજસુધારક મુંબઈમાં જ્યારે જ્યારે શ્રીમોટા પધારે ત્યારે તેમને મળવા આવે અને તેમની તબિયતની, ખાસ કરીને 'પ્રોસ્ટેટ ગ્લેન્ડ' (મૂત્રપિંડની બીમારીની)ની ખબર પૂછે. આવા દરદ ઉપર શસ્ત્રક્રિયા કરાવવી જોઈએ એમ ભારપૂર્વક તેઓ સલાહ આપે. ત્યારે શ્રીમોટા એવો જવાબ આપે કે, ''આપનું કહેવું સાચું, પણ આ રોગ કેટલે સુધી સહી શકાય છે, તેની હું કસોટી કરવા માગું છું. આમાં આપણા ખમીર ને ખુમારીની કસોટી થાય છે.'' એવો રોગ શ્રીમોટાને શાથી થયો એની સાચી સમજ કોઈ મેળવવા ઇચ્છતું હોતું નથી અને બુદ્ધિમાનોને શ્રીમોટાનું આવું વલણ તર્કશુદ્ધ લાગતું નથી. ''ચેતનામાં નિષ્ઠા પામેલાનાં કર્મ અને પ્રારબ્ધ તો ક્યારનાં બળીને ભસ્મ થઈ ગયાં હોવા છતાં તેમને આવા રોગો શાથી ?''—એવો પ્રશ્ન સહેજે ઊભો થવો જોઈએ ને તેના ઉપર વિચાર થવો ઘટે. જ્યારે ઉપર્યુક્ત મહાશયને એક બીજા ભાઈએ એમ સૂચવ્યું કે, ''મુક્તાત્માઓને થતા આવા રોગો વિકેરીયસ સફરીંગ હોય છે, એટલે કે બીજાના વતી ભોગવતા હોય છે.'' ત્યારે તેમણે અસંમતિ સૂચક માથું ધુણાવ્યું! અમદાવાદમાં તો બીજા એક જાણીતા સદ્ગત સમાજસુધારકે શ્રીમોટાને એમ સંભળાવી દીધેલું કે, ''જંતરમંતરથી રોગ મટે નહિ!''

(૨) બીજા વર્ગવાળા એક ભાઈના જાહેરસભામાં પુછાયેલા પ્રશ્નના ઉત્તરમાં શ્રીમોટાએ એ મતલબનું જણાવેલું કે, આ ભાઈને આ ક્ષેત્ર વિશે કંઈ જ્ઞાન હોય એમ લાગતું નથી. વિચાર તો કરો કે શ્રીરામકૃષ્ણ પરમહંસ, શ્રીઅરવિંદ, શ્રીરમણ મહર્ષિ, સ્વામી વિવેકાનંદ, સ્વામી રામદાસ જેવા મુક્તોને જીવલેણ રોગો કેમ થયા હશે ?... પણ એટલું સમજી લો કે મોટાના શરીરમાં પ્રવર્તેલા રોગોને આ શરીર સાથે કાંઈ સંબંધ નથી.

રામનામથી રોગ મટે એ સાચું. મારા ફેફરાનો રોગ એ રીતે મટેલો. પણ ત્યારની (યુવાની કાળ દરમિયાન) મારા દેહની અવસ્થા અને આજની અવસ્થા વચ્ચે આભ જમીનનો ફરક છે એ સમજી લો.''

(૩) ભોળા ભક્તોનો ત્રીજો વર્ગ તો એમ જ માને કે પોતાના આરાધ્ય દેવને એવા રોગ થાય જ કેમ ? એટલે એમને ઝાઝું સમજાવવા-પણું રહેતું નથી.

(૪) છેલ્લા જે ચોથા વર્ગના પ્રશ્નકારને શ્રીમોટાએ એમ સમજાવતાં કહ્યું કે, ''ભઈલા! જે હેતુથી આ રોગ આવ્યો, તે હેતુ જ્યાં સુધી સરે નહિ, ત્યાં સુધી તે જાય શી રીતે ?'' ઈત અલમ્.

૧૯૩૯માં તેઓશ્રી ચેતનામાં નિષ્ઠા પામ્યા એટલે ચેતનનાં લક્ષણો તેમનામાં પ્રકટ થવાં લાગ્યાં. જેવાં કે (૧) તાદાત્મ્યભાવ (૨) સાક્ષીપણું (૩) ભાવાતીત, ગુણાતીત ને કાળાતીત થવું (૪) ચેતનશક્તિનો પ્રાદુર્ભાવ વગેરે. એટલે તેમને જેમ જેમ સ્વજનો મળતાં ગયાં તેમ તેમ સ્વજનોનાં દુઃખદર્દો તાદાત્મ્યભાવને કારણે તેમના શરીરમાં સહજપણે પ્રકટ થવાં લાગ્યાં. એમાં પ્રયત્નથી રોગ લેવાનું બનતું હોતું નથી. જો પ્રયત્ન થાય તો તાદાત્મ્યભાવ ના ગણાય ને તે જીવદશાનું લક્ષણ ગણાય. આ વિશેની વધુ વિગત અન્યત્ર આવે છે એટલે એની પુનરુક્તિ નથી કરવી, પરંતુ એટલું જણાવી લઈએ કે તેમના શરીરમાં દેખાતા કરોડના મણકાનો રોગ ('સ્પોન્ડીલાઈટીસ'), મૂત્રપિંડની બીમારી, અનિદ્રા, હરસમસા, મીઠી પેશાબ*, માથાનો ઝામર, દમ વગેરે રોગો કયા કારણે થયા હશે તે હવે સમજી શકશો.

આજથી આશરે ૨૫-૨૭ વર્ષ ઉપર તેઓશ્રી દક્ષિણ હિંદમાં હતા, ત્યારે તેમના શરીરને રોજ રોજ તપાસીને રોગની ચિકિત્સા કરનાર અને દવા લખી આપનાર દાક્તરને જ્યારે એમ માલૂમ પડ્યું કે આ શરીરમાં રોજ જુદા જુદા રોગ થતા દેખાય છે—આજનો રોગ આવતી કાલે ન હોય ને કોઈ બીજો જ દેખાય!—ત્યારે તે મૂંઝાઈ ગયા ને પગે પડીને તેમણે કહ્યું, ''સ્વામી! આપની દવા હું કરી શકું એમ નથી!''

*હવે મટી ગયો છે.

આજની વાત લઈએ. વચ્ચે તેમને મીઠી પેશાબનો રોગ થયો હતો. સુરતના પ્રખ્યાત દાક્તર શ્રી આર. કે. દેસાઈએ ૧૯૬૯ની સાલમાં શ્રીમોટાની ડાયાબિટીસ રોગની દવા કરેલી. દાક્તરની તેઓશ્રી દવા કરાવતા, ભોજન પર પણ નિયંત્રણ રાખતા ને પંદર શેર જેટલું વજન ઘટાડી નાંખ્યું. ને ખૂબીની વાત એ છે કે અસાધ્ય ગણાતો આ રોગ તેમને મટી ગયો! પ્રસ્તુત ડૉક્ટર દેસાઈએ તા. ૭-૧૦-૧૯૬૯ના શ્રીમોટા પરના પત્રમાં લખતાં જણાવ્યું હતું કે ''આપની લોહીની ખાંડ હવે સદંતર તંદુરસ્ત માણસની હોય એટલી થઈ ગઈ છે. એટલે હવે ચિંતા નથી અગર ખોરાકમાં—ખાંડને કારણે મર્યાદા જાળવવાની આવશ્યકતા નથી. હું હંમેશાં માનતો આવ્યો છું અને હવે મક્કમપણે માનું છું કે આપને મીઠી પેશાબની બીમારી થઈ જ નથી!'' આ શું સૂચવે છે ? શ્રીમોટાનું શરીર, તેમના શબ્દોમાં ''ગતકડાં કર્યાં કરે છે.'' પણ તેની તેમને પરવા નથી ને તંદુરસ્ત માણસની જેમ જરૂર પડતાં કલાકો સુધી પલાંઠી વાળીને બેસી રહી કાર્યમગ્ન રહે છે અને બાળકની જેમ માગીને બરફીયે ખાય (જમવાના સમયે) અને મઠિયાં તથા સેવમમરા ને ધાણી કે શેકેલો 'મકાઈ' (ડોડો) ખાઈને રહે. કોઈવાર કમળો-કમળી, કોઈ વાર બેઉ હાથે બગલ-બામલી થઈ હોય, ક્ષયની લોહીની ઊલટી થતી હોય, ત્રણ-ચાર ડિગ્રી તાવ ચડેલો હોય છતાં પ્રવૃત્તિમાં રહે, લાંબા અંતરનો પ્રવાસ ખેડે, હંમેશાં પ્રસન્નતા સાથે વિનોદમિશ્રિત ચર્ચાઓ કરે ને જાહેર કાર્યક્રમોમાં ખૂબ જ નિયમિતપણે ભાગ લે, એ તેમની અધ્યાત્મશક્તિનું વ્યક્તવ્ય નહિ તો બીજું શું ?

## ૧૧. તાદાત્મ્યભાવને કારણે

સામાન્ય રીતે તો બધા કહેતા હોય છે કે, ''શ્રીમોટા રોગો લઈ લે છે.'' તે વાત બરાબર નથી. 'લઈ લેવાની' વાત ખોટી છે. કારણ કે 'લેવું' એટલે તો પ્રયત્ન થયો કહેવાય. પ્રયત્ન જ્યાં હોય ત્યાં પ્રકૃતિનો પ્રદેશ. આ તો સહજમેળે, આપમેળે નિમિત્તને કારણે તેવું તેવું ને કો'ક કો'ક વાર બનતું હોય છે. આધ્યાત્મિક જીવનના ભાવનાના પ્રદેશમાં

ને જેઓ ભક્તિમાં સંપૂર્ણ નિષ્ઠા પામેલા હોય છે તેવામાં આવા પ્રસંગો બનતા હોય છે. અમે કેટલીયે વાર આવા પ્રસંગો જોયેલા છે.

એક બહેન જે હાલ જીવે★ છે ને રાજકોટમાં કન્યાશાળામાં શિક્ષિકા છે. તેમનું નામ જયાબહેન વ્રજલાલ જાની. એમને પ્રસૂતિ થવાની હતી, અને એ જ ગાળામાં તે જ દિવસમાં શ્રીમોટાને પેટમાં એટલી ભારે ચૂંક ઊપડેલી. અમે એ જોયેલું અને ત્રણ દિવસ પેલાં બહેન જે મરણતોલ સ્થિતિમાં હતાં ને પેટની પીડા ભોગવતાં હતાં તે વેળાએ શ્રીમોટા ટ્રિચીનાપલ્લીમાં હતા. એ મારી નજરે જોયેલી અનુભવેલી વાત છે.

ગાંધીજીએ એકવાર (૧૯૪૩માં) ૨૭ દિવસના ઉપવાસ કરેલા. એક વખતે એમના પેશાબમાં ઘણાં ઝેરી જંતુઓ જણાયેલાં. ત્યારે તેમને ઘણાંએ વિનંતી કરેલી કે કંઈક લો તો સારું. આ તો ભયંકર સ્થિતિ કહેવાય! ત્યારે ગાંધીજીએ કહેલું કે, ‘‘ભાઈ! કાલે સવારે જુઓ શી સ્થિતિ થાય છે.’’ બરાબર તે જ દિવસે શ્રીમોટાના શરીરનો પેશાબ, એમણે પોતે ચાહીને મારા ભાઈ હસમુખલાલને (કુંભકોણમ્‌માં) આપ્યો અને કહ્યું, ‘‘આ પેશાબનું પૃથક્કરણ કરાવી લાવો—પેથૉલૉજિકલ પૃથક્કરણ કરાવો.’’ અને ત્યારે એ જ જાતનાં જંતુઓ શ્રીમોટાના પેશાબમાં નીકળેલાં. તે જાણીતી હકીકત છે અને તે વાસ્તવિક છે. તે બાદ ગાંધીજીના પેશાબમાં ઝેરી જંતુઓ નહિ હોવાનું જાહેર થયેલું. (તા. ૨૪-૨-૧૯૪૩). આ પરથી સિદ્ધ થાય છે કે ગાંધીજીનો એ રોગ શ્રીમોટામાં તાદાત્મ્યભાવને કારણે પ્રવેશેલો. શ્રીમોટા ગાંધીજી માટે કેટલો ભક્તિભાવ ધરાવે છે તે જાણીતી વાત છે.

મારા દીકરા સિદ્ધાર્થને હિમાલયની યાત્રા પ્રસંગે ઝાડા થયેલા. ત્યારે શ્રીમોટાએ કહેલું કે આપણે જાત્રાએ જઈએ છીએ પણ મઝા નહિ આવે. આ સિદ્ધાર્થને ઝાડા થયેલા છે. મેં એમને કહ્યું કે, ‘‘તમે મટાડી દોને!’’ મેં તે વખતે આમ કહેલું જે હવે આવે વખતે હું કદાચ ન બોલું, પરંતુ સાચે જ સિદ્ધાર્થને ઝાડા મટી ગયા ને શ્રીમોટાને થયા. તે મારી

★હાલ સ્વર્ગસ્થ.

પત્નીએ, મારી મોટીબાએ બધાંએ જોયું છે અને યાત્રાને અંતે તે મટી ગયા. આ હકીકત છે.

એવા કેટલાક બીજા જીવોની સાથે પણ એવો તાદાત્મ્યભાવ શ્રીમોટાનો છે તે અમારી જાણમાં છે. મારા શરીરની સાથેના એક-બે અનુભવોની મને ખબર છે. આ હકીકત કોઈ ઘેલછાને કારણે લખતો નથી, પણ નજરોનજર પ્રત્યક્ષ વાસ્તવિકપણે જેમ જે હકીકત બનેલી છે તે જ મેં લખેલી છે. આવા માણસોમાં આવું બનવું એ માત્ર શક્યતાની હકીકત નથી, પણ વાસ્તવિકતાની હકીકત છે. તેમનામાં આવી તાદાત્મ્યતા પ્રકટેલી હોવા છતાં, તેવી તેવી સ્થિતિમાં તે હોવા છતાં, તે પાછા જીવતા જાગતા ચેતનાત્મકપણે સંપૂર્ણ સાક્ષીભાવમાં પ્રવર્તતા હોય છે. તે તાદાત્મ્યભાવ તેમનામાં પ્રકટેલો હોવાથી જ્યાં જ્યાં નિમિત્ત હોય ત્યાં ત્યાં તે લોકોના શરીરમાં આવો ગુણધર્મ પ્રકટે છે. આ હકીકત છે.

જેને અમે ચાચાજી કહીએ છીએ એ ચાચાજીનું આખું નામ શ્રી ગુરુદયાળ મલ્લિકજી. શાંતિનિકેતનમાં ગુરુદેવ ટાગોરની સાથે એમનો નિકટનો પરિચય અને શ્રી એન્ડ્રુઝના મિત્ર. શ્રી એન્ડ્રુઝ સાહેબે એક પુસ્તક લખેલું છે, તે ચાચાજીને અર્પણ થયેલું છે. તે પરથી તેમની વચ્ચેના ગાઢ સંબંધનો આપણને ખ્યાલ આવશે. એવા ચાચાજી સાથેના તાદાત્મ્યભાવને લઈને તેમને ગૂમડું થયું ને બેસી પણ ગયું.

બીજો એક પ્રસંગ યાદ આવે છે : શ્રીમોટાની ભત્રીજી જેને શ્રીમોટાએ જ ઉછેરેલી ને મોટી કરેલી ને શિક્ષિકાની નોકરીમાં હતી. તેને નારમાં પરણાવેલી. તેને ક્ષય થયો. શ્રીમોટાની પાસે તો પૈસા મળે નહિ એટલે તેમનાં બા તેમને વારંવાર કહે કે, દીકરીને તું આપણે ઘેર લાવ. પણ શ્રીમોટા 'ના' કહે, કેમ કે તેમની પાસે પૈસા નહિ. તેને ઘેર લાવે તો દવાદારૂ કરવાં પડે. એટલે બાએ કહ્યું કે બીજું કંઈ નહિ તો દીકરીને જોવાને તો મને લઈ ચાલ. શ્રીમોટાની પાસે એટલાયે પૈસા ના મળે, પણ એટલા પૈસા ઉછીના લઈને બે જણ નાર ગયાં. શ્રીમોટાની ભત્રીજીએ શ્રીમોટાને કહ્યું કે, ''ચૂનીકાકા, તમે ભગવાનની ભક્તિ કરો છો. તમે મને જિવાડો એવી તમારી પાસે મારી માગણી નથી,

પણ મને જે ઉધરસનું ને બીજું બધું દર્દ થાય છે તે સહેવાતું નથી અને લોહી મહીં મહીંથી પડે છે તે મારાથી સહન થતું નથી. માટે મને હળવાશ પ્રકટે એટલું કરી આપો તો બહુ સારું!'' શ્રીમોટાએ દીકરીને આશ્વાસન આપતાં કહ્યું કે, ''બેટા, હું ભગવાનને પ્રાર્થના કરીશ.'' અને સાચે જ એમણે સાબરમતી આશ્રમે આવી પ્રાર્થના કરી. અને પહેલવહેલો આ તાદાત્મ્યનો કિસ્સો એમના જીવનમાં એમની ભત્રીજીના શરીરને જે ક્ષયરોગ થયેલો તેનાથી શ્રીમોટાના શરીરને એ અનુભવ પ્રત્યક્ષ થયો. શ્રીમોટાને પણ લોહીની ઊલટી થવા લાગી, ઉધરસ આવવા લાગી. એટલે તે કાળે આશ્રમના મુખ્ય વ્યવસ્થાપક શ્રી નરહરિભાઈ પરીખ હતા. તેમને શ્રીમોટા માટે ઘણો ભાવ એટલે તેમણે કહ્યું કે, ''ચૂનીભાઈ, આ રોગ તમને થયો છે તે બરાબર નથી.'' એટલે તેમના સ્નેહી ડૉ. મણિભાઈ ભગત હતા તેમને બોલાવ્યા ને તેમની પાસે શ્રીમોટાને તપાસડાવ્યા ને એમની દવા શરૂ કરાવી. એમને ઉધરસ ને લોહીની ઊલટી થતી તે અમે જોયેલી.

ત્યારે ભાઈ હેમંતકુમાર નીલકંઠ તેમની પાસે રહેતા. તેમનો અનુભવ છે કે એક બહેન રજસ્વલા થયેલાં. તેમના નિમિત્તે તેમને પણ એવો અનુભવ થયેલો તે પણ અનુભવની હકીકત છે.

મારા મામાની જલંધરની માંદગી શ્રીમોટામાં સહજમેળે પ્રકટેલી તે હકીકત છે. આવા વિકારો ને રોગો તેમના શરીરમાં તાદાત્મ્યભાવને લઈને જે પ્રકટેલા એ ચેતનનો ગુણધર્મ ગણાય.

એક બહેનને ડાયાબિટીસ—મીઠી પેશાબનો રોગ થયેલો, તેવો રોગ શ્રીમોટાના શરીરમાં પણ થયેલો. સ્પોન્ડીલાઈટીસ—કમરના મણકાનો રોગ—પણ થયેલો છે તે પણ આવા જ કોઈ કારણને લીધે છે.

એક વખત અમે હિમાલયની યાત્રામાં મારી બા ને મારાં પત્ની સાથે ગયેલાં. ત્યારે મારી મોટી બાની દંડીનું ગબડી જવાનું બનેલું ને તે જ સમયે—સાયમલટેનીયસલી—શ્રીમોટાનું બીજે સ્થળે ગબડવું અને ત્યારે પોતે બોલેલા કે આજે મોટી બા ઊગરી ગયાં, ને તે પ્રસંગે જ્યારે તે બોલ્યા હતા, ત્યારે મારાં પત્ની તેમની સાથે હાજર હતાં. તેમણે તેવું વચન સાંભળેલું પણ ખરું.

આવા બીજા કેટલાયે વધુ દાખલાઓ આપી શકાય. આપી શકાય એમ નહિ પણ એવા કેટલાય પ્રસંગો પ્રત્યક્ષ જાણું છું, પણ આવા આવા પ્રસંગોનું વર્ણન કરવું તે યોગ્ય નથી. શ્રીમોટાએ તો કેટલાયે એમના સાધનાકાળના પ્રસંગો અમને જણાવ્યા પણ નથી અને હજુ પણ જણાવતા નથી. તેવું બહાર પડવાથી કે લખવાથી કશું કાંઈ વળતું હોતું નથી અને સમાજની કુતૂહલતા વધારવામાં એ મોટો ભાગ ભજવે છે, કારણ કે ગૌરીશંકરના શિખર ઉપર કેવી સ્થિતિ છે તે જાણવાને કોઈ સમર્થ નથી. તે વાત સામાન્ય સંસારી માણસોના મગજમાં ઊતરી શકે એવી નથી. પણ અમે તો પ્રત્યક્ષ સાચેસાચા શ્રીમોટાના શરીરમાં કેટલાય એવા પ્રસંગો અનુભવ્યા છે એટલે શ્રીમોટાના જીવન વિશે લખાય છે, ત્યારે આ હકીકત જણાવવી તે મારો પોતાનો ધર્મ સમજાય છે માટે મેં ટૂંકામાં જ લખ્યું છે.

## ૧૨. સ્થિતપ્રજ્ઞ

સને ૧૯૩૮ની સાલથી હું શ્રીમોટાના પ્રત્યક્ષ જીવતા-જાગતા પરિચયમાં છું અને મેં કેટલીયે વેળા જોયેલું છે કે સામાન્ય માણસને જ્યાં અગવડ લાગે તેવી જ પરિસ્થિતિમાં, સંજોગોમાં પણ શ્રીમોટા પ્રેમથી, મસ્તીથી ને ભાવનાથી રહી શકતા હતા. તાજો જ દાખલો આપું : નડિયાદ આશ્રમનો તેમનો રહેવાનો ઓરડો બહુ નાનો. ભાગ્યે ૧૦' લાંબો ને ૮' પહોળો. એક ખાટલો પાથરેલો છે. એક નાનકડું ગોળી મૂકવાનું પાણિયારા જેવું સાધન, બે અભરાઈઓ, તેના પર શ્રીમોટાનાં કપડાં વગેરે. એટલા જ ઓરડામાં તે રહે છે. કેટલાય માણસોએ તેમને સારો મોટો ઓરડો કરી આપવાનું કહ્યું છે. એરકન્ડીશન્ડ કરી આપવાનું કહેલું છે, પણ શ્રીમોટા એ સ્વીકારતા નથી એટલું જ નહિ, પણ આશ્રમમાં વીજળીનો પંખો હોવા છતાં પણ એ કેટલાંય વર્ષો સુધી એમ ને એમ વાપર્યા વિના પડી રહ્યો હતો, પરંતુ જ્યારે હવે એમના શરીરનું ઘડપણ થવા લાગ્યું અને શરીરને ઘણી ગરમી થવા લાગી, ત્યારે હવે એમને વાપરવાનો સંકોચ નથી. શ્રીમોટા ત્રણ ત્રણ પંખા વાપરે છે

તોયે શરીરથી ગરમી ઓછી થતી નથી. એ ગરમી એટલી બધી એમને લાગે છે કે જો પાંચ પંખા હોય તોપણ એમને ઓછા પડે. કેટલાક માણસોએ કહ્યું કે, ''અમે એરકન્ડીશન્ડ કરી આપીએ. વીજળીનાં બીલ પણ અમે ભરીશું.'' પણ તેનો તેમણે સ્વીકાર કર્યો નથી. તે ઉપરાંત પ્રત્યેક વર્ષે સમાજનાં કામ માટે જે સંકલ્પ થાય છે એને માટે, પૈસાને માટે, જે જે લોકો રોટલા ખાવાનું આમંત્રણ આપે, કેટલા માઈલોની મુસાફરી થાય એ મોટરમાં. એથી કેટલાયે ધક્કા લાગે અને એમના શરીરના કરોડરજ્જુના ત્રણ મણકાઓ વચ્ચેની બે ગાદી ખસી ગયેલી છે એથી એમના શરીરને સખત દરદ તો થયા જ કરે અને એવા દરદમાં હવે આવી મોટરની મુસાફરીથી વધારો થાય છે, પણ એમણે એ દરદની કશી ગણના રાખી જ નથી.

નડિયાદ આશ્રમની સ્થાપના થઈ, શરૂઆત થઈ ત્યારે તેઓશ્રી માથે પોટલાં મૂકીને સ્ટેશનથી ચાલીને કેટલીય વાર ચાર માઈલ દૂર ત્યાં ગયા છે. તે પછી બસમાં બેસીને જતા. તે પછી નડિયાદના જ ભાઈ કુબેરદાસભાઈ ભાવસારે એમને સાઇકલ આપેલી તે પર બેસીને જતા. ઘણી વાર આવી રીતે શ્રીમોટા માથે સામાન લઈને જતા, એ જાણ્યું ત્યારે મને થયું કે શ્રીમોટા આવી હાલાકી ભોગવે તે અમારે માટે તો ઠીક નહિ. એટલે મેં ભાઈ નગીનદાસને લખ્યું કે શ્રીમોટાને આવી રીતે મુસાફરી કરવા દેશો નહિ અને મારે ખર્ચે અને હિસાબે એમને ઘોડાગાડીમાં મોકલશો. ત્યારથી શ્રીમોટા ઘોડાગાડીમાં જવા લાગ્યા.

ત્યારપછી સુરત આશ્રમ થયો. સુરત આવવાનું થાય ત્યારે ગાડીમાં એટલી બધી ગિરદી હોય પણ તે બધી હાલાકીમાં જતા આવતા. એક વખત અમારે નડિયાદથી સુરત જવાનું હતું. ત્યારે ગાડીમાં 'રીઝર્વેશન' કરાવેલું, પણ નડિયાદ સ્ટેશને અમારા અનામત ડબ્બામાં, અમાનત—રીઝર્વ્ડ—કરાવેલું તોયે જગ્યા મળી નહિ અને અમારે સામાન વગેરે મૂકવામાં ઘણી હાલાકી ભોગવવી પડેલી. ત્યારે અમદાવાદના મહાજન બુક ડીપોવાળા શ્રી ચીમનભાઈ મહાજનને થયું કે આમ શ્રીમોટાને તો બહુ હાલાકી ભોગવવી પડે છે, માટે આપણે એમને એક મોટર લાવી આપીએ. એમણે મોટર લાવી આપી

પરંતુ એ મોટરનું દુરસ્તી ખર્ચ થતું તે શ્રીમોટાને રુચે નહિ. આટલો ખર્ચ આપણને પાલવે નહિ. તેમણે મોટરગાડી પાછી આપી દીધી. અત્યારે ભાઈ ચીમનભાઈ તે મોટરની કિંમતનું વ્યાજ પ્રત્યેક બેસતા વર્ષના દિવસે શ્રીમોટાને આપે છે. તે પછી ડભાણવાળા રાવજીભાઈની મોટર મળી. તેમાં તેઓ જતા-આવતા. અને હવે વૈકુંઠભાઈ પટેલ તરફથી સુંદર મરસીડીઝ મોટરગાડી મળ્યા કરે છે. આ હકીકત છે તે છતાં શરીરની અગવડને શ્રીમોટાએ કોઈ દિવસ ગણી નથી.

૧૯૭૧*માં તેમણે લગભગ તેર લાખનાં કામ હાથ પર લીધાં હતાં. એથી જેમ જેમ શ્રીમોટાને કોઈનું આમંત્રણ મળે ત્યારે ત્યારે શ્રીમોટાને જવાનું. ઉનાળાની પ્રખર ગરમીમાં ને તેય તાપની ગરમી તેમનાથી સહન થતી નથી તે અમારે મન તદ્દન સાચી હકીકત છે. એવા તાપમાં પણ ૨૦૦-૨૫૦ માઈલની રોજની મુસાફરી મોટરમાં કરવી અને શરીરની હાલાકી એમને પડે છતાં એની કોઈપણ પ્રકારની ગણના ન હોવી એ કેટલી મોટી હકીકત છે, એટલી જ હકીકત એમની આધ્યાત્મિક સ્થિતિ પુરવાર કરવા માટે પૂરતી છે.

શરીરના અનેક પ્રસંગો લખી શકાય પણ આટલું જ બસ છે. આવી અગવડોને તેઓશ્રી તદ્દન ગૌણ કરી શકે છે. એમની સામે તો હંમેશાં પ્રાપ્ત થયેલાં કર્મના સાફલ્યની જ માત્ર વિશેષતા મોખરે રહ્યા કરેલી હોય છે. એ જ એમના જીવનમાંથી અમારા જેવા માટે શીખવા જેવી વાત છે.

વળી, સુરત આશ્રમમાં પહેલાં તેઓ એક નાનકડા ઓરડામાં જ રહેતા. નવા નવા ઘણા માણસો આવતા રહેતા અને નાના ઓરડામાં પણ શ્રીમોટાને તકલીફ પડતી, પણ એમણે પોતાને માટે મોટો ઓરડો બંધાવવાનું કદી પણ અમને કોઈને સૂચવ્યું જ નથી. ભીખુકાકાને પણ કહ્યું નથી. સુરત આશ્રમના વ્યવસ્થાપક ભીખુકાકા છે. તેમનાં પત્ની શ્રીમતી વિદ્યાબહેન ગુરુકુળમાં ભણેલાં. સ્વભાવે ઘણાં જ તેજ. તેમને શ્રીમોટા માટે ઘણો જ ભાવ. તેઓ સુરતના આશ્રમમાં જ માંદગી ભોગવી મરણ પામ્યાં, ત્યારે તેમની જે કંઈપણ મિલકત હતી તે

*૧૯૭૩માં તેઓશ્રીએ સર્વક્ષેત્રે સંશોધન કરીને પિસ્તાળીસ લાખ રૂપિયાની ટહેલ નાંખી છે.

આશ્રમને આપતાં ગયેલાં. તે બધી રકમ ભીખુકાકાએ શ્રીમોટાને આપવા માંડી. પણ તેઓ કહે, ''મારે તેની શી જરૂર છે ? મારે તે જોઈએ નહિ.'' એમ થોડો વખત વીતી ગયો. પછી ભીખુકાકાએ કહ્યું કે, ''તમને નાના ઓરડામાં અગવડ પડે છે, માટે તમારા માટે એક મોટો ઓરડો બનાવીએ.'' ત્યારે શ્રીમોટાએ સ્વીકાર્યું નહિ, પરંતુ જ્યારે એમ વાત થઈ કે નીચે એક ભોંયરું બનાવીએ. ત્યારે શ્રીમોટાએ કહ્યું કે, ''ભોંયરું બનાવો ત્યારે ત્યાં એક મૌનમંદિર જેવું જ થાય. તેમાં માણસ સાધના માટે પણ બેસી શકે. તે મને મંજૂર છે. બનાવો.'' ત્યારે વિદ્યાબહેનના પૈસાથી આ એક ઓરડો થયો. નીચે એક ભોંયરું છે. આજે પણ માણસો એમાં મૌનએકાંત માટે બેસે છે. જો કોઈ શ્રીમોટાનો સુરતનો ઓરડો અને નડિયાદનો ઓરડો, બેઉનો તફાવત જુએ તો બંને વચ્ચે આસમાન જમીનનો તફાવત જોશે, પરંતુ અગવડ કે સુખ-સગવડ, સાહ્યબી ભોગવવાનું એ બે વચ્ચે શ્રીમોટાના મનમાં કશો તફાવત નથી. છેક રાજાથી માંડીને ભંગીનાં ઘર સુધી, સમાજના અનેક પ્રકારના થર સુધી, અનેક પ્રકારના લોકોના ઘરે તેઓ રહેલા છે. ભંગીને ઘરે પણ રહેલા છે અને ત્યાં વાસણ માંજીને પોતે જાતે રાંધેલું છે. આજે ગમે તેવી અગવડને તેઓ પ્રેમથી સહન કરી લે છે અને એનાથી વિશેષ પ્રકારની સગવડ માટે ઝંખના એમના મનમાં કદી જાગી નથી. તપસ્વી કે સાધુપુરુષ હંમેશાં અગવડ ભોગવે એવું કાંઈ નહિ. સુખસાહ્યબીમાં રહેતો હોવા છતાં પણ તે આધ્યાત્મિક નિષ્ઠામાં પ્રકટેલો હોય તેવું પણ બને. આ તો શ્રીમોટાના જીવન વિશે તેમની કેવા પ્રકારની એક રહેણીકરણી છે તે જણાવવા પૂરતું જ લખ્યું છે.

અમુક મિત્રોએ શ્રીમોટાને પ્રથમ પુષ્પોના હાર પણ ચડાવ્યા છે ને પછી ગાળો પણ ભાંડી—ભાંડી શકાય એટલી ને પછી પાછા પ્રશંસકો પણ થયા. છતાં તેમની ચડતી પડતી દરમિયાન પણ શ્રીમોટાનો ભાવ એકસરખો રહેલો અને તેમનું કલ્યાણ જ વાંચ્છ્યું. એ શ્રીમોટાના જીવનની ખાસ વિશેષતા છે, ખાસિયત છે. કેટલાકે તેમના પર વારી જઈને માસિક દક્ષિણા જીવનભર આપવાનો નિર્ણય કરી થોડો સમય તેમ આપીને પછી બંધ પણ કરી દીધેલી. છતાં તેવાઓ પરત્વે પણ

શ્રીમોટા હંમેશાં તટસ્થ રહ્યા છે, એટલું જ નહિ પણ પ્રેમ સેવ્યો છે.

શ્રી ઈંદુલાલ યાજ્ઞિક સાથે શ્રીમોટા કામમાં પરોવાયા હતા અને શ્રી ઈંદુલાલ પોતાની જવાબદારી ફગાવી દઈને અધવચેથી સંસ્થા છોડીને ભાગ્યા, ત્યારે શ્રીમોટાને આઠ-નવ મહિનાનો પગાર ચઢેલો મળેલો નહિ અને ગરીબાઈ તે વખતે પણ જાણીતી હતી, છતાં ભાઈ ઈંદુલાલ પ્રત્યેનો આદર એમના દિલમાં કદી ઘટ્યો નથી. તેમના ગુણોના અને તેમની શક્તિના તેઓ હંમેશાં ચાહક રહ્યા છે, એટલું જ નહિ પણ તેમના હાલના નેનપુરના આશ્રમને રૂપિયા એક હજારની મદદ પણ તેમણે કરેલી છે.

## ૧૩. જીવનકાર્ય

શ્રીમોટાની ખૂબી એ છે કે કોઈની સાથે તેઓ કદી પણ સંબંધ બાંધવા જતા નથી. કેટલાંયે વર્ષોથી હું એમના સમાગમમાં છું. તેથી મેં જોયું છે કે કોઈની સાથે આગવી રીતે સંબંધ બાંધવા તેઓ ગયા નથી. પણ એકવાર કોઈપણ કોઈ નિમિત્ત કારણે તેમની સાથે એવી રીતે સંકળાઈને રહે છે કે શ્રીમોટાના કામને તેઓ ઘણી મદદ ને સાથ આપતા રહે છે. કેટલાંક ભાઈઓ ને બહેનોએ એટલો બધો સાથ આપ્યો છે કે આપણને તે જાણીને નવાઈ પણ લાગે.

શ્રીમોટાએ ઉત્તર જીવનમાં જ્યારે મોટાંમાં મોટાં કામ હાથમાં લીધાં ત્યારે તો એમને કેવા કેવા સંબંધો જીવનમાં પ્રકટતા ગયા અને તે સંબંધોએ કરીને તેવા માણસોએ, મહાનુભાવોએ, શ્રીમોટાને જે મસ્તીથી મદદ કરી છે તેને માટે એક પ્રકરણ લખીએ તોયે બસ ન થાય. આ પણ એમની એક વિશેષતા છે કે કોઈની સાથે તેઓ આગવી રીતે, પોતાની રીતે, આગળ પડીને સંબંધ બાંધવા જતા નથી અને એ સંબંધ બંધાય છે, તેમની સાથે હૃદયના ભાવથી, તો તેઓ પ્રેમવહાલ કર્યા જ કરે છે.

એવા પણ માણસો છે કે શ્રીમોટા તેમની સાથે હંમેશાં પ્રેમ ને ભાવથી વર્તતા હોવા છતાં, એમને સ્વજન ગણતા હોવા છતાં

એમની સાથે અવારનાવર એટલા બધા પ્રેમભાવથી સાનુકૂળપણે વર્તતા હોવા છતાં એવા માણસોએ એમનો અનેક વાર દ્રોહ કર્યો છે. એટલું જ નહિ પણ એમની પીઠ પાછળ એમની બદબોઈ કરી છે, તેમનું ભૂંડું બોલ્યા છે. એ બધું એમની પ્રત્યક્ષ જાણમાં આવ્યું હોવા છતાં તે સાચે જ ઘણા ભાવથી ને પ્રેમથી એમને મદદ થાય, તેમના જીવનમાં તેમને પ્રેરણા-ઉત્સાહ મળ્યા કરે, તેમની કટોકટીની વેળાએ પાસે ઊભા રહીને તેમને જે સૂક્ષ્મ મદદ પ્રેર્યા કરી છે, તે તો તેમના જીવનની એક ભવ્ય હકીકત છે.

આ ઉપરાંત શ્રીમોટા પ્રત્યેક પતિપત્નીના જીવનમાં, અનેક ભાઈબહેનોના જીવનમાં અનેક રીતે ભાગ ભજવી રહેલા છે. કેટલેક ઠેકાણે તો પતિપત્ની હોય કે કોઈક ત્રીજું પણ હોય. આમ ત્રિકોણ સંબંધ બંધાઈ ગયેલા હોય તેવી પરિસ્થિતિમાં, પ્રત્યેક ત્રિકોણની વ્યક્તિઓ માટે, એકબીજાને માટે સદ્‌ભાવ, સુમેળ, સહાનુભૂતિ, શાંતિ, પ્રેમ, એકબીજાને માટે પ્રેમથી કરી ચૂકવું, ઘસાવું—આવા પ્રકારની જે સમજણનો જીવનના વહેવારમાં ખૂબ ઉપયોગી થઈ પડે તેટલું જ નહિ પણ પ્રત્યેકના જીવનમાં એ પ્રકારની હળવાશ, શાંતિ અને પરસ્પર પરત્વે જે સુમેળભર્યો હૈયાનો ભાવ પ્રકટે તેવી સમજણ પ્રેરેલી છે. તે તો ખરેખર જીવનના વિકાસમાં તે તે જીવને પ્રેરનારી અને તેમના જીવનમાં સુખ જ પ્રેરનારી છે, એવા કેટલાય દાખલાઓ પ્રત્યક્ષ જાતોજાત મેં જાણેલા છે.

આવા જીવનમાંના તેવા દાખલાઓના કાંઈ જુદા જુદા પ્રકારનાં પ્રકરણો છે. આવાં કોઈ કોઈ પ્રકરણોમાં શ્રીમોટાએ જે ભાગ ભજવ્યો છે, પ્રત્યક્ષ રીતે ને પરોક્ષ રીતે પણ એ ભાવ તેમના જીવનમાં તેમને ઉપયોગી નીવડે છે એટલું જ નહિ, પણ એમના જીવનને કલુષિત કરતા ક્લેશ, કંકાસ અને અનેક પ્રકારના સંઘર્ષોમાંથી શ્રીમોટાએ આવા કેટલાયે ત્રિકોણોને ઉગારી લીધા છે, તે તો સમાજની મોટામાં મોટી સેવા છે. આ સેવા કોઈ જાણતું પણ નથી અને એમણે એ કોઈને જણાવવાની દરકાર પણ કરી નથી, એ મોટામાં મોટી હકીકત છે.

## ૧૪. ઊંધિયા–ભોજનનો તૃપ્તિવિસ્તાર

૧૯૫૯ની સાલમાં બનેલી આ ઘટના છે. સુરતના હરિઃૐ આશ્રમમાં ઊંધિયું બનાવરાવેલું. આશ્રમના નિયમાનુસાર આશ્રમમાં હાજર હોય અને જમવાના હોય તેના પ્રમાણમાં જ રસોઈ થાય. એટલે આઠ-દસ માણસ ખાઈ રહે એટલું ઊંધિયું તૈયાર હતું. શ્રીમોટાએ સૌ પ્રથમ ઊંધિયાનો સ્વાદ નાણી લીધેલો.

ઊંધિયું જમવાને ટાણે શ્રીમોટાને મળવા કેટલાક લોકો આવ્યા. શ્રીમોટાએ એમને ઊંધિયું આપવા કહ્યું. એ દિવસે સહજપણે જ આવનાર માણસોની સંખ્યા ક્રમે ક્રમે વધવા લાગી. શ્રીમોટા તો સૌને આગ્રહ કરીને બેસાડે અને ઊંધિયું ખાવા આપે અને કહેતા જાય, ''ભાઈઓ, ઊંધિયું સ્વાદિષ્ટ થયું છે માટે સૌ કોઈ ધરાઈ ધરાઈને ખાજો.'' શ્રીમોટા સૌને આનંદવિભોર કરાવતા જાય અને જમાડતા જાય.

નડિયાદ આશ્રમના ટ્રસ્ટીઓ પૈકી શ્રી સોમાભાઈ ભાવસાર તથા શ્રી ચંદુભાઈ ભાવસાર આ પ્રસંગે હાજર હતા. ઊંધિયું રંધાયેલું એનું પ્રમાણ એ જાણતા હતા. એથી એમના વિસ્મયનો પાર ન હતો. એમને મન ભારે ચમત્કાર હતો.

સ્થૂળ વસ્તુનું પ્રમાણ હોય તેના કરતાં વધે જ કઈ રીતે ? એવો પ્રશ્ન થાય. શ્રીમોટાએ આ ઘટનાને સમજાવવાનો પ્રયત્ન કરેલો.

આવા બનાવમાં વસ્તુનું પ્રમાણ વધતું નથી હોતું, પરંતુ જે મુક્તપુરુષ આવી વસ્તુનો સ્વાદ કરે છે અને પદાર્થને અલ્પ પ્રમાણમાં લેવા છતાં ધરવ અનુભવે છે. એ ધરવ મુક્તપુરુષને થયો હોવાથી એ વિસ્તારદશાને પામે છે, કેમ કે મુક્તની સઘળી ક્રિયાઓ સહજ હોવા ઉપરાંત પ્રાર્થનાભાવથી વિસ્તારી પણ બનનારી હોઈ શકે છે. આત્મ-નિષ્ઠનું પ્રધાનલક્ષણ જ વિસ્તારવામાં વ્યક્ત થાય છે. આથી, આવા પુરુષનો ધરવ વિસ્તાર પામતો હોવાથી જે કોઈ વ્યક્તિને એ જમાડે કે આપે તો તે વસ્તુ અલ્પ પ્રમાણમાં લે છતાં પણ એ વ્યક્તિ તૃપ્તિ અનુભવે. આથી ઊલટો પણ અનુભવ મુક્તપુરુષ કરાવી શકે. પુષ્કળ

પ્રમાણમાં ખવડાવવા છતાં પણ ન ખાધું હોય અથવા તો અલ્પ જ ખાધું હોય એવી હળવાશ અનુભવાય. આવો અનુભવ આંતરિક હોય છે.

આવું બધું 'નિમિત્તે કરીને' બનતું હોય છે. મુક્તપુરુષ હાજર હોય, ત્યારે દરેક વખતે 'આમ જ બને' એવું કંઈ હોઈ શકે નહિ, એમ શ્રીમોટાએ સ્પષ્ટ જણાવેલું.

## ૧૫. લાક્ષણિકતાઓ

શ્રીમોટાના જીવનનું ખાસ દેખાઈ આવતું એક લક્ષણ એ અનાગ્રહ છે. કોઈ કશા પ્રત્યે આગ્રહ નહિ. કોઈ આમ કહે તો આમ કરે અને તેમ કહે તો તેમ કરે. કોઈના મનમાં તો એમ થાય કે આમ તો વળી હોતું હશે ? પણ અમે એમના જીવનમાં જોયેલી બનેલી પ્રત્યક્ષ હકીકત છે.

કુંભકોણમ્‌માં મારા મામા જેમ કરે તેમ તેઓશ્રી કરવા દે અને શ્રીમોટાની ત્યારે પ્રત્યક્ષ પળેપળની હાજરી હોવા છતાં અને યોજના પ્રમાણે બાંધકામ થતું ન હતું એ જાણતા હોવા છતાં તેમણે તદ્દન ચૂપકીદી સેવેલી અને કોઈ સામાન્ય માણસ કોઈ કારણને અંગે કે બેળેબેળે ચૂપકીદી સેવે ત્યારે બળાપો થાય, પણ અમે તો શ્રીમોટાને હંમેશાં આનંદમાં ને પ્રસન્નતામાં જોયેલા છે અને એમણે મારા મામાને જેમ કરે તેમ કરવા દીધેલું. એમણે કોઈ પ્રકારની સલાહ પણ આપી નથી. આશ્રમ પોતાનો થવાનો હતો. એની યોજના પણ પોતાની પાસે હતી, પણ જેમ જે થયા કરે તેમ તેમ થવા દીધું, તેમ જ થયે જાય એમાં જ એમના અનાગ્રહની ભાવના રહેલી છે અને મનમાં તે અંગેનો બળાપો કદી થયેલો એવું કદી અમે જાણ્યું પણ નથી. એ તો જાણીબૂઝીને એક અદનામાં અદના પોતે કારકુન હોય એવી જ રીતે વર્તતા.

સદ્‌ગત પરીક્ષિતલાલે એમને કોઈ દિવસ એમની સલાહ પૂછી પણ નથી, કારણ કે પરીક્ષિતભાઈના મનમાં શ્રીમોટાને વહીવટની, વ્યવસ્થાની, કુનેહની, એવા પ્રકારની યોગ્ય સમજણ નથી, એવી એ કાળે પણ સમજણ હોય ખરી. કામ તેઓશ્રી જ બધું કરતા અને બધા

જ પ્રકારનું અને તે યોગ્ય પ્રકારનું વ્યસ્થિતિવાળું, વ્યવસ્થાપૂર્વક. તેમ છતાં કોઈને પણ ભાન થતું ન હતું કે શ્રીમોટાનામાં કાંઈ બુદ્ધિ છે. આજે પણ સાબરમતી આશ્રમમાં તે કાળના માણસો જીવે છે. તે પણ કહે છે કે શ્રીમોટામાં આટલી બધી શક્તિ-સમજણ હશે, એનું અમને ભાન ન હતું. તેઓશ્રી સંપૂર્ણપણે અનાસક્તિપૂર્વક વર્તતા. ત્યારે કેટલાક એમને ભોટ પણ કહેતા. મને પોતાને જ ત્યારે એમ લાગેલું કે, ''ઓહો! **મોટા** ટાઈપ કરે છે! અંગ્રેજી પણ જાણે છે!'' એની મને પણ નવાઈ લાગેલી, કારણ કે ત્યારે શ્રીમોટાનું વર્તન વ્યવહાર એવા પ્રકારનું હતું કે, કોઈને એમનામાં ચાલાકીનું ભાન જ થાય નહિ! એમણે પોતાના જીવનને જ્ઞાનભક્તિપૂર્વકનું, હેતુની સભાનતાની સાથે વર્તી વર્તીને એવા પ્રકારનું બનાવી દીધલું કે બધું હોવા છતાં કંઈ કશું ન હોય એમ બધાંને ત્યારે આશ્રમમાં પણ લાગતું. અનાગ્રહ એમનો એટલો બધો જબરો કે કંઈ કશું બગડતું હોય તોપણ કશાની સલાહ આપવાને એ પ્રવર્તી શક્યા ન હતા. આશ્રમમાં અમારા પોતાના કુટુંબમાં એ ઘણાં વર્ષ રહ્યા, પણ પૂછ્યા સિવાય કોઈ દિવસ કોઈને કશી સલાહ આપી હોય, કહ્યું હોય એવું મારી જાણમાં નથી.

હરિઃૐ આશ્રમજીવનને કારણે શ્રીમોટા ઘણાના સંબંધમાં આવ્યા કરે છે, પણ કોઈની સાથે એમણે પોતાનો આગ્રહ વ્યક્ત કર્યો હોય કે પોતાના મંતવ્યની પકડનું કોઈને પણ ભાન કરાવ્યું હોય તેમ આજ સુધી બન્યું નથી. હા, સાધનાની સભાનતા પ્રકટાવવાને માટે કહ્યું છે ખરું, પણ તે હકીકત જુદા પ્રદેશની છે.

કડિયાને અમુક ચણવું હોય ત્યારે અમુક રીતે જ તે કામ થવું જોઈએ અથવા તો સુથારને અમુક લાકડું અમુક કામને માટે ઘડવું હોય તો તે કામની યોગ્યતા પ્રમાણે જ તે ઘડાવું જોઈએ. તેની સમજણ શ્રીમોટામાં સાધના પરત્વે પ્રકટેલી હોવાથી સાધનાના વિકાસ કાજે જેઓ શ્રીપ્રભુ-કૃપાએ મળેલાં હોય તે તે માટે કહ્યા કરેલું હોય ખરું. બાકી, જીવનમાં અનેક પ્રકારનાં ક્ષેત્રોમાં શ્રીમોટાએ અનાગ્રહ જ સેવ્યો છે એ મારો પોતાનો અનુભવ છે.

અનેકની સાથે તેઓ આ પ્રમાણે વર્ત્યા છે. કેટલીક વાર શ્રીમોટા આખું કોળું ને કોળું શાકમાં જવા દે અને કદીક એક કણીને પણ સરકવા ન દે. **આગ્રહ ક્યાં રાખવો અને ક્યાં ન રાખવો એવી સૂક્ષ્મ સૂઝ એમના જીવનમાં પ્રકટેલી છે.** તેમને સૂક્ષ્મ પ્રકારનો ભાવનાત્મક, જ્ઞાનપૂર્વકનો, ભક્તિપૂર્વકનો વિવેક એમના જીવનમાં જાગેલો છે એ એમના જીવનની વિશેષતા છે. અરે! એ વિવેકને પણ પકડી તેઓશ્રી છોડી દેનારા છે અને વિવેકને પણ પકડી રાખતા નથી. કેટલી બધી અવધૂતી મસ્તી કે જે શબ્દ બોલતા આપણી જીભ અચકાઈ જાય તેવો શબ્દ પણ સમાજમાં આગળ પડતી પ્રતિષ્ઠા ભોગવતા લોકોની આગળ બોલતા મેં શ્રીમોટાને સાંભળેલા છે. એટલે આવું બોલવું એ તો સભ્યતાને તિલાંજલિ આપી દીધી ગણાય. એવું પણ કદી કદી બોલતા એમને સંકોચ નથી. અવધૂતી છંદમાં—આનંદમાં હોય તોપણ એમને આમ જ બોલવું, આમ જ રહેવું ને કરવું, એવા બધા ચોકઠામાં એ કદી પ્રવર્તી શકતા નથી એ પણ અમારો રોજબરોજનો અનુભવ છે. કશામાં જકડાયેલા હોતા નથી. ક્યારે, કેમ તેઓ વર્તશે એ કહી શકાય નહિ. એ ‘મુક્ત’ છે.

એમને કશાનો શોખ નથી. પહેરવા ઓઢવાનો પણ કંઈ શોખ નથી. તે ઘરેણાં પહેરે છે ખરા ઉત્સવ નિમિત્તે મળેલાં, પણ એ એમના પોતાના શરીરના ઉત્સવ પ્રસંગ વેળાએ જ. કો’ક વાર તે ઘરેણાં માગે છે અને ઘરેણાં એમને મળ્યાં પણ છે. સારાં કપડાં પણ મળ્યાં છે, પરંતુ પહેરવાનો તેમને આગ્રહ નથી. સારાં સારાં કપડાં ને ઘરેણાંને વેચીને તેના પૈસા મેળવી તેનો સારાં કામોમાં ઉપયોગ કરે છે. પોતાની પાસે કોરવાળાં ધોતિયાં વધી ગયેલાં. એને વેચીને પણ પૈસા ભેગા કર્યા છે. એમને એકલા લંગોટ પર રહેવું હોય તો લંગોટ પહેરીને પણ નિરાંતે રહી શકે છે. કપડાં પહેરવાનો પણ એમને આગ્રહ છે એવું કશું નથી. કરાંચી શહેરમાં કપડાં કાઢીને કેટલાક કલાકો સુધી ફર્યા એ પણ હકીકત છે પણ પારકા દેશમાં અજાણ્યા ને અજાણી વસ્તીમાં જ્યાં કોઈ ઓળખતું ન હોય ત્યાં ફરી શકાય, પણ ગાંધી આશ્રમમાં જ મારા ઘર આગળ જ નાથાકાકા કરીને સોજીત્રાના એક પટેલ ભાઈ હતા. તે ઘણીવાર

મારે ત્યાં આવે ને શ્રીમોટાને ઘણી વાર ''નાગી, નાગી'' એમ એ બોલ્યા કરે. જેમ શ્રીકૃષ્ણ ભગવાને શિશુપાલની અનેક પ્રકારની ગાળો અમુક સુધી સાંભળ્યા કરી તેવી રીતે શ્રીમોટાએ પણ તેમને કહ્યું કે, ''નાથાકાકા, જો હવે તમે 'નાગી નાગી' બોલ્યા છો તો મારું આ ધોતિયું કાઢીને તમને એવા પકડી રાખીશ કે તમે 'ભાઈસા'બ' કહેશો તોપણ... પછી હું તમારો છેડો નહિ છોડું.'' ''હવે બેસ બેસ, તું મોટી કપડાં કાઢી નાંખનારી ના જોઈ હોય તો, અમસ્તી!'' આમ શ્રીમોટાને નાથાકાકાએ કહ્યું કે તરત જ તેમણે તેમનાં કપડાં કાઢી નાખ્યાં, ત્યારે કેટલીય બહેનો અમારા ઓટલા ઉપર ઊભી હતી. તોયે તેમને બિલકુલ સંકોચ થયો નહિ અને નાથાકાકાને તો એવા ઝોડની માફક વળગી પડ્યા કે નાથાકાકા તો દોડ્યા જાય, શ્રીમોટાય પાછળ દોડ્યા જાય અને નાથાકાકાએ માફી માંગી ત્યારે તેમને છોડ્યા. એટલે આમાં પણ એમનો સામાજિક ક્ષોભ કે સંકોચ ન હતો.

આજે પણ શ્રીમોટાને જોઈને કોઈને એમ ન થાય કે આ **મોટા**માં આટલી બધી આવડત હશે, શક્તિ હશે, સમજણ હશે. એમણે આશ્રમો કાઢ્યા અને એનો વહીવટ ચલાવ્યો એ વહીવટ ને એની વ્યસ્થા એ જ શ્રીમોટામાં કેટલી સમજશક્તિ છે તે પુરવાર કરી આપવાને પૂરતાં છે. એટલું જ નહિ, પણ આશ્રમમાં કેટલાય જુદા જુદા સ્વભાવનાં માણસો આવે છે, બહેનો આવે છે, બાળકો આવે છે, વૃદ્ધો આવે છે—એ બધાંની સાથેનો શ્રીમોટાનો વર્તાવ ને એમની સાથે હળી-ભળી-ગળી જવાની એમની રીત તો કોઈ અનોખી છે.

શ્રીમોટાની વિશેષતા એક બીજી છે : માનો કે શ્રીમોટા માટે મને લાગણી છે, એમ કોઈ કહે તો તેઓશ્રી ઝટ માની લે એવા નથી. તેવી લાગણી શ્રીમોટા પરત્વેની તે તે લોકોના મનની હોય તો કર્મમાં સાકાર થવી જોઈએ. લાગણી થાય અને જો સાચી હોય તો એ કોઈ રીતે એના સાકારપણામાં પ્રકટવી જોઈએ. જેમ કે આપણને મોહ થાય, લોભ થાય, કામ થાય કે વાસના થાય તો તે સાકાર થયા વિના રહેતાં નથી.

તેવી રીતે જો ખરેખરો ભાવ જાગ્યો હોય તો તે સાકાર થયા વિના રહે નહિ એમ શ્રીમોટાનું કહેવું છે.

શ્રીમોટાએ કોઈ દિવસ કોઈને પોતાના શિષ્ય થવા સીધું કે આડકતરું સૂચન કર્યું નથી. એ બાબત તેમના જૂના સાથી ને સ્વજન શ્રી હેમંતભાઈ નીલકંઠે જે જણાવ્યું છે તેનો અત્રે ઉલ્લેખ કરવો જરૂરી લાગે છે.

''કરાંચીમાં જ્યારે ઓમ મંડળીમાંથી પણ એક પ્રકારની નિરાશા સાંપડી અને કોઈ મને ધ્યાન શિખવાડે તે માટે ઝંખના થતી. એમણે (શ્રીમોટાએ) જોઈ ત્યારે છેવટે એમણે કહ્યું હતું કે, ''તમને બહુ ઈચ્છા છે તો અમદાવાદ આવીશ, ત્યારે આપણે ભેગા ગડમથલ કરીશું.'' મારું અહમ્ મને એમ કહેતું કે એ પહેલી ચોપડીમાં છે ને હું બાલમંદિરમાં છું. 'ભેગા ગડમથલ'નો અર્થ આ પ્રમાણે કર્યો હતો. પછી એમની સાથેનો આધ્યાત્મિક સંબંધ શરૂ થયો. અનુષ્ઠાન થયું, પછી જે અનુભવો થયા તે ઉપરથી મને જ થયું કે એમને જ ગુરુ તરીકે સ્વીકારું... શ્રી નંદુભાઈ પણ એમના બોલાવ્યાથી નથી આવ્યા. **નંદુભાઈને મેં જ સલાહ આપી હતી કે તમે શ્રીમોટાની દોરવણી સ્વીકારશો તો તેમાં તમને બધાંને ફાયદો જ છે.''***

શ્રી હેમંતભાઈએ શ્રીમોટાને સ્વીકાર્યા પછી દક્ષિણની યાત્રાએ જતાં શ્રીરમણ મહર્ષિનાં દર્શન કરવા જવાની રજા શ્રીમોટા કને માગી. ત્યારે તેમણે હા જ કહી હતી અને જ્યારે શ્રી હેમંતભાઈને સ્ટેશને વિદાય આપવા તેઓશ્રી ગયા ત્યારે શ્રીમોટાએ તેમને કહ્યું કે, ''હવે હાલમાં હમણાં—આપણો સંબંધ બંધ થાય છે. તમે મને કાગળ ન લખશો.'' તેનું રહસ્ય શ્રી હેમંતભાઈ પાછળથી સમજેલા. શ્રી હેમંતભાઈ દક્ષિણના ત્રણ મોટા આશ્રમો જુએ ને ત્યાં તેમાંથી ગમે તે

---

*શ્રી હેમંતભાઈએ એ પણ જણાવેલું છે કે જ્યારે શ્રી નંદુભાઈ અને શ્રીમોટા વચ્ચે બિલકુલ સંબંધ ન હતો અને શ્રીમોટા સાબરમતી આશ્રમ છોડી જતા હતા ત્યારે – 'હું કોની સાથે હવે વાત કરીશ ?' એવા શ્રી હેમંતભાઈના પ્રશ્નના ઉત્તરમાં શ્રીમોટાએ શ્રી નંદુભાઈને બતાવીને સૂચવેલું કે 'એમની સાથે સંબંધ બાંધજો.' આમ, શ્રીમોટાએ વગર સંબંધે શ્રી નંદુભાઈને જોઈ લીધા હતા.

એકાદનું આકર્ષણ તેમને થઈ જાય તો તેઓ ત્યાં ભલે રોકાઈ જાય એવી તેમને છૂટ આપવાનો શ્રીમોટાનો હેતુ હતો. તેવી જ રીતે શ્રીમોટાએ શ્રી નંદુભાઈને પણ એમને પસંદ પડે તે આશ્રમે જઈ રહેવા સલાહ આપી હતી. આમ તેઓશ્રી તદ્દન નિઃસ્પૃહ હતા—સર્વ વાતે ને સર્વ રીતે.

## ૧૬. અઘોરીબાબા – મોતનો સામનો

શ્રીમોટા જ્યારે ગુજરાત હરિજન સેવક સંઘમાં હતા, ત્યારે ચેતનામાં નિષ્ઠા પામેલા મહાત્માના અનુભવને માટે હિમાલય ગયેલા. એમનો મુખ્ય હેતુ જમનોત્રી, ગંગોત્રી, કેદારનાથ, બદરીનાથ, તુંગનાથ અને બીજે જવાનો હતો. ગંગોત્રીમાં માતાજીનું મંદિર છે. ગંગામાતાના મંદિરની સામેની બાજુના કિનારે રહેતા કોઈ મહાત્માની વાતો કદીક કદીક એ કરતા ખરા. ઉપરાંત, ગંગોત્રીથી આગળ કેદારનાથ જતાં કોઈ ચટ્ટી પાસેથી ઊતરેલા, ત્યારે તેમની ખાસિયત પ્રમાણે બધાંને પૂછેલું ત્યારે તેમને ખબર પડી કે એક અઘોરીબાબા અમુક ઠેકાણે રહે છે. તે ઠેકાણાની ચોક્કસ માહિતી તેમને અહીંથી મળી હતી. એ ચટ્ટીમાં દુકાનવાળો હતો. તે કહે, ‘‘અમુક ઠેકાણેથી અમુક ટેકરી પર ચડીને જવાનો રસ્તો નથી. ઝાડ કે બુટ્ટી એવું કંઈ ઊગ્યું હોય એ પકડી પકડીને બેળેબેળે ચડીને જઈએ, ત્યારે પાછું બીજું આરોહણ આવે છે. ત્યાંથી ત્રીજું પશ્ચિમ દિશામાં જઈને પૂર્વ દિશામાં વળી ઉત્તર દિશાએ જવાનું છે. તે બધું ચઢાણ બહુ આકરું છે. બધું થઈને લગભગ દશ-બાર માઈલ થાય. ત્યાં એક અઘોરી બાબા ઉચ્ચ પ્રકારના અનુભવી પુરુષ છે.

એમની સાથે એક બોજીવાળો હતો. તેને તેમણે પોતાની પાસેની રકમ વગેરે આપતાં કહ્યું, ‘‘જો ભાઈ, પાંચ દિવસ સુધી તું અહીં રહેજે. મારો બધો સામાન, રૂપિયાની આ રકમ વગેરે તું તારી પાસે રાખજે. એમાંથી ખાવાપીવાનું બધું ખર્ચ કરજે. પાંચ દિવસ થઈ જાય ત્યાં

સુધીમાં હું ના આવું તો તું તારે ઘેર લઈ જજે.'' તે ઉપરાંત, તેમણે પરીક્ષિતલાલ તથા એમની બા વગેરેને કાગળ લખીને સરનામું કરીને આપી દીધા અને સૂચવ્યું, ''આ કાગળો તું ઘરે જાય, ત્યારે ટપાલમાં નાંખતો જજે.''

એમ કરીને એ તો ઊપડ્યા. સાથે લીધો એકમાત્ર કામળો. થોડું ખાવાનું ને લશ્કરના સિપાહીઓ પાણી પીવાને રાખે છે તેવી વૉટર-બૅગ. એમના કહેવા મુજબ રસ્તો ઘણો ચઢાણવાળો, અઘરો અને આપણી હિંમત, પરાક્રમ ને શૌર્યને પડકાર દે તેવો હતો. એક બે વખત તો એમના પગ લપસ્યા હતા ને પડેલા પણ ખરા, છતાં વચ્ચે ઝાડ પકડી રાખવાને લીધે બચી પણ ગયેલા. હંમેશાં એમને શ્રીભગવાનમાં એટલો બધો વિશ્વાસ છે કે એનાથી એમને મદદ મળ્યા જ કરે છે. કેવા કેવા માણસોએ એમને હાથ દીધા છે, સહાય કરી છે, ઓથ દીધી છે એ જોયેલી હકીકત છે. એ તો મથામણ કરતાં કરતાં ચડ્યા ને બતાવેલા સ્થળે પહોંચ્યા.

ત્યાં દુર્ગંધ બહુ આવતી હતી એટલે એમને લાગ્યું કે આ જ તે જગ્યા હશે. ત્યાં એક મોટું ઝાડ આવતું હતું, તેની આગળ હાડકાં ને મળ બધું પડેલું હતું. ત્યાં જઈને એ બેઠા. એમ કરતાં કરતાં તો રાત પડવા આવી. શ્રીમોટાએ પોતાની પાસે પાણી હતું તેમાંથી થોડું પીધું. ખાવાનું સાથે હતું તે પણ ખાધું. એથી એક દિવસમાં બધું ખાવાનું પૂરું થઈ ગયું, કેમ કે સાથે મોટો જાડો ધાબળો ઊંચકવાનો હતો એટલે વધારે ભાર લઈને ચડી શકાય એમ ન હતું. રાતના એક-બે વાગ્યા. શ્રીમોટા પોતાની મસ્તીમાં ને પોતાના ભજનમાં, ભાવમાં મશગૂલ રહેતા ત્યારે પેલા અઘોરીબાબા આવ્યા. એ છાનામાના બોલ્યાચાલ્યા વિના બેસી રહ્યા.

તેમ ત્રણ દિવસ પસાર થઈ ગયા. શ્રીમોટાને તરસ અને ભૂખ કકડીને લાગેલી પણ એમને એની નવાઈ ન હતી. પેલા અઘોરીબાબા કાંઈ બોલે ચાલે નહિ ને આ કાંઈ પૂછે કરે નહિ. ચોથા દિવસની વાત. પેલા બાબા બોલ્યા, ''બચ્ચા, ભૂખતરસ લગી હૈ ?'' ત્યારે એમણે કહ્યું કે ભૂખ લાગી છે. એટલે તે એક કાચલીમાં રાબ જેવું આપીને બોલ્યા,

‘‘બચ્ચા પી જા. ઈસસે તેરી ભૂખતરસ મીટ જાયેગી. ઈસસે ભૂખ ભી નહીં લગેગી, તૃષા ભી નહીં લગેગી.’’ શ્રીમોટાએ લીધું. એમાંથી ઘણી દુર્ગંધ આવતી હતી. તેમને આવી બાબતનો પરિચય એટલે એ ધીરે ધીરે પીવા લાગ્યા. ખાતાં ખાતાં એમને કંઈ બીજો સ્વાદ આવ્યો નહિ, પણ બધું સાફ કરી ગયા. કાચલી પણ ચાટીને સાફ કરી દીધી. પણ એની એક વાત અદ્‌ભુત હતી કે તેનાથી ભૂખ ગઈ ને તરસ પણ ગઈ. ને ભાવ એવો પ્રકટ્યો કે ભાવની સ્થિતિમાં, ભાવાવસ્થામાં કેટલા વખત સુધી એ તદ્રૂપ થઈ ગયા!

તે પછી જ્યારે શરીરની સભાનતામાં એ આવ્યા ત્યારે અઘોરી બાબાએ કહ્યું, ‘‘અરે બચ્ચા! તું મેરે સાથ રહ જા ઈધર. તેરેકુ જો કુછ દિલ મેં કરનેકી મહત્ત્વાકાંક્ષા હૈ, વો સબ ઈધર તેરેકુ સંતોષપૂર્ણ મિલ જાયેગા.’’

શ્રીમોટાએ કહ્યું, ‘‘હું ગરીબ આપનાં દર્શન માટે આવ્યો છું. કેટકેટલાયે અનુભવી મહાત્માઓ છે. એમની શુભાશિષો મને જો મળી શકે તો તેની પ્રાર્થના કરું છું. કોઈની પાસે કશું માગતો નથી. એમની સાથે એવો ભાવ રાખું છું કે પ્રેમભક્તિના કારણે મારા હૃદયમાં એક એવા પ્રકારની સ્વીકારશક્તિ (રીસેપ્ટિવિટી)થી ભાવની તદ્રૂપતા મારા જીવનમાં પ્રકટે અને જીવંત વહ્યા કરે.’’

અઘોરીબાબાએ કહ્યું, ‘‘તારે તે માટે અહીં રહી જવું પડશે. અહીંથી જઈ શકીશ નહિ. હું કેટલાયે વખતથી અહીં આવા એક સમર્થ શિષ્યની શોધમાં છું, પરંતુ બહાર શોધવા હું ગયો નથી. મારી પણ એક એવા પ્રકારની પ્રચંડ ભાવના છે કે તને આકર્ષણ લાગ્યા વિના રહેવાનું નથી. તું આપમેળે આવ્યો છે. મેં તને કંઈ બોલાવ્યો નથી. તું શોધતો શોધતો આવ્યો છે તો તું રહી પડ. તારી ધારેલી બધી જ ઈચ્છા પૂરી થશે એમાં કોઈ જાતની શંકા નથી.’’

શ્રીમોટાએ એમને કહ્યું, ‘‘પ્રભુ, મળેલી પરિસ્થિતિ, મળેલા સંજોગો અને એના પરત્વેનો ધર્મ અને એના પરત્વેના ધર્મનું પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક, એના હેતુની સભાનતા સાથે આટલું કર્યું એ જ

ધર્મ છે. બીજા કોઈ ધર્મને હું જાણતો નથી. અત્યારે મારો ધર્મ હિમાલયમાં આપના જેવા મહાત્મા અને મહાનુભાવોના ચેતનાત્મક ભાવને સ્વીકારવો, અનુભવવો—દિલમાં દિલથી અનુભવવો એ જ મારી આ યાત્રાનો હેતુ છે. મારે હજુ ઘણે ઠેકાણે જવાનું છે. મારો હેતુ હજી ફલિત થયો નથી. મારે હાલમાં પ્રાપ્ત થયેલું જે કર્મ છે, સંજોગો છે, પરિસ્થિતિ છે તેના પરત્વેની મારી ફરજમાંથી હું મુક્ત થઈ શકું નહિ. મને કોઈ બળેબળે રાખી શકે એવી કોઈ તાકાત નથી.''

તે બાબા બોલ્યા, ''હું જોઉં છું કે તું કેવી રીતે જાય છે ? તું મારી સાથે રહે તો સારી વાત છે. તને બધું મળી શકશે. આ હઠ તું નહિ છોડે તો તારું શરીર ટકી શકવું મુશ્કેલ બની જશે. હું જોઈશ કે તું કેવી રીતે જાય છે ?''

શ્રીમોટાએ કહ્યું, ''આ જીવ કોઈપણ પ્રકારના ભયને ગાંઠે એવો નથી. ભયને જીવનમાંથી ભગાડી મૂક્યો છે. શ્રીભગવાનની કૃપાથી અભય મારા ગુરુમહારાજના આશીર્વાદથી પ્રાપ્ત કરેલો છે. તે મારા જીવનનો મોટામાં મોટો શૃંગાર છે, ગૌરવ છે. જીવનની એક નક્કરતા અને ચેતન અનુભવવા માટેની જીવંત વાસ્તવિક આવશ્યકતા છે.''

એ ભજન ગાતાં ગાતાં મસ્તીમાં નીચે ઊતરી ગયા. ઊતરતાં એમને વાર પણ ન લાગી. નીચે આવ્યા, નાહ્યા-ધોયા, પછી રસોઈ બનાવી અને જમ્યા પછી સૂતા. સવારે ઊઠ્યા, ત્યારે એમનું શરીર નીરોગી, પણ પછી એમને ઝાડા થવા લાગ્યા. ઘણા ઝાડા થયા. ઘણા ઝાડા થાય, ત્યારે ચટ્ટીમાં રિવાજ કે ત્યાં રહેવા ન દેવાય. શ્રીમોટાએ એક ઝરણા પાસે ઝાડની નીચે પથારી કરી મીણિયું પાથર્યું અને ઉપર સૂતા. શરીરથી ચાલી શકાય એવી સ્થિતિ રહી ત્યાં સુધી વેગળે જઈને ટટ્ટી જઈ આવતા, સાફ કરતા, ધોતા પછી હાથપગમોઢું ધોઈને સૂઈ જતા. પછી તેઓ બેભાન થઈ જવાની તૈયારીમાં હતા, ત્યારે કોઈ બંગાળી સાધુ જેવા એમની પાસે આવ્યા એટલું એમને યાદ છે.

આશરે ૧૮ કે ૨૦ દિવસ બેભાનમાં પસાર થયા હશે. પેલા બંગાળી સાધુ તેમની સેવા કરતા હતા. તે કહેતા હતા તે ઉપરથી શ્રીમોટાએ જાણેલું કે પોતે બેભાન અવસ્થામાં પણ શ્રીભગવાનની એકધારી એકાગ્રતાથી અને એકાગ્રતાની કેન્દ્રિતતાથી એવો પોકાર

એમના હૃદયમાંથી નીકળતો કે શ્રીભગવાન એમને સાંભળે. એમના ગુરુમહારાજ પર એમને એવો અટલ વિશ્વાસ હતો.

શ્રીમોટાને તેમના સમર્થ ગુરુએ બચાવ્યા. તે પછી ધીરે ધીરે એમના શરીરમાં ચેતન આવવા લાગ્યું અને ઊઠતા-બેસતા થયા. બંગાળી સાધુએ એમની ઘણી સેવા કરેલી. એમની પાસે એવું કંઈ ન હતું કે એ સેવાનો, ઋણનો બદલો વાળી શકે. ઓઢવા-પહેરવા માટે જે થોડું હતું, એમાંથી એમણે એક પાતળો કામળો અને પચીસ રૂપિયા સાધુને પગે લાગી, નમસ્કાર કરીને આપ્યા. સાધુએ કહ્યું, ''ભાઈ, આ બધું તું શું કરે છે ? તારી પાસે કંઈ નથી ને મને આપે છે તે બરાબર નથી.'' સાધુએ કશું લીધું નહિ. ''મને તારી સેવા કરવાનો હુકમ મળેલો એટલે હું આવેલો. તું કેટલે દૂર હતો ત્યાં મને કો'કે કહ્યું કે, તું જા. ફલાણે ઠેકાણે મારો ભક્ત છે, તેની તું સેવા કર. તારી સેવા મેં કરી છે ખરી પણ હું નિમિત્તમાત્ર છું.''

પછી શ્રીમોટામાં ચાલવા જેટલી તાકાત આવતાં ત્યાંથી ઊપડવાનો દિવસ નક્કી કર્યો. બંને જણ વાતો કરતાં કરતાં ચાલતા હતા, તે પછી પેલા સાધુ દેખાયા નહિ. શ્રીમોટાને થયું કે તેઓ લઘુશંકા કરવા ગયા હશે, હમણાં આવશે. જ્યારે પાછળ ફરીને જોયું તો ક્યાંયે સાધુ મળે નહિ, દેખાયા જ નહિ, ગયા તે ગયા!

## ૧૭. વારાંગનાઓનો ફાળો

સને ૧૯૪૨માં ગુજરાત માથે એવી પરિસ્થિતિ પ્રકટેલી કે ગુજરાત હરિજન સેવક સંઘની બધી સંસ્થાઓ, શાળાઓ, છાત્રાલયો, સહકારી મંડળીઓ, કન્યાશાળાઓ વગેરેમાં પૈસાની ઘણી તૂટ પડેલી. તે કેવી રીતે બધું ચલાવવું તે મોટામાં મોટી મુશ્કેલી હતી. શ્રીમોટા તો તે કાળે સંઘની સેવામાંથી નિવૃત્ત થઈ ગયા હતા. એમને કંઈ કશું લાગતુંવળગતું ન હતું.

૧૯૪૨ના ઑગસ્ટની એક રાતે તેમને એકાએક થયું કે, ''હવે મારે ગુજરાત કે મુંબઈમાં જઈને આ બધી સંસ્થાઓ નભી શકે એ રીતે તેની

તંગી દૂર કરવી એ મારો હાલનો ધર્મ છે.'' એ રીતે એમના દિલમાં હુકમ થયો, ત્યારે તેઓ ટ્રિચીથી નીકળી ચૂક્યા. તેમણે મુંબઈ જોયું પણ ન હતું. તેના રસ્તાઓની ખબર પણ ન હતી. મુંબઈમાં એવું તેમને કોઈ ઓળખતું પણ ન હતું. પૈસા મેળવવા, ફંડફાળા એકઠા કરવા એક મુશ્કેલ કામ છે. તેને માટે જે આવડત જોઈએ તેવી આવડત શ્રીમોટામાં ન હતી. એવા પ્રતિષ્ઠાવાળા માણસો સાથે તેમને કોઈ સંબંધો ન હતા. જેને પ્રતિષ્ઠાવાળા સાથે સંબંધ હોય, લાગવગ હોય તો જ ફંડફાળા મળી શકે પણ શ્રીમોટાને એવું કોઈ જ સાધન ન હતું. તેમ છતાં તેઓશ્રી મુંબઈ આવ્યા.

મુંબઈમાં શ્રી હેમંતભાઈની બહેનને ત્યાં તેઓ રહેતા. સવારના પહોરમાં તેઓ જમીને નીકળી પડીને લોકલ ગાડીમાં બેસી જતા. ત્યારે સ્વજનોના આવેલા પત્રો તે વાંચતા ને જવાબ લખતા. કોઈની સાથે ગાડીમાં તેઓ વાતચીત કરતા નહિ. પણ કોઈ તેમને આમ કરતા જોઈને પૂછતા કે, ''આ તમે શું કરો છો ?'' ત્યારે તેઓશ્રી તેમના જીવનની બધી હકીકત કહેતા, પત્રોની હકીકત તે કહેતા, તેઓ શા માટે પરિભ્રમણ કરી રહ્યા છે તે કહેતા ને એમને શ્રીભગવાનની કૃપાથી, ગુરુમહારાજની કૃપાથી કોઈ ને કોઈ માણસનો ભેટો થઈ જતો કે તે માણસ તેમને ફંડફાળો ઉઘરાવવામાં મદદ કરતો.

એકવાર ખાર સ્ટેશન પર તેઓ મોડા આવ્યા. લોકલ આવી ગઈ હતી ને ઊપડતી હતી. એટલે દોડતાં દોડતાં જે ડબ્બો હાથમાં આવ્યો, તેમાં તે ચડી ગયા. તે પહેલા વર્ગનો ડબ્બો હતો. તેમાં પ્રવેશ કરતાં જ તેમને કેટલીક બહેનો બેઠેલી જોવામાં આવી કે જે જુદા પ્રકારની હતી એમ જણાયું. એમ કરતાં કરતાં તેમની સાથે સત્સંગ થયો ને તેમના હેતુની, પ્રવાસની ને ફાળાની બધી વાત કરી ત્યારે તે બહેનોએ કહ્યું, ''તમે અમારે ત્યાં આવશો ? અમે તમને જરૂર મદદ કરીશું.'' ''જરૂર આવીશ, મને જરાય વાંધો નથી.'' એમ શ્રીમોટાએ કહ્યું. એટલે તેઓશ્રી તેમના ઘરે ગયા. તે બહેનો કહે, ''અમારે ત્યાં તમે કંઈક લેશો—ચા-પાણી ?'' ''હા, જરૂર.'' ને તેમણે ચાપાણી પીધાં. બીજી બધી બહેનો એકઠી થઈ એટલે શ્રીમોટાએ તેમના પ્રવાસ ને ભ્રમણનો હેતુ સમજાવ્યો. આ સાંભળીને તે બહેનોએ સારી એવી રકમ ભેગી કરીને

શ્રીમોટાને ભેટ ધરી જે તેમણે પ્રેમથી સ્વીકારી.

ઘણાને આ હકીકત જાણીને એમ થતું કે, ''આવી રકમ લઈને કેમ ખર્ચાય ? એમનાથી સ્વીકારી શકાય નહિ.'' પરંતુ શ્રીમોટા તો ઘણીવાર કહે છે કે, મનુષ્યમાં તો ગુણ ને અવગુણ બંને રહેલા છે. **અવગુણ દેખીને આપણે જો એ માણસની અવગણના કરીએ તો શ્રીભગવાનની અવગણના કરવા બરાબર છે.** એનામાં પણ ગુણ અને સદ્ભાવના રહેલાં છે. એ સદ્ભાવનાથી જીવનમાં કદીક એવો જીવ પ્રેરાય પણ ખરો. એ સદ્ભાવી પ્રેરાયેલો એવો જીવ નિમ્નમાં નિમ્ન કોટિમાં પ્રવર્તતો હોય તોપણ એવાનામાં પણ સદ્ભાવના મરી પરવારેલી હોતી નથી. એવા માણસે સદ્ભાવનાથી પ્રેરાઈને કરેલું કર્મ તે ઉત્તમ કર્મ છે. એવે વખતે એવા કર્મની કે એવી વ્યક્તિની કદી પણ અવગણના થઈ શકે નહિ. અવગણના કરવી એટલે આપણે એનાથી કોઈ ચડતી દશામાં છીએ, ઉન્નત દશામાં છીએ એવા પ્રકારની આપણામાં પ્રકટેલા અહમ્‌ની સભાનતા છે. એ તો સાધકના જીવનમાં કદી પ્રકટેલી હોવી ન ઘટે અને આપણે સાધક ના હોઈએ તોપણ **આપણે બીજાથી ચડિયાતા છીએ ને બીજા નિમ્ન પ્રકારના છે એમ માનવાથી આપણે આપણું પોતાનું હલકાપણું પ્રદર્શિત કરીએ છીએ.**

## ૧૮. આશ્રમોની પ્રણાલિકા

બને તેટલું બધું જ, આશ્રમમાં જે જે જોઈતું હોય તે એમ ને એમ મળે, ડેબિટ—ઉધાર-વાઉચર વિના મળે તેવો તેમનો રિવાજ. ઘી-દૂધનો અભાવ, મિષ્ટાન્ન નહિ, તળવાનું પણ નહિ જ અને એનાથી કરીને એવા ખોરાકને લઈને જીવનમાં જોઈતું યોગ્ય પોષણ મળી રહે એવી શ્રીમોટાની સમજણ છે.

શ્રીમોટા ઘણીવાર કહે છે કે અમારા આશ્રમમાં એવું લખ્યું છે કે જેને આવવું હોય તેણે જણાવીને જ આવવું અને એમ ને એમ આવવું હોય તો પોતાનું ભોજન સાથે લઈને આવવું. આવું સ્પષ્ટ કહેતાં

શ્રીમોટાને કોઈ સંકોચ થતો નથી. સુરતના આશ્રમમાં સુરતના કેટલાય ભાઈઓ પોતાની સાથે જમવાનું લઈને આવે અને શ્રીમોટાની સાથે જમે. આવી હકીકત એક પ્રકારની આધ્યાત્મિક જીવનની ભાવના કેટલી સ્પષ્ટતાથી વર્તે છે તેનો આ પ્રત્યક્ષ નમૂનો છે.

**આશ્રમમાં આશ્રમનાં મકાનોનો સુંદર કલાત્મક રીતે વિકાસ કર્યા કરવો અને એના વડે કરીને બીજા પર આશ્રમનો પ્રભાવ પાડવો અને એ રીતે જાહેર નાણાંનો ઉપયોગ કરવો એ શ્રીમોટાને મંજૂર નથી.** નડિયાદમાં આશ્રમની જમીનની હદમાં દીવાલ કરવાને માટે આશ્રમને ચોપડે રૂ. ૧૫,૦૦૦ની રકમ જમા હતી, પણ એવી દીવાલ કરવાને બદલે તે રકમ કોઈ સારા ઉપયોગમાં આવે અને યોગ્ય રીતે ખર્ચાય તો ઉત્તમ એમ વિચારીને ખેડા જિલ્લામાં અસ્પૃશ્યતા નિવારણના કામને માટે એ રકમ એમણે ખર્ચી નાખી. આશ્રમમાં બાંધકામ કરવું હોય તો જ તે કરવું અથવા તો મેળવીને પણ કરવું, પણ સમાજની પાસેથી મળેલી રકમમાંથી તેનો ઉપયોગ જ ન થાય તેવો તેમનો પાકો નિયમ હતો.

આશ્રમનાં મૌનમંદિરો પણ તેમણે તે જ રીતે બંધાવ્યાં છે અને એ મંદિરો બંધાવતી વખતે એમણે જાતે કેટલી મહેનત કરેલી છે એ તો તે કાળમાં શ્રી હેમંતભાઈ ને મણિકાકા હતા એ જાણે છે અને મૌનમંદિરને માટે રકમો મળી ચૂકી હોય તોપણ એ મૌનમંદિરો ચાલી શકશે અને એમાં બેસનારાં મળી શકશે એવી એમને અનુભવની ખાતરી થાય તો જ એ નવાં મકાનો બંધાવતા. પૈસા મળી ચૂક્યા છે માટે મકાન બંધાવો એવું કદી એમણે કર્યું નથી.

ટ્રસ્ટી હોય તે રસોઈ પણ કરે, વાસણોય માંજે ને વાસીદુંયે વાળે અને એવું તે તે ટ્રસ્ટીઓએ★ કર્યું પણ છે. શ્રીમોટાને પોતાને પણ કોઈ પ્રકારનું કાર્ય કરવાનો સંકોચ હોતો નથી. જોકે અત્યારે તેઓશ્રી કોઈપણ શારીરિક કામ કરવાને માટે તદ્દન અશક્ત છે. એ પડી રહેતા જ જણાય છે એટલે એમના પૂર્વ જીવનનો કદી પણ ખ્યાલ બીજાને ના આવી શકે એ સમજાય એવું છે. પણ એમણે પહેલાં જ્યારે તેમનાથી બેસી શકાતું હતું ત્યારે ભક્તોની વચ્ચે બેસીને શાક સુધારતા ને સત્સંગ કરતા હતા.

★પૂ. શ્રીમોટાની હયાતી દરમિયાન સમર્પિત થઈને આશ્રમમાં રહેલા ટ્રસ્ટીઓએ.

જરૂર પડ્યે રસોડામાં જઈને પોતે જાતે રસોઈ બનાવવામાં મદદ કરતા, સાફસૂફી પર નજર રાખતા, હિસાબકિતાબ ચોક્કસ અને નિયમિત રહે તે પર હજુયે બારીક નજર રાખે છે અને વહેલી સવારે હંમેશાં ચાર વાગ્યે તો પહેલેથી જ ઊઠવાનો નિયમ તે આજે પણ એટલી જ ચોકસાઈથી પાળે છે. એમને જમવું ન હોય તોયે સવારે દશ વાગ્યે અને સાંજે પાંચ વાગ્યે રસોડામાં આવીને બધાંની સાથે બેસે ને પ્રેમથી બધાંને પ્રાર્થના કરીને જમાડે. દરમિયાન હળવી મજાકો, રમૂજો, મહેમાનો હોય તો તેમની સાથે આનંદથી વાતો કરતા જાય ને જમાડતા જાય.

**એમના પ્રત્યેક વ્યવહારમાં કરકસરને સ્થાન છે. જે કામ પાંચ પૈસાથી થતું હોય ને ત્યાં ભૂલેચૂકે દસ પૈસા ખર્ચે તો તેઓ કહ્યા વિના રહે નહિ.** તેઓશ્રી ઘણીવાર કહે છે કે, ‘‘ભાઈ, આપણે તો ભગવાનના વાણોતર છીએ, મુનીમ છીએ, કારકુન છીએ. ભગવાનની લક્ષ્મીનો, ગમે તેમ ઉપયોગ કરવાની આપણી તાકાત બહારની વાત છે.’’

## ૧૯. વિલક્ષણ કાર્યરીતિ

શ્રીમોટા કને પહેલીવાર આવનાર ધનાઢ્ય ભાઈ પૈસાની ભેટ ધરે તો તેનો અસ્વીકાર કરે. એમની ગુણભાવના વિકાસક યોજનાઓ માટે ઘણાં નાણાંની જરૂર હોય છે, છતાં પૈસા જોઈને લલચાઈ જતા નથી.

શ્રીમોટા ઘણીવાર એમ કહેતા હોય છે કે મારો હજાર હાથવાળો ભગવાન છે તે મારાં કામ પૂરાં કરે છે. એ વાત તદ્દન સાચી છે. શ્રીમોટાની યોજનાઓ વર્ષો વર્ષ-૧૯૬૨ પછી વિસ્તરતી ગઈ છે. એક લાખથી શરૂ કરતાં તે બે લાખ, પાંચ લાખ, છ લાખ ને ૧૯૭૪માં તો લગભગ સાઠ લાખ સુધીની યોજનાઓ થઈ છે. આ સાચી પ્રયોગાત્મક બાબત છે. શ્રીમોટાને પૈસા આપનારા ભાઈઓ આપમેળે મળી આવે છે એ હકીકત છે.

એક બીજી વાત. ચેતનામાં નિષ્ઠા પામેલા શરીરધારી આત્માની ધારણા કો’ક કો’ક જીવને સ્પર્શી જતી હોય છે અને ત્યારે એ પોતાની

શરીરની શક્તિની મર્યાદાને પણ વટાવી જઈને કામ કરતા હોય છે. એવા જીવોના જીવનની હકીકત જાણીતી છે. એમનાં નામ તો નહિ આપી શકાય, પણ એ હકીકતો અમારી જાણમાં છે પણ એવા જીવોમાં 'રીસેપ્ટિવ'—સ્વીકારાત્મક—આધ્યાત્મિક જીવનનું ધ્યેય તેમના જીવનમાં ધગધગતું નહિ પ્રવર્તેલું હોવાથી એવી ચેતનાની ધારણા તેમના જીવનમાં ટકી શકી નહિ ને ચાલી ગઈ. જોકે તેના સંસ્કાર ચાલ્યા નહિ જાય પણ જેના જીવનમાં ભક્તિ પ્રકટી નહિ હોય તેમના જીવનમાં પેલી ચેતનાની ધારણાના સંસ્કાર પ્રવર્તેલા નથી. છતાંય એવા જે કંઈ સંસ્કારો પડ્યા હશે એ કોઈ ને કોઈ કાળે ઉદય વર્તમાન થશે ત્યારે આધ્યાત્મિક વિકાસને માર્ગે લઈ જશે. સત્સંગનો મહિમા આ કારણે ગાયો છે.

## ૨૦. અનેકવિધ લક્ષણો

શ્રીમોટાને પોતાનું કામ હોય તો નાનામાં નાના માણસને ઘેર જતા તેમને સંકોચ નથી. કેટલીય વાર તે ગયા છે અને પોતાનું કામ હોય ત્યારે પોતે જ જવું જોઈએ, એવી પાકી સમજણ એમનામાં છે. નાનામાં નાના માણસને પણ એના વર્તુળમાં તેને મહત્ત્વ આપવું અને તેની વિશિષ્ટતાઓને તેની આગળ પ્રકટાવવી, આ શ્રીમોટાના જીવનની એક ખાસ વિશિષ્ટતા છે.

બીજું એ કે નાનામાં નાના માણસો પોતે મોકળાશ અનુભવે તેવી જાતનું વર્તન તેઓશ્રી તેઓની સાથે રાખતા હોય છે. શ્રીમોટા શેઠિયાની સાથે ગયા હોય તોપણ એના ડ્રાઈવર સાથે એના શેઠના દેખતાંય વાતચીત કરતાં એમને સંકોચ થતો નથી. એટલું જ નહિ પણ મોટરગાડીમાં તે સારથિની સાથે જ બેસવાનું રાખે છે. શ્રીમોટાને સમાજમાં આજે ઘણું મોભાભર્યું સ્થાન છે, પ્રતિષ્ઠા છે, તેમ છતાં એ હંમેશાં પેલા ડ્રાઈવર સાથે જ બેસતા હોય છે. એનું કારણ તો પોતે અદનામાં અદનો સેવક છે, એટલું જ નહિ પણ આવા લોકોને પણ

જીવનમાં આપણે મહત્ત્વ જો જ્ઞાનભક્તિપૂર્વક આપીએ તો આપણું જ કામ સારું થતું રહે છે, એવી એમની સમાનતા છે.

શ્રીમોટાએ હંમેશાં બાળકોને મહત્ત્વ આપ્યા કરેલું છે. બાળકોમાં ઓતપ્રોત થતા વાર લાગતી નથી. બાળકોમાં સાહસ, હિંમત, પરાક્રમ, અભય કેળવાય એને માટે તેઓ શિક્ષક હતા, ત્યારથી વર્ત્યા છે અને અમારાં બાળકોની સાથે પણ એ રીતે વર્ત્યા છે. અંધારી રાત્રે બાળકોને પાણી ભરવા મોકલવાનું એ કરે. મારો પુત્ર છેક નાનો હતો—સાત વર્ષનો ભાગ્યે થયો હશે, ત્યારે સાયલા ગામમાં કાળીચૌદશની રાત્રે, દૂર એક તળાવ છે. એ તળાવમાંથી લોટો પાણી ભરી લાવવાને શ્રીમોટાએ એને મોકલ્યો અને મને કહ્યું કે, ''ભાઈ નંદુ, તું પણ એની પાછળ પાછળ જા. એ જાણે નહિ એવી રીતે એની પાછળ જા.'' છેક તળાવ સુધી ભાઈ સિદ્ધાર્થ ગયો તો ખરો, પણ તળાવ કિનારે ઘણાં કૂતરાં હતાં, તે ભસવાં લાગ્યાં, એટલે તે થોડો પાછો પડ્યો તો ખરો. ત્યારે જ હું છતો થયો. એવી રીતે એમણે બાળકોમાં અભય કેળવવાનું કર્યા કર્યું છે.

આમ, એમની સાથેનાઓના જીવનમાંથી ભય ટળે એવું એઓ હંમેશાં વિચારતા જ રહે છે અને બહેનોના જીવનને આગળ લાવવાને માટે તેમની શક્તિનો વિકાસ કરવાને માટે તેમણે હંમેશાં પ્રયત્ન કર્યા કર્યો છે. જ્યાં જ્યાં જે જે કુટુંબોની સાથે સંબંધો હોય તે તે કુટુંબોની બહેનોને મહત્ત્વ મળ્યા કરે તેવી રીતે તે કુટુંબોના પુરુષોની સાથે વાતચીતો કરેલી છે. એટલું જ નહિ પણ સમગ્ર ગુજરાતની બહેનોના જીવનમાં આવા ગુણ અને ભાવ પ્રકટે એટલા માટે ટ્રસ્ટો પણ ઊભાં કરેલાં છે.

કોઈને કશું કામ સોંપ્યા બાદ વહીવટી ડખલગીરી ન કરવી એ એમની હંમેશની નેમ રહેલી છે.

પ્રાણીઓની સાથેની એમની મૈત્રી અદ્‌ભુત પ્રકારની છે. એ અમે જોયેલું છે. ટ્રિચીનાપલ્લીમાં કેરાપટ્ટીમાં જ્યાં અમે રહેતા, ત્યાં એક કૂતરો હતો. તે કૂતરાને એક ભાઈએ બંદૂકની ગોળીથી મારી નાંખ્યો, ત્યારે એમણે એની અંત્યેષ્ટિ વિધિસર કરેલી અને એની ભસ્મને કાવેરી નદીમાં તેમણે પધરાવેલી. આમ તો એ કૂતરાં પાળવાની વિરુદ્ધમાં છે,

પણ પાળે તો એને આપણાં છોકરાંની જેમ ઉછેરવાની દાનત-ખાંખત હોય તો જ પાળવાં બાકી નહિ એવી એમની સમજણ છે. પણ એ કૂતરો રોજ અમારે ત્યાં રહેતો, ખાઈ આવે કો'કને ત્યાં પણ આખી રાત તે શ્રીમોટાની પાસે જ બેસતો. શ્રીમોટાને પ્રાણીઓ પરત્વે વહાલ છે, પ્રેમ છે. તેમને જે જે કુટુંબો સાથે સંબંધો થયા છે, તે કુટુંબની પ્રત્યેક વ્યક્તિઓમાં સુમેળ પ્રકટે, ભાવ પ્રકટે, સંપ થાય અને સંપનો સેતુ બંધાય તેવા પ્રકારની સમજણ તે તે કુટુંબની પ્રત્યેક વ્યક્તિઓને તેઓ આપતા હોય છે. ઘણાં કુટુંબની વ્યક્તિઓ પરસ્પરની વિરુદ્ધમાં વર્તતી હોય છે તોપણ તે તે પ્રત્યેક વ્યક્તિને સલાહ, સુમેળ અને સહકારનો જ ઉપદેશ આપતા હોય છે.

શ્રીમોટામાં બાંધકામની કુશળ કારીગરની શક્તિ છે. સુરતના આશ્રમમાં એક નાનકડી ખાડી છે. તેમાંથી કેટલાંય ગામોનું ધોધબંધ પાણી વહ્યું જાય છે. એ ખાડીનો બંધ શ્રીમોટાએ જે રીતે બંધાવ્યો છે અને કુંભકોણમ્‌ની કાવેરી નદીમાં જે રીતની અટારી કરી છે—આ બે હકીકતો જ ઉપરનું કથન પુરવાર કરવાને પૂરતી છે.

બાંધકામની જેમ ખેતીની આવડત પણ તેમને ખરી. આશ્રમોની અંદર અમુક અમુક પ્રકારનાં શાકભાજી થયાં જ કરે, એ માટેનો એમનો હંમેશનો આગ્રહ. એ તો આખરે એમને જ્યાં જ્યાં જે પ્રકારના માણસો મળ્યા તે પ્રકારનું કામકાજ તેમની પાસેથી તેમણે લીધું છે.

બીજી એક હકીકત મેં એ જોઈ છે કે શ્રીમોટાએ કોઈને શિષ્ય કર્યા નથી. કોઈ સાધનામાં આગળ વિકાસ કરવાના ભાવને લઈને આવે તો તેને ના ન પાડે, પણ સાધના કરવાને માટે કુટુંબથી વિખૂટા થવું કે મળેલાં કર્મથી અલગ થવું એમ તેઓશ્રીએ કદી કોઈને કહ્યું નથી. એટલું જ નહિ પણ મળેલાં કર્મને આચરતાં આચરતાં સાધનાના ગુણભાવ કેળવવા એવી જ શ્રીમોટાની સમજણ છે. કોઈ સાધક પરણેલો હોય તો તેવા સાધકને એની પત્નીથી, બાળકોથી વિખૂટા પડવાનું કદી તેમણે કહ્યું નથી. ઊલટું સાધક સાચા પ્રયત્નથી મથનાર હોય તો તેવો સાધક તેના કુટુંબનોય સહકાર કેળવવા મદદકર્તા થઈ શકે. એવી રીતે

અનાસક્ત થાય, પોતાના કુટુંબ પ્રત્યેનો મોહ, રાગ, લોભ ઇત્યાદિ ઘટે ને નિષ્કામ ભાવ કેળવાય, નિર્મમત્વ પ્રકટે તેના પરત્વે ઝોક રાખવો એવું એવું શ્રીમોટા તે સાધકને સમજાવતા હોય છે. જો કોઈ અપરિણીત હોય તો, તેને પરણવાની સલાહ નહિ આપે. જો તેને સાધનાના માર્ગમાં યાહોમ કરીને ઝંપલાવવું હોય તો તેને તેમ કરવાની પણ સલાહ આપે, પરંતુ આ સાધનાનો પંથ કેટલો વિકટ છે ને તે ધારીએ છીએ તેટલો સરળ નથી, એમ પણ તેઓ વારંવાર કહેતા હોય છે.

નિકટમાં નિકટના સાથીને કે શિષ્યને કે શ્રીમોટાની સાથે રહેનારને પોતાને ત્યજી દેવાની પૂરેપૂરી સ્વતંત્રતા હંમેશાં તેઓ આપતા હોય છે. એમના મનમાં કદીયે એમ નથી હોતું કે આ માણસ મારી સાથે સતત વળગેલો જ રહે, રહ્યા કરે. પણ જો આશ્રમની વ્યવસ્થામાં આડુંઅવળું થાય તો તેને કહેવામાં તેમને કંઈ સંકોચ પણ થતો નથી. આશ્રમની વ્યવસ્થા યોગ્ય પ્રકારે કેમ જળવાઈ રહે અને જે જે માણસની જે જે પ્રવૃત્તિ અને સ્વભાવ હોય તે જાણતા હોવા છતાં માણસ માત્ર પોતાના સ્વભાવ વડે કરીને આશ્રમનું કામ યોગ્યપણે ન કરે તો તેમને કહેતાં સંકોચ પણ થતો નથી.

આવી રીતે અમે કેટલી વાર જોયું છે કે આશ્રમમાં નોકર કે સેવકને એકવાર સેવામાં લીધા પછી એના અનેક દોષો હોય—ધારો કે એણે ચોરી કરી હોય કે એવો બીજો દોષ કર્યો હોય—તોપણ શ્રીમોટાએ કદી એને છૂટો કર્યો નથી, ઊલટું વિશેષ પ્રેમ કરીને એને પ્રેમથી રાખ્યો છે અને એણે પછી આશ્રમમાં ચોરી કરી નથી એમ પણ બન્યું છે.

શ્રીમોટાનું બીજું લક્ષણ કે તેમણે હંમેશાં કલાકારોને ઉત્તેજન આપ્યું છે, તેવા કલાકારોની એમણે કદર કરી છે, કલાકારોને તેમનામાં રસ પણ ઉત્પન્ન કર્યો છે. એટલું જ નહિ પણ જ્યાં જ્યાં જેણે જેણે સાહસ કર્યાં હોય એના પરત્વે તો શ્રીમોટા હંમેશાં કંઈ ને કંઈ પ્રથમ ભેટ કરવાનું કર્યું છે.

બીજી એક ખાસ વિશેષતા એ છે કે એમના સંબંધમાં કોઈ માંદું હોય તો તેઓ જાતે તેને જોવા ગયા સિવાય રહેતા નથી ને ઘણુંયે કામ હોય તો કામને બાજુએ રાખી શકે છે.

ઘણા યુવાનો દીક્ષા લઈને આશ્રમમાં રહેવા આવવાનું કહેતા હોય છે, પણ તેમને શ્રીમોટાએ હંમેશાં ના પાડી છે. વિચ્છિન્ન થયેલાં જોડાંને હંમેશાં ફરીથી સંબંધ બંધાવી આપવામાં, સાધનાપંથે વાળવામાં તેમણે હંમેશાં પ્રેમથી મદદ કરી છે. કોઈ કોઈ બાબતમાં તેમને ફતેહ પણ મળી છે. પત્ની જો સાધનાપંથે હોય તો પતિને સાધનાપંથે વાળવામાં જહેમત ઉઠાવી છે. પતિ જો સાધનાપંથે હોય તો પત્નીને વિકાસપંથે વાળવામાં પ્રયત્ન કરેલા છે.

અન્યાયની સામે ન્યાય આચરવાની તેમની ભાવના હંમેશાં હોય છે. ઉપેક્ષા થઈ હોય તોપણ સ્વધર્મ પૂરી રીતે પ્રેમથી બજાવવાની તેમની ખરેખરી નેમ છે, દાનત છે. હરિજન સેવક સંઘ માટે ૧૯૪૨ અને ૧૯૪૫ દરમિયાન ફાળો ઉઘરાવી આપેલો છે, તે હકીકત અન્યત્ર આવે છે, પણ આ લખવાનું એટલા માટે બન્યું છે કે તેમની આવી ભાવનાની કદર થઈ ન હતી છતાં તેઓશ્રી તો તદ્દન સાક્ષીભાવે વર્તતા અને ઉપરથી કુંભકોણમ્‌માં ઠક્કરબાપાના સ્મરણમાં એક હરિજન વસાહત બંધાવી છે એ નોંધપાત્ર ઘટના છે.

તેમની બીજી એક ખાસ વિશેષતા છે. કુંભકોણમ્‌માં તેમણે હરિઃૐ આશ્રમ સ્થાપ્યો. કુંભકોણમ્ તો દક્ષિણનું કાશી છે, બનારસ છે. એ કાવેરી નદીને કિનારે ઘણા મોટા મોટા ઓવારા છે. ઓવારાને કોઈ દુરસ્ત કરાવતું ન હતું. એ ઓવારાનાં કેટલાંક પગથિયાં તૂટી ગયેલાં, ત્યારે એક-બે માણસ ડૂબી ગયેલા એની શ્રીમોટાને ખબર પડી, ત્યારે એમને લાગ્યું કે ઓવારાને આપણે દુરસ્ત કરાવવા જોઈએ. એટલે આશ્રમની સિલકમાં જેટલા રૂપિયા હતા તે બધા જ આપી દઈને એના વ્યાજમાંથી અથવા એ રકમમાંથી આ ઓવારાની દુરસ્તી પ્રત્યેક વર્ષે થાય એવી વ્યવસ્થા ગોઠવી.

સુરત આશ્રમની પાસે કુરુક્ષેત્રમાં એક મોટામાં મોટો ઓવારો બંધાવ્યો છે. એ ઓવારાથી જ જહાંગીરપુરાને આજે રક્ષણ મળે છે. એ ઓવારો એટલો મોટો ને ઊંચો છે કે પૂરના જોશને એ ખાળી રાખે છે. એટલે એ ઓવારાને લીધે આ આશ્રમનું અસ્તિત્વ ટકી રહેલું છે.

એ ઓવારો નદીની ભયંકર રેલના કારણે ૧૯૫૯ની સાલમાં તૂટી પડ્યો. એની દુરસ્તી કરવાને માટે એક પૈસો પણ મળ્યો નથી. માત્ર રાંદેરના એક વૈદકાકાએ શ્રીમોટાને પાંચસો રૂપિયા આપેલા. એ ઓવારાને શ્રીમોટાએ સુંદર રીતે દુરસ્ત કરાવ્યો. પૈસા માગી માગીને પણ એ દુરસ્ત કરાવેલો—દશ હજાર ખર્ચીને.

## ૨૧. સંકોચથી મુક્ત

એકવાર અમદાવાદમાં એક મોટી લગ્નની પાર્ટીમાં જવાનું થયું. ત્યારે એવી પાર્ટીમાં જોયું હતું કે કોઈ બાળકને સાથે લઈને ન જવાય. શ્રીમોટાને તો એવો સંકોચ ન હતો. તેઓ તો બાળકના આગ્રહના લઈને બાળકને લઈને જ ગયા ને એમાં ભાગ લીધો. ત્યારે દેશના એક અગ્રગણ્ય નેતા ત્યાં આવેલા. તેમણે પેલા શેઠને પૂછેલું કે, ‘‘ભાઈ, આ કોણ છે ઉઘાડા શરીરવાળા ને માથે ફાળિયાવાળા ?’’ ત્યારે તેમણે શ્રીમોટાની ઓળખાણ આપેલી. હરિજન સેવક સંઘના મંત્રી તરીકે ઘણાં વર્ષો સુધી ભાઈ પરીક્ષિતલાલ મજમુદાર સાથે કામ કરેલું હોવાથી તેઓ તેમને નામથી જાણતા હતા.

મારા ભાઈને ત્યાં કુંભકોણમ્ ખાતે તેઓશ્રી એકવાર હતા ત્યારે મારાં ભાભીએ પોતાની બંગડી કાઢીને શ્રીમોટાને આપતાં કહ્યું કે, ‘‘લો, પહેરો’’ એમને એમ થયું કે શ્રીમોટા બંગડી પહેરે છે કે નહિ તે જોઈએ. તેઓશ્રી કહે, ‘‘પહેરું તો ખરો પણ તને તે પાછી ના આપું. બોલ, ‘હા’ કહે તો પહેરું.’’ પછી તો એણે ‘હા’ પાડી એટલે શ્રીમોટાએ તે પહેરી. પછી મારા એક બીજા મિત્રનાં પત્ની હતાં. તેમણે કહ્યું કે, ‘‘આ બંગડી બીજા હાથે પહેરો.’’ એટલે તેમણે તે પણ પહેરી. પછી એ લોકોને થયું કે આપણી બંગડી ગઈ એટલે તેમણે એવી બીજી શરત કરી કે ‘અમે આ બંગડી આપી દઈશું પણ તમે અહીં જ માત્ર નહિ, પણ અહીંથી તમે ટ્રિચી જાવ, મદ્રાસ જાવ, મુંબઈ જાવ ને પછી અમદાવાદમાં અમારે પિયર જઈને ત્યાં આગળ એ બંગડી

કાઢો તો એ બંગડી તમારી!' શ્રીમોટાએ તેમ કર્યું. બંને હાથે બંગડી પહેરીને તેઓશ્રી ટ્રિચી, મદ્રાસ, મુંબઈ અને અમદાવાદ ફર્યા ને ગાંધી આશ્રમમાં પણ ફર્યા. (૧૯૪૫) એ દરમિયાન ગાંધીજી દક્ષિણ ભારતની મુસાફરીએ નીકળેલા ત્યારે તેમની સ્પેશિયલ ટ્રેન ટ્રિચી ખાતે એક ઠેકાણે પડેલી. ત્યારે તેમની સાથે શ્રી છગનભાઈ જોશી ને સ્વ. નરહરિભાઈ પરીખ હતા. તેઓ અમારી પેઢીએ આવેલા, ત્યારે શ્રીમોટાને હાથે બંગડી પહેરેલી જોઈને બહુ નવાઈ લાગેલી. તે જોઈને પૂછ્યું કે, ''અરે ચૂનીભાઈ, આ તમે શું કર્યું છે ?'' તો કહે કે, ''બંગડી પહેરી છે.'' 'શા માટે ?'' ''એ લોકોએ કહ્યું કે, 'આ બંગડી પહેરીને અમારે ઘેર અમદાવાદ સુધી જાવ તો બંગડી તમારી.' એટલે બંગડી પહેરી, પહેરવામાં તો હરકત નથી. પહેરીને ત્યાં જઈને સાબરમતી આશ્રમને સમાજસેવાના કામ માટે દાનમાં આપી દઈશ.'' ત્યારે શ્રીમોટાના આશ્રમો હતા નહિ. કન્યાકુમારીમાં સ્ત્રીનાં કપડાં પહેરીને મંદિરમાં દર્શન કરવા સારુ ગયેલા. આવું કરવાનું કારણ પૂછતાં તેમણે જણાવેલું, 'તેથી સ્ત્રીની લાગણી—ભાવના જન્મે અને માતાજીનાં દર્શનમાં વધુ તન્મયતા પ્રકટે.'

એક બીજો પ્રસંગ : ૧૯૨૯-'૩૦ દરમિયાન નવસારી ખાતેના હરિજન આશ્રમે એ બનેલો. એક વખત દૂધપાક થયેલો. બધા છોકરાઓ અને શિક્ષકોએ તે સારી પેઠે ખાધો. શિક્ષકોમાં શ્રીમોટા, શ્રી હરિવદન-ભાઈ, શ્રી હેમંતભાઈ અને બીજા એક-બે હતા. તોપણ પા તપેલા જેટલો દૂધપાક વધ્યો હતો. હવે એ કોણ પી જાય ? બધાએ ગળા સુધી ખાધું હતું એટલે નાની વાડકી જેટલો પણ વધુ દૂધપાક કોઈ લઈ શકે એમ ન હતું. એટલે સહુમાં વધુ ટીખળી હરિવદનભાઈ—તેમણે સૂચન કર્યું કે, ''હં! ચૂનીભાઈ, તમે જ ઉડાવી જાવ!'' શ્રીમોટા સિવાય બધાએ એ સૂચનાને વધાવી લીધી ને આગ્રહ કર્યો કે, ''હા, હા, ચૂનીભાઈ, તમે જ પી જાવ!'' શ્રીમોટાએ તો જાણે કે શ્રીભગવાનનો હુકમ હોય એમ કહ્યું, ''એમ ? ત્યારે હું જ પી જાઉં ?'' ''હા, હા, વળી.''—ચારેબાજુથી જવાબ મળ્યો. એટલે શ્રીમોટાએ તો તપેલું જ

ઉઠાવીને માંડ્યો દૂધપાક મોંમાં રેડવા. શ્રીમોટાને આટલો બધો દૂધપાક પીવા છતાં કશી પણ વિક્રિયા થઈ ન હતી! શ્રીમોટા કંઈ એવા પહેલવાન ન હતા કે જે તે કંઈ ગમે તેટલું ખાઈ શકે અથવા ગ્લટન—ખાઉધરા ન હતા. પણ જ્યારે મિત્રોએ તેમને થોડી મજાક ખાતર, 'ઉડાવવા' ખાતર, વધારાનો દૂધપાક પી જવા આગ્રહ કર્યો, ત્યારે તેમના આશ્ચર્ય વચ્ચે શ્રીમોટાના શરીરને કોઈ તકલીફ થઈ નહિ. આ સમય તેમના સાધનાકાળનો હતો અને તેમાં તેઓ ઘણા આગળ વધી ગયા હતા.

## ૨૨. લેખન—પ્રકાશન

અનેક છંદોમાં તેમણે બહુ સહજપણે લખ્યું છે. અનુષ્ટુપ અને ગઝલ પરનો એમનો કાબૂ ગજબનો છે. રસ્તામાં જતાં જતાં પણ એ છંદમાં કાવ્ય લખી શકે છે. તેમણે ૧૯૭૦ના મે-જૂન માસમાં **'જિજ્ઞાસા'** પર લખ્યું છે. તે પર લગાતાર ૨૦૦ શ્લોકો—ટૂંકો લખી છે. એ પણ કેટલાય માણસોની સાથે વાતચીતમાં પરોવાયેલા હોય ત્યારે ભાઈ રમેશભાઈ ભટ્ટને લખાવતા જાય અને મોટરગાડીમાં મુસાફરી કરતા હોય તોયે લખતા જાય. આ એમના જીવનની એક વિશિષ્ટતા છે, પણ શ્રીમોટા તો એને જોડકણાં જ કહે છે.

એમણે સેંકડો ભજનો-પ્રાર્થનાઓ સાધનાકાળ દરમિયાન લખેલી—કેવળ ભાવનાના વિકાસ અર્થે, ગુરુની મદદ માટે તે દ્વારા પોકાર અર્થે. એમાંથી ઘણી નોટબુકો ચળવળ દરમિયાન પોલીસ-જપ્તીઓમાં ઝડપાઈ ગયેલી ને એમાંની કેટલીક પ્રગટ થયેલી છે. જોકે એ કૃતિઓ એમણે પોતે પ્રસિદ્ધ નથી કરી. પોતાની કૃતિઓને પોતે પ્રકટ ન કરવી અને બીજાઓને તે જરૂરી અને યોગ્ય લાગે તો તે છપાવે એવી શ્રીમોટાની સમજણ છે. આશ્રમ પાસે પૈસા થયા હોવા છતાં આશ્રમને પૈસે એટલે કે સમાજને પૈસે, સમાજે જે હેતુ માટે નાણાં આપ્યાં છે, એમાંથી શ્રીમોટાએ એક પણ પુસ્તક છપાવ્યું નથી. અત્યાર સુધીનાં બધાં જ પુસ્તકો. બીજાને જ્યારે તેમ કરવું યોગ્ય લાગ્યું ત્યારે ત્યારે તેમણે તે

ખર્ચ મેળવી આપવાનો પ્રયાસ કર્યો છે અને એમાંથી બધાં પુસ્તકો છપાયાં છે અને એ પુસ્તકોની આવેલી બધી જ રકમ અને એનું વ્યાજ પણ તેમના અંગત ખર્ચમાં વાપર્યું નથી અને બધું જ સમાજને બેઠો કરવાની પ્રવૃત્તિમાં આપી દીધું છે. એ પુસ્તકો જે છપાયેલાં છે તેમાં એમનું પોતાનું નામ ક્યાંય આવ્યું ન હતું, જોકે એ નામ પ્રસિદ્ધ થતાં તેનો સંકોચ પણ નથી.

પહેલાં તો શ્રીમોટા છાપાંમાં કશુંયે પ્રસિદ્ધ કરવાની મનાઈ જ કરતા, પરંતુ વ્યવહારમાં એમને જ્યારે સમજાયું કે સમાજને માટે કામો લીધાં હોય તે અંગે જો કંઈ કશું છાપાંમાં આવે તો શ્રીમોટાને રકમ મળવામાં સરળતા થાય છે. ત્યારપછી છાપાંમાં છપાય તો તેમને વાંધો પણ નથી હોતો. પણ તેમાં અતિશયોક્તિ થઈ ન જાય તે પરત્વેની તેમની કાળજી એટલી ને એટલી આજે પણ છે.

આશ્રમો સ્થાપ્યા ખરા, આશ્રમની પ્રવૃત્તિઓ થઈ—બધું થયું પણ અત્યાર સુધી કંઈ કશે ઠેકાણે તેનો ઉલ્લેખ ન હતો થયો. શ્રી જયભિખ્ખુએ **'ગુજરાત સમાચાર'**માં એક લેખ લખેલો. જ્યારે શ્રી જયભિખ્ખુ નડિયાદ આશ્રમમાં પધારેલા ત્યારે શ્રીમોટા હાજર નહોતા, પણ 'ગુજરાત સમાચાર'માં લેખ આવ્યો ત્યારે શ્રીમોટાએ જયભિખ્ખુને કાગળ લખ્યો કે, ''ભાઈ, તમે આ કર્યું તે બરાબર નથી. આથી કરીને ઘણા માણસો જાણશે ને આશ્રમમાં આવશે, પત્રવ્યવહાર કરશે એથી અમોને નકામી પંચાત પડશે. આશ્રમમાં આવીને લોકો જીવનના વિકાસ માટે જીવન જીવતા હોત તો આનંદ છે, પણ લોકોને તો નર્યા સ્વાર્થના જીવનમાં રચ્યાપચ્યા રહેવું છે અને પછી શ્રીભગવાનની વાતો કરવી છે, તે વદતોવ્યાઘાત છે. એટલા માટે આ બરાબર નથી. એવા માણસો કુતૂહલ ખાતર આશ્રમમાં આવે એનો કશો અર્થ નથી.''

## ૨૩. માતા અને શિક્ષક

શ્રીમોટાના જીવનમાં એક પાસું બાળકોનો ઉછેર કરવાનું બાકી રહેલું તે તેમણે પૂરું કર્યું છે. કુંભકોણમ્‌માં મારા ભાઈ શ્રી હસમુખભાઈ

મહેતાના દીકરા હરિને તેમણે જન્મથી જ જાતે જ ઉછેર્યો છે. માથે ફાળિયું બાંધે, ડિલ ખુલ્લું રાખે, પગમાં જોડા, એવા વેશે ફર્યા કરે— હાથમાં ને ખભે બાળકને બેસાડીને લઈ એ બાળક હરિ જેમ કહે તેમ તે વર્તે! બધાંના દેખતાં 'ઘોડો' થવાનું કહે તો 'ઘોડો' થાય! શ્રીમોટા બધાંને સંબોધતા હોય ત્યારે એ હરિ કહે, ''**મોટા**, હવે ના બોલશો.'' ત્યારે તેઓ બોલવાનું બંધ કરે. એ હરિને બજાર વચ્ચે, એક નાનકડી બાબાગાડી હતી, તેમાં બેસાડીને તે બાબાગાડીને પોતે ખેંચી જાય. એ બાબાગાડી હાલ જેવી ફૅશનેબલ લોકો વાપરે છે તેવી ન હતી. તદ્દન ગામઠી પ્રકારની હતી. એવી ગાડીને દોરડું બંધાવેલું તે ભરબજાર વચ્ચેથી ખેંચીને કુંભકોણમ્‌માં અમારી પેઢી છે ત્યાં લઈ જતા. અમારા ગુરુ તરીકેની તેમની પ્રતિષ્ઠા હતી તોપણ એમને આવી કોઈ બાબતનો કોઈ સંકોચ નહિ. બાળકનાં મળમૂત્ર પણ જાતે સાફ કરે અને નવડાવે પણ પોતે. સુવડાવે પણ પોતાની સાથે, તે એટલે સુધી કે નાનો બાળક પોતાની માતા સાથે રહેવાને ઇચ્છતો ન હતો. એ બાળક ચાર વર્ષ ને છ માસનો થયો ત્યાં સુધી એમણે પોતે તેને ઉછેર્યો અને બાળકમાં યોગ્ય ભાવ કેળવવા માટે પ્રેરવવાને માટે તેમણે પ્રત્યક્ષ આચરણ કરીને બતાવ્યું છે. ક્યારેક એ બાળકના દાદા (ગોપાલદાસ) એટલે કે મારા મામા ઘણીવાર શ્રીમોટાને કહેતા હતા કે, ''**મોટા**, તમે આ છોકરાને લાડ કરીને એનું જીવન બગાડી નાંખશો.'' પણ એ છોકરો આજે મોટો થયો છે. એનામાં જે ભાવના છે, એની ઉંમરના પ્રમાણમાં જે સમજણ છે, જે વિવેક છે એ આશ્ચર્યકારક છે! શ્રીમોટા ત્યારે પાન ખાતા. તે પાન પહેલાં બાળકને પણ ખવડાવે. ત્યારે મારા મામા ક્યારેક કહે, ''**મોટા**, આને વળી ક્યાં લપ વળગાડો છો ?'' પણ આજે એ છોકરો પાન ખાતો નથી.

એક પ્રસંગ યાદ આવે છે કે અમદાવાદમાં પ્રખ્યાત જ્યોતિષાચાર્ય શ્રી ગિરિજાશંકર જોશીને પણ અવગણીને બાળકોને ફરવા લઈ જવાના વચનનું તેમણે પાલન કર્યું હતું. બાળકોને પાસે બેસાડીને જમવા માટે મોખરાનું સ્થાન દેવું, તેમની નિર્દોષ અભિલાષાઓને પોષવી, તેમને ઉત્તેજન દેવું વગેરે શ્રીમોટાએ જ્યાં જ્યાં સંસર્ગમાં આવ્યા તેમના જીવનમાં તે તે રીતે વર્ત્યા છે.

શિક્ષક હતા ત્યારે કોઈક વેળા બાળકને શિક્ષા કરવાની બની જાય ત્યારે તેનાથી બમણી શિક્ષા પોતે પોતાના શરીર પર કરતા અને તેમના બરડા પર એવા સોળ પડેલા પણ જોયેલા છે. બાળકોને તેથી શ્રીમોટા પ્રત્યે ઘણી સહાનુભૂતિ થતી, અને જે હેતુને માટે તે શિક્ષા સહન કરતા અને વિદ્યાર્થીને પણ શિક્ષા થતી એનો હેતુ સરતો શ્રીમોટાએ ઘણી વાર અનુભવેલો છે.

બાળકોની કેળવણી વિશેની સભાનતાયુક્ત યોગ્ય સમજણ તેમને છે. પ્રવાસ કરાવવો અને એક બાળકને જન્મથી માંડીને ઉછેરવું અને બાળક સમજણની સ્થિતિમાં આવી શકે ત્યાં સુધી એને કેવી રીતે ઉછેરવું એ બધી કળા પણ અમે શ્રીમોટામાં જોઈ છે. પ્રસૂતિ કરાવવાનો અનુભવ ન હોવા છતાં સફળતાપૂર્વક તે કામ પણ તેમણે પાર પાડ્યું છે.

બાળકો અમુક ઉંમરનાં હોય ત્યાં સુધી તેમની માંગણીઓ પ્રેમથી પૂરી પાડવી, એ બાળકના જીવનમાં અમુક પ્રકારનો વિકાસ થવા માટે જરૂરની હકીકત છે એમ શ્રીમોટા માને છે અને તે પ્રમાણે વર્ત્યા છે ને બીજાને કહે છે પણ ખરા. બાળકોને નીડર બનાવવા જુદા જુદા ઉપાયો અને રીતો તેમણે અજમાવ્યા કરી છે. ખાલી મોઢાનો ઉપદેશ તેઓ આપતા નથી. પોતે જેમ વર્ત્યા હોય છે એ રીતે અને એ જ જાતની સમજણથી બીજાને કહેતા હોય છે.

## ૨૪. શૌર્ય સિંચતા શિક્ષક

નવસારી હરિજન આશ્રમમાં તેઓશ્રી હતા, ત્યારની એક વાત છે. ત્યારે પાસે દૂધિયું તળાવ હતું. એ તળાવ ચોમાસામાં સંપૂર્ણ ભરાઈ જાય ત્યારે તેના પર સહેલગાહ કરવા માટે વગર પૈસે શ્રીમોટાએ તરાપો બનાવરાવ્યો. તરાપાની અંદર બેસવાની બહુ સુંદર સગવડ પણ કરાવેલી. એની અંદર પાણી ભરાઈ ન જાય એવી કરામત કરાવેલી અને વારાફરતી બધા છોકરાઓને બેસાડીને આખા દૂધિયા તળાવની આસપાસ ફરતા અને સહેલગાહની મજા અનુભવતા. શ્રીમોટાએ એમને કહેલું કે, ‘‘જો

ભાઈ, હું ના હોઉં ત્યારે આ તરાપો લઈને તમારે કોઈએ તળાવે જવું નહિ.'' પણ આ તો છોકરાઓ છે. શ્રીમોટા એકવાર બૅંકમાં રૂપિયા લેવા ગયેલા, ત્યારે વિદ્યાર્થીઓ તળાવમાં તરાપો લઈને પડેલા. એટલામાં શ્રીમોટા સાઈકલ પર રૂપિયા લઈને આવે ને દૂરથી તેમણે તરાપાને ડૂબતો જોયો. બધા છોકરાઓ પાણીમાં પડેલા જોવામાં આવ્યાં. શ્રીમોટા તો ભગવાનને પ્રાર્થના કરતા ત્યાં આવી ચડ્યા, સાઈકલને ફેંકીને ગજવામાં રૂપિયા હતા, તે સાથે જ તેમણે પાણીમાં ભૂસકો માર્યો. જે પાંચ-સાત વિદ્યાર્થીઓને તરતાં આવડતું હતું તેમને કહ્યું કે તમે તળાવમાં પડો ને જે છોકરા હાથમાં આવે તેમને પકડી પકડીને બહાર ફેંકો. ભલે તેના હાથ-પગ ભાંગે, પણ તેમને ડૂબકી મારી મારીને બહાર કાઢો ને ફેંકો. એવા પાંચ-સાત છોકરાઓને ખેંચીને બહાર ફેંક્યા અને બધા છોકરા ડૂબતા હતા, ત્યારે શ્રીમોટા બધો વખત પ્રાર્થનાભાવમાં હતા ને ભગવાનને પોકાર પાડતા હતા, અને ભગવાનની કૃપાનો પહેલવહેલો અનુભવ તેમને આ પ્રસંગે થયો. કેટલા નાના નાના છોકરાઓ હતા ને કેટલાને તરતાં આવડતું ન હતું. ત્યાં આગળ વાંસપૂર પાણી હતું અને એકાદ છોકરો પણ તેમાં ડૂબી ગયો હોત તો શ્રીમોટાની આકરી વલે થાત. ને આ જગતમાં તો ફાવ્યો તે ડાહ્યો અને જો કંઈક આડુંઅવળું થયું હોત તો ઠક્કરબાપાથી માંડીને તે સ્વ. પરીક્ષિતલાલ સુધીના બધા જ શ્રીમોટાની આ પ્રવૃત્તિ ઉપર, આ ગાંડપણ ઉપર કૂદી જ પડ્યા હોત, પણ શ્રીભગવાને તેમના પર કૃપા કરી. મતલબ કે વિદ્યાર્થીઓમાં પણ આવા સાહસ અને ગુણ પ્રકટે એટલા માટે તેઓ મથતા.

મારા પોતાના જ દીકરાનો અનુભવ છે કે સિદ્ધાર્થ જ્યારે સાત વર્ષની ઉપરનો હશે, ત્યારે તેને ઘોડેસવારી શિખવાડેલી. એ એકવાર ઘોડા પરથી પડી પણ ગયેલો તોપણ તેને ઘોડેસવારી શીખવવાનું ચાલુ રખાવેલું અને હજી સાત વર્ષ ભાગ્યે જ પૂરાં થયાં હશે, ત્યારે તેને સાઈકલ શીખવવાનું કરેલું. એટલું જ નહિ પણ આઠમે વર્ષે એને અમદાવાદમાં ત્રણ માઈલ દૂર શાળાએ સાઈકલ ઉપર જ મોકલવાનું નક્કી થયેલું. એકવાર તો એવી સાઈકલને બસ સાથે ટકરાવાનું થયેલું,

છતાં શ્રીમોટાએ તેને ઉત્સાહ દીધા જ કર્યો અને તે તેર વર્ષનો થયો ત્યારે તેને, મારા ભાઈના દીકરાને અને અમારા આશ્રમના હરિજન વિદ્યાર્થી એ ત્રણેને (૧૩, ૧૫ અને ૧૬ વર્ષની વયના છોકરાઓને) ૧૪૦૦ માઈલની મુસાફરી કરવા માટે તેમણે પ્રેર્યા. આવી રીતે તે સાહસ, હિંમત, ધીરજ, સહનશક્તિ વગેરે ગુણો કેળવવા માટે હંમેશાં મથ્યા કરે છે. એટલું જ નહિ પણ અંધારી રાત્રે નાનાં બાળકોને અને બહેનોને પાણી ભરવા મોકલતા.

કેરાપટ્ટીમાં (ટ્રિચીથી દૂર) અમે બધાં રહેતાં હતાં ત્યારે કેરાપટ્ટીના મેદાનમાં ગોરું લશ્કર પડેલું. બીજા વિશ્વવિગ્રહની હકીકત છે. તે વખતે રાત્રે મારાં પત્ની કાંતાને શ્રીમોટાએ કહ્યું કે, ''કાંતાબહેન, મેદાનની આગળ નળ છે. ત્યાં આગળથી પાણી ભરી લાવ, મેદાન ક્રૉસ કરીને.'' કાંતાય તૈયાર થઈ ગઈ. પછી તેઓશ્રી મને કહે છે કે ભગવાનની કૃપાથી વાંધો તો નહિ આવે, પણ આગળ ત્યાં ગોરું લશ્કર પડેલું છે, એટલે તમે કાંતાની પાછળ પાછળ જાવ, એને ખબર પડે નહિ એવી રીતે. ત્યાંથી તે પાણી ભરીને લાવે ત્યાં સુધી સંતાઈ રહેજો. પાછી આવે ત્યારે એની પાછળ પાછળ આવવું. કાંતા પાણીનો લોટો ભરીને કેરાપટ્ટી આવી ત્યાં સુધી હું એની પાછળ આવું છું એની ખબર એને પડી ન હતી. એવી રીતે શ્રીમોટાએ અનેકના જીવનમાં સાહસ અને હિંમતના ગુણ કેળવ્યા છે, કેળવવા મથ્યા છે.

તેનસિંગે હિમાલયના ગૌરીશંકરનું શિખર સર કર્યું ત્યારે તેને પણ અમુક રકમ ભેટ આપીને તેની કદર કરી છે. મિહિર સેન સાત સમુદ્ર તરી ગયા. તેમને તારથી પૈસા મોકલ્યા છે. સાઇકલોના પ્રયોગવીરોને પણ તેમણે પારિતોષિકો આપ્યા છે.

બીજો એક એવો પ્રસંગ છે જે અમે જાણતા ન હતા. તે કોઈને એમણે કહેલો પણ નહિ, પણ એકાદ વાર આ હકીકત કહેલી, કેમ કે તેમણે શ્રીમોટાને પૂછેલું કે, ''**મોટા**, તમે કોઈ રાની પશુઓની સાથે રહેલા ખરા ?'' ત્યારે એમણે કહ્યું કે મારા એક એમ. એ. થયેલા મિત્ર વજુભાઈ જાની કરીને હતા અને સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાના

અધિકારી હતા. એમની સાથે અમે એકવાર ગિરનાર ગયેલા. સિંહની સાથે સાત દિવસ સુધી રહેલા. મેં વજુને કહ્યું કે તારે ગમે તે થાય પણ કોઈને આ વાત કરવી નહિ ને હું પણ કોઈને આ વાત કહેવાનો નથી. તે વખતે ભાઈ વજુએ મને કહ્યું કે, ''**મોટા**, મને અભય થઈ ગયો છે.'' ત્યારે મેં કહ્યું કે, ''ભાઈ, અભય એમ થવો સહેલો નથી. ગિરનારના જંગલમાં જઈને સિંહ હશે, ત્યાં જઈશું ને એમની સાથે રહીશું.'' આમ, અમે સિંહ સાથે રહેવા ગયા. શ્રીમોટા સાત દિવસ ત્યાં ગિરના જંગલમાં સિંહની વચ્ચે રહ્યા.

નડિયાદના હરિઃૐ આશ્રમે કેટલીયે બહેનો આવે ત્યારે તેમને તેઓશ્રી ઘણીવાર મોડી રાત્રે એકલી સ્ટેશનથી આશ્રમ સુધી ચાલીને આવવાનું કહે. હાથમાં બૅટરી ને લાકડી સાથે રાખવા દે. નદીએથી રાત્રે બે વાગ્યે તેમને પાણી ભરી લાવવાનું કહે. આશ્રમની પ્રદક્ષિણા કરવા કહે. આ આશ્રમમાં એક વડલો છે. જેમાં બબ્બે સાપ પણ ઘણી વાર ફરતા જોયા છે. એવે ઠેકાણે સૂવાને માટે વડલા ઉપર માંચડો તૈયાર કરાવ્યો છે. એવા માંચડા પર સાધકોને મૌન લેવરાવે. દિવસ ને રાત જેટલા દિવસનું મૌન હોય તેટલા દિવસ માંચડા ઉપર રહેવાનું. સ્નાન, શૌચ, પેશાબ અને ભોજન માટે નીચે ઊતરવાનું. આથી બીક જાય અને કેટલીય બહેનોના જીવનમાં આવા બધા ગુણો કેળવાય.

## ૨૫. જ્યાં ત્યાં અભય

હિમાલયમાં શ્રીમોટા મારા કુટુંબ તથા મારી બાને જાત્રા કરવાને લઈ ગયેલા. ત્યારે તેમણે એમ નહિ વિચાર્યું કે આ ઘરડાં મા છે, જુવાન પત્ની છે, નાનો છોકરો છે પણ વિકટમાં વિકટ માર્ગે એમને લઈ ગયેલા. જ્યાં નર્યો બરફ, એટલું જ નહિ પણ મારા ૬૦ વર્ષથી ઉપરની ઉંમરનાં બા. એમને હિમપ્રદેશમાં ઊંચકીને લઈ જવા માટે માણસો સાથે આવેલા એમને શ્રીમોટાએ ગુસ્સે થઈને, ગાળો ભાંડીને ભગાડી મૂકેલા! ત્યારે અમારા મનમાં થયેલું પણ ખરું કે, ''શ્રીમોટા આ શું કરે છે ? ગુસ્સે

થઈને માણસોને કાઢી મૂકે છે ?'' પણ તેમના હેતુની અમને સમજણ નહિ, પણ તે પ્રદેશ જ્યારે આવ્યો, ત્યારે પેલી ડોળીવાળા માણસ કહે, ''બાને આ ડોળીમાં તો નહિ લઈ જઈ શકાય. કંડીમાં લઈ જવાશે.'' કંડીવાળાને તો તેમણે કાઢી મૂક્યા હતા. એટલે હવે તો બાએ ચાલવું જ પડે. બાને ચલાવવાં હતાં એ શ્રીમોટાનો હેતુ હતો. પારકાંની ખાંધ પર બેસી બેસીને જાત્રા કરવાથી જાત્રા ફળે નહિ. પગે થોડુંઘણું તો ચાલવું જ જોઈએ ને બાને તેમણે બળેબળે પણ ચલાવેલાં અને એટલું જ નહિ પણ એ એટલો બધો વિકટ માર્ગ હતો ને લપસણો હતો. નર્યો બરફ કે ચડાય જ નહિ. પવાલી એ માર્ગનું નામ. કાંતા (મારી પત્ની) તો એકવાર ગબડી પડેલી ને વચ્ચે જો ઝાડ ન આવ્યું હોત તો તે છેક નીચે પડી હોત. એનું શરીર હાથ ન આવ્યું હોત, પણ શ્રીભગવાનની કૃપા કહો કે વચ્ચે ઝાડ આવવાથી કાંતા બચી ગઈ. માણસ એને પકડીને લઈ આવ્યો, પણ એ પછી એને ચાલવાની બિલકુલ હિંમત ન રહી, પણ શ્રીમોટાએ એને પોતાની સાથે ચલાવવા માંડ્યું. આમ, તે આવા વિકટ માર્ગે લઈ ગયા હતા. શ્રીમોટામાં અભયના આવા ગુણો પહેલેથી પ્રકટેલા હતા.

બિલોદરા ગામમાં (નડિયાદ પાસે) જ્યાં શ્રીમોટાએ આશ્રમ કરેલ છે, તે આશ્રમ પહેલાં કબીર આશ્રમ હતો અને એ બિલોદરા ગામના માણસો એવા હતા કે પેલા સાધુઓને થોડા થોડા દિવસે આવીને મારઝૂડ કરે, તેમનાં કપડાં લઈ જાય, વાસણ-કૂસણ, અનાજ બધું જ લઈ જાય અને એમના પૈસા દાટેલા હશે એમ ધારીને તે લોકો એમને મારે, કૂવામાં પણ લટકાવે. એટલે પેલા સાધુઓ ત્રાસ્યા ને આશ્રમ મૂકીને ચાલ્યા ગયેલા. આશ્રમ માટીનો બનાવેલો હતો.

આ હકીકત શ્રીમોટાએ જાણેલી ને ત્યાં વસતા લોકો આ પ્રકારના છે, છતાં શ્રીમોટાએ ત્યાં આગળ આશ્રમ કર્યો અને પોતે છ મહિના ત્યાં આગળ હર્યાફર્યા છે. તેઓ રાત્રે આશ્રમની પ્રદક્ષિણા કરતા, ભગવાનનું નામ લેતા. લાઠી લઈને ફરતા અને બિલકુલ ડરતા નહિ. આશ્રમની શરૂઆત થઈ ત્યારે શ્રીમોટા ત્યાં ન હતા, કુંભકોણમ્ ખાતે હતા. આ આશ્રમને મોટો કરવામાં શ્રી કુબેરદાસ ભાવસાર મુખ્ય હતા.

આ કુબેરદાસ ભાવસારે મહિને રૂપિયા ચાળીસનો પગાર આપીને એક ચોકિયાત રાખેલો. જ્યારે શ્રીમોટાએ આ જાણ્યું ત્યારે એમને લાગ્યું કે આ તો અમારા અસ્તિત્વનું છેદન કરી નાંખે એવી હકીકત છે. શ્રીભગવાનનો આશ્રમ ને એ આશ્રમ સાચવવા ચોકિયાત રાખીએ તે તો ભાવનાનું ખંડન છે. એ રાખી શકાય જ નહિ. શ્રી કુબેરદાસ તો માને જ નહિ. બેળેબેળે સમજાવી સમજાવીને ચોકિયાતને કાઢવાનું શ્રીમોટાએ ઠરાવેલું પણ એ કહે કે, ''આ જ ચોકિયાત તમને હેરાન કરશે, પજવશે ને ચોરી કરશે.'' પણ શ્રીભગવાનની કૃપાથી એમ બન્યું નહિ. પેલા માણસે શ્રીમોટાને બિલકુલ હેરાન કર્યા નહિ. ગામના લોકોએ પણ એવું હેરાન કરવાનું છોડી દીધું અને આજે તો એટલો બધો સારો સંબંધ છે કે, પહેલાં તો કોઈ પણ ચીજવસ્તુ આશ્રમમાં બહાર રાખી શકાતી નહિ, તાળાંકૂંચીમાં રાખવું પડે, પણ આજે બધું બહાર રહે છે તોયે કશું કંઈ જતું નથી. તો એવા કામ અંગે પણ શ્રીમોટાએ હિંમત રાખીને જે અભય બતાવ્યો છે તે વિશિષ્ટતા છે.

બીજાના અસામાજિક દોષનો ટોપલો પોતાના પ્રતિષ્ઠિત જીવનનો અંત આણીને પોતાને માથે વહોરી લઈને આત્મવિલોપન કરવાની તૈયારી દર્શાવવાનો પ્રસંગ તેમના જીવનમાં બનેલો જોયો છે, જે કામ બહુ ઓછા જણ કરી શકશે. પોતાને માથે તેવું કલંક સંપૂર્ણપણે પ્રેમથી વહોરી લેવું ને તેવી કલંકિત દશામાં જીવવું તે નાનીસૂની વાત નથી. એ તો અભય કેળવાયો હોય તો જ બની શકે અને એની પાછળનો હેતુ હરિજન સેવક સંઘ જેવી સામાજિક સંસ્થામાં શુદ્ધિ જાળવવાનો હતો, એવી એમની ભાવનાની સમજણ.

## ૨૬. પુરોહિત

તેમના પ્રશંસક મંડળનો વિસ્તાર થતાં ઘણા લોકો તેમને લગ્ન, ખાતમુહૂર્ત, વાસ્તુ, જનોઈ વગેરે ધાર્મિક પ્રસંગો માટે તેમની ઉપસ્થિતિને- તેમના પુરોહિતપદને પસંદ કરવા લાગ્યા છે. કેટલાંક તેમના આશ્રમમાં લગ્ન માટે પણ આવવાં લાગ્યાં. એકવાર બે જણાંએ શ્રીમોટાના શુભહસ્તે

તેમનું લગ્ન કરાવી આપવા વિનંતી કરી, ત્યારે તેમણે તે કરવાની સંમતિ દર્શાવી ને લગ્ન કરાવી પણ આપ્યું. બહુ સાદાઈથી, ઓછા ખર્ચે અને પ્રસંગની ગંભીરતા, પવિત્રતા જળવાઈ રહે એ રીતે તેમણે વિધિ અપનાવી. જાનૈયાંઓ ને અન્ય તે પ્રસંગે હાજર રહેનારાં બધાં આ પ્રસંગમાં સક્રિય ભાગ લે છે, તેનું મહત્ત્વ સમજે ને પ્રસંગને છાજે તેવી રીતે ત્યારે વર્તે એટલા સારુ શ્રીમોટાએ ગુજરાતીમાં સપ્તપદી રચી. ખાતમુહૂર્ત, વાસ્તુ ને જનોઈ ગુજરાતીમાં રચ્યાં છે.* જે પ્રસંગે હાજર રહેનાર દરેક વ્યક્તિને વિધિ વગેરેનાં છાપેલાં સ્તોત્રો ને પ્રાર્થનાઓની નકલો વહેંચવામાં આવે. શ્રીમોટા પોતે વિધિ કરતાં કરતાં તે બોલે ને પછી બધાંની પાસે તે બોલાવે, ગવરાવે. આમ, સમૂહ તેમાં ભાગ લે તેથી પ્રસંગની ગંભીરતા જળવાઈ રહેતી લાગે. બાકી ચાલુ રિવાજ મુજબ એક બાજુ ગોર મહારાજ લગ્ન કરાવતા હોય તો બીજી બાજુ ઉપસ્થિત માણસો કાં તો બીડી-સિગરેટ પીતા હોય કે અર્થહીન વાતોમાં મશગૂલ રહેતા હોય એ રોજનાં દૃશ્યો હોય છે. શ્રીમોટા તેનાથી વિરુદ્ધ દૃશ્ય ઉપજાવવા હંમેશાં પ્રયાસ કરતા હોય છે એ એમની વિશિષ્ટતા.

પહેલીવાર એક લગ્ન તેમણે તેમના સુરતના આશ્રમે કરાવી આપેલું ત્યારે તેમાં સપ્તપદી ન હતી. પછી કોઈ અમલદારે તેમનું ધ્યાન દોરીને કહ્યું કે, ‘‘ઉચ્ચતમ કોર્ટના કાયદા મુજબ કાયદેસર લગ્ન માટે ત્રણ વસ્તુની જરૂર હોય છે : (૧) અગ્નિ (૨) સપ્તપદી અને (૩) ગોર. એટલે શ્રીમોટાએ સપ્તપદી ગુજરાતીમાં રચી તેવી જ રીતે જનોઈના પ્રસંગનું પણ સુંદર સ્તોત્ર રચ્યું છે.

શ્રીમોટાના પુરોહિતપદને કે તેમની ઉપસ્થિતિને પસંદ કરવા પાછળ ઘણા લોકોની બીજી એક ગણતરી હોય છે. શ્રીમોટા જેવા મુક્તના હાથે લગ્ન થાય, વાસ્તુ થાય કે બીજો કોઈપણ શુભપ્રસંગ પૂર્ણ થાય તો પોતાનું લગ્નજીવન કે નવા ઘરમાં વાસ સુખમય થશે, ઘરમાં ‘પગલાં’ પાડશે તો લાભદાયી થશે, દુકાનનું ઉદ્‌ઘાટન તેમના શુભહસ્તે થાય તો વેપાર-રોજગાર ધમધોકાર ચાલશે—એવી એવી ગણતરીઓ તે તે માણસોની વ્યક્ત નહિ તો અવ્યક્ત પણ હોય છે. શ્રીમોટાને એની

*આ ગ્રંથમાં અન્યત્ર આ વિધિવિધાન પ્રકટ કરવામાં આવ્યાં છે.

ખબર છે અને તેઓશ્રી તે સબંધે કહેતા પણ હોય છે કે, ‘‘મારા હાથે લગ્ન કરાવવાથી કે બીજું કાંઈ પણ કામ કરાવવાથી બધું સીધું પાંસરું નીવડશે એની ગેરન્ટી આપતો નથી. મારા હાથે લગ્ન થવા છતાં કોઈનાં લગ્નજીવન નિષ્ફળ પણ ગયાં છે.’’ આમ છતાં તેમનું એવું પણ કહેવું છે કે, ‘‘જેઓ આવા ચેતનામાં નિષ્ઠા પામેલાંઓમાં હળી, મળી, ભળી, ગળી ગયાં હોય છે અથવા જેમણે એવા મહાત્માઓની દીર્ઘકાળ પર્યંત સાચી સેવા કરી છે, તેમના જીવનમાં આવા મુક્તાત્મા સાચા આશીર્વાદરૂપ ફળતા હોય છે.’’

અને શ્રીમોટા વિશેષમાં કહે છે કે, ‘‘આમ છતાં જેઓ મને બોલાવશે તેમને ત્યાં આવાં કામ પ્રસંગે જરૂર હું ખચકાયા વિના જઈશ, કેમ કે ત્યાં જવાથી મને પૈસા પણ મળે છે ને મારે પૈસાની ખૂબ જરૂર છે—મારી સમાજોપયોગી યોજનાઓ માટે અને ક્યાંય પણ ભેટ લીધા વિના કોઈનું આમંત્રણ સ્વીકારતો નથી. એ મારું વ્રત છે.’’

## ૨૭. વૃક્ષપ્રેમી

શ્રીમોટાનો વૃક્ષો ઉપરનો પ્રેમ પણ એટલો જ જાણીતો છે. જુવાનીમાં જ્યારે તેઓ નડિયાદમાં હતા ત્યારે એમણે જાતે મહેનત કરીને વૃક્ષો વાવીને પાણી પાઈને તે ઉછેર્યાં છે. હરિજન સેવક સંઘમાં હતા ને જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં તેમણે વૃક્ષો ઉછેરેલાં છે. સાબરમતી આશ્રમમાં તેમણે એક પીપળો વાવેલો અને ઉછેરેલો અને પછી અમને તેને પાણી પાવાનું કહેલું. તે પીપળો હજી પણ ત્યાં ઊગેલો હયાત છે, હરિજન આશ્રમની સામે. એ પીપળો, ત્યાં સડક થઈ ત્યારે જતો ન રહે, એનું નિકંદન ના નીકળે તે માટે એટલી બધી કાળજી તેમણે સેવેલી તે અમારી જાણની હકીકત છે. ૧૯૩૮માં એ ત્યાં વાવેલો અને ૧૯૩૯-’૪૦માં મેં એને જાતે પાણી પાયેલું છે.

ખેડા જિલ્લામાં ફળાઉ વૃક્ષોનું વાવેતર કરવાને માટે ખેડા જિલ્લા પંચાયતને ત્રણેક હજારનું ટ્રસ્ટ કરીને તે રકમ સોંપી છે.

આશ્રમનાં વૃક્ષોને બનતાં સુધી કદી ન કાપવાં દે. તેથી જો ખાસ મુશ્કેલી પડતી હોય તો તે સહી લેવી ને વૃક્ષોને કાપવાં નહિ એવી એમની ખાસિયત છે ને હુકમ પણ ખરો.

વૃક્ષો આશ્રમમાં ઘણાં હોય તોપણ ઇંચે ઇંચ જગ્યાનો ઉપયોગ કરવો એવી એમની ખાસિયત છે અને એમાં ઘણા લોકો સંમત ન પણ થાય, તોયે શ્રીમોટા કહે છે કે જગ્યાનો ઇંચે ઇંચનો ઉપયોગ કરવો જોઈએ.

ગુજરાતમાં જૂનામાં જૂનું ને મોટામાં મોટું કબીરવડનું વૃક્ષ છે. તે ભાવનાનું પ્રતીક સ્થળ છે ને આપણા દેશમાં કબીરસાહેબ પધારેલા તે ઐતિહાસિક હકીકત છે. એ ઝાડની મરામત કરવાને, પુનરુદ્ધાર કરવાને શ્રીમોટાએ મહેનત કરી છે. ભરુચ જિલ્લા પંચાયતને તે વાસ્તે તેમણે રૂ. ૨૫૦૦/-ની રકમ પણ સોંપી છે. એની વડવાઈઓને જમીનમાં ઉતારી દેવાથી એ વડ વધારે વર્ષ જીવે, એટલું જ નહિ પણ ગુજરાત રાજ્યના એક ઉચ્ચ કક્ષાના અમલદાર પાસે તે માટેની સમજણ પ્રકટાવીને તે માટે વિશેષ રકમ મેળવી રૂપિયા પાંચ હજારની બીજી રકમ ભરુચ જિલ્લા પંચાયત મંડળને સુપ્રત કરાવી છે.

નડિયાદ આશ્રમ તેમણે કરેલો ત્યારે ત્યાં જે વડ હતો તેની વડવાઈઓને પણ પહેલેથી જ જસતનાં દસ ભૂંગળાં કરાવીને કેટલી બધી વડવાઈઓ જમીનમાં ઊતરાવી દીધી છે.

તેમણે બીજાઓને પણ વૃક્ષો ઉગાડવાને પ્રેર્યા છે. કુદરતની સાથે એમને ઘણી મહોબત છે. સાધનાકાળમાં પણ દરેક વર્ષે એક મહિનો રજા લઈને તેઓ ગાઢ જંગલમાં જળાશય પાસે હોય તેવી જગ્યાએ બેસી જતા.

કુંભકોણમ્ આશ્રમમાં પણ શરૂઆતમાં તેમણે જ પાંચ-સાત આંબા વાવ્યા હતા ને પાણી સિંચ્યાં કર્યું હતું. એ પછી તેમણે લગભગ પચાસ-સાઠ આંબા રોપાવ્યા છે. એનું લાલનપાલન તો બીજાઓએ કર્યું છે. સુરત આશ્રમમાં પણ એવા આંબા ને બીજાં ફળાઉ વૃક્ષો રોપાવ્યાં છે. મહેનત કરી છે—ભીખુકાકાએ અને ઝીણાકાકાએ. સૌથી વધારે કુદરતી સૌંદર્યવાળો આશ્રમ હોય તો તે કુંભકોણમ્‌નો આશ્રમ છે. નડિયાદ આશ્રમે બીજાં વૃક્ષો થતાં ન હતાં છતાં ત્યાં પણ તેમણે આંબા રોપાવ્યા છે.

## ૨૮. નાનાંની પણ કદર

ડૉ. મંગળદાસ નામે એક ડૉક્ટર હતા. તે મંગળદાસભાઈ બધાંને માટે વિનોદનું સાધન જાણે કેમ ન હોય તેવી રીતે તેમના પરત્વે બધાંની વર્તણૂક હતી. પણ તેવા મંગળદાસને માટે પણ શ્રીમોટાએ તે કાળમાં એટલે કે ઘણે ભાગે ૧૯૪૪ની સાલમાં એક થેલી ઉઘરાવવાનું નક્કી કરેલું ને સરદાર વલ્લભભાઈ પટેલના એકસો, માવલંકરદાદાના પણ એકસો ને એવા કેટલાયે નામાંકિત માણસો પાસેથી પણ શ્રી હેમંતભાઈ દ્વારા રકમો એકઠી કરાવેલી ને ત્રણ હજાર ઉપરાંતનો ફાળો મંગળદાસભાઈ માટે ભેગો કરાવેલો.

શ્રીમોટાનો ઘરના નોકરો સાથેનો વર્તાવ અને ચાહ, તેમની આ જાતની ખાસિયત ખાસ લક્ષમાં લેવા જેવી છે. નોકર સાથે સંપૂર્ણ ભાઈચારાની લાગણી છે. એકીસાથે બધાએ એક જ પંગતમાં ભોજન લેવું, જેથી કરીને તેમની સાથેની આપણા દિલની એકતાનો કંઈક ખ્યાલ તેમનામાં જાગે તો જાગે. પણ સહુથી વિશેષ તો આપણને પોતાને જ એ આપણું અંગ છે, એવી જીવતી જાગતી સમજણ થાય એ આપણા પોતાને માટે ઉત્તમ છે.

**તંદુરસ્ત ને સશક્ત સેવકો એક મિનિટ પણ નવરા પડીને નકામી રીતે સમય ન ગાળે અને બપોરે સૂઈ ન રહે એવો તેમનો નિયમ છે.** એટલે નોકરવર્ગ નિયમ તરીકે બપોરે સૂઈ રહેતો નથી. બપોરે સૂઈ રહેવાથી તમસ જામે એટલે આવા નિયમનું પાલન થાય છે. મૌનમંદિરમાં પણ સાધકોને બપોરે કદી સૂઈ નહિ જવાની ખાસ સલાહ આપવામાં આવે છે. નહિ તો ભાવ બદલાઈ જાય, આળસ પેદા થાય ને અંદર રહેવું ગમે નહિ.

નોકરવર્ગ પ્રત્યે તેમને એટલી બધી હમદર્દી ને માનવતાભર્યું વર્તન હોય છે કે તે જોઈને આપણને ખૂબ આનંદ થાય. કોઈ ભક્તને ત્યાં એમને ત્રણ-ચાર દિવસ સુધી રહેવાનું થાય તો ત્યાંના નોકરવર્ગને તથા લિફ્ટમૅનને અચૂક કંઈક ને કંઈક બક્ષિસ આપતા જાય. કોઈ ભક્તને

ત્યાં ભોજન માટે જવાનું હોય તો એમની સાથેના મોટર ડ્રાઇવરને બધાંની હરોળમાં જ ભોજન માટે બેસાડવાનો હોય. એમનાં દર્શને આવનાર ભક્તવૃંદ ઉપરાંત કોઈ હરિજન, ઘરના ઓરડાની બહાર દરવાજા આગળથી તેમને પ્રણામ કરે તો તેને અંદર બોલાવવામાં આવે અને પ્રસાદ અપાવે. આવું તેમનું કરુણાસભર વલણ હોય છે.

## ૨૯. ભાવોદ્રેક

શ્રીમોટા કોઈને જોતાં ગળગળા થઈ જાય, આંખમાં આંસુ આવી જાય ને કંપતા હાથે વિદાય લેતા જોયેલા છે. ભાઈ રતિલાલ મહેતાએ આ અંગે સમજ આપવા તેમને વિનંતી કરી. તેના જવાબમાં તેમણે આમ સમજાવેલું.

‘‘એક તો આપણા માટે ભાવ છે, પ્રેમ છે, લાગણી છે. એ સામા માણસને જ્યારે ખરેખરી સમજણ પડે ત્યારે સામાને આપણા માટે કંઈક ને કંઈક દિલમાં થયા વિના રહે જ નહિ ને એના દિલમાં ભાવ પેદા કરવા માટે એ કંઈ નાટકિયા ખેલ છે નહિ, તે નાટકીવેડા નથી. એથી કાંઈ ભાવ આવી શકે નહિ. નાટકીવેડાથી આંસુ આવી શકે છે, પણ જો નાટકીચાલથી જ આંસુ આવતાં હોય તો તે મિથ્યાચાર ગણાય અને એ મિથ્યાચાર જીવનમાં વર્તાયા વિના તો કેમ રહી શકે ?’’

‘‘જો એક ઠેકાણે એવો નકલી ભાવ હોય તો જીવનના બીજા પ્રસંગોમાં પણ એ નકલી ભાવનું વ્યક્ત થવાપણું રહી શકે નહિ. એટલે આ રીતે પણ આ પ્રસંગોએ વિચારી જોતાં એમ લાગે છે કે શ્રીમોટા સહજપણે બીજાના દિલમાં, સામાના દિલમાં ભાવ પેદા થાય અને એ ભાવ, એનું મૂલ્ય તો ચિરંજીવી છે અને એ ભાવનું ચિરંજીવી મૂલ્ય જો સામાના દિલમાં શ્રીભગવાનની કૃપાથી જાગી શક્યું તો સામાના દિલનો સંબંધ એ પણ ચિરંજીવી રહી શકે. ભાવ ન હોય તો સંબંધનો કશો અર્થ નથી. સંબંધ જીવતો જાગતો બને છે એ ભાવને કારણે. સંબંધનો ઉપયોગ ભાવ જગાડવાને, ભાવ કેળવવાને, ભાવને

તેજસ્વિત કરવાને અને ભાવમાં ચેતન પ્રકટાવવા માટે છે. આવો ભાવ સામાના દિલમાં જાગે તો એ ભાવ દ્વારા આવા અનુભવી પુરુષો તેના દિલમાં પેસી શકે છે. પ્રવેશ કરવા માટે ભાવ એ મોટામાં મોટું સાધન છે. પણ એ બુદ્ધિથી સમજાય ત્યારે ખરું. પણ જ્યારે મને સવાલ પૂછવામાં આવ્યો, ત્યારે બુદ્ધિ સ્વીકારી શકે તેમ કહ્યું.''

## ૩૦. સેવાચાકરી

શ્રીમોટા સ્વભાવે સેવાભાવી ને અહેતુકી સેવા કરનારા છે. એવા કેટલાક પ્રસંગો તેઓ 'મોટા' થયા પહેલાં ને તે પછીથી જાણવા મળે છે. સ્વ. સાક્ષરશ્રી રમણલાલ વસંતલાલ દેસાઈનાં માસીને મોતિયાના 'ઑપરેશન' પછી રાતની સેવામાં શ્રીમોટા હાજર રહેતા. ત્યારે નવસારીના હરિજન આશ્રમમાં તેમની પ્રવૃત્તિ હતી. આનો ઉલ્લેખ કરતાં સાક્ષરશ્રીએ એક સ્થળે★ જણાવ્યું છે કે, ''એમણે મારાં માસીની સારવાર હાથમાં લીધી અને રાતોના ઉજાગરા કરી ધન્યવાદની જરાયે અપેક્ષા રાખ્યા વગર અમારા ઉજાગરાને નિરુદ્દેશ્ય બનાવી દઈ અમને સહુને આરામ અપ્યો. દર્દીની આવી એકનિષ્ઠ સારવાર કરતી બહુ જ થોડી વ્યક્તિઓ મારા જોવામાં આવી છે.''

બોદાલ આશ્રમમાં શ્રીમોટાની સાથે તેમના મિત્ર શ્રી હેમંતભાઈ નીલકંઠ હતા. ૧૯૩૧ની સાલ હતી. ત્યારે તેમણે એક દવાખાનું કાઢ્યું હતું. હરિજનોને મફત અને બીજાઓ પાસેથી પૈસા લેવાનો રિવાજ પાડેલો. શ્રી હેમંતભાઈ આ સંબંધે નોંધે છે કે, ''અમારું દવાખાનું ઘણું સારું ચાલતું હતું. જે ગામમાં દાક્તર-વૈદ્ય હોય ત્યાંથી પણ લોકો દવા લેવા આવતા. શ્રીભગવાનની કૃપાથી એવી છાપ પડેલી કે બોદાલમાં સારી દવા મળે છે ને આરામ થાય છે.'' શ્રીમોટાની આ બાબતમાં કેવી હોશિયારી ને ભાવના હતી તેના બે પ્રસંગો જોવા મળે છે.

એક બાઈને ઝાડો બંધ થઈ ગયો હતો ને તેને છેલ્લા દિવસો જતા હતા, તેથી તે ઘણી જ હેરાન થતી હતી. એટલે તેના ઘેરથી તેડું આવતાં

---

★શ્રીમોટા કૃત **'પ્રણામ પ્રલાપ'**ની પ્રસ્તાવનામાં.

શ્રીમોટા એનિમા લઈને તેને ઘરે ગયા ને એનિમા કેમ લેવી એની સૂચના તે બહેને બીજા સગાંઓને આપી, પણ તે બાઈનાં સગાંને તે કામ ફાવ્યું નહિ. તે વાત શ્રીમોટાને કહી એટલે તેમણે કહ્યું કે, ''બહેનને કહે કે કશો સંકોચ ન રાખે. મને દીકરો (કે ભાઈ) ગણે.'' બહેને તે કબૂલ રાખ્યું. શ્રીમોટાએ તેને એનિમા આપી. નવ દિવસથી અટકી ગયેલો ઝાડો નીકળતાં બહેનને ઘણો આરામ થઈ ગયો.

એક વિદ્યાર્થીને કાનમાંથી પરુ નીકળતું. તેની દવા કરતાં એકવાર શ્રી હેમંતભાઈએ કાનની દવાને બદલે ભૂલથી આયોડિનનાં થોડાં ટીપાં તેના કાનમાં નાંખ્યા. છોકરો તેના વાસમાં પહોંચતાં જ રડવા લાગ્યો. કાનમાં ખૂબ ચચરે ને પછાડા મારે. લોકો ભેગા થઈને આશ્રમના દવાખાને આવ્યા. જાણે હુમલો લઈને, બૂમબરાડા પાડી શ્રી હેમંતભાઈની સાથે લડવા લાગ્યા. એટલામાં શ્રીમોટા ત્યાં આવી પહોંચ્યા. પહેલાં તો બધાંને દબડાવીને તેમને શાંત કર્યા ને ''ઊભા રહો, હમણાં બીજી દવા નાખું છું તેથી મટી જશે.'' એમ કહ્યું ને બીજી દવા નાંખી. દરદ મટી ગયું પછી શ્રી હેમંતભાઈએ શ્રીમોટાને પૂછ્યું કે, ''કઈ દવા નાંખી તમે ?'' ''સાબુનું પાણી!'' એની એક-બે પિચકારીથી આયોડિન ધોવાઈ ગયું. આવી તેમની સમયસૂચકતા ને સૂઝ હતી.

પછી તેમણે બંનેએ હૉસ્પિટલ કાઢવાની પણ તૈયારી કરેલી, પરંતુ ૧૯૩૨ની લડત શરૂ થતાં એ કામ અટવાઈ ગયું.

જ્યારે શ્રીમોટા સાબરમતી આશ્રમે રહેતા, ત્યારે તેમના એક પાડોશી શ્રી ભગવાનજીભાઈ પંડ્યાના પુત્ર (બલરામભાઈ)ને તેની માંદગીને લીધે વા. સા. હૉસ્પિટલમાં રાખવામાં આવેલો. શ્રીમોટા દિવસના સંઘનું કામ કરે ને રાતે હૉસ્પિટલમાં સૂવા જાય. શ્રીમોટાની આવી સારવાર ને સંભાળથી શ્રી ભગવાનજીભાઈ ઘણા ખુશ થઈ ગયા હતા ને ઘણી ઉપકારક વૃત્તિથી શ્રીમોટા સામું જોતા હતા.

આવી સેવા શ્રીમોટાએ તેમનાં સ્વજનોની કરી છે ને હરિ:ૐ આશ્રમો સ્થપાતાં આશ્રમના સેવકોની સુખાકારીની ખાસ તકેદારી

રાખતા હોય છે. માંદા સેવકોની માવજત તેમની નજર હેઠળ થતી હોય છે. એટલું જ નહિ પણ બહારગામ રહેતાં મિત્રો ને સ્વજનો માંદા હોય તો તેમને પત્ર, તાર કે ટેલિફોનથી ખબર પૂછે ને એક જ શહેરમાં તેવાં હોય તો તેમની તેમના ઘરે કે હૉસ્પિટલે જઈને ખબર કાઢી આવે અથવા ખબર કાઢવા તેમના કોઈ અંતેવાસીને મોકલે.

તા. ૬-૫-૧૯૪૫ના રોજ મહાત્મા ગાંધીજીને સરકારે છોડી મૂક્યા. તે સમાચાર મુંબઈથી અમદાવાદ રેલવે ગાડીમાં જતાં રસ્તામાં શ્રીમોટા અને શ્રી હેમંતભાઈ નીલકંઠના વાંચવામાં આવ્યા. આવા શુભપ્રસંગે કોઈ સત્કર્મ કરવું જોઈએ એમ મનાય છે. શ્રી હેમંતભાઈને તેવી ઇચ્છા થઈ ખરી, પણ એનો વિચાર કરતાં કરતાં તે નિદ્રામાં પડી ગયા. દરમિયાન તેમની સાથેના બે ઉતારુઓ કંઈક ગંભીર વાતો અંદર અંદર કરતા હતા. તે જોઈને શ્રીમોટાએ શ્રી હેમંતભાઈને જગાડીને સૂચવ્યું કે, ''આ બે ભાઈઓ જે વાત કરે છે, તેમની સાથે વાત કરીને એ જે કહે તે પ્રમાણે આપણે કરીએ.'' એ બે ભાઈઓમાંથી એક ભાઈ એક ગામમાં શિક્ષક હતા. તેમની ઓળખાણવાળી કોઈ કુમારિકા બહેન તેની નૈતિક ભૂલને કારણે સંકટમાં મુકાઈ ગઈ હતી. તેની સગાઈ પણ થઈ ગયેલી એટલે વધારે જોખમ હતું. તેનું હવે શું કરવું તેની વિમાસણમાં બધા હતા. તે ભાઈઓએ આ વાત કહી તે સાંભળીને શ્રીમોટાએ હેમંતભાઈને કહ્યું કે આ ભાઈને શ્રી ગટુભાઈ પાસે લઈ જાવ અને પેલી બહેન માટે અનાથાશ્રમમાં તે 'મુક્ત' થાય, ત્યાં સુધી રહેવાની વ્યવસ્થા કરો. (શ્રી ગટુભાઈ મ. રૂ. અનાથાશ્રમના મંત્રી હતા.) અને શ્રી હેમંતભાઈએ તે સૂચનાનું પાલન કર્યું. આ રીતે એક મોટું સત્કાર્ય શ્રી હેમંતભાઈની ઇચ્છા મુજબ થયું—શ્રીમોટાની દોરવણી હેઠળ.

કેટલાક સાથીઓને વ્યક્તિગત રીતે પણ તનથી, મનથી કે ધનથી (બીજેથી ફાળો ઉઘરાવી લાવીને) મદદ કરી છે. એવા એક આજીવન કાર્યકર્તા શ્રી ખંડેરિયાના પુત્રને 'લેપ્રસી'નો રોગ થયેલો. ફક્ત ૧૦ વર્ષની ઉંમરનો તે છોકરો હતો અને આ રોગની દવા કરાવવાનો ખર્ચ ઘણો જ હોય. શ્રીમોટાને આ વાતની ખબર પડતાં તેમણે તે વાસ્તે

રૂ. ૧૯૦૦/- મેળવી આપ્યા. એવી રીતે હરિજનોના પ્રતિનિધિ તરીકે ત્યારની ધારાસભાના સભ્ય શ્રી પરસોત્તમભાઈને પણ લગભગ રૂ. ૫૦૦/-ની મદદ મેળવી આપેલી. આવા બીજા નાનામોટા તો કેટલાય દાખલાઓ છે જેની અમને જાણ નથી. તેમની પોતાની પાસે પૈસા ન હોવા છતાં બીજેથી ઉઘરાવી લાવી માણસોને મદદ કર્યા કરવી એ એમની વિશેષતા છે. એમની હાલની પ્રખ્યાત થયેલી વિશાળ ગુણભાવ વિકાસક યોજનાઓનું બીજ આ રીતે તેમના સાધનાકાળ દરમિયાન વવાઈ ચૂક્યું હતું. જે જે જગ્યાએ જે જે પ્રકારની સેવા આપવી જરૂરી જણાઈ હોય—શારીરિક, માનસિક, આધ્યાત્મિક કે આર્થિક—ત્યાં ત્યાં તેઓ ખૂબ ઉદ્યમ કરી સેવા આપતા કે અપાવતા. એમણે પોતાની ગરીબીને કારણે એવી સેવાઓ બીજા કનેથી સ્વીકારેલી છે ને તેનું ઋણ તેઓ કદાચ આ રીતે ફેડતા હશે. જોકે નાનપણમાં ને યુવાનીકાળમાં પણ તેઓ જેમની કનેથી કોઈપણ પ્રકારની સેવા-મદદ પ્રાપ્ત કરતા તેનો બદલો કોઈપણ પ્રકારે આપ્યા વિના રહેતા નહિ. (ભણાવીને કે એવી રીતે) અને આજે પણ તેમ કર્યા વિના રહેતા નથી એ એમના સ્વભાવની વિશેષતા છે.

શ્રીમોટાએ એકથી વધુ વ્યક્તિઓને તેમની દિવ્યશક્તિ વડે કરીને આપઘાત કરતાં બચાવ્યાના પ્રસંગો જાણીતા છે. અને આવી વ્યક્તિઓ કોઈ વાર તેમને પહેલી જ વાર સ્થૂળ રીતે મળેલી હોય. એક જુવાન ભાઈ પ્રેમમાં નિરાશ થતાં ને આઘાત અસહ્ય લાગતાં ઉત્તર હિંદ પહોંચી ગયો અને ઝેર ખાઈને જીવનનો અંત આણવા તેણે નક્કી કર્યું. તેનાં માતાપિતા નાની વયમાં ગુજરી ગયેલાં. તેથી તેમનાં એક જાણકાર મિત્ર દંપતીએ મિત્રભાવે તેને પુત્રસમ રાખીને મોટો કર્યો. તેમને તે કાકા-કાકી કહે છે. તેઓ ત્યારે ઉત્તર હિંદમાં રહે. તેમને છેલ્લા પ્રણામ કરવાને હિસાબે તે યુવાન તેમને ત્યાં ગયો. ત્યારે શ્રીમોટા ત્યાં હતા. દરમિયાન શ્રીમોટાને તેની માનસિક સ્થિતિની ખબર પડી ગઈ, એટલે તેમણે તેમનાં કાકા-કાકીને એના મનની સ્થિતિથી ચેતવ્યા. એટલે કાકા-કાકીએ તે જુવાનને આપઘાત કરતાં બચાવી લીધો. યુવાને પાછળથી ઝેરનું પડીકું શ્રીમોટાને સોંપી દીધેલું. આ વાત ઘણાં વર્ષો

પૂર્વેની છે. પછી તો તે યુવાન શ્રીમોટાના નિકટ સંસર્ગમાં આવ્યો ને આજે તે તેમનો સ્વજન બનેલો છે ને આશ્રમની, શ્રીમોટાની બનતી સેવા કરે છે.

## ૩૧. ઉપયોગ કે ઉપભોગ ?

એકલી ગુણભાવની ભૂમિકા વિનાની મેળવાયેલી લક્ષ્મી આપણામાં અસૂરો પેદા કરે છે. ગુણભાવની ભૂમિકા વિના મેળવાયેલી લક્ષ્મી કદી ગૌરવ નહિ અપાવી શકે, સંસ્કૃતિને જન્માવી નહિ શકે, સંસ્કૃતિનો નાશ કરશે એવી એમની અનુભવની ખાતરી થયેલી છે. લક્ષ્મીને શ્રીમોટા કદી અવગણતા નથી. લક્ષ્મી એ શક્તિ છે એમ તેઓશ્રી માને છે. પણ જેના જીવનમાં ગુણ અને ભાવ પ્રકટેલા નથી તેવાને મળેલી લક્ષ્મી એના જીવનનો કદી ઉત્કર્ષ કરી શકતી નથી.

જીવદશાની સુખસગવડો ભલે એ ભોગવે, પણ જીવનના વિકાસની સમજણ એવી એ લક્ષ્મીથી ઊગી શકતી નથી. લક્ષ્મીનો ઉપયોગ પરમાર્થમાં જ થવો જોઈએ અને પોતાને માટે તો માત્ર જેટલી જરૂરિયાતો હોય તેટલું જ ભોગવવું જોઈએ. એનાથી વિશેષ તલભાર નહિ, એવી પણ શ્રીમોટાની અનુભવની સમજણ છે. એથી પણ શ્રીમોટાને અગવડ ભોગવતા જોઈ શકાય છે. આશ્રમમાં એમણે કદી મિષ્ટાન્ન કરવા-કરાવવાની મનાઈ કરેલી છે. ભજિયાં પણ તળી ન શકાય. એ પોતે ગરીબાઈમાં રહેલા છે એ કારણે આ બનતું નથી. કેટલાયે એમ માને છે કે શ્રીમોટાએ ઘણી કઠણાઈઓ ને ગરીબીમાં જીવન વિતાવેલું હોવાથી તેમણે આ પ્રકારનો રિવાજ અને ધોરણ નિપજાવેલું છે, પરંતુ હકીકતમાં તો એમ નથી. આપણે સમાજની પાસેથી મેળવીએ છીએ અને સમાજને બોધ લેવાને માટે નહિ પણ આપણું જીવન એટલું બધું સ્પષ્ટતાવાળું પારદર્શક હોવું જોઈએ કે જેથી કરીને સમાજને અને આપણે પોતે જે કહેતા હોઈએ તેને સાનુકૂળ

એ જ પ્રકારનું જીવનવાળું વાસ્તવિકતાવાળું આપણું જીવન હોય તો જ આપણા કહેવાનું તાત્પર્ય કો'કને ગળે ઊતરવાનું હોય તો ઊતરી શકે. વળી, પ્રત્યેક શક્તિ આપણા પોતાના વૈભવવિલાસ, મોજશોખ કે ભોગને માટે નથી. પ્રત્યેક શક્તિનો ઉપયોગ છે.

ઉપયોગ અને ઉપભોગમાં ઘણો ફરક છે. ઉપયોગમાં શ્રીમોટા હંમેશાં માને છે એટલે આપણને જે કાંઈ મળ્યું છે તે ઉપયોગને માટે છે. ઉપયોગને માટે એમ સજાય છે કે દશ હજાર, વીસ હજાર કે પચાસ હજાર ખર્ચવાની જરૂર છે તો તેમને તે ખર્ચવાનો સંકોચ હોતો નથી એ પણ સાચી હકીકત છે.

શ્રીમોટા કંઈ કશાનો ઉપભોગ કરવાનું સમજ્યા નથી. આ એક એમના જીવનની વિશેષ ખાસિયત છે, જે બહુ ઓછા લોકો સમજતા હશે. બાકી ઉપરછલ્લી દૃષ્ટિએ એમને જોનારા માણસોને તો દૂધમાં પોરા કાઢે એવું બની શકે ખરું. શ્રીમોટાનું જીવન એમણે આધ્યાત્મિક સાધનામાં કેવા કેવા પ્રસંગોએ કેવું કેવું ગાળ્યું છે તે બધાંની હકીકત તો તમારી ને અમારી જાણમાં નથી. એ વિશે શ્રીમોટા કદી કંઈ કહેતા પણ નથી, કારણ કે એવા બધા પ્રસંગો જાણવાથી અને એવું લખવાથી પ્રતિષ્ઠા વધારવાનું એમને બિલકુલ ગમતું નથી.

## ૩૨. સાધકનું હૃદય

શ્રીમોટા વારંવાર કહેતા આવ્યા છે કે, ''ભાઈ, ગુણ અને ભાવ જીવનમાં વિકસાવો. ગુણની કેળવણી એટલા માટે બહુ જરૂરની છે. એટલું જ નહિ પણ પ્રત્યેક જીવ જ્યારે સાધના તરફ વળે છે, ત્યારે એને એના પોતાના દોષનું ભાન થવું જોઈએ. પોતાની કુટેવોનું ભાન થવું જોઈએ એટલું જ નહિ પરંતુ જે સાધનામાં ખરેખરો દિલની ભાવનાથી વળેલો હોય, એવા સાધકને પોતાના દોષ, પોતાની કુટેવો વગેરે એને ઘણાં ઘણાં ડંખવા જોઈએ અને જો એ ડંખે તો જ એ સ્થિતિમાંથી ચસી શકે. પોતાનો જે સ્વભાવ છે તે એવો ને એવો જ જો રાખીને સાધનામાં

વિકાસ કરવાને ઇચ્છતો હશે તો તે ભ્રમણાની હકીકત છે.

ગુણ અને ભાવ જીવનમાં પ્રત્યક્ષપણે કર્મ કરતાં કરતાં જેનામાં વિકસેલા અને વિકસતા જાય છે એવા જ જીવના જીવનમાં આધ્યાત્મિક સાધનાની ભાવનાનો વિકાસ થાય છે, બાકી નહિ. એ તો ઘણી વાર કહે છે કે સાધુસંતોની પાસે દોડી જઈ આશીર્વાદ ને કૃપાની લોકો માગણી કરે છે. એ તો મૂર્ખામી જ છે અને એવી રીતે કંઈ કશું કર્યા વિના આશીર્વાદ ને કૃપાની માગણી કર્યા કરવાથી આ સમાજ લૂલો થઈ ગયો છે. આશીર્વાદ આપ્યા અપાતા નથી, પણ આપમેળે વહ્યા કરતા હોય છે. સૂર્યનો પ્રકાશ નીકળ્યા કરે છે, તેમ એને માટે આપણે પાત્ર થાઓ. યોગ્યતા કેળવો, એટલે આપોઆપ એ પ્રકટશે એવી એમની સમજણ છે અને સમાજમાં ગુણ અને ભાવ પ્રકટે એને માટે શ્રીમોટા ઘણા ઉત્સુક છે. એને માટે એમના દિલમાં ઘણી તાલાવેલી છે. એ તાલાવેલી આમ તો એ વ્યક્ત કરતા હોતા નથી, પણ પ્રત્યેક વર્ષે એ લીધેલાં કામને ફળાવવાને માટે મથ્યા કરે છે અને શરીરની પરવા કર્યા વિના એ દોડાદોડ કરે છે તે ઉપરથી બધું પરખાય છે. આ કાંઈ તારવી તારવીને અનુમાન કરેલી હકીકત નથી.

સને ૧૯૭૦થી એમના શરીરનું વજન ઘણું બધું ઘટી જવા માંડ્યું છે. પણ એ શરીરની હાલાકીને અને એમના સંકલ્પને ફળાવવાના મુકાબલામાં કંઈ પણ કશી ગણતરી નથી એ મારે મન પ્રત્યક્ષપણે તાદૃશ્યપણે અનુભવેલી હકીકત છે.

એમના દિલમાં જેમ એમના સાધનાકાળમાં ગુણ અને ભાવ પ્રકટાવવાને માટે જેટલું એ મથ્યા છે અને એનાથી કરીને એમના જીવનવિકાસની સાધનાના વિકાસમાં જે છલાંગો એમણે મારી અથવા છલાંગો મારી શકાઈ તેનો એમને પ્રત્યક્ષ અનુભવ છે. એટલે તો એ કહે છે કે આ સાધનાના માર્ગમાં જે જે કોઈને વિકસ્યા વિના તે કોઈ સાધનાનો વિકાસ ઇચ્છશે તો એ એમનું અજ્ઞાન છે. ગુણ ને ભાવ વિકસાવવાની અથવા તો સંપૂર્ણપણે એ વિકસે, એ જ સ્થિતિમાં આધ્યાત્મિક જીવનની સાધનાની શક્યતા છે, બાકી નહિ.

શ્રીમોટા પહેલા બહુ ભુલકણા હતા. વ્યવસ્થા, વ્યવસ્થિતિ, આ બધા ગુણો એમનામાં ન હતા, પણ સાધનાના માર્ગે જતાં જતાં એ ગુણો વિકસાવવાનું એમને સૂઝ્યા કરેલું ને એમણે એ પ્રમાણે કર્યું છે. એટલા બધા ગુણો એમનામાં વિકસેલા હતા અને નમ્રતાના ગુણને એમણે એટલો બધો વિકસાવેલો કે એમનામાં ઘણા પ્રકારનું જ્ઞાન હોવા છતાં એમનામાં કંઈ જ સમજણ નથી એવી રીતે એમનાથી વર્તવાનું બનતું.

શરીરની, મનની, સંજોગોની અને એવી બીજી અનેક પ્રકારની સગવડોને બદલે જે હેતુને ફળાવવાનો છે એ હેતુને જ એમણે હંમેશાં પ્રાધાન્ય આપ્યું છે. એથી કરીને અમારે પણ જીવનમાં આ એક મુખ્ય વસ્તુ શીખવાની રહે છે કે આપણે જે કરવું છે એનું એકધારું સતત મનન ચિંતવન જો આપણા જીવનમાં જાગશે ને જીવતું જાગતું ચેતનાત્મકપણે એકધારું જીવંત પ્રકટેલું નહિ રહે, ત્યાં સુધી એ સાધનાનો વિકાસ કદી કાળ થઈ શકવાનો નથી, એ પણ હકીકત છે. જે કાંઈ પ્રાપ્ત થયેલું કર્મ, સંજોગો એને ફળીભૂત થવા પોતે હંમેશાં તત્પરતા સેવવી, તાલાવેલી સેવવી, સહજમેળે સેવવી, એ એમના જીવનનો અભ્યાસક્રમ આજે પણ છે.

## 33. પ્રાર્થના

શ્રીમોટાએ એમના સાધનાકાળથી પ્રાર્થના ઉપર હંમેશાં ઝોક દીધો છે. પ્રાર્થના એમના સાધનાકાળનું મોટામાં મોટું જીવંત હથિયાર હતું. પ્રાર્થના એક એવી સહચરી હતી અને એ પ્રાર્થનાએ એમને જીવનમાં એટલી બધી સફળતા પ્રેરી છે કે આજે પણ કેટલાય માણસો પોતપોતાના પ્રશ્નો, મૂંઝવણો વગેરે માટે આવતા હોય છે, ત્યારે શ્રીમોટા કહેતા હોય છે કે, ''તમારા માટે ભગવાનને હું પ્રાર્થના કરીશ.'' તેઓ તેમનાં તેવાં સ્વજનોના ફોટા લઈ લે છે ને કરવાનું હોય તે તેઓશ્રી કરે છે. આજે અનુભવની સ્થિતિમાં પણ તેઓશ્રી કહે છે કે, ''હું તો ભગવાનનો નોકર છું, ચાકર છું, મુનીમ છું. હું મારા શેઠને પ્રાર્થના દ્વારા તમારી બધી હકીકત કહીશ, તેમનાં ચરણકમળમાં મૂકીશ.'' એમ અનેક વાર શ્રીમોટાને બોલતા મેં સાંભળ્યા છે.

એટલું જ નહિ પણ જ્યારે તેઓ સાધનાકાળમાં હતા, ત્યારે તેમને જે જે વૃત્તિઓ ઊઠતી હતી, તેને મઠારવા કાજે એમણે કેટલીય એવી પ્રાર્થનાઓ કરી છે કે જે એમનાં પુસ્તકોમાં છપાયેલી છે ને ઘણી એવી છપાયા વિનાની પડી છે. પણ એમણે ત્યારે કેટલીયે વાર પ્રાર્થનાનો સહારો લીધો છે ને પ્રાર્થના એક એવું બળ આપણા અંતરમાં, આધારમાં જગાડે છે કે જે બળ વડે આપણે જેવા થવું હોય તેવા આપણી જાતને ઘડી શકીએ, પ્રાર્થના એક એવું સાધન છે, એક એવી શક્તિ પ્રાર્થનાના ભાવમાં પ્રકટે છે કે જે પ્રાર્થના શ્રીમોટા માટે સજીવન, જીવતી જાગતી હકીકત છે.

પણ એ પ્રાર્થનાનું મહત્ત્વ ત્યારે પ્રકટે કે જ્યારે ફુવારાની જેમ હૃદયમાં એવો ભાવ પ્રકટ્યો હોય અને એવા એકાગ્ર ભાવથી પ્રેરાઈને એ ગદ્‌ગદ ભાવથી શ્રીભગવાનને આપણે કહીએ. જેમ મિત્ર મિત્રને કહે, પત્ની, પતિને કહે, પતિ, પત્નીને કહે, બાળક, માતાને કહે, એવી રીતે એવા એક સગપણના ભાવે જ્યારે શ્રીભગવાનનાં ચરણકમળમાં મૂકવામાં આવે ત્યારે તે પ્રાર્થનાથી જીવન કેવું બદલાયા કરે છે, જીવન જે એક નિમ્ન પ્રકારનું હતું તેનું કેવું ઊર્ધ્વીકરણ કેવા પ્રકારનું થાય છે, એ શ્રીમોટાનું જીવન પ્રત્યક્ષ ઉદાહરણરૂપ છે. કંઈક કશુંક થાય ત્યારે શ્રીમોટા પ્રાર્થના દ્વારા શ્રીભગવાનને આત્મનિવેદન કરતા. જેલમાં ગયેલા ત્યારે તેઓ પ્રાર્થનાઓ કર્યા કરતા. એવું એક પુસ્તક નમૂનારૂપે છપાયું છે, **''હૃદય-પોકાર''** અને જેલમાં લખવાની સુવિધા ન હોઈને મોઢે રાખેલું. બહાર આવીને પૂનામાં રોકાઈને તેમણે તે કાગળ ઉપર ઉતારી લીધું હતું. શ્રીમોટાએ આવી કેટલીયે પ્રાર્થનાઓ સાધનાકાળમાં, જીવદશાકાળમાં પોતાના જીવનના ઊર્ધ્વીકરણને માટે કરેલી તે છપાયેલી છે.

એટલે પ્રાર્થના એક એવા પ્રકારનું બળ છે કે જો હૃદયમાં ખરેખરો ભાવ જાગેલો હોય તો એ હૃદયના ધક્કેલાથી જે પ્રાર્થના થાય, એ પ્રાર્થનામાં પ્રાણ પ્રકટે છે, ચેતન પ્રકટે છે અને એમાંથી એવું બળ પ્રકટે છે કે જેના વડે જીવન ઘડી શકાય છે. પ્રાર્થના એ શ્રીભગવાનનું સ્વરૂપ છે, એમ શ્રીમોટા કહે છે. પ્રાર્થનાથી પર્વતને હલાવી શકાય, જોકે એ વધારે પડતી, બહુ મોટી વાત કહેવાય. પણ જો એને એક ઉપમારૂપે

કહેવાય તો તે સમજી શકાય એમ છે, કારણ કે આપણે અનેક નિમ્ન પ્રકારનાં વૃત્તિ-વલણવાળાં, જીવદશાનાં વલણોવાળાં, કામ, ક્રોધ, લોભ, મોહ ને અહમ્‌માં ફસાયેલા એવા અનેક પ્રકારોનાં વલણોમાંથી પ્રાર્થના વડે કરીને જીવનના ઉત્તમ, દિવ્ય પ્રકારના જીવનના તબક્કાઓમાં પ્રવેશી શકીએ છીએ ને તે પ્રતાપ છે પ્રાર્થનાનો.

## ● 'મોટા' થયા પહેલાં– ●

### ૧. કિશોરાવસ્થા : શ્રીમોટાના શબ્દોમાં

» હું નાનો હતો લગભગ ૧૨-૧૩ વર્ષની વયનો. બાપાને અફીણ સાથે ઠૂંગાર મીઠાઈ જોઈએ, ત્યારે અફીણનો અમલ ચડે. હું અભ્યાસમાં પ્રથમ વર્ગનો વિદ્યાર્થી એટલે બધા વિદ્યાર્થીઓ મને ઓળખે, તેથી કંદોઈના છોકરાઓને ત્યાંથી મીઠાઈ લાવું. સાથ માટે બાપા મને પણ ખવરાવતા. અફીણ ખાવાથી પ્રમાદ લાગે એટલે મેં તે ખાવાનું બંધ કર્યું પણ આ બધું તેમની સેવાના ભાન તરીકે કરતો.

» નાની ઉમરે ખેતરમાં મજૂરી કરતો. મજૂરી તરીકે બે આના ને એક રોટલો રોજ મળે. મને બે રોટલા જોઈએ. ત્યારે મારા શેઠ કહે, ''તારી ઉમર નાની છે એટલે એક જ રોટલો મળશે.'' ઈંટવાડામાં પણ કામ કર્યું હતું. પછી અનાજના વેપારીને ત્યાં પણ નોકરી કરી. એમ કરતાં કરતાં વર્નાક્યુલર ફાઈનલ પાસ થયો.

» મારા મોટાભાઈ જમનાદાસ ખાસ કંઈ કરે નહિ. પાછળથી હરિજન સેવામાં તે જોડાયેલા. બીજા ભાઈઓ મારાથી નાના. અમારે ત્યાં ગાય પણ હતી. ગાયને માટે ઘાસ કાપી લાવવાનું કામ હું કરતો, કેમ કે વેચાતું ઘાસ લાવવું પોષાય તેમ ન હતું. સાફસૂફીનું કામ પણ હું કરતો. ગાયને પાણી પીવા હું લઈ જતો.

*અહીં પ્રથમ આવૃત્તિમાં 'શાળા' હતું તે સુધારીને 'કૉલેજ' કર્યું છે.

» હું જરાયે તોફાની ન હતો. તોફાન કરવાના સંજોગો પણ ક્યાં હતા ? સાવ શાંત હતો. વડોદરે કૉલેજ★માં ભણતો, ત્યારે એકવાર માંડવી આગળ એક સાધુએ મને બોલાવ્યો, ''બચ્ચા ઈધર આવ!'' હું તેની પાસે ગયો ને મને તેણે કંઈક ખાવાનું આપ્યું. પછી હું ભાન ભૂલી ગયો ને તેની પાછળ પાછળ ચાલવા લાગ્યો. કેટલુંયે ચાલ્યા બાદ પેશાબ કરવા જવાની વૃત્તિ થઈ. એકી કરવા બેસતાં એકદમ ભાન આવ્યું કે, અરે! હું અહીં ક્યાં આવ્યો ? એની પાછળ પાછળ કેમ જાઉં છું? ને પછી ઘરભણી પૂરપાટ દોડવા માંડ્યું. સાધુ જોતો રહ્યો!

» કાલોલમાં અમે રહેતાં હતાં, ત્યારે મારા બાપાને માટે કાલોલથી મલાવ ખાવાનું લઈને હું જતો હતો. ત્યારે રસ્તામાં આલવા ગામની નજીક એક વહેળા પાસે ભૂખ લાગતાં ખાવા બેઠો. એટલામાં ચોર આવ્યા ને કહે, ''લાવ જે હોય તે.'' મેં કહ્યું કે, ''આ ઢેબરાં છે. જોઈએ તો લઈ જાવ, બીજું કશું નથી. પહેરેલું ખમીશ છે તે જોઈએ તો લઈ જાવ, પણ થોડું ખાવા તો દો!'' પણ ચોર માર્યા કર્યા વગર ઢેબરાં પડાવી લઈ ગયા. ત્યારે મને કશી બીક લાગેલી નહિ.

» અમારા કાલોલ ગામમાં ન્યાત થતી અને ન્યાતોમાં લાડુ થાય. અમારે નસીબે લાડુ તો શેના જોવાના હોય ? એટલે યુક્તિ કરી. જ્યારે કોઈ એક જણની ન્યાતમાં લાડુનું જમણ હશે, ત્યારે લોકોની પંગતમાં છેડે કોઈ દેખે નહિ એવા ઠેકાણે હું સંતાઈ રહેલો. ને ગોઠવણ મુજબ મારા એક મિત્રે લાડુ ભરીને એક તપેલું છાનુંમાનું મને આપી દીધું. હાથમાં આવતાં લાડુ ખાવાનું મન થઈ ગયું ને આરોગવાની તૈયારી કરું છું, ત્યાં બા ને બીજાં ઘરનાં યાદ આવ્યાં, એટલે ખાધા વિના તપેલું લઈને ઘેર ગયો ને લાડુ બાને આપ્યા. બાએ પૂછ્યું, ''મારા રડ્યા! ક્યાંથી લઈ આવ્યો ?'' મેં માંડીને બધી વાત કરી. ત્યારે બાએ કહ્યું, ''આપણાથી આમ ન ખવાય.'' અને તેણે બીજાંઓને તે વહેંચી દીધા.

» મારી બા દેવમંદિર જાય ખરાં પણ મોટાભાઈ આર્યસમાજી. એટલે એકવાર તેમણે મારી બા કને એવું વ્રત માંગ્યું કે, ''તું દેવમંદિરે જઈશ નહિ.'' મેં વચ્ચે પડીને કહ્યું કે, ''ભાઈ, આવું વચન બા

પાસેથી લેવાય ખરું ? મંદિરે શું કામ ના જાય ?'' પણ મારું કોણ સાંભળે ? ને મારી બાએ એવું વચન આપ્યું પણ ખરું ને છેક સુધી પાળ્યું. હા.... આ એક ગુણ કહેવાય.

» કાલોલની એ. વી. સ્કૂલના હેડમાસ્તરની હું સેવા કરતો ને ભણતો હતો, ત્યારે તેમનાં માસીબા ત્યાં આવતાં. તેમની નજરે હું ચડી ગયો. મારી સેવા-ભાવનાથકી. તેઓ પેટલાદ રહે. મારે હાઈસ્કૂલમાં ભણવા જવાનું ઉપસ્થિત થતાં તેઓ મને કૃપા કરીને પેટલાદ લઈ ગયાં ને તેમના ઘરે સ્વજનની જેમ મને રાખ્યો. હું ઘરનું બધું કામ કરતો. ઘણીવાર રસોઈ થવાને વાર હોય અને શાળાએ જવાનો ટાઈમ થઈ જાય એટલે હું દાળ તૈયાર હોય તો દાળ એકલી પીને ચાલ્યો જતો. આની ખબર બધાંને પડી ત્યારે હું કહેતો કે મને દાળ બહુ ભાવે છે એટલે એકલી દાળ પીને જાઉં છું. આથી, મારું નામ 'દાળિયો' પાડેલું!

» એ જ ઘરનાં ઘરેણાં વગેરે સાચવવાનું કામ પણ મને સોંપેલું. એકવાર વીંટી પહેરવાનું મન થઈ ગયું. કોઈ દહાડો વીંટી પહેરેલી નહિ એટલે આપણે તો વીંટી ચડાવી દીધી ને બહાર નીકળી પડ્યા. રસ્તામાં કોઈ ઓળખાણવાળા ભેટી ગયા. તેમણે મારા હાથે વીંટી જોઈ. હું પકડાઈ ગયો એટલે ઝટઝટ બીજા ટૂંકા રસ્તેથી ઘરે પહોંચી ગયો અને માસીબાને સાચી વાત કહી દીધી. મારે વીંટી ચોરવી ન હતી, ખાલી પહેરવી હતી એમ જણાવ્યું અને કાંઈ કહ્યું નહિ ને વીંટી પાછી ઠેકાણે મૂકી દીધી. વડોદરે પણ આ જ માસીબાએ મને તેમને ત્યાં રાખેલો. એ મારાં આધ્યાત્મિક 'મા' હતાં.

## ૨. શ્રીમોટાનો જન્મ અને તે પછી

» શ્રીમોટાના શરીરના જન્મ સંબંધે તેમનાં મોટાં ભાભી પૂ. કાશીબાએ જણાવેલું કે, હું **મોટા**થી છ-સાત વર્ષે મોટી હોઈશ. મારું લગ્ન નાની ઉંમરે થયેલું, ત્યારે મારાં સાસુ ઘણીવાર કહે કે, ચૂનિયાના જન્મદિવસે

મારાં દેરાણીનું તેરમું હતું. તે દિને કેટલાંકને જમવાને નોતરેલાં. સાંજ થવા આવી હતી ને ઘણાંખરાં જમવાને આવી ગયેલાં, પણ એક વિદ્યાર્થીને નિમંત્રેલો તે કેમે કરી આવ્યો નહિ. મારાં સાસુ તેની ચિંતા કરે ને જીવ બાળે કે એ વિદ્યાર્થી આવી જાય તો કેવું સારું! પછી નિરાંતે 'છૂટકો' થાય. ત્યારે તેમની તબિયત સારી ન હતી લાગતી અને પ્રસવપીડાની શરૂઆત કળાતી હતી. એટલામાં પેલો વિદ્યાર્થી આવ્યો ને સાસુને નિરાંત વળી. એ ક્ષણે રામજી મંદિરે આરતી પણ શરૂ થઈ અને બીજી બાજુએ 'મોટા'નો જન્મ થયો.... ને પછીની સ્થિતિ વિશે કાશીબા કહે છે :

'અમારી ગરીબીની શી વાત કરું ? શ્રીમોટાના જન્મ પછી સવા મહિના સુધી મારાં સાસુએ રોટલો ને કોદરી ખાધેલાં એમ તે કહેતાં. દર દિવાળીએ બધાંને એક ડગલી ને પોતડી કરાવે. શ્રીમોટા જાડો ઝભ્ભો, પોતડી ને ધોળી ટોપી પહેરતા. સ્મશાને સૂવા જાય ત્યારે હાથમાં એક લાકડી, ધાબળી ને એકાદ ચોપડી કે નોટબુક કોઈવાર સાથે રાખે.

» પરણ્યા પછી એમની વહુ ગુજરી ગઈ ને બધાં રોવા કૂટવા લાગ્યાં ત્યારે તે કહે કે, એમાં રડવાનું શું ? છતાં બધાં છાનાં ન રહે તો એ કહેતા કે, આવું કરશો તો હું બાવો બની ચાલ્યો જઈશ. આમ છતાં તેમનાં સાસુસસરાને મળવા તે ગયા હતા—આશ્વાસન આપવા! પછી તો તેમની સાથે કોઈ સંબંધ રહ્યો નથી.

## ૩. સેવા અને સાધના

» શ્રીમોટાનાં બામાં સહિષ્ણુતાનો સારો ગુણ હતો. મોટો દીકરો આર્યસમાજી અને પોતે ચુસ્ત વૈષ્ણવ છતાં તેમનું બધું કહ્યું તે કરતાં. ૧૯૩૨-'૩૩માં શ્રીમોટા તેમનાં બાની સાથે નવસારી આશ્રમે રહે. ત્યાં શ્રી હેમંતકુમાર નીલકંઠ સાથે સંબંધ થયો. શ્રી હેમંતકુમાર સુરત

તેમના પિતાજી કને ગયા. તેમની સાથે શ્રીમોટાનાં બા પણ ગયાં હતાં. શ્રી હેમંતકુમારના પિતાજી પ્રાર્થનાસમાજી એટલે રોજ **'ઈશ્વરપ્રાર્થનામાળા'** વાંચવાની. શ્રી હેમંતકુમાર મોટેથી વાંચી સંભળાવે. બા પણ તે સાંભળે. તે પુસ્તકમાં એવું આવે કે 'મૂર્તિપૂજાને માને મૂઢજનો.' છતાં બા શાંતિથી એ સાંભળ્યા કરે. એકવાર શ્રી હેમંતકુમારે તેમને પૂછ્યું કે, ''આ પુસ્તકમાં તો આવું આવે છે તોય કેમ શાંતિથી સાંભળો છો ?'' ત્યારે તેમણે એમ કહ્યું કે, ''હશે, ભઈ, કંઈ નહિ. ભગવાનનું નામ તો લેવાય છેને ?'' આવી તેમની ઉદારતા હતી. આ ઉદારતા અને સહિષ્ણુતાના ગુણો શ્રીમોટામાં સારી પેઠે ઊતર્યા છે.

» નવજીવનના નિવૃત્ત વ્યવસ્થાપક શ્રી જીવણજી દેસાઈના મોટાભાઈ શ્રી લાલભાઈ પણ શ્રીમોટાને 'ચૂનિયા' કહીને બોલાવે. શ્રી લાલભાઈ છાપરા ગામે રહે ને નવસારી જતાં રસ્તા ઉપર જ આવેલા હરિજન આશ્રમમાં વિસામો લઈને જતા. આપણા 'ચૂનિયા'ભાઈ લાલભાઈને પ્રેમથી આવકારે, વાતો કરે, ત્યારે શ્રીમોટાની ઉંમર ૩૪-૩૫ની તો ખરી જ. લાલભાઈ એમને 'ઓળખે' નહિ. એમનું અવસાન થયું એ પહેલાં શ્રીમોટા તેમને જોવા ગયા ત્યારે શ્રીમોટાને જોતાં જ શ્રી લાલભાઈ તેમને ભેટી પડ્યા!

» વિદ્યાર્થી તરીકેની છાપ વિશે શ્રી રમણલાલ દેસાઈ લખે છે કે, વર્ગમાં તેઓ પ્રથમ સ્થાને જ રહેતા.... નાનાલાલના 'ઇંદુકુમાર'નો એક પ્રવેશ મેં વાંચ્યો ને વિદ્યાર્થીઓ ઉપર પડેલી તેની છાપ નિહાળવા મેં વિદ્યાર્થીઓ પાસે તેની લેખી અસર માગી. મને હજુ યાદ છે કે એ સર્વ લખાણોમાં ભગતનું લખાણ મને પ્રસન્ન કરી શક્યું હતું.

» સાબરમતી આશ્રમે એક પાડોશીનો દીકરો માંદો હતો. તેને વા. સા. હૉસ્પિટલમાં રાખવામાં આવેલો, ત્યારે પણ તેની સેવા તેમણે

નિરપેક્ષ ભાવે રાતોની રાતો કરેલી છે. (જુઓ પાન નં. ૬૫૫).

» ૧૯૩૭માં શ્રી હેમંતકુમાર નીલકંઠ ગુજરાત વિદ્યાપીઠમાં શિક્ષક હતા. સામાન્ય રસોડાનું ખાવાનું તેમને પચતું નહિ, ભાવતું નહિ. એટલે એક દિવસ શ્રી ચૂનીભાઈ તેમના ઘેર લઈ ગયા—સાબરમતી હરિજન આશ્રમે. ત્યારે તેમનાં બા સૂરજબા અને કાશીબા (મોટાનાં વિધવા ભાભી) તેમની સાથે રહેતાં હતાં. ત્યારે ઘરની આવક ઘણી ઓછી છતાં શ્રીમોટા તેમને દૂધ પીવા આપતા.

» શ્રીમોટા આમ તો હરિજન સેવક સંઘના જોડિયા મંત્રી હતા. સ્વ. પરીક્ષિતભાઈની તદ્દન સમાન કક્ષાના, છતાં તેઓ તેમના મદદનીશ હોય એવો દેખાવ કરતા. ત્યારે એમનાથી મોટી ઉંમરના આશ્રમના એક ભાઈએ કશાક કારણે ચિડાઈને એમને કહ્યું કે, ''તમે તો ગધેડા છો.'' ''હા, હું ગધેડો છું, કેમ કે ભગવાનને ભૂલ્યો છું.'' કહીને એ વાતનું નિરાકરણ કર્યું હતું. પાછળથી તેમણે એ જ વાત પર કાવ્ય લખીને તે ભાઈને આપ્યું હતું.

» એકવાર શ્રી મોટાને બગલબામલી થયેલી—બંને બગલોમાં. તેને ધોવાનું તેઓ જાતે જ કરે. તેનું ઘણું દરદ થાય છતાં એક પણ દિવસ તેઓ ઑફિસે મોડા નથી ગયા કે કચરાની સાફસૂફી ન કરી હોય એવું બન્યું નથી.

## ૪. સદાનો ઋણી હરિજન સેવક સંઘ

★સવારથી સાંજ કામમાં તન્મય અને ગુજરાત હરિજન સેવક સંઘના જોડિયા મંત્રી હોવા છતાં વર્ષો સુધી તેમણે કારકુની કામ કર્યાં કર્યું. આ બધી બાબતોની કદર મને તે વખતે હતી કે નહિ તે યાદ નથી, પણ હવે (૧૯૫૦)માં યાદ કરું છું, ત્યારે એ દિવસો બહુ યાદ આવે છે. સતત રોજિંદાં કામના પ્રસંગો છતાં 'ઘર્ષણ' જેવી ગંધ કદી

★(શ્રી પરીક્ષિતલાલ મજમુદારના લેખ ઉપરથી)

આવી નથી અને ગુજરાત હરિજન સેવક સંઘના મારાં કામના નિર્ણયો અંગે તેમણે કદી વાંધો કે મતભેદ ઉઠાવ્યો જાણ્યો નથી. આ દિવસોમાં રોજ લાંબાં લાંબાં ભજનોનાં કાવ્યો લખવાં એ તેમને માટે સ્વાભાવિક થઈ ગયું હતું. ઘણીવાર આશ્રમની સાયંપ્રાર્થનામાં અમે તેમને ભજન ગાવાનું સૂચવતા અને તેઓ ભજનમાં તન્મય બની જતાં. એમનાં ભજનોમાં તે દિવસોમાં ઈશ્વરની મહત્તાનાં વખાણ અને વર્ણન તથા મનુષ્ય સ્વભાવ અને જીવનની પામરતાનું વર્ણન તરી આવતું. એ દિવસોમાં રાત્રે તેમને ઊંઘ ન આવતી એવી એમની ફરિયાદ રહેતી. રાત્રે જ્યારે જાગીએ ત્યારે શ્રી ચૂનીભાઈ પથારીમાં કંઈ ગણગણતા હોય. ક્યારે ઊંઘ આવે તે સમજણ નહિ, છતાં સવારે કામ પર હાજર હોય. કોઈ કોઈવારે મોડી અંધારી રાત્રે તેઓ સ્મશાન-વાસ કરતા એવું પાછળથી તેમના તરફથી જાણવા મળતું ત્યારે અમને આશ્ચર્ય પણ થતું.

સંજોગવશાત્ હરિજન સેવક સંઘને આર્થિક ભીડ જણાવા લાગી અને અમારું કામ તો વધતું જતું હતું. આ પ્રશ્ન તેમને મૂંઝવતો. એટલે આશ્રમની પડોશમાં એક શ્રીમંત મિત્રને ત્યાં ટ્યૂશન લીધું અને આખા દિવસના કામ ઉપરાંત બપોરે કે સાંજે ટ્યૂશન કરી તેમાંથી મળતા માસિક રૂ.૩૨/- સંઘમાંના પોતાના વેતન પેટે જમા આપવા માંડ્યા. ત્યાગની આ એક જાતની પરાકાષ્ઠા હતી. જોકે તેની કિંમત આંકવાની સૂઝ મને તે વખતે ન હતી એમ મારે સ્વીકારવું જોઈએ. આ વખત દરમિયાન તેમના મિત્રો-પ્રશંસકોનું જૂથ વધવા લાગ્યું. આ દિવસોમાં તેમના જીવનને ધન્ય કરે તેવા ભવિષ્યના સૂચક પ્રસંગો જે સામાન્ય ભાષામાં ચમત્કાર કહેવાય તે બનતા ગયા, પણ તેઓ જ્યાં હોય ત્યાં હરિજન સેવક સંઘનું ઉઘરાણું ચૂકતા નહિ. એટલું જ નહિ પણ સંઘને કાયમી મદદ આપે તેવાં કેટલાંક નામો મળી ગયાં.

હરિજન સેવક સંઘમાંથી રોજિંદા કાર્યકર્તા તરીકે તેઓ ૧૯૩૯માં છૂટા થયા. પણ સને ૧૯૪૨ની લડત વખતે સંઘની આર્થિક બાજુ પર તેમણે ધ્યાન આપ્યું અને મુંબઈથી અપરિચિત હોવા છતાં ત્યાં દોડી ગયા અને ૧૯૪૪માં હું જેલમાંથી બહાર આવ્યો, ત્યારે સંઘની આર્થિક જમા બાજુ તરતી હતી અને સંઘની પ્રવૃત્તિ ચાલુ હતી. તેનો યશ શ્રી

ચૂની-ભાઈને અને શ્રી હેમંતભાઈને છે. ત્યારથી આજ સુધી શ્રી ચૂનીભાઈએ સંઘમાં પ્રત્યક્ષ ન હોવા છતાં પ્રત્યક્ષની જેમ રહીને સંઘને નાણાકીય મદદ આપવામાં ભારે મહેનત કરી છે.

આ બધી તાકાત મેળવવા પાછળ શી શી સાધના, ત્યાગ કે તિતિક્ષા હશે, શાં શાં પ્રેરક બળો હશે એ તો કોઈ વીરલો જ કહી શકશે, પણ તદ્દન ગરીબીમાં ઊછરેલો, અજાણ્યો અને સાધન વિનાનો માનવી, માત્ર સ્વપ્રયત્નથી અને પ્રભુમાં વિશ્વાસ રાખી તેનાથી ડરીને ચાલનારો માણસ કયું સ્થાન પ્રાપ્ત કરી શકે તે જોવાને માટે શ્રી ચૂનીભાઈનું જીવન એક સુંદર દાખલો પૂરો પાડે છે.

ગુજરાત હરિજન સેવક સંઘ તો તેમનો સદાનો ઋણી છે જ. સંઘ બાહ્ય દૃષ્ટિએ છોડ્યા પછી પણ તેમણે સંઘની અણમોલ સેવા કરી છે અને સંઘના ચાલુ કામ ઉપરાંત દુષ્કાળ, રેલસંકટ વગેરે પ્રસંગે તેમના મિત્રો અને શુભેચ્છકો પાસેથી તેમણે મદદો અપાવી છે.

અધિકારનો લાભ નહિ, નામનાની પરવા નહિ, છતાં સેવામાં મોખરે રહેવાનો અલૌકિક ગુણ કેળવવા માટે તેમને ધન્યવાદ ઘટે છે અને ઈશ્વરે આ સદ્‌ગુણનું ભાજન તેમને બનાવવા માટે તેમને અભિનંદન ઘટે છે.

## ૫. શ્રીમોટાની સાધનામાં સાંઈબાબા

સન ૧૯૩૮નો સમય. સ્થળ કરાંચી. કાળીચૌદશની મધરાત. શ્રીમોટા દરિયામાંના એક ખડક પર બેઠેલા. બાજુમાં સાગર ઘૂઘવી રહ્યો છે. જ્યારે તેઓ ધ્યાનમાં ઊતરવાની તૈયારીમાં હતા, ત્યારે એક ફકીર જેવો પુરુષ તેમની આગળ પ્રકટ થાય છે ને નીચે પ્રમાણે તતડાવે છે :

‘‘ઈધર ક્યોં બૈઠા હૈ ?’’

‘‘ભગવાન કે ધ્યાન મેં.’’ શ્રીમોટાએ ઉત્તર વાળ્યો.

‘‘ક્યોં ?’’

‘‘યહ મસ્ત લોગોં કી જગા હૈ.’’

''મુઝે ભી મસ્ત બનના હૈ.''

''લેકિન ઈધર સે તુમ ચલે જાવ.''

''નહીં જા સકતા.''

''તો મારેગા.''

''બહોત અચ્છા.'' શ્રીમોટાએ એટલી જ નિર્ભયતા ને મક્કમતાથી જવાબ આપ્યો.

એટલે પેલા ઑલિયાએ એક મોટો પથ્થર ઉપાડીને શ્રીમોટા ઉપર ફેંક્યો. પથ્થર તેમના માથાને ન વાગ્યો પણ માથાના વાળને સ્પર્શ કરીને આબાદ રીતે પસાર થઈ ગયો. એ સ્પર્શ થતાં જ શ્રીમોટાને અંતરમાં અંતરથી લાગી જ ગયું કે આવો મોટો પથ્થર આવી આબાદ કળાથી ફેંકનાર માનવી કોઈ સામાન્ય ન હોવો જોઈએ, પરંતુ કોઈ દેવાંશી આત્મા જ હોવો જોઈએ. એટલે તેમણે નીચા નમીને ફકીરનાં ચરણો પકડી લીધાં ને તુરત જ ઊંડા ધ્યાનમાં ઊતરી ગયા. કેટલીક વાર પછી પગની પકડ છૂટી ગઈ અથવા તે મહાત્માએ વછોડાવી અને વહેલી સવારે પોતાના ઉતારે પાછા ગયા.

તે વખતે કરાંચીમાંથી 'કરાંચી ડેઈલી' નામનું દૈનિક પ્રકટ થતું, જેના તંત્રી તરીકે શ્રી શર્મા હતા. તેમને ત્યાં શ્રીમોટા ગયેલા. તેમની આંગળી પર એક વીંટી હતી, જેની પર એક છબી જડેલી હતી. તે જોઈને શ્રીમોટાએ પૂછ્યું, ''આ છબી કોની છે ?'' ''સાંઈબાબાની.'' ''એમ ?! મેં ગઈકાલે રાત્રે એનાં દર્શન કર્યાં.'' અને રાત્રે બનેલી બધી વાત તેમણે કહી. ત્યારે શ્રી શર્મા પૂછે, ''એ કેવી રીતે બને ? સાંઈબાબાનો દેહ ૧૯૧૮માં પડ્યો. આજે ૨૦ વર્ષ થયાં! એ ક્યાંથી હોય ?'' વળી, તેમને યાદ આવ્યું એટલે કહે, ''એમની મોટી છબી જોવી છે ?'' એમ કહીને ગળામાં પહેરેલ સાંકળીમાંના લૉકેટમાં જડેલી સાંઈબાબાની મોટી છબી બતાવી. એ જોઈને શ્રીમોટાએ કહ્યું, ''બરાબર આમનું જ મને પ્રત્યક્ષ દર્શન થયું.'' આ રીતે સાંઈબાબાએ શ્રીમોટાની સાધનામાં પ્રવેશ કર્યો. ''મારી સાધનામાં ફાઈનલ ટચ—છેલ્લો સ્પર્શ—સાંઈબાબાનો હતો.'' એમ તેમણે ઘણીવાર કહ્યું છે.

જોકે તેમના શ્રીસદ્‌ગુરુ તો જબલપુર પાસેના સાંઈખેડા ગામથી દૂર જંગલમાં રહેતા શ્રીકેશવાનંદજી—શ્રીધૂણીવાળાદાદા નામે જાણીતા અવધૂત હતા. જેઓ દિગંબર અવસ્થામાં ધૂણી ધિકાવીને બેસી રહેતા ને આકડાનાં ફૂલની માળા ગ્રહણ કરતા—હનુમાનજીની જેમ થોકબંધ આકડાની માળાઓ પહેરી રાખતા.

શ્રીધૂણીવાળાદાદાએ એકવાર શ્રીમોટાને તેમના સાધનાકાળ દરમિયાન જણાવેલું કે, ''હું સાંઈબાબા છું, ઉપાસની મહારાજ છું, હું તાજુદ્દીનબાબા છું, હું અક્કલકોટનો સ્વામી છું.'' એટલું જ નહિ પણ જ્યારે શ્રીમોટા આવું સાંભળીને સમજી નહિ શકવાથી વિચારમાં પડી ગયા, ત્યારે ગુરુમહારાજે પોતાના હૃદયપ્રદેશ આગળ આંગળી મૂકીને તેમને કહ્યું, ''અહીં જો.'' ને શ્રીમોટાએ શું જોયું ? એ ચારે મહાત્માઓ ત્યાં બિરાજેલા! આની પ્રતીતિ શ્રીમોટાને સાધનામાં આગળ વધતાં પ્રત્યક્ષપણે થયેલી. એ બધાય મહાત્માઓ તરફથી તેમના પર કૃપાદૃષ્ટિ થયેલી. અજ્ઞાતદશામાં તેમણે શ્રીઉપાસની મહારાજની નડિયાદમાં સેવા કરેલી અને પછી ૧૦-૧૨ દિન સુધી તેમના આશ્રમે (સાકોરીમાં) રહીને કૃપાપ્રસાદી મેળવેલી. સાંઈબાબા તેમને કરાંચીમાં મળેલા. જ્યારે તેઓ સાબરમતી આશ્રમમાં હતા, ત્યારે તેમના સ્વપ્નમાં આવીને સાંઈબાબાએ કરાંચી જવા હુકમ કરેલો ત્યારે, ''પૈસા આપો તો જાઉં.'' એવો ઉત્તર તેમણે આપેલો. ને તે પછી અજાણી વ્યક્તિ તરફથી સાંઈબાબાની સૂચનાનુસાર રૂ. ૬૦ની રકમ રજિસ્ટર્ડ પોસ્ટથી તેમને મળી હતી.

પરંતુ બાકીના બે મહાત્માઓ વિશે તેમણે ક્યાંય લખ્યું નથી કે કોઈને કશું જણાવ્યું પણ નથી, કેમ કે તેના કોઈ સાક્ષી ન હતા. જોકે એ બંને સત્‌પુરુષો તરફથી પ્રસાદી મળી હતી એમ તેમણે જણાવ્યું છે.

એટલે સાંઈબાબાનું શ્રીમોટા સમક્ષ પ્રકટ થવાનું નિમિત્ત પણ તેમના પોતાના ગુરુમહારાજ જ હતા. એ બધા સંતો સ્થૂળપણે અલગ છતાં એક જ ચેતનના આવિર્ભાવ હતા અને શ્રીમોટા તે સઘળા સત્‌પુરુષો પરત્વે પોતાના જ ગુરુમહારાજની ભાવના દૃઢાવતા એટલું જ નહિ પણ તેમનામાં પોતાના ગુરુમહારાજનું જ દર્શન કરતા.

કરાંચીમાં ૧૯૩૮ દરમિયાન રમજાન મહિનામાં શ્રીમોટાએ રોજા કરેલા અને ઈદના દિવસે ઈદગાહના મેદાનમાં નમાઝ પઢવા ગયેલા. ત્યાંથી પાછા ફરતાં 'શ્રીસદ્‌ગુરુ' (સાંઈબાબા)ની આજ્ઞાથી તેમણે કરાંચી શહેરનો છ-સાત માઈલનો વિસ્તાર તદ્દન નગ્નાવસ્થામાં ચાલી-દોડી ગયેલા. પણ એટલું ફરીથી સમજી લઈએ કે સાંઈબાબાનો હુકમ એ પોતાના સદ્‌ગુરુનો હુકમ છે એમ ગણીને તેનું પ્રેમભક્તિપૂર્વક પાલન કરવામાં તેમને જરાયે આનાકાની કે વિલંબ લાગતો નહિ, તેથી તેમણે આ પ્રસંગના ઉલ્લેખમાં 'સાંઈબાબા' ને બદલે 'સદ્‌ગુરુ' શબ્દ વાપર્યો છે. આવો બીજો અનુભવ આવે છે દરિયામાં ચાલ્યા જવાની આજ્ઞા અને તેનું પ્રેમપૂર્વક પાલન.

સાંઈબાબાએ કરાંચીમાં એકવાર શ્રીમોટાને કહ્યું કે, ''મારા સ્થાને (શિરડી) જા.'' પરંતુ શ્રીમોટાને ત્યારે ત્યાં જવાની જરૂર નહિ લાગેલી. મળેલું કર્મ ને મળેલી પરિસ્થિતિ એ છોડીને તેઓ ક્યાંય જતા નથી. આ દરમિયાન શ્રીમોટા જેમને 'બાપુ' તરીકે ગણતા હતા તેમને અગમ્ય રીતે સ્ફુરણા થઈ કે શિરડી જવું ને શિરડીમાં મૌનએકાંત લેવું. શ્રીમોટાને સ્વાનુભવમાંથી મૌન-એકાંતની સાધના હાથ લાગી ગઈ હતી એટલે જિજ્ઞાસુઓને તે માર્ગે વાળવા લાગ્યા હતા. તેમના 'બાપુ'એ કહ્યું કે, ''મને શિરડીમાં મૌન આપ.'' શ્રીમોટા કહે કે, ''પારકા પ્રદેશમાં જ્યાં આપણને કોઈ ઓળખે નહિ, ત્યાંની ભાષા આપણે જાણીએ નહિ તેવા સ્થળે મૌન કેમ લેવાય ?'' ત્યારે બાપુ કહે કે, ''અરે! પૈસા ખર્ચીએ તો બધું શક્ય બને છે.'' અને શ્રીમોટાને લઈને તેઓ શિરડી ઊપડી ગયા. શ્રીમોટાની સમજમાં આવી ગયું કે, ''આ તો સાંઈબાબાની કરામત છે! એમની ઇચ્છા એવી કે મારે તેમના સ્થાને જવું. એટલે તેમણે જ આ પ્રસંગ ગોઠવ્યો!'' અને એક માસ સુધી શિરડીમાં સાંઈબાબાના સમાધિમંદિરની સામે ઉપરનો બધો ભાગ ભાડે રાખીને ''બાપુ''ને મૌન આપ્યું. શિરડીમાં તેઓ બંનેને સાંઈબાબાના એક પ્રખ્યાત ભક્ત અબ્દુલબાબાની મુલાકાત થઈ. વાતવાતમાં અબ્દુલબાબા શ્રીમોટાને સંબોધીને કહે કે ''તમે તો અમારા કુટુંબના છો.'' આવી રીતે એક ભક્તે બીજા ભક્તને ઓળખી કાઢ્યા.

## ● શ્રીમોટાઃ મુક્તાત્મા ●

### ૧. કેવા મહાત્મા

શ્રી નંદુભાઈ લિખિત **'આશ્રમની અટારીએથી'**માં એક પ્રસંગ આવે છે. ૧૯૬૧માં સુરત આશ્રમ પાસેના શિવાલયના જીર્ણોદ્ધાર માટે એક મહારુદ્ર યજ્ઞ યોજાયેલો. એમાં શ્રીમોટાને મુખ્યપદે બેસાડીને મુખ્ય ઋત્વિજે વિધિસર પૂજા કરી અને યજ્ઞમાં બેસનાર દંપતીએ એમને હારતોરા પહેરાવી ચાંદલા કર્યા. જાણે યજ્ઞના અધિષ્ઠાતા દેવ શ્રીમોટા હોય તેમ તેમનું સન્માન કર્યું. એટલે યજ્ઞમાં આવનાર લોકો તેમનાં દર્શને જવા લાગ્યાં. એટલામાં શ્રીમોટા ત્યાંથી વિદાય થઈ ગયા એટલે ભક્તો પૂછવા લાગ્યા કે 'શ્રીમોટા ક્યાં ?' સેવકો પરબ તરફ આંગળી ચીંધી કહે, 'જુઓ પેલા પાણી પાય તે.' માથે ફાળિયું ને નીચે લુંગી પહેરેલા શ્રીમોટા બધાંને પાણી પાતા જાય અને બોલતા જાય, ''મને અડશો નહિ.... અહીં પાઈ પૈસો મૂકતાં જાવ.... મારો પગાર કેમ નીકળશે!'' લોકો મનમાં વિચારતા જાય કે કેવા મહાત્મા! ઘડીમાં યજ્ઞમાં પૂજા સ્વીકારતા હતા ને ઘડીકમાં પાણી પાવા બેઠા !? શ્રીમોટાને કશી મોટપ કે નાનમ કે સંકોચ નથી.

આ જ શિવાલય પાસેના તાપી નદીના ઓવારાનો જીર્ણોદ્ધાર શ્રીમોટાએ રૂ. ૧૦,૦૦૦ના ખર્ચે કરાવ્યો હતો, જેમાં ૫-૬ હજાર તો તેમણે પોતાના આપેલા—એટલે કે આશ્રમના. જ્યારે આ જીર્ણોદ્ધારના ખાતમુહૂર્તની ક્રિયા શ્રીમોટાને હસ્તે કરાવવાની ઇચ્છા તેના સંચાલકોએ વ્યક્ત કરી ત્યારે તેમને બહારગામ જવાનું હતું, એટલે પોતે તો તે કરી નહિ શકેલા ને બીજાને તેમની સલાહ અનુસાર તે વિધિ માટે બોલાવવા પડેલા.

### ૨. ડોક્ટરનો અદ્ભુત બચાવ

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન લશ્કરમાં આંખના એક ગુજરાતી ડૉક્ટર નોકરી કરે. (તેઓ અત્યારે હયાત હોઈને નામ આપવું ઠીક

નથી.) અમેરિકા, યુરોપ અને આખરે જાપાન ગયેલા અને જાપાની લશ્કરના હાથમાં ઝડપાઈ ગયેલા. તેમના હાથમાંથી ગમે તેમ છૂટીને ભારે યાતનાઓ વેઠીને ભારતમાં નાસી આવેલા. સુરતના તેમના એવા જ એક દાક્તર મિત્ર જે આશ્રમને અને શ્રીમોટાને જાણે તેમની મારફત ડૉક્ટર સાત દિન માટે મૌનમાં બેઠા. બહાર નીકળવાના બે-ત્રણ દિવસ અગાઉથી તેમની અસ્વસ્થતાની નિશાનીઓ મળી હતી. બહાર નીકળ્યા બાદ આશ્રમના નિયમ મુજબ, વરસાદની મોસમને લઈને બધાં પડાળીમાં પ્રાર્થના માટે ભેગાં થયાં ત્યારે શ્રીમોટા ત્યાં જ હતા. પણ પેલા દાક્તર બહાર ચોકમાં આંખો મીંચીને બેસી રહ્યા. ઘણાને એમ લાગ્યું કે ધ્યાનમાં કે ભાવાવેશમાં છે એટલે તેમને જગાડ્યા નહિ. પ્રાર્થના પૂરી થયા બાદ બહાર આવતાં દાક્તર અદૃશ્ય! ઘણે ઠેકાણે તપાસ કરી પણ નિરાશા. ત્યારે તાપી બે કાંઠે હતી. બગીચાનો ઝાંપો ઉઘાડો જોવામાં આવ્યો. ત્યાંથી પસાર થયેલ માણસનાં પગલાં તાજાં પડેલાં જોવામાં આવ્યાં ને તે નદીમાં પૂરાં થતાં હતાં, એટલે નદીમાં જ તે પડ્યા હશે એવું અનુમાન થયું.

એમના (સુરત ખાતેના) ડૉક્ટર મિત્રે શ્રીમોટાને જણાવ્યું કે આ પહેલાં બે-ત્રણ વાર ગાંડપણના હુમલા આવેલા એટલે તે વખતે તેઓ ભાંગફોડ કરે, મારામારી કરે. ડૉક્ટરને તરતાં આવડતું હતું કે કેમ તેની કોઈને ખબર નહિ. લોકો ચારેતરફ તપાસ કરવા નીકળી પડ્યા. શ્રીમોટા ત્યારે નદી કિનારે બેઠા.

થોડીવારે તેઓ જડ્યા. આશ્રમથી દોઢેક માઈલ દૂર રાંદેર નામે ગામ છે. ત્યાં ખલાસીઓ ને ગામના છોકરાઓ નદીમાં નાહવા પડેલા ને માછલીઓ પકડતા હતા. તેઓએ ત્યાં કોઈક તણાઈ આવતા માનવીને જોયો. તેને પેલા લોકોએ પકડ્યો ને હડસેલો મારીને દોરડા નાંખીને કિનારે ખેંચી આણ્યો હતો. મંદિરમાં થાંભલાની સાથે તેમને બાંધી દીધા, કેમ કે નાગા થઈને તોફાન કરતા હતા. દરમિયાન આશ્રમેથી પેલા ડૉક્ટર મિત્ર ને બીજાઓ તે જગ્યાએ જઈ પહોંચ્યા. જેમ તેમ કરીને તેમને ગાડીમાં બેસાડીને આશ્રમે લાવ્યા ને સુરતના

ડૉક્ટર મિત્રને ઘરે બધાં ગયાં. એમણે ઘરમાં પણ ઘણું તોફાન કર્યું. ધોતિયું ફેંકી દીધું. કાચની બરણીઓ ફોડી નાંખી. રેડિયો ઊંચકીને દૂર ફેંકી દીધો, પણ સદ્ભાગ્યે રેડિયાને કશું નુકસાન થયું નહિ. માંડ માંડ કાબૂમાં રાખી તેમને જમાડ્યા ને દોઢ વાગ્યાના ફાસ્ટમાં અમદાવાદ તેમના ઘરે લઈ જવાનું નક્કી કર્યું.

તેમના બે મિત્રો સાથે તે સુરત સ્ટેશને આવી પહોંચ્યા. શ્રીમોટા પણ આ જ ગાડીમાં નડિયાદ જવાના હતા, એટલે તેઓ અને તેમના મિત્રો શ્રીમોટાની સાથે પહેલા વર્ગના ડબ્બામાં બેઠા. શ્રીમોટાની સાથે બેસાડ્યા એ આશાએ કે તે શાંત રહે. અત્યાર સુધી એમણે શ્રીમોટાને જોયા ન હતા. આ વખતે પહેલીવાર જોતાં તેઓ શ્રીમોટાને ભેટ્યા ને શ્રીમોટાએ પણ તેમને વહાલ કર્યું. તેઓ શાંત રહ્યા. ઘડીકમાં હસે, ઘડીકમાં ગંભીર થઈ જાય, પણ કાંઈ તોફાન કર્યું નહિ. અમદાવાદ પહોંચ્યા પછી પણ શાંત રહ્યા.

પેલો પ્રસંગ બન્યો તે બાદ બે દિવસ પછી પેલા ડૉક્ટર અને તેમનાં પત્ની નડિયાદ આશ્રમે શ્રીમોટાને પગે પડવા ગયાં. તેમણે બંનેએ શ્રીમોટાને હારતોરા પહેરાવ્યા બાદ પાસે ઊભેલા શ્રી નંદુભાઈએ કહ્યું કે, ''પ્રભુનો પાડ માનો કે તમને તરતાં આવડતું હતું. તેથી બચી ગયા.'' ત્યારે ડૉક્ટર તુરત જ બોલી ઊઠ્યા, ''ના, મને તરતાં બિલકુલ નથી આવડતું. હું નદીમાં નાહવા ગયો હતો. તેમાં આગળ વધતાં વધતાં પાણીનો એક હિલોળો આવતાં હું તેમાં ઘસડાયો. છેલ્લી વાર જમીન ઉપર પગ ટકેલા એટલું યાદ છે. પછી શું થયું તેની ખબર નથી. હું પાણીમાં ડૂબી કેમ ના ગયો તે જ મોટું આશ્ચર્ય છે! બહારથી મને કશું ભાન ન હતું!''

આશ્રમમાંથી જતાં પહેલાં એમણે અને એમનાં પત્નીએ દરેકે શ્રીમોટાને પગે પડીને ૧૦૮ રૂપિયાની ભેટ મૂકી. શ્રીમોટાને એમણે લખેલા એક પત્રમાં આમ જણાવ્યું હતું :-

*''શ્રીતાપી માતાનાં પાણી આ શરીર ઉપર ફરી વળ્યાં ને માથા પર પાણી આવી ગયાં ત્યારે 'તવ ઈચ્છા પ્રભુ સદાય મારી' એ સ્વામી*

*રામતીર્થની પ્રાર્થના મારાથી બોલાઈ ગઈ અને જીવ સહીસલામત બહાર કોઈ અલૌકિક રીતે આવી શક્યો તે પ્રસંગમાં હરિઃૐ આશ્રમ અને તેના પ્રણેતાનું ગૌરવ પ્રકટાવવાની એની ઈચ્છા હતી તે સિદ્ધ થાય છે."*

## ૩. ૧૫મી ઑગસ્ટની ઉજવણી★

તા. ૧૫-૮-૧૯૬૭ના રોજ કુંભકોણમ્‌માં તેઓ સવારે ૮-૩૦ વાગ્યે શ્રી નંદુભાઈના ભાઈ શ્રી હસમુખભાઈની રાહ જોતા આશ્રમે બેઠા હતા. તેઓ તેમની સાથે મોટરગાડીમાં એક સ્થળે જવાના હતા. ૮-૩૦ વાગતાં ગાડી દેખાઈ નહિ એટલે તેઓ નીકળ્યા. ગાંધી ટોપી, લંગોટ અને ચંપલ પહેરીને—બસ આટલું જ! કદાચ સામે રસ્તામાં શ્રી હસમુખભાઈ મળી જશે એવી આશામાં તેમણે ચાલવા માંડ્યું. એમ ચાલતાં ચાલતાં તેઓ છેક પેઢીના મકાન સુધી પહોંચી ગયા. ત્યારે ખબર પડી કે શ્રી હસમુખભાઈ બીજા ઘણા અગત્યના કામમાં રોકાઈ ગયા ગયા એટલે નીકળી શકાયું નહિ. તેમનો આવો વેશ જોઈને કોઈને ખાસ આશ્ચર્ય તો ના થયું, કેમ કે તેમની વર્તનરીતિથી પરિચિત હતા.

## ૪. સૂક્ષ્મ વિવેકના જ્ઞાતા★★

૧૯૬૧માં શ્રીમોટાના નાના ભાઈની પુત્રીનાં લગ્ન હતાં. એટલે તેઓશ્રી તથા તેમની મંડળી વહેલી સવારે ગણેશ સ્થાપના વેળા ગયા. કન્યાના મામા શ્રીમોટાના પ્રશંસક અને સ્થિતિએ સામાન્ય. શ્રીમોટાને ગાદીતકિયે બેસાડવાની વ્યવસ્થા થયેલી. તેઓ ત્યાં બેઠા. કન્યાના મામા પાથરણા પર બેઠેલા જોવામાં આવ્યા. એટલે તેઓએ ઊભા થઈને મામાને તેમનાવાળી જગ્યાએ, ગાદીતકિયે અતિ આગ્રહ કરીને બેસાડ્યા. આમ, કન્યાના મામા આશ્રમે આવે ત્યારે શ્રીમોટાને પગે

★ 'આશ્રમની અટારીએ' માંથી

★★'આશ્રમની અટારીએ' માંથી

પડે અને સામે નીચે બેસે, પણ આજનો પ્રસંગ જુદો હતો. શ્રીમોટા ત્યાં ગુરુ કે મહાત્મા તરીકે ગયા ન હતા પણ કન્યાના કાકા તરીકે ગયેલા અને મામાનું સ્થાન વિશિષ્ટ એટલે તેમને ઊંચા આસને જ બેસાડવા ઘટે. શ્રીમોટાની આ વિવેક ભાવના. દરમિયાન બીજા ન્યાતીલાઓ આવ્યા તેમને પણ ગાદી પર બાજુમાં બેસાડ્યા અને તેઓ ખસતાં ખસતાં ગાદીની કિનાર પર બહુ સિફતથી આવી ગયા.

આ ઘટના બહુ સામાન્ય લાગે, પણ શ્રીમોટા એમ શીખવે છે કે યોગ્ય સમયે યોગ્ય સ્થાને યોગ્ય વ્યક્તિને માન મળવું જ ઘટે. તેમના આવા સૂક્ષ્મ વિવેકના ઘણા પ્રસંગો જોવા મળે છે.

સુરત આશ્રમમાં સરકારી નોકરી કરતો નીચલા થરનો એક યુવક શ્રીમોટા પાસે લગભગ રોજ આવે અને ખૂબ સેવા કરે. જ્યારે તેના પિતા શ્રીમોટાનાં દર્શનાર્થે આવે, ત્યારે ખુદ શ્રીમોટા તેમને બાપાજી કહીને બોલાવે ને, ‘‘કેમ બાપાજી મઝામાં છોને ?’’ એમ પૂછે. એવી રીતે બધાં સ્વજનોના સંબંધે. ઘરે પાછાં જતાં સ્વજનને તેઓશ્રી અચૂક કહે, ‘‘બાને મારા પ્રમાણ કહેજો.’’ ‘‘ભાઈને મારા વતી વહાલ કરજે.’’ જ્યારે સ્વજનો તેમને સ્ટેશન પર લેવાં ગયાં હોય, ત્યારે તેઓશ્રી તેનાં ઘરનાં બધાં સગાં-સંબંધીઓની બહુ ભાવથી ખબર પૂછે, ‘‘કેમ, દાદાજીની તબિયત સારી છેને ?’’ ‘‘ભાઈનો અમેરિકાથી કાગળ આવે છે ?’’ વગેરે. શ્રીમોટાનું આ પાસું વિવેક કરતાં તેમનો હૃદયનો પ્રેમભાવ વધુ સૂચવે છે. શ્રીમોટાના બે-ત્રણ શબ્દો હોય છતાં કેવા અમૃતમય, હૃદયના ઊંડાણમાંથી આવતા હોય તેની ખબર પડી જાય છે. તેમનાં સ્વજનોનું એક અતિ વિશાળ વર્તુળ થયું છે તેનું કારણ તેમનો આ પ્રેમ છે. શ્રીમોટાના જીવનના આ પાસાને કવિ શ્રી કનૈયાલાલ દવેએ ‘‘મોટા તારો ડાયરો!’’ એ ગીતમાં હૂબહૂ સ્પષ્ટ કર્યું છે, એ અમને યાદ આવે છે.

એક દીઠો અવધૂત—સંત, મીઠો—
મોટા, —તારો છાંયડો રે લોલ.

જાણે વડલો ઘેઘૂર હો અદીઠો,
મોટા, તારો ડાયરો રે લોલ.

• • •

એની ચેતનાએ અમને જગાડ્યા,
ઊઘાડ્યાં ઉર - બારણાં રે લોલ.
જાણે માતાએ બાળને રમાડ્યાં
કરાવ્યાં ખોળે પારણાં રે લોલ.★

૧૯૬૦માં ડાકોરથી એક 'કિસાન સ્પેશિયલ' શ્રીમોટાના શુભહસ્તે ઉપાડવાનું નક્કી થયેલું. ત્યારે તેમણે ઓચિંતા સ્પેશિયલના ઍંજિન ડ્રાઇવરને ફૂલ-હારતોરા પહેરાવીને તેનું બહુમાન કર્યું હતું. જ્યારે ખુદ શ્રીમોટાએ પોતે એ ડ્રાઇવરને સન્માન્યા, ત્યારે આખો રેલવે સ્ટાફ આશ્ચર્યચકિત થઈ ગયેલો.

અને આવો જ સૂક્ષ્મ વિવેક ૧૯૭૦માં મુંબઈ ખાતે જોયો. મહારાષ્ટ્ર સરકારને અખિલ હિંદ ધોરણે ખુલ્લા સમુદ્રની તરણસ્પર્ધા દર વર્ષે યોજવા માટે શ્રીમોટાએ રૂ. એક લાખ આપવાનું નક્કી કર્યું. તે માટે મુંબઈના તેમના સ્વજન શ્રી ચંદ્રકાંત ર. મહેતા અને બીજાઓએ જાહેરખબરોનું સૂવેનીઅર બહાર પાડીને એક નૃત્યનાટિકા યોજેલી. ત્યારે **'બિરલા માતુશ્રી સભાગૃહ'**માં તે અંગેના સમારંભ વેળા, શ્રીમોટાની સૂચનાથી આશ્રમવતી શ્રી રાવજીભાઈ પટેલે શ્રી ચંદ્રકાંતભાઈનાં વયોવૃદ્ધ માતુશ્રીને ફૂલહાર અર્પણ કર્યાં હતા. માતુશ્રીએ એના સ્વીકાર સામે ઘણી આનાકાની કરી ત્યારે શ્રીમોટાએ કહેલું કે, ''મા વગર અમે આવું ક્યાંથી કરી શકવાના હતા ?''

આવો વિવેક વ્યવહાર આચરતા આપણે શ્રીમોટાને જોઈએ છીએ ત્યારે બીજી ક્ષણે વિસ્મય થાય છે કે, ''આ તે કેવા મુક્તાત્મા ?'' ભક્તોની સાથે વ્યાવહારિક વાતો કરતાં હોય અને વાતવાતમાં એમનાં માતૃશ્રી અને ગુરુમહારાજને યાદ કરતાં રડી પડતા હોય, તો કોઈ અગમ્ય કારણે ગુસ્સો કરતા હોય! આવી વિરોધી ખાસિયતો, લાક્ષણિકતાઓ જોતાં એમ લાગે કે આ સામાન્ય સાધુ નથી. સાત-

---

★'પૂજ્ય શ્રીમોટા હીરક મહોત્સવ સ્મૃતિગ્રંથ'માંથી

આઠ તીવ્ર શારીરિક રોગોના સપાટામાં હોવા છતાં પીડાને ''આનંદની લહરી''માં ફેરવી દઈ, સદાય હસતા, પ્રસન્નતા પાથરતા, થાક્યા વિના સતત કામ કરતા જોઈએ છીએ!

તેમને વ્યક્તિપૂજા જોઈતી નથી. તેઓશ્રી જેવા ભક્ત છે તેવા વેદાંતી, જ્ઞાની છે. જ્યારે બધા 'ગુરુ'ની વાતો કરતા હોય છે, ફોટાની ને કાન ફૂંકવાની વાતો કરતા હોય છે, ત્યારે તેઓ કહેતા હોય છે કે ''ગુરુ, ગુરુ શું કરો છો ? ગુરુ એ દેહ નથી. ગુરુ તો ભાવના છે. અને 'મોટા' કહીને તમે જેને પૂજો છો, તે હાડચામનો માનવી નથી. પણ એનામાં જાગેલી ચેતના છે. એ ચેતના સાથે પ્રેમ બાંધો.''

● ● ●

ઘણીવાર કેટલાકને એમ લાગે છે કે, ''**મોટા** વારંવાર એકનું એક કહેતા હોય છે—'' ગુણ અને ભાવના વિના સમાજ બેઠો નહિ થાય. સમાજને બેઠો કરવો એ સાચો ધર્મ છે. માત્ર કથા, સપ્તાહો ને સેમિનારોથી કશું નહિ વળે—બધા સવાલોનો એક જ જવાબ— 'માસ્ટર કી' Master Keyની જેમ છે. 'ગમે તે સાધન કરો, સંયમ, વ્રત, જપ, તપ કરો પણ જ્યાં સુધી આપણા રાગદ્વેષ મોળા પડતા ન અનુભવીએ ત્યાં સુધી બધું જ બાકી છે.' એ નામની ગઝલમાં તેઓ સીધો ટંકાર આ પ્રમાણે કરે છે :

બધી એકાદશી પાળી, બધાં વ્રત આચર્યાં કીધાં,
બધા આચાર વિચાર પૂરી સંભાળથી પાળ્યા,
જઈ દેવાલયે દર્શન કર્યાં કીધાં સમે સમયે,
છતાં લગની ન લાગી જો, ગણો સર્વસ્વ બાકી
છે.

**('પ્રણામ-પ્રલાપ', આ. ૨, પૃ. ૧૪૨)**

● ● ●

કથાઓ સંભળાવી છે, પ્રવચનો કૈંક કીધાં છે,
બધાં શાસ્ત્રો ઉકેલીને જગતને બોધ દીધો છે,
પરંતુ જો જગતનાં સૌ કૂંડાળાંથી ન છૂટ્યા છે,
ધુરંધર છો ગણાતા હો, —છતાં સૌ એનું બાકી છે.

**('પ્રણામ-પ્રલાપ', આ. ૨, પૃ. ૧૪૨)**

## ૫. અનોખો આહુતિયજ્ઞ★

શ્રીમોટાએ કંઈ કંઈ મૌલિક કાર્યો કરી બતાવ્યાં છે. ૧૯૬૨ની સાલમાં નરોડા ગામમાં તેમણે એક આહુતિયજ્ઞ માંડેલો, જેમાં સતત ત્રણ દિન ને રાત ચોવીસે કલાક આહુતિ (થોડા જવ અને તલની) શ્લોકને અંતે આપવાની. તેમાં દરેક સ્ત્રી, પુરુષ ને બાળક ભાગ લઈ શકે, કોઈપણ જાત-ભાત ને ધર્મના. આહુતિ આપવાની પોતાની નિમ્ન વૃત્તિઓની. જીવનવિકાસને માર્ગે આગળ વધવા માટે પ્રભુને પ્રાર્થના કરવાની. આવો અપૂર્વ એ યજ્ઞ હતો. એમાં ઘી, જવ, પંડિત કશાયનો ખર્ચ નહિ. કેવળ બેસવા માટે મંડપ અને પ્રકાશને માટે દીવા.

જે શ્લોક બોલવાનો તે સંસ્કૃતમાં નહિ. બધાં સમજી શકે એટલે શ્રીમોટાએ ખાસ ગુજરાતીમાં શ્લોક નીચે પ્રમાણે રચ્યો હતો :

*''પામવા વિઘ્નથી મુક્તિ, શાંતિ કલ્યાણ ઝંખવા,*
*આહુતિ આપીએ પ્રાર્થી, ઉન્મુખી દિલ પ્રેરવા.''*

અહીં વિઘ્ન શબ્દનો અર્થ જે ઘટાવવો હોય તે ઘટાવી શકાય—સંસારનાં વિઘ્નો, સાધનાનાં વિઘ્નો, ગમે તે વિઘ્નો. જે ઝંખનામાં બીજી બધી તૃષ્ણાઓનો વિલય થઈ ગયો હોય એવી જ એકમાત્ર ઝંખના જીવતી રહે તો જ શાંતિ ને કલ્યાણ પામી શકાય અને આવી આહુતિ અંગે 'દિલ ઉન્મુખી બને' એ જ એનો પરમ લાભ.

આ જ સમયે નરોડામાં પોણો માઈલ દૂરના સ્થળે લક્ષચંડી યજ્ઞ થઈ રહેલો, જેમાં ૧૨૫૦ જેટલા બ્રાહ્મણો આહુતિ આપનાર ભેગા કરવામાં આવેલા. ૧૦૧થી વધુ યજ્ઞની વેદીઓ અને પાર વિનાના સ્વયંસેવકો અને બીજો લાખો રૂપિયાનો ધુમાડો થતો હતો. ચીલાચાલુ યજ્ઞો વિશે પ્રજાની આંધળી શ્રદ્ધા, તેથી તેમને શું મળે છે એ તો એ જાણે.

શ્રીમોટાના યજ્ઞમાં તો બધાં ગમે તે ભાગ લઈ શકે. સમાજ આગળ શ્રીમોટાએ સાંકેતિક પ્રતીકરૂપે આ યજ્ઞ રજૂ કર્યો છે. એમાં

---
★'આશ્રમની અટારીએથી'માંથી

મૌલિકતા છે, વિશેષતા છે ને જનસમાજને ઊર્ધ્વમાર્ગ પ્રતિ દોરવાનો સંકેત છે.

આ યજ્ઞ દરમિયાન જરા રમૂજ પણ થઈ. પેલા યજ્ઞના કેટલાક બ્રાહ્મણોને શ્રીમોટાના યજ્ઞની ખબર થઈ અને બહેનો પણ એમાં ભાગ લે છે એવી જાણ થઈ એટલે તેઓ શ્રીમોટાને કહેવા લાગ્યા, ''તમે અધર્મ કરી રહ્યા છો, મહારાજ.'' શ્રીમોટાએ જવાબ આપ્યો, ''આનું પાપ અને સજા હું ભોગવી લઈશ.'' બ્રાહ્મણો ખિન્ન હૃદયે વિદાય થયા.

આ શું દર્શાવે છે ? જીવનમુક્તો કને અનુકરણ નથી હોતું પણ મૌલિકતા હોય છે. આજે પણ શ્રીમોટાને જ્યાં જ્યાં ઉચિત સમયે યજ્ઞ કરવાનો આવે છે, ત્યારે ઉપર જણાવેલી રીતે તેઓ યજ્ઞ યોજે છે, જેમાં સર્વજનો સામૂહિક રીતે ભાગ લઈ સાચી આહુતિ આપી શકે છે અને તેનો આનંદ માણે. આવી વિધિઓ—બારમા તેરમાની પણ—તેઓશ્રી જાતે કરવા બધાંને સલાહ આપે છે, કેમકે સ્વયં કરવામાં ભાવ રહેતો હોય છે. બીજાં કરે તે તો ભાડૂતી હોય. એવી રીતે થતી વિધિ કોને પહોંચે ? એમનાં માતુશ્રીના દેહના અવસાન પછી પિંડ વહેરવાની ને એવી અંતિમ ક્રિયા એમણે પોતે કરેલી.

## ૯. ''જીવન્મુક્તિ''

શ્રીમોટાએ મુક્તાત્માઓ અંગે ઘણીવાર તેમના ઉત્સવો દરમ્યાન, તેમના પત્રોમાં ને વાર્તાલાપોમાં સમજ આપી છે. જે વિશે ટૂંકમાં તેનો સાર તેઓશ્રીના શબ્દોમાં નીચે ઉતારીએ છીએ :

'મુક્ત' એ પ્રભુનો પ્રતિનિધિ છે એમ મનાય છે. પ્રભુને પિછાનવો જેટલો મુશ્કેલ તેટલો મુક્તને પિછાનવો મુશ્કેલ.

બધા મહાત્માઓ વ્યક્તવ્યમાં એકસરખા ના હોઈ શકે. દરેકની પ્રકૃતિ સ્થળ, કાળ ઉપર આધાર રાખે છે. પણ તેથી એકમાં શક્તિ ઓછી ને બીજામાં વધારે એમ ના ગણાય—સમય ને સ્થળની માગ મુજબ, જરૂરિયાત મુજબ તેમનું વર્તવું કે વ્યક્ત થવાનું બને છે.

જીવદશાવાળા અને મુક્ત વચ્ચે ફરક શો હોઈ શકે ? જીવદશાવાળો એટલે સંસારી જીવડો તેની પ્રકૃતિનો દાસ હોય છે, ત્યારે

મુક્ત પ્રકૃતિનો તેનો સ્વામી હોય છે. પ્રકૃતિ દ્વારા તે વ્યક્ત થાય છે. જેમ નદીને વહેવા પટ જોઈએ તે મુજબ, પણ તે તેનાથી (પ્રકૃતિથી) પર રહેતો હોય છે. આ પાયાનો તફાવત.

આમ છતાં તે શુદ્ધ ચેતનની તોલે નહિ આવી શકે. ચેતનને પ્રારબ્ધ હોતું નથી, ત્યારે મુક્તને આછુંપાતળું પણ હોય છે, પણ બળેલી દોરડીના વળ જેવું—દેખાવમાં વળ જણાય પણ હાથમાં લેતાં ખલાસ—એવી રીતે મુક્ત વિશે. ચેતનના ગુણધર્મ મુક્તમાં અવતરે છે. પણ ચેતન જેટલું અનંત શક્તિશાળી, અંતર્યામી સચરાચરમાં ભરેલું તેટલો મુક્ત નહીં હોઈ શકે. સાગર અને કુલડીમાંનું સાગરનું પાણી—એ બેની સમજ ઉપરથી ચેતન અને ચેતન-નિષ્ઠ અથવા મુક્ત વચ્ચેનો તફાવત સમજી શકાશે. સાગરના પાણી અને કુલડીમાંના સાગરના પાણીના ગુણધર્મ એકસરખા છતાં વિસ્તાર, ઊંડાણ વગેરેની દૃષ્ટિએ બંને વચ્ચે અગાધ ફરક.

જો ઈશ્વરને તમે હલાવો તો હાલે ને ચાલે તેમ મુક્તોને પણ તમે નિમિત્ત આપો તો તે હાલે ને ચાલે. નહિ તો જેમ ચાલતું હોય તેમ તે ચાલવા દે. આ વિશે વધુ સમજ આપતાં શ્રીમોટાએ એક દાખલો આપેલોઃ

‘‘સુરત આશ્રમે એક ભાઈ ને બહેન સત્સંગ કરવા આવે. બંને સુશિક્ષિત અને આગળ વધેલાં, ઊંચા કુટુંબનાં. એક ઈલેક્ટ્રિકલ ઍન્જિનિયર ને બીજાં બહેન બી. એડ. થયેલાં. એ લોકો મારી સલાહ લેવા આવ્યાં કે ‘‘અમે લગ્ન કરીએ ?’’ શ્રીમોટા કહે, ‘‘કરો તમારે કરવાં હોય તો.’’ તેમનાં માબાપની પણ મંજૂરી મળી. આશ્રમે લગ્ન થયાં, પણ બે-ત્રણ વર્ષ બાદ બંને વચ્ચે એવો અંટસ પડ્યો કે છૂટાં રહેવાં લાગ્યાં. તો કોઈએ પૂછ્યું કે, ‘‘**મોટા,** તમે લગ્ન કરાવી આપેલાં તોયે તેમને કેમ ના બન્યું ને તેમનો સંસાર બગડ્યો.’’ ‘‘તો ભાઈ હું શું કરું ? મારે મોઢે એમ હોય તો મેશ ચોપડો!’’ ‘‘ત્યારે કોઈ અથડાતું હોય, ટિચાતું હો તોયે તેમને રસ્તો ન બતાવો ?’’ ‘‘શું કામ બતાવે ? હા, એ ક્યારે બને ? જ્યારે એવા મુક્તની સાથે તે હળી, મળી, ભળી

ને ગળી ગયો હોય અને તેને લોકો નિમિત્ત આપતા હોય ત્યારે પેલો કંઈક કરવાનું હોય તો કરે. બાકી નહિ!''

આવા મુક્તાત્માને કોઈ આગ્રહ હોય નહિ. સર્વની સાથે એકરૂપ થઈ શકે છે—પાપીની સાથે ને પુણ્યશાળીની સાથે પણ. એને કશામાંય રાગ કે આસક્તિ હોતી નથી. એ સતમાંય વર્તે ને અસતમાંય વર્તે.

આવા અનુભવી આત્માઓ ચાર પ્રકારના હોય છે—જડવત્, પિશાચવત્, બાલવત્ ને હંસવત્. (૧) લાકડાની જેમ પડી રહે તે જડવત્. (૨) કાંઈ માગે નહિ કે કરે નહિ તે પિશાચવત્ પણ હોય, પણ બહુ જવલ્લે જોવા મળે. તેવો આત્મા નાગો ફરે, બિભત્સ બોલે, મારે પણ ખરો, કાયદા-વિધિ તોડે પણ ખરો, છતાં તે મુક્ત! (૩) બાલવત્ બાળકની જેમ વર્તે, આ માગે, તે માગે, હસે, રડે. શ્રીમોટા કહે, ''મને ઘણી વખત કંઈ કંઈ ભાવ આવી જાય છે. પણ મારા ગુરુમહારાજે ચેતવણી આપેલી કે, જોજે ગાંડાવેડા કાઢતો નહિ! દુનિયા ખરાબ છે. સમજશે નહિ ને તું મુશ્કેલીમાં મુકાઈ જશે! એટલે હું ભાવોને દબાવી દઉં છું. વળી મારો ધર્મ રહ્યો ગૃહસ્થનો. સમાજ વચ્ચે રહેવાનું. એટલે શું થાય ? તમે મને કોઈ સંઘરો નહિ જો બાળકવેડા કરું તો! પણ એવો બાળક જેવોય મુક્તાત્મા હોય છે, અનુભવી હોય છે.

અને હંસવત્ નીરક્ષીરન્યાય જે કરી શકતો હોય એટલે જ્ઞાની. આ પણ અનુભવી હોય જેમ કે શંકરાચાર્ય. આ રીતે ચાર પ્રકારના મુક્તાત્મા વિશે શ્રીમોટા ઘણીવાર સમજાવે છે.

ચેતનામાં નિષ્ઠા પામેલા આવા આત્માઓને આપણે સંસારીઓ શી રીતે ઓળખી શકવાના ? માટે હંમેશાં શીખ આપવામાં આવે છે કે, ''ગુરુ કરે તેમ ના કરો, પણ કહે તેમ કરો. અને એને ઓળખવાની ખટપટમાં ના પડો.''

શ્રીમોટા વળી કહેતા હોય છે કે, ''આવો આત્મા પણ ઓળખી શકાય, કેમ ના ઓળખાય ? જો દીર્ઘકાળ પર્યંત, પ્રેમભક્તિપૂર્વક, સદ્ભાવભર્યો તેનો પરિચય કેળવ્યો હોય તો તે સમજી શકાય.''

## ૭. રામ ઝરૂખે બૈઠકર★

*રામ ઝરૂખે બૈઠકર સબકા મુજરા લેત,*
*જીસકી જીતની ચાકરી, ઈતના તનખા દેત.*

અહીં તુલસીદાસ શ્રીરામને ન્યાય તોળનારના સ્થાને બેસાડે છે. જેની જેટલી ચાકરી તેટલો જ પગાર દેવાની વાત કરે છે—વધતોઓછો નહિ. ''જેવી જેની કરણી તેવી તેની ભરણી.'' ''વાવો તેવું લણો.''—વગેરે કહેવતોને અનુસરવાનો ઉલ્લેખ કરે છે. જેવું આપીશું તેવું પામીશું અને મુક્ત સાથેના સંપર્કમાં આપણે આ પ્રમાણે અનુભવીએ છીએ.

લોકો કહે છે કે મુક્ત બધાંને એકસરખી રીતે કેમ નથી ચાહતા ? કો'કને વહાલથી બોલાવે છે, તો કો'કને આવકાર આપે તો વળી કો'કને અવગણના પણ જણાય. આવા ભેદભાવ શાને ? આવી આવી પ્રશ્નમાળા લગભગ કેટલાયના મનમાં ઊઠતી હોય છે અને ગૂંચવણમાં પડી જતાં મુક્તને એક સામાન્ય માનવી ગણવા તેનું મન પ્રેરે છે.

મુક્તના હૃદયમાં સર્વપ્રતિ એકસરખો ને એકધારો કરુણાનો ભાવ વહેતો હોય છે. કોઈ પ્રતિ તેને નકારાત્મક વૃત્તિ નહિ ઊઠે, પરંતુ વ્યક્તવ્યમાં તો જરૂર સામાન્ય દૃષ્ટિએ ફેરફાર જણાવાનો. "Human in Front, divine in Back.'' બહિર્પણે સામાન્ય માનવીનો દેખાવ જરૂર લાગવાનો, પરંતુ તેની પાછળની ભૂમિકા ઉપર સ્થિર રહીને હંમેશાં અલિપ્ત રહે. ''જિસકી જિતની ચાકરી ઈતના તનખા દેત.'' પ્રમાણે તે વર્તતા હોય છે. જેવો આપણો ભાવ તે પ્રમાણેનું તેનું પ્રત્યાઘાતી વ્યક્તવ્ય અનુભવીશું. આમ તો એ છે આઘાત પ્રત્યાઘાતથી તદ્દન પર અને છતાંય સાથે સાથે આઘાત પ્રત્યાઘાત નિયમને આચરનાર, પણ છતાં તે એકીસાથે સર્વ કાંઈ છે એ એની વિશેષતા.

★'આશ્રમની અટારીએથી'માંથી.

## ૮. માથે પેટી મૂકીને....

શ્રીમોટાની નમ્રતા કેટલી બધી હતી અને તેમને મોટાઈનો જરાયે ખ્યાલ ન હતો તેનો એક પ્રસંગ તેમના મિત્ર શ્રી હેમંતભાઈ નીલકંઠે નોંધ્યો છે, તે તેમના જ શબ્દોમાં અત્રે ઉતારીએ છીએ :-

''કંઈ કામ સારુ મારે બહારગામ જવાનું હતું ને પૂજ્ય શ્રીમોટા મને મૂકવા મારી સાથે સાબરમતીના નાના સ્ટેશને આવતા હતા. એ નાના સ્ટેશને પહોંચતાં પહેલાં અમારે કેટલાક રેલવેના પાટા ઓળંગવા પડે છે. ને એક ઠેકાણે મોટી (Broad Guage) ગાડીના ગુડ્ઝ (ભાર-ખાના)નો સામાન ચડાવવા-ઉતારવા પ્લૅટફૉર્મ જેવું કરેલું છે, તેના ઉપર ચડીને ને ઊતરીને જવાનું આવે છે. પૂજ્ય શ્રીમોટાએ માથા પર ટુવાલનું ઊઢણ કરીને મારી ટ્રંક મૂકી હતી. મારી પાસે તો સામાન હતો જ નહિ, કે નહિ જેવો. પેલા પ્લૅટફૉર્મ ઉપર ચડીને-ઊતરીને આગળ ગયા છતાં મને ભાન ન રહ્યું. પાછળ પૂજ્ય શ્રીમોટા મારી પેટી માથે મૂકીને આવે છે. તેમને એ પ્લૅટફૉર્મ ચડતાં-ઊતરતાં મુશ્કેલી પડશે એટલે હું તો આગળ ને આગળ જરા ઝડપથી ચાલું ને મારી ભૂલનું ભાન થાય છે, ત્યાં પાછું વાળીને જોઉં છું તો પજ્ય શ્રીમોટા ''ડૂંટીમાંથી શ્વાસ કાઢીને''—એટલે કે જોર કરીને માથે પેટી સાથે જ પ્લૅટફૉર્મની ધાર ઉપર એક પગ ને નીચેની જમીન પર એક પગ મૂકી—ધારવાળા પર ભાર દઈને પેટી સાથે જ ચડી જાય છે. ને એ પ્લૅટફૉર્મ પર ઊતરવામાં એમને મદદ કરી શકું તે પહેલાં તો ઊતરી પણ જાય છે. આમ શ્રીમોટા કરે છે પણ મને બૂમ નથી પાડતા કે હેમંતભાઈ જરા મદદે લાગો, ને પેટી તો પાછી મારી જ છે! પછી મને પસ્તાવો એવો થયો કે એ જગ્યાએથી પસાર થતાં કેટલાય વખત સુધી એ પ્રસંગ યાદ આવતો.''

## ૯. પરમહંસનું લક્ષણ

૧૯૪૭ની સાલમાં શ્રીમોટાને ટ્રિચીથી અમદાવાદ જવાનું થયેલું. ત્યારે તેમનો વેશ અવધૂતને મળતો કેવો હતો તેનું વર્ણન શ્રી નંદુભાઈએ કર્યું છે. તે જ અત્રે ઉતારીએ છીએ :-

ઉઘાડા શરીરે માત્ર લુંગી માફક મદ્રાસી ઢબનું ખાદીનું ધોતિયું લપેટીને ટ્રિચીથી મદ્રાસ સેકંડ ક્લાસમાં ને મદ્રાસથી પ્લેનમાં મુંબઈ અને મુંબઈથી અમદાવાદ સેકંડ ક્લાસમાં આવેલા—૧૯૪૭માં ને વળી ડૉક્ટરે શરીરની ખંજવાળ માટે સફેદ પાઉડર માથે ને શરીરે લગાડવાનો કહેલો તે લગાડેલો, એટલે જાણે ભભૂત લગાવેલ બાવા જેવા દેખાય. હજામત-દાઢી પણ વધ્યાં હોય.

આ વખતે ઍરોપ્લેનમાં આવ્યા. બરાબર બાવા જ લાગે. મો—ટેથી ચંદુભાઈને બૂમ પાડી અને છલાંગ મારીને બધાંના દેખતાં ભેટ્યા. 'ઍર'માં મુસાફરી કરનારો 'એલાઈટ'—સુપ્રતિષ્ઠિત સંમાન્ય સ્ત્રીપુરુષ વર્ગ હોય. તેઓની વચ્ચે આવો એક બાવો બેસે ને ઊતરતી વખતે પણ આવો 'સીન' કરે એટલે એમને લેવા આવનારના પણ કોઈ ઓળખીતા હોય તેથી તે પણ શરમાય.

આ વખતે તો એમણે કહ્યું હતું કે 'સ્વરાજ્ય મળ્યા પછી તો વિમાનમાં ટિકિટ મળી એટલે કે ગમે તે પોષાકવાળાને માન આપવાની ટેવ ઉતારુઓ અને વિમાનના નોકરોને પાડવી જોઈએ. ગમે તે ખરેખરો બાવો જ કાલે તો વિમાનમાં બેસશે.

૧૯૪૨-'૪૩-'૪૪માં આશ્રમમાં પણ, બીજે પણ રેશમી કપડાં પહેરતાં. તેનું શું કારણ ? કોઈને કહે, ''ખંજવાળ બહુ થઈ છે તે સહેવાતી નથી.'' કોઈને કહે, ''શોખ થયો છે.'' કદાચ આશ્રમવાસીઓની આવી સૂગ નીકળી જાય એ હેતુથી કશુંક નિમિત્ત કારણ મળતાં કર્યું હોય. કારણ જે કારણો તે આપે છે તે પાછા હકીકતે સાચાં હોય છે. પહેલામાં 'ચામડીનું દર્દ' ને દાક્તરે પાઉડર આપ્યો તે શું પ્લેનમાં મુસાફરી કરવાની આવે તેથી સમાજની બીકે ન ચોળવો ? એવી દલીલ કરી શકે વાજબી રીતે.

# ● વીણેલાં મોતી ●

## ૧. સ્પર્શ

સત્પુરુષના સ્પર્શથી ગમે તેવી જીવદશાવાળી વ્યક્તિ કેવી રીતે તરી જાય છે, એની એક હકીકત શ્રીમોટાએ કહેલી :-

હું જ્યારે પહેલવહેલો મારા ગુરુમહારાજ પાસે ગયો, ત્યારે મને તેમનાં બાહ્યવર્તાવ, વેશ, ભાષા વગેરેથી કંટાળો આવતાં ત્યાંથી પાછા ઘર તરફ નીકળી આવવા બિસ્તરો બાંધી દીધો, કેમ કે તેઓશ્રી સાંઈખેડા ગામે લગભગ દિગંબર અવસ્થામાં રહેતા. ચોવીસે કલાક ધૂણી ધિકાવેલી રાખતા. હું નવોસવો શિષ્ય બનેલો ને આ ક્ષેત્રે ઘણો કાચો એટલે આવા મહાત્માઓની ઓળખ વિશે તથા તેમના પરત્વે આપણું કેવું વલણ હોવું ઘટે તેનો મને ખ્યાલ ન હતો. એટલે તેમને છોડીને ચાલી જવાનું મેં નક્કી કર્યું, પરંતુ જતાં પહેલાં 'ચાલોને, પગે પડતાં જઈએ' એવો વિચાર આવતાં તેમની પાસે ગયો.

મને જોઈને તેઓ બોલવા લાગ્યા કે, 'જે માણસને કોઈ અનુભવી ચેતનનિષ્ઠ મહાત્મા સાથે હૃદયનો સંબંધ થઈ ગયો હોય તો તેનો ઉદ્ધાર થઈ જાય છે.' આવું સાંભળીને મને વિચાર આવ્યો કે, ગુરુમહારાજ પોતાનું મહત્ત્વ દર્શાવવા આવું બોલી રહ્યા છે! ને તુરત જ તેઓ મને ઉદ્દેશીને બોલ્યા, ''અલ્યા, અહીંથી લગભગ પંદર માઈલ દૂર અમુક ગામ આવેલું છે. (ગામનું નામ તેઓ બોલેલા) ત્યાં જા. ત્યાં એક માણસ મરવા પડ્યો છે ને તે કેવું કેવું બોલે છે તે સાંભળ. એ બધું જોઈ વિચારીને પાછો આવ!'' મારા અપ્રકટ વિચારને પકડી પાડી જવાબ આપ્યો એટલે હું પ્રભાવિત થઈ ગયો ને તેમના સૂચવ્યા મુજબ પેલા મરવા પડેલા માણસને જોવા ઊપડ્યો. જઈને જોઉં છું તો પેલો માણસ ખરેખર મરણકાંઠે હતો ને બેભાનપણે તેનાં કુકર્મો યાદ કરતો જાય. ગમે તેવું ગંદું ગંદું બોલતો જાય, પરંતુ થોડીવાર પછી તેના અવાજ અને વ્યક્તવ્યમાં ફેરફાર થયો. અમારા ગુરુમહારાજને તેણે યાદ કર્યા ને પ્રાર્થના કરી કે ''હે ધૂણીવાળા દાદા! હે ગુરુમહારાજ! હું ગમે તેવો

પાપી છું, છતાં પ્રભુકૃપાથી મને તમારો સત્સંગ થયો ને તમે મને પ્રેમથી તમારા હૃદય સાથે બાંધી લીધો એ મારું કેટલું અહોભાગ્ય! હવે મારો ઉદ્ધાર કરો! તમારા વિના મારું કોઈ નથી. હું તમારે શરણે આવ્યો છું!'' એમ બોલીને તેણે શાંતિથી જાણે ગુરુમહારાજનો હાથ તેના માથા પર હોય એવા સંતોષથી ને આરામથી દેહ છોડ્યો. આ જોઈને મને ગુરુમહારાજના બોલ વિશે ખાતરી થઈ ગઈ અને મનોમન પ્રેમથી તેમને માથું નમાવ્યું.

પછી તે ગામમાં તપાસ કરતાં ખબર પડી કે મરનાર ઘણો દુરાચારી હતો. પણ સારા નસીબે તેને ધૂણીવાળા કેશવાનંદ મહારાજનો સત્સંગ થઈ ગયો હતો ને છેલ્લી પળે તેની સદ્‌ગતિ થઈ ગઈ.

ત્યારે મને ઇતિહાસની વાતો યાદ આવી ગઈ. સુરદાસ ને બિલ્વમંગળ જેવી વ્યક્તિઓ ઓછી દુરાચારી હતી ? છતાં સત્‌સંગરૂપી પારસમણિના સ્પર્શથી તેઓ મહાન ભક્ત બની ગયા હતાને ?

## ૨. મરણિયો નિર્ધાર

મરણિયો નિર્ધાર કેવો હોય તેનો ખ્યાલ આપતો એક બનાવ શ્રીમોટાએ ટાંક્યો છે :-

પાલનપુર પાસે બાલારામ કરીને એક બહુ કુદરતી સૌંદર્યથી ભરપૂર જગ્યા છે, ત્યાં એકવાર મારે રહેવાનું બન્યું હતું. અલબત્ત, સાધનાના અભ્યાસ માટે જ. મારે ત્યાં એક બ્રાહ્મણભાઈ રોજ મહાદેવની પૂજા કર્યા કરતા. તેઓ માત્ર ધનપ્રાપ્તિને અર્થે જ આ સ્થળે મહાદેવજીની ઉપાસના કરવા આવ્યા હતા. તેમણે તો એવો મરણિયો નિર્ધાર કર્યો હતો કે, ''કાં તો ભગવાન મને ધન આપે, કાં તો હું અહીં જ કમળપૂજા કરીશ.'' કમળપૂજા એટલે શું તે સમજાવવા મેં તેમને કહ્યું, ''મહાદેવજી ધનની પ્રાપ્તિ ન કરાવે તો તેમના લિંગ ઉપર પોતાના હાથે જ એક ઝાટકે પોતાનું માથું વધેરીને મહાદેવજી ઉપર ચડાવવું તેનું નામ કમળપૂજા.''

મને ત્યારે પણ એટલું બધું લાગી આવેલું કે, ''આ માણસનો કેવો

દૃઢ સંકલ્પ છે!'' આપણને પણ સાધનામાં ભાવ પ્રકટાવવા માટે આવો મરણિયો નિશ્ચય પ્રકટવો જોઈએ અને મને શીખવવાને માટે ભગવાને કૃપા કરીને આવું દર્શન કરાવ્યું તેથી મને સાધનામાં વેગ પણ પ્રકટ્યો હતો.

## ૩. વિનમ્રતા

હરિજન સેવક સંઘનું મુખ્ય કાર્યાલય સાબરમતી આશ્રમે થયું, ત્યારે તેના મુખ્ય કાર્યકર્તા તરીકે પરીક્ષિતલાલ મજમુદાર અને શ્રીમોટા હતા. બંને જોડિયા મંત્રી હતા, પરંતુ શ્રીમોટાનો વેશ, વર્તાવ, ભાષા બીજાને 'અણઘડ', 'અડબૂથ', 'મજૂર' જેવો લાગતો. વળી, તેઓ બીજાનું ગમે તેવું નાનામાં નામું કામ પણ વિના સંકોચે કરતા. એમના ગાંડિયા જેવા દેખાવને લઈને ઘણાખરા તેમની મજાક ઉડાવે.

એકવાર શ્રીમોટાના શરીરનો વર્ષગાંઠનો દિવસ હતો, ત્યારે આશ્રમના એક રહેવાસી સ્વ. નરહરિભાઈ પરીખના દીકરા શ્રી મોહન-ભાઈ પરીખને એમ થયું કે, ''શ્રી ચૂનીભાઈને કંઈક ભેટ આપવી જોઈએ.'' એટલે તેઓ તેમની કને પહોંચીને નીચેથી ચપટી ધૂળ લઈ બોલ્યા, ''લો, આ ભેટ!'' ને શ્રીમોટાએ તુરત જ હાથ ધરી તેનો સ્વીકાર કર્યો ને ફાકી ગયા! મોહનભાઈને ખબર નહિ કે શ્રી ચૂનીભાઈ (શ્રીમોટા) આ રીતે ધૂળની ફાકી કરી જશે, ને તેથી તે ઝંખવાણા પડી ગયા, પણ શ્રીમોટાએ વાતને તુરત જ હળવી બનાવી દીધી!

## ૪. સત્પુરુષ

શ્રીમોટા એમના અંતેવાસી શ્રી નંદુભાઈ શાહને ત્યાં ઘણા વખત સુધી તેમને સાધનાક્ષેત્રે માર્ગદર્શન આપવા રહેલા. ત્યારે શ્રી નંદુભાઈનાં પત્ની કાંતાબહેનને ૨૧ દિનના ઉજાગરા કરી રાત ને દિન નામસ્મરણ કરવાનો પ્રયોગ કરવા સલાહ આપી અને શ્રી કાંતાબહેને તેનો આરંભ પણ કર્યો. દિવસના બધું રોજનું કામ તો કરવાનું. બપોરે થોડો આરામ કરવાનો ને આખી રાત જાગતાં રહીને અંધારા ઓરડામાં

આંટા મારતાં મારતાં મોટેથી, ધીમેથી હરિઃૐનો જાપ કરવાનો. શ્રીમોટા ને બીજા કોઈ સભ્યો ત્યાં ન સૂઈ રહે. જોકે શ્રીમોટા કાંતાબહેનને નામસ્મરણમાં સાથ આપતા રહે—જાગ્રત રહીને, મૌન પાળીને કે એવી રીતે સૂક્ષ્મપણે.

એક રાતે તે બહેન હરિઃૐ રટતાં રટતાં આંટા મારી રહ્યાં હતાં, રાતનો સમય ઠીક ઠીક એવો પસાર થઈ ગયો હતો. સર્વત્ર શાંતિ પથરાયેલી હતી. શ્રીમોટા એક બાજુએ આડા પડેલા. તેઓ નિદ્રાધીન હોય તેમ તેમનાં નસકોરાંનો અવાજ આવવા લાગ્યો. તેથી તે બહેનને થયું કે, ''શ્રીમોટા સૂઈ ગયા છે. લાવ જરા નીચે બેસીને થોડો આરામ કરી લઉં!'' જેવાં એ નીચે બેઠાં કે શ્રીમોટાનો મૃદુ અવાજ આવ્યો, ''કાંતા, ચાલુ રાખો બા.''

''કેમ તમે તો ઊંઘી ગયા હતા ને ક્યાંથી જાગ્યા ?'' કાંતાબહેને સાશ્ચર્ય પૂછ્યું.

''અરે કાંતા! તને જાગતી રાખીને હું ઊંઘતો હોઈશ ?'' શ્રીમોટાના પ્રેમ અને વાત્સલ્યપૂર્ણ બોલે તે બહેન સ્ફૂર્તિમાં આવી ગયાં ને નામસ્મરણ ચાલુ રાખ્યું. આ રીતે તેમણે તે અનુષ્ઠાન પૂરું કર્યું.

''પણ'' કાંતાબહેન કહે છે, ''મારી પોતાની શક્તિને કારણે જો હું એટલા બધા દિવસ જાગી શકી હોત, તો તો જીવનનો પલટો ક્યારનોય થઈ ગયો હોત, પરંતુ તેમ તો નથી થયું. આ તો પૂજ્ય શ્રીમોટાની ચેતનાશક્તિને કારણે તેમ થયું હતું.''

## ૫. ખુમારી

૧૯૨૨-'૨૩ દરમિયાન નડિયાદમાં એક અમેરિકન મિશનરી પાદરી રહે. તેમની સાથે શ્રીમોટાને સત્સંગ થતો. પાદરીને ગુજરાતી ભાષા આવડે અને હિંદુ ધર્મ વિશે વાંચેલું ને મનમાં તે વિશે કંઈક ગરબડ એટલે તે કહે કે, ''તમારા ધર્મમાં ઘણાં દેવ-દેવીઓ અને અગમ્ય એવી વિધિઓ, ત્યારે ખ્રિસ્તી ધર્મમાં એક જ જિસસ અને બાઇબલ.'' શ્રીમોટાએ તેમને સમજાવતાં કહ્યું કે, ''હિંદુધર્મ પણ એક

જ ઈશ્વરને માને છે. તે નિરાકાર ને સાકાર બંને છે. જુદી જુદી પ્રકૃતિ ને ભાવવાળાં, જુદાં જુદાં સ્ત્રીપુરુષોને દેશકાળ પ્રમાણે જેમ રુચિકર લાગ્યું તેમ મહાત્માઓએ ઈશ્વરને જુદાં જુદાં નામ ને રૂપ આપ્યાં ને તેને પ્રાપ્ત કરવા વિવિધ માર્ગો બતાવ્યા.''

ત્યારે પાદરીએ પૂછ્યું, ''એવું પુરવાર કરતું કોઈ પુસ્તક કે આધાર બતાવશો ?'' શ્રીમોટાએ રાતોરાત બેસીને ૧૦૮ શ્લોકવાળું સુંદર કાવ્ય લખ્યું, ''ઈશ્વર કેવો છે ?'' ''ઈશ્વર સચરાચરમાં વ્યાપ્ત છે.'' ''ઈશ્વર સત અને અસત બંનેમાં વસેલો છે.'' વગેરે સમજાવતું ભાવવાહી વર્ણન કરવામાં આવ્યું ને એ લઈને બીજી સવારે તેમણે પાદરી મહાશયને તે બતાવ્યું. લેખકનું નામ દર્શાવ્યું નહિ. એ વાંચીને પાદરી ખુશ થઈ ગયા ને હિંદુધર્મની ઈશ્વર વિશેની ઉત્તમ વ્યાખ્યાની કદર કરવા લાગ્યા. એ કાવ્ય ૧૯૨૩માં **'તુજ ચરણે'** એ નામથી પ્રસિદ્ધ થયું ને આજ સુધીમાં તેની લગભગ ૧૪,૬૦૦ પ્રતો વેચાઈ હશે. સત્ય અને ધર્મ માટેની ખુમારીનો આ એક દાખલો છે.

## ૬. નંગજડિત સોનાનો મુગટ*

એકવાર મેં કહ્યું, ''**મોટા**, બીજા બધા ભલે કહે, **મોટા**ને આ રોગ થયો છે, ને આ બીજો થયો છે, ને આ ત્રીજો, પણ હું તો માનતો જ નથી કે તમને રોગ થયો છે. આ બધું દેખાડવા પૂરતું જ!''

''અરે! ભઈ! કોઈ આને સમજાવો કે મને શું થયું છે ?'' એમ પૂજ્ય શ્રીમોટાએ બીજાઓને કહ્યું.

વળી પછી એકવાર બોલાઈ ગયું, ''**મોટા!** તમે આ બધો ઢોંગ કરો છો.'' **મોટા** ગુસ્સે ન થયા પણ એ વાક્ય પકડી લીધું. ''તું એક મુગટ બનાવ ને એના ઉપર **'ઢોંગી સંત'** એમ લખાવ, કે જેથી મારાથી બધા ચેતે અને સમજે કે આ તો આવો માણસ છે—ઢોંગી છે.'' એમ

---

*પૂ. શ્રીમોટાને એક ઉત્સવમાં **''ઢોંગી સંત''**ના લખાણવાળો સોનાનો મુગટ કરાવીને પહેરાવનાર સ્વજનમિત્ર શ્રી દિલીપ મણિયારનું નિવેદન.

વારંવાર કહ્યા કરે. મને તો પસ્તાવો થવા લાગ્યો કે, ''આ મેં શું બોલી નાંખ્યું! મોટી ભૂલ થઈ ગઈ. હવે તે વાત પડતી મૂકો.'' એમ બહુ વાર કહ્યું, પણ એમણે તો ભારપૂર્વક કહ્યું કે, ''લખી લાવ માથે લગાવું.'' મેં કહ્યું કે, ''ટોપી પર લખાવીને લાવું.'' ત્યારે તેમણે કહ્યું કે ''એમ સસ્તી જાહેરખબર શક્ય ના બને. જો માથે લગાવવું જ છે તો સાચા સોનાનો મુગટ બનાવી લાવ ને ઉપર આ સંત ઢોંગી છે તેમ લખાવ.''

આખરે મેં આ વાત સ્વીકારીને પતરું કરાવ્યું તે કરાવ્યું જ. ત્યારે એમ થયું કે, હવે તો **મોટા** કહે છે જ ત્યારે વગર સંકોચે બરાબર આંખે ઊડીને વળગે એવી રીતે એ શબ્દો લખાવવા એટલે આ મુગટ કરાવ્યો. ને વળી તેના ઉપર તરત જ નજરે ચઢે એવા મોટા અક્ષર પતરા પર કોતરાવ્યા **'ઢોંગી સંત'**. આ છે સોનાના મુગટનો પ્રસંગ.

લોકો મારા વિશે શું ધારશે તેનો વિચાર, તેની ચિંતા થઈ ન હતી એમ તો નહિ જ, એને પણ છેવટે છોડી દીધી.

આ લખાણને વાચક યથાર્થ રીતે સમજશે ને તેવા ભાવથી આ મુગટની હકીકતને સ્વીકારશે એવી મારા અંતરની ઉમેદ છે.

## ૭. હૃદય પરિવર્તન

હરિઃૐ આશ્રમના પ્રણેતા શ્રીમોટા પાસે એક લાલઘૂમ આંખો-વાળો, ગુસ્સાથી ધ્રૂજતો કોઈ પછાત કોમનો ભાઈ આવ્યો. તે અવાર-નવાર તેમની પાસે આવતો. પગે પડીને તે બોલવા લાગ્યો, ''મોટા, આજે મારી બાયડીને મારી નાખ્યા વિના નહિ રહું. એનું હવે મારે કામ નહિ.''

''શું થયું ભઈલા ? વાત તો કર.'' શ્રીમોટાએ બહુ શાંતિથી ને પ્રેમથી પૂછ્યું.

''શું વાત કરું, **મોટા!** શરમની વાત છે! એના રાઈ રાઈ જેવડા કટકા કરી નાંખ્યા હોય તોયે પાપ ન લાગે, મારો ભવ બગાડ્યો એણે!''

''ભલે, મારી નાંખજે, પણ એક વાત પૂછું તે કહીશ ?'

''હા, પૂસો.''(પૂછો)

''તારે છોકરાં છે.''

''હાજી.''

''કેટલાં છે ?''

''ચાર''

''તારી ઘરવાળી તને ખાવાનું કરીને ખવરાવે છે ?''

''હા, ખવરાવે. તેથી શું થયું ?''

''તારાં છોકરાંને બરાબર હાચવે છે ?''

'એ તો હાચવે જ ને **મોટા.** એમાં હું નવાઈ કરી ?''

''તો જો, તને આટલાં છોકરાં છે, તને ને તારાં છોકરાંને તે ખવરાવે-કરે છે, ઘર હાચવે છે, પછી બીજું શું જોઈએ ?'' શ્રીમોટાએ પ્રેમથી કહ્યું.

''પણ **મોટા** એ મને વફાદાર ન રહે એ કેમ ખમાય ?'' હવે એનો પિત્તો જરા ઊતરતો જતો હતો.

''તારી વાત સાચી, ભઈલા.'' શ્રીમોટાએ તે વિચાર કરતો થઈ જાય તે માટે બહુ ભારપૂર્વક બોલવા માંડ્યું, ''પણ શાંતિથી વિચાર કર. ખોટું ન લગાડે તો તને એક વાત પૂછું ?''

''પૂસો **મોટા,** ખુશીથી.''

''હાચું કહેજે ભાઈ, તેં આજ સુધીમાં કશું ખરાબ કામ નહિ કર્યું હોય ? તનથી, મનથી કે વાણીથી કંઈ ખોટું કર્મ નહિ કર્યું હોય ?''

''હા, પ્રભુ કર્યું સે.'' નરમ પડેલા અવાજે તેણે કહ્યું.

''છતાં તારી ઘરવાળીએ તને કાંઈ કહેલું નહિ ને માફ કરેલો, ખરુંને ?''

''હા.'' એ ભાઈને હવે શરમાવા જેવું લાગવા માંડ્યું.

''તો હવે તું એને માફ કરી દે એટલે ભગવાન સહુને માફ કરી દેશે.'' શ્રીમોટાએ હૃદય સોંસરવી અપીલ કરી.

એ ભાઈ બોલ્યા વિના નીચી નજરે બેસી રહ્યા. થોડીવારમાં તેની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં. શ્રીમોટાએ તેને પલળવા દીધો. શાંત પડ્યા પછી તેમણે એ ભાઈને સફરજનની ચીરીઓ આપતાં કહ્યું કે,

''એક ચીરી તારી ઘરવાળીને આપજે ને એક તું ખાજે. **મોટા**એ આપેલો પ્રસાદ છે એમ તારી ઘરવાળીને કહેજે ને બંને સાથે ખાજો અને પાછો તારી વહુની ભૂલોને તેં માફ કરી દીધી છે એ વાત એને કહેવાની જરૂર નથી. જાવ, ભગવાનનું નામ લો.'' કહેવાની જરૂર નથી કે ગુસ્સાથી રાતોપીળો થઈને આવેલો આદમી નરમ થઈને આંખો લૂછતો શ્રીમોટાને પગે પડીને ચાલતો થયો. શ્રીમોટાએ તેની પીઠ થાબડી પ્રેમ દર્શાવ્યો.

## ૮. યોગીજનો

પોતાના ગુરુમહારાજ પૂજ્ય ધૂણીવાળા દાદાની અગમ્ય રીતોનો દાખલો આપતાં તેમણે એકવાર નીચેની વાત કહી સંભળાવી :-

મારા ગુરુમહારાજે મને એકવાર એક માણસ રસ્તેથી જઈ રહ્યો હતો તેને બતાવીને કહ્યું કે, 'પેલા માણસને પથરો માર... માર... માર... સા... ને (કેટલીક વધુ ગાળો) લોહીલુહાણ થઈ જાય એવી રીતે માર.''

ગુરુનો હુકમ કેમ તોડાય ? એટલે પેલા જનારને મેં પથરો માર્યો ભગવાનનું નામ લઈને. હું શું કરું ? મેં તો હુકમ પાળ્યો.

પછી પેલો માણસ આવીને મને પૂછે, ''અલ્યા, પથ્થર કેમ માર્યો ? મેં તારું શું બગાડ્યું'તું ?''

મેં કહ્યું, ''જો મારી ઈચ્છાથી નથી માર્યો, પ—ણે પેલા ગુરુ-મહારાજ બેઠા છેને તેમણે તમને પથરો મારવાનું કહ્યું એટલે મેં તમને પથરો માર્યો.''

તે ભાઈ ગુરુમહારાજ પાસે ગયો ને પૃચ્છા કરી, ત્યારે ગુરુજીએ તેનો ઊધડો તો એવો લીધો કે ન પૂછો વાત અને તે કેવાં ખરાબ કામ કરવા જઈ રહ્યો હતો તે કહી સંભળાવ્યું. વાત સત્ય નીકળી એટલે પેલો શું બોલે ? શરમાઈ ગયો ને મહારાજને પગે પડીને રડીને પશ્ચાત્તાપ જાહેર કર્યો.... આ રીતે ગુરુમહારાજે તેને વિઘ્ન કામ કરતાં રોક્યો.

યોગીજનોની કામ કરવાની રીતો ને વાતો ઘણીવાર સહેલાઈથી સમજી શકાય તેવી હોતી નથી.

## ૯. પ્રેમ

પૂજ્ય શ્રીમોટા એકવાર સુરત શહેરની શેરીમાં પગપાળા પસાર થઈ રહ્યા હતા, ત્યારે કોઈ મકાનની મેડી ઉપરથી એંઠવાડ ઢોળાયો ને શ્રીમોટાના આખા શરીર પર પડ્યો. શ્રીમોટા જરાપણ ચિડાયા વિના જે મેડીએથી એંઠવાડ ઢોળાયો હતો, તે મેડીએ પહોંચી ગયા ને તેમની વિશિષ્ટ નમ્રતા મુજબ એંઠવાડ ઢોળનાર બહેનને દંડવત્ પ્રણામ કરતાં કહ્યું, ''આ તેં પ્રેમનો છંટકાવ કરીને મારી એંઠવાડ માટેની સૂગ નાબૂદ કરી દીધી.''

પેલી બહેન તો આ દશ્ય જોઈને અવાક થઈ ગઈ. એંઠવાડથી લેપાઈ જનાર તરફથી ક્રોધ અને ગાળો કુદરતી રીતે મળે એને બદલે પ્રેમ અને નમ્રતાનાં દર્શન તેણે કર્યાં. એટલે તેની આંખોમાંથી આંસુ સરી પડ્યાં ને શ્રીમોટાની માફી માગી તથા તેણે પોતાનો નિર્ધાર જાહેર કર્યો કે, ''હવેથી આ રીતે એંઠવાડ નહિ ફેંકું.''

## ૧૦. સેવક

એકવાર શ્રીમોટા તેમના સાધનાકાળ દરમિયાન જબલપુર ખાતે હતા, ત્યારે તેમની કને પૈસા ખૂટી પડેલા. એટલે તેમણે એક વેપારી ગૃહસ્થને ત્યાં ઘરઘાટી તરીકે કામ કરવા માંડ્યું. એમનો વેશ એક તો એવો હતો ને પોતાનું હીર કોઈને એમ ને એમ જાણવા ન દે.

ઘરકામ કરતાં કરતાં તેઓ શેઠના છોકરાંને ભણાવવા પણ લાગ્યા. એમની એ શક્તિ જોઈને વેપારી ખુશ થઈ ગયા અને કાયમને માટે પોતાની પાસે રહીને તેઓ શિક્ષક તરીકે કામ કરે એવી દરખાસ્ત રજૂ કરી. ત્યારે શ્રીમોટાએ તેમની સાચી ઓળખાણ આપી અને ગુજરાત હરિજન સેવક સંઘના તેઓ સેવક છે અને તેમની ફરજ ત્યાં જ રહેવાની છે, વગેરે પરિસ્થિતિથી વાકેફ કર્યા અને ઉપરથી હરિજન સેવક સંઘને કંઈક મદદ કરવા તેમણે વિનંતી કરી. આથી તે વેપારીભાઈ ખુશ થયા અને ઘણા સમય સુધી દર મહિને સંઘને રૂપિયા પાંચની મદદ આપતા રહ્યા.

## ૧૧. શ્રદ્ધા

એક દિવસ એક બહેને શ્રીમોટાને પૂછ્યું, ''એક બહેન છે. તે એક મઠાધીશને થાળ ધરાવ્યા વિના જમે નહિ, એમને સંભાર્યા વિના ખાય નહિ, આવી શ્રદ્ધા સારી કે ખોટી ?''

શ્રીમોટાએ જવાબ આપ્યો, ''ગુરુર્બ્રહ્મા, ગુરુર્વિષ્ણુર્, એ કાંઈ ગપ નથી. એવી શ્રદ્ધા એના સાચા સ્વરૂપમાં હોય ત્યારે શિષ્યનો વિકાસ ઝટ થાય છે. તમે જે જાતની શ્રદ્ધા કહી—થાળી ધરાવીને ખાવું વગેરે—એ અંધશ્રદ્ધા કહેવાય, કારણ કે એ શ્રદ્ધાની પાછળ આપણે કેવા થવું છે, એનું ભાન સતત ને જાગૃત ઘણુંખરું તો નથી હોતું. પરિણામે શું થાય છે કે શ્રદ્ધાળુ માણસ જેના ઉપર આટલી બધી શ્રદ્ધા રાખે છે, તેના જેવો થાય છે. એટલે ગુરુની બધી વાસનાઓ, ઈચ્છાઓ, ઊણપો—સારી-ખોટી તમામ—એ બધું પેલામાં આવે છે.''

તેથી પેલાં બહેને ટાપસી પૂરી, ''હા, તેથી પેલા આચાર્યશ્રીની પૂજા કરવાથી અને એમના બહુ સ્પષ્ટ દેખાતા દોષોની આગળ આંખ આડા કાન કરવાથી, એ બહેનમાં ક્ષુદ્ર ચોરી કરવાની ટેવ છે. શાકવાળી જરા આમતેમ હોય તો આમતેમ જોઈને એના ટોપલામાંથી થોડુંક શાક લઈ લે એવી ટેવ એમને છે.''

''બરાબર છે.'' શ્રીમોટા કહે, ''એટલે સવાલ એ થાય છે કે તો સાધકે શું કરવું ? કેવી રીતે જાણવું કે એને સાચા ગુરુ મળ્યા છે ?'' એનો જવાબ આ છે : ''જો સાધક ઉત્કટ ને સાચી જિજ્ઞાસાવાળો હશે તો આપોઆપ એને સૂઝશે કે મેં આ ગુરુ તો કર્યા પણ મારામાં એથી થવો જોઈતો વિકાસ થતો નથી, મારામાં શુદ્ધ સાત્ત્વિક આનંદ આવતો નથી, નથી મારા ચિત્તમાં શુદ્ધિ થતી, એમ જો પહેલેથી એને ઝંખના હશે અને તે જ કારણસર એણે ગુરુ કર્યા હશે—નહિ કે બીજાનું જોઈને અથવા શાસ્ત્ર કે રૂઢિ માનીને—તો પેલો સાધક આવી શ્રદ્ધા થોડો વખત રાખશે, પણ પછી તેને સત્ય સૂઝશે જ સૂઝશે.... પોતાની અવનતિ થાય છે. આની પાસે રહેવાથી ને એનું માનવાથી, એમ તેને પ્રતીતિ થતાં તે તેને પ્રણામ કરીને વિદાય લેશે... આ ઉપરથી અંધશ્રદ્ધા ને અતિશ્રદ્ધા કે સાચી શ્રદ્ધામાં કેટલો ભેદ છે તે સમજાય છે.

## ● શ્રીમોટાની વર્તનલીલા ●

### ૧. જાદુ

'મારાં ધર્મપરાયણ માતાપિતાના ઘરમાં આઠ સંતાનોમાં મારો છેલ્લો અને ચોથા પુત્ર તરીકે જન્મ થયો. મારા પિતાજી સ્વામીનારાયણ પંથના હતા અને માતા વૈષ્ણવ.... અભ્યાસમાં ચાર ધોરણથી આગળ ન વધી શકાયું. તોફાનો માટે જાણીતા એવા શહેરમાં હું મોટો થતો રહ્યો તેમ તેમ તોફાની તત્ત્વોનો સંચાર મારામાં પણ પ્રવેશતો રહ્યો. એટલે મારાં સગાંવહાલાંએ મને જામનગર કામધંધા માટે મોકલી આપ્યો. ત્યારે હું ૧૭ વર્ષનો થયો હતો.. મને મશીનરીના કામકાજમાં રસ પડતો હતો અને સ્વતંત્રપણે કામ કરતો થઈ ગયો. ધીમે ધીમે એ કામમાં કમાણી સારી થતી ગઈ, તેમ તેમ કુસંગ પણ વધવા લાગ્યો. બીડી, સિગારેટ અને દારૂની લત વધતી ગઈ. તેની સાથે માંસાહારી પણ બની ગયો, તેથી ઘણો સંતાપ થયો. દારૂ અને માંસાહારના અતિ સેવનથી મારા જ્ઞાનતંતુઓ પર અવળી અસર થઈ ગઈ ને બીજી પણ બીમારીઓએ ઘર ઘાલ્યું. એ બધાંને લઈને શરીરમાં એટલી બધી નબળાઈ વધી ગઈ કે ઘણીવાર શરીર ધ્રૂજી ઊઠતું અને એક સામટા ઘણા ચેકો પર સહી કરવાની હોય તો તે કામ થઈ શકતું નહિ. આમાંથી છૂટવા ઘણી ઈચ્છા થતી પણ વ્યસનની પકડ જડબેસલાક હતી. હું લાચાર બની ગયો.

સ્વાશ્રયથી આગળ વધેલા ગુજરાતના એક ધનાઢ્ય વેપારીભાઈએ પોતાની જિંદગીની કિતાબ ખુલ્લી કરતાં ઉપર પ્રમાણે જણાવેલું, કેટલાક સમય બાદ તેમને એક કર્મયોગી મહાત્મા પાસે જવાનું થયું. સાધુ મહારાજ તે ભાઈની ધંધા-વ્યવહારની વાતો પૂછે, કુટુંબ-કબીલાની તબિયત વિશે પૂછે ને એ રીતે તેના જીવનમાં રસ લે. એટલે વેપારીને સાધુ પ્રતિ ભાવ જાગવા લાગ્યો. સાધુ તો એને મિત્ર ગણે ને મિત્રના જેવો જ વ્યવહાર રાખે, જાણે બંને દોસ્તો બની ગયા!

એકવાર તે ભાઈ દારૂના નશામાં પોતાની મોટરગાડી જાતે હાંકીને સ્વજનો સાથે જઈ રહ્યા હતા, ત્યારે અકસ્માત નડ્યો, પણ કુટુંબીજનોને કાંઈ વાગ્યું  નહિ. પોતાને વાગ્યું. પથારીમાં થોડા દહાડા પડી રહેવું પડ્યું. તેવી સ્થિતિમાં એકવાર પેલા સાધુ મહારાજનું 'દર્શન' પણ થયેલું. એમની કૃપાથી પોતે બચી ગયો એમ તેને લાગવા માડ્યું.

સાધુ મહારાજ એક દિવસ પથારીવશ 'મિત્ર'ની ખબર કાઢવા ગયા. સાધુ પૂછે, ''ભાઈ, કેમ છો ?''

''પ્રભુ! પથારીમાં પડી રહેવાનું મળતાં દારૂ પીવાની સારી સગવડ રહે છે!'' બહુ ખુલ્લી રીતે તેણે સાચી વાત કહી દીધી, કેમ કે મહાત્માએ તેમની સાથે ગુરુશિષ્યના સંબંધને બદલે મૈત્રીનો સંબંધ જાળવ્યો હતો. આ એકરારથી ખુશ થઈ જઈને બહુ સમજ અને પ્રેમભાવે મહાત્માએ પૂછ્યું, ''તો હવે દારૂ ક્યારે છોડશો ?''

''એ તો બને એમ લાગતું નથી, પણ આપ કંઈ કરો તો થાય.'' બે હાથ જોડીને વેપારી દીન ભાવે કહે.

સાધુએ વિદાય લેતાં પહેલાં કોઈ દવાની ગોળીઓ તે ભાઈને આપતાં કહ્યું કે, ''આ ખાજો. એક ભાઈ તે બનાવે છે. તેમની પાસેથી મને પણ મળી છે. તેના સેવનથી દારૂ પરત્વે કુભાવ જાગશે.''

વેપારી ખુશ થઈ ગયો. ને તે લેવા માંડી. ધીમે ધીમે તેને ખરેખર દારૂ પરત્વે જુગુપ્સા જાગવા માંડી. એ મનમાં વિચારે કે, ''આ તો અદ્‌ભુત કહેવાય. જો આવી ગોળીઓથી જ ખરેખર આવી અસર થતી હોય તો તેનો ઉપયોગ આખી દુનિયા કેમ ન કરે ? પછી દારૂબંધીના કાયદાની જરૂર ન રહે!''... એને હસવું આવ્યું—પોતાની જાત ઉપર! ..... ખરેખર આ ગોળીઓની કરામત છે કે પેલા સાધુ મહારાજની શક્તિ ?.... અરે જીવ! આ જીત કોની ?... તેને પ્રકાશ લાધ્યો ને દોડ્યો સાધુ મહારાજ કને અને દંડની જેમ તેમનાં ચરણોમાં પડ્યો. આ સાધુ તે હરિઃૐ આશ્રમના શ્રીમોટા.

ત્યારથી તેનું જીવન તેમનાં ચરણોમાં સમર્પિત થઈ ગયું છે અને સત્સંગરૂપી સુધાના પાનથી અને 'હરિઃૐ' આશ્રમમાં મૌનએકાંતના

અનુષ્ઠાનથી તેના શેષ જીવનને તે શુદ્ધ કરી રહ્યો છે. હરિઃૐ આશ્રમના પૂજ્ય શ્રીમોટાની આ 'મૈત્રીનો જાદુ' છે એમ તે ગાઈ રહ્યો છે.

**(સ્વામીશ્રી કૃષ્ણાનંદ કૃત 'પર્લ્સ ઍન્ડ પેબલ્સ'માંથી સાભાર)**

## ૨. હનુમાન કૂદકો

શ્રીમોટાને એકવાર દક્ષિણમાં એક દાક્તરને ત્યાં પોતાની સારવાર કરાવવા માટે જતાં ઠીક ઠીક સમય સુધી રાહ જોવી પડી. એટલે તેઓએ તુરત જ દાક્તરની કૅબિનમાં ઘૂસી જઈને વિરોધ નોંધાવ્યો કે, "I do not believe in waiting like this.–આવી રીતે રાહ જોયા કરવામાં હું માનતો નથી." આમ, તેમને પ્રત્યેક કર્મમાં ઝડપ પ્રિય છે. જરૂર પડે ત્યાં અપાર ધીરજ પણ તેઓશ્રી ધરી શકે છે. બાકી ચાલવામાં, કામ કરવામાં, વાંચવામાં, લખવામાં વગેરે કર્મોમાં તેઓશ્રી સમયની સાથે દોડવામાં માને છે ને દોડે પણ છે. જો કોઈ મોટરગાડીમાં લાંબા અંતરે જવાનું હોય તો શક્ય એટલી ઝડપે જવામાં તેમને ઑર આનંદ આવતો હોય છે. ગુજરાત વિદ્યુત બોર્ડના સલાહકાર સભ્ય શ્રી પી. ટી. પટેલ આ બાબતમાં સાક્ષી પૂરી છે. એક દિવસ શ્રી પી. ટી. પટેલ, તેમનાં ધર્મપત્ની અને મધુરીબહેન ખરેને લઈને શ્રીમોટા ગળતેશ્વર ગયા. તે દિવસ ૧૯૫૮ની સાલનો રામનવમીનો હતો. શ્રીમોટા કહે કે, "રામનવમી માટે હનુમાન કૂદકાનો દિવસ છે, એટલે આપણે ગળતેશ્વર જઈ એક દિવસ રહીએ." અને તે બધાં મોટરગાડીમાં ઊપડ્યાં. શ્રી પી. ટી. પટેલ ગાડી ચલાવે. તેમની બાજુમાં શ્રીમોટા.

શ્રીમોટા તેમને પૂછે : "આ મોટર કંપનીવાળાએ સ્પીડોમીટર ૧૪૦નું બનાવ્યું છે, તો એટલી ઝડપે ગાડી ચલાવી શકાય ખરી ?"

શ્રી પટેલભાઈએ ના પાડી, પણ છતાં શ્રીમોટાએ તેમને તેટલી જ ઝડપે ગાડી ચલાવવા આગ્રહ કર્યો અને તેમણે ગાડી દબાવી. ગાડી ૧૦૦-૧૧૦-૧૨૦-૧૩૦ ક્યાં સુધી જાય છે તેની તેમને ખબર પડી નહિ! વધુમાં તેઓ કહે છે , "તે વખતે મધુરીબહેનનું ભજન ચાલતું

હતું. ગાડી જમીનથી દોઢ ફૂટ ઊંચે ચાલતી હોય તેમ લાગ્યું! પૂજ્ય શ્રીમોટા મારી પીઠ થાબડી રહ્યા હતા! સૌથી અદ્ભુત વાત તો એ કે મને આ દિવસે શ્રીરામનાં દર્શન થયેલાં!'' અને રામનવમી શ્રીમોટા માટે હનુમાન કૂદકાનો દિવસ હતો, કેમ કે તે દિને તેમને નિર્ગુણનો સાક્ષાત્કાર થયેલો.

## ૩. પતિતપાવની ગંગામા જેવા

શ્રીમોટા કાદવમાં પડેલા જીવને બહાર કાઢવા કેવાં પ્રેમભર્યાં પગલાં ભરતાં હોય છે, તેનો એક ખૂબ રસપ્રદ ને રોમાંચક કિસ્સો જોવા મળે છે. એક યુવાન ભાઈ એક પ્રેમત્રિકોણમાં ફસાઈ ગયેલો અને છેવટ સુધી એને બધી બાજુથી નિરાશા સાંપડી. તે શ્રીમોટાની સેવા કરે, મૌનમાં દર વર્ષે બેસે અને શ્રીમોટા એના પર માતા જેવી પ્રેમભરી નજર રાખે અને હૂંફ આપે. સાધારણ રીતે આવા જીવો પરત્વે સમાજ ઘૃણા દર્શાવતો હોય, ત્યારે તેવા જીવને ઉષ્મા અને પ્રેમની કેટલી બધી જરૂર હોય છે, તે આવા ચેતનામાં નિષ્ઠા પામેલા શરીરધારી આત્માઓ જ સમજતા હોય છે. ને તેઓ જ તેવા જીવનું જીવન ચીમળાઈ ન જાય તે જોવા માટે ઘણા આતુર હોય છે ને જુદી જુદી રીતે તેઓ તેમના (ચેતનનિષ્ઠો) પ્રતિ વાળવા પ્રયત્ન કરતા હોય છે. જેમ રામકૃષ્ણ પરમહંસદેવે ગિરીશ ઘોષના જીવનમાં, ગિરીશનાં અપમાનો સહન કરીને પણ કેવી આશ્ચર્યજનક રીતે રસ લીધો હતો તેમ શ્રીમોટાએ આ જીવમાં રસ લીધો છે.

એટલે તેઓશ્રી તે ભાઈની કક્ષાએ ઊતરીને તેને જેમાં, નિર્દોષ ઘટનાઓમાં અને વ્યવસાયોમાં રસ હોય તેમાં રસ દાખવે. તેને તેવી પ્રવૃત્તિઓમાં નિર્દોષ પ્રોત્સાહન આપે. આ રીતે તેના જીવનમાં ઊંડો રસ લેનાર છે તેમ તેને અનુભવ લેવા દે. આથી, તે ભાઈને પોતાના જીવનમાં રસ જાગ્યો અને જીવન જીવવા જેવું છે તેવું તેને સ્ફુરતું થયું. માનવીમાત્ર દોષથી ભરેલો છે. કોઈ પૂર્ણ નથી. દોષ થવો સહજ છે, પણ તેમાંથી ઉપરામ થઈ જઈને ઊર્ધ્વપણે પ્રકટવું તે મોટી વાત છે.

દોષ થવો અને પછી તેને કબૂલ કરવો તે મોટી વાત છે. ને તેવા દોષમાંથી ઊગરવાનું મથી મથીને કરવું તે ઘણી મોટી વાત છે. આ ભાઈએ મથી મથીને ઊગરવાના પ્રયાસો શ્રીમોટાના પ્રયત્નથી કર્યા. સમાજ દોષિત વ્યક્તિનો તિરસ્કાર કરીને તેને ઊંચે પ્રકટવાની દિશા તેને માટે બંધ કરી દે છે, ત્યારે આવા મુક્તાત્માઓ દોષિતોને પણ પાંખમાં લઈને ઊંચે, ઊર્ધ્વમાં પ્રકટવાને તકો પૂરી પાડે છે. પતિતપાવની ગંગામા જેવા મુક્તાત્માઓ હોય છે. ગમે તેવો કચરો ગંગામૈયામાં ઠલવાય છે પણ મહાનદ ગંગામાતામાં ભળતાં તે વિશુદ્ધ બની જાય છે તેમ આ ભાઈનું થવા લાગ્યું. સીધી શીખ દેવાને બદલે તેને ચાહવામાં તેઓ સાર્થકતા અનુભવે છે. પ્રથમ ચાહીને તેનો પ્રેમ સંપાદન કરવો ને પછી તેને જરૂર પડ્યે ટકોરવો. આ રીતે પેલો જીવ વિકાસના માર્ગે પાંગરે છે. આવી છે આવા મુક્તાત્માઓની વિશિષ્ટતા.

## ૪. જય જલારામ

શ્રીમોટા ૧૯૬૭ના જૂન માસ દરમિયાન વીરપુર જલારામ બાપાના સ્થાને ગયેલા. તેમણે તેમનો અનુભવ નીચે મુજબ વર્ણવ્યો હતો :-

શ્રી ગિરધરબાપા આપણા આશ્રમે બે વાર પધારેલા એટલે થયું કે આટલે (જૂનાગઢ) હું આવ્યો છું તો એમને મળતો જાઉં. એટલે અમે ત્યાં ગયા. બપોરે પહોંચ્યા પણ પહેરેગીર અમને શ્રી ગિરધરબાપા પાસે જવા ન દે. એ કહે કે અત્યારે એમને મળવાની સખત મનાઈ છે, મળવાનો આ ટાઈમ નથી. મેં કહ્યું કે, ‘‘મારું નામ દેજે, કહે કે હરિઃૐ આશ્રમના **મોટા** આવ્યા છે.’’ પણ એ સમજે નહિ, માને નહિ. એટલે ઇંદ્રવદન શૅરદલાલને કહ્યું કે, ‘‘ચડી જા મેડી ઉપર.’’ એ ઉપર ગયો. પણ એની પાછળ બે પહેરેગીર પડ્યા ને તેને પકડીને નીચે ઊતાર્યો. એટલે મેં પહેરેગીરને કહ્યું કે, ‘‘તને ગિરધરબાપા વઢે કરે તો જા, હું

જવાબદાર, પણ તને વઢશે જ નહિ ઊલટા ખુશ થશે.'' ત્યારે એ ઉપર ગયો! પછી અમને ઉપર બોલાવ્યા. નવા ગાલીચા ને ચાદરો પથરાવીને મને બેસાડ્યો. પછી જમવા માટે કહ્યું એટલે સાંજે પાંચ વાગ્યે જમ્યા ને પેટીમાં જેટલા રૂપિયા આવેલા તે બધાંય મારી આગળ ધરી દીધા. પણ મેં ના પાડી—''આટલા બધા ન લેવાય.'' પણ તેમના અતિ આગ્રહને વશ થવું પડ્યું ને સ્વીકાર્યા. અગિયારસો રૂપિયા હતા!

## ૫. પૈસાની સગાઈ ?

એક ઉત્સાહી યુવાન વેપારીભાઈ શ્રીમોટા પાસે પહેલી જ વાર તેમના આશ્રમે ગયા ને મીઠી મીઠી બાનીમાં ઘણી ઘણી વાતો કરી : ''**મોટા**! અમને માટીની મૂર્તિ જેવા બનાવી દો.''

''ભાઈ, પહેલાં આપણે માટી જેવા બનવું પડે.''—શ્રીમોટા કહે. પછી તે ભાઈએ પોતાનું પૈસાનું પાકીટ કાઢી તેમાંથી પાંચ હજારની રકમ શ્રીમોટાનાં ચરણોમાં ધરી. ત્યારે તેઓશ્રી કહે, ''જો ભાઈ, આપણી આ પહેલી મુલાકાત છે. પૈસા સાથે સંબંધ ના હોય. લોક શું કહેશે ? **મોટા** પૈસાના સગા છે.''

આમ, ઘણી મીઠી વાતો થઈ. યુવાનના દિલમાંની કંઈક સચ્ચાઈની તેમને ખાતરી થઈ. એટલે તેમણે આશ્રમનો એક હજારની રકમનો ચેક તે ભાઈને આપતાં કહ્યું, ''લો, આ રાખજો તમારી પેઢીમાં.''

પછી તો એવો ગાઢ પ્રેમ એ ભાઈને શ્રીમોટા સાથે થયો કે તે તેમનાં ચરણોમાં આંખો મીંચીને નાણાં ઠાલવે. તેમના માટે ખર્ચ માટે પણ સામે ન જુએ. અન્ય બાબતોમાં પણ એવું. જ્યાં એક રૂપિયો આપવો ઘટે ત્યાં અગિયાર આપી દે. શ્રીમોટાએ એકવાર તેમને 'નવલશા હીરજી'થી સંબોધેલા.

દિવસો, મહિના અને વર્ષો વીતતાં એ જેટલું કમાય તેમાંથી થોડો ભાગ આશ્રમને આપે છે. શ્રીમોટા ઘણીવાર તેમ કરતાં તેમને વારે પણ ખરા.

## ૬. શ્રેષ્ઠ કળા

એકવાર હસ્તરેખાશાસ્ત્રના એક રસિયા સાથે વાતવાતમાં પોતાનો ડાબો હાથ બતાવીને કહ્યું, ''જો આમાં ત્રિશૂળ છે.'' એક જણ કહે, ''**મોટા**! તમારા નસીબમાં હાથીઘોડાનું સુખ છે.'' ત્યારે તેઓ હસીને કહે, ''અરે શું કહ્યું! ગધેડાનુંય વાહન નથી!'' (બધાં હસી પડ્યાં.)

પેલા હસ્તરેખાના રસિયા ભાઈએ શ્રીમોટા સાથેના થોડા સંબંધ દરમિયાન શ્રીમોટાના હાથની છાપો માટે વિનંતી કરી. તો તેમણે તુરત જ હાથ લંબાવ્યો ને પછી ખૂબ આતુરતાપૂર્વક કહે કે, ''મને આમાં શું આવે છે તે જણાવજે, ભઈ. જાણીએ તો ખરાં, કેવું નસીબ છે!'' પેલા ભાઈએ હોંશમાં ને હોંશમાં ભવિષ્યકથન લખી આપ્યું પણ ખરું. પણ શ્રીમોટાએ તો તેની વાત જ કાઢી નહિ અને એમના હાથની છાપોવાળા કાગળ ઉપર સહી કરતાં તેમણે લખ્યું :-

''સર્વ કળાઓમાં જીવન-વિકાસની કળા શ્રેષ્ઠ છે.''

વ્યક્તિઓનાં દિલ જીતવાની શ્રીમોટાની આવી કળા છે!.

## ૭. ખૂબી

અમદાવાદના એક જાણીતા પુસ્તકવિક્રેતા ૧૯૪૭ની સાલમાં શ્રી નંદુભાઈ સાથેના વ્યવહારને લઈને સાબરમતી આશ્રમે ગયેલા. ત્યારે શ્રીમોટા ત્યાં બિરાજે. આ ભાઈ ચાના પ્રેમી એટલે આશ્રમમાં ચા મળશે કે કેમ તેના વિચારમાં હતા. શ્રીમોટાએ તેમને કહ્યું, ''આવો, અહીં ચા મળશે. હુંય ચા પીવું છું.'' પણ એમને શ્રીમોટા વિશે કંઈ માહિતી ન હતી.

તેઓ બીજીવાર શ્રી નંદુભાઈને મળવા ગયા, ત્યારે શ્રી નંદુભાઈ મૌનમાં હતા—સાબરમતી આશ્રમે જ. એટલે શ્રીમોટા તેમને વળાવવા છેક વાડજથી પણ આગળ ગયેલા ને તેય ઉઘાડા પગે! પણ તેમના વિશે એ ભાઈને કંઈ સમજાયું ન હતું.

પછી તો ૧૯૪૮માં એ ભાઈનું લગ્ન શ્રીમોટાની હાજરીમાં થયું. ગોરમહારાજ કહે, 'શનિ-મંગળ છે, જપ કરાવવા પડશે ને આટલી રકમ પડશે'. શ્રીમોટા કહે, 'જપ અમે કરી લઈશું.'

એમ કરતાં શ્રીમોટા સાથે એમને સ્વજનનો સંબંધ થઈ ગયો. એ ભાઈને સિનેમાનો શોખ એટલે એકવાર શ્રીમોટા તેમની સાથે સિનેમા જોવા પણ ગયેલા. આખરે તેમના સત્સંગથી સિનેમા જોવાનું બંધ થઈ ગયું. આ ભાઈ દર વર્ષે ૩-૪ સપ્તાહ મૌનએકાંતમાં ગાળે છે.

## ૮. બાળપ્રેમ

શ્રીમોટા મુંબઈમાં સહકારનિવાસમાં એકવાર હતા. બહાર જઈને રાત્રે મોડા પધારેલા ને થાકી ગયા હતા. એટલે ઘરમાં જતાં અગાઉ યજમાનને કહી રાખ્યું, ''હું તુરત જ સૂઈ જઈશ, હોં.'' પરંતુ સૂવાની તૈયારી કરતા હતા એટલામાં એક સ્વજનભાઈ આવીને શ્રીમોટાને કહે, ''મોટા, થોડાં બાળકો આપને પગે પડવા આવે છે.''

''આવવા દો.'' તેમણે રજા આપી.

આશરે પચાસેક નાનાંમોટાં બાળકો લાઇનબંધ આવવા લાગ્યાં. બાળકો પગે પડે ને તેઓશ્રી કોઈના માથે હાથ મૂકે, કોઈનો બરડો પંપાળે, તો કોઈની છાતી પર હાથ મૂકે ને ખબર પૂછે : ''શું ભણો છો ?''

ઉ. : ''ત્રીજું, પાંચમું, નવમું, દશમું....''

પ્ર. : ''શેમાં નાપાસ થાવ છો ?''

ઉ. : ''ગણિત, અંગ્રેજી, ગુજરાતી.... ''

પ્ર. : ''માસ્તર રાખો છો ?''

ઉ. : ''હાજી—નાજી....''

પ્ર. : ''કેટલો પગાર આપો છો ?''

ઉ. : ''ચાળીસ, પચાસ...''

પ્ર. : ''છ માસિકમાં પાસ થયાં હતાં ?''

ઉ. : ''નાજી—હાજી....''

પ્ર. : ''બાને કામમાં મદદ કરો છો ?''

(કોઈ 'ના' કહેતાં શરમાઈ જાય.)

પ્ર. : ''ફિલ્મ જોવા જાવ છો ?'' .. 'હા...હા' (તેમણે સ્મિત કર્યું)

''કસરત કરો છો ?'' 'ના—ના—' (ફરી સ્મિત કર્યું)

''બા મારે છે ?'' ... 'હા...ના.'

''બા નાસ્તો કરી આપે છે ?'' ''હાજી—નાજી''.

''બાને મારી પાસે લઈ આવજો, કે'જો કે ઉપર **મોટા** બોલાવે છે. પરસાદ આપવાનો છે... જાવ હવે ભણજો, પરીક્ષાને એક મહિનો બાકી છે.''

પછી બીજા ભક્તો સામે જોઈને તેઓશ્રી કહે, ''નવ્વાણું ટકા છોકરાં ગણિતમાં કાચાં છે.'' એક શરીરે નબળી દેખાતી બાળાને જોઈને કહે, ''આ છોકરીનાં બાપને કહેજો કે એની દવા કરે, એનું શરીર સારું નથી.''

અન્ય સ્થળે તેઓશ્રી એક બાળાના પિતાશ્રીને કહે, ''આ તમારી દીકરીની આંખો પીળી ને ફિક્કી છે. એની દવા કરો છો ? ચશ્માં કાઢી નાંખો ન દેખાતું હોય તો! આમ કેમ ચાલે ? આપણા લોકોની આવી વિચિત્ર રીતો છે! છોકરાંનું કોઈ ધ્યાન જ નથી આપતુ ?''

## ૯. માનસચિકિત્સક

એક ભાઈ શિરડીવાળા સાંઈબાબાના ભક્ત. તેમની કૃપાથી પોતે શ્રીમોટાના સંપર્કમાં આવી શક્યા ને તેમના સ્વજન બની શક્યા એમ તેમનું માનવું છે. તેમનો દીકરો પણ એકવાર સાત દિન માટે મૌનમાં બેઠેલો ને સત્સંગી. કાળક્રમે તે પૂજ્ય શ્રીસત્યસાંઈબાબા સાથે જોડાયો. એ જુવાનની બા પણ પૂજ્ય શ્રીમોટા અને સાંઈબાબા માટે ભાવ ધરાવે છે. આથી, આ કુટુંબના સભ્યો એકબીજાની લાગણીઓને જ્ઞાનભક્તિ-

પૂર્વક માન આપે અને એકબીજાની શ્રદ્ધાને તોડવાનું કોઈ ન કરે તે પર શ્રીમોટા ખાસ ધ્યાન આપે અને એકાશ્રયનું મહત્ત્વ સમજાવવા આમ કહે, 'ભઈલા, **મોટા** પાસે જઈએ કે બાપજી રંગ અવધૂત મહારાજ પાસે જઈએ ને તેમને પગે પડીએ તો તેમને સાંઈબાબા દઢાવીને પગે પડવું.'' છોકરાના પિતાને તેઓશ્રી એવી સલાહ આપે કે, ''તમારે તમારા દીકરા આગળ શ્રીસત્યસાંઈબાબાની જ વાતો કરવી. ભાઈ, ચેતન તો સર્વત્ર એક જ વિલસી રહ્યું છે, છતાં આપણા જેવા જીવો સ્થૂળથી જ વધુ આકર્ષાતા હોય છે. માટે જેને તેને તેની આસ્થા, શ્રદ્ધા વધે એ મુજબ વાતો કરવી.''

એકવાર શ્રીમોટા તે ભાઈને ત્યાં પ્રસાદ લેવા પધારેલા. કેવળ ખીચડી-શાકની પ્રસાદી તેમણે માગેલી ને ઘણા પ્રેમથી આરોગી. પછી વિદાય લેતાં પેલાં બહેનને તેઓશ્રી જણાવે, ''બહેન, આ ઘર સાંઈબાબાનું છે.'' એવા સહજભાવે મધુર પ્રેમનીતરતી ને ગંભીર મુખ-મુદ્રાએ તેઓશ્રી આમ બોલ્યા! આમ બોલવાનું કારણ શું હશે તે તો એ જાણે! પણ આ સાંભળીને કુટુંબના સભ્યોને કેટલો હર્ષ થયો હશે એ કહેવાની જરૂર છે ? શ્રીમોટા એક નિષ્ણાત માનસચિકિત્સક છે, કરુણા ભરપૂર માતા છે, અને તે રીતે તેઓ યથાસ્થાને વર્તે છે એ એમની અનોખી કળા છે!

## ૧૦. રસ્તામાં પંક્ચર પડે ?

એકવાર એક સરકારી અધિકારી શ્રીમોટાને મળવા આવતા હતા. તેઓ નિશ્ચિત સમય કરતાં મોડા પડ્યા. આવતાંની સાથે રમૂજમાં બોલ્યા, ''**મોટા,** આપને મળવા આવતો હતો અને રસ્તામાં મારી ગાડીમાં પંક્ચર પડ્યું. આપની પાસે આવતાં પંક્ચર પડે એ તો કેવું!!''

શ્રીમોટાએ ખડખડાટ હસતાં કહ્યું, ''સાહેબ, આ માર્ગે જતાં તો ઘણી ઘણી વાર ઘણી જાતનાં પંક્ચર પડ્યાં જ કરે, પણ પંક્ચરને ગણકારાય નહિ!''

## ૧૧. લીધેલું પાછું નથી આપતા

શ્રીમોટા એક ભાઈને ત્યાં મુંબઈમાં પહેલી વાર પધાર્યા. તેમનું પૂજન-અર્ચન થયા બાદ એ ઘરનાં બહેને દક્ષિણામાં લાલ ઝીણા કાગળમાં ને ઉપર રૂમાલથી બાંધેલ પડીકું અર્પણ કર્યું, ''શું છે બહેન ?'' એમ કહીને પડીકું તેમણે ખોલી જોયું. તેમાંથી એક ગિની નીકળી. ''ક્યાં છે તારી સેવાપૂજા ?'' એમ પૂછતાં તેઓશ્રી ઊભા થઈ ગયા અને પૂજા-મંદિરમાં તે ગિની તેમણે પધરાવી દીધી. અક્ષત્ અને પુષ્પથી તેની પૂજા કરી. બે હાથ જોડી પોતાનું માથું નમાવ્યા બાદ તેમણે સૂચવ્યું કે આની રોજ આ રીતે પૂજા કરીને પ્રાર્થના કરજો ને આમ બોલજો :-

*''જે લક્ષ્મી સુખ નિત્ય વૈભવ અને ઐશ્વર્ય દે પૂર્ણદા,*
*તે લક્ષ્મી અજવાળજો જીવનને, તે લક્ષ રે'જો સદા.''*

શ્રીમોટા ત્યાંથી વિદાય લઈ રહ્યા ત્યારે તે ભાઈએ તેમને નાનકડી રકમ ભેટ તરીકે આપવા માંડી. તે જોઈને તેઓશ્રી બોલ્યા, ''કેમ વળી ફરીથી ?'' ત્યારે પેલા ભાઈ કહે, ''આપે તો કાંઈ સ્વીકાર્યું નહિ. પેલી દક્ષિણા પાછી મૂકી દીધી.'' એટલે શ્રીમોટા ખડખડાટ હસતાં બોલ્યા, ''અરે! ભઈલા! અમે લીધેલું કંઈ પાછું આપતા નથી!''

## ૧૨. ફૂલહાર

મુંબઈમાં એક ભાઈને ત્યાં તેઓશ્રી પહેલી વાર પધારેલા, એટલે તેમણે તેમના ઘરને ફૂલહારોથી સારી પેઠે શણગારેલું. શ્રીમોટા તે જોઈ રહ્યા. પછી બીજી વાર ત્યાં આવેલા ત્યારે પણ એવો મોટો ખર્ચ ફૂલહાર પાછળ કરેલો જોવામાં આવ્યો. તે ભાઈ શ્રીમોટાની નિકટ આવી ગયેલા. એથી તેમણે બહુ પ્રેમથી એ ભાઈને કહ્યું, ''ભઈલા, ફૂલો પાછળ શું કામ આટલો બધો ખર્ચ ? હવેથી આવું ના કરતો.'' એનો અર્થ એ નથી કે તેમને ફૂલોની સુગંધ કે તેનું સૌંદર્ય પસંદ નથી કે તે

માણી શકતા નથી, પણ ખાલી બિનઉપયોગી ખર્ચ તેમને પસંદ નથી. તેમની ઉપયોગની દૃષ્ટિ બહુ મોખરે હોય છે, એટલે ફૂલોની પાછળના ખર્ચને તેઓ પ્રોત્સાહન નથી આપતા. એટલે જ એના સંદર્ભમાં તેઓશ્રી એમ પણ કહેતા હોય છે કે, ''એને બદલે અમને બે પૈસા આપો તો અમારા ચણામમરા નીકળે.'' તેમના ઉત્સવોમાં પણ ફૂલહારને બદલે સૂતરની આંટી અર્પણ કરવા વિનંતી કરવામાં આવે છે ને તેવા મળતા સૂતરમાંથી પાછી ખાદી તૈયાર કરવામાં આવે છે.

## ૧૩. મરચાં

શ્રીમોટાને જરા તીખું અને ફરસાણ વધુ ભાવે. એક વખત જમતાં જમતાં વાત નીકળી : ''**મોટા**, બધા સંતોને તીખું ભાવતું હશે ? કહે છે કે, તેમને દેશ દેશનાં પાણી પીવાનાં એટલે તીખાશથી વાંધો ના આવે. સ્વામી વિવેકાનંદને પણ અતિશય તીખું જોઈતું, એટલે અમેરિકામાં પણ મસાલાનાં પડીકાં મદ્રાસથી મોકલવામાં આવતાં ને પોતાના મોટા ડગલાના ખિસ્સામાં તે રાખતા!'' શ્રીમોટા કહે, ''ના, એમ નહિ. મારું નાનપણ બહુ ગરીબીમાં ગયેલું, એટલે રાતું મરચું તેમાં તેલ ભેળવીને શાકની જગ્યાએ ખાઈએ. ત્યારથી મરચાંની ટેવ પડી અને પ્રમાણસર મરચાં પાચનશક્તિ માટે સારાં અને જરૂરી ગણાય.''

## ૧૪. પ્રેમશસ્ત્ર

એક હકીકતની વાત એ છે કે શ્રીમોટાની પ્રેમ કરવાની અનોખી કળાથી દારૂડિયા અને વ્યસનીઓ સીધા કોઈપણ જાતના ઉપદેશ વિના 'પાટા' ઉપર આવી ગયેલા જોયા છે. તેમનું તે અંગેનું મોટામાં મોટું શાસ્ત્ર અને શસ્ત્ર—પ્રેમ છે. આવી કેટલીક વ્યક્તિઓ શ્રીમોટાના એવા 'જાદુ'થી પછી એવી અંજાઈ જાય છે કે તેઓ તેમને પોતાની મોટર-ગાડી ભેટ આપી દેવા તૈયાર હોય છે, પરંતુ તેઓશ્રી એવી રીતે

ગાડીઓ લઈને બંધાઈ જતા નથી. બહુ આગ્રહ અને ભાવ જુએ તો બહાર આવવા-જવા તે તે સ્વજનોની ગાડી મંગાવે.

## ૧૫. રામનવમી

એમના રામનવમીના ઉત્સવમાં એક સ્વજનથી જવાનું ન બનતાં તે શ્રીમોટાને કહે કે, ''આ વખતે ઉત્સવમાં નહિ અવાય. અહીં (મુંબઈમાં) ફાળાનું કામ ચાલે છે તેથી.'' ત્યારે તેઓશ્રી કહે, ''અહીંયાં પણ રામનવમી છે. જે મારું જ્યાં જ્યાં કામ કરે, ત્યાં ત્યાં રામનવમી સમજવી. લોકો ખાલી ખાલી પગે પડવા આવે છે. તેમને હું ના જ કહી દઉં છું કે નકામા પગે પડવા આવશો નહિ.''

એક ભાઈ કહે, ''**મોટા**, રામનવમીએ મારી સેવામાં આપનો ફોટો પધરાવવાનો છે. ત્યારે આપ તો અત્રે નહિ હો છતાં માનસિક રીતે આમંત્રણ આપીશ પધારવાનું!'' શ્રીમોટા કહે, ''મને જ્યાં યાદ કરો ત્યાં હું હાજર છું.''

એકવાર રામનવમીના ઉત્સવ દરમિયાન શ્રીમોટા વ્યાખ્યાન આપી રહ્યા હતા, ત્યારે વાક્યપ્રયોગમાં 'પ્રકાશ' શબ્દ આવ્યો. જેના સંદર્ભમાં તેઓશ્રી બહુ ગંભીરતાથી, સ્નિગ્ધપણે અને સહજપણે એમના એક સ્વજનને ઉદ્દેશીને બોલ્યા, ''ભાઈ, પ્રકાશ દેખાય છે ?'' એ સાંભળીને એમનો એ નામનો દીકરો ઊભો થઈને શ્રીમોટા કને આવવા લાગ્યો. એને એમ કે એને પોતાને શ્રીમોટા બોલાવતા હશે. 'પ્રકાશ' શબ્દ ઉપર એમ શ્લેષ કર્યો હતો તે સાથે સ્વજનને પોતાની આંખ ખોલવા પણ ઈશારો કર્યો. તેઓશ્રી કોઈને સીધી શિખામણ ભાગ્યે આપતા હોય છે. પ્રસંગ મળ્યે લગાવી દે!

૧૯૬૫માં ડભાણ ગામે રામનવમીનો ઉત્સવ ઊજવાયો, ત્યારે એક સ્વજનનાં માતુશ્રી મુંબઈથી પહેલી વાર શ્રીમોટાનાં દર્શને આવ્યાં. તેમને જોઈને શ્રીમોટા એકદમ ઊભા થઈ ગયા ને આંસુ સાથે વૃદ્ધ માનો હાથ પકડીને બોલી ઊઠ્યા, ''મારા માથે હાથ મૂક, મારે મા નથી.'' આમ પ્રથમ દર્શને જ માને હેતથી ભીંજવી દીધાં. ઉત્સવ પૂરો થયા બાદ તે માતુશ્રી વિદાય લેવા શ્રીમોટા કને આવ્યાં ત્યારે તેઓશ્રી

કહે, ''મા, મને દત્તક લઈ લે. મારા પર ભાવ રાખજે.'' અને બાને તેઓ ભેટ્યા દીકરાની જેમ. ભાવની આવી રેલમછેલ કરવાની તેમની કેવી કળા!

## ૧૬. હૃદયપ્રવેશ

ડભાણ ગામના એક મોટા વેપારીને બીજા એક મિત્રની સાથે શ્રીમોટા કને આવવાનું પહેલી વાર થયું. શ્રીમોટાના દેખાવ પરથી ને બોલી પરથી એ ભાઈને થયું કે, શું કામ લોકો આવા માણસને પગે લાગતા હશે ?! કાંઈ ખબર પડી નહિ. ત્રણ વર્ષ વીતી ગયાં. તે બાદ બીજી એકવાર તેમને શ્રીમોટા કને નડિયાદ આશ્રમે આવવાનું થયું. ઘરની ગાડી એટલે અવારનવાર આવે. શ્રીમોટા તેમના ધંધા ને ઈતર પ્રવૃત્તિઓની જ વાત કાઢે. પ્રેમથી વાર્તાલાપ કરે. ઈતર કોઈ ઉપદેશ નહિ. 'ધીમે ધીમે વેપારી ગૃહસ્થને શ્રીમોટાની લગની લાગવા માંડી. તેમના ઘરનાં બધાં માણસો શ્રીમોટા કને આવવા લાગ્યાં. ઘરની સાહ્યબી ઘણી ઘણી છતાં આશ્રમનું નાનામાં નાનું કામ પણ તેઓ કરવા લાગ્યા. વર્ષો વીતતાં તેઓ શ્રીમોટાના સ્વજન બની ગયા છે ને આશ્રમની પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લે છે.

એક બહેન શ્રીમોટાને સાબરમતી આશ્રમે દર્શન સારુ ગયેલાં, ત્યારે અન્ય માણસો પણ હતા. વાતો ચાલતી હતી. તે દરમિયાન તે બહેનને મનમાં એક જણના વિશે અન્યથા ભાવના વિચારો ચાલી રહ્યા હતા. શ્રીમોટાએ તેમને પકડી પાડતાં કહ્યું, ''બહેન! આપણે આવા વિચારો ન કરવા જોઈએ. આપણે માટે તે શોભાસ્પદ નથી.'' બહેન ચમકી ગયાં.

એ જ બહેન એકવાર સુરતથી વડોદરા જતાં હતાં, તે જ ટ્રેનમાં શ્રીમોટા અને ભીખુભાઈ નવસારી જાય. બધાં એક જ ટ્રેનમાં પણ એકબીજાંને દેખી શકે નહિ, એટલા દૂર દૂરના ડબામાં બેઠેલાં. આ બહેને ગાડીની બહાર ડોકું કાઢીને મનોમન ઈચ્છ્યું, ''**મોટા**, એકવાર દર્શન આપો!'' થોડી જ મિનિટમાં તેઓ એકદમ દોડતા આવ્યા ને પૂછ્યું, ''મને કેમ બોલાવતી હતી ?'' ''દર્શન માટે!''

## ૧૭. સંવાદ

દંપતીમાંથી એક જ જણ શ્રીમોટાને વરેલું હોય અને તેને લઈને ઘરમાં ટંટો થતો હોય તો તેઓશ્રી એવી કળા કરતા હોય છે કે બંનેને તેમના પ્રત્યે ધીમે ધીમે રાગ થાય ને બંનેનું સુખ અંતે વધે. એક દંપતી. પતિ શ્રીમોટાના ભક્ત. મૌનમાં બેસવા જાય, પણ પત્નીને તે ગમે નહિ એટલે કજિયા થાય. એટલે શ્રીમોટાએ ભાઈને તેમ કરવા મના કરી છતાં ભાઈ તો બધું બીજું કામ કરે એટલો ભાવવાળો. તેમના ઉત્સવોમાં પણ હરવખત ભાગ લે. ધીમે ધીમે પત્નીનું વલણ બદલાયું અને પતિ ફરીથી મૌનમાં જતા શરૂ થયા છે.

ભાવવાળા ભક્તને અને ભક્તમાં વધુ ભક્તિ જગાડવા તેઓશ્રી કહે, ‘‘મારી સાથે લગ્ન કર.’’

કોઈ નામે હોય ‘કંચનલાલ’, ‘ધીરજલાલ’, ‘પ્રકાશવીર’, ‘હસમુખ’ વગેરે પણ હકીકતમાં તેનામાં તેથી ઊલટા ગુણ હોય, તો તેઓશ્રી કહે, ‘‘ભાઈ, નામ બદલવું પડશે! આટલા રહ્યા પણ તમને કોઈ દિન હસતા ન જોયા.’’ એમ હસમુખરાયને કહે!

કોઈ બરાબર ધ્યાન આપીને અભ્યાસ ન કરતો હોય તો— ‘‘ભઈલા, ધ્યાન દઈને ભણજો. નહિ તો મારા જેવું બોડું કરાવવું પડશે.’’ માથા પરનું પોતાનું ફાળિયું ઊંચું કરીને કહે.

કોઈ અન્યથા પ્રવૃત્તિ કે એવી વલણવૃત્તિવાળો હોય તો કહે, ‘‘કેમ ચાલે છે ? જો જે ભાઈ! મારી આબરૂ ના જાય!’’

સગાંવહાલાં જીવતે તેઓ ઉંદર બિલાડીની જેમ લડતાં હોય ને એમનામાંથી એકાદ જણનું મૃત્યુ થતાં બંને શ્રીમોટાની આગળ જઈ રડવા લાગે. ત્યારે તેઓશ્રી કહે, ‘‘જીવતાં તો ઘણું એને હેરાન કરતો હતો. હવે શેના વેવલાવેડા કરે છે ? જા, જઈને એના માટે પ્રાર્થના કર્યા કર.’’

ગુજરાત રાજ્યના એક નિવૃત્ત ઉચ્ચ કક્ષાના અમલદાર શ્રીમોટાનાં સ્મરણો યાદ કરતાં કહે, ‘‘પૂજ્ય શ્રીમોટા જ્યારે મારે ઘેર પધારેલા,

ત્યારે મારા પુત્ર સામું જોયું અને એમની આંખોમાં આંસુ છલકાયાં. આખું વાતાવરણ ભાવમય બની ગયું. એ અવસ્થામાં એમણે મારા પુત્રને કહ્યું, ''તું તો મારો નાનો ભાઈ છે!'' આવા આત્મીય ભાવોની શ્રીમોટાએ હેલી કરી. ત્યારથી શ્રીમોટા એવી પ્રક્રિયા મારામાં કરી રહ્યા છે કે 'હરિઃૐ'નો જાપ થયા જ કરે છે. ભાવનું ઉદ્દીપન થયા કરે છે. મને તેમની યોજનાઓ, તેમનું કાર્ય એટલું બધું ગમે છે કે હું મારી મર્યાદાઓમાં રહીને તેમને સાથ આપી શકું છું. એક વ્યાપક પ્રેમસાગરમાંથી જાણે મોજાં આવ્યાં જ કરતાં હોય એમ લાગે છે. એમની આવી લાક્ષણિક રીત છે.''

કોઈ સ્વજન પરીક્ષામાં વારંવાર નાપાસ થતો હોય તો તેને ઘણો ઉત્સાહ આપે ને પ્રયાસ છોડી નહિ દેવાનું જણાવે. પરીક્ષા શરૂ થતાં પહેલાં તુરત પોતાને પરીક્ષાની તારીખો લખી જણાવવાનું તેઓ કહે, જેથી તેમને તેની યાદ રહે ને લખી જણાવનારને પ્રેરણા રહ્યા કરે.

પોતા પ્રત્યે નવાસવાનો ભાવ જાગે એટલા માટે તેની બધી સંસારી કથા, સગાંવહાલાં, ધંધો, વેપાર, ભણતર-ગણતર વગેરે સંબંધે પૃચ્છા કરે. કોઈવાર જમવાનું પોતાની મેળે આમંત્રણ પણ લઈ લે.

## ૧૮. પ્રોત્સાહન

કોઈ ભાવિક બહેનને શ્રીમોટાની પધરામણી વખતે ઘણા માણસોનું રાંધતાં ગભરામણ થતી હોય, 'નર્વસ' થઈ જતી હોય એટલે સર્વ રીતે તેમના માટે ભાવ છતાં 'પ્રસાદ' લેવા બોલાવી ના શકે. તો બે-ત્રણ વર્ષે પોતે જ તેને કહે કે, ''તારે ત્યાં ખીચડી ખાવા આવીશ. બીજું કાંઈ બનાવીશ નહિ. માત્ર ખીચડી ને શાક.'' અને અક્ષરશઃ તે જ કરવાનું હોય. પછી જમવા ટાણે અર્ધા કલાક અગાઉ જાય ને અંદર પ્રવેશતાં જ પૂછે, ''ઓ... બહેન, શું બનાવ્યું છે ?... થઈ ગયું બા ?... શાબાશ... લાવ જોઉં શાક ચાખું.'' ચાખીને કહે, ''સરસ થયું છે હોં, બરાબર.'' ને બીજી બહેનને કહે, ''જો આવું જ તું બનાવજે.''

આવું કહે એટલે તેમને જમવા બોલાવવા કોને પોરો ના ચડે ? અને આ બધાનો હેતુ શો ? પ્રેમમૂર્તિને તે તે ભક્ત પ્રકૃતિ તેનો દિવ્યપ્રેમ—ચેતનભાવ અર્પવાનો જ, જેથી તેના સ્વભાવનું રૂપાંતર થાય.

કોઈ નિકટનો ભાઈ પ્રકૃતિવશ થઈ જતો હોય તો તેને એકાએક ઘાંટો પાડી સંભળાવે, ''સંસાર સામે શું જોયા કરે છે ? સ્થૂળને ક્યાં સુધી પકડી રાખીશ ? ગમે ત્યારે સંસારને છોડવો તો પડશે ને ?''

## ૧૯. આત્મીયતા

એમના ઉત્સવ દરમિયાન સ્વજનના ઘરમાંથી એકલાં મા-બાપ આવ્યાં હોય—ઘરે છોકરા-છોકરીને મૂકીને—ત્યારે તેઓશ્રી કહે, ''ફલાણા કે ફલાણીને કેમ નથી લાવ્યા ? એને **મોટા** પર આટલો ભાવ છતાં આજે નથી લાવ્યાં ? આ મને ના ગમે હોં ?''

## ૨૦. ગમ્મત

નાનાં છોકરાં માબાપની સાથે આવ્યાં હોય તો તેઓશ્રી છોકરાંને પહેલાં બોલાવે ને મોટી બહેનને પૂછે, ''બાને કામ કરવા લાગે છે ?'' નાના ભાઈને પૂછે, ''મોટી બહેનને વિતાડે છે ખરો ? બા નાસ્તો રોજ કરી આપે છે ? ના કરી આપતી હોય તો રોજ માગવો.'' એકવાર મારી બાએ પૂડલા બનાવ્યા તો કહું, ''બા, આ તો મોળો છે.'' બીજી વાર ખાઈને કહું, ''આ તો બહુ જાડો છે.'' ને એ રીતે સાત વાર જુદા જુદા પૂડલા કરાવીને ખાધેલા!

## ૨૧. ખરી દક્ષિણા

કોઈ માબાપ તેના દીકરાને પૂરતું વહાલ કરતું ન હોય તેવામાંથી કોઈ તેમને દક્ષિણા આપે તો કહે, ''પેલાને વહાલ કરજે—તે જ મારી દક્ષિણા.''

---

**નોંધ:** હવે પછીના પ્રસંગ નં. ૨૨ થી ૩૮ સ્વ. શ્રી ઈંદુકુમાર દેસાઈ દ્વારા આલેખિત 'પૂજ્ય શ્રીમોટા એક વિભૂતિ' પુસ્તિકામાંથી લેવાયા છે.

## ૨૨. ભગવાનના માર્ગે જવામાં નિયમિતતા

પૂજ્ય શ્રીમોટા એક લોકસંત હતા. 'સમાજને મારે બેઠો કરવો છે' એવી એમની ઘોષણા હતી અને એ માટે એમણે સમાજ પાસેથી લાખો રૂપિયા મેળવી ફરીથી સમાજને ચરણે ધરી દીધા. સમાજ પાસેથી પૈસા મેળવવા માટે જ તેઓ પોતાના ઉત્સવો ઊજવવા દેતા. ભાદરવા વદ ચોથ એમનો જન્મદિવસ, વસંતપંચમી એમનો દીક્ષા દિન અને રામનવમી એમનો સાક્ષાત્કાર દિન. આમ, ત્રણ ઉત્સવો એમના ભક્તો ઊજવતા.

આવો જ એક ઉત્સવ રાજકોટમાં હતો. એ ઉત્સવના પ્રમુખસ્થાને અખિલ ભારતીય કૉંગ્રેસના માજી પ્રમુખ શ્રી ઢેબરભાઈ હતા. ઉત્સવનો સમય સવારે ૮-૦૦ નો જાહેર થયેલો. આઠ વાગ્યા પરંતુ શ્રી ઢેબરભાઈ આવ્યા નહિ. પૂજ્ય શ્રીમોટા પોતાના જાહેર કરેલા કાર્યક્રમોને ઘડિયાળના કાંટે પાર પાડવાનો આગ્રહ રાખે. એટલે એમણે તો બરાબર ૮-૦૦ વાગ્યે સમારંભની શરૂઆત કરી દેવડાવી. કેટલાકે શ્રી ઢેબરભાઈ આવે ત્યાં સુધી રાહ જોવાનું સૂચવ્યું, પરંતુ પૂજ્ય શ્રીમોટાએ સમયસર કાર્યક્રમ શરૂ કરી દેવાની સૂચના આપી અને કહ્યું, 'આપણે કોઈની રાહ જોઈને બેસી રહીએ એ યોગ્ય નથી.'

લગભગ ૮-૩૦ વાગ્યે શ્રી ઢેબરભાઈ આવ્યા. મંચ ઉપર શ્રીમોટાની બાજુમાં જ એમની ખુરસી હતી. એમની સાથે કોઈ વિચારોની આપ-લે થઈ. શ્રોતાગણમાં બેઠેલા અમે સૌએ આ જોયું, પરંતુ શું વાત થઈ એ દૂરથી કેવી રીતે સાંભળી શકાય ?

પૂજ્ય શ્રીમોટાનું પ્રવચન થયું ત્યારે જ એ સમજાયું. **મોટા**એ તો પોતાના જાહેર પ્રવચનમાં ઢેબરભાઈને મોડા આવવા વિશે જોરદાર ટીકા કરી. ઢેબરભાઈને જાહેરમાં પ્રશ્ન પૂછ્યો, 'શું ગાંધીબાપુએ આપણને આ શીખવ્યું છે ?'

એ બાબત પર આગળ બોલતાં તેમણે પોતાનું દૃષ્ટિબિંદુ રજૂ કરી સાધકને માટે જીવનમાં નિયમિતતા કેટલી આવશ્યક છે તે સમજાવ્યું.

તેઓએ જણાવ્યું :-

'પૂજ્ય ગાંધીબાપુએ આપણને ગરીબોની સેવા કરવા માટે ગરીબોના જીવનધોરણ પર જીવવા કહ્યું છે. આપણે એમના જેવા જીવનધોરણથી જીવીએ તો જ તેમનું આપણી સાથેનું તાદાત્મ્ય જન્મે. જો આપણે આપણું જીવનધોરણ ઊંચું રાખીએ તો તાદાત્મ્ય જન્મી શકે નહિ. તેમ હું કહું છું કે જો તમારે ભગવાનને માર્ગે જવું હોય તો તેની સાથે પૂરેપૂરું તાદાત્મ્ય કેળવવું પડશે. ભગવાનની મોટામાં મોટી કૃતિ આ કુદરત. એને જુઓ. મુકરર સમયે સૂર્યોદય અને સૂર્યાસ્ત થાય છે. ચંદ્રનો પણ ક્ષય અને વૃદ્ધિ અતિશય નિયમિતતાથી થાય છે. સમયે સમયે ઋતુ બદલાય છે. કેવું બધું નિયમિત ચાલે છે! તો જો તમારે ભગવાનને માર્ગે જવું હશે તો ભગવાને પેદા કરેલી આ કુદરત જોડે તાદાત્મ્ય કેળવવું પડશે. અને તે ત્યારે જ જન્મશે કે જ્યારે તમે કુદરતના ચક્ર જેવી નિયમિતતા કેળવો.'

સમગ્ર શ્રોતાગણ સ્તબ્ધ થઈ ગયો. શ્રી ઢેબરભાઈ જેવી વ્યક્તિની આવી જાહેર ઝાટકણી અને તે પણ તેમની હાજરીમાં! શું થશે ? ઢેબરભાઈને માઠું નહિ લાગે ?

પરંતુ બધાંના આશ્ચર્ય વચ્ચે ઢેબરભાઈએ ભારે ખેલદિલી દાખવી. પોતાના પ્રમુખ તરીકે ભાષણમાં પૂજ્ય શ્રીમોટાની ટકોરને સ્વીકારી માફી માગી, પરંતુ ખુલાસો કરતાં જણાવ્યું : 'મારા પગે વા છે. મારી તબિયત સારી રહેતી નથી. એટલે સવારે જલદી તૈયાર થઈ શકાતું નથી.'

વચ્ચે જ અટકાવીને શ્રીમોટાએ કહ્યું, 'એવું હોય સાહેબ, તો પ્રમુખપદ સ્વીકારવાની ના પાડી દેવી. અને સ્વીકારો તો નિયમિતતા જાળવવી જોઈએ.'

શ્રી ઢેબરભાઈએ પોતાની ભૂલનો તરત સ્વીકાર કર્યો.

આ પ્રસંગની એક આડ અસર એ જન્મી કે શ્રી ઢેબરભાઈએ પૂજ્ય શ્રીમોટા પાસે પોતાને જે કંઈ ગૂંચવણો હશે તેના માર્ગદર્શન માટે ખાસ સમય ફાળવવા વિનંતી કરી. બપોર પછી એમની ખાસ બેઠકમાં એની બધી ચર્ચાવિચારણા થઈ પણ ખરી.

આવી હોય છે સંતોની નિર્ભયતા.

# ૨૩. કશાનો પણ સંકોચ નહિ

પૂજ્ય શ્રીમોટા શ્રીસાંઈબાબાના હુકમથી કરાંચી શહેરમાં નગ્નાવસ્થામાં ફરેલા એ પ્રસંગ તો સૌનો જાણીતો છે, પરંતુ આવા બીજા કેટલાક પ્રસંગો જાણીતા નથી.

હરિજન સેવક સંઘમાં પૂજ્ય શ્રીમોટાના ઉપરી અધિકારી અને પાછલી જિંદગીમાં **મોટા**ના શિષ્ય બનેલા શ્રી હેમંતકુમાર નીલકંઠ પ્રત્યે પૂજ્ય શ્રીમોટાને ખૂબ વહાલ. એકવાર હેમંતભાઈ નવસારી હરિજન આશ્રમમાં હતા. પૂજ્ય **મોટા**ને એમની તીવ્ર યાદ આવી, દિલમાં ખૂબ ઉમળકો પેદા થયો. એમને મળવાનો તલસાટ પેદા થયો. અને જે સ્થિતિમાં હતા તે જ સ્થિતિમાં ચાલી નીકળ્યા. એમણે માત્ર નાડાવાળી એક ચડ્ડી પહેરેલી. શરીર તદ્દન ઉઘાડું. પગમાં કોઈ પગરખાં નહિ. અને **મોટા** તો અમદાવાદથી ટ્રેનમાં ચડી બેઠા અને આવી પહોંચ્યા નવસારી! એ જે વેશમાં આવ્યા તે જોઈને નવસારીમાં તો બધા આશ્ચર્યચકિત થઈ ગયા.

પૂજ્ય મોટાને સાક્ષાત્કાર થયા બાદ એમણે હરિજન સેવક સંઘમાંથી રાજીનામું આપ્યું. નિમિત્ત સ્વરૂપે જે લોકો એમના સંપર્કમાં આવ્યા અને આધ્યાત્મિક માર્ગદર્શન સ્વીકારવા લાગ્યા તેમને તેવું માર્ગદર્શન આપતા. પહેલા હતા શ્રી હેમંતકુમાર નીલકંઠ. બીજા હતા શ્રી નંદુભાઈ. એવાને માર્ગદર્શન આપવા એમને ઘરે પણ રહે. શ્રી નંદુભાઈની ત્રિચી અને કુંભકોણમ્‌માં સોનાચાંદી અને હીરાના વેપારની પેઢી. **મોટા** ત્યાં પણ જાય. એમના કુટુંબમાં રહે. શ્રી નંદુભાઈના ભાગીદાર સ્વ. શ્રી ગોપાલદાસ મામા. બંનેની ભાગીદારીની એન. ગોપાલદાસ ઍન્ડ કંપની ચાલે. ('એન.' નંદુભાઈનો અંગ્રેજી પ્રથમ અક્ષર) ગોપાલદાસ મામાના વડા પુત્ર શ્રી હસુખભાઈ કુંભકોણમ્‌ની પેઢી સાચવે. પૂજ્ય **મોટા**ની એમના પર ખૂબ અમીદૃષ્ટિ. કુંભકોણમ્‌માં **મોટા**એ ૧૯૫૦માં આશ્રમ પણ સ્થાપેલો.

એકવાર **મોટા**એ શ્રી હસમુખભાઈ જોડે સવારે ૮।। વાગ્યે મોટરમાં બહાર જવાનું ગોઠવેલું. **મોટા** એમની રાહ જુએ. હસમુખભાઈ કોઈ અગત્યના કામમાં રોકાઈ ગયેલા એટલે આશ્રમે સમયસર જઈ શક્યા નહિ. **મોટા** તો સામે જ કાર મળશે એમ માની કુંભકોણમ્‌ના આશ્રમમાંથી નીકળી પડ્યા. પણ કેવા ? લગભગ અર્ધનગ્ન દશામાં! અને જે કંઈ શરીર પર પહેરેલું એ પણ ચિત્રવિચિત્ર! માથે ગાંધી ટોપી, કમ્મરે એકમાત્ર લંગોટ અને પગમાં ચંપલો! ચાલતાં ચાલતાં ભર બજારે ૧।। માઈલ જેટલા રસ્તામાંથી પસાર થઈ એ વેશે જ તેઓ તો પેઢી પર આવ્યા! આવી હતી એમની નફિકરાઈ! ખરેખર સંતોને કોઈ વિધિનિષેધ હોતાં નથી. આમ કરે કે આમ ન કરે એવાં કોઈ ધોરણ એમને લાગું પડી શકે નહિ.

## ૨૪. કોઈ કામ નીચું નહિ

સુરત, હરિઃૐ આશ્રમની બાજુમાં કુરુક્ષેત્રનું મહાદેવનું મંદિર આવેલું છે. ત્યાં એકવાર મહારુદ્ર યજ્ઞ થયો હતો. ૧૯૬૧ની સાલની એ વાત. સાત દિવસમાં રૂ. ૧૦ હજાર જેટલો ખર્ચ થયો હતો. ૨૫ બ્રાહ્મણો એક સાથે બુલંદ અવાજે લાઉડ સ્પીકર સાથે વેદની ઋચાઓનું ગાન કરે. વાતાવરણ દિવ્ય હતું. સેંકડો લોકો દરરોજ જોવા આવે.

એ યજ્ઞની શરૂઆતના દિવસે બ્રાહ્મણોએ પૂજ્ય શ્રીમોટાને માનવંતું સ્થાન આપી પૂજા કરી. યજમાન દંપતીએ પૂજ્ય શ્રીમોટાને ચાંલ્લો કરી હાર પહેરાવ્યા. આખા યજ્ઞના અધિષ્ઠાતા દેવ જાણે પૂજ્ય શ્રીમોટા હોય એવું વાતાવરણ હતું. એ દૃશ્ય વિરલ હતું.

એક રીતે આ એક અનોખી ઘટના હતી. બ્રાહ્મણો સમસ્ત બ્રાહ્મણ સમાજની વચ્ચે આવીને આવી બ્રાહ્મણેતર વ્યક્તિને આવું સન્માન આપે એ પ્રસંગ અકલ્પ્ય હતો. હજારો વર્ષથી બ્રાહ્મણ ન હોય એવાને આ સ્થાન ન જ અપાય તેવું સનાતની બ્રાહ્મણો માનતા આવ્યા છે. પૂજ્ય શ્રીમોટા જ્ઞાતિએ ભાવસાર એટલે એ કારીગરોની

જ્ઞાતિના ગણાય. છતાં એમણે કરેલા સાક્ષાત્કારથી બ્રાહ્મણોએ એમને આવું અદ્વિતીય સ્થાન આપ્યું હોય એવો સંભવ ખરો. બ્રહ્મજ્ઞાનીને કોઈ કશો બાધ ન હોય એવું પણ સ્વીકારવામાં આવે છે.

આવું સન્માન હોવા છતાં એક દિવસ ૨ાા કલાક માટે પૂજ્ય શ્રીમોટાએ જે કામ સ્વીકાર્યું એ તો સામા છેડાનું હતું.

આશ્રમના દરવાજે આ ઉત્સવ દરમિયાન પાણીની એક મોટી પરબ શરૂ કરેલી. અહીં પાણી પાનાર તરીકે પૂજ્ય શ્રીમોટા બેઠેલા! પાંડવોના રાજસૂય યજ્ઞમાં શ્રીકૃષ્ણે અજીઠાં પતરાળાં ઉઠાવવાનું કામ કરેલું તે પ્રસંગ એમને જોઈને ઘણાના મનમાં તાજો થયો હશે. માથે ફાળિયું, ડિલ ઉઘાડું અને કમ્મરે મદ્રાસી ફેંટિયું. એકલા અટૂલા બેઠેલા. પાણી આપતા જાય અને બૂમો પાડતા જાય : 'મને કોઈ અડશો નહિ. અહીં પાઈ પૈસો મૂકો. મારો પગાર કેમ નીકળશે ?'

આમ, **મોટા**એ પોતાનું અનોખું વ્યક્તિત્વ પ્રગટ કર્યું. આશ્રમને બારણે પાણી પીનારામાં સ્વાભાવિક જ આશ્રમ જોવાની જિજ્ઞાસા પણ જાગે. એટલે એ લોકો અંદર આવે ને બધે ફરે. 'આ આશ્રમના મહારાજ ક્યાં ?' એમ બધા શોધે પણ ખરા. પાણી પીતી વખતે એમને ક્યાંથી ખ્યાલ હોય કે આશ્રમના જે અધિષ્ઠાતા દેવનાં દર્શન કરવા તેઓ ઝંખે છે તે જ એમને પાણી આપે છે! એમણે માત્ર પોતાની સ્થૂળ તરસ છિપાવી, પરંતુ કોઈક મહાન ઠાઠમાઠવાળા વૈરાગ્ય અને સંન્યસ્તથી દેદીપ્યમાન એવા ગાદીપતિ મઠાધિકારી મહારાજનાં દર્શન કરવાની સૂક્ષ્મ તૃષા તેઓ છિપાવી શક્યાં નહિ.

પૂજ્ય શ્રીમોટાને કશાની નાનમ ન હતી. કશાનો સંકોચ નહિ. ક્ષોભ પણ નહિ. સાચું ઊર્ધ્વ પ્રકારનું લોકોત્તરપણું એમનામાં હતું.

## ૨૫. શ્રીમોટાની રૂઢિભંજકતા

સંતોના બાહ્યવર્તનથી આપણે તેમનું મૂલ્યાંકન ન કરી શકીએ. એવું જ **મોટા** અંગે પણ ખરું. કોઈ વ્યક્તિ ઉદ્‌ઘાટન કરાવવા, લગ્ન

કરાવવા, જનોઈ દેવડાવવા, ખાતમુહૂર્ત કઢાવવા માટે પૂજ્ય શ્રીમોટાને આમંત્રણ આપે ત્યારે **મોટા** આમંત્રણ આપનાર ભાઈની રૂખ જોઈને મુહૂર્ત શોધવા પંચાંગ વગેરે લઈને બેસી જાય.

પણ આંતરિક રીતે એ કેવા રૂઢિભંજક હતા તેનો એક સુંદર પ્રસંગ છે. **મોટા**ના સ્નેહીજનની એક દીકરીનાં લગ્ન ગોઠવાયાં હતાં. વડીલોની ઇચ્છા પૂજ્ય શ્રીમોટાના હાથે લગ્નવિધિ કરાવવાની હતી. બધું જ નક્કી થઈ ગયું. આમંત્રણો પણ દેવાઈ ગયાં. બધી જ પૂર્વતૈયારી થઈ ચૂકી હતી.

લગ્નના એકાદ-બે દિવસ અગાઉ પરણનાર કન્યા આશ્રમે આવી. પૂજ્ય શ્રીમોટાની સાથે એ વાત કરવા આવી હતી. તે કંઈક મૂંઝવણમાં હતી. તેણે પૂજ્ય શ્રીમોટાને કહ્યું, '**મોટા**, આપણે તો પરમ દિવસે લગ્નનું બધું નક્કી કરી દીધું છે. અને હું તો આજે માસિકધર્મમાં છું. તો શું થશે ?'

'કેમ બહેન! તને આટલી બધી ચિંતા થાય છે ?' પૂજ્ય શ્રીમોટાએ પૂછ્યું.

તે બહેને જવાબ આવ્યો, '**મોટા**, હું તો કંઈ આ બધામાં બહુ માનતી નથી, પરંતુ આપ જેવા સંતપુરુષના હાથે આ સ્થિતિમાં લગ્ન કરાવવામાં કંઈ દોષ તો નહિ લાગે ?'

પૂજ્ય શ્રીમોટાએ પૂછ્યું, 'તને કંઈ વાંધો છે ? મને કોઈ વાંધો નથી. પણ જો તને વાંધો હોય તો આપણે લગ્ન મોકૂફ રાખીએ.'

પેલાં બહેનના મન પરથી જાણે ભાર ઊતરી ગયો હોય એમ સહસા જ બોલી ઊઠ્યાં : '**મોટા**, તમને વાંધો ન હોય તો મને તો કોઈ વાંધો નથી.' પૂજ્ય શ્રીમોટાએ વધુમાં ઉમેર્યું, 'તારે કોઈને કહેવું નહિ. આપણે બે જ જાણીએ!'

મુકરર દિવસે અને સમયે જ લગ્ન થયાં. તે દિવસે બહેન માસિકધર્મમાં હતાં. આવી હતી **મોટા**ની રૂઢિભંજકતા.

## ૨૬. સદ્‌ગુરુનો ક્રોધ તો કૃપાપ્રસાદી

એકવાર સ્વ. શ્રી કાંટાવાળા સાહેબને ઘરે બપોર પછી સત્સંગ શરૂ થયો. તે દિવસે પૂજ્ય **મોટા**ની તબિયત સારી ન હતી. દમ ખૂબ ચડેલો. પણ જ્યારે શારીરિક વેદના વધે ત્યારે ત્યારે તેઓ સત્સંગ કરે કે ભજનો લખે. સાધનાના ત્રણ જુદા જુદા રસ્તા વિશે વાતો ચાલી. વચ્ચે વચ્ચે ગીતાના કેટલાક શ્લોકો અને તેના અર્થઘટનની પણ વાતો ચાલી. ૧॥ કલાક સુધી સત્સંગ ચાલ્યો.

આ સત્સંગમાં પૂજ્ય મોટા એમના અવાજની ખૂબ ઊંચી પિચ ઉપરથી ગર્જના કરી કરીને બોલતા હતા. ખૂબ જ રંગમાં હતા. એટલે ૧॥ કલાકને અંતે જ્યારે કંઈક બોલતા બંધ થયા ત્યારે મને પ્રશ્ન પૂછવાનું મન થયું. એ મન થવાનું કારણ તો ગીતાના કેટલાક શ્લોકોનું **મોટા**એ જે અર્થઘટન કર્યું તે ખૂબ જ મૌલિક અને અનોખું હતું. એથી બીજા એક શ્લોક વિશે એમનું અર્થઘટન જાણવાની ઈચ્છા જાગી.

હું પ્રશ્ન આમ પૂછવા માગતો હતો, '**મોટા**, સ્વધર્મમાં શ્રેય છે અને પરધર્મ ભયાવહ, એમ ગીતામાં કહ્યું છે તે અંગે પ્રાચીન ભાષ્યકારો સ્વધર્મ એટલે ચતુર્વર્ણનો ધર્મ એવો કંઈક અર્થ ઘટાવે છે. આધુનિક યુનિવર્સિટી શિક્ષણ પામેલા વિદ્વાનો એને વ્યક્તિના પોતાના વ્યવસાય સાથે સાંકળે છે. તો તમારી દૃષ્ટિએ સ્વધર્મ એટલે શું ?'

આવો પ્રશ્ન મનમાં ગોઠવી હું બોલવા જતો હતો. હજુ તો માંડ શરૂ કરું ત્યાં પૂજ્ય શ્રીમોટાનો ક્રોધાગ્નિ જ્વાળામુખીની જેમ ભભૂકી ઊઠ્યો.

'મૂરખ છે. પ્રોફેસર થયો છે! ગધેડો! ભાન નથી ? આ મરવા પડ્યો છું. બોલાતું નથી. ત્યારે પૂછ પૂછ કરે છે. તમને મારા શરીરની ક્યાં પડી છે ? અક્કલ હોવી જોઈએ.' આવા તો બીજા કેટલાય શબ્દો નીકળ્યા હશે, પરંતુ તે બધા યાદ રહ્યા નથી, કારણ કે એકદમ

હુમલાથી મન બહેર મારી ગયું હતું.

ચાળીસથી પચાસ માણસની વચ્ચે આમ તૂટી પડવું એ કંઈ નાનીસૂની વાત ન હતી. પણ કોણ જાણે મને અંદરથી 'સદ્ગુરુ હોય તે તો આમ વર્તે પણ ખરા. આપણે ખોટું લગાડવાનું ન હોય.' આવું કંઈક ઊગી ગયું. એટલે મેં તો બે હાથ જોડી ધીમેથી નમ્ર અવાજે કહ્યું, '**મોટા**, મારી ભૂલ થઈ, માફ કરો.'

હાજર રહેલાં સૌમાં સોપો પડી ગયો હતો. સૌ અવાક બની ગયાં હતાં. વાતાવરણ સ્તબ્ધ થઈ ગયું.

પાંચ, દસ મિનિટ બાદ સુરતથી છાપરાભાઠા ગામેથી આવેલા એવા પૂજ્ય **મોટા**ના એક સ્વજન ઊભા થયા. એમણે **મોટા**ની રજા માગી. **મોટા**એ આનંદથી એમને વિદાય આપી. એમની પાછળ એક બહેન ઊભાં થયાં. એ પેલા ભાઈના મિત્રનાં પત્ની હતાં. યજમાન પત્ની પણ ખરાં. એમણે **મોટા**ને નમસ્કાર કરી કહ્યું. 'ઇંદુભાઈ, આવજો.' **મોટા** આ બધું જોયા કરે. હું એમની તદ્દન નજીક પાટ પાસે બેઠેલો. એટલે વાંકા વળી મારા કાન પાસે મોઢું રાખી ખૂબ ધીમેથી **મોટા**એ મને પૂછ્યું, 'એ બહેન તને ક્યાંથી ઓળખે ?' મેં કહ્યું, 'મારા દૂરનાં સંબંધી થાય!'

બેઠેલાં સહુ જોઈ રહ્યાં. એમના મનમાં પ્રશ્ન ઉદ્ભવ્યો હશે : 'હાલ તો આ ભાઈનું અપમાન કરી એમના હાલહવાલ કરી નાંખ્યા. અને હવે પાંચ જ મિનિટમાં ખાનગી વાત કરવા મંડી પડ્યા ?' બહાર નીકળ્યા બાદ કેટલાકે આવા ઉદ્ગાર વ્યક્ત પણ કર્યા હતા.

પૂજ્ય **મોટા**ના આવા વર્તનથી ખરેખર મારા દિલને **મોટા** પ્રત્યે ખોટું લાગ્યું ન હતું, પરંતુ દિલને એક ભારે ચોટ લાગેલી. એને કારણે તે દિવસે રાત્રે બહાર ખુલ્લામાં સૂતો હતો ત્યારે ૧૨ વાગ્યે જાગી ગયો. હું ઊઠ્યો. ઘરની ચાવી મારા ઓશીકાની નીચે જ હંમેશ રહે. એટલે એ લઈને ઘર ખોલ્યું અને મારી દરરોજની ઉપાસનાની જગાએ બેઠો.

દિલમાં લાગેલી ચણચણાટીને નામસ્મરણમાં વાળવા પ્રયત્ન

કર્યો. પૂજ્ય **મોટા**ની મૂર્તિ પ્રત્યે અનિમેષ નયને જોતાં જોતાં દિલમાંથી આત્મનિવેદન પ્રગટ્યું 'પ્રભુ, તમે જે કાંઈ કર્યું છે તે યોગ્ય જ છે. મારી અંદર રહેલા કોઈ તત્ત્વને મઠારવા માટે આપે એ રીત અજમાવી હશે. મારી કસોટી કરવા પણ કર્યું હોય. તમે જે કંઈ કર્યું છે તે માટે મારે કશી ફરિયાદ નથી, પરંતુ પ્રભુ, એટલું તો આપનાં ચરણોમાં નિવેદું કે આપના શરીરને ત્રાસ આપવાનો મારો કોઈ ઇરાદો ન હતો. આપને સહેજ પણ દુઃખ દેવાનું મનમાં સ્વપ્નેય ન હતું. મને માફ કરશો. પ્રભુ, તમારે શરણે છું. મારવાનું કે તારવાનું એ તમારા હાથની વાત છે.'

આવા પ્રકારનું નિવેદન દોઢ બે કલાક સુધી વારંવાર કર્યું. દિલના ઊંડાણમાંથી જન્મેલા આત્મનિવેદન દ્વારા કંઈક હળવાશ અનુભવી, ૩ાા વાગ્યે તૈયાર થઈ મારા નિયમ મુજબ ચાર વાગ્યે મારાં પત્ની સાથે **મોટા** પાસે હાજર થયો.

હું સદ્‌ગત શ્રી કાંટાવાળાના ઘરનાં પગથિયાં ચડતો હતો. એટલામાં **મોટા**નો અવાજ સંભળાયો, 'આવ, ભઈલા આવ!' મારાં પત્ની પ્રથમ પગે પડ્યાં અને પછી હું પગે પડી નીચે બેઠો. મને એક વાતનું ભારે આશ્ચર્ય થતું. અમારા પ્રવેશદ્વાર તરફ પૂજ્ય **મોટા**નું માથું હતું. વિરુદ્ધ દિશાએ સામી દિશાએ એમના પગ હતા. અમને **મોટા** જોઈ શકે એમ ન હતા. તે વેળા લાઇટ બંધ હતી. તો **મોટા**એ અમને આવેલા જોયા કેવી રીતે ? હું બેઠો કે તરત **મોટા** બોલ્યા, 'બોલ ભાઈ, કાલે સાંજે તું શું પૂછતો હતો ?' આ પ્રશ્ન કરતાં જ મને મનમાં સહસા ઊગી ગયું કે, 'જરૂર **મોટા**એ મારું આત્મનિવેદન સાંભળ્યું.'

પછી તો મેં આગલે દિવસે પૂછવા ધારેલા પ્રશ્નનો જવાબ એમણે આપ્યો. જવાબથી મારા મનનું સમાધાન થયું. 'સ્વધર્મ એટલે આત્માનો ધર્મ અને પરધર્મ એટલે પ્રકૃતિનો ધર્મ. મનુષ્ય પોતાની પ્રકૃતિનાં જોરદાર વલણોથી વર્ત્યા કરે ત્યારે હંમેશાં દુઃખી થાય, પરંતુ પ્રકૃતિનાં કારણોને મઠારીને એમને ઊર્ધ્વગામી બનાવીને સંસારવહેવારમાં વર્તે તો તેને દુઃખી થવાનું હોય નહિ. કારણ કે એ આત્માનો ધર્મ છે.'

## ૨૭. શબ્દાર્થની અનુભૂતિ

આપણે સૌ ભાષાનો ઉપયોગ અતિશય શિથિલતાથી કરીએ છીએ. શબ્દનો અર્થ ખરેખર આપણા જીવનમાં સાકાર થયો છે કે નહિ તેની લવલેશ ચિંતા કર્યા વિના આડેધડ એના પ્રયોગો કરીએ છીએ. સંતોનું એવું નથી. જીવનની અનુભૂતિ સાથે કંઈ પણ સંબંધ ન હોય એવો શબ્દપ્રયોગ તેઓ ભાગ્યે જ કરે છે.

પૂજ્ય શ્રીમોટામાં પણ આ લાક્ષણિકતા દૃષ્ટિગોચર થતી. એક લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકાર એમને મળવા આવ્યા. ગુજરાત સાહિત્ય પરિષદ સાથે તેઓ ઘનિષ્ઠ રીતે સંકળાયેલા. પૂજ્ય શ્રીમોટાએ સાહિત્ય પરિષદને એક-બે દાન આપેલાં. એ દાનની રકમ એના મૂળભૂત હેતુ માટે યથાર્થરૂપે વપરાય એ માટે **મોટા** અતિશય ખાંખત રાખે. અવાર-નવાર સાહિત્ય પરિષદ પાસે માહિતી મંગાવે. આ સાહિત્યકાર મિત્રને એ કંઈક કહે.

વાતવાતમાં એમણે પૂજ્ય શ્રીમોટાને કહ્યું, '**મોટા**, તમારે તો દાન આપી નિઃસ્પૃહતા રાખવી જોઈએ.' **મોટા** કહે, 'સાહેબ, 'નિઃસ્પૃહતા' શબ્દ તમારા ક્ષેત્રનો નથી. તમે તો ઠાલો શબ્દપ્રયોગ કરો. આપે નિઃસ્પૃહતા કેળવી છે ખરી ? એ કેળવ્યા વિના તમારાથી બીજાને શી રીતે કહી શકાય ? તમારા સાહિત્યના ક્ષેત્રમાં અમે કંઈ ચંચુપાત કરીએ છીએ ? તો તમને આધ્યાત્મિક ક્ષેત્રમાં ચંચુપાત કરવાનો અધિકાર શી રીતે મળે ? 'નિઃસ્પૃહતા' એ આધ્યાત્મિક ક્ષેત્રનો વિષય છે—અમારો વિષય છે. એ અમારામાં છે કે નહિ તે જોવાનું અમારા પર જ છોડો.'

આવા સણસણતા જવાબથી પેલા સાહિત્યકાર મિત્ર મૌન થઈ ગયા. એમને એ વાતની ઊંડી પ્રતીતિ થઈ હોય એમ લાગ્યું.

આમ, સંતોને આપણે ઘણીવાર આપણાં જ ધારાધોરણ અનુસાર માપીએ છીએ. એમનાં વર્તનનાં ધારાધોરણ અને આપણાં ધારાધોરણ જુદાં છે, એ વાતનો ખ્યાલ આપણને રહેતો નથી.

## ૨૮. ભગવાન માટે રુદન કેમ નહિ ?

પૂજ્ય શ્રીમોટાની જ્યાં જ્યાં પધરામણી થતી ત્યાં ત્યાં સવાર-સાંજ સત્સંગ ચાલતો જ હોય. અમદાવાદ કૉર્પોરેશનના કમિશનર અને પાછળથી ગુજરાત રાજ્યના ચીફ ઍજિનિયર અને હોદ્દાની રૂએ નાયબ સચિવ તથા હાઉસિંગ બોર્ડના ચૅરમૅન સદ્‌ગત શ્રી કે. એમ. કાંટાવાળા સાહેબને ત્યાં આવા ઘણા પ્રસંગો અનેક વખત પેદા થતા.

**મોટા** સાથે ઘણાં વર્ષોથી સંબંધમાં એવું એક ડૉક્ટરનું કુટુંબ પણ દર્શનાર્થે વારંવાર આવતું. ડૉક્ટરનો નાનો પુત્ર એમ.બી., બી.એસ.ના છેલ્લાં વર્ષમાં હતો. એ દરમિયાન હળવા પ્રકારની માનસિક માંદગીનો એ ભોગ બન્યો. પરીક્ષાની તૈયારી ન કરી શકે. આરે આવેલું વહાણ ડૂબે એવી પરિસ્થિતિ પેદા થયેલી. આથી, ડૉક્ટર સાહેબનું આખું કુટુંબ ચિંતિત રહેતું. વારંવાર માનસિક માંદગીનો ભોગ બનેલા પુત્રને લઈને સમગ્ર કુટુંબ પૂજ્ય શ્રીમોટા પાસે આવતું.

પૂજ્ય શ્રીમોટાની કળા પણ અનોખી. એ છોકરા પાસે જ બ્લડપ્રેશર મપાવે, એની પાસે ઇંજેક્ષન લે. એની નાની બહેનને કહે, ‘ભાઈને ખૂબ વહાલ કરવું. એને પ્રેમ આપો. તમારા પ્રેમથી જ એ સારો થશે.’

ડૉક્ટરને સહેજ સખત રીતે કહે, ‘તમે વારંવાર છોકરાને ટોક ટોક કરો છો એટલે જ એમ થયું છે. એને ટોકવાનું બંધ કરી દો. એને વહાલ કરો. તમારા વિચારોનું દબાણ પણ એના પર ન કરો.’

આવા જ એક પ્રસંગે ડૉક્ટર સાહેબનું કુટુંબ આવેલું. ઘણી અલક-મલકની વાતો થઈ. એ કુટુંબના સભ્યોએ એક પછી એક વિદાય લીધી. એક માત્ર છોકરાની મા પાછળ રહ્યાં. **મોટા**ને પગે પડતાં તે ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યાં. પુત્રનું શું થશે એની ચિંતા એમને સતાવતી હતી.

પૂજ્ય **મોટા** એમને હિંમત આપતાં બોલ્યા, ‘તું શક્તિ સ્વરૂપ છું. શક્તિશાળી છું. હિંમત રાખ. તું જ એને સારો કરી શકીશ.’

આ શબ્દોથી એ બહેનને દિલાસો પ્રાપ્ત થયો અને કંઈક સ્વસ્થ થઈને ગયાં.

હું દૂર બેઠો હતો. એ બહેનના ગયા પછી પૂજ્યશ્રીએ આંગળીનો ઈશારો કરી મને પાસે બોલાવ્યો અને બોલ્યા : ‘લોકો આટલું ભગવાન માટે રડતા હોય તો!’

આ શબ્દમાં પૂજ્ય શ્રીમોટાનું દિલનું દર્દ વ્યક્ત થતું હતું. પૂજ્ય શ્રીમોટાની આ અંગેની જાગૃત સભાનતાથી હું એમને મનોમન વંદી રહ્યો.

## ૨૯. અધ્યાપક પાસે રસોઈ કરાવડાવી

એકવાર અમદાવાદમાં પધરામણી થયેલી. ત્યારે ઘણાં સ્વજનો બેઠાં હતાં. તે વખતે એક સ્વજન સમા અધ્યાપકનાં પત્નીને **મોટા** પૂછે, ‘પ્રોફેસર કોઈ વાર રસોઈ કરે કે ?’

શિક્ષિકા બહેને ના પાડી. **મોટા** બોલ્યા, ‘તો શું આપણે કંઈ ગુલામી લખી આપી છે ? તું નોકરી કરે છે તો એ પણ ભલે ને રવિવારે રસોઈ કરે!’

પેલા પ્રોફેસર આશ્રમના કોઈક કામમાં પૂ. નંદુભાઈને મદદ કરતા હતા. ત્યાં દૂર બેઠાં બેઠાં સાંભળે. એ દિવસે શનિવાર હતો. બીજા દિવસે રવિવારે સત્સંગ ચાલતો હતો. **મોટા**એ અધ્યાપકનાં શિક્ષિકા-પત્નીને પૂછ્યું, ‘આજે પેલાએ રસોઈ કરેલી કે ?’

‘ના, **મોટા**! એમને તો આજે કૉલેજમાં સવારના ખાસ વર્ગો હતા.’ પેલાં બહેન બોલ્યાં.

**મોટા** બધાંના હાસ્યની છોળો વચ્ચે બોલી ઊઠ્યા, ‘આમને આમ ભાયડાઓ બૈરાંને છેતરી ખાય છે!’

અધ્યાપકભાઈએ જ્યારે આ સાંભળ્યું ત્યારે એમને મનમાં થયું, ‘**મોટા** કંઈક મશ્કરી કરતા નથી લાગતા. તેઓ ખરેખર કંઈક ગંભીર રીતે સૂચવે છે.’ શા માટે એમ સૂચવે છે એ એમને સમજાયું નહિ. પણ એમને **મોટા** જે કંઈ કહે તે કરવા માટે ભક્તિભાવે ઉમળકો ખરો.

**મોટા**એ પેલાં બહેનને સૂચના આપી, 'આવતા રવિવારે એ કેવી રસોઈ બનાવે છે, તેની મને પત્ર લખીને જાણ કરજે.'

બીજા રવિવારે પ્રોફેસર સાહેબે તો ગંભીરતાથી પૂજ્ય શ્રીમોટાના સૂચનનો અમલ કરવાની શરૂઆત કરી.

આમ, થોડી દરરોજની જીવન જરૂરિયાત પૂરતી રસોઈ બનાવતાં તો અધ્યાપકને આવડતું હતું, પરંતુ એમને કોઈ મિષ્ટાન્ન બનાવવાનો મહાવરો નહિ. છતાં એમણે તો વેઢમી બનાવવાનો નિર્ણય કર્યો. જીવનમાં પહેલી વાર!

પોતાનાં પત્નીને કહ્યું, 'તારે રસોડાની અંદર આવવું નહિ. મને સમજણ ન પડે ત્યાં હું પૂછીશ.'

એમણે વેઢમી, કઢી, મોળી દાળ, ભાત અને શાક બનાવ્યા. બધાંએ ઉમંગથી ખાધું. અધ્યાપકને ખબર ન પડે એ રીતે એમની પત્નીએ બધું વર્ણન પૂજ્ય શ્રીમોટાને લખ્યું. એ રવિવારે **મોટા** અમદાવાદમાં ન હતા.

થોડા દિવસ પછી ફરીથી અમદાવાદમાં **મોટા**ને આવવાનું થયું.

બપોરના સમયે સત્સંગ ચાલુ થયો. અધ્યાપક મિત્રનાં પત્નીને **મોટા**એ પૂછ્યું, 'કેમ ? કેવી વેઢમી બનાવી હતી પ્રોફેસરે ?'

'ઘણી સરસ!'

'ઘણી સરસ એટલે કેવી ?' **મોટા**એ પૂછ્યું. જવાબ મળ્યો: '**મોટા**, પૂરણ ઘણું અને ઉપર લોટનું ખૂબ જ પાતળું ન દેખાય એવું પડ.'

બધાંના ખડખડાટ હાસ્ય વચ્ચે **મોટા**એ કહ્યું, 'અસલની કહેવત છે કે વરને કોણ વખાણે ? તો વરની મા! હવે નવા જમાનાની કહેવત બનવાની છે. વરને કોણ વખાણે ? તો વરની વહુ!'

પછી **મોટા** કહે, 'હું કેમ જાણું કે કેવી વેઢમી બનાવે છે ? મારા માટે એકવાર બનાવીને લાવે ત્યારે ખરું!'

એકવાર મણિનગરમાં શ્રી સી. ડી. શાહ સાહેબની વર્ષગાંઠે પૂજ્ય શ્રીમોટાની પધરામણી થયેલી. તે દિવસે રવિવાર હતો. એટલે

અધ્યાપક મિત્રે પોતાને હાથે વેઢમી તૈયાર કરી અને પૂજ્ય **મોટા** માટે છ વેઢમી લઈ ગયા. જમવાના ટેબલ પર પોતે એક લઈને **મોટા**એ બધાંને એક એક વહેંચી.

બપોરે સત્સંગ શરૂ થયો. **મોટા**એ બધાંને ઉદ્દેશીને કહ્યું, 'ભાઈઓ, રવિવારે પ્રોફેસર રસોઈ બનાવે છે. જજો!' પછી અધ્યાપકનાં પત્નીને ઉદ્દેશીને તેમના તરફ ફરીને કહે, 'છોને સાલો ઊંચોનીચો થતો! ખબર તો પડે કે ગમે તેને રસ્તેથી જમવા તેડતો આવે છે તે! બૈરાંની શી હાલત થાય તેનું ભાન તો થાય!'

આમ, આઠ દસ મહિના ચાલ્યું. પછી એક દિવસ અધ્યાપક મિત્રને કહે, 'હવે તારે સાથે રાખીને આપણી બેબલીને શીખવવાનું. પારકે ઘેર મોકલવાની છેને!'

આવી હતી સ્વજનોનાં હૃદયમાં પ્રવેશ કરવાની **મોટા**ની અનોખી રીત. સંતો કેવાં ગતકડાં કરે છે તેનું આ એક ઉત્તમ ઉદાહરણ છે.

સંતોનાં વર્તનને કોણ પામી શક્યું છે ?

## ૩૦. ઝીણવટભરી ચીકાશ

અમદાવાદમાં સ્વજનને ત્યાં પૂજ્ય શ્રીમોટાની પધરામણી થયેલી. તે દિવસે કોઈ ભાઈ પૂજ્ય મોટાને 'ૐ નમઃ શિવાય' લખેલાં લાંબાં મોટાં પોસ્ટરો આપી ગયા. પૂજ્ય મોટા પોતાની પાસે કશું સંગ્રહી ન રાખે. તેઓ ઉપભોગમાં ન માને. ઉપયોગમાં માને. દરેક વસ્તુનો ઉપયોગ કરી લેવો. પાઈએ પાઈનો ઉપયોગ કરી લેવો એવું એમનું સતત વલણ.

**મોટા**એ તો પેલાં પોસ્ટરો ચાર ચાર આને વેચવા માંડ્યા. ઘણાંએ લીધાં. એવામાં યજમાનના એક વકીલ મિત્ર આવ્યા. એમને સંતો અને ભક્તિમાં ભારે અનુરાગ.

**મોટા**ની જ્યાં જ્યાં પધરામણી થાય ત્યાં ત્યાં એમની આગળ એક ટેબલ પર મોટી થાળી મૂકી જ હોય. સૌ પગે પડે અને પૂજ્ય **મોટા**ને ચરણે કંઈક ધરે ને તે થાળીમાં મૂકે.

પેલા વકીલ મિત્ર પૂજ્ય **મોટા**ને પગે લાગ્યા અને થાળીમાં રૂપિયા અગિયાર મૂક્યા. **મોટા**એ તેમને 'ૐ નમઃ શિવાય' લખેલું પોસ્ટર આપ્યું. એમણે તો લીધું અને મારા પરિચિત હોવાથી મારા ખભા પર હાથ રાખી મારી પાછળ બેસવા જતા હતા ત્યાં તો **મોટા** બોલી ઊઠ્યાઃ 'ચાર આના આપો!' વકીલ મિત્ર કહે, 'શેના ?' તો કહે, 'આ પોસ્ટરના.' વકીલે જવાબ આપ્યો, '**મોટા**, થાળીમાં અગિયાર રૂપિયા તો મૂક્યા.' **મોટા** કહે, 'એ તો પગે પડવાના. તે વખતે થોડી જ ખબર હતી કે આ પોસ્ટર મળવાનું છે ? એ ભલે મૂક્યા. આના જુદા ચાર આના આપો!'

આવી ઝીણવટભરી ચીકાશ અને વેચાણકુશળતા જોઈને હાજર રહેલાં સૌ ખડખડાટ હસી પડ્યાં. પેલા વકીલ મિત્રને ચાર આના આપવા પડ્યા. એ લીધા ત્યારે જ **મોટા** જંપ્યા.

આવી હતી પૂજ્ય મોટાની હેતુસભાનતા.

## ૩૧. વર્તમાનપત્ર વિના ચાલે

અમદાવાદના એક કલાકારના ઘરે પૂજ્ય શ્રીમોટાને જવાનું થયું. શહેરથી ખૂબ દૂર એક ગામની ભાગોળે તળાવની પેલે પાળ ખેતરમાં એમનો સ્ટુડિયો અને મકાન. પૂજ્ય મોટા આવ્યા. બધે ફરીને સ્ટુડિયો જોયો. ખૂબ એકાંત સ્થળ એમને ઘણું ગમ્યું. એમણે ખૂબ સંતોષ વ્યક્ત કર્યો. આરામ કરતાં કરતાં એમને અચાનક એક વિચાર આવ્યો. *કલાકારભાઈને બોલાવ્યા અને પૂછ્યું, 'તમે પેપર વાંચવાનું શું કરો છો ? આટલે દૂર તમને પેપર કેવી રીતે મળે ? ટપાલમાં મંગાવો છો ?'

પેલા કલાકાર મિત્રે જવાબ આપ્યો, '**મોટા**, હું વર્તમાનપત્ર વાંચતો જ નથી. મને એની કંઈ જરૂર લાગતી નથી.'

આથી, **મોટા**એ એકદમ મોટેથી શ્રી નંદુભાઈને હાક મારી, 'નંદુભાઈ, નંદુભાઈ! જુઓ, હું કહેતો ન હતો કે વર્તમાનપત્ર વાંચ્યા વિના ચાલે!'

---

*શ્રી કાંતિભાઈ પટેલ (શિલ્પકાર, ચાંદલોડિયા, અમદાવાદ)

નંદુભાઈ અન્યત્ર સ્ટુડિયોનું નિરીક્ષણ કરતા હતા. તેઓ નજીક આવ્યા. એટલે **મોટા**એ તેમને ઉપર મુજબનું કહ્યું.

જગતના પદાર્થો અને ઘટનાઓમાં જ જો આપણું મન રમ્યા કરે તો તે મન ઇન્દ્રિય અનુભવોથી આગળ વધી દિવ્યતા તરફ જતું નથી. એમ થવામાં એને અવરોધ પેદા થાય છે. એટલે જ આધ્યાત્મિક માર્ગે જનારે વર્તમાનપત્ર બહુ વાંચવા નહિ એવું કંઈક સ્વીકારાયું છે.

## ૩૨. ચમત્કાર કે કૃપાદૃષ્ટિ !

પૂજ્ય **મોટા**એ પોતાનાં સ્વજનોનાં કેટલાંક બાળકોનાં નામ 'હરિ' પાડેલાં. એવા પાંચેક છોકરા છે કે જેનાં નામ 'હરિ' છે. મારા મનમાં એવી એક સમજ ખરી કે પૂજ્ય **મોટા**ને પૂર્વજન્મમાં જેની સાથે કોઈ ઘનિષ્ઠ નિમિત્ત હશે તેમનાં નામ તેમણે 'હરિ' પાડ્યાં હોવાં જોઈએ.

**મોટા**ની સેવામાં રહેતા એક દંપતીના પુત્રનું નામ પણ હરિ. એના સંદર્ભમાં આ વાત છે.

ગુજરાત રાજ્યના ઔદ્યોગિક ખાતાના ઑફિસ સુપ્રિન્ટેન્ડન્ટ શ્રી સોની સાહેબને ઘરે શાહપુર દરવાજા બહાર સર્વોદયનગરમાં પૂજ્ય શ્રીમોટાની પધરામણી થયેલી. આજે તો સોની સાહેબનું કુટુંબ પૂ. **મોટા**ના સ્વજન પરિવારને જાણીતું. પણ જે પ્રસંગની વાત લખું છું તે દિવસોમાં સ્વજનોમાંથી ઘણાને એમનો પરિચય નહિ. તે દિવસે બપોર પછી પૂજ્ય **મોટા** પાસે કોઈ મળવા આવનાર નહિ. તે દિવસે હું અને મારી પત્ની ત્યાં જઈ ચડ્યાં.

પૂજ્ય **મોટા** તકિયે અઢેલીને ભજનો લખ્યાં કરે. સેવામાં રહેલાં ★બહેન આવ્યાં. **મોટા** તેમને બોલાવીને કહે, 'જો, તારા હરિ પર ભજનો લખું છું.'

પેલાં બહેન કહે, 'હોય વળી ? મારો હરિ તે કંઈ ભગવાન છે કે તમે તેને માટે ભજનો લખો ?'

---

★શ્રીમતી જયશ્રીબહેન શૅરદલાલ, અમદાવાદ.

**મોટા** કહે, 'મા જશોદાને થોડી ખબર હતી કે એનો કૃષ્ણ ભગવાન હતો ? માને મન તો પોતાનું બાળક.'

બહેને જવાબ આપ્યો, '**મોટા**, મારો હરિ તો એવો તોફાની છે કે મને તો એણે પરેશાન કરી નાખી છે. એ વળી શું ભગવાન થતો તો ?'

**મોટા** કહે, 'તું નહિ માને ?' પેલાં બહેન કહે, 'મને કંઈ ચમત્કાર બતાવો તો હું માનું.'

આમ બોલતાં તો એ બોલ્યાં પણ **મોટા**ની આંખમાં આંસુ ધસી આવ્યાં. હું સામે બેઠેલો આશ્ચર્યચકિત થઈ જોઈ રહ્યો. ભાવાશ્રુ સાથે **મોટા** બોલ્યા, 'શું મેં તમને માનવાતીત શક્તિનાં દર્શન નથી કરાવ્યાં ?'

આમ કહી **મોટા** ફરીથી ભજન લખવામાં પરોવાયા. એટલે હું ઊઠીને રસોડામાં ગયો. ત્યાં પેલાં બહેન, મારાં પત્ની અને હું એમ ત્રણ જણાં બેઠાં. મેં કર્ણોપકર્ણ સાંભળેલું ખરું છતાં જાતે ખાતરી કરવા પૂછ્યું, 'તમને **મોટા**એ શું માનવાતીત શક્તિનાં દર્શન કરાવેલાં ?'

ત્યારે તેમણે **મોટા**ની પોતે અદ્ભુત રીતે અનુભવેલી એક કૃપાદૃષ્ટિની વાત કરી. એમની પ્રથમ પ્રસૂતિ વેળા ('હરિ'ના જન્મ સમયે) એમને કોઈ પણ પ્રકારની પ્રસૂતિની પીડા થઈ ન હતી. એટલું જ નહિ પણ એ વેળા પૂજ્ય **મોટા** ડભાણ હતા. ત્યાં તેમણે પોતે એ પીડા ભોગવી હતી.

કેવી કેવી અદ્ભુત કૃપાદૃષ્ટિ સંતોની હોય છે! તેના કોઈ નિયમો કે કારણો શોધવા જઈએ તો ન જડે.

## ૩૩. શ્રદ્ધાનું બળ

સંસ્કૃતમાં એક ભારે વિદ્વાન પ્રાધ્યાપક (અનુપરામ ભટ્ટ). વેદ, ઉપનિષદો, ગીતા અને અન્ય ઘણાં બધાં શાસ્ત્રોનાં વચનો એમને કંઠાગ્રે. નમ્ર પણ ઘણા. સજ્જન અને સંસ્કારી પુરુષ. ઋજુ પણ ખૂબ જ.

પૂજ્ય શ્રીમોટા ભાગ્યે જ શાસ્ત્રોના આધારે કોઈની સાથે સત્સંગ કરે. ખાલી ખાલી શાસ્ત્રોની કોરી કોરી સમજને આધારે થતા વિતંડાવાદ

તરફ એમને ભારે અણગમો. છતાં આ પ્રાધ્યાપક સાથે ખૂબ ખીલી ખીલીને સત્સંગ કરે. એ પ્રાધ્યાપકને પણ સંતોમાં ભારે દિલચસ્પી અને સંતોની કૃપાદૃષ્ટિ પર ઘણી જ શ્રદ્ધા.

એકવાર પૂજ્ય શ્રીમોટાની પધરામણી એમને ઘેર થઈ. સવારના પૂજ્ય શ્રીમોટાના આગમન બાદ આરતી વગેરે કરી પૂજન કર્યું. પછી કુટુંબના એક પછી એક સભ્યની ઓળખાણ કરાવવાનું શરૂ કર્યું.

દરેકનો પરિચય આપતાં પ્રાધ્યાપક સાહેબે એ દરેકને સહેવા પડતા કોઈક શારીરિક દર્દ કે દુઃખને વિશે પણ નિર્દેશ કર્યો. આ બાબતમાંથી કોઈ બાકાત ન રહ્યું. આથી, **મોટા** કંઈક અકળાતા હોય એમ બોલી ઊઠ્યા, 'સાહેબ, મેં તે કંઈ હૉસ્પિટલ ખોલી છે કે મને આવું બધું કહો છો ? દરેકને કોઈ સારા ડૉક્ટરને બતાવો.'

આમ, વાત ત્યાં અટકી. સાંજે ચાર વાગ્યે અચાનક પૂજ્ય શ્રીમોટાને શું સ્ફુર્યું તે સમજાયું નહિ અને એકદમ પ્રાધ્યાપક સાહેબને મોટેથી બૂમ પાડી બોલાવ્યા અને પૂછ્યું, 'સવારે તમે કોકને વાઈ આવે છે એવું કંઈક કહેતા હતા ?' એમ બધાંમાંથી માત્ર એક વાઈવાળાને **મોટા**એ પકડ્યા.

પ્રાધ્યાપકે જવાબ આપ્યો, '**મોટા**, મારા સૌથી નાના જમાઈને માટે કહેતો હતો. એમને ઘણા વખતથી ફેફરુંનો રોગ છે.'

'એમ ? તો એમને જરા બોલાવોને!' **મોટા**એ કહ્યું. તરત એ ભાઈને બોલાવવામાં આવ્યા. એ ભાઈ સાથે વાત કરતાં કરતાં **મોટા** કહે, 'હું કહું એ થશે તારાથી ?' પેલા ભાઈએ હા પાડી. **મોટા**એ કહ્યું, 'અત્યારે ને અત્યારે તું જા અને તારો એક ફોટો પડાવી હું છ વાગ્યે નીકળું તે પહેલાં મને આપી જા.' અને બીજી નામસ્મરણ વગેરેની સૂચના આપી.

સામાન્ય રીતે આવી જે કોઈની કંઈક સમસ્યા હલ કરવાનું નિમિત્ત પૂજ્ય મોટાને ઊભું થાય, ત્યારે તેવી વ્યક્તિઓના ફોટા પોતાના ઓશીકા નીચે રાખીને **મોટા** હંમેશાં સૂવે.

પ્રાધ્યાપકના જમાઈએ પોતાનો ફોટો પૂજ્ય શ્રીમોટાને આપ્યો.

પૂજ્ય **મોટા**ના બતાવ્યા પ્રમાણે સવારે નિયમિત ઊઠીને એમણે નામસ્મરણ કરવાનું શરૂ કર્યું. પોતાનાં સ્વજનો મારફતે પૂજ્ય શ્રીમોટા અવારનવાર એમની ખબરઅંતર પણ કઢાવે. આ રીતે લાંબો સમય ચાલ્યું.

આમ, દોઢ વર્ષ વીતી ગયું. આશ્ચર્ય કહો તો આશ્ચર્ય અને ચમત્કાર કહો તો ચમત્કાર. દોઢ વર્ષ સુધી ફેફરુંનો એક પણ હુમલો એમને ન આવ્યો. અગાઉ દર અઠવાડિયે પંદર દિવસે સખત હુમલો થતો. સાઈકલ ઉપરથી પણ પડી જતા. આમ, એ બધું બંધ થયેલું જોઈ સગાંવહાલાં ખૂબ રાજી થયાં. એમની શ્રદ્ધા પૂજ્ય મોટા પ્રત્યે વૃદ્ધિ પામતી ગઈ.

ઓચિંતાના એક દિવસ પ્રાધ્યાપક વડીલ મિત્રે મારી આગળ ખૂબ વિષાદમય ચહેરે ચિંતા વ્યક્ત કરી કે એમના જમાઈને દોઢ વર્ષ બાદ ફરીને હુમલો શરૂ થયો છે.

મેં પોતે ભારે ગડમથલ અનુભવી. શાથી આમ બન્યું હશે ? ખૂબ ચર્ચાવિચારણા અને ઊલટ તપાસને અંતે જાણવા મળ્યું કે તાજેતરમાં એમને કોકે મનમાં એવું ઠસાવ્યું કે, ‘તમને તમારા વડવાઓનો વળગાડ છે. એટલે સિદ્ધપુરમાં જઈને શ્રાદ્ધ કરાવી બ્રાહ્મણોને બ્રહ્મભોજન કરાવો તો એમાંથી કંઈક મુક્તિ મળે.’

એક દિવસ અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલની બાજુમાં રહેતા એક ઍન્જિનિયર સાહેબની વર્ષગાંઠને દિવસે પૂજ્ય મોટાની પધરામણી એમને ત્યાં થયેલી. હું સવારે ચાર વાગ્યે મારાં પત્ની સાથે પૂજ્ય શ્રીમોટા સમક્ષ હંમેશ મુજબ હાજર થઈ ગયો. અમે સાવ એકલાં જ હતાં. એકાદ બીજી વ્યક્તિ હશે. પૂજ્ય મોટાએ મને પ્રાધ્યાપક મિત્રની ખબર પૂછી. મેં તક ઝડપી લીધી અને કહ્યું, ‘**મોટા**, હાલ તેઓ થોડા ઉદ્વિગ્ન રહે છે. પેલા એમના જમાઈ જેમનો ફોટો તમે મંગાવેલો તેમને દોઢ વર્ષ પછી પાછા ફેફરુંના હુમલા શરૂ થયા છે. એ માટે દુઃખી પણ રહે છે.’

પૂજ્ય મોટા સહસા જ બોલી ઊઠ્યા, ‘હું શું કરું, ભાઈ ? તું જ કહે. એક સંગીતકાર સુંદર શાસ્ત્રીય રાગરાગિણી ગાતો હોય પણ

તેને હુંકારો દેનારો કોઈ શ્રોતાજન ન હોય તો તે કેટલા કલાક ગાશે ? એક કલાક, બે કલાક, ચાર કલાક પછી તો બંધ કરે જને ? મારાં મોકલેલાં આંદોલનો પાછાં આવે. જે કંઈ તે ભાઈને કરવા કહેલું તે કશું કરે નહિ. યદ્વાતદ્વા બધું ચાલે. પછી હું શું કરું ?'

આ પ્રસંગ ઉપરથી સંતોની કૃપાનો અનુભવ કરવો હોય તો આપણામાં પણ તેવા પ્રકારની સ્વીકારાત્મક ભૂમિકા તૈયાર થયેલી હોવી જોઈએ એ વાતની મને પ્રતીતિ થઈ.

## ૩૪. પરસ્પર વિરોધી વિધાન

અમદાવાદના અમે ત્રણ અધ્યાપકો પૂજ્ય શ્રીમોટાના આધ્યાત્મિક સાહિત્યમાં સારો રસ લઈએ. પ્રો. શ્રી રમેશ ભટ્ટને એક દિવસ પૂજ્ય શ્રીમોટા તરફથી સંદેશો મળ્યો, 'આ રવિવારે ત્રણે જણા આશ્રમે સત્સંગ કરવા આવો. પ્રશ્ન તૈયાર કરીને લઈ આવશો.'

પ્રો. રમેશ ભટ્ટે શ્રી અનુપરામ ભટ્ટ સાહેબને સંદેશો મોકલ્યો. શ્રી ભટ્ટ સાહેબે મને કહ્યો. શુક્રવારનો એ દિવસ હતો. બુધવારે તો હું પૂજ્ય શ્રીમોટાનાં દર્શને નડિયાદ આશ્રમે જઈ આવ્યો હતો. તે દિવસે મેં પ્રત્યક્ષ જોયેલું કે **મોટા**ની તબિયત ઘણી જ ખરાબ હતી. શરીરમાં પાણીનો ભરાવો-water logging રહે. ગળા ઉપર અને શરીરના અન્ય ભાગ પર સોજો. બોલી પણ શકાય નહિ.

વિવિધ વિષયો પર સત્સંગ થયો. સત્સંગ દરમિયાન પૂજ્ય શ્રીમોટા એમ પણ બોલ્યા, 'મેં તમને સંદેશો મોકલ્યો કે નડિયાદ આશ્રમે આવો. પ્રશ્નો કાઢીને આવજો. મને એમ કે મારું ગળું બંધ થઈ જાય તે પહેલાં ધરાઈને સત્સંગ કરી લઉં.' પૂજ્ય મોટાના આ બોલ અમારી ટેપમાં પણ આવ્યા છે.

અમે તો સત્સંગ કરીને અમદાવાદ પહોંચ્યા. બીજે દિવસે સવારે પૂજ્ય મોટાના નિકટનાં એવાં સ્વજનો આશ્રમે આવ્યાં. તે વેળા **મોટા** જે બોલ્યા તે સાંભળીને મુક્ત પુરુષના વર્તનવહેવારની જેને થોડી ઘણી પણ સમજ ન હોય તે તો ભારે દ્વિધા અનુભવે.

એ સ્વજનો આવ્યાં ત્યારે મોટાના થૂંકમાં થોડું લોહી જતું હતું. ગળે સોજો હતો. એ જોઈને એક વડીલ સ્વજને પૂછ્યું, ‘આમ કેમ ?’ ત્યારે **મોટા** બોલ્યા, ‘જુઓને પેલા પ્રોફેસરો! નવરા ભૂત જેવા! નકામા નકામા પ્રશ્નો કાઢી લાવી મારું ગળું દુખવી નાંખ્યું.’

**મોટા**ના આ ઉદ્‌ગારોને કારણે પેલાં સ્વજનોનાં મનમાં અધ્યાપકોએ ખોટું કર્યું, **મોટા**ને પજવ્યા, એમના શરીરની ભાળ ન રાખી, અર્થહીન ચર્ચા ઊભી કરી, એવા એવા ભાવો જન્મ્યા. એટલું જ નહિ પણ અમદાવાદમાં જ્યારે હું એમાંથી એક સ્વજનને બીજે કે ત્રીજે દિવસે મળ્યો ત્યારે ખૂબ જ ગંભીરતાથી, અમારા પ્રત્યેની ચીડથી કંઈક કડક શબ્દોમાં એ બોલ્યા પણ ખરા, ‘તમને કંઈ ભાન છે કે નહિ ? **મોટા**ના આવા શરીરે તમે એમની સાથે ચર્ચા કરવા ગયા ?’

હું બોલ્યો જ નહિ, પરંતુ એકલાં પડતાં એમનાં પત્નીને કહ્યું, ‘અમને તો **મોટા**એ બોલાવ્યા હતા એટલે ગયેલા. તમને ખાતરી ન થતી હોય તો હું ટેપ સંભળાવું.’

આ મારી રજૂઆત એ બહેને ધીરે રહીને પોતાના પતિને કરી. એ ભાઈ **મોટા**ની ખૂબ નજીક એટલે **મોટા**ના રહસ્યમય વર્તનની સૂઝ એમને ખરી. આથી, એ થોડા વિચારમાં પડી ગયા કે કંઈક રહસ્ય છે.

આઠેક દિવસ પછી બીજા એક વડીલ મિત્ર મળ્યા. તેમણે પણ એ પ્રસંગને યાદ કરીને મારી ઝાટકણી જ કાઢી નાંખી.

મેં નમ્રતાપૂર્વક એમને કહ્યું, ‘શું સાહેબ, **મોટા**ના શરીરની સુખાકારીનો ઈજારો એકમાત્ર આપ સૌને જ છે ? શું અમે અધ્યાપકો એટલા બધા મૂર્ખ છીએ કે એ વિશે વિચાર પણ ન કરીએ ? પરંતુ અમે તો **મોટા**ના સંદેશાથી ગયા હતા. અને એ વાત **મોટા** સત્સંગમાં બોલ્યા પણ છે. આપ કહો તો હું ટેપ સંભળાવવા તૈયાર છું.’

‘તો પછી **મોટા** અમારી સમક્ષ આવું કેમ બોલ્યા ?’ સહસા જ સાહેબે પ્રશ્ન કર્યો.

મેં જવાબ આપ્યો, ‘મને સૂઝે તેવો ખુલાસો કરું. આપ **મોટા**ના ગુરુની પ્રણાલિકાઓ તો જાણતા જ હશો. આજુબાજુ એકત્રિત થયેલી

વ્યક્તિઓના મનમાં જે વિચાર આવે તે શ્રીકેશવાનંદજી મહારાજ (ધૂણીવાળાદાદા) બોલ્યા કરતા. કદાચ આશ્રમમાં હાજર રહેલી વ્યક્તિઓના મનમાં પ્રોફેસરો વિશે આવો વિચાર આવ્યો હોય અને તે પ્રમાણે કદાચ **મોટા** બોલ્યા હોય એવું ના બને ?'

એ સાહેબ વિચારમાં પડી ગયા. આવાં છે સંત પુરુષનાં અગમ વર્તન.

## ૩૫. જીવન્મુક્તિથી વિદેહમુક્તિ સુધીનો ગાળો

આપણે જેને સંત કહીએ છીએ એને માટે આત્મસાક્ષાત્કારી, મુક્ત, અનુભવી, બ્રહ્મનિષ્ઠ એવા વિવિધ શબ્દપ્રયોગો યોજાય છે. આવા પુરુષોમાં ત્રણ લક્ષણ જન્મે છેઃ આનંદ, સામર્થ્ય (શક્તિ) અને જ્ઞાન. આનંદ એમનામાં સદાકાળ હોય. જ્યારે સામર્થ્ય અને જ્ઞાનનો ઉપયોગ નિમિત્ત પ્રગટતાં તેઓ કરે છે.

અહીં આપણે માત્ર જ્ઞાનના પાસાનો પ્રસંગ લઈશું. ઉપનિષદોમાં પણ કહ્યું છે કે જે એકને જાણે છે તે અનેકને જાણે છે. એટલે કે જેણે આત્માને ઓળખ્યો તેણે બધું જ જાણ્યું.

એકવાર અમને ત્રણેય અધ્યાપકોને પૂજ્ય શ્રીમોટાએ પોતાની નાદુરસ્ત તબિયત હોવા છતાં નડિયાદ આશ્રમે સત્સંગ માટે આમંત્ર્યા.

વિવિધ વિષયો પર વાત ચાલી. તેમાંથી એક પ્રશ્ન શ્રી અનુપરામ ભટ્ટ સાહેબે પૂછ્યો, '**મોટા**, સંતો માટે જીવન્મુક્ત થયા પછી વિદેહ મુક્તિ સુધી જીવવાનું કયાં કર્મોને પરિણામે હોય છે ?'

**મોટા**એ જવાબ આપ્યો, 'નિમિત્ત સ્વરૂપે એને વળગેલા જીવોને આધારે.'

ભટ્ટ સાહેબને આ પ્રતીતિજનક લાગ્યું નહિ. પૂજ્ય મોટા એ પામી ગયા. **મોટા**એ પૂછ્યું, 'શાસ્ત્રો શું કહે છે ?' ભટ્ટ સાહેબે જવાબ આપ્યો, 'પ્રારબ્ધકર્મને આધારે.'

મોટાએ પૂછ્યું, 'જીવન્મુક્ત સ્થળાતીત અને કાળાતીત ખરોને!' એટલે કે જેને જીવનમાં જ આત્મસાક્ષાત્કાર થયો એ કાળના કે સ્થળના બંધનમાં નથી. એકીસાથે અનેક સ્થળે એ દેખા દે એવું બને. અને ભૂત, વર્તમાન અને ભવિષ્યમાં પણ એ વિહરી શકે.

ભટ્ટ સાહેબે તરત હા પાડી. **મોટા** કહે, 'તો પછી પ્રારબ્ધ તો સ્થળ અને કાળમાં રહેલું છે. એટલે એ મુક્તને પ્રારબ્ધકર્મ હોય જ ક્યાંથી ? એનાં પ્રારબ્ધકર્મ તો દગ્ધબીજ થઈ ગયેલાં છે.'

મેં કહ્યું, '**મોટા**, હું પણ એમ.એ.માં તત્ત્વજ્ઞાનના વિષયમાં વેદાંતમાં શીખેલો કે જીવન્મુક્તિ અને વિદેહમુક્તિ વચ્ચેનો ગાળો પ્રારબ્ધકર્મને આધારે છે.'

**મોટા** કહે, 'ભાઈ, મારા ગુરુમહારાજનો હુકમ છે કે જ્યારે શાસ્ત્રમાં એક વાત કહી હોય અને અનુભવમાં બીજી વાત આવી હોય તો એ બેની વચ્ચે ક્યાંક સમન્વય હોવો જોઈએ.' આટલું બોલી **મોટા** કહે, 'મને અત્યારે સ્ફુટ થાય છે કે એ જે કંઈ જીવે છે તે પોતાનાં પ્રારબ્ધકર્મને આધારે નહિ પણ એની સાથે નિમિત્તરૂપે સંકળાયેલાં જીવોનાં પ્રારબ્ધકર્મને આધારે.'

આમ છતાં ભટ્ટ સાહેબને હજુ એ પ્રતીતિજનક લાગતું હોય એમ ન લાગ્યું.

પૂજ્ય મોટાને સ્નાન કરવાનો સમય થતાં, એ બાથરૂમમાં નાહવા ગયા.

એ દરમિયાન ભટ્ટ સાહેબના હાથમાં શ્રીશંકરાચાર્યકૃત 'વિવેક-ચૂડામણિ'નો ગ્રંથ હતો. એમણે માત્ર કુતૂહલ ખાતર એ ખોલ્યો. વચ્ચેથી જે પાના પર દૃષ્ટિ પડી તેના પર જ પૂજ્ય **મોટા**ના કથનને ટેકો આપતો શ્લોક ભટ્ટ સાહેબે વાંચ્યો અને હર્ષથી રોમાંચિત થઈ ઊઠ્યા.

પૂજ્ય મોટા કંઈ શાસ્ત્રો ભણ્યા ન હતા. છતાં એમના જવાબો કેવા શાસ્ત્રોક્ત હતાં તેનું આ એક અનોખું ઉદાહરણ છે. આને જ સંતોની સર્વજ્ઞતા કહેતા હશેને!

## ૩૬. પ્રેમથી પલાળ્યાં અને પલટ્યાં

અમદાવાદના એક પટેલ ★ગૃહસ્થ. **મોટા** વેપારી. નાના નાના ઉદ્યોગો પણ ખરા. સ્વબળે ઉપર આવેલા. પોતે પટેલ હોવા છતાં જૈન સ્ત્રી સાથે લગ્ન કરેલાં. એમનાં ★★પત્નીને જૈનધર્મ પ્રત્યે ઠીક ઠીક અનુરાગ પણ ખરો.

પૂજ્ય **મોટા**ના એક સ્વજન એ પટેલ ગૃહસ્થના મિત્ર અને પડોશી. એમના સંપર્કને કારણે એમને પૂજ્ય શ્રીમોટાને ત્યાં પધરામણી કરવાની ઈચ્છા થઈ. એ અમલમાં મુકાઈ પણ ખરી, પરંતુ ઘરમાં એ બહેનને ન ગમે. એમનો વિરોધ પણ ખરો.

દર્શનાર્થે આવનાર સ્વજનોને વ્યવસ્થાપકો તરફથી સૂચનાઓ મળી ગયેલી. 'ભાઈ, સંભાળીને ચાલજો. આ ઘરમાં ગૃહિણી જૈન છે અને એમને **મોટા**નો વિરોધ છે.'

અધૂરામાં પૂરું **મોટા** એમને ઘેર પધરામણીના દિવસે સવારે છ વાગ્યે આવવાના હતા, તેને બદલે નરોડામાં એમને શરીરે અસુખ રહેવાથી આગલી સાંજે જ આવી પહોંચ્યા. **મોટા**ની તબિયત વધુ બગડી અને ડૉક્ટરોને બોલાવવા પડ્યા. ઑક્સિજન લેવો પડ્યો. આવી બધી ધમાલ મચી રહી.

પરંતુ **મોટા**ની ચાહવાની એક આગવી કળા છે. સામાના દિલમાં કેવી રીતે પ્રવેશવું એની કોઈ અજબ સૂઝ એમને ખરી.

**મોટા**ને સૂવા માટે એમના ઓરડામાં લઈ ગયા. ત્યાં યજમાનનું નાનું બાળક સૂતું હતું. એને લઈ જવા બે-ચાર જણે પ્રયત્ન કર્યો.

પૂજ્ય મોટાએ સ્પષ્ટ ના પાડી કહ્યું, 'છો સૂતો. એ નાના બાળકને ઊંઘમાં ખલેલ ન કરો.' એ રૂમ ઍરકન્ડિશન્ડ હતો. એટલે માની ઈચ્છા પણ ખરી કે બાળક એમાં સૂઈ રહે તો સારું. પૂજ્ય મોટાનું સૂચન તો એમને તો 'ભાવતું હતું અને વૈદે કહ્યા' જેવું થયું. પોતે અગવડ વેઠીને પણ બાળકને સૂવા દે એ મહારાજ એમને દિલમાં વસી ગયા!

---

★શ્રી જયંતીભાઈ ડી. પટેલ (માર્બલવાળા) ★★શ્રીમતી ઇંદુબહેન પટેલ, અમદાવાદ

બીજે દિવસે વહેલી સવારથી અનેક વાતો શરૂ થઈ. બહેન બાજુમાં બેઠેલાં. એમણે પણ વાતોમાં સૂર પુરાવ્યો. **મોટા**એ એમની વાત સાંભળી અને એમને કહ્યું, 'બહેન, તારે નવકારમંત્ર ભણ્યા કરવો.' ને આ વાત બહેનને પોતાના જૈન સંસ્કારને કારણે ગમી ગઈ.

બપોર પછી પૂજ્ય મોટાએ મને બોલાવ્યો અને કહ્યું કે, 'ભાઈ, ભટ્ટ સાહેબને ચિઠ્ઠી લખ કે બપોરે આવે. આપણે સત્સંગ કરીએ. ભગવાનની વાત થાય તો મારા શરીરની વેદના સહ્ય બને.'

બપોરે ૨-૨ાા વાગ્યે ભટ્ટ સાહેબ આવ્યા. અમે સવાલો પૂછ્યા. **મોટા** જવાબ આપતા જાય. સત્સંગ પૂરો થવાનો હતો એટલે બહેને પણ પોતાના પ્રશ્નો રજૂ કર્યા. **મોટા**એ એમને ખૂબ હેત કરતા હોય એ રીતે એમની ઘણી બધી શંકાઓનું સમાધાન કર્યું.

સત્સંગ પૂરો થયો. **મોટા**એ યજમાનપત્નીનું હૃદય કઈ ક્ષણે જીતી લીધું તે ન સમજાયું. એમનામાં આવેલો આ હૃદયપલટો એમને પણ આશ્ચર્યચકિત કરી ગયો. એમના પતિએ ક્રિકેટની ભાષામાં માર્મિક રીતે પત્નીનું નામ દઈ કહ્યું, '....ની વિકેટ પડી ગઈ.' આજુબાજુ ઊભેલાં સૌ હસી પડ્યાં.

આજે પણ એ બહેનને જ્યારે જ્યારે મળવાનું થાય છે ત્યારે **મોટા** જેવા સંતોનો અમે યથાર્થ લાભ ન ઉઠાવી શક્યા એવો અફસોસ તેમનાથી વ્યક્ત થઈ જાય છે.

## ૩૭. હાથ ઝાલ્યો તે ન છોડે

અમદાવાદના એક યુવાન ભાઈ. ૧૯૪૬થી પૂજ્ય શ્રીમોટા સાથેનો એમને સંબંધ.

એકવાર સાબરમતી આશ્રમની મીરાંકુટીર પાસેના શ્રી નંદુભાઈના મકાનના હીંચકા પર **મોટા** બેઠા હતા. નિર્ભયતા કેળવવાની વાત ચાલતી હતી. તેમણે કહ્યું, 'શિયાળાની કડકડતી ઠંડી હોય, અંધારી રાત હોય ત્યારે પણ સ્મશાનમાં આ જીવ રહેતો હતો. તમારું ગજું

નહિ. એક જરાક જેટલા અંધારાથી બીવો છો અને એકલા જવાની હિંમત કરતા નથી....' વગેરે વગેરે **મોટા** બોલ્યા.

પેલા યુવાન મિત્ર જાતે પ્રયોગશીલ. કંઈક કરી બતાવવું એવી તમન્ના પણ ખરી. તેમણે સ્મશાનમાં સૂવા જવાનું નક્કી કર્યું. એ તો પહોંચ્યા દૂધેશ્વરના સ્મશાનમાં. ઘોર ભેંકાર રાત્રિ, નિઃશબ્દ રાત્રિ. ત્યાં રેતીના એક ઢગલા પર બેસી આખી રાત એમણે જપ કર્યા. ક્યાંય બીક ન અનુભવી.

વહેલી સવારે આશ્રમ પહોંચી ગયા. **મોટા**ને પ્રણામ કર્યા. **મોટા**એ પૂછ્યું, 'અત્યારે ક્યાંથી ?' એમણે પોતાના પ્રયોગની વાત શરૂથી અંત સુધી કરી. **મોટા** બોલ્યા, 'પૂછ્યા વગર ફરી આવું ગાંડું સાહસ ન કરવું.' **મોટા**ની ઈચ્છા એટલી કે જો આવો કંઈક પ્રયોગ કરે તો એમને જાણ કરવી.

પરંતુ આ પ્રસંગથી પૂજ્ય **મોટા**એ એમને સ્મશાનમાં સૂવાની છૂટ આપી. લાંબા સમય સુધી એમણે એ કર્યું. જાણે એમણે નિયમ જ કરી લીધો. અને એ નિયમ સારી રીતે પળાતો પણ હતો.

એકવાર ચોમાસાના દિવસો હતા. અવારનવાર વરસાદ પડ્યા કરતો. એમને તાવની અસર વર્તાવા લાગી, પરંતુ ગોળી વગેરે લઈને આખો દિવસ ઠેલ્યું.

રાતના આઠ વાગ્યા. સ્મશાન જવાનું યાદ આવ્યું. શરીર તાવથી ધીખતું હતું. બીજી બાજુ નિયમ તૂટી જવાની દહેશત ઊભી થઈ. ચાલી પણ શકાય નહિ. લથડિયાં આવે. છતાં સ્મશાન જવાનું મક્કમપણે નક્કી કર્યું અને રોજની જગાએ જઈને સૂતા.

તે દિવસે એક અવનવો અનુભવ એમને થયો. જોકે એમને બપોરના તાવ ચડ્યો, ત્યારે જ મનમાં ઊગી ગયું હતું કે આજે કંઈક અવનવું થશે. આખી રાત સ્મશાનમાં રહ્યા. તે દરમિયાન ચારેક વાર વરસાદ આવ્યો. એમનું ઓઢવાનું પલળી ગયું. એમણે બે-ચાર વાર નીચોવ્યું પણ ખરું, પરંતુ એમના આશ્ચર્ય વચ્ચે એમણે જોયું કે એ પોતે અને એમનાં કપડાં તદ્દન કોરાં હતાં! એમણે ઘરે જઈ નાની

બહેનને બતાવ્યું કે, 'જો ભગવાન તેના ભક્તની કેવી કાળજી રાખે છે! નિયમનું પાલન કર્યું તો આ અનુભવ જોવા મળ્યો.'

પછી તો તાવ ઊતરી ગયો. રોજિંદી નોકરી પર પણ ચડી ગયા. એમણે પૂજ્ય મોટાને પોતાના આ અનુભવની વાત કરી. ત્યારથી મોટાએ એમને તાર કરીને સ્મશાનમાં સૂવા જવાનું બંધ કરાવ્યું.

પૂજ્ય મોટાની અદ્‌ભુત ચેતનાશક્તિનો તેમને આવો અપૂર્વ અનુભવ થયો. પૂજ્ય મોટા પાછળથી અમદાવાદ આવ્યા ત્યારે કહ્યું, 'તે દિવસે મને બહુ ખેંચ રહેતી હતી. પણ તને કહેવું કેવી રીતે કે તું સ્મશાનમાં સૂવા ન જઈશ ? ન ગયો હોત તો ચાલી શકત. પણ ગયો તેય યોગ્ય જ થયું. આ માર્ગમાં મરણિયો નિર્ધાર કરવાની વેળા અવારનવાર આવે છે ત્યારે આ અનુભવનું જ્ઞાન, તેની સ્મૃતિ તેવી વેળાએ નવાં જોમ, સાહસ અને હિંમત આપશે.'

## ૩૮. સંકલ્પ કરાવી દેહમુક્તિ અપાવી

પૂજ્ય શ્રીમોટાના દેહત્યાગની વાત બધાંને ખબર છે. એમણે સ્વેચ્છાથી પોતાનું મૃત્યુ ઠેલ્યું હતું. આખરે નડિયાદ આશ્રમે અગાઉથી પત્ર લખીને પોતાની ઈચ્છા પ્રમાણે ફાજલપુર મુકામે દેહ છોડ્યો.

આમ, કેટલાક સંતો ઈચ્છામૃત્યુને વરે એ હકીકત ભારતીય પરંપરાએ સ્વીકારેલી છે, પરંતુ સંત અન્યની ઈચ્છા પ્રમાણે એમને નિર્ધારિત દેહત્યાગ કરાવે એવા કિસ્સા બહુ ઓછા જાણવામાં-સાંભળવામાં આવ્યા છે. એવો એક કિસ્સો અત્રે રજૂ કરું છું.

નડિયાદના એક ખાનદાન પટેલ કુટુંબની એ વાત છે. પૂજ્ય શ્રીમોટાએ સત્સંગ દરમિયાન સ્વમુખે એ કહેલી છે. એ કુટુંબમાં વડા મા હતાં. **મોટા** પણ એમની સાથે ખૂબ જ પ્રેમભાવે હળેમળે. નડિયાદથી બહારગામ જવાના હોય તો માને પાયવંદના કરીને જાય.

મામાં પણ અસલ ખાનદાનનું ખમીર. ખૂબ જ જાજ્વલ્યમાન ધીરગંભીર પ્રકૃતિનાં. સમગ્ર કુટુંબની ઉપર એમનું એકચક્રી રાજ.

કોઈ એમને પૂછ્યા વિના અગર પરવાનગી વિના કશું ન કરે. બહાર લાખો કમાતા દીકરાઓ પણ માનું ખૂબ માન સાચવે.

એકવાર પૂજ્ય મોટા બહારગામથી આવ્યા. હંમેશના રિવાજ મુજબ માને મળીને આશ્રમ જવાનું હતું. માને મળ્યા. માએ કહ્યું, '**મોટા**, હવે તો ભગવાન ઉઠાવી લે તો સારું.' **મોટા** હસ્યા.

બહાર આવતાં આવતાં **મોટા**એ માના વડીલ પુત્રને કહ્યું, 'મા ખરેખર જવા ઇચ્છે છે કે પછી ઠાલું ઠાલું બોલ્યાં કરે છે ?'

વડીલ પુત્રે માને અંદર જઈ **મોટા** જે બોલ્યા હતા તે કહ્યું. માએ જવાબ આપ્યો કે, 'ખરેખર, મને હવે આ સંસારમાં કોઈ રસ નથી. શ્રીભગવાનના ધામમાં પહોંચું એ જ માત્ર એક ઇચ્છા છે.'

આ સાંભળીને **મોટા**એ હીરો મંગાવ્યો. અને હીરા વડે માના માથા પર એક આકૃતિ કરતા હોય એવું કર્યું. પછી માને કહે, 'મા, સંકલ્પ કરો કે આવતાં નોરતામાં જવું છે કે માગસરમાં ?' માએ સંકલ્પ કર્યો. અને સંકલ્પ અનુસાર મા વૈકુંઠવાસી થયાં.

બુદ્ધિમાં ન ઊતરે, તર્કને ન ગોઠે એવી આ વાત સાંભળી બધાં સ્તબ્ધ થઈ જાય પણ આમાં ચમત્કારને નિરૂપવાનો પ્રયાસ નથી. ચમત્કારથી દળદર ન ફીટે એમ **મોટા** પોકારી પોકારીને કહેતા. વળી, ચમત્કાર પર આધાર રાખતી પ્રજા પુરુષાર્થમાં પાંગળી બને એટલે પૂજ્ય મોટા ચમત્કારને બિલકુલ પ્રાધાન્ય આપતા નહિ.

॥ હરિઃૐ ॥

# ખંડ - ૫

# શ્રીમોટાનાં કાર્યો

ક્રાંતિ પ્રેરે તે જ સાચો ધર્મ.

— શ્રીમોટા

॥ હરિઃૐ ॥

## ● હરિઃૐ આશ્રમો ●

શ્રીમોટાએ ૧૯૨૨ થી ૧૯૩૯ સુધી હરિજન સેવક સંઘને ઈશ્વર-પ્રાપ્તિનું સાધન બનાવ્યું. સાધ્યની પ્રાપ્તિ પછી સ્થૂળપણે સંઘને ''રામ-રામ'' કર્યા. પોતાનાં બાની રજા લઈને તેઓ આમંત્રણ આપતા સ્નેહીઓને ત્યાં રહેતા. સ્વજનોને સાધના અંગે પ્રત્યક્ષ માર્ગદર્શન આપતા. ૧૯૪૧માં તેઓશ્રી ત્રિચી ગયેલા. ત્યાં તેમને શ્રી નંદલાલ ભોગીલાલ શાહની મુલાકાત થઈ. શ્રી નંદુભાઈ કુંભકોણમ્‌માં ઝવેરાતનો ધંધો કરતી એક જાણીતી પેઢી (એન. ગોપાલદાસની કંપની)ના ભાગીદાર હતા અને અત્યારે તેના સુષુપ્ત ભાગીદાર તરીકે ચાલુ છે.

શ્રી નંદુભાઈ અને તેમના મામા શ્રી ગોપાલદાસ મહેતા તથા અન્ય ભાઈઓએ ભેગા મળીને શ્રીમોટાને ૧૯૪૮ની સાલમાં કુંભકોણમ્‌માં એક આશ્રમ સ્થાપવા રૂપિયા અઠ્યાસી હજાર રોકડા અને રૂપિયા ત્રીસ હજારના મકાનની ગોઠવણ કરી આપી. પણ ''તે લઈને હું શું બદલો આપીશ ?'' એવા વિચારથી શ્રીમોટાએ બધી જ રકમ પરત કરીને કહ્યું કે ગુરુ-મહારાજનો હુકમ નથી. બે વર્ષ બાદ કાવેરી નદીને કાંઠે પ્રથમ ''હરિઃૐ આશ્રમ''ની સ્થાપના થઈ. તે પહેલાં મૌનએકાંતની સાધના પદ્ધતિના શ્રીગણેશ સાબરમતી આશ્રમથી શરૂ કરી દીધેલા. ૧૯૪૬ના જૂનથી તે ૧૯૫૦ સુધી અમદાવાદના હરિજન આશ્રમમાં વિનોબાજીની કુટીર મીરાંકુટિરમાં એક પડદો રાખીને સાધક મૌન લે. તેમાં ભોજન, શૌચ, પેશાબપાણી વગેરેની દેખભાળ શ્રીમોટા જાતે કરે. તે પછી તા. ૨૮-૫-૧૯૫૫ના રોજ નડિયાદમાં આશ્રમ સ્થપાયો. ૧૯૫૪માં સુરત જિલ્લાના રાંદેરથી દોઢ માઈલ દૂર જહાંગીરપુરામાં કુરુક્ષેત્રના સ્મશાનમાં તાપી નદીના ઓવારા પરના એક મંદિરના ઓરડામાં પડદો રાખીને

શ્રી ભીખુભાઈ હરિભાઈ પટેલને ૫૧ દિવસનું મૌન આપેલું. ૧૯૫૬થી ત્યાં આશ્રમનું પાકું બાંધકામ થયું. એ ઉપરાંત, અમદાવાદ નજીક નરોડા★ અને પંજાબમાં ફિરોઝપુર★ ખાતે વ્યક્તિગત માલિકીની જગા પર શ્રીમોટાની પ્રેરણા અનુસાર ''મૌનએકાંત'' મંદિરોમાં સાધનાનું કાર્ય ચાલે છે.

ઉપરના ત્રણ મુખ્ય આશ્રમો અનુક્રમે કાવેરી, શેઢી અને તાપી નદીને કિનારે આવેલા છે, જે સહેતુક છે. પહેલાના સમયમાં આવા આશ્રમો નદીકિનારે જ વસાવવામાં આવતા, કારણ કે એક તો પાણીની સુવિધા રહે. વળી, બીજું જળતત્ત્વ વિચારોનાં ઉગ્ર મોજાંઓને મોળાં પાડે છે. આશ્રમો વસ્તીથી દૂર એકાંતમાં હોય છે, કારણ કે લોકોના વિચારોનાં આડાંઅવળાં આંદોલનો સાધકને નડે નહિ. વસ્તીમાં ચેતનનાં આંદોલન આપણને સહેલાઈથી ન મળે એટલે શ્રીમોટાએ આશ્રમો શહેરથી ઘણે દૂર સ્થાપ્યા છે.

## ૧. કુંભકોણમ્ આશ્રમ

કુંભકોણમ્નો આશ્રમ જે સ્થાને છે, ત્યાં એક જૂના સમયના મહાત્માની સમાધિ છે ને તેમની ચેતના (કોન્શ્યસનેસ)નો શ્રીમોટાને અનુભવ થયેલો. તેમણે તે સંબંધે વિશેષમાં જણાવેલું કે જ્યારે કુંભકોણમ્ અને તેની આસપાસ રાજાઓનાં રાજ્ય હતાં, તે સમયની એક વાત છે. આશ્રમની જગ્યા પર એક સાધુ-મહાત્મા આવીને રહેલા. તે યોગી પુરુષ હતા. એ સ્થળે તાંજોરના રાજા ચિદંબરમ્થી પાછા ફરતાં આવ્યા. તેમને એકાએક પેટમાં દુખાવો થઈ આવ્યો ને મટે નહિ. કોઈકે કહ્યું કે, ''પેલા સાધુ મહારાજને બતાવીએ.'' એટલે રાજાએ તેમને બોલાવી લાવવા હુકમ કર્યો. સાધુ કહે કે, ''ગરજ હોય તો અહીં આવે.'' ને રાજા સાધુ પાસે ગયા. સાધુએ પોતાનો જમણો પગ લાંબો કરીને કહ્યું કે, ''પગ ધોઈને તેનું પાણી પી જા, મટી જશે.'' અને એ પ્રમાણે કરવાથી રાજાનું દરદ મટી ગયું. સમય વીતતાં એ મહાત્માએ ત્યાં જ

★હાલ આ બંને ઠેકાણે મૌનમંદિરોનું વિસર્જન થઈ ગયું છે.

સમાધિ લીધી ને આજે વિદ્યમાન છે. તે સ્થળે જ 'હરિઃૐ આશ્રમ' સ્થપાયો છે.

હરિઃૐ આશ્રમની શરૂઆત કરતાં પહેલાં ત્યાંના કેટલાક અધિકારીઓએ ઘણી અડચણો અને વાંધા ઊભા કર્યા, કેમ કે લોકો અંધારા ઓરડામાં પુરાઈ રહે તે તંદુરસ્તીની દૃષ્ટિએ હિતકર નથી એમ તેઓને લાગતું હતું. છેવટે તેમણે નમતું જોખ્યું ને સમયે તથા અનુભવે સાબિત કરી બતાવ્યું કે અંધારા ઓરડામાં મૌનમાં બેસનાર કોઈની પણ તબિયતને કશી અવળી અસર પહોંચી નથી. આ આશ્રમમાં એક કેનેડિયન યુવાન રોબિન ૩૮૮ દિવસ સુધી સતત બિલકુલ બહાર નીકળ્યા વિના બેઠેલો ને પૂર્ણ આરોગ્ય સાથે તે બહાર આવેલો.

## ૨. કુંભકોણમ્ આશ્રમ વિશે 'હિંદુ' 'Hindu' Daily

નદીના કાંઠે શ્રીમોટાએ કુંભકોણમ્‌માં આશ્રમ સ્થાપ્યો એટલું જ નહિ પણ કાવેરી નદીના ઘાટ—ઓવારાની દુરસ્તી માટે સને ૧૯૬૩ પહેલાં દાન પણ આપ્યાં છે. તેનું મૂલ્યાંકન મદ્રાસના જાણીતા દૈનિક 'હિંદુ'એ તેના તા. ૫-૩-૧૯૬૩ના અંકમાં કર્યું હતું. કાવેરી નદી તેની રમણીયતા પવિત્રતા વર્ણવીને તીર્થક્ષેત્ર તરીકે કુંભકોણમ્ કેટલું જાણીતું બન્યું છે તથા ત્યાં આગળ કેવી સુંદર પ્રવૃત્તિઓ ચાલી રહી છે તેની એ સમાચારપત્રમાં વિસ્તૃત માહિતી આપી છે. આ નાના શહેર આગળથી પસાર થતી કાવેરી નદી પર આવેલા આઠ ઘાટોનું વર્ણન કરવામાં આવ્યું છે. ત્યાં સાધુઓ આવે છે. કેટલીક આધ્યાત્મિક અને ઇતર પ્રવૃત્તિઓ ચાલે છે. કલામય મંદિરો કેવાં પ્રેક્ષણીય છે, વગેરેનું વર્ણન કરીને તે સમાચારપત્રે ('હિંદુ'એ) જણાવ્યું છે કે ''કાવેરીના ઉત્તર દિશાના કિનારા પર તાજેતરમાં એક આધુનિક આશ્રમ વસ્તીથી તદ્દન અલગ અસ્તિત્વમાં આવ્યો છે. એની સ્થાપના એક ગુજરાતી સાધુએ કરી છે. એ એક સુંદર બગીચાની વચ્ચે તદ્દન શાંત એકાંત

જગ્યાએ આવ્યો છે. આ સાધુ ગુજરાત બાજુથી આવીને દર વર્ષે એક-બે માસ ગાળે છે. અત્રેની ગુજરાતી વસ્તી તે સંતને બહુ ભક્તિભાવ અને આદરપ્રેમની નજરે જુએ છે. આ જ સાધુએ થોડા વખત પર ૧૨ વર્ષ સુધી એ ઘાટોને સારી સ્થિતિમાં રાખવા માટે રૂ. ૧૦,૦૦૦નું દાન સ્થાનિક સુધરાઈને આપ્યું છે. પહેલાંના વખતમાં રાજામહારાજાઓ આવા નદીઘાટ બંધાવતા ને સારી સ્થિતિમાં રખાવતા, પણ આજે કોઈ તેનું ધ્યાન રાખતું નથી. આ ઘાટ, મંડપો વગેરેની જે સુંદરતા દેખાય છે તે પુરાણકાળના રાજાઓ અને તેમના પ્રધાનોને આભારી છે. આજે દાનવીરોનું ધ્યાન બીજી પ્રવૃત્તિઓ પર પડ્યું છે. જ્યારે નદી પરના આ ઘાટ અને તેના સુંદર મંડપો જર્જરિત હાલતમાં પડ્યા છે, ત્યારે એક ગુજરાતી મહાત્માનું આ પગલું સમયોચિત અને પ્રશંસનીય છે.''

## ૩. નડિયાદ આશ્રમ વિશે ભવિષ્યવાણી

નડિયાદમાં શેઢી નદી ઉપર જે જગ્યાએ આશ્રમ સ્થાપ્યો છે ત્યાં જ પહેલાં કબીરપંથી સાધુ વસતા ને તેમના ઉપયોગમાં આવેલો એક ચોતરો આજે પણ ત્યાં મોજૂદ છે. એ ચોતરા પર મૌનમાંનો સાધક આરામ કરી શકે છે. જેનો ઉલ્લેખ કર્યો તે કબીરપંથી પૂ. પહેલદાસજી મહારાજ ત્યાં રહેતા ને તેમણે નાનકડો આશ્રમ કરેલો. તેમણે તેમના દેહવિલય પહેલાં ભવિષ્યવાણી ઉચ્ચારેલી. તેની મૂળ નોંધ વડોદરાના શ્રી વિષ્ણુપ્રસાદ ઈશ્વરલાલ પંડ્યાએ તેમની પંદર વર્ષની ઉંમરે કરેલી. તા. ૩૦-૯-૧૯૪૫ના રોજ નોંધાયેલ તે નોંધ હરિઃૐ આશ્રમને સોંપેલી છે. તે નોંધ નીચે મુજબ છે :-

*''આ જગ્યા ઉપર કોઈ તપસ્વી થશે. દશ વર્ષ સુધી આ જગ્યાએ કોઈ રહેશે નહિ. ત્યારબાદ અહીં રળિયામણી જગ્યા થશે. અહીં રહે તેને કોઈ દિવસ કોઈની પાસે માગવા જવું પડશે નહિ. શ્રીગુરુ બાળકદાસની મહીંના રૂમની ગાદી કોઈએ ભવિષ્યમાં તોડવી નહિ ને આ જગા ઉપર ભજનભાવ કરનાર દુઃખી થાય તેમ નથી.''*

૧૯૨૨ કે ૧૯૨૩માં શ્રીબાળયોગી મહારાજ શ્રીમોટાને સાધનાર્થે આ જગ્યા પર લઈ આવેલા ને એક રાત ત્યાં ઝાડ પર બેસાડી નામસ્મરણ કરાવેલું. ત્યારે તેમણે પણ એવી ભવિષ્યવાણી ઉચ્ચારતાં કહેલું કે, ''આ જગ્યા પર તારો આશ્રમ થશે.'' શ્રીમોટા તો આ વાત વીસરી ગયેલા, પણ સને ૧૯૫૪ની સાલમાં એકવાર તેમને આ જગ્યા પર આવવાનું થયું ને રાત રોકાયા ત્યારે ગુરુમહારાજની ભવિષ્યવાણી યાદ આવી. એટલે તેઓ બીજી સવારે નડિયાદની ભારત ભુવન હિંદુ હોટલના માલિક શ્રી કુબેરદાસ ભાવસાર પાસે તેમની હોટલમાં ચા પીવા ગયા. તેઓ તેમના શરીરની જ્ઞાતિના હતા. આશ્રમ સ્થાપવા માટે તેમને વાત કરી અને પંદરવીસ હજારની જરૂર પડે એમ જણાવ્યું. એ રકમ તેમને મળી ગઈ ને બારેક માસમાં પરત પણ કરી દીધી. સર સી. વી. મહેતાએ પણ પ્રથમ જ રૂ. ૧૫,૦૦૦ આપેલા.

## ૪. સુરત આશ્રમને ગેબી મદદ

સને ૧૯૫૫માં શ્રીમોટાને ટ્રિચી જતાં સુરત આવવાનું થયું, ત્યારે કામચલાઉ મૌન આપવાનું કામ શરૂ થઈ ગયું હતું. સુરતના આશ્રમની જગ્યા મળી તે તો ઈશ્વરની અનહદ કૃપાનું પ્રત્યક્ષ ચિહ્ન છે એમ શ્રીમોટા કહે છે, કેમ કે તે જમીન અલભ્ય જેવી હતી. તે જગ્યા મૂળ એક જૈન ભાઈની હતી. તેણે વેચાણ માટે સુરતના કલેકટરને પણ 'ના' કહી દીધી હતી. છેવટે ચોર્યાસી તાલુકાના એક મામલતદાર શ્રીમોટાના સત્સંગી હતા. તેમની મદદથી જમીન પ્રાપ્ત થઈ, પણ જમીનનો ભાવ ત્યારે વીઘા દીઠ રૂ. ૧૫૦૦ થી ૧૬૦૦ સુધી હતો. શ્રીમોટા એવી ભારે કિંમત ચૂકવવા તૈયાર ન હતા. બે વીઘાં જમીન રૂ. ૩૭૫ થી ૪૦૦ સુધીમાં જ મળે તો લેવી એવી એમની તૈયારી હતી. છેવટે તેટલી રકમમાં તે જમીન મળી ગઈ. જેમાંથી પહેલા બે ઓરડા ને પડાળીવાળી જગ્યા છે. સર સી. વી. મહેતાએ આ આશ્રમ માટે પણ બે થી ત્રણ હજાર રૂપિયાનો ફાળો આપ્યો હશે.

આ જગ્યા તેમને એટલા માટે પસંદ પડી ગયેલી કે તે રાંદેર ગામથી દોઢ માઈલ દૂર તદ્દન એકાંતમાં હતી. પાસે સ્મશાન અને મહાદેવનું મંદિર હતું. તે સ્થાન કુરુક્ષેત્ર તરીકે પવિત્ર ગણાતું ને વળી તાપી પાસેથી જ વહી જાય છે. એવી એ કુદરતી રળિયામણી જગ્યા છે.

આશ્રમના બાંધકામ માટે સિમેંટ જોઈએ, પણ તેની ઘણી અછત હતી. બજારમાં 'બ્લૅક'માંથી ઊંચા ભાવે બીજા ખરીદતા પણ શ્રીમોટા તેવી ખરીદીને મંજૂરી આપે નહિ. જ્યારે કામ અટકી પડવાની તૈયારીમાં હોય કે ત્યારે ક્યાંયથી આવી પડે!

તે વખતે સુરત જિલ્લા લોકલ બોર્ડના એક પ્રમુખ સાહેબ હતા તે અને શ્રીમોટા મુદ્દલે એકબીજાને ઓળખે નહિ, પણ તેઓ પરસ્પર નામથી જાણે એટલું જ. એકવાર તેઓશ્રી અને શ્રી ભીખુભાઈ પટેલ વાત કરવા માટે તેમની ઑફિસે ગયા પણ મુલાકાત થઈ નહિ, કારણ કે પ્રમુખ સાહેબ બહાર ગયા હતા, પરંતુ શ્રીમોટા કહે કે હવે રાહ જોવાની જરૂર નથી. સિમેંટ તો મળ્યે જ જશે ને બન્યું પણ તેમ જ. તેમની મારફત છૂટક છૂટક થઈને ૩૦૦ થી ૩૫૦ કોથળીઓ ઉછીની મળેલી. એક વખત તો એક કેળવણીની સંસ્થામાં સિમેંટ વધુ હશે પણ તેઓ આશ્રમને આપી શકે એવી સ્થિતિમાં ન હતા, છતાં તે પ્રમુખ સાહેબે પોતે એ સંસ્થા પાસેથી ઉછીની લઈને આશ્રમને આપી.

તા. ૨૩-૪-૧૯૫૬ના રોજ જહાંગીરપુરા, સુરતના આશ્રમમાં કુંભ મૂકવાની વિધિ પુષ્પાબહેન દલાલ અને ચંપાબહેન નામનાં વિધવા બહેનોના હસ્તે કરવામાં આવેલી. જ્યારે સમાજ વિધવા બહેનોને આવાં કાર્યો માટે અપશુકનિયાળ ગણતો હોય છે, ત્યારે શ્રીમોટાએ તે બહેનોના હાથે સહુ પ્રથમ કુંભ મુકાવ્યો ને ગૌરવ આપ્યું! એમની કાર્યપદ્ધતિની સવિશેષતાનું આ ઉદાહરણ છે.

સને ૧૯૬૧માં નડિયાદ અને સુરતના આશ્રમો સરકારી રાહે—ચૅરિટેબલ ટ્રસ્ટના ઍક્ટ અન્વયે નોંધવામાં આવ્યા તેમાં શ્રીમોટાનું નામ ટ્રસ્ટી તરીકે ક્યાંય નથી.

## ૫. ફિરોઝપુરનું મૌનમંદિર★

ઉત્તર ભારતના પંજાબમાં પાકિસ્તાનની સરહદ પર આવેલા ફિરોઝપુરમાં ૧૯૬૫ની સાલથી ચાલતા એક મૌનમંદિરનો ઉલ્લેખ કરવો તદ્દન યોગ્ય લાગે છે. એના માલિક છે અંગ્રેજીના એક પ્રો. શ્યામસુંદર ગુપ્તા. તેઓ ઘણાં વર્ષોથી નડિયાદમાં મૌનએકાંતની સાધના કરવા જતા હતા. તેમને હિમાલયમાં ચાલ્યા જવાની ઈચ્છા હતી, પણ સદ્‌ગત શ્રી ગુરુદયાળ મલ્લિકજીની સૂચનાનુસાર તેઓ શ્રીમોટા પાસે આવી પહોંચ્યા. સને ૧૯૬૪ની સાલમાં ૨૧ દિવસના મૌન દરમિયાન તેમના અંતરમાંથી એવો વિચાર સ્ફુર્યો કે, ''ફિરોઝપુરમાં જ આવી સાધના માટે મૌનએકાંત મંદિરની સ્થાપના કર.'' અને એ વિચારને શ્રીમોટાએ ટેકો આપ્યો. એને જણાવ્યું કે, ''પ્રેમભર્યું દિલ જો તમે **'મોટા'**ને આપશો તો તમે તેની હાજરી અનુભવી શકશો. ક્યારેય તમને મૌનમંદિરની કાર્યવાહી સંબંધે કોઈપણ પ્રકારની મુશ્કેલી લાગે, ત્યારે તમારે **'મોટા'**ને કંઈ પણ લખીને જાણ કરવી નહિ, પરંતુ એવે વખતે તમારા (મૌનના) ખંડમાં ચાલ્યા જવું અને શાંત બનીને **'મોટા'**ને પ્રાર્થના કરવી. તમને તમારી મૂંઝવણમાંથી મુક્તિ મળી રહેશે.''

આ રીતે ફિરોઝપુરમાં 'હરિઃૐ મૌનમંદિર'ની સ્થાપના થઈ. સંખ્યાબંધ પરદેશીઓ અને ઇતર સાધકો એનો લાભ લઈ રહ્યા છે. તેઓએ મૌનમંદિરમાં શ્રીમોટાની પ્રેરક સૂક્ષ્મ હાજરી અને ગૂઢ શક્તિ અનુભવ્યાં છે.

## ૬. રોજબરોજનો કાર્યક્રમ

આશ્રમનો રોજબરોજનો કાર્યક્રમ આવો છે : સવારે મોડામાં મોડા ચાર વાગ્યે બધાંએ ઊઠી જવાનું. પાંચ વાગતાંમાં મૌનમાંના સાધકોને ચા-કૉફી, સ્નાન માટે ગરમ પાણી, ધૂપ માટે ધૂપદાનીમાં દેવતા, ગળાને

★હાલ આ મૌનમંદિર બંધ કરી દેવામાં આવ્યું છે.

હૂંફ આપવા કોગળા કરવા માટે ગરમ પાણી તાંબાના લોટામાં પહોંચાડવામાં આવે. એ ગરમ પાણીમાં મીઠું નાંખીને કોગળા કરવાના. મૌનરૂમમાંનો કચરો સાધકોએ પોતે કાઢવાનો. પાંચેક વાગતાંમાં મૌનમાંના સાધકોએ નાહીધોઈને પોતાનાં વપરાયેલાં કપડાં તથા આશ્રમનાં—પથારી પરની ચાદર, ઓશીકાનો ગલેફ, આરામખુરશી, બાજઠ અને પાટલા પરની ગાદી પરનો કટકો—આટલું રોજ રોજ એક યાદી સાથે ધોવાને માટે મૂકી દેવાનાં. સાત વાગતાંમાં આખો આશ્રમ વળાઈ-ઝુંડાઈને સાફ થઈ જાય. બગીચામાંનાં પુષ્પો રકાબીમાં ગોઠવીને મૌનરૂમમાં મોકલવામાં આવે અને સવારે દસ વાગતાં ભોજન પછી બપોરે બે વાગ્યે ચા કે કૉફી અને સાંજે પાંચ વાગ્યે વાળુ.

સુરત આશ્રમે★ મંગળવારે સવારે છ વાગ્યે અને નડિયાદ આશ્રમે રવિવારે સવારે છ વાગ્યે સવારે મૌનમાંથી નીકળનારા અને તેમાં બેસવા જનારા સાધકો ભેગાં બેસી પ્રાર્થના કરે છે.

મૌન લેનારા સંબંધે મુખ્યત્વે શ્રીમોટા એક વાતનું પુનઃઉચ્ચારણ કર્યા જ કરે કે આ પ્રકારની સાધનાથી જીવને કાંઈ એકદમ ભગવાન મળી જવાના નથી. પણ એનામાં ચેતનાના સંસ્કાર પડવાથી જીવને શિવ થવાની શક્યતાઓ પેદા થાય છે, કેમ કે એ સંસ્કારો કાળ પાકતાં ઉદય-વર્તમાન થયા વિના રહેશે નહિ. રાગદ્વેષ જેટલા મોળા પાડવા તરફ સાધક પ્રયત્નશીલ અને જાગ્રત હશે, તેટલી વધુ ઝડપી પ્રગતિ થશે અને વારંવાર આવાં મૌનએકાંતનાં અનુષ્ઠાનોને પરિણામે રાગદ્વેષ મોળા પડે છે એવો ઘણાંનો અનુભવ છે.

## ૭. શ્રીમોટા અને આશ્રમ

શ્રીમોટાની અંગત જરૂરિયાતો ઘણી ઓછી છે. પહેરવેશ તદ્દન સાદો. સ્વજનો તરફથી જે મળે તે પહેરે, પણ જે પરિધાન કરે તે તદ્દન સ્વચ્છ હોય. તેવી જ સ્વચ્છતા ને સાદાઈ તેમના આશ્રમોના રોજબરોજના સંચાલનમાં જોવા મળે છે. જો તેઓશ્રી આશ્રમમાં હોય

★ હાલમાં રવિવારે.

કે પ્રવાસમાં, રાત પસાર કરવાની હોય તો તેમની મદ્રાસી ખાદીની લુંગી એક કટકા જેવી ને કદાચ થીંગડાંવાળી જોવા મળશે. કિંતુ સમારંભોમાં જવાનું હશે તો 'ગૃહસ્થી'ને શોભે તેમ ને સામા પક્ષની શોભામાં અભિવૃદ્ધિ થાય તેમ શુભ-સ્વચ્છ સાડીની લાલ ભૂરી યા લીલી આકર્ષક કિનારવાળી મદ્રાસી ખાદીની લુંગી. માથે એવો જ સુંદર ફેંટો અને ખભા ઉપર મદ્રાસી ઢબનું ઉપરણું હશે. બીજું કાંઈ નહિ. પરસેવો લૂછવા રૂમાલ જોઈએ તો લીલા યા લાલ દોરાથી ભરેલો ૐની છાપવાળો એક ખાદીનો કટકો કેડ પાસે લુંગી ઉપર ખોસેલો રાખશે.

આશ્રમની ખાણીપીણીમાં કદી તેલ-ઘીનો પેણો ચડે નહિ. ભાખરી (તેલના મોણવાળી), રોટલા-શાક, દાળ ને ભાત, બગાડની તો શક્યતા જ નહિ અને સદ્‌ભાગ્યે એમના સેવકોમાં વ્યવસ્થાપક ને રસોઈયા પણ સેવાભાવી મળી આવેલા છે. રસોઈ કરનાર આશ્રમના ટ્રસ્ટી પણ હોય! ખોરાકી ચીજો—ખાંડ, તેલ, કઠોળ, ગોળ, ઘઉં, ચોખા, દીવાસળીથી માંડીને સાવરણી સુધીની બધી જરૂરિયાતો પ્રભુકૃપાથી પ્રશંસકો ને ભક્તો તરફથી મળ્યા કરે છે. ઊંચી જાતના ચોખા ભેટમાં મળતા હોય તો આશ્રમના ઉપયોગમાં આવે નહિ. એવા મોંઘા ચોખા ખપે નહિ, માટે એ વેચી નાંખે અને જાડા ચોખા વપરાશમાં લેવાય. નાતજાતના ભેદ વિના નોકર-ચાકર, વ્યવસ્થાપક વગેરે એક પંગતે સાથે બેસીને ભોજન કરે. શ્રીમોટા જમવાના સમયે આશ્રમમાં હોય ને તેમને જમવું ન હોય તોપણ રસોડામાં આવીને બેસે ને બધાંને પ્રેમથી જમાડે. જમતાં પહેલાં ॐ सह नाववतु—ની પ્રાર્થના થાય. શ્રીમોટા ભોજન દરમિયાન સઘળાંની ખબરઅંતર પૂછે. હળવી મજાકો કરે ને આનંદભર્યા વાતાવરણમાં બધાંને જમાડે. શ્રીમોટા આશ્રમમાં હોય ને બહાર કોઈને ત્યાં તેમને જમવા જવાનું આમંત્રણ હોય તો ઘણીવાર તેઓ પ્રબંધ કરે કે આશ્રમનાં અને મૌનમાંનાં બધાં ભાઈબહેનો માટે નિમંત્રક તરફથી રોજના જમવાના સમયે ભોજન મોકલવામાં આવે. આવી શ્રીમોટાની વાત્સલ્યભાવના છે.

અને ઉત્સવો દરમિયાન અથવા અન્ય પ્રસંગોએ તેઓશ્રી હંમેશાં પુષ્પમાળાને બદલે સૂતરની આંટી વધુ પસંદ કરતા હોય છે, કેમ કે એમાંથી આશ્રમને ઉપયોગી કાપડ વણાવી શકે છે. એનો અર્થ એ નથી

કે તેઓ પુષ્પસૌંદર્ય અને તેની સુગંધની કદર કરી શકતા નથી, પણ માત્ર બગાડની વિરુદ્ધમાં છે. 'ઉપયોગિતા'—એમની તાત્ત્વિક દૃષ્ટિ છે. આમ તો જહાંગીરપુરા, સુરતના આશ્રમમાં ગુલાબ અને મોગરાનો બગીચો છે.

## ૮. હરતું ફરતું કાર્યાલય

શ્રીમોટાના અંતેવાસી શ્રી નંદુભાઈ, નડિયાદ અને સુરત બંને આશ્રમોનો પત્રવ્યવહાર જાતે ઈતર કામોની વચ્ચે કરતા હોય છે. તેમનું કામ તનતોડ હોય છે. શ્રીમોટાની જાહેર પ્રવૃત્તિઓ વધતાં સરકારી, અર્ધ સરકારી સંસ્થાઓ, જ્ઞાત-અજ્ઞાત વ્યક્તિઓ, તેમનાં સ્વજનો અને પ્રશંસકો સાથે પત્રવ્યવહાર ઘણી મોટી સંખ્યામાં વધી ગયો છે, છતાં સાદો પહોંચ-પત્ર છાપેલો નહિ પણ હસ્તલિખિત મોકલવાની પ્રથા ચાલુ રહી છે, કેમ કે એવા લખાયેલા પત્રમાં હૃદયનો ભાવ રેલાતો હોય છે અને એકેએક પત્રનો ઉત્તર તુરત જ વિના વિલંબે જવો જ જોઈએ એવો શ્રીમોટાનો આગ્રહ પણ છે. તેઓશ્રી આવતી-જતી બધી ટપાલ ચોકસાઈથી જોતા હોય છે અને પ્રત્યુત્તરો વિશે જરૂરી સૂચનાઓ આપતા હોય છે.

વળી, શ્રીમોટા ૩૦ દિવસમાંથી ૧૫ દિવસ પ્રવાસમાં જ કાઢતા હોય છે. એટલે તેમની સાથે અંગત મદદનીશ, ખજાનચી, મંત્રી, વડા વ્યવસ્થાપક વગેરેનું કાર્ય શ્રી નંદુભાઈ કરતા હોય છે. એટલે તેમનું કામ તો સવારના ત્રણ વાગ્યાથી શરૂ થાય તે રાત્રે ઘણીવાર પ્રવાસ દરમિયાન ૧૦-૧૧ વાગતાં સુધી ચાલતું હોય છે. આ બધાં કાર્ય ઉપરાંત, શ્રીમોટાનાં પુસ્તકોનું પ્રકાશનકાર્ય ચાલુ જ હોય છે. તેનું પણ તેમણે ધ્યાન રાખવાનું હોય છે. આ રીતે પ્રવાસમાંય આ હરતુંફરતું કાર્યાલય પણ હોય છે.

આ ઉપરાંત, શ્રીમોટા 'ગૃહસ્થ' કર્મયોગીના વેશમાં હોઈને તેમનાં સ્વજનોની સાથે વ્યવહારોચિત સંબંધ પણ સાચવતા હોય છે. બધા સાધુ-સંતો ભેટ-સોગાદો લઈને બેસી રહેતા હોતા નથી. શ્રીમોટા તેમનાં 'સ્વજનો'ને કંઈક ને કંઈક સ્વજનના ભાવ મુજબ પ્રતિભાવ સ્થૂળ રીતે પણ વ્યક્ત કરતા હોય છે. એટલે તેઓ સંત હોવા ઉપરાંત, કેટલાંકને

પોતાનાં માતાપિતાથીય અધિક એવા કરુણાસભર લાગતા હોય છે, એ એક હકીકત છે. આમ, તેઓશ્રી લેણદેણની પ્રથા સ્થૂળ રીતે પણ જાળવી બતાવે છે. આ એક આદર્શ ગૃહસ્થનું દૃષ્ટાંત પૂરું પાડે છે. ને વળી સૂક્ષ્મપણે ભક્તની લાયકાત, અભિગમ ને સ્વીકારશક્તિ મુજબ તેમની ચેતના કેવી અદૃશ્યપણે કાર્ય કરતી હોય છે, એ તો વ્યક્તિગત અનુભવની વાત છે અને એવા અનુભવો ઘણાંને થાય છે. એમનું આ પાસું બહુ અનોખું ને પ્રેરક છે.

આવી સ્થૂળ લેવડદેવડ અને તેના હિસાબની ઝીણામાં ઝીણી વિગત તથા ઉત્સવો દરમિયાન ભેટ મળેલી ને પુનઃ વેચાતી તે ભેટ વસ્તુઓનો હિસાબ કાર્યાલય રાખે છે અને આજનું કામ કાલ પર મુલતવી રાખવાનું તો શ્રીમોટા કદી જાણતા જ નથી! જ્યારે એવાં હિસાબી ને ઈતર કામ તે જ દિવસે પતાવી શકાતાં ન હોય તો તે જ દિવસની મોડી રાત સુધી કામ ચાલુ રહે છે. આનું કારણ શ્રીમોટાની શિસ્ત, ઝીણવટ ને વ્યવસ્થા છે.

## ૯. વ્યવસ્થાપકો

સુરત આશ્રમના વ્યવસ્થાપક શ્રી ભીખુભાઈ હરિભાઈ પટેલ★ અગાઉ દૂધના વેપારી, કતારગામના રહીશ અને દેશભક્ત. એમણે જેલવાસ પણ કરેલો. શ્રીમોટા પ્રત્યે ભાવ જાગતાં સને ૧૯૫૪થી તેમની સાથે જોડાયા ને સુરત આશ્રમનો ભાર પોતાને માથે લઈ લીધો. એમની પાસે જે કંઈ બચત હતી તે બધી શ્રીમોટાને અર્પણ કરી દીધી એટલે કે આશ્રમને. જન્મે ને ધંધે ખેડૂત એટલે શ્રીમોટાની પ્રેરણાથી અને તેમની પોતાની અને ઝીણાભાઈની મહેનતથી સુરતનો આશ્રમ ફળફૂલની વાડીઓથી લચ્યો રહે છે.

---

★ સને ૧૯૬૮થી શ્રી ભીખુકાકાનું શારીરિક સ્વાસ્થ્ય લથડતાં પૂ. શ્રીમોટાની અપીલથી શ્રી રજનીભાઈ બર્માવાળા સને ૧૯૬૯થી સમર્પિત થઈને આશ્રમમાં રહેતા થયા ને મૌનાર્થીઓની તેમ જ કાર્યાલયની વ્યવસ્થાની જવાબદારી પૂ. શ્રીમોટાએ તેમને સોંપી અને સપ્ટેમ્બર ૧૯૭૧માં તેમની ટ્રસ્ટી તરીકે નિમણૂક કરાવી હતી. ત્યારથી હાલ સુધી ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યા છે.

અને આ આશ્રમનું રસોડું સંભાળનાર શ્રી ઝીણાભાઈ. તેમને નીરાની એક સોસાયટીમાં કામ કરતાં કરતાં શ્રીમોટાનું એવું દિવ્ય દર્શન લાધ્યું કે તેઓ તેમના ભક્ત-સેવક બનીને રહ્યા. મૂળે તેમણે પણ શ્રીમોટા સાથે જોડાતાં પહેલાં મૌન લીધેલું. નડિયાદ આશ્રમની વહીવટી જવાબદારીમાં સહાયરૂપ બનનાર શ્રી મણિભાઈ પટેલ પણ શ્રીમોટા પ્રત્યે અનોખી રીતે આકર્ષાઈ સેવા આપી રહેલા છે. નડિયાદ આશ્રમના રસોડાનું કામકાજ શ્રી મણિભાઈનાં ધર્મપત્ની સૌ. શાંતાબહેન સંભાળે છે. (હવે સ્વર્ગસ્થ)

## ૧૦. 'મોટા'

કોઈને સહેજે પ્રશ્ન એ થશે કે ચૂનીભાઈ ભગત 'મોટા' તરીકે કેવી રીતે સંબોધન પામ્યા ? તેઓશ્રીની સને ૧૯૪૦ થી ૧૯૪૬ સુધીની દક્ષિણ ભારતની અવરજવર દરમિયાન શ્રી નંદુભાઈના ઘરે દક્ષિણના ટ્રિચી તથા કુંભકોણમ્‌માં રહેતા અને ગુરુ ઉપરાંત, ઘરના વડીલની જેમ બધાં પ્રત્યે પ્રેમ તથા માન દર્શાવતા. શ્રી નંદુભાઈના મામાના દીકરા શ્રી હસમુખભાઈ મહેતાનું સૂચન તેમને 'મોટાભાઈ' કહેવાનું હતું, પણ સાબરમતી આશ્રમે પરીક્ષિતભાઈ મજમુદારને બધા મોટાભાઈ કહેતા એટલે શ્રીમોટાએ કહ્યું કે 'મોટાભાઈ' બેઉ જણને કહેવું ઠીક નહિ એટલે તેમને 'મોટા' તરીકે સંબોધવાનું શરૂ થયું.

## ૧૧. શ્રીમોટાની નિષ્કિંચનતા

શ્રીમોટાએ પોતાના નિવાસ માટે કદીયે આગવી પસંદગી કરી નથી કે આર્થિક રીતે સ્વતંત્ર કહેવાય એવું વલણ કદી દર્શાવ્યું નથી. જ્યારે ૧૯૪૬માં શ્રી નંદુભાઈને સોળ કલાકની 'ટ્રાન્સ' આવેલી, તે વેળા તેમણે તેમની પોતાની બધી રૂ. બે લાખથી વધુ કિંમતની થતી હતી, તે મિલકત કાયદેસર રીતે શ્રીમોટાના નામે ચડાવી દેવાનો આગ્રહ રાખેલો, પણ તેમણે ઘણી કુનેહથી તે પ્રસંગને ટાળી દીધો.★ જો શ્રીમોટામાં સહેજ પણ લોભની વૃત્તિ હોત તો તે રકમ તેમને મળી ગઈ હોત. તે જ પ્રમાણે

★આ પ્રસંગનું વર્ણન પૃ. ૭૬૪ થી ૭૬૭ પર છે.

તેમના મિત્ર શ્રી હેમંતકુમાર નીલકંઠે તેમનું પોતાનું બધું તેમના નામ પર ચડાવી દેવા આગ્રહ કર્યો, પણ તેમણે તેનો પણ અસ્વીકાર કર્યો હતો.

કુંભકોણમ્‌માં તેમના માટે અલગ ઓરડો બાંધવાનું કર્યું. નડિયાદ અને સુરતમાં પણ તેમ જ હતું. સુરત આશ્રમના વ્યવસ્થાપક શ્રી ભીખુભાઈ પટેલે તેમની લગભગ બધી મિલકત આશ્રમને સમર્પિત કરી છે ને તેમનાં પત્ની શ્રીમતી વિદ્યાબહેન રૂ. ૭૦૦૦/- તેમનાં મૃત્યુ વેળાએ શ્રીમોટાને ભેટ આપતાં ગયાં હતાં. જોકે તેમણે તે રકમ લીધી તો નહિ ને એમ ને એમ પડી રહી, એટલે ભીખુભાઈએ તે રકમમાંથી શ્રીમોટા માટે એક ઓરડો બાંધવા પાકો નિશ્ચય કર્યો. શ્રીમોટાની સ્પષ્ટ ના હતી છતાંય તેમણે તેમના નિશ્ચય મુજબ કામ શરૂ કર્યું એટલે શ્રીમોટાએ તે સ્વીકારી લીધું. જોકે સાચી હકીકત એ છે કે ઓરડા નીચે ભોંયરું પણ બનાવવાનું વિચારાયેલું, એટલે એનો ઉપયોગ મૌનએકાંત ખંડ માટે થાય. ઉપરનો ઓરડો પણ જ્યારે શ્રીમોટા સુરતમાં હોય ત્યારે વાપરે એમ નક્કી થયું. જ્યારે શ્રીમોટા આશ્રમમાં હાજર ન હોય ત્યારે એ ઓરડાનો પણ મૌનએકાંત ખંડ તરીકે ઉપયોગ કરવામાં આવે છે.

## ૧૨. ઈશ્વરદત્ત મિલકત

શ્રીમોટા કાયદેસર રીતે આશ્રમોની મિલકત ઉપર કોઈહક્ક દાવો ધરાવતા નથી. તેમની સલાહ પ્રમાણે બધો વહીવટ ચાલે છે. તે ધારે એમ કરી શકે એમ છે, છતાં આશ્રમનો પૈસો કે મિલકત જે ઈશ્વરદત્ત છે, તેનો દુરુપયોગ ન થાય, પોતાને માટે પણ કોઈ ખર્ચ ન થાય, પોતાનાં સગાંવહાલાંને આશ્રમમાં જમાડી કે રાખી ન શકાય. આવી મર્યાદાઓ, અંકુશો બહુ કાળજીપૂર્વક તેઓ આચરી બતાવે છે. તેમના શરીરને, કરોડના મણકાઓ તૂટી જવાને લીધે લગભગ બધો વખત સુવાડી રાખવું પડે છે, એથી બરડો અને પાસાં કેવાં શેકાતાં હશે તેની કલ્પના કરવી રહી. એક વખત આ વિશે વાત નીકળતાં તેઓશ્રી કહે કે, ‘‘દાક્તરો કોલનવૉટર, પાઉડર વગેરે લગાડવાનું સૂચવે છે પણ એનો ખર્ચ આપણને કેમ પોષાય ?’’ તેમના શરીરના ભાઈઓ, વિધવા

ભાભી, ભત્રીજી વગેરે હયાત છે. મધ્યમ વર્ગનાય ન ગણાવાય એવી ગરીબ સ્થિતિ હોવા છતાં તેમને આશ્રમની કોઈ વસ્તુ અપાય નહિ. મફતમાં અપાય નહિ એવો કડક કાયદો તેઓશ્રી પાળી બતાવે છે.

## ૧૩. દક્ષિણા લેવાની શરતે

શ્રીમોટા, ભાષણો, વ્યાખ્યાનોના બહુ વિરોધી છે. વારંવાર તેમને કહેતા સાંભળ્યા હશે કે આ ભાષણિયો યુગ છે. જો થોડાં વર્ષો ભાષણો બંધ થઈ જાય તો ઘણું સારું. ભાષણોથી લોકો સુધરી જશે એમ હું માનતો નથી. તેઓશ્રી બહુ બહુ તો—પોતાના અર્થના હેતુસર—કોઈ વાર્તાલાપ જેવું ગોઠવે તો છૂટ આપે. પણ પોતાનાં સ્વજનોને તેવું કાંઈ યોજવાની સખત મનાઈ, કેમ કે તે પ્રચારમાં ખપી જાય એવો તેમનો મત છે. જો કોઈ તેમને આમંત્રણ આપે—સમૂહમિલન કે વાર્તાલાપ અંગે—તો તેનો તેમને વાંધો હોતો નથી ને તેય કાંઈ ખાલી હાથે પાછા આવવા માટે નહિ, પણ તેમની સમાજોપયોગી યોજનાઓને પુષ્ટ કરવા અર્થે ભેટ લેવા! જમવા બોલાવો તોપણ દક્ષિણા અર્પણ કરવી ઘટે. ‘‘ભઈલા, દુનિયામાં કશું મફતમાં મળતું નથી. તો આ માર્ગનું શિક્ષણ અને સાધુસંતોની પધારમણી કાંઈ મફતમાં મળે ?’’ શ્રીમોટા એ બધું માગે છે તે કાંઈ મંદિરો બાંધવા કે પોતાની પ્રતિષ્ઠામાં વધારો કરવા કે આશ્રમોના વિસ્તાર કરવા માટે જરાયે માગતા નથી. સમાજ પાસેથી લઈને સમાજને વિશિષ્ટ રીતે ઉપયોગી થઈ પડે તે રીતે સમાજને ચરણે તે ધરી દેતા હોય છે.

## ૧૪. વાણીમાં કંજૂસાઈ

જેમ તેમણે સાધના ગુપ્ત રીતે કરેલી તેવી રીતે આશ્રમનું સંચાલન પણ અપ્રસિદ્ધ રાખેલું. આધ્યાત્મિક સાધનાનો માર્ગ તો વાંચન કરતાં વધુ તો અભ્યાસ (પ્રૅક્ટિસ)નો, મહાવરાનો, સતત, નિયમિત ઉત્કટ

પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક તેને વળગી રહેવાનો માર્ગ છે. આ વાત ગમે તેવા મોટા માણસોને પણ તેઓ જાહેરમાં કહી શકે છે. સુરતમાં એકવાર ગીતા-જ્ઞાનયજ્ઞનો પ્રારંભ કરવા તેના યોજકો શ્રીમોટાને પ્રમુખસ્થાને બિરાજવા અતિ આગ્રહ કરીને લઈ ગયા. ત્યારે પ્રમુખસ્થાનેથી બોલતાં તેમણે કહ્યું કે, ''ગીતા એ આચારનું શાસ્ત્ર છે. એના કેવળ પારાયણથી કશું વિશેષ લાધશે નહિ. એના સૂચવ્યા મુજબ આપણે ચાલવું પડશે માટે અભ્યાસની—સાધનાની ટેવ પાડવી ઘટે.''

આનો અર્થ એ નથી કે તેઓ વાંચનના તદ્દન વિરોધી છે. તેઓ એટલું જ બતાવવા માગતા હોય છે કે કેવળ વાંચવાથી કશું વળે નહિ. તેનાથી બહુ બહુ તો બુદ્ધિના સંસ્કાર પડે પણ હૃદયના નહિ. પાકશાસ્ત્ર શીખનારે કડછો હાથમાં લઈને પ્રયોગ કરતા થઈ જવું ઘટે. એ તેમનો બોધ છે. બાકી, આચાર વિનાનાં વાંચન અને શ્રવણ આપણને ઝાઝે દૂર લઈ જઈ નહિ શકે. એમના આશ્રમમાં પુસ્તકાલય પણ નથી, આથી જ તેમના આશ્રમોમાં કોઈ વ્યાખ્યાનો, જ્ઞાનસત્રો કે પૂજાપાઠ થતા નથી. તેમણે તો કેવળ 'પ્રયોગ કરવા' એકદમ 'પ્રયોગશાળા'માં ઘૂસી જાવનો રસ્તો બતાવ્યો છે, કેમ કે તેમણે તે અનુભવેલો છે. એટલે જ તેમણે લખ્યું છે કે, ''વચનમાં તો દરિદ્રતા જ શોભે. વાણીમાં—બોલવામાં જ્ઞાનપૂર્વક કંજૂસ બનવાનું છે અને નામસ્મરણમાં જેટલી વાણી ખર્ચાય એટલું ઉત્તમ છે.''

## ● 'મૌનએકાંત' મંદિરો ●

### ૧. 'મૌનએકાંત'ના શ્રીગણેશ

આ જીવનમાં રહીને સાધના કરવી હોય તો સારું એવું એકાંત મળે ને સોઈ (સગવડ) મળી જાય એવી એક યોજના શ્રીમોટાના મગજમાં જીવતીજાગતી ચોક્કસપણે થઈ ચૂકેલી હતી, પણ એવું સાધન એમને ક્યાંયે મળતું ન હતું. તેઓ ગુજરાત હરિજન સેવક સંઘમાંથી મુક્ત થયા હતા અને સાબરમતી હરિજન આશ્રમમાં શ્રી નંદલાલભાઈને ત્યાં

રહેતા હતા. ત્યારે ત્યાં જ શ્રી નંદુભાઈના આવાસ પાસે ‘વિનોબા–મીરાં’ કુટિર તરીકે ઓળખાતી એક ઓરડી હતી. એક કંતાનના પડદાથી તેના બે ભાગ પાડતા. એક ભાગની અંદર કોઈ સાધકને બેસવાની વ્યવસ્થા હતી ને બીજા ભાગમાં મળમૂત્ર કરી શકે એવી જાતની વ્યવસ્થા તેમણે ઉપજાવી હતી. ને આ રીતે મૌનએકાંતની સાધના કરવાની રીત શરૂ થઈ હતી.

<u>શ્રીમોટા એમ પણ માનતા હતા કે કોઈને કશું મફતમાં ના આપવું,</u> એટલે જે કોઈ આ સાધના અર્થે આવતા તેનું મૂલ્ય જે કાંઈ મળતું તે હરિજન આશ્રમને ચોપડે શ્રી નંદુભાઈ જમા કરાવી દેતા. બે વાર જમવાનું, ચા-કૉફી તેમના ઘરેથી આપતા.

અને તેમની એક બીજી રીત છે કે બધું સમયસર જ થવું જોઈએ અને કુદરતની સાથે સમયનો તાલ મેળવવો, લય મેળવવો એ આપણા માટે બહુ અગત્યની વાત છે. આ કુદરતની અંદર પણ કાળનું એક લયબદ્ધપણું છે એની બહુ થોડા માણસોને જાણ છે. કાળના એ લય અને તાલની સાથે આપણે પણ લય ને તાલ મેળવવાનું જો કરીએ તો એથી કરીને આપણા જીવનમાં એક એવા પ્રકારની સરળતા, સુગમતા, વ્યવસ્થા ને સુમેળપણું પ્રકટે છે ને તેમાંથી એક લય પ્રકટે છે. ને તે લયમાં પણ કેટલા બધા પ્રકાર છે જેની આપણા જેવા સામાન્ય માણસને કંઈ ગતાગમ પડી જ નહિ શકે, પણ જે આ સાધનાના ભાવમાં ઊંડા ઊતરેલા છે એ લોકોને આ લયનું ભાન છે. એ લય ભલે જુદા જુદા તબક્કામાં જુદા પ્રકારનો રહ્યા કરે પણ એ લયમાં એકરસ થવાનું અને એની સાથે આપણા લયને મિલાવવાનું જેઓ સમજ્યા છે, તેમના માટે ચેતનમાં રસ પ્રકટાવવાનું, કેળવવાનું બહુ સુલભ બની જાય. આવી સ્પષ્ટ સમજને લીધે શ્રીમોટા જે તે સમય જાળવવાનું કરે છે. હજી પણ કરે છે ને સાધનામાં બેઠેલાં ભાઈબહેનોને આશ્રમોમાં સમયસર ચા-કૉફી, ખોરાક વગેરે બધું મળ્યા કરે, એ ત્યારથી તેમના મનમાં કોતરાઈ ગયેલી યોજનાબદ્ધ હકીકત હતી. સાબરમતી આશ્રમે જેઓ મૌન લેવાને આવતા ત્યાં પણ આવી જ રીતે સાધના કરાવતા.

## ૨. મૌનએકાંત મંદિર

‘‘મારા ગુરુમહારાજે મને કહેલું કે, ‘‘તેં દેશસેવા ઘણી કરી. હવે માનવમાં ગુણભાવ વિકસાવનારી સેવા કર.’’ તેઓ મને દંડો આપવાનું ઈચ્છતા હતા ત્યારે મેં કહ્યું કે, ‘‘હું તો સંસારમાં રહેનારો એટલે દંડો વાપરીને લોકોને સાચે માર્ગે દોરી નહિ શકું. પ્રેમથી જ તેમને તેવા રસ્તે ચડાવી શકું.’’ ગુરુમહારાજે તે માન્ય રાખ્યું ને સાધના માટેનો આ માર્ગ મને બતાવ્યો. પછી મેં તેમને કહ્યું કે, ‘‘લોકો પાસેથી લઈને તેમને હું શું આપીશ ?’’ ત્યારે તેમણે ઉત્તર આપ્યો કે, ‘‘રોટલા માટે ચિંતા ન કરીશ. તેં પ્રજાની સેવા ઘણી કરી છે, એટલે રોટલો એ તારું પેન્શન છે, એમ સમજજે અને લોકો પાસેથી લઈને તારા માથે એમનું ચડેલું દેવું રહેવા નહિ દઉં.’’ એટલે મૌનમંદિરો સ્થાપવાનો વિચાર આવ્યો.

મૌનમંદિરનો સમય મારે મન તો ‘આ જીવ’ સાથે તે તે જીવોને સંકળાઈ રહેવાની ક્રિયા છે. જો તેવું ન થયું હોત તો તમારામાંનું કોઈ પણ મારી સાથે રહી શક્યું ન હોત... પ્રત્યેક જીવના મૌનએકાંતનો કાળ મારે મન એક મોંઘો અમૂલ્ય કાળ છે.’’

ઉપર્યુક્ત શબ્દોમાં શ્રીમોટાએ મૌનએકાંત મંદિરની સ્થાપના પાછળનો હેતુ અને તેની અગત્ય વિશે સૂચવ્યું છે.

મૌનએકાંતની સાધના માટે જિજ્ઞાસુએ અગાઉથી નામ નોંધાવવું પડે છે, કેમ કે શ્રીમોટાના માર્ગદર્શન નીચે એમની આ અનેરી કાર્યશૈલીથી સાધના કરવા ઈચ્છનારાઓ ઠીક ઠીક સંખ્યામાં હોય છે. જ્યારે એ યાદીમાં જિજ્ઞાસુનો વારો આવે છે ત્યારે એ સાધક ઓછામાં ઓછા સાત દિવસ એક અંધારા★ ઓરડામાં તદ્દન એકાંતમાં ગાળવા

★શરૂઆતમાં આ ઓરડાઓમાં વીજળીનો દીવો રાખવામાં આવતો ન હતો. ટૉર્ચથી સાધકને ચલાવી લેવું પડતું, કેમ કે અંધારું એકાગ્રતાનું પોષક છે, પરંતુ હવે ઓરડામાં વીજળીના દીવા છે, જેનો ઉપયોગ બને એટલો ઓછો કરવાની સલાહ છે. બીજું અંદર બેસનારને બહારનો અવાજ થોડોઘણોય આવતો હોય છે, એથી શ્રીમોટાની ઈચ્છા આ ઓરડાને તદ્દન અવાજમુક્ત (સાઉન્ડ-પ્રૂફ) રાખવાની છે.

માટે પ્રવેશ કરે છે. નક્કી કરેલા દિવસની અવધિ પૂરી થાય નહિ, ત્યાં સુધી સાધક એ ઓરડામાંથી બિલકુલ બહાર આવતા નથી. સ્નાન, શૌચ વગેરે ક્રિયાઓ માટે એના ઓરડાનો એ એકલા જ ઉપયોગ કરી શકે એવી રીતે ખાસ વ્યવસ્થા કરી છે, એટલે એ માટે પણ એ બહાર આવતા નથી. જમવાની થાળી પણ આગળની ભીંતમાં આરપાર બાકોરું પાડી ભીંતની બંને બાજુએ બારી રાખી એવી રીતની યોજના કરી છે, કે લેનાર ને આપનાર એકબીજાને જોઈ શકે નહિ.

આવી સાધનામાં માનવીને પોતાનું મૂલ્યાંકન સાચી રીતે કરતાં આવડે છે. તેના અર્ધ જાગ્રત અને અજાગ્રત માનસમાં ઊંડા પડી રહેલા સામસામી દિશાના પ્રવાહોની અને તેની પ્રકૃતિ તથા સ્વભાવની જીવનમાં પહેલી વાર કંઈક સ્પષ્ટ ઝાંખી તેને થાય છે. અત્યાર સુધી સૂઈને પડી રહેલાં એનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્‌ના અંતરનાં કરણોમાં ભારે ઊથલપાથલ મચાવે છે. જેમ યમુનાના ધરામાં સૂઈ રહેલા કાલીનાગને શ્રીબાલકૃષ્ણે જગાડ્યો હતો તેમ. પણ આમાં નોંધપાત્ર ને ખાસ ધ્યાન ખેંચે એવી હકીકત એ છે કે આવી અંતરમાં થતી ભારે ગડમથલ દરમિયાન પણ એનો મોટેથી જપ ચાલુ રહે છે. તેમાં તો નથી ભંગ પડતો પેલા અંતરમાંના ઘમસાણના રોકાણથી કે નથી પડતો સતત મોટેથી ૧૫-૧૬ કલાક રોજ દિવસોના દિવસો સુધી બોલવા કરવામાં થતા શારીરિક શ્રમથી. એનાં ઘાંટો, છાતી, માથું—ટૂંકમાં મોટેથી ઉચ્ચારણ થવામાં જે જે અંગોને ઘસારો થાય તે બધાંમાંથી કોઈને પણ એવો શ્રમ નથી પડતો કે મોટેથી થતો જપ અટકી પડે, એ તો આપમેળે ચાલુ રહે છે.

આવો લાંબા કાળનો ને આટલો એકાગ્રપણે થયેલો જપયજ્ઞ સાધકના સત્ત્વ-જીવકોષ—'આધાર' ઉપર એવા ઊંડા સંસ્કાર પાડે છે કે જાણે શિલાલેખ. એટલે તે લાંબા કાળને પરિણામે ભુસાતા નથી. તેથી જ્યારે એનો કાળ પાકે છે, ત્યારે તે સંસ્કારો ઉદયવર્તમાન થઈ સાધકને સહાયરૂપ થઈ એને અનિવાર્યપણે આધ્યાત્મિક પંથે આગળ લઈ જાય છે, તેમ જ તેની ગતિમાં ઘણો વેગ આપે છે. આમ, પ્રભુમય

જીવન જન્માવવાને તથા વિકસાવવાને માટેની આ સાધનાશૈલી, પદ્ધતિની દૃષ્ટિએ તેમ જ પરિણામની સફળતા તથા તત્કાળતાની દૃષ્ટિએ મૌલિક ને અનેરી છે.

અદ્ભુત આધ્યાત્મિક અનુભવો જેવાં કે દિવ્યદર્શનો ('વિઝન્સ'), દિવ્ય ધ્વનિનું શ્રવણ, પ્રકાશનાં દર્શન, ભવિષ્યમાં બનનારા પ્રસંગોની આગાહીનાં ચિત્રો, આશ્રમના અધિષ્ઠાતા શ્રીમોટા શરીરે હાજર ન હોવા છતાં તેમની સૂક્ષ્મ પ્રત્યક્ષ હાજરીના અનુભવો વગેરે જુદી જુદી જાતના અનુભવ આ મૌનએકાંત જપયજ્ઞમાં બેસનારમાંથી કેટલાક જીવોને થાય છે. આવા અનુભવો ઉપરાંત પણ ગમે તેવા આધિદૈવિક, આધ્યાત્મિક અનુભવો થાય તેનું સંસ્કાર પડવાની દૃષ્ટિએ મૂલ્યાંકન ખરું પણ સૌથી ઉત્તમમાં ઉત્તમ તો એ જ કે એથી કરીને આપણા રાગ, દ્વેષ, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર તથા અહંકાર આદિ મોળા પડે તે જીવન-વિકાસનું ઉત્તમ માપ અને શ્રેયાર્થીએ એને જ વિશેષ મહત્ત્વ આપ્યા કરવું એમ શ્રીમોટા સ્પષ્ટ રીતે જણાવે છે.

કેટલાકને વળી તેમના ભૂતકાળના પ્રસંગો, વિચારો, લાગણીના આઘાતો મૂર્ત સ્વરૂપ લઈને સિનેમાની રીલ આપણે જોતાં હોઈએ તેમ એમની આગળ પ્રત્યક્ષ થાય છે. આ દૃશ્યો પણ એટલાં બધાં તાદૃશ્યપણે સ્પષ્ટ ને જીવંત દેખાય છે કે મૌન લેનાર જીવ એ બધું જોઈને સ્તબ્ધ થઈ જાય છે. એનામાં પશ્ચાત્તાપનું પુનિત ઝરણું પ્રકટે છે અને ફરીથી એવું વર્તન ન કરવાની તથા જીવનનાવના વહેણની દિશા જ બદલી નાખવાની પ્રેરણા એકાંત અને મૌનમાં થયેલાં દિવ્યદર્શન દ્વારા સાધક મેળવે છે.

**મૌનમંદિરોની હયાતી જીવનવિકાસના હેતુ કાજે જ એટલે કે શ્રીભગવાનના અનુભવ તથા ભગવાનમય જીવન કાજે જ છે. જે જીવને જીવન વિશે મનન, ચિંતન ને નિદિધ્યાસન કરવાનું અને તે જીવનમાં પ્રત્યક્ષ આકાર લે તેવા મંથનમાં રહેવાનું દિલ હોય, પોતાના જીવન વિશે ઊંડું પૃથક્કરણ કરીને પોતાને ખોજવાની જેને તમન્ના હોય તેને માટે આ સ્થળ છે. ખાલી ખાલી પડી રહેવા કાજે આ સ્થળ નથી. મકાન હવડ રહેશે**

**તેનો કશો જ વાંધો નથી, પણ જીવો જો હવડ પડી રહે તો શ્રીમોટાને ઘણો ઘણો વાંધો છે.**

સર્વ ધર્મ અને સર્વ જાતિનાં નરનારી અત્રે પ્રભુભજન માટે મૌનમંદિરમાં રહી શકે છે અને પોતાનું ઈષ્ટ સાધન કરી શકે છે.

મૌનમંદિરમાંની સાધનાને અંતે મરજિયાત નિવેદન લખી દેવાની વૃત્તિ થાય છે. ત્યાં સાધકે એટલો સમય કેવી રીતે પસાર કર્યો, કેવા અનુભવો થયા, કેવું લાગ્યું વગેરે પ્રામાણિકતાથી લખવા કહેવામાં આવે છે, જે વાંચીને બીજાંને માર્ગદર્શન અને પ્રેરણા મળે.

## ૩. લાક્ષણિક અનુભવ*

હરિઃૐ આશ્રમો—મૌનમંદિરોની સ્થાપનાનો વિચાર અમલમાં મૂક્યો તે પહેલાંની આ ઘટના છે. સને ૧૯૪૬માં એક સાધકે ૨૧ દિવસનું મૌન લીધું. મૌન અનુષ્ઠાનમાં ૧૪ દિવસ પછી તે ભાઈને હરસની પીડા ઊપડી. એમણે એનિમા લેવાની સંમતિ માગી પણ પૂજ્ય શ્રીમોટાએ એમ કરવાની સંમતિ ન આપી, અને ન ગોઠે તો મૌન-એકાંતમાંથી નીકળી જવાનો વિકલ્પ બતાવ્યો. તે ભાઈને આ વાત ન રુચિ. એમણે તે જ દિવસે ખોરાક ન લેવાનો સંકલ્પ કર્યો, જેથી હરસની પીડા વ્યગ્ર ન કરી મૂકે. આથી, મૌનએકાંતનું છેલ્લું સપ્તાહ કેવળ પાણી લઈને જ ઉપવાસમાં પસાર થયું.

મૌનપૂર્ણાહુતિની સાંજે તે ભાઈ બહાર નીકળ્યા અને રાતના અગિયાર વાગ્યા સુધી બહાર ખુલ્લામાં સૂઈ રહ્યા. રાતના ૧૨ વાગ્યે સાત દિવસના ઉપવાસ પછી શાક અને મગનું જાડું પાણી લીધું. બીજે દિવસે દુન્યવી કામકાજમાં તેઓ પરોવાયા. પછી શ્રીમોટા સાથે થોડીક વાત કરવા બેઠા. ત્યારે પવનનો સુસવાટો થતો હતો એમ લાગ્યા કરતું હતું. આ બાબત તેમણે શ્રીમોટાને જણાવી. એ ભાઈને ગળાની તકલીફ પહેલેથી ખરી, તે બહુ લાંબો સમય બોલી શકે નહિ. એમને માટે ‘‘બે માઈલ ચાલ્યા જેટલો થાક લાગે, એથી વધુ થાક એક કલાક બોલતાં’’ લાગે.

* આ અનુભવ શ્રી નંદુભાઈનો છે.

હવે, આગલા સાત દિવસના ઉપવાસ, આગલી રાતની માત્ર બે જ કલાકની ઊંઘ, આમ હોવા છતાં આ દિવસની રાતે એમનામાં કો'ક દિવ્યશક્તિનો સંચાર થયો હોય, એમણે રાતના દસ વાગ્યે હિંદીમાં અને અંગ્રેજીમાં બોલવાનું શરૂ કર્યું. એમનું આ બોલવાનું ઘણા જ ઊંચા છતાં પણ મધુર અવાજે થતું હતું. એમણે પોતાના સ્વભાવનું, વલણનું, વૃત્તિઓનું પૃથક્કરણ વેગથી હિંદી બોલીમાં કર્યે જ રાખ્યું. હિંદીમાં બોલવાનો એમને લેશ પણ અભ્યાસ ન હોવા છતાં આમ બન્યું એ ભારે આશ્ચર્ય હતું. પોતાને એમ થયું કે આટઆટલી સાધના કરવા છતાં ગુરુની ચાકરી અને પ્રેમ પામવા છતાં, કશું પણ સમર્પણ થયું નથી અને થઈ શકતું નથી. આથી, પોતાનું સર્વ સમર્પણ કરવું જોઈએ.

એમનાં પત્ની અને બીજાં સ્નેહીઓને આ ભાઈની આ રીતની વાત સાંભળીને અને એમની વાણીમાં અને અવાજમાં થયેલા પરિવર્તનને જોઈને ભારે આશ્ચર્ય થયું. આ ભાઈને માનસિક અસ્થિરતા તો નહિ પ્રકટે એવી દહેશત પણ થઈ. એથી ચિંતિત પણ થયાં. પોતે જે કંઈ સતત બોલ્યે જતા હતા છતાં પોતે લેશ પણ બેભાન નથી એવી ખાતરી કરાવવા ઘર તથા દુકાનની ઝીણી ઝીણી વિગતો જણાવી. પોતાના સ્વભાવ અને પોતાનાં પત્નીના સ્વભાવનું પૃથક્કરણ કરતી આ હિંદી-અંગ્રેજી વાણીનો પ્રવાહ છેક સવાર સુધી ચાલુ જ રહેલ. રાતભર આમ બોલાયે જતું હતું. ત્યારે પડોશીઓને એથી ખલેલ પહોંચશે એમ જણાવેલું છતાં અત્યંત જુસ્સાથી પણ ભાવપૂર્વક આ રીતનો વાણીપ્રવાહ ચાલુ જ રહ્યો. વચ્ચે પાણી પીવાની પણ જરૂર જણાઈ ન હતી.

આ ભાઈ જ્યારે મૌનખંડમાં હતા, ત્યારે બહારની બાજુ એક નાજુક છતાં વિલક્ષણ ઘટના બની ગઈ હતી. પડોશમાં રહેતી એક વ્યક્તિને ત્યાં રહેતો જેકી નામનો એક કૂતરો હડકાયો થયો છે એવો વહેમ આવેલો. આ કૂતરો શ્રીમોટા પાસે આવતો. ઘણીવાર એને ધમકાવીને કાઢી મૂકવામાં આવે તોપણ જમીન ચાટતો એ આવે. એ કૂતરાને પેલા સજ્જને બંદૂકથી ઠાર માર્યો. શ્રીમોટાએ કૂતરાનો અગ્નિસંસ્કાર કર્યો અને એનાં અસ્થિ

નદીમાં પધરાવ્યાં. આ હકીકત તે ભાઈએ જાણેલી.

આ જેકીની વફાદારી આગળ પોતાની જાતને એ તૃણવત્ ગણાવવા લાગ્યા. એના સમર્પણથી અને અંતિમકાળે થયેલા એના ઉદ્ધારથી પોતાની ગુરુભક્તિમાં રહેલી પોતાની ઊણપ એમને કણાની જેમ સાલવા લાગી. એમણે જે જે જુસ્સામાં બોલવાનું ચાલુ રાખેલું, એમાં એમણે પોતાનો નિર્ણય જાહેર કર્યો કે પોતાની તમામ મિલકત શ્રીમોટાને અર્પણ કરી દેવી. એ અંગે જે ચારપાંચ હજારનો સ્ટૅમ્પનો ખર્ચ થાય તેનો વિચાર પણ ન કરવો. આ કામ પાર પાડવા રજિસ્ટ્રારને, વકીલને અને ડૉક્ટરને બોલાવવા એમણે પોતાનાં સગાંઓને કહ્યું. શ્રીમોટા આ વખતે હાજર હતા એટલે એમણે કહ્યું, ‘‘હમણાં રહેવા દો.’’ પણ તે ભાઈએ સ્પષ્ટ કહ્યું કે, ‘‘આ પળ જ સમર્પણની પળ છે, નહિતર આવતી કાલે કે હવે પછીની પળે આ રીતે સમર્પણ કરવા તૈયાર ન પણ થાય.’’ અને જ્યાં સુધી પોતાનો આ સમર્પણ સંકલ્પ પાર ન પડે, ત્યાં સુધી પાણી પણ ન પીવાનો સંકલ્પ એમણે જાહેર કર્યો.

આ કહેવા સાથે પૃથક્કરણ કર્યા કરતી વાણી તો વહેતી જ રહી. પોતે જે કાંઈ બોલે છે એ પોતે સાંભળે છે, સમજે છે અને પૂરી સભાનતાથી બોલે છે એમ એ જ પળે તટસ્થપણે અનુભવાયા કરાતું હતું. મનના બંને સ્તરો જુદા પડ્યા હોય એમ લાગતું હતું.

વકીલ, ડૉક્ટર અને રજિસ્ટ્રારની રાહ જોવાતી હતી. બપોરના બે વાગ્યા પણ પૂજ્ય શ્રીમોટાએ અગાઉથી બોલાવા જનાર વ્યક્તિને સમજાવેલું એટલે તેણે આવીને કહ્યું કે, ‘‘આજે રવિવાર હોવાથી રજિસ્ટ્રાર બહારગામ ગયા છે, એટલે હવે કાલે જ કોર્ટમાં રજિસ્ટ્રેશન થઈ શકશે. આજે શક્ય નથી.’’

તે ભાઈ જે સંપત્તિ અર્પણ કરી દેવાના હતા એની કિંમત એ કાળમાં પણ ઘણી જ હતી. પૂજ્ય શ્રીમોટા એ ભાઈના સમર્પણભાવને પામ્યા હતા એમ છતાં વ્યવહારની દેખીતી સપાટી પરનો એમનો સૂક્ષ્મ વિવેક ઘણી ઘણી બાબતો સૂચવી જાય છે.

આ ઘટના કેટલાંક તત્ત્વોને પ્રકાશિત કરે છે :

(૧) સાધકની આચારશુદ્ધિ જેટલા પ્રમાણમાં થતી હોય છે, એટલા પ્રમાણમાં દિવ્ય અનુભવોની શક્યતા વધતી જતી હોય છે. સાધક પોતે એવી પળોએ પ્રભુનું 'યંત્ર' હોય એમ વર્તતો હોય છે.

(૨) આમ હોવાથી મુક્તાત્માની વર્તન રીત કળી શકાય તેવી હોય નહિ, કેમ કે મુક્તાત્મા સંસારી ધોરણે વર્તતા નથી, કેમ કે એમના આધારોમાં એ દિવ્યતત્ત્વ હંમેશ સક્રિય જ હોય છે.

પૂજ્ય શ્રીમોટાની ચેતનાશક્તિનું ગૂઢ દિવ્યકાર્ય તેમ જ એ સાથે સાથે એમનું વિલક્ષણ તાટસ્થ્ય આ ઘટનામાં દર્શનીય બન્યાં છે.

વળી, શ્રીમોટાએ ધાર્યું હોત તો તે આખી મિલકત પોતાના નામ પર ચઢાવી લઈ શક્યા હોત, પણ તેઓએ Sex, Power and Wealth— એ પ્રાકૃત જીવનના મુખ્ય પ્રશ્નોને હલ કર્યા હોઈ ધનની માલિકીનો મોહ ન હતો. તેમણે તો તે ભાઈને તે વેળા એમ પણ સમજાવ્યું કે, ''આ રીતે તમારું સઘળું ધન આપી દેવાથી પણ તમારી ધનની આસક્તિ જવાની નથી. અત્યારે આ ક્ષણે ભલે વિરક્તિ જાગી છે, પણ મૂળમાંથી તો 'परं दृष्टवा'—જ તે જાય. એટલે એમ સ્થૂળનું માત્ર સમર્પણ કર્યેથી આધારનું સમર્પણ થઈ શકતું નથી, એ તો ચિત્તની શુદ્ધિ થયા બાદ અને અહમ્ ઓગળ્યા પછી જ શક્ય બને. એટલે સ્થૂળનો ઉપયોગ જ્ઞાનપૂર્વક સમજી સમજીને એને પામવાના હેતુ અર્થે કરો. એક આંચકે શિર કાપી દેવાને સ્થાને કટકે કટકે ધીમે ધીમે પોતાની જાતને કરવત તળે વહેરાવા દો ને તે કામ કપરું છે, છતાં તે જ કરવા જેવું છે.''

## ૪. પાથેય પૂરું પાડતાં મંદિરો

શ્રી વિષ્ણુકુમાર દવેએ સાધકોનાં નિવેદનોને આધારે લખેલા એક લેખમાં લખ્યું છે :

આ 'મૌનમંદિરો'માં સને ૧૯૭૦ સુધીમાં ૪૫૦૦ જેટલી વ્યક્તિઓએ મૌનઉપાસના કરી છે. મૌનઉપાસનાનો સમય ઉપાસકની

શક્તિ ઉપર આધારિત હોય છે. કુંભકોણમ્ અને સુરત આશ્રમોમાં મળીને એક ૨૩ વર્ષના કેનેડિયન ભાઈ શ્રી રોબિને સવા વર્ષની મૌનઉપાસના કરી છે. ઉપાસકો ઘણું મોટું જીવનપાથેય લઈને બહાર નીકળતા હોય છે.

'મૌનમંદિર એટલે ઍટમ યુગની પ્રયોગશાળા' એવું આધુનિક યુગને અનુરૂપ પણ એક ઉપાસકે વર્ણન કર્યું છે.

મનાદિકરણની દરેક પ્રવૃત્તિ મોળી પડે અને સ્વભાવ-પ્રકૃતિમાં ફેરફાર થયા જાય, તે માટે આ મૌનએકાંત મંદિર નામસ્મરણ માટે ઉત્તમ સ્થાન ગણાય. એમાં મારા આંતરિક રોગોનું નિદાન થયું અને પ્રેમપૂર્વક સારવાર કરવામાં આવી.

એક સાહિત્ય ઉપાસક આ મૌનમંદિરની અસર વર્ણવતાં લખે છે કે ''કાલિદાસના શબ્દોમાં કહું તો शान्तमिदमाश्रमपदम् એવી મન ઉપર અસર થઈ.''

''વળી, મનનો ગંદવાડ હરિસ્મરણથી બહાર ફેંકાય છે.'' એવો એકરાર કરી હરિ સાથે એકતાર ભૂમિકા બાંધી આપે છે.

અને ''મૌન અને નામસ્મરણના અભ્યાસથી મન સામે સંગ્રામ કરવાની તાકાત વધશે'' એમ બીજા ઉપાસક કહે છે.

અહીં પૂજ્ય શ્રીમોટા (સૂક્ષ્મ રીતે) હાજર હોવાને કારણે ઓરડામાં—કોટડીમાં પુરાવાની સજા થતી નથી પણ ખૂબ આનંદ થાય છે. આથી જ એક ઉપાસક બહેન બોલી ઊઠે છે કે, ''શ્રીમોટા! મારી મા! એમ હું હૃદયથી વાંચ્છતી, કારણ કે આવો પ્રેમ મા અને પ્રભુ સિવાય કોઈ આપી શકે નહિ.''

પૂ. શ્રીમોટાએ માનવીના આધ્યાત્મિક વિકાસ માટે આયોજેલાં મૌનમંદિરો 'મૌન અને એકાંત દ્વારા સાધના કરવાની તક ઝંખતા સાધકોને સત્ય તીર્થસ્થાન છે.'

આથી જ એક ઉપાસક જણાવે છે કે, ''આધ્યાત્મિક પંથના વટેમાર્ગુને થોડું ભાથું મળી ગયું છે. તે ખૂટતાં વધુ પાથેય માટે અહીં આવી દ્વાર ખખડાવશે.''

## ૫. નામસ્મરણનો પ્રયોગાત્મક પુરાવો

### (કેનેડિયન યુવાન રોબિનનો પૂજ્ય શ્રીમોટા પરનો પત્ર)

**» મિ. રોબિનનો અલ્પ પરિચય :**

આ પત્ર લખનાર ભાઈનું નામ મિ. રોબિન છે. તેઓ આમ તો મૂળ કેનેડાના, પરંતુ અમેરિકામાં રહેતા. અત્યારે (૧૯૭૦માં) એમના શરીરની ઉંમર માંડ પચીસની હશે. યુવાનીમાં અમેરિકાના યુવાનોમાં પ્રસરેલી ટેવોમાં ફસાઈ ગયેલા હતા. (એલ. એસ. ડી., ગાંજો, ભાંગ, ચરસ વગેરે 'નારકોટિક ડ્રગ્સ'માં ફસાયેલા હતા.) તેવામાં અમેરિકામાં કોઈ પાસેથી આપણે ત્યાં બોલાતી ધૂન એમણે સાંભળી ને તેવી ધૂન તે બોલવા લાગ્યા. અમેરિકાના જે બધા યોગના આશ્રમો હતા ત્યાં તે ફર્યા, પરંતુ તેમને ત્યાં પૂરો સંતોષ ન મળ્યો, એટલે યોગભક્તિના મૂળ ધામ ભારત આવવા નીકળ્યા. પાસે પૈસા ન મળે એટલે જ્યાં ત્યાં મહેનત મજૂરી કરતાં કરતાં છેવટે ભારત આવ્યા ને ભારતમાં પંજાબના ફિરોઝપુર શહેરમાં તે આવ્યા. ત્યાં એક મૌનીબાબા (શ્રી રાજ કે. મૌની)ને તેઓ મળ્યા. ત્યાં ફિરોઝપુરમાં એક ભાઈ સુરત–નડિયાદ આશ્રમના જેવું હરિઃૐ મૌનમંદિર ચલાવે છે, તે જગ્યા તેમણે બતાવી. ત્યાંથી તે ખોળતાં ખોળતાં સુરત આવી પહોંચ્યા. સને ૧૯૬૮માં ૯૮ દિવસ હરિઃૐ આશ્રમ, સુરતમાં એકધારા મૌનએકાંતમાં બેઠા. એમને તો જ્ઞાન થાય ત્યાં સુધી ઘણા લાંબા ગાળા સુધી મૌનએકાંતમાં બેસવું હતું, તેથી દક્ષિણ ભારતમાં કુંભકોણમ્ હરિઃૐ આશ્રમમાં તેઓને મોકલ્યા. ત્યાં એકધારા તે ૩૮૮ દિવસ (અંદાજે ૧૩ મહિના) મૌનએકાંતમાં રહ્યા.

તેમણે આપણાં શાસ્ત્ર કે એવું બીજું કશું જ વાંચ્યું નથી. માત્ર 'હરિઃૐ'ના જપ જ કર્યા હતા. તેમાંથી આ ભાઈને અંતરની—હૈયાની સમજણ અંતરમાં અંતરથી જ ખૂલી ગયેલી લાગે છે. માત્ર નામ-સ્મરણના પ્રયોગથી અંદરનું પણ નવું સ્વરૂપ કેવું પ્રકટે છે, તેનો આ ભાઈ રોબિન તે પ્રયોગાત્મક પુરાવો છે.

હરિઃૐ

રોબિન આર્મસ્ટ્રોંગ
૧૬૦, હ્યુરોન સ્ટ્રીટ, APP-38
ટોરેન્ટો, ઓન્ટેરીઓ (કેનેડા)

વહાલા **મોટા,**

આપને હું ખૂબ વહાલ કરું છું. મને કશી જ વાતની બીક નથી, કેમ કે બધું જ પ્રભુની ઈચ્છા મુજબ બરાબર જ બની રહ્યું છે.

કુદરતમાં કંઈ પણ નિત્ય રહેતું નથી. જે પૂર્ણ છે તે શૂન્ય છે, જે શૂન્ય હોય છે તે પૂર્ણ બને છે.

જ્યાં અંધારઘેરી રાત્રી જેવો અંધકાર હોય છે ત્યાં દિવસ જેવો પ્રકાશ ઝળહળવાનો છે. જે રિક્ત (શૂન્ય) છે એ પૂર્ણ બને છે. જે ભરેલું પડ્યું છે તે ખાલી થાય છે.

શેષ માત્ર 'ૐ' જ રહે છે.

**મોટા,** હરિઃૐ આશ્રમોને આપના માર્ગદર્શનની જરૂર હતી, માટે જ આપનું જીવન સર્વભાવે પ્રભુમય બન્યું.

પ્રભુને ચરણે જીવન સમર્પણ કરવું એ જ માત્ર ઉદ્દેશ છે. હું મારું જીવન પ્રભુને સમર્પું છું.

અહીં ઉત્તર અમેરિકામાં ઘણા લોકોએ, આધુનિક જગતે સર્જેલાં યંત્રો અને કારખાનાંઓમાં આત્મચૈતન્યને ગુમાવ્યું છે. ઘણા લોકો ગંદા હવામાનવાળાં શહેરોના અંધકારમાં જીવન વિતાવે છે. ઘણા લોકો તો ઈન્દ્રિયોના વિષયોને માણતા વિલાસી જીવનના આત્યંતિક અસંયમમાં ડૂબી ગયા છે. ઘણા લોકો ભૌતિક સમૃદ્ધિમાં ગળાડૂબ રહ્યા કરે છે. ન્યૂયોર્ક જેવા શહેરમાં વસતા લોકોએ તો ગામડાં પણ જોયાં નથી. હજીય ઘણા લોકો એમ વિચારે છે કે દૂધ ફેક્ટરીમાં જ તૈયાર થાય છે અને બાટલીમાંથી જ નીકળે છે. પ્રાકૃતિક સૌંદર્યવાળા ઘણા વિસ્તારો હોવા છતાં એક ચોરસ માઈલ જેટલો પ્રાકૃતિક સૌંદર્યનો પ્રદેશ કેટલાય લોકોએ જોયો નથી.

પૂર્વના લોકો તેમ જ દુનિયાભરના લોકો પશ્ચિમના શિક્ષિત, સુઘડ અને પ્રગતિશીલ લોકોને પ્રશંસે છે, પણ તેઓ તો આકરી કટોકટીથી ભયભીત બનેલા છે.

ગરીબી, શહેરોમાંની ગીચ વસ્તી, બેકારી, ભૂખમરો—હા, યંત્રો ઘણું કામ કરે છે. લોકોને જાતે કરવા જેવું કામ જૂજ હોય છે, તેથી યુનાઈટેડ સ્ટેટ્સમાં તેઓને યુદ્ધમાં મોકલવા પડે છે.

કેટલાક લોકો ઈશ્વરમાં માને છે, કેટલાક નથી પણ માનતા. જ્યારે ઘણા લોકોને ઈશ્વર બાબતમાં વિચાર કરવાનો સમય સુધ્ધાં હોતો નથી.

મોટા ભાગના લોકો આ અમેરિકન સ્વપ્ન(!) અથવા તો વાસ્તવિકતાના તીવ્ર અણગમામાં રાચે છે! વ્યક્તિ નિરપેક્ષ યંત્રો મનુષ્યની લાગણીને અને વિચારશક્તિને ભરડો લઈ રહ્યા છે.

'માનવજીવનનો ઉદ્દેશ શો ?' એ પ્રશ્ન તો ભ્રમણા અને ભયનું ભંડારિયું બની જાય છે. બહુ જ થોડા લોકો પોતાના જીવનનો કોઈ સ્પષ્ટ ઉદ્દેશ હોય તો એ જાણે છે.

થોડાક લોકો પ્રભુથી પ્રેરાય છે. પછી એ ઈશ્વરને કોઈપણ નામ હોઈ શકે. મારે માટે 'ૐ' એ ઈશ્વર છે.

જીવનદેવનાં આ સંતાનોએ, અમેરિકાના આ લોકોએ મને બોલાવ્યો છે. આ લોકોના આર્દ્રતાભર્યા આર્તનાદે મને મારી મૌન-સાધનામાંથી બહાર આવવા માટે પ્રેર્યો છે.

મેં તેમના આ ચિત્કારોને, એમના આર્તનાદોને કાવેરી નદીનાં નીરમાં સાંભળ્યા છે. એ અવાજો મને વાયુના સુસવાટાની જેમ સંભળાયેલા.

આપની ભારતભૂમિ દેવોની ને સંતોની ભોમકા છે. ત્યાં મેં દિવ્યશક્તિનો અનુભવ કર્યો. મારા દેશબાંધવોનું જે દારિદ્રય મારા હૃદયમાં રુદન પ્રેરતું હતું તેવું દારિદ્રય મેં ભારતમાં ક્યાંય નિહાળ્યું નથી. મતલબ કે અમેરિકાના લોકો આધ્યાત્મિક અભીપ્સાના અભાવથી જેટલા ત્રસ્ત અને દુઃખી છે એવા ભારતના નિવાસીઓ નથી.

આધુનિક જગતમાં આ અમેરિકન સંતાનો એમના પૂર્વજોએ સર્જેલ ભુલભુલામણીમાં અટવાઈ ગયા છે. કેટલાક તો હિપ્પીઓ જેવા બળવાખોર બની ગયા છે અને કેટલાક તો વળી (જીવનનો ઉદ્દેશ અને ભગવાનની શોધમાં) એલ. એસ. ડી. વગેરે જેવા કેફી ઔષધના

સેવનથી ભાગેડુ બની ગયા છે. ઘણુંખરું તો આમાંના મોટાભાગના લોકો ભૌતિકતા અને ઇન્દ્રિય સુખની લાલસાથી નષ્ટ થઈ ગયા છે. વિનાશના માર્ગે લઈ જતા નશાના આ કમનસીબ માર્ગેથી કો'ક જ ઊગરી શક્યા છે. પ્રભુની કૃપાથી એના જ હેતુને પાર પાડવા માટે જેને પ્રેરણા જાગી છે, એવાં જ થોડાક ભાગ્યશાળીઓ આ ઝંઝાવાતમાંથી ઊગરી જાય છે.

બધાં જ પ્રભુનાં સંતાનો છે. આ સૌથી વધુ ગંદા હિપ્પીઓ સુધ્ધાં. જે અનિષ્ટોની વચ્ચેની જે પ્રકારની સમર્પણયુક્ત કરુણા અને પ્રેમનો સંસ્પર્શ ભારતમાં મેં અનુભવ્યાં છે, એ જ વિશિષ્ટ પ્રકારનાં પ્રેમ અને કરુણા દરેકનાં અંતરમાં ઊંડે ઊંડે પહોંચશે અને આ જગતને સર્વનાશમાંથી ઉગારશે.

લોકો પોતે જે માને તે પ્રભુના સ્વરૂપમાં—પછી તે 'ૐ' હોય કે પછી પ્રભુનું બીજું કોઈપણ સ્વરૂપ હોય—પણ પોતાની જાતને શોધે, એ માટે હું ઘણો જ પરિશ્રમ કરું છું. અલબત્ત, ઈશ્વર સર્વત્ર એક જ છે. એથી કોઈ ગમે તે એક ઈશ્વરને માને એમાં કશો ફેર પડતો નથી, કેમ કે એ બધું જ એક છે.

અંધકારગ્રસ્ત ભૂમિમાં પ્રભુ ખાતર પ્રેમ એ જ માત્ર પ્રકાશ છે.

**મોટા,** તમારા ભક્તો 'હરિઃૐ'નો જપ કરવા માટે મૌનમંદિરોનો ઉપયોગ કરવાનું બંધ કરી દે એવી દહેશત—ચિંતા મને રહ્યા કરે છે. તેઓને કદાચ એમ લાગે કે આ રોબિન આટલો બધો લાંબો સમય મૌન-એકાંતમાં રહ્યો એટલે આવો અસ્થિર, ચંચળ, ગાંડા જેવો બની ગયો છે! આવું થાય તો પછી મૌનએકાંતમાં જવાનું સાહસ કોણ કરશે ?

જીવનને સમજવા માટે અને પ્રભુના અંશ બનવા માટે જે સૌથી વધુ પવિત્ર અને ઝડપી માર્ગો છે, એમાંનો એક માર્ગ આ પ્રકારનું મૌન–એકાંત છે. આ મારી સ્પષ્ટ માન્યતા છે. મૌનમંદિર આ જગત પરની એક પવિત્ર શાળા છે. ત્યાં ગુરુના કોઈપણ પ્રકારના આગ્રહ-પૂર્વગ્રહોથી મુક્ત તેમ જ કોઈપણ પ્રકારની કાલ્પનિક માન્યતાઓથી મુક્ત શિક્ષણ પ્રાપ્ત થાય છે.

સત્ય, શાંતિ અને પ્રભુ માટેના સાચા પ્રેમની તીવ્ર અભીપ્સા—

લગનીની મૌનમંદિરમાં અપૂર્વ તક પ્રાપ્ત થાય છે. આટલા માટે જ હરિઃૐ આશ્રમો ચાલુ રાખવા જોઈએ. મૌનએકાંતની સાધનામાંથી બહાર નીકળ્યા પછી જીવન માટે, જીવનના હેતુ સુધ્ધાંનું—આશાનું પ્રકાશકિરણ લાધે છે. જ્યાં સુધી અંતરતર સક્રિયપણે અંતરમાં વ્યક્ત ન થાય, ત્યાં સુધી પ્રત્યેક જીવના અંતરમાં સાધનાપથનું માર્ગદર્શન આપમેળે જ સ્ફુટ થતું રહે છે.

હરિઃૐ આશ્રમો ચાલુ રહેવા જોઈએ. જેમને જીવનમાં પુરુષાર્થ કરી અધ્યાત્મમાર્ગે મથવાની હિંમત અને શ્રદ્ધા છે, એમને સૌને માટે આ મૌનએકાંત મંદિરો ભવિષ્યમાં ખુલ્લાં રહે એવી હું આશા રાખું છું. આથી, કેટલાક પોતાના અંતરમાં વસેલા પ્રભુની વાસ્તવિકતાની ખોજ કરવાનું 'સિંહહૃદય' ધરાવતા શૂદ્રોને માટે પણ શક્યતા રહે.★ એથી તેઓ જીવનમાં એક અનોખી આશાનો તેજ-સ્ફુલિંગ, દિવ્ય હેતુપૂર્ણ ભક્તિભર્યું જીવન અને પ્રભુનો પ્રેમપ્રકાશ જગતને ચરણે ધરવા શક્તિમાન બની શકે.

પ્રેમભર્યું મારું આ નિવેદન હું પ્રભુના પ્રેમના બળે જ આપની સમક્ષ કરું છું.

સપ્રેમ પ્રણામ,<br>
નારાયણ<br>
(રોબિન)

**» શ્રી હેમંતકુમાર નીલકંઠે ૧૯૪૭માં કરેલી નોંધ :-**

'પૂજ્ય શ્રીમોટાએ સતત જાપ કરવાનું આ વખતે પહેલી વાર કહ્યું હતું, પણ ત્રીજે દિવસે લાગ્યું કે હદ થઈ ગઈ. **મોટા**ને કહી દઉં કે સતત

---

★મિ. રોબિનને માહિતી નથી કે આ મૌનમંદિરો તમામ જ્ઞાતિ અને જાતિ તથા સ્ત્રીઓ અને પુરુષો માટે જીવનની સાધના કાજે ખુલ્લાં જ છે. એટલું જ નહિ પણ મુસલમાનો, ખ્રિસ્તીઓ, હરિજનો, પારસીઓ અને બીજા કેટલાય ધર્મપંથના જિજ્ઞાસુઓએ આ મૌન-એકાંત મંદિરોનો લાભ લીધેલો છે.

વ્યવસ્થાપક ટ્રસ્ટી, હરિઃૐ આશ્રમ.

જાપ ૨૮ દિવસ સુધી તો શું કાલ સુધી જ નહિ ટકાય. ઘાંટો તદ્દન બેસી ગયો હતો, રાત્રે ઉજાગરા ને વાયુ અને બપોરે ઊંઘવાનું તો શરૂ થઈ જ ગયું હતું અને બીજી ઘણી મુશ્કેલીઓ નડી, પણ પૂજ્ય શ્રીમોટાએ હંમેશની જેમ સાથ આપ્યો હતો.''

શ્રીમોટાએ તેમને લખ્યું કે, ''ચાર દિવસ બાકી રહ્યા છે. બસ એક ધ્યાને મસ્ત થઈને બોલ્યા કરો! પ્રભુકૃપાથી અધવચ તૂટી પડવાની દહેશત ટળી જાય, તો આનંદ થાય. તમારા ગૅસે તો મારા પ્રાણ લેવા જ બાકી રાખ્યા છે ને શરીરે ખંજવાળ ઊપડી છે. તોબા! મને તો તમે સાબરમતીમાં ને બનારસમાં હું હતો તેની પુનરાવૃત્તિ અહીં જામી છે ને એના કરતાં વિશેષ. એક બાજુ શરીરે અત્યંત લાહ્ય લાહ્ય, બીજી બાજુ ખંજવાળ, ત્રીજું ગૅસ (ગોળો) સખત, ચોથું પેટમાં દુખાવો, પાંચમું વચ્ચે કેટલાક દિવસ ચાર ચાર વખત ઝાડા થવા. વળી, બે ખભાએ સખત વા થવો. ત્રણેક દિવસ આંખે અંધારાં રહ્યા કર્યાં. આમ ચાલતે ચાલતે રોજ હેરાફેરા તો કરવાના રહ્યા જ.''

શ્રીમોટાએ એકવાર લખેલું કે, ''અમે તો (મૌનમાં બેસનારાનું) ભંગીનું કામ કરીએ છીએ!'' આ કેટલું સચોટ છે, એ અંદર મૌનમાં બેસનારાં પ્રીછી શકશે.

મૌનએકાંતમાં ઘણા લોકો કલાકો સુધી જાપ કર્યા કરે—મોટેથી કે ધીમેથી—તેનો યશ શ્રીમોટાને આપતાં શ્રી હેમંતકુમાર લખે છે કે, ''આપણા મૌન દરમિયાન અને પછી પણ આપણી સાધનામાં જે કંઈ થોડીક પ્રગતિ થતી હશે તેમાં આપણી મહેનતનો ફાળો ૧૦ ટકા હશે (અને મારી નજરે તો એ પણ 'આપણી' નથી હોતી.) મુખ્ય બધું પૂજ્ય શ્રીમોટા જ કરે છે.

## ૬. અહમ્‌ની પ્રતીતિ

શ્રી રમણભાઈ અમીન (એલેમ્બિક, વડોદરા) લખે છે કે :-

વિચારો, પહેલાં જેટલું હવે પજવતા નથી. ઉદ્‌ભવે છે પણ પાછા શાંત થઈ જાય છે. **મોટા**માં એકાગ્રતા પણ સારો વખત રહી શકે છે.

પહેલાં મને સ્વપ્ન યાદ રહેતાં ન હતાં. હવે જ્યારે ઊઠું છું ત્યારે અથવા ઊંઘમાં પણ સ્વપ્ન વિશેની એક જાતની જાગૃતિ રહે છે અને સ્વપ્નમાં મારી વર્તણૂક કેવી રહે છે તેનો સાક્ષીભાવ કોઈ કોઈ વખત રહે છે. સ્વપ્નમાં અહમ્‌નો પણ કેટલીક વખત ખ્યાલ રહે છે અને પછી જાતને સુધારવા માટે વિચાર આવે છે.

## ૭. લગની

લેફ્ટનન્ટ કર્નલ શ્રી બલવંતભાઈ ભટ્ટ લખે છે કે :-

પ્રાર્થના કોની ? પરમેશ્વરની ? ઈશ્વર બહાર કોઈ સ્થળે વસે છે કે આપણા હૃદયમાં જ વિરાજે છે ? આવા પ્રશ્નો જેમને સતત સતાવતા હોય અને તેની ખોજમાં પડવાની જેમનામાં અભિલાષા જન્મી હોય તેવાને માટે 'મૌનમંદિર' અનુપમ સ્થાન છે.

મૌનમંદિરમાં અવિરત સાધના માટે સંપૂર્ણ અનુકૂળતા, અદ્વિતીય વાતાવરણ અને ચૈતન્યરૂપ પ્રેરણા છે. ત્યાં જઈ રહેનાર જ એનો સુખાસ્વાદ સમજી અને માણી શકે.

સતત પ્રભુસ્મરણ સાથે આધ્યાત્મિક વાંચન અને ચિંતનમાં દિવસો અને અઠવાડિયાં ક્યાં વીતી જાય છે એનું ભાન રહેતું નથી. હજી ગઈ કાલે જ સવારે આવ્યો અને આવતી કાલે સવારે આ છોડી જવું પડશે એમ લાગે છે. (પાંચ અઠવાડિયાં પછી પણ) તેમાંય આનંદ છે.

અનુભવ શું કહું ? આ લગની લાગે એ શું નાનોસૂનો અનુભવ છે ?

## ૮. પ્રચંડ સૂર્ય

શ્રી હેમંતકુમાર મિસ્ત્રી (માજી કલેકટર—ખેડા) લખે છે :-

જોગીડા! ચાંદની જેવી સૌમ્ય અને શીતલ તારી પ્રતિભાથી આકર્ષાઈને નજીક આવ્યો ત્યારે ખબર પડી કે યથાર્થ સ્વરૂપે તો તું અમારા હૃદયમાં વહેતી સ્મૃતિઓ રૂપી ખુલ્લી ગટરોની બદબો હરીને તેને સૂકવી નાખનાર પ્રચંડ સૂર્ય છે.

## ૯. ક્લેશ હરનાર

શ્રી ધીરુભાઈ મોદી (આર. આર. શેઠની કંપની, મુંબઈ શાખાના મૅનેજર) લખે છે :-

મારા નાના કુટુંબમાં ભારે અશાંતિ. મારાં પત્ની અને મારાં બાની વચ્ચે ભારે ઝઘડા થાય. બાએ મૌનમાં જવાનું નક્કી કર્યું. મૌનમાંથી આવ્યા પછી મને કહ્યા કરે કે મારે તને વાત કરવી છે. નિરાંતે કરાય તો સારું.

જ્યારે પ્રસંગ આવ્યો ત્યારે સાઠી વટાવી ચૂકેલાં મારાં બા પાંચ વર્ષના નાનાં બાળકની જેમ મારા ખોળામાં સૂઈને ધ્રુસકે ધ્રુસકે રડે. 'મેં મારા એકના એક દીકરાને અને વહુને ખૂબ દુઃખ દીધું. આટલાં વર્ષ જરાય ચેનથી રહેવા દીધાં નથી. મેં ભયંકર ગુનો કર્યો છે.'

પ્રકૃતિ ફેરવવી અશક્ય હશે, પણ પૂજ્ય શ્રીમોટાની કૃપાથી તે પણ શક્ય બને એની મને ખાતરી થઈ. જોકે અનુભવે મને સમજાયું કે એ કાજે ભક્તિ અને મૌનનો સતત સંપર્ક જરૂરી છે.

## ૧૦. મારા જીવનના શ્રેષ્ઠ દિવસો

શ્રી ગોપાળજી ડાહ્યાભાઈ દેસાઈ, માજી ધારાસભ્ય, એમ.એ., એલએલ.બી. અને પબ્લિક રેવન્યુ સર્વિસ કમિશનના સભ્ય ઑક્ટોબર ૧૯૭૦માં સાત દિવસ હરિઃૐ આશ્રમ, સુરતના મૌનએકાંત ઓરડામાં કેવી રીતે ગાળ્યા તેનું લંબાણથી નિવેદન કરતાં જણાવે છે કે, મૌનમાં બેસતાં વિચારેલું કે જો અખંડ નામસ્મરણ ન કરી શકાય તો પુસ્તકો વાંચીને સમય પૂરો કરી શકાશે એવા વિચારથી હિંમત રાખી આવેલો, પરંતુ પ્રભુઇચ્છા કાંઈ જુદી હોવાથી ચશ્માંની દાંડી તૂટી ગઈ અને આમ વાંચીને ચલાવવાનો આધાર તૂટી ગયો.

અનેક પુસ્તકોનાં વાંચન, સંતો-મહંતોનાં દર્શન, સમાગમ વગેરેથી ૭૨ વર્ષની ઉંમરમાં જે પ્રાપ્ત કરવા શક્તિમાન ન થયેલો તે આ સાત દિવસના મૌનમાં પ્રાપ્ત કરવા ભાગ્યશાળી થયો. આ જીવને કૃતકૃત્ય

કરવા બદલ, પૂજ્યશ્રીનો કાયમનો ઋણી બન્યો છું. આમતેમ બે-અઢી વર્ષના ગાળામાં ભટક્યા પછી એકાએક અંતઃસ્ફુરણા યા પ્રેરણા થઈ કે, ''જા, જઈને હરિઃૐ આશ્રમમાં એક સપ્તાહ બેસી આવ.''

મેં કદી જીવનભરમાં કરતાલ સાથે ભજન ગાયાં ન હતાં. તેમ જ પ્રભાતિયાં કે ભજન ગાતો ન હતો. કે કદી નાચ્યો કે કૂદ્યો નથી, પરંતુ આ સપ્તાહમાં ભારે તાનમાં આવી મસ્ત બની નગ્ન અવસ્થામાં નાચ્યો છું, કૂદ્યો છું. એ કેમ થયું તે વિશે કશી સમજ પડી નહિ. તેમ જ તે ઉપરાંત, પૂજ્યશ્રીના સ્થૂળ સ્વરૂપનું સૂક્ષ્મરૂપ દર્શન અવારનવાર થતું રહ્યું. મૌનઓરડામાં તો આંખ મીંચું કે તરત જ નિર્વિચાર સ્થિતિ પ્રાપ્ત થતી. આનંદમસ્તીમાં અને ઝળહળતી પ્રકાશમય સ્થિતિમાં કેટલો સમય વીતી જતો તેની ખબર સુધ્ધાં પડતી નહિ. આ સાત દિવસો મારા જીવનના શ્રેષ્ઠ દિવસો તરીકે માનું તો તે અતિશયોક્તિ ન ગણાય.

## ૧૧. પથ્થરનો ચોતરો હાલે છે

ભાઈ રમાકાંત પી. જોશીએ (B.Sc., L. S. G. D. S. S. Dip. વેલ્યુએશન ઑફિસર, ઑકટ્રૉય અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન) ચાર-ચાર અઠવાડિયાંથી વધુ સમયના મૌન તેમણે લીધેલાં ને હજુ પણ લે છે. એકવાર તેઓ નડિયાદ આશ્રમે મૌન માટે જતાં તેમણે શ્રીમોટા સમક્ષ મૌનમાં તેમની સ્થૂળ હાજરીનાં દર્શન માટે ઈચ્છા વ્યક્ત કરી. ત્યારે શ્રીમોટા તેમના કુંભકોણમ્ આશ્રમે જતા હતા. શ્રીમોટાએ જણાવ્યું કે, ''મારી સ્થૂળ નહિ પણ સૂક્ષ્મ હાજરીનો અનુભવ તને થશે.'' મૌનમાં ગયા પછી થયેલા અનુભવ વિશે તેઓ આમ જણાવે છે :-

એક રાતે ચોતરા (કબીરપંથી સાધુ વાપરતા તે) પર સૂઈ રહેલો. ત્યારે એકાએક મારા માથાવાળો ચોતરાનો ભાગ ઊંચોનીચો થતો લાગ્યો. તેથી મને લગ્યું કે ધરતીકંપને લઈને તે હાલ્યો હશે. પણ ના, દીવાલ પરનાં કપડાં અને અન્ય વસ્તુઓ યથાસ્થાને બરાબર હતાં. એટલે પાછો સૂઈ ગયો. થોડીવારે પગ બાજુનો ચોતરાનો ભાગ

ઊંચોનીચો થતો અનુભવ્યો ને પછી પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણ એમ બધી બાજુએથી વારાફરતી ચોતરો હાલતો, ઊંચોનીચો થતો લાગ્યો. શાથી આમ થયું હશે તેની કલ્પના કરતાં કરતાં એકાએક પૂજ્ય શ્રીમોટાનું કથન યાદ આવ્યું કે, ''મારી સૂક્ષ્મ હાજરીનો અનુભવ તને થશે.'' એટલે લાગી ગયું કે ખરેખર પૂજ્ય શ્રીમોટાની ચેતના આ કામ કરી રહી છે. જ્ઞાનેશ્વર મહારાજે ઓટલો ચલાવેલો તે વાત યાદ આવી. જડમાં પ્રાણ પૂરી શકાય છે. ચેતન શું નથી કરી શકતું, એની આ પ્રતીતિ થઈ ને મનોમન પૂજ્યશ્રીને નમસ્કાર કર્યા. પ્રકાશમાં એ ઓટલાની પાછળથી તપાસ કરતાં જણાયેલું કે એ સ્થળે તીરાડ પડી હતી.

## ૧૨. અંધકારનો આનંદ

એક ભાઈને આ મૌનમંદિરનો અંધકાર કોઈ અજબ જ આનંદ આપે છે. ધ્યાન અને ભજનમાં ખૂબ જ આનંદ આવે છે. ધૂપસળીનો પ્રકાશ પણ એ આનંદમાં વિઘ્નરૂપ લાગે છે. પ્રકાશ કરતાં આ ઘોર અંધકારમાં કેટલો આનંદ છે, તે અહીંનો સાધક જ અનુભવ કરી શકે છે અને ઘરનાં આપ્તજનો કરતાં પણ વધારે હેત અને કાળજીભરી સંભાળથી સમયસર સાધકને દૈનિક જરૂરિયાતો પૂરી પાડવામાં આવે છે અને તે પણ પ્રભુનું સ્વરૂપ સમજીને!

અહીં (મૌનમાં) જે છે તે ક્યાંય નથી એવું જણાયું, અને વધુમાં જિંદગીની એક નવીન કિતાબ અહીં ખૂલી. જેના પાને પાને મને નવી પ્રેરણા મળી છે. જિંદગી જીવવા માટેનું એક નવીન ધ્યેય પ્રાપ્ત થયું છે.

## ૧૩. અદૃશ્ય અવાજ

સુરતના એક ભાઈને આધ્યાત્મિક ફાયદા શું થયા તે સમજાતું નથી, પણ ભૌતિક ફાયદા જરૂર થયા છે એમ જણાવાયું છે. તે કહે છે

કે, ખાવાની કળા તો હું જાણે અહીં જ શીખ્યો. આટલું સંતોષથી ખાઈ શકાય, તંદુરસ્તી પણ સારી રીતે જાળવી શકાય, એ અહીં જ બન્યું છે. અને અનુભવો કેવા થયા ? કરતાલનો અવાજ બે-ત્રણ દિવસ સિવાય રોજ રાત્રે ૮-૩૦ થી ૨-૩૦ સુધી આવ્યો છે. એકવાર બોલાતું બંધ થઈ ગયું હતું, ત્યારે બહારથી અવાજ આવ્યો, ''અલ્યા, જાગે છે કે ઊંઘે છે ?'' એક રાત્રે સ્વપ્નમાં ઘેરાયો ત્યાં એકદમ મારા નામનો અવાજ આવ્યો ને તુરત જોરથી સ્મરણ ચાલુ થયું. તે જ દિવસે પહેલી રાત્રે બારણામાંથી આછા ભૂરા પ્રકાશનો પુંજ જાણે મારી સામે આવ્યો.

## ૧૪. ચારે ખૂણે મોટા

ડભોલીના એક હરિજનભાઈએ સુરત આશ્રમમાં નિવેદનમાં લખ્યું છે કે, આ બધું વાંચીને કો'ક મને ગાંડામાં ગણી કાઢશે માટે તમો **મોટા**ને બતાવજો. શનિવારે ૧૦-૦૦ વાગ્યે જમીને હું હીંચકાની ચારેબાજુ જપ-સ્મરણ કરતો કરતો ફરતો હતો, તો **મોટા** આવીને એક ખૂણામાં ઊભેલા હતા. હું પાસે ગયો તો ત્યાં કોઈ મળે નહિ. મેં મારા મન સાથે વિચાર કર્યો કે મને ઝાંઝવાના જળ જેવું લાગે છે. **મોટા** કોણ જાણે કયા ગામ હશે અને અહીં ક્યાંથી ? હું સ્મરણ ચાલુ રાખતો હતો અને ફરીથી જોયું તો **મોટા**એ ધોતિયું પહેરેલું, મુગટ બાંધેલો અને ખૂણામાં ઊભેલા હતા. હું દોડીને તેમને ચરણમાં નમસ્કાર કરવા ગયો કે બીજે ખૂણે. દોડીને બીજે ખૂણે જાઉં તો ત્રીજે ખૂણે. ત્રીજે ખૂણે જાઉં તો ચોથે ખૂણે. એ પ્રમાણે **મોટા**એ મને ચરણમાં નમસ્કાર કરવા દીધા નથી પણ દર્શન આપેલાં. સોમવારે સવારના પણ મને દર્શન આપ્યાં.

## ૧૫. કાવ્યની સ્ફુરણા

ઘણામાં સુષુપ્ત શક્તિઓ પડેલી હોય છે, પણ એને કોઈ સ્પર્શ કરનારો મળી જાય તો તે જાગી ઊઠે. એવો બનાવ એક ગ્રેજ્યુએટ

થયેલાં ને બીજાં પાંચ ચોપડીઓ સુધી પહોંચેલ બહેનોના પ્રસંગમાં બન્યો. બંનેએ મૌનમંદિરમાં બેસવાનું શરૂ કર્યું. તે પછી તેમણે સુંદર ભજનો લખ્યાં. એમાંના એક બહેને પ્રાચીન રાગો અને શાસ્ત્રીય ઢાળોનાં બે પુસ્તકો જેટલાં ભજનો લખ્યાં છે જે પ્રસિદ્ધ થયેલાં છે. તે પહેલાં તેમણે કદી આવું લખ્યું ન હતું.

## ૧૬. નંદનવન સમું

એક ભાઈ ૧૯૬૬ દરમિયાન મૌનમાં બેઠેલા. ત્યારે તેમને ‘હર્નીઆ’ની તકલીફ હતી. મૌનમાં કેમ થયું તે સંબંધે તેઓ આમ લખે છે : મારાથી સીધું ટટ્ટાર ઘેર તો ભાગ્યે જ બેસી શકાય છે. જ્યારે બાજઠ પર સાતે દિવસ કાંઈપણ તકલીફ વગર કલાકોના કલાકો સુધી પ્રભુ-ભજનમાં બેસી શકાયું એ મારી દૃષ્ટિથી એક પ્રકારનો ચમત્કાર જ લાગે છે. અને એ સાતે દિવસ મારા તો બહુ જ આનંદમાં ગયા છે અને ઘણી જ શાંતિ અનુભવી છે.

## ૧૭. જીર્ણજ્વર ગયો

એક બહેન લખે છે : બે વર્ષથી જ્વરનો રોગ મને લાગુ પડ્યો હતો. દવા, આરામ, હવાફેરની અસર થતી ન હતી. નામસ્મરણથી કોઈપણ રોગ નાબૂદ થાય છે એ સત્યના આધારે મેં આ તક (મૌનમાં બેસવાની) ઝડપી લીધી ને મારો જીર્ણજ્વર બે દિવસમાં જતો રહ્યો. આ હકીકત મારે મન નાનીસૂની નથી. વળી, ચોથે દિવસે ગૅસનો સખત હુમલો અને છાતીમાં ગભરામણ થવા લાગી. જોરથી નામસ્મરણ કરવા લાગી અને પૂજ્ય શ્રીમોટાને પ્રાર્થના કરવા લાગી. તુરત જ બધું શાંત થઈ ગયું.

## ૧૮. મનમાં શાંતિ

બીજાં એક બહેન મૌનમાં પ્રાર્થે કે, મને અનુભવ ન કરાવતા. હું બીકની મારી બહાર આવવા દોડીશ. તેથી મને અનુભવ તો ખાસ થયા

નથી, પણ એની કૃપાથી મનમાં ખૂબ જ શાંતિ મળી. ત્રીજા દિવસથી વિચારો બંધ થઈ ગયા. દર વર્ષે પ્રભુકૃપાથી એકાંતવાસમાં બેસવાનું થાય. ઘરે પ્રયત્ન કરીએ તોપણ આટલા સરસ જપ થતા નથી. સવારના બેઠાં બેઠાં એકવાર સૂઈ ગઈ. જાણે તુરત જ કોઈ આપણને જગાડે છે, બોલાવે છે! ને પાછા જપ શરૂ થયા! પૂજ્ય શ્રીમોટાનું સાંનિધ્ય ખૂબ જ લાગતું હતું!

## ૧૯. આટલું મીરાંય નાચી નહિ હોય!

એક સુશિક્ષિત સંસ્કારી ભાવનાવાળાં બહેન ગાતાં ગાતાં ખોવાઈ જાય, 'મસ્ત' બની જાય. આવું ઉચ્ચ કક્ષાવાળું વાતાવરણ અનુભવ્યું, પરંતુ એ શાંતિ, ધ્યાન, સ્વસ્થતા ખરા અર્થમાં રોજિંદા જીવનમાં વણાઈ જાય એ ઘણું મહત્ત્વનું લાગ્યું. આ જ બહેનને આશ્રમના બગીચામાંના મોગરા જોઈને કેવા ભાવ ઊભરાય છે! જાણે ત્યાગ, સ્વચ્છતા અને સાદાઈનું મૂર્ત સ્વરૂપ. અને કાર્યકર્તાઓ સાથે 'હરિઃૐ'ની ભાષાનો ઉપયોગ વગેરે બધું ખરેખર મનને અને વાતાવરણને સત્યમ્, શિવમ્ અને સુંદરમ્ ભરી દેતું હતું. એ બહેન એવાં નાચતાં કે અમને શંકા પડી કે શાયદ મીરાં પણ આટલી મસ્તીથી નહિ જ નાચી હોય. તન્મય બનીને આટલાં ભજનો નહિ ગાયાં હોય અને નવાઈ તો એ કે કદી પણ રાગમાં, તાલમાં ગાઈ ન શકનાર અત્રે રાગ અને લયબદ્ધ કેવી રીતે ગાઈ શકે ?

## ૨૦. સ્વીસ સન્નારીનો અનુભવ

તા. ૧૯-૬-૧૯૬૯ના નિવેદનમાં એલિઝાબેથ સ્ટેડલર નામનાં સ્વીસ બહેન આમ જણાવે છે :-

આખરે મનની શાંતિ મળી શકી. હું ભારતમાં ઘણા આશ્રમોમાં રહી આવી છું, પણ મને ક્યાંય ઊંડા ધ્યાનનો અનુભવ મળ્યો ન હતો, કેમ કે ત્યાં બધી જાતની અડચણો નડતી હતી. હરિઃૐ નો જાપ આંતરિક શાંતિ અને પ્રકાશ પ્રાપ્ત કરવા માટે ઘણો મદદરૂપ થાય છે.

હવે મને સમજાય છે કે પૂજ્ય શ્રીસત્યસાંઈબાબાએ મને શા માટે અહીં મોકલી આપી! મને ખાતરી છે કે ગુરુજી મોટા કે જેમને હું ઓળખતી નથી તોપણ તેમણે મને મદદ કરી છે.

## ૨૧. અમેરિકન પ્રોફેસરનો અનુભવ

યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાના વતની તેમ જ હાવર્ડ યુનિવર્સિટીના માનસશાસ્ત્રના નિવૃત્ત પ્રોફેસર ડૉ. રિચાર્ડ એલપર્ટ ઉર્ફે બાબા રામદાસ તા. ૩-૪-૧૯૭૧ના પત્રમાં પોતાના એક સપ્તાહના મૌનમંદિરના અનુભવ આલેખતાં લખે છે કે : મૌનમંદિરમાં પ્રવેશીને જે ક્ષણથી હું ગોઠવાયો, ત્યારથી જ આખા ખંડને ભરી રહેલા અનોખાં આંદોલનો મને સ્પર્શવાં લાગ્યાં. આ બંધ ઓરડામાં આવાં આંદોલન મારા સમગ્ર અંગને અને મારી આંતરિક ક્રિયાને સ્પર્શી રહ્યાં હતાં.

પહેલા જ દિવસે હું જપ કરતો હતો, ત્યાં જ મારી શારીરિક ચેતનામાંથી હું બહારી નીકળી ગયો અને મારા સિદ્ધ ગુરુની સમક્ષ હું બેસી ગયો. એમણે એમનું માથું નમાવ્યું અને ત્રણ ઊંડા શ્વાસ લીધા, એથી મારું શરીર જાણે કે દિવ્ય શક્તિથી સભર થયું. ધીમે ધીમે હું સ્થૂળ ચેતનામાં આવતો ગયો તેમ તેમ માનવીય લાગણીઓ, આનંદ અને અભીપ્સાના મિશ્ર ભાવ જાગ્યા.

બીજા દિવસો દરમિયાન મારામાં રહેલા આસક્તિના અસુરોનું દર્શન થયું અને એની સામે મારે સંગ્રામ ખેલવો જ રહ્યો એવી મક્કમતા પ્રકટી.

મારા રોજના દોઢ કલાકના વાંચનમાં પૂજ્ય શ્રીમોટાનાં ‘To the mind, ‘At thy lotus feet’ અને ‘Life struggle’ પુસ્તકોએ ધારણા ધરવા ખૂબ સહાય કરી છે.

## ૨૨. ડેનિઅલનું નિવેદન

કેલિફોર્નિયા (U.S.A.)ના વતની ડેનિઅલ ગોલમેન તા. ૨૭-૩-૧૯૭૧ના નિવેદનમાં લખે છે કે :-

હું જીવનવિકાસક મારી સાધના માટે કેટલોક સમય એકાંતમાં ગાળું એવી ઇચ્છા વર્ષોથી હતી. એ અહીં (હરિઃૐ આશ્રમ–સુરત) પૂરી થઈ.

મૌનખંડમાં હું પ્રવેશ્યો કે તરત જ મારામાં છુપાઈને રહેલાં ભય અને બીજી અજાગ્રત મનમાં પડેલી વિચારસૃષ્ટિ એકદમ મારી નજર સમક્ષ ખડાં થયાં. જે આંતરિક સંઘર્ષ અને મથામણ હું ટાળતો હતો, એ મારે માટે અહીં અનિવાર્ય બન્યાં. પણ આશ્રમના આ ઓરડાની શાંત અને પ્રેમાળ ભૂમિકામાં હું મારા ભયને શાંત કરી શકતો અને વિચારસૃષ્ટિને એકાગ્ર કરી શકતો.

## ૨૩. અન્ય અનુભવોનો સારાંશ

એક સરકારી અધિકારી પ્રથમ વાર મૌનમાં બેઠા. સારું લાગ્યું. બીજી વાર બેસતાં લાંચ લેવાની વૃત્તિ અને કૃતિ માટે ખૂબ પશ્ચાત્તાપ થયો અને એવી ઝાળ લાગી કે બહાર આવીને તેમણે શ્રીમોટાની સલાહ માગી કે શું કરવું ? શ્રીમોટાએ સલાહ આપી કે લાંચની રકમ બિનનામી તરીકે સરકારને પાછી આપવી અને તેમણે તેમ કર્યું.

ઘણાને બહાર ઝીણો તાવ આવતો હોય તે અંદર મટી ગયો હતો અને બીજાને અંદર ગયા પછી ૨૧ દિન સુધી તાવ રહ્યો ને બહાર ગયા પછી મટી ગયો છે.

કેટલાકને ખૂબ જ પેશાબ અને ઝાડો થાય અને મૌનખંડમાંથી બહાર આવતાં વગર દવાએ બંધ થઈ જાય અથવા ત્રણ દિવસના મૌન દરમિયાન નિયમિત આહાર લેનારા એક ભાઈ બિલકુલ પાણી, ચા કે કૉફી પીવે નહિ. ભર ઉનાળો હતો ત્યારે પણ.

કેટલાંક મૌનમાં બેઠા પછી વજનમાં વધી જાય અને બીજા ઘટી જાય. વિષય અને કો'કને કામવાસનાના હુમલા બહુ તીવ્રતાવાળા આવે, જ્યારે બીજાને એથી ઊલટો અનુભવ થાય.

એક શિક્ષકભાઈને પ્રભુની પ્રાર્થના કરતાં કેવો જવાબ મળ્યો તેનો તે દાખલો આપે છે. તે મૌનમાં બેઠા તે જ દિવસે અમુક પરીક્ષાના

ઉત્તરપત્રોનું બંડલ શાળાવાળાને નથી મળ્યું એ મતલબનો પત્ર મળ્યો અને વડોદરે મળી જવા જણાવ્યું. ભાઈ બહુ દ્વિધામાં પડી ગયા. મૌન બગડે અને ફજેતી થાય. પૂજ્ય શ્રીમોટાને 'લાભ રહે તેવું કરવા' કરગરીને પ્રાર્થના કરી. બીજા દિવસે ફરી એક્સ્પ્રેસ ડિલિવરીથી પત્ર આવ્યો. એમાં ઉત્તરપત્રો મળી ગયા હતા તેમ જણાવાયું હતું. ભાઈની ખુશાલીનો પાર ન રહ્યો. આને તેઓ ચમત્કાર લેખે છે.

એક શિક્ષિત યુવાન ઘણા મોટા મહાત્માઓના આશ્રમોમાં ફરી આવ્યા પછી મૌનમાં ૨૧ દિવસ બેઠા પછી કહે છે કે, મારી ખામીઓને અને વૃત્તિઓને હું બરાબર જ ઓળખી શક્યો છું.

એક બહેનનો એવો અનુભવ છે કે મોટેથી નામસ્મરણ કરવાથી ગળાને જરા તકલીફ થઈ પણ પછી આપોઆપ સારું થઈ ગયું. પછી આંખ અને માથું દુખવા માંડ્યાં, પણ ગુરુદેવ અને હરિઃૐના જાપ કરવાથી બધો દુખાવો ચાલ્યો ગયો.

એક ભાઈને અનંત શાંતિ લાગી. કોઈપણ પ્રકારની ઉતાવળ કે ધમાલ નથી. અંતર્મુખતા સરળતાથી થાય છે. આત્મનિરીક્ષણ કરવાનો પૂરતો અવકાશ મળે છે અને સાથે સાથે જપયજ્ઞનો વિરલ વ્યાપાર અવિરત ચાલ્યા જ કરે છે આનું કારણ શું ? પ્રકટ પુરુષની દિવ્ય ચેતના આ સ્થળ પર કામ કરી રહી છે, પણ આપણે તે જીવતા જાગતા સમર્થ પુરુષને ઓળખી શકતા નથી.

આયુર્વેદિક કૉલેજના એક પ્રોફેસર તેમની દાક્તરી ભાષામાં જણાવે છે કે, મૌનમંદિરમાં અંધારાં-અજવાળાંની અજબ દુનિયા વસેલી છે. મારી પ્રયોગશાળા તરીકે તેનો મેં ઉપયોગ કર્યો છે. મારી જાતને— જંતુડાને અહીં મેં તપાવ્યું છે, ચકાસ્યું છે અને જરૂર પડ્યે ચીરફાડ પણ કરી છે. જંતુય હું પોતે અને તેને ચકાસનાર વૈજ્ઞાનિક પણ હું જ. આ નવી જાતનું જંતુશાસ્ત્ર—બૅક્ટીરિઓલૉજી છે. પણ એ શીખવા જેવું છે. ઘણો સમય ચાલે તેટલું ભાથું અહીંથી હું બાંધી લઈ જાઉં છું.

એક વયોવૃદ્ધ ભાઈને પોતાનાં જીવનકિતાબનાં પાનાં ખોલવાનું પણ મન થઈ જાય છે ને નિવેદનમાં ઉતારે છે પણ ખરા. પ્રકાશથી

મેલ ધોવાતો હોય એવો અનુભવ થાય છે. કંઈ કંઈ મહાપુરુષોનાં દર્શન થયાં. પૂજ્ય શ્રીમોટાની છબીમાં, ગજેન્દ્રમોક્ષનું સ્તવન કરવાનું સૂચન થયું. આ તીર્થભૂમિને ધર્મક્ષેત્ર, કર્મક્ષેત્ર અને હવે કુરુક્ષેત્ર જ માનું છું.

ઘણાંને પૂજ્ય શ્રીમોટાનાં સાક્ષાત્ દર્શન થાય છે. ઘણાંને અંધારામાં ભૂરા પ્રકાશનો પુંજ નજરે પડે છે. બપોરે ઊંઘતા હોય ત્યારે બૂમ પાડી નામસ્મરણ કરવા ઉઠાડે. પૂજ્ય શ્રીમોટાની છબીની અંદર જુદા જુદા મહાત્માઓ ને દેવ-દેવીઓનાં દર્શન થાય.

સંતને સાચી રીતે પ્રેમથી વળગવાથી સંસારના કોયડા પણ ઊકલી જતા હોય છે એમ એક ઉપાસકભાઈનું કહેવું છે. તેમના કુટુંબમાં એકતા, શાંતિ અને સુમેળ શ્રીમોટા જેવા ગુરુમહારાજના પ્રતાપે પ્રવર્ત્યા એમ જણાવે છે. એ જ ભાઈને શ્રીમોટાના સત્સંગથી પૂજ્ય શ્રીઅરવિંદના 'લાઈફ ડિવાઈન'નું ગુજરાતી રૂપાંતર વાંચવામાં રસ પડ્યો અને સમજી શકાયું.

૮૨ વર્ષનાં માજી (સુરત આશ્રમના વ્યવસ્થાપક ટ્રસ્ટી શ્રી ભીખુભાઈનાં માતુશ્રી) અવારનવાર મૌનમાં બેસે છે ૧૪ દિવસ, ૨૧ દિવસ. એમને દિવસના ઊંઘતાં અટકાવવા જાણે કોઈ પગે બટકું ભરતું હોય, 'ઊંઘશો નહિ' એમ કહી જગાડે. ૨૧ દિવસ સુધી થાક વરતાય નહિ. રાત્રે પણ 'બા, બા' કરીને શ્રીમોટાની બૂમો સંભળાતી, તેથી તેમને ખૂબ શાંતિ અને આનંદ રહેતાં.

એક ઉપાસકભાઈ ઘોડિયામાં સૂતેલા ધાવણા બાળક જેટલા જ નિશ્ચિંત બની જાય છે. પેટમાં દુખતું હોય કે માથું દુખતું હોય તો મોટેથી જપ કરવાથી બધું એ ભાઈને મટી ગયું.

મૌનમાં કેટલાકને તેજરેખા સામે આવતી જણાતી હોય છે. કેટલાક તેનાથી કરીને લાઈટ કરી દે છે. કેટલાક માથે ઓઢી લે છે તો કેટલાક ટૉર્ચનો ઉપયોગ કરે છે. એક ભાઈએ તેવી તેજરેખાની સામે ટૉર્ચનો પ્રકાશ ફેંક્યો. શ્રીમોટાએ એ ભાઈને જણાવેલું કે ટૉર્ચના ઉપયોગથી તમારી તરફ આવતી શક્તિ તમે ગુમાવી હતી. જો એ શક્તિ શરીરમાં પ્રવેશ કરત તો આધ્યાત્મિક શક્તિમાં વધારો થાત.

એક બહેનને એવો રસ કે તે એકવાર પોતાના પાંચ માસના દીકરાને લઈને ૧૪ દિન માટે મૌનમાં બેઠેલાં ને પછી ત્રણ મહિના બાદ ફરીથી એ જ દીકરા સાથે મૌનમાં બેઠેલાં. બહેનને વિચાર થતો હતો કે છોકરાને એપ્રિલ માસની ગરમીને લઈને ફાવશે કે કેમ, પણ કોઈ તકલીફ પડી નહિ ને બહુ શાંતિ તથા આનંદમાં મૌન માણ્યું.

એક બીજાં સુશિક્ષિત બહેનને મનના મોટા ભાગના સંશયોના ખુલાસા પૂજ્ય શ્રીમોટાનું પુસ્તક **'જીવનસોપાન'**માંથી મળ્યા. વધુ નોંધપાત્ર એ લખે છે કે પહેલા દિવસે જપ કરતાં કરતાં હસવું આવે. ક્યાં સત્યુગનાં તપ અને ક્યાં અમારી બાદશાહી સાધના! મકાન તો જાણે પેરિસની ડીલક્સ હોટલ, એટેચ્ડ બાથ અને ઝૂલો તો અમેરિકાની પ્રેસિડેન્ટની પત્ની માટે ના બનાવ્યો હોય! ભગવાનની કૃપા છેને!

## ● પ્રાર્થના ●

## ૧. મૌનએકાંત મંદિરનો સાધક

શ્રીમોટાની ચેતના મૌનએકાંત મંદિરના સાધકની પરોક્ષ રીતે સંભાળ તો લે છે જ. એટલું જ નહિ પણ સાધકની આંતરિક મથામણ વેળાએ એને જો શ્રીમોટાનું પ્રત્યક્ષ માર્ગદર્શન જરૂરી હોય તો એ પણ જો શ્રીમોટા આશ્રમમાં હાજર હોય તો મોકલાવી આપે.

શ્રીમોટાના સાધનામય તેમ જ જ્ઞાનમય જીવનનું એક પ્રબળ સાધન પ્રાર્થના છે. જો કોઈ સાધક કે જિજ્ઞાસુ અંતરમાંના ચોક્કસ પ્રકારના ભાવને શબ્દબદ્ધ કરીને પ્રાર્થના કરવા ઈચ્છતો હોય અને જો શ્રીમોટા પાસે માગણી કરે તો તે લખી આપે પણ ખરા.

આવી રીતે જો સાધક નિમિત્ત પૂરું પાડે તો શ્રીમોટા સાધકનાં પ્રાકૃતિક વલણ અને એના ચિત્તના સંસ્કારોને ઊર્ધ્વ કરવા માટેની પ્રાર્થના લખી આપે. એવી ઘણી પ્રાર્થનાઓ શ્રીમોટાએ લખી આપી છે. એ સર્વ પ્રાર્થનાઓનો હેતુ તો અંતરમાં ભાવના દૃઢાવવાનો તથા ઈશ્વર સાથે આંતરિક સંબંધ સ્થાપિત કરવાનો હોય છે એમ શ્રીમોટા કહે છે.

જીવનના સર્વાંગી વિકાસ કાજેની પ્રાર્થનાઓ તેઓશ્રીએ મૌન-એકાંતમાં બેઠેલા સાધકો માટે લખેલી. આરતીના ગેય ઢાળમાં રચાયેલી એક પ્રાર્થના નોંધપાત્ર છે.

## ૨. નિત્ય કર્મ કરતાં કરતાં...

સંસારનાં સઘળાં પ્રાપ્ત કર્મ કરતાં કરતાં જીવનના હેતુ પરત્વેની સભાનતા જીવતીજાગતી રહ્યા કરે એટલા માટે પણ પ્રાર્થના એક ઉત્તમ સાધન છે. આથી, માગણી થતાં શ્રીમોટાએ કેટલાક જિજ્ઞાસુઓને આવી પ્રાર્થનાઓ લખી આપી છે.

ઊઠતાં-સૂતાં, ખાતાં-પીતાં, હરતાં-ફરતાં, કસરત કરતાં કે કામ કરતાં, દવા પીતાં કે શૌચાદિ કર્મ કરતાં, અંતરમાં કેવા પ્રકારની ઊર્ધ્વભાવના કેળવવી એ અંગેની પ્રાર્થનાઓ શ્રીમોટાએ લખી આપી છે. આ પ્રકારની પ્રાર્થનાઓમાં જાતને મઠારવાની જાગૃતિ રહી શકે એવી ભાવના પણ છે. ઉપરાંત, બધાં જ કર્મ કરતી પળે શ્રીપ્રભુ સાથે દિલનું અનુસંધાન રહી શકે એવી ભાવના વ્યક્ત થાય છે. શ્રીમોટાનો કર્મસિદ્ધાંત નોંધપાત્ર છે. તેઓશ્રી કહે છે કે કર્મ અનિવાર્ય છે, પણ કર્મનું મહત્ત્વ નથી, પણ એ કર્મ કરતી વેળાએ આપણે કેવા પ્રકારનો ભાવ ધારણ કરીએ છીએ તે મહત્ત્વનું છે. કર્મ દેખીતી રીતે ઘણું જ તુચ્છ હોઈ શકે તોપણ એ આચરાતાં અંતરમાં ધારેલી ભાવના વધારે મહત્ત્વની છે. આથી, નદીમાં સ્નાન કરતાં કે પ્રણામ કરતાંય કેવી ભાવના પ્રકટાવવી એ પણ આવી પ્રાર્થનાઓમાં વ્યક્ત થયું છે.*

## ૩. ઉત્સવ પ્રાર્થના

જેમ વ્યક્તિગત જીવનમાં રોજિંદાં કર્મો પાછળ પણ ભાવના રાખવાની જાગૃતિ કેળવવાની છે તેમ કેટલાક સામાજિક-ધાર્મિક તહેવારોની ઉજવણી પણ જીવનવિકાસક હેતુ પરત્વેની સભાનતાથી

*આ પ્રકારની પ્રાર્થનાઓ શ્રીમોટા રચિત **'ગુણવિમર્શ'** પુસ્તકમાં સંપાદિત થયેલી છે.

જાગૃતિપૂર્વક ઊજવવાની છે. શ્રીમોટાએ આવા ઉત્સવ પ્રસંગે કેવા પ્રકારનો ભાવ ધારણ કરવો અને એ કાર્ય કરતી વેળા કેવા પ્રકારની ભાવના રાખવી એની સમજૂતી પદ્યમાં આપી છે. એ સમજૂતી સાથે સાથે શ્રીપ્રભુને પ્રાર્થના પણ થાય એવા પ્રકારની એ રચનાઓ છે.

લક્ષ્મીપૂજન, ચોપડાપૂજન તેમ જ જ્ઞાનપંચમીની ઉજવણી વેળાની પ્રાર્થનાઓ તેઓશ્રીએ અનુષ્ટુપ છંદમાં રચી છે. ઊર્ધ્વ જીવન કાજેની અભીપ્સા જાગૃત કરવા શ્રીમોટાએ પ્રાર્થનાના સાધનને સર્વગમ્ય અને સર્વલભ્ય બનાવી આપ્યું છે.

મોટા ભાગની ધાર્મિક વિધિ વેળાએ યજ્ઞકુંડમાં આહુતિ આપવાની પ્રાર્થના પણ છે.

## ૪. સંસ્કારવિધાન

હિંદુ વ્યવહાર જીવનમાં કેટલીક સંસ્કારવિધિઓ પ્રચલિત છે. એ બધી જ સંસ્કારવિધિ પાછળ એના સર્જકોની ભાવાત્મક દૃષ્ટિ ઘણી જ ઊર્ધ્વ હતી. શ્રીમોટાનું કાર્ય સર્વ કોઈ કર્મોને ગુણ અને ભાવની દિશામાં વાળીને માનવજીવનને—માનવસમાજને જાગૃત કરવાનું છે. એથી કોઈ પણ સ્વજન આવા કોઈ પણ પ્રકારના વિધિ-વિધાન માટે શ્રીમોટાને નિમંત્રે તો એ સમગ્ર વિધિની ભાવનાને શ્રીમોટા પ્રકટ કરીને ગુણ-વિકાસક પ્રાર્થનાનો ભાવ વ્યક્ત કરે. એટલે એ સમગ્ર વિધિકાર્ય પાછળનું હાર્દ એ કર્મ કરનાર વ્યક્તિના અંતરમાં પ્રકટી શકે.

બાળકના જન્મ પછી એના વાળ ઊતરાવવા કે એને નિશાળે બેસાડવો એ ક્રિયા પણ કેવી ભાવાત્મક છે, એ એમણે રચેલી પ્રાર્થનાઓમાં છે.

યજ્ઞોપવીત ધારણ કરવાનો વિધિ માત્ર બ્રાહ્મણો પૂરતો જ મર્યાદિત મનાય છે, પરંતુ શ્રીમોટાએ આ સમગ્ર વિધિ ઉદ્‌બોધન અને પ્રાર્થનારૂપે લખી છે. એમાં માતાપિતા યજ્ઞોપવીત ધારણ કરતા બાળકને ઉદ્‌બોધન કરે છે. બટુક યજ્ઞોપવીત ધારણ કરતાં પ્રતિજ્ઞા ઉચ્ચારે અને પછી યજ્ઞોપવીત ધારણ કરાવનાર પુરોહિતના આશીર્વચન ઉચ્ચારાય—આ પ્રક્રિયામાં શ્રીમોટા ઊર્ધ્વ જીવન માટેની આવશ્યકતા અને સંકલ્પને

સ્પષ્ટ કરે છે.

શ્રીમોટાની દૃષ્ટિએ આ યજ્ઞોપવીત ધારણ કરવું એ જન્મે જ બ્રાહ્મણ હોય એટલા જ જીવો પૂરતું મર્યાદિત નથી. પણ જેઓમાં ઊર્ધ્વ જીવન માટેની તમન્નાની સહેજ પણ ભૂમિકા હોય એવી બધી વ્યક્તિને પણ યજ્ઞોપવીત ધારણ કરાવે છે. એમના આશ્રમોમાં તેઓશ્રીએ કેટલાય બટુકોને યજ્ઞોપવીત સંસ્કાર આપેલા છે અને એ બટુકોમાં બધા જ બ્રાહ્મણનાં બાળકો ન હતાં.

શ્રીમોટાની દૃષ્ટિએ યજ્ઞોપવીત તો,

*(અનુષ્ટુપ)*

*‘સૂતર તાંતણો તે ના, એ તો પ્રતીક તત્ત્વનું,*
*ત્રણના જોડલાંથી આ સંકળાયેલ વિશ્વ છે,*
*પ્રેરાવા ભાન તેનું ને થવા મુક્ત બધાથી છે.’*

## ૫. લગ્નવિધિ

શ્રીમોટા પુરોહિતપદે બેસીને લગ્નવિધિ પણ કરાવે છે. એ માટે એમણે ગુજરાતી પદ્યમાં એ વિધિ પાછળની ભાવના આલેખી છે.

એમાં એમણે માંડવા મુહૂર્ત, ગ્રહશાંતિ, સપ્તપદી વગેરે ક્રિયાઓને ભાવાત્મક પ્રાર્થનાનું રૂપ આપ્યું છે. કન્યાદાન દેતી વેળાએ કન્યાનાં માતાપિતાએ ધારવાની ભાવના, વરકન્યાએ સપ્તપદી વેળાએ લેવાની પ્રતિજ્ઞા તેમ જ જીવનભર આચરવા માટેનું ‘જીવનવ્રત’ અનુષ્ટુપ છંદમાં ગાવાનું હોય છે. શ્રીમોટા રચિત આ ‘લગ્નભાવના’નું લગ્નવિધિ પ્રસંગે હાજર રહેલા સૌ કોઈએ સામૂહિક ગાન કરવાનું હોય છે. પરિણામે લગ્નવિધિ પ્રસંગે એક પ્રકારનું ભાવનાત્મક વાતાવરણ સર્જાય છે.

આ પ્રકારનાં વિધિવિધાનનું સર્જન અને એ વિધિ કરાવવાનું કાર્ય શ્રીમોટાની આપણા જનસમાજને એક મૌલિક દેણગી છે. આ વિવિધ વિધિવિધાન છાપેલાં સ્વરૂપમાં આશ્રમ પાસે સુરક્ષિત હોય છે.

## ૬. ખાતમુહૂર્ત-વાસ્તુપૂજન-ગૃહપ્રવેશ

શ્રીમોટાએ ખાતમુહૂર્ત તથા વાસ્તુપૂજનની વિધિ પણ કરાવી છે. આ નિમિત્તે તેઓશ્રીએ તે પ્રાર્થનાઓ રચેલી છે. એમાં તે તે ક્રિયા પાછળનો હેતુ અને એનું હાર્દ વ્યક્ત કર્યા છે અને ગૃહપ્રવેશ વેળાની પ્રાર્થનામાં રહેનાર જીવ કૃતજ્ઞતાની લાગણી અનુભવી જીવનમાં નમ્ર બને તેમ જ એ નિવાસને પોતાના ઊર્ધ્વજીવનની સાધનાનું એક સ્થાન બનાવે એવી ભાવના વ્યક્ત થયેલી છે.

## ૭. મરણોત્તર ક્રિયા

શ્રીમોટા એમ માને છે કે કોઈપણ કર્મ ઘરેડયુક્ત કે યદ્વાતદ્વા ન થવું જોઈએ. તેઓશ્રીએ એક વખત કહેલું કે, ''મૃત્યુ બાદ મરનારના નામે થતાં દાનથી ગત જીવને કશો લાભ થાય નહિ પણ એ જીવના ગયા પછી તેર દિવસ દરમિયાન મરનારની સ્મૃતિને સતેજ રાખીને પ્રાર્થના થાય તો સારું, કેમ કે તે જીવની કોન્શ્યસનેસ તેર દિવસ લગી તે વાતાવરણમાં રહે છે. બાકી, ઘરેડની રીતે કે દેખાદેખીથી કે વ્યવહાર ખાતર કરેલું દાન કે દેખીતું સત્કર્મ તે જીવને કે આપણને કશું જ વિકાસક લાભદાયક નથી.'' બારમા-તેરમાની વિધિ અંગે તેઓશ્રીએ કહેલું કે, ''આવી વિધિ જીવે જાતે ભાવનાત્મક દૃષ્ટિ, વૃત્તિ અને વલણથી જ્ઞાન-યુક્ત પ્રાર્થનાભાવથી કરવી જોઈએ. બ્રાહ્મણ કે વિદ્વાન પાસે કરાવ્યાનો ખાસ કશો અર્થ નથી. ખરું તો બાર દિવસ લગી અખંડ નામસ્મરણ કરવું જોઈએ, તો જીવને શાંતિ મળે ખરી.''

શ્રીમોટાએ પોતાનાં બાની મરણોત્તર વિધિ કોઈ પણ કર્મકાંડી બ્રાહ્મણના આશ્રય વિના જ કરેલી. મરણોત્તર વિધિ પાછળનું રહસ્ય ગૂઢ છે, છતાં એનું ભાવાત્મક તાત્પર્ય છે. હજી સુધી કોઈ એવું નિમિત્ત ઊભું થયું નથી માટે આ અંગેની કોઈ વિધિ-પ્રાર્થના તેઓશ્રીએ લખી નથી.

પણ સ્નેહી-સ્વજનના મૃત્યુ પછી સતત પ્રાર્થના કરાય એ માટે તેઓશ્રીએ પ્રાર્થના લખેલી છે.

શ્રીમોટાનું આ વિધિ-વિધાન એમના વ્યાપક કાર્યનો એક મહત્ત્વનો ભાગ છે. એનું મૂલ્યાંકન એની પાછળની ભાવના દ્વારા થઈ શકે છે.

## ● પ્રવચનો અને પ્રશ્નોત્તરી ●

શ્રીમોટા સામાન્ય રીતે પ્રવચનો કરતા નથી. હરિઃૐ આશ્રમની સ્થાપના પછી મૌનએકાંત મંદિરના સાધકો રવિવારે જ્યારે એકત્ર થાય ત્યારે સર્વ સાધકોને તેઓ સંબોધતા. મૌનએકાંત મંદિરમાંથી બહાર આવેલા તેમ જ મૌનએકાંત મંદિરમાં પ્રવેશતા સાધકો ‘હરિને ભજતાં હજી કોઈની લાજ જતી નથી જાણી રે....’ એ ભજન ગાય પછી શ્રીમોટા બે શબ્દો કહે, પણ હવે તેઓશ્રી ત્યાં પ્રવચન કરતા નથી.

જ્યારથી ગુણભાવ વિકાસક યોજનાઓ કરીને એ માટે મોટી રકમનાં દાનો આપવાની તેઓશ્રીએ જાહેરાતો કરી, ત્યારથી તેઓશ્રીએ પોતાનાં સ્વજનો પાસે એ માટે રકમ માગવા માંડી. એ રકમો એક સામટી મળી શકે એ માટે તેઓશ્રીએ પોતાના ઉત્સવો ઊજવવાની સંમતિ આપી. પરિણામે એક વર્ષમાં ચાર ઉત્સવો ઊજવાય એવી વ્યવસ્થા ઉપજાવાઈ છે.

(૧) ભાદરવા વદ ચોથ : શ્રીમોટાનો જન્મદિવસ.

(૨) વસંતપંચમી : શ્રીમોટાનો દીક્ષાદિન.

(૩) રામનવમી : શ્રીમોટાનો સાક્ષાત્કારદિન.

(૪) ગુરુપૂર્ણિમા.

ગુરુપૂર્ણિમાનો ઉત્સવ દરેક વર્ષે ટ્રિચીનાપલ્લી(દક્ષિણ ભારત)માં એન. ગોપાલદાસની પેઢીમાં ઊજવાય. એ ઉત્સવમાં મદ્રાસમાં રહેતાં કેટલાંક સ્વજનો, કુંભકોણમ્‌માં વસતા શ્રી હસમુખભાઈ મહેતાનો પરિવાર તથા પોંડિચેરી શ્રીઅરવિંદ આશ્રમમાં રહેતા અને શ્રીમોટાના

પરિચયમાં આવેલા મિત્રો ભાગ લે છે.

બીજા ત્રણ ઉત્સવો માટે કોઈ પણ સ્વજન કે સ્વજન-સમૂહ યજમાન બનીને ઉત્સવ ઊજવે. એમાં હરિઃૐ આશ્રમ તથા શ્રીમોટાના સંપર્કમાં આવેલ સૌ કોઈને નિમંત્રણ મોકલાય છે. આ ઉત્સવનો પ્રારંભ શ્રી મધુરીબહેન ખરેનાં ભજનોથી થાય છે. એ પછી શ્રીમોટા સ્વજનોને સંબોધીને પ્રવચન કરે. શ્રીમોટાનું એ ઉદ્‌બોધન સ્વજનોની બાહ્યાંતર 'ખબર' લેનારું બની રહે છે. પછી શ્રીમોટા સ્વજનો પાસે દાનની માગણી કરે છે.

એ પછી સ્વજનો યથાશક્તિ ભેટ શ્રીમોટાને ચરણે ધરે છે. શ્રીમોટાને સોનાનાં ઘરેણાં પણ અર્પણ થાય છે. એ ઘરેણાંને વેચીને શ્રીમોટા રૂપિયા મેળવી લે છે. ફૂલમાળાને બદલે સૂતરની આંટી અર્પણ થાય છે. એમાંથી ખાદી વણાવાય છે.

સૌ સ્વજનોને યજમાન તરફથી ભોજન અપાય છે. શ્રીમોટાએ સમયને અનુસરીને ભોજનમાં ઘણી જ સાદાઈ આણી છે. માત્ર ખીચડી, કઢી અને શાક જ પિરસાય એવી પ્રથા તેઓશ્રીએ ઉપજાવી છે.

શ્રીમોટા સાંજના 'પ્રશ્નોત્તરી'ના કાર્યક્રમમાં પ્રશ્નોના ઉત્તર આપે છે અને અલ્પાહાર પછી વિસર્જન થાય છે.

શ્રીમોટા આ ઉત્સવો દરમિયાન જે પ્રવચનો કરે છે તથા પ્રશ્નોના જે ઉત્તર આપે છે એ પણ એમના જીવનકાર્યનો એક જાહેર અંશ છે. પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ તેઓશ્રીએ પાછળથી બંધ કરાવી દીધો. શ્રીમોટા કોઈપણ પ્રકારની કૌતુકપોષક ચર્ચાને પ્રોત્સાહન આપતા નથી. જિજ્ઞાસુની અભીપ્સાનું તત્ત્વ જ પ્રોત્સાહિત કરાય છે. આથી, તેઓશ્રી પાસે કોઈ જિજ્ઞાસુ પ્રશ્નો લઈને જાય તો એને પ્રેમથી જવાબો આપે છે. એ સમય તેઓશ્રીનું શરીર ગમે તેટલું વેદનાગ્રસ્ત હોય તોપણ એવો સત્સંગ ખૂબ દર્શનીય બની રહે છે.

આ ઉપરાંત, શ્રીમોટા દક્ષિણા મેળવવાની શરતે ઉદ્‌ઘાટન કરવાનું કે કોઈ સભાનું પ્રમુખસ્થાન લેવાનું સ્વીકારે છે. આવે પ્રસંગે પણ શ્રોતાઓ પાસેથી દક્ષિણામાં યથાશક્તિ મેળવવાનું ચૂકતા નથી.

## • પત્રો •

૧૯૩૯થી શ્રીમોટાએ શ્રી હેમંતકુમાર નીલકંઠને તથા શ્રી નંદુભાઈ શાહને જીવનવિકાસની સાધના અંગેનું વ્યવહારુ માર્ગદર્શન આપતા ઘણા જ પત્રો લખેલા. એ ઉપરાંત, અન્ય જિજ્ઞાસુ સાધકોને આધ્યાત્મિક જીવન વિકસાવવા પત્રો લખેલા. એ પત્રોમાંથી ઘણા પત્રો સંપાદિત થઈને ઘણાં પુસ્તકોમાં સંગ્રહાયા છે, છતાં હજી પણ ઘણા પત્રો અપ્રકટ છે.

આ ઉપરાંત, શ્રીમોટાએ સાંસારિક તથા સામાજિક કોયડામાં અટવાયેલી વ્યક્તિઓને પણ પત્રો દ્વારા માર્ગદર્શન આપ્યું છે. પતિ-પત્ની વચ્ચે કોઈ કારણસર વિખવાદ થયો હોય, ત્યારે શ્રીમોટાએ બંને વચ્ચે સમાધાન કરાવી આપ્યું છે. બંનેએ એકબીજા પ્રત્યે કેવો દૃષ્ટિકોણ અપનાવવો એ પ્રેમપૂર્વક સમજાવીને એમને બંનેને સ્નેહમય જીવનના માર્ગે પ્રેર્યા છે. એક પ્રણયત્રિકોણની પરિસ્થિતિમાં ત્રણેય વ્યક્તિઓને સંયમની અને ઉદારતાની ભાવનાથી કેવી રીતે જીવતાં શિખાય તેનું માર્ગદર્શન આપ્યું છે. આ ઉપરાંત, સગર્ભાવસ્થામાં સ્ત્રીએ કેવી રીતે વર્તવું, નાના બાળકને કેવી રીતે ઉછેરવું, (ઉદાહરણ તરીકે સ્તનપાન કરાવતાં તથા બાળકનું મેલું સાફ કરતાં કેવા પ્રકારની ભાવના રાખવી) તેમ જ મોટા થઈ રહેલા બાળકમાં ઉદારતા, સહિષ્ણુતા, હિંમત, પ્રેમ વગેરે ગુણો કેવી રીતે કેળવાય તેનું અને યૌવન પ્રવેશ પહેલાં કિશોરાવસ્થામાં જે ભયસ્થાનો ઊભાં થાય, તેનું સ્પષ્ટ શબ્દોમાં નિરૂપણ કર્યું છે તથા નિરાકરણ દર્શાવ્યાં છે.

શ્રીમોટાના પત્રો દરેક કક્ષાની વ્યક્તિઓને લખાયેલા છે. તેઓશ્રીના પત્રોમાંથી માર્ગદર્શન મેળવનાર વિદ્વાનો, પંડિતો, સ્ત્રીઓ તથા બાળકો પણ છે. શ્રીમોટાનું આ વ્યક્તિગત સંપર્કનું કાર્ય ઘણું જ નિયમિત અને સતત થતું જ રહ્યું છે.

'શબ્દની શક્તિ'ની સૂક્ષ્મચર્ચા તેમ જ છમાસિક પરીક્ષામાં નાપાસ થનાર બાળકે નિરાશ ન થતાં કેમ ઉદ્યમશીલ બનવું તેનું માર્ગદર્શન શ્રીમોટાના આ પ્રકારના પત્રોમાંથી મળે છે.

આ પ્રકારના શ્રીમોટાના પત્રો વિપુલ પ્રમાણમાં છે, જેમાંના મોટા ભાગના હજી અપ્રકટ છે.

## ● ગુણભાવ વિકાસક યોજનાઓ ●

શ્રીમોટાએ હરિઃૐ આશ્રમ દ્વારા ગુણભાવ વિકાસક યોજનાઓ રજૂ કરી. વિશાળ જનસમાજને સ્પર્શ કરી એક અરૂઢ શૈલીના કાર્યનો આરંભ કર્યો. 'મારે સમાજને બેઠો કરવો છે'—એવા વિલક્ષણ અંતર-આદેશથી તેઓશ્રીનું આ કાર્ય પરિણત થયું છે.

હરિઃૐ આશ્રમ નડિયાદ પાસે વહેતી શેઢી નદીમાં ડૉક્ટરી અભ્યાસ કરતા બે યુવાનોને તરતાં આવડતું નહિ હોવાથી ડૂબી ગયા. આથી, શ્રીમોટાને નડિયાદમાં સ્નાનાગાર બનાવરાવવાની પ્રેરણા થઈ. નડિયાદ સુધરાઈને તેઓશ્રીએ પંચાવન હજાર રૂપિયા સ્નાનાગાર માટે આપ્યા. ૧૯૬૯માં એ સ્નાનાગાર ખુલ્લો મુકાયો.

એમણે જોયું કે દેશનું યૌવનધન વેડફાઈ રહ્યું છે. ત્યારે યુવાનોમાં સાહસ, હિંમત, પરાક્રમ, ખમીર, સહિષ્ણુતા જેવા ગુણો વિકસે અને એ ગુણો ઊર્ધ્વભાવથી જીવનને ઉન્નત બનાવે એવી પ્રવૃત્તિઓનો તેઓશ્રીએ આરંભ કર્યો.

### ૧. ધનનો સદુપયોગ

શ્રીમોટાએ કદી પણ ધનસંચયની સ્પૃહા સેવેલી નહિ. ૧૯૪૦માં એક ભાઈએ શ્રીમોટાને એક હજાર રૂપિયા ભેટ આપ્યા. એ રકમ તેઓશ્રીએ રાહતફાળામાં આપી દીધેલી. પોતાનાં પુસ્તકોનાં પ્રકાશન વેચાણમાંથી મળેલા એક લાખ ઉપરાંત રૂપિયા તેઓશ્રીએ સમાજ-કલ્યાણની પ્રવૃત્તિ ખાતે સમર્પિત કર્યા.

પ્રજામાં ત્યાગની ભાવના વિકસે અને સમાજ પ્રત્યેની ઋણની સભાનતા સક્રિય થાય એટલા ખાતર તેઓશ્રીએ પોતાનાં સ્વજનો તેમ જ પ્રશંસકો પાસેથી ધન લઈને સમાજનાં ચરણે ધરવાં માંડ્યું છે.

જનકલ્યાણની વિવિધ પ્રવૃત્તિઓ માટે શ્રીમોટાની નાણાં એકત્રિત કરવાની રીત લાક્ષણિક છે. જે કોઈ સ્વજન શ્રીમોટાને પોતાને ત્યાં નિમંત્રે તો એણે દક્ષિણારૂપે કંઈક રકમ આપવી પડે અને પોતાના સ્નેહીઓ પાસેથી ઉઘરાવીને પણ આપવી પડે. શ્રીમોટાને કોઈ કાંઈ પણ કામ માટે નિમંત્રે તો એણે તેઓશ્રીના કાર્ય માટે ફાળો આપવાનો રહે. શ્રીમોટાની આ પ્રકારની દાન યોજનાનો આરંભ થયા પછી અવનવી રીતે તેઓશ્રીને નાણાં મળી રહે છે. ૧૯૭૦માં ભરૂચ જિલ્લાના શંકર-૪ કપાસના ઉત્પાદકો તરફથી આમોદ ગામમાં શ્રીમોટાને રૂ. ૨૫ હજાર અર્પણ કરાયા હતા. શ્રીમોટાએ એ રકમના વ્યાજમાંથી જે ખેડૂતો ડાંગર, જુવાર, કપાસ, ઘઉં એકર દીઠ સૌથી વધુ ઉત્પન્ન કરે તેને સુવર્ણચંદ્રક આપવા માટે પાછા આપ્યા. ખેડૂતોનો ફાળો ખેડૂતોને જ પ્રોત્સાહિત કરવા સમર્પિત કર્યો.

તેઓશ્રી પોતાને ભેટ મળેલી ચીજવસ્તુઓનું જાહેર વેચાણ કરીને રૂપિયા એકત્રિત કરે છે. ખાતમુહૂર્ત વેળાએ પ્રાપ્ત થયેલા ચાંદીનાં તાળાંકૂંચી તથા લેલાનું લીલામ કરેલું અને રૂ. ૨૨૬૦/- મેળવેલા. પોતાને મળતાં સોનાનાં ઘરેણાંને વેચીને પણ એ રકમ જનકલ્યાણની યોજનામાં આપી દે છે.

## ૨. ગુણની કદર

શ્રીમોટા વ્યક્તિમાં પ્રકટ થતાં સત્ત્વગુણની કદર કરીને એ ગુણ પ્રત્યે પ્રજાનું ધ્યાન દોરે છે.

વિખ્યાત સાગર તરવૈયા બૅરિસ્ટર શ્રી મિહિર સેનને સૌ પ્રથમ રૂ. ૧૦૧નું કદર-પારિતોષિક શ્રીમોટાએ હરિઃૐ આશ્રમ તરફથી આપેલું. શ્રી મિહિર સેને પરદેશમાં જઈને જુદા જુદા સમુદ્રો તરવાની યોજના બહાર પાડી, ત્યારે તેમની સાહસિક વૃત્તિની કદર લેખે

રૂ. ૨૫૦૦ની ભેટ તારથી મોકલાવી હતી. શ્રી મિહિર સેને આ રકમ લેવાની અનિચ્છા દર્શાવી હતી, પણ શ્રીમોટાના પ્રેમાગ્રહને વશ થઈને તેમણે એ રકમ સ્વીકારી લીધી હતી.

શ્રી નંદુભાઈ પરના તા. ૧૯-૧૦-૧૯૬૬ના એક પત્રમાં શ્રી મિહિર સેને લખ્યું છે :

'મુસાફરીને લીધે, તૈયારીને કારણે ને તરવાના પ્રયાસોને કારણે આપને હું ઘણીવાર લખી શકતો નથી. આપે મારાં પરિણામો વિશે તો જાણ્યું જ હશે. ગુરુદેવના આશીર્વાદ અને પ્રાર્થનાઓ બદલ મારો હાર્દિક આભાર દર્શાવશોજી.'

૧૯૬૮માં જ્યારે ભાડભૂતથી ભરૂચ સુધીની નર્મદા નદીમાં યોજાયેલી અખિલ ભારત તરણસ્પર્ધાના વિજેતાઓને શ્રી મિહિર સેને ઈનામ વહેંચેલાં, ત્યારે એમણે શ્રીમોટાની પ્રેરણાનો ઉલ્લેખ કરીને કહેલું કે, ''શ્રીમોટા સંપૂર્ણ વ્યક્તિ છે. તેઓ આ પ્રસંગે હાજર નથી, છતાં હરીફ યુવાનોને આશીર્વાદ આપતા હોય તેમ મને લાગે છે. મને મારાં દરેક સાહસોમાં પૂજ્ય શ્રીમોટાની પ્રેરણા, અદૃશ્ય માર્ગદર્શન અને સહાય મળતાં રહ્યાં છે. કોઈ અદૃશ્ય શક્તિ મને સહાય કરતી હોય તેવો મને હરહંમેશ અનુભવ થાય છે.''

૧૯૬૯માં ધ્રાંગધ્રાથી હળવદ જતી રાત્રીની ગાડીમાં કેટલાક હુમલાખોરોએ સ્ત્રીઓના ડબામાં પ્રવેશીને સ્ત્રીઓ પર હુમલો કરેલો. એમાં પ્રવાસ કરતાં જૂનાગઢ મ્યુનિસિપલ કૉર્પોરેશનનાં પ્રમુખ શ્રીમતી હેમાબહેન આચાર્યે એ હુમલાખોરોનો બહાદુરીપૂર્વક સામનો કરેલો અને પોતે ઘાયલ થયાં છતાં પણ સાંકળ ખેંચીને ગાડી થંભાવી હતી. શ્રીમોટાએ અમદાવાદની જુદી જુદી અઠ્ઠાવીસ મહિલા સંસ્થાઓના ઉપક્રમે યોજાયેલા એક સમારંભમાં શ્રીમતી આચાર્યને સુવર્ણચંદ્રક એનાયત કર્યો હતો. આ જ સમારંભમાં અમદાવાદમાં ઘરકામ કરતી જતનબહેન નામની એક રબારી બહેનને, ચોરને પડકારીને પકડાવી દઈને હિંમત દાખવવા બદલ રૂ. ૧૦૧ ઈનામરૂપે આપ્યા હતા.

ઊંઝામાં રસ્તો વાળનાર એક બાઈને રૂ. ૨૫૦૦ની નોટોનું બાંધેલું બંડલ જડેલું. એણે એના માલિકને પરત કર્યું. છાપાંમાં આ સમાચાર વાંચીને શ્રીમોટાએ રૂ. ૫૦/- પ્રમાણિક્તાની કદરરૂપે મોકલાવી આપ્યા હતા.

વ્યક્તિઓમાં સક્રિય થતા સાહસ, હિંમત, પરાક્રમ, પ્રમાણિક્તા આદિ ગુણોની શ્રીમોટા સતત કદર કરતા જ રહ્યા છે.

શ્રીમોટાએ દાનયોજના દ્વારા પોતાની યોજનાઓ વિસ્તારી છે. હવે તો એ ગુણભાવ વિકાસક યોજનાઓ અખિલ ભારતીય ધોરણ સુધી વિસ્તરી છે. શ્રીમોટાએ પારિતોષિકો એનાયત કરવાની જે યોજના કરી છે, એમાં એ જે તે ક્ષેત્રમાં વિશિષ્ટ યોગદાન અર્પણ કરનાર વ્યક્તિનું નામ તે પારિતોષિકો સાથે જોડીને એમની જે તે ક્ષેત્રની સેવાની કદર કરી છે. ઉદાહરણ તરીકે શ્રીઅરવિંદ, ભગિની નિવેદિતા, સર સી. વી. રામન, ડૉ. ભાભા, આચાર્ય આનંદશંકર ધ્રુવ, શ્રી ઠક્કરબાપા, શ્રી અંબુભાઈ પુરાણી, શ્રી રવિશંકર મહારાજ, પંડિત રવિશંકર વગેરે....

## ૩. સદ્પ્રવૃત્તિના પ્રથમ પ્રેરક અને પ્રોત્સાહક

શ્રીમોટા, ગુણ અને શક્તિની જાહેર કદરની પ્રવૃત્તિ શરૂ કરનાર સૌ પ્રથમ સંતપુરુષ છે.

શ્રીમોટાએ દાનના પ્રવાહની એક નૂતન, મૌલિક તથા રચનાત્મક દિશા પ્રજાને દેખાડી છે. ગુજરાતમાં અને દેશભરમાં સમુદ્ર તરણસ્પર્ધા યોજવાનું કામ તેઓશ્રીની પ્રવૃત્તિને આભારી છે. જ્ઞાનગંગોત્રી, કિશોરભારતી, બાલભારતી, સાહિત્ય સંદર્ભકોશ, વ્યાકરણ તથા વ્યુત્પત્તિશાસ્ત્ર, તેમ જ સર્વજ્ઞાનસંગ્રહ (એન્સાઈક્લોપીડિયા)ના પ્રકાશનની પ્રવૃત્તિનો પ્રારંભ તેઓશ્રીની દાન યોજનાથી જ થયો છે. લલિત અને ઈતર લલિતકળાઓ તેમ જ વિજ્ઞાન, તબીબી તથા કૃષિક્ષેત્રની તમામ શાખાઓમાં સંશોધનને પ્રેરણા અને પ્રોત્સાહન

આપનાર પણ શ્રીમોટાની પ્રવૃત્તિ સર્વ પ્રથમ છે.

તેઓશ્રીએ પોતાની આ યોજનાઓ દ્વારા આખા દેશના જન-સમુદાયના કલ્યાણ માટે વિરાટ પગલું ભર્યું છે. છતાં શ્રીમોટા કહે છે કે, 'આ કામ તો તલના કરોડમા ભાગ જેટલું છે.'

## ૪. અન્ય કાર્યો

આવી અપૂર્વ યોજના ઉપરાંત, પરબ, ચકલાંને ચણ, વૃક્ષોનો ઉછેર, સંવર્ધન અને રક્ષણ, નદીના ઓવારાઓનું સમારકામ તથા સંરક્ષણ જેવાં કાર્યો પણ શ્રીમોટાની યોજના દ્વારા થાય છે.

## ૫. અજોડ કાર્યપદ્ધતિ

શ્રીમોટા આ બધી સમાજોત્થાનની પ્રવૃત્તિ માટે જે દાનો કરે છે એની પદ્ધતિ લાક્ષણિક છે.

હરિઃૐ આશ્રમોની વ્યવસ્થા કે નિભાવ ખર્ચ પેટે એક પૈસો પણ આ દાનમાંથી લેવાતો નથી. જરૂરિયાતની ચીજવસ્તુઓનાં સીધાં જ દાન દ્વારા આશ્રમનો નિભાવ થાય છે.

શ્રીમોટા સૌ પ્રથમ દાનની રકમની જાહેરાત કરે છે અને એ પછી એ રકમ એકત્ર કરવા સમાજને—સ્વજનોને પ્રેરે છે.

પ્રજા પાસેથી મળેલાં નાણાં અકબંધ રહે અને એના વ્યાજમાંથી પ્રવૃત્તિઓ ચાલે એવી શરતી યોજનાઓ થાય છે અને આ પ્રવૃત્તિઓનો વહીવટીખર્ચ પણ આ રીતે અપાયેલી રકમના વ્યાજમાંથી થતો નથી.

માનવસમાજની કાર્ય કરવાની પદ્ધતિની મર્યાદાને સ્વીકારીએ તોપણ નાણાંનો સંપૂર્ણ સદુપયોગ જ થાય એવું દષ્ટિબિંદુ આ યોજનાઓ પાછળ જણાય છે.

## ૬. રોગગ્રસ્ત શરીરની અપૂર્વ ચર્યા

લાખો રૂપિયાની દાનયોજના માટે નાણાં એકત્રિત કરવાના હેતુથી શ્રીમોટા શુભેચ્છકોનું નિમંત્રણ સ્વીકારે છે. શ્રીમોટા ફાળો ઉઘરાવવા માટે કદી પણ ફરતા નથી. શ્રીમોટાની પ્રવૃત્તિથી પ્રેરાઈને જે કોઈ તેઓશ્રીને નિમંત્રણ આપે તો તેઓ એને ત્યાં જાય છે.

શ્રીમોટાનું શરીર ૧૯૬૦થી જુદા જુદા પ્રકારના ભારે પીડાકારી રોગનો ભોગ બની રહ્યું છે. એમને માથામાં ઝામરને લીધે સતત સણકા માર્યા જ કરે છે. આંખોમાં ખીલ છે. બોચીથી કમર લગીના વિસ્તારમાં અમુક મણકા ખસી ગયા છે, એથી બેસી રહેવું ઘણું જ પીડાકારક બને છે. પથારીમાં રહેવાને લીધે થાપા પર બળતરા થાય છે. પ્રોસ્ટેટ ગ્લેન્ડનું દર્દ તથા હરસમસાની પીડા પણ ભારે છે. ડાયાબિટીસ, ટી.બી., દમ (અસ્થમા) અને હમણાં છેલ્લે શરીરમાં વધી ગયેલું પાણી—આ બધા રોગો હોવા છતાં શ્રીમોટા મોટરમાં સૂતાં સૂતાં ઘણા જ લાંબા પ્રવાસો કરે છે. સખત ઠંડી હોય કે આગ વર્ષાવતો તડકો હોય કે મુશળધાર વરસાદ વરસતો હોય તોપણ શ્રીમોટાની ચર્યા નિયમિત ચાલે છે.

શ્રીમોટા તો માત્ર એક જ વાત કરે છે, ‘મારે સમાજને બેઠો કરવો છે’. શ્રીમોટાને મન ‘સમાજ’ એ ‘ભગવાન’નો પર્યાય છે. ઈશ્વરની ગુણશક્તિ જો પ્રજામાં ન જાગે તો ધર્મ ટકી શકે જ નહિ. એથી શ્રીમોટા કહે છે, ‘સૌ કોઈ સમાજ પ્રત્યેનો ધર્મ ચૂક્યા છીએ. ધર્માચાર્યો અને સાધુઓએ સમાજને સાચી વાત કહી નથી. એની સમાજ પર માઠી અસર થઈ છે. માત્ર આશીર્વાદથી કામ સરી જવાની ભાવનાથી સમાજ લૂલો થઈ ગયો છે.’

‘આજે ભલે લોકો ક્રાંતિની વાતો કરે, પણ હમણાં સમાજ સુધરે એમ નથી. ભવિષ્યમાં ભારે અંધાધૂંધી આવવાની હોય એવું વાતાવરણ જણાય છે, પણ અંધાધૂંધી બાદ ભારતનો વિકાસ જરૂર થવાનો છે. કેમ કે આજે પણ ઉચ્ચ વિચારનાં મોજાં ચાલે છે, પણ રેડિયોની માફક એને

પકડનાર કોણ છે ? આ મોજાંને પકડવા માટે આપણે ઈશ્વરાભિમુખ થવું જોઈએ, પણ જ્યારે સમાજ જાગશે ત્યારે જ આ કાર્ય થશે.'

## • આંખ મીંચાય ત્યારે •

શ્રીમોટાએ છેલ્લાં કેટલાંક વર્ષોથી લોકસંગ્રહની પ્રવૃત્તિને આકાર આપ્યો છે. એ પ્રવૃત્તિ કરનાર અને પ્રેરનાર શ્રીમોટા હોવા છતાં પ્રત્યક્ષપણે તો 'હરિઃૐ આશ્રમ'નું જ નામ જાહેર થાય છે. એથી એમના શરીરના અંત પછી એને મહત્ત્વ આપવામાં લોકો ન પ્રેરાય એ માટે એમણે પોતાનું નીચે પ્રમાણેનું મંતવ્ય જણાવી દીધું છે :-

''**મોટા**ના શરીરની હસ્તી ના હોય ત્યારે **મોટા**ના સ્મરણમાં—આ શરીર સાથે સંકળાયેલ બધાં મિત્રોને-પ્રશંસકોને આ શરીર પડે કે તરત કંઈક ને કંઈક રકમ પ્રેમભાવે મોકલી આપવાનું લખવું. આ રીતે જે રકમ મળે, તે બધી **'મોટા** સ્મારક ફાળા ખાતું' શરૂ કરીને તે ખાતે જમા કરવી. તે રકમનો વહીવટ શ્રી નંદલાલ ભોગીલાલ શાહ કરશે. તે અંગેનો ઠરાવ ટ્રસ્ટીમંડળ કરી લઈ શકે છે.

**વળી, મારી એવી પણ સલાહ છે કે હરિઃૐ આશ્રમમાં કે ક્યાંયે ઈંટ-ચૂનામાં, તુલસી-ક્યારામાં, બાવલાં-પૂતળાંમાં કે એ રીતે કંઈ પણ સ્થૂળ સ્મારક ના કરવું. તેમાં નાણાંનો વ્યય ના કરવો. પણ જે રકમ ઉપરના ખાતામાં ભેગી થઈ હોય તેનું કોઈ સારું રચનાત્મક કાર્ય કરવાનું રાખવું. સાચું સ્મારક કરવું જ હોય તો સમાજમાં ગુણ ને ભાવ પ્રકટે તેવું કરવું, તે સાચું સ્મારક છે.**

અને આ શરીર પડે કે તરત જ તેનો કે શરીરની આંખોનો ઉપયોગ કોઈક ડૉક્ટરી કામ શીખવાનાં કે કોઈ ઉપકારક કામોમાં થઈ શકતો હોય તો આ શરીરનો ઉપયોગ તે રીતે થાય તેમ કરવો. શરીરને બાળવામાં આવે તો આ શરીરનાં

અસ્થિને તુરત પાસેમાં પાસે જે નદી હોય તેમાં પધરાવી દેવાં. બીજાં દૂરનાં સ્થળોએ કે મનાતાં પવિત્ર ધામોમાં તેને લઈ જવાનો વિચાર સરખો ન કરવો.''

## • પૂજ્ય શ્રીમોટાનો અપૂર્વ દેહત્યાગ •

પૂજ્ય શ્રીમોટાએ સમાજોત્થાનનાં કાર્યો માટે અત્યંત પીડાકારક રોગો સાથે સન ૧૯૬૨ થી ૧૯૭૫ સુધી અવિરત શ્રમ લીધો. તેઓશ્રીને કરોડરજ્જુ તથા ગળાના મણકાઓના ઘસારાનું તીવ્રતમ દુખાવાનું દર્દ, ઝામરને કારણે માથામાં સતત સણકા, એસીડીટી, પ્રોસ્ટેટ ગ્લેન્ડ, હરસમસા, આંખોમાં ખીલ, લોહીનું વત્તું-ઓછું દબાણ, ચામડીની એલર્જી સાથે ખંજવાળ, શરીરમાં પાણીનો ભરાવો ઉપરાંત, ભારે હુમલાકારક વર્ષો જૂનો દમ વગેરે રોગો હતા. દમને કારણે છેલ્લે છેલ્લે તો ઑક્સિજન ગૅસ સતત સાથે રાખવો પડતો. આમાંનો એકાદ પણ રોગ સામાન્ય જનને હોય તો પથારીવશ જ રહે. જ્યારે પૂજ્ય શ્રીમોટા તો વ્હીલચૅરમાં હરતાં-ફરતાં રહી મોટરકાર અને ટ્રેનમાં સેંકડો માઈલોની મુસાફરી પણ કરતા. આવી નાદુરસ્ત તબિયતે પણ સવારથી સાંજ સુધી સ્વજનોનાં ઘરે પોતાની લોકકલ્યાણની યોજનાઓ પૂર્ણ કરવા પધરામણી કરતા હતા.

આવી પ્રવૃત્તિ ધમધમતી હતી ત્યાં જ ૧૯૭૫ના રામનવીના અમદાવાદના ટાઉનહૉલના ઉત્સવમાં એમણે જાહેર કર્યું, ''હવે મારે કોઈ ઉત્સવ ઊજવવા દેવો નથી. હું હવે અમદાવાદ આવવાનો નથી. હવે કોઈ મને મળવા કરવા આશ્રમે આવશો નહિ.'' આમ પોતે પૈસા માગવાનું તો બંધ કર્યું, પરંતુ અન્ય સ્વજનો પણ જે ઉઘરાણું કરતા તે બંધ કરાવ્યું. આ હતી એમના નિઃસંગીપણાના પાસાને વ્યક્ત કરવાની શરૂઆત. પોતે તમામ પ્રવૃત્તિઓને ખેંચી લીધી. આશ્રમના

મુલાકાતીઓને પણ નિશ્ચિત સમય (સવારે ૬ થી ૯) સિવાય મળતા નહિ. જ્યારે એમને લાગ્યું કે હવે એમનું શરીર 'લોકકલ્યાણના ખપમાં' આવી શકે એવું નથી, ત્યારે શરીરનો 'આનંદપૂર્વક' ત્યાગ કરવાનું નક્કી કર્યું, પરંતુ ચોક્કસ દેહત્યાગ પહેલાંનો થોડો પૂર્વ ઇતિહાસ જાણવો રસપ્રદ છે.

સામાન્ય રીતે એકાદ અપવાદ સિવાય પૂજ્યશ્રી વર્ષોથી ગુરુપૂર્ણિમા સમયે દક્ષિણ ભારતમાં કુંભકોણમ્ આશ્રમે રહેતા. ત્યાંનાં સ્વજનો ગુરુપૂર્ણિમા ત્યાં જ ત્રિચી કે કુંભકોણમ્માં એમની હાજરીમાં ઊજવતાં, પરંતુ ૧૯૭૬ની જુલાઈ માસની ગુરુપૂર્ણિમા પર પૂજ્યશ્રીએ કુંભકોણમ્ જવાનું બંધ રાખ્યું. ઘણા લાંબા સમયે ગુરુપૂર્ણિમાએ પૂજ્યશ્રી સુરત આશ્રમે હોય એવો પ્રસંગ આવ્યો. એમણે તો ગુરુપૂર્ણિમાને દિવસે કોક અજ્ઞાત સ્થળે જવાનું વિચારી રાખેલું. આથી, ગુરુપૂર્ણિમા પર આવવા ઉત્સુક એવાં અનેક મુંબઈ-અમદાવાદનાં સ્વજનોને એમણે ના કહેવડાવેલી કે, ''આવશો નહિ. હું મળી શકીશ નહિ.'' પરંતુ સુરતનાં સ્વજનોએ પૂજ્યશ્રીને વિનંતી કરી, ''ગુરુપૂર્ણિમાના શુભ દિવસે ઘણાં વર્ષો પછી આપ અહીં છો તો તમે તે દિવસે આશ્રમમાં જ રહો તો સારું.'' પૂજ્યશ્રીએ તેમનાં સમાજોત્થાનનાં કાર્ય માટે સારી એવી રકમ મળતી હોય તો પોતે સવારના ૭-૩૦ વાગ્યા સુધી રોકાવાની સંમતિ આપી. સુરતનાં સ્વજનોએ રૂપિયા બાવન હજાર એમનાં ચરણે ધરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો. નાણાં એકત્રિત થવાં લાગ્યાં. ધીરે ધીરે લક્ષ્યાંક બદલાતું ગયું અને ૭૭ હજારનું થયું. ગુરુપૂર્ણિમાના દિવસ સુધી ૬૭ હજાર એકત્રિત થયાં, પરંતુ ગુરુપૂર્ણિમાની સવારની પ્રાર્થના બાદ એક સ્વજને ઊભા થઈ ૧૦ હજાર આપ્યાનું જાહેર કરી લક્ષ્યાંકની ઉપર રકમ ચાલી ગઈ. પછીથી એ જે નિમિત્તે આવેલાં નાણાંની રકમ ઉમેરતાં આંકડો ૮૫ હજારનો થયો.

તે દિવસે ધોધમાર વરસાદ હતો. સુરત શહેરનો બધો જ વાહન-

વ્યવહાર ખોરવાઈ ગયો હતો. અમદાવાદથી આવનાર ભક્તોએ સુરત સ્ટેશને રાત્રે ૧ાા વાગ્યે ઊતરતાં જ જાહેરાત સાંભળી કે, ''હવે પછીની અમદાવાદથી આવતી ટ્રેનો બંધ છે, કારણ કે કોસંબા સ્ટેશન પર પાણી ભરાઈ ગયાં છે.'' આખું સુરત સ્ટેશન ફૂટપાથવાસીઓ અને ઝૂંપડાં-વાસીઓના આશ્રયસ્થાન તરીકે ભરચક ભરેલું હતું. સુરત શહેરમાં પણ ઠેર ઠેર પાણી ભરેલાં હતાં. રાત્રે રિક્ષાઓ બંધ હતી. સુરતથી રાંદેરને રસ્તે પણ અનેક મોટરગાડીઓ ફસાયેલી હતી. આવી પરિસ્થિતિમાં પણ અઢીસો ત્રણસો માણસો સવારના ૬ વાગ્યે સુરત આશ્રમે પૂજ્યશ્રીનાં દર્શનાર્થે અને ગુરુવંદના માટે હાજર હતાં. પ્રાર્થના થઈ. ગુરુવંદના માટે બધાં લાઈનમાં ઊભાં હતાં. કેટલાંક વિચારતાં હતાં કે આવા ધોધમાર વરસાદમાં પૂજ્યશ્રીનું જવાનું હવે બંધ રહેશે, પરંતુ ૭ાા વાગતાં જ પૂજ્યશ્રીને મોટરમાં બેઠેલા જોતાં બધાં આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયાં. ઘણાં ઓછાંને ખબર હતી કે મોટર ઠંડી ન પડી જાય એ માટે એમણે મોટરનું મશીન ચાલુ રખાવીને ગરમ કરી રાખેલું. એમણે તો નિશ્ચિત સમયે આશ્રમ છોડ્યો. સને ૧૯૭૬ તા. ૧૧મી જુલાઈનો એ ગુરુપૂર્ણિમાનો દિવસ. એમની ઇચ્છા વિદ્યાનગર શ્રી રામભાઈ અને ડૉ. કાંતાબહેનને ત્યાં જઈને તે જ રાત્રે દેહ છોડવાની હતી. 'અમે આવીશું' એવી મતલબનું શ્રી રામભાઈને કદાચ કહી પણ રાખેલું, પરંતુ 'તમારે કાંતાને કહેવું નહિ' એવી પણ સૂચના આપેલી. શ્રી રામભાઈએ એ હુકમનું યથાર્થ પાલન કર્યું હતું. તેમના ઘરે દેહ છોડવો છે એ અંગેનો ઈશારો તો રામને પણ કરેલો નહિ. પૂજ્યશ્રી અને શ્રી નંદુભાઈ, બે જ જણા એ જાણે.

સુરત આશ્રમેથી નીકળ્યા બાદ વડોદરાને રસ્તે કોસંબાનો પુલ તૂટેલો હોવાથી તેમને પાછા ફરવું પડ્યું. પાછા ફરતાં કડોદરાને બદલે ભૂલથી વરાછા રોડ પર આવી ગયા. વરાછા રોડ અને સુરત વચ્ચેના ગરનાળાથી આગળ એક ગલીમાં થઈ શહેરમાં પ્રવેશ કરવા જતાં કાદવ કીચડવાળા પાણી ભરેલા ખેતરમાં ગાડી ફસાઈ ગઈ. શ્રી નંદુભાઈની

ફરતી ઑફિસનું કેટલુંક સાહિત્ય મોટરમાં પાણી ભરાવાથી પલળીને બગડી ગયું. આજુબાજુની સોસાયટીના કેટલાક માણસોએ પૂજ્ય શ્રીમોટાને ઓળખી લીધા અને ફસાયેલી ગાડીને બહાર કાઢવાની વિનંતી કરવા છતાં, તેમણે મદદ કરવાની તત્પરતા દાખવી નહિ, કારણ કે ઊંડે ઊંડે ગુરુપૂર્ણિમાના દિવસે અનાયાસે આવેલા **મોટા**ને પોતાના ઘરમાં પધરામણી કરાવવાની ઇચ્છા રહેલી હતી. પેલા માછીમારે પગ ધોયા વિના હોડીમાં બેસાડવાની શ્રીરામને ના પાડેલી, જેથી પગ ધોવાની તક મળે. કંઈક તેવો જ આ પ્રસંગ હતો, પરંતુ મક્કમ નિર્ધાર સાથે પૂજ્યશ્રી તો કારમાં જ સૂઈ રહ્યા. ''હવે કંઈ દાળ ગળે એમ નથી'' એવું વિચારીને પછી બધાંએ મદદ કરી અને મોટર ખેંચી કાઢી. આખરે ચારેક કલાક બાદ સુરત આશ્રમે ૧૨ વાગ્યે પાછા આવ્યા. સુરત આશ્રમના પ્રમુખ શ્રી હસમુખભાઈ રેશમવાળાને પૂજ્યશ્રીએ કહી રાખ્યું હતું કે વડોદરાથી જો કોઈ પહેલી ટ્રક આવે, તો રોડ ચાલુ થયાની જાણ અમને તરત કરજો. એવી ખબર મળ્યાથી બીજે દિવસે તા. ૧૨મી જુલાઈએ સવારે ૬ વાગ્યે સુરત આશ્રમેથી નીકળ્યા. વડોદરા પહોંચતાં પહેલાં દસબાર માઈલ પહેલાંનું ગામ પોર આગળ પાણી ભરાયેલાં હોવાથી ત્યાં થોડો વખત થોભવું પડ્યું. વડોદરા પાસે આવ્યા, ત્યારે વિશ્વામિત્રી ઉપરનો વાહન-વ્યવહાર બંધ હોવાથી પૂજ્યશ્રીએ પોતાના વડોદરાના કાયમી યજમાન શ્રી જયરામભાઈ દેસાઈને ત્યાં પ્રતાપનગર ગાડી લેવડાવી. ત્યાં ત્રણેક કલાક આરામ કરી નીકળ્યા. પણ વડોદરા શહેરમાંથી પાણી હજુ ઓસર્યાં ન હતાં. પોલીસ કોઈ પણ વાહનને આગળ જવા દેતી ન હતી, પરંતુ વડોદરાના માજી મેયર શ્રી લલિતભાઈએ **મોટા**ને ગાડીમાં જોયા અને આગળ જવા દેવાની વ્યવસ્થા કરી, પરંતુ છાણી આગળ ખૂબ પાણી ભરાયેલાં હોઈ એ રસ્તો બંધ હોવાથી, પૂજ્યશ્રીએ ગાડી પોતાના સ્વજન એલેમ્બિકવાળા શ્રી રમણભાઈ અમીનને ત્યાં લેવડાવી. શ્રી રમણભાઈ અમીનને ત્યાં અર્ધો કલાક રોકાઈને એમના પુત્ર શ્રી ચિરાયુભાઈને રસ્તો બતાવવા પાઇલટ કાર તરીકે આગળ રાખ્યા અને પાછળના રિફાઈનરી-

વાળા રસ્તે ફર્ટિલાઈઝર પાસે હાઈવે ઉપર નીકળ્યા. આગલે દિવસે શ્રી રામને આવવાનું કહેલું એટલે વિદ્યાનગરથી ડૉ. કાંતાબહેન તથા શ્રી રામભાઈને આશ્રમે સેવામાં રાખવા સાથે લઈને સાંજે સાત વાગ્યે નડિયાદ આશ્રમે આવ્યા. સુરતથી સવારના છ વાગ્યાના નીકળેલા સાંજે સાત વાગ્યે નડિયાદ આશ્રમે પહોંચવાથી આખા દિવસના પ્રવાસનો ભારે શ્રમ પૂજ્યશ્રીને અનુભવવો પડ્યો અને પછીના બે-ત્રણ દિવસ સુધી એમની સુખાકારીને એ બાધક નીવડ્યો.

આવી નાદુરસ્ત તબિયત હોવા છતાં તા. ૧૩-૧૪-૧૫મી જુલાઈએ તો પૂજ્ય શ્રીમોટાએ આશ્રમમાં નિયમિત આવનાર સ્વજનોને મળવા પણ દીધાં. તા. ૧૬મી જુલાઈએ પ્રોસ્ટેટનું દર્દ વધુ ઉગ્ર બન્યું. ૩૬ કલાક સુધી પેશાબ ન થયો. આથી, પૂજ્યશ્રીની 'ના' હોવા છતાં ડૉ. કાંતાબહેને પોતે ડૉક્ટર હોવાથી પોતાની જવાબદારી સમજી નડિયાદના પ્રખ્યાત યુરૉલોજિસ્ટ ડૉ. વીરેન્દ્રભાઈ દેસાઈને બોલાવવાનું નક્કી કર્યું. કામ વસમું હતું. તે દિવસે શેઢી નદીમાં ભારે પૂર હતું. મુખ્ય રસ્તાને જોડતા આશ્રમના રસ્તા પર પણ એક માથોડું પાણી હતું. આખરે આશ્રમના પાછળના રસ્તે ઢીંચણ સમા પાણીમાં કાદવ ખૂંદતા કેટલીય વારે કાંતાબહેન મુખ્ય રસ્તા પર પહોંચ્યાં. ત્યાં પ્રભુકૃપાથી આશ્રમના દરરોજના મુલાકાતી સ્વજન શ્રી વિષ્ણુભાઈની મોટરમાં ડૉ. વીરેન્દ્રભાઈ પાસે પહોંચ્યાં. ડૉ. વીરેન્દ્રભાઈએ તો જો દોરડા સાથે લાકડું બાંધી આશ્રમની બાજુથી મુખ્ય રસ્તા પર ફેંકવામાં આવે, તો તે લાકડું પકડીને દોરડાથી ખેંચાઈ તરતાં તરતાં આવવાની પણ તત્પરતા બતાવી. જોકે એમ કરવાની જરૂર ન પડી. પાછળને રસ્તે ઢીંચણ સમા કાદવ, કીચડ અને પાણી ખૂંદતા ડૉ. વીરેન્દ્રભાઈ આશ્રમમાં આવ્યા. એમણે કૅથેટર મૂક્યું અને થોડોક પેશાબ કરાવ્યો. બીજે દિવસે તા. ૧૮મી એ પણ ડૉ. વીરેન્દ્રભાઈ આવ્યા. ત્યાં સુધીમાં કૅથેટર દ્વારા ૨ા-૩ લિટર જેટલો પેશાબ એકત્રિત થયો હતો. ત્યાર બાદ પૂજ્યશ્રી હળવા

થયા. એમના શરીર પરના સોજા ઓછા થઈ ગયા.

૧૯મી જુલાઈએ પૂજ્યશ્રીએ આશ્રમનું લેટરપૅડ માગ્યું અને શ્રી નંદુભાઈને બોલાવ્યા અને તેમની હાજરીમાં સવારે ૧૦-૩૦ વાગ્યે એક પત્ર લખ્યો અને પોતાનાં ચશ્માંઘરમાં મૂક્યો. તા. ૨૦-૨૧મી એ સવારે આશ્રમે આવનાર તમામને ૧૦-૧૦ મિનિટ મળવાની છૂટ અપાઈ. તા. ૨૧મીએ સાંજે પૂજ્ય શ્રીમોટાએ નડિયાદ આશ્રમમાં પૈડાંખુરશીમાં પોતાને ફેરવવા માટે રાજુભાઈને કહ્યું. આશ્રમની વનસ્પતિની જાણે આખરી વિદાય લેતા હોય એમ દરેક વનસ્પતિને બે હાથ જોડી પ્રણામ કર્યા, પરંતુ રાજુભાઈના ધ્યાનમાં એ ન આવ્યું. ન તો એમને કશું સાંકેતિક લાગ્યું. પૂ. શ્રીમોટાએ ફરતાં ફરતાં સૂચના આપી કે આ નાહવાનું ટબ જેનું છે, તેને તું પહોંચાડી દેજે. ત્યારે રાજુભાઈએ કહ્યું, ''**મોટા!** આપણે પાછા આવીએ ત્યારે જોઈશેને ?'' ત્યારે વાતને વાળી લેતાં પૂજ્યશ્રીએ જવાબ આપ્યો, ''ત્યારે પાછું મંગાવી લઈશું.''

તા. ૨૨મી જુલાઈએ સમયપત્રક મુજબ ફાજલપુર જવાનું હતું. વહેલી સવારના ૨-૨॥ વાગ્યાથી મોટાએ ડૉ. કાંતાબહેનને ઉઠાડવા માંડ્યાં. પોતે ઉતાવળ કરાવીને તૈયાર થઈ ગયા અને બીજાં બધાંને ઉતાવળ કરાવીને પાંચ વાગ્યે નીકળ્યા. તે સમયે ધોધમાર વરસાદ વર્ષતો હતો. એટલે ચાર ખૂણે ચાર જણે તાડપત્રી ધરીને એમને ગાડીમાં બેસાડ્યા. પૂજ્યશ્રી તો એમની મર્સીડીઝ ગાડીમાં હતા. સાથે શ્રી રામભાઈ અને શ્રી નંદુભાઈ હતા. ડૉ. કાંતાબહેન અને રાજુભાઈ કાંતાબહેનની ફીયાટ ગાડીમાં હતાં. કાંતાબહેનની ગાડી પાઇલટ કાર તરીકે આગળ જતી હતી. રોડ ઉપર જેવા ચડ્યા કે આશ્રમની તમામ લાઇટો બંધ થઈ ગઈ. ગ્રીડમાંથી સીધી મળેલી લાઇન હોવાથી આવું બંધ થઈ જવું શક્ય ન હતું. આથી, આશ્રમવાસીઓને કશાક અઘટિતનાં એંધાણ વર્તાયાં. મહાગુજરાત હૉસ્પિટલ આગળ અને કૉલેજ રોડ પર પાણી હોવાને કારણે સંતરામ-વિઠ્ઠલ કન્યા વિદ્યાલયને

રસ્તે જે ફાટક આવે છે, ત્યાંથી બહાર જતાં હાઈવે ઉપર નીકળ્યાં. કેટલીક જગાએ ઘણાં પાણી હતાં. ડૉ. કાંતાબહેનની ફીયાટ ગાડી એ પાણીમાંથી કેવી રીતે હેમખેમ નીકળી તેનું આશ્ચર્ય હજી પણ કાંતાબહેન અનુભવે છે. શ્રી નંદુભાઈને રસ્તે કારમાં પૂજ્ય શ્રીમોટાએ દેહ છોડવા અંગે શ્રી રમણભાઈની સંમતિ જઈને તરત જ મેળવી લેવા કહ્યું. ફાજલપુર શ્રી રમણભાઈ તથા શ્રીમતી ધીરજબહેન સવારે ૬ વાગ્યે સ્વાગત માટે હાજર હતાં. શ્રી નંદુભાઈએ રમણભાઈને વાત કરી. ‘‘તમે રજા આપો તો પૂજ્યશ્રીને અહીં દેહ છોડવો છે. તમારી રજા ન હોય તો પછી સુરત આશ્રમે જઈ દેહ છોડશે.’’ શ્રી રમણભાઈએ કહ્યું, ‘‘આ ઘર પૂજ્યશ્રીનું છે. એમની જેમ ઈચ્છા હોય તેમ.’’ તે વખતે શ્રી રમણભાઈને ખ્યાલ નહિ કે આજે જ દેહ છોડશે. હંમેશની માફક તે દિવસે પૂજ્યશ્રી બધાં સાથે જમવા બેઠા નહિ. કાંતાબહેનને કંઈક બનાવી લાવવાનું કહ્યું. ડૉ. કાંતાબહેન સૂરણ બાફીને લઈ આવ્યાં. તે એમણે માંડ એકાદ ફોડવો ખાધું હશે.

આઠેક વાગ્યે પૂજ્યશ્રીએ શ્રી નંદુભાઈને પોતાના ગળાની કંઠી અને કાંડાનું ઘડિયાળ આપીને નક્કી કરી દીધું કે આજે દેહ છોડવો છે. શ્રી નંદુભાઈએ રજૂઆત કરી, ‘‘આજે આવી વરસાદની હેલી છે તો ચિતા વગેરે સળગાવવામાં મુશ્કેલી પડશે. મહી નદીમાં પણ ભારે પૂર છે. બે-ત્રણ દિવસ રોકાઈ જાવ તો ?’’ પૂજ્યશ્રીએ મક્કમ અવાજે જવાબ આપ્યો, ‘‘અગ્નિસંસ્કાર કરવાનું ન ફાવે તો દેહને નદીમાં પધરાવી દેજો. મેં નક્કી કરી દીધું છે.’’ ‘‘This is not a matter of discussion.’’

સવારે ૧૧ વાગ્યે એમણે બીજા ત્રણેક પત્રો લખ્યા. તેમાં એકમાં આ પ્રમાણે લખ્યું, ‘‘ગુરુમહારાજ જીવતા પ્રાણી છે એમ નથી. એ તો એમને કે આપણને ખપ પડે, માણસ જેવા થઈ આપણા આગળ

થઈને જે તે આપણું ઉકેલી આપે છે.'' બીજા કાગળમાં એમણે પોતાને મદદ કરનારાઓનો આભાર માની ''ભગવાન તેમનું યશકલ્યાણ કરો'' એવી પ્રાર્થના કરી છે અને ત્રીજામાં પોતે જે પુસ્તકો લખેલાં તેની પાછળની પોતાની ભાવના અને પદ્ધતિને ડોલનશૈલીમાં રજૂ કરી છે.

તે દિવસે જ યોગાનુયોગે શ્રી રમણભાઈના એ ફાર્મના દરવાજા માટે આરસની તકતી ''હરિસ્મૃતિ'' આવી અને તે દરવાજાના સ્તંભ પર લગાડાઈ. બપોરે ૩-૦૦ વાગ્યે હંમેશાં આવતાં હતાં, એ મુજબ શ્રી રમણભાઈનાં પરિવારનાં સભ્યો, બાળકો વગેરે પૂજ્યશ્રીને મળવા આવ્યાં. તે બધાંને પ્રેમથી મળ્યા તો ખરા પણ ઉતાવળ કરાવીને તેમને બધાંને વિદાય કરાવડાવ્યાં. સાંજે ૪-૦૦ વાગ્યે તેમણે પોતાને વરંડામાંથી અંદર ઓરડામાં લેવડાવ્યા. પછી શ્રી નંદુભાઈને એકલા બોલાવી સાતેક મિનિટ વાત કરી. તે વખતે શ્રી નંદુભાઈએ અંદરથી કોઈ સાહજિક પ્રેરણા દ્વારા પૂજ્ય શ્રીમોટાને કહ્યું, ''હું તમારા પછી આશ્રમોમાં જ રહીશ અને આશ્રમો સંભાળીશ.'' પૂજ્યશ્રીએ આંખો દ્વારા સંતોષ પ્રગટ કર્યો. આ એક સૂચક પ્રસંગ છે, કારણ કે નંદુભાઈ પૂજ્યશ્રીને ઘણીવાર કહેતા, ''My loyalty is primarily towards you, and secondarily towards the Ashrams as I do not identify myself with the Ashrams.'' તે વખતે પૂજ્યશ્રી એ વાત સાંભળી લેતા. નંદુભાઈએ તો અગાઉ વિચારી પણ રાખેલું કે પૂજ્યશ્રીના દેહની હયાતી બાદ એક-બે વર્ષમાં આ આશ્રમોનો સમગ્ર કારભાર વ્યવસ્થિત કરી લઈ કુંભકોણમ્ આશ્રમે કાયમ માટે રહેવા જતા રહેવું. આ વાતના સંદર્ભમાં પૂજ્યશ્રી સાથેના આખરી મિલનમાં એ ધન્ય પળે નંદુભાઈનો નિર્ણય કેવી રીતે બદલાયો અને ઓચિંતો કેમ વ્યક્ત થયો એનો સભાન ખ્યાલ નંદુભાઈને બિલકુલ ન આવ્યો. તદ્દન સાહજિક રીતે એ બની ગયું. એમાં પૂજ્યશ્રીની કોઈ અકળ લીલા કેમ ના હોય!

નંદુભાઈએ વાત પૂરી કર્યા બાદ અન્ય પાંચેય જણને અંદર

બોલાવ્યાં. પૂજ્યશ્રીએ સૂચના આપી, ''તમારે અંદર બેસવું હોય તો અંદર બેસો, બહાર બેસવું હોય તો બહાર બેસો. હવે મને કોઈ બોલાવશો નહિ અને કોઈ અડશો નહિ. આ કૅથેટરને મારા શરીર પરથી દૂર કરશો નહિ. એ મારી જીવનસંગિની છે.'' છએ જણે પૂજ્યશ્રીની રૂમમાં બેસવાનું પસંદ કર્યું. રૂમ બંધ કર્યો અને બધાંએ પોતપોતાની રીતે હરિઃૐના જપ શરૂ કર્યા. રાત્રે લગભગ ૧૨ વાગ્યે સહજપણે નંદુભાઈના મનમાં વિચારી સ્ફુરી ગયો કે **મોટા** કદાચ ૧-૩૦ વાગ્યે પ્રાણ છોડશે, કારણ કે પૂજ્ય શ્રીઅરવિંદે પણ શુક્રવારે સવારે ૧-૩૦ વાગ્યે દેહ છોડ્યો હતો. રાત્રે સાડા બાર વાગ્યે ડૉ. કાંતાબહેને પૂજ્ય શ્રીમોટાની નાડીના ધબકારા ગણ્યા. ૩૦ થી ૩૫ હતા. ૧-૧૫ વાગ્યે શ્રી રામભાઈએ સહેજ શરીરનું સ્પંદન થતું જોયું. ૧-૨૫ વાગ્યે દેહ છૂટી ગયો. શરીર ઉપર કોઈ ઉગ્ર ચિહ્ન વરતાયું નહિ. ભીષ્મ પિતામહના ઇચ્છામૃત્યુની વાત વાંચેલી પણ રોગોની બાણશય્યા પર પોઢેલા પૂજ્ય શ્રીમોટાના ઇચ્છામૃત્યુનો પ્રસંગ આપણી હયાતીમાં બન્યો, આ એક અનોખી ઘટના છે.

શ્રી રમણભાઈ અને ફાર્મ મૅનેજર શ્રી છગનભાઈ સવારે ૪ વાગ્યે જઈને ચિતાની જગા નક્કી કરી આવ્યા હતા. પાણીની સપાટી પાસે જગા નક્કી કરી હતી.

નંદુભાઈ પ્રેસ માટે સંદેશો વગેરે લખવામાં ગૂંથાયા. અંતિમ ક્રિયા કરવામાં પૂજ્યશ્રીના આદેશને માન આપવાનું હતું. તા. ૧૯મીએ નડિયાદ આશ્રમે લખેલા પત્રમાં એ આદેશ હતો. તે એક વસિયતનામા જેવો છે અને લાક્ષણિક ઢબે લખાયેલો છે.

જે કોઈને આ અંગે લાગેવળગે છે તેઓ જોગ :-

હું, ચૂનીલાલ આશારામ ભગત ઉર્ફે મોટા, રહેવાસી હરિઃૐ આશ્રમ, નડિયાદ, આથી જણાવું છું કે મારી રાજીખુશીથી મારી પોતાની મેળે મારા જડ દેહને છોડવા ઇચ્છું છું. આ દેહ ઘણા રોગોથી ઘેરાયેલો છે અને હવે લોકકલ્યાણનાં કામમાં આવે તેમ નથી. રોગો મટવાની આશા પણ નથી. એટલે આનંદપૂર્વક શરીર છોડવું ઉત્તમ છે,

અને તે માટે યોગ્ય પળ લાગશે ત્યારે હું એમ કરી લઈશ.

મારા શરીરનો અગ્નિસંસ્કાર એકાંતમાં શાંત જગ્યાએ મૃત્યુસ્થળની તદ્દન નજીકમાં કરવો અને તે પણ આપ છ★ જણની હાજરીમાં જ કરવો. ઘણા ભેગા કરવા નહિ, તેમ મારા સેવકોને હું ફરમાવું છું. મારાં અસ્થિને પણ નદીમાં પૂરેપૂરાં પધરાવી દેવાં.

મારા નામનું ઈંટ-ચૂનાનું કોઈ સ્મારક કરવું નહિ. મારા મૃત્યુ નિમિત્તે જે કંઈ નાણાભંડોળ ભેગું થાય, તેનો ઉપયોગ ગામડાંમાં શાળાના ઓરડા બાંધવામાં કરવો.

**– ચૂનીલાલ આશારામ ભગત ઉર્ફે મોટા,**

તા. ૧૯-૭-૧૯૭૬.

મહી નદીના પશ્ચિમ કાંઠાની ભેખડ ઉપર શ્રી રમણભાઈનો બંગલો અને તેની આગળનો બગીચો આવેલા છે, ત્યાંથી ઊતરવાની એક કેડી હતી. કોક દિવ્ય સંકેતાનુસાર બે-ત્રણ મહિના પહેલાં જ ૧ાા ફૂટની એ સાંકડી કેડી ૩ ફૂટ પહોળી કરી બે માણસ જોડાજોડ સહેલાઈથી જઈ શકે એવા રસ્તારૂપે શ્રી રમણભાઈ અમીને બનાવરાવી હતી, એટલે ફાર્મના કંપાઉંડની બહાર ગયા વિના જ સીધા નદીતટે ઊતરી શકાય એવું હતું. મૃત્યુસ્થળની તદ્દન નજીક અગ્નિસંસ્કાર કરવાના પૂજ્યશ્રીના આદેશનું આ રીતે સહજપણે સુલભ રીતે પાલન થયું. સૂવાના ઍલ્યુમિનિયમના વજનમાં હલકા ખાટલામાં પૂજ્યશ્રીના દેહને નીચે લઈ જવામાં આવ્યો. મહી નદીનું પાણી ઝડપથી ચઢતું હોવાથી મૂળ નક્કી કરેલી જગા બદલીને થોડા ઉપરના ભાગમાં ચિતા ખડકવામાં આવી હતી. દેહને નીચે લઈ જતી વેળા ન તો કોઈ અગરબત્તી સળગાવવામાં આવી હતી, ન તો સુખડનું લાકડું રાખવામાં આવ્યું હતું. ગંગાજળનો છાંટો પણ નાખવામાં આવ્યો ન હતો. કોઈ

★ એ છ જણ : (૧) શ્રી નંદુભાઈ, (૨) શ્રી રમણભાઈ અમીન, (૩) શ્રીમતી ધીરજબહેન અમીન, (૪) શ્રી રામભાઈ પટેલ, (૫) ડૉ. કાંતાબહેન પટેલ અને (૬) શ્રી રાજુભાઈ પટેલ.

કૅમેરા ન હતો. પ્રણાલિકાગત વિચારોને કેવી તિલાંજલિ! ગતાનુગતિક વિધિનો કેવો ત્યાગ! સૂક્ષ્મને મહત્ત્વ, સ્થૂળને નહિ. એ બાબત આનાથી સ્પષ્ટ થાય છે.

ચિતા પર દેહને સુવડાવતાં શ્રી રામભાઈ બોલી ઊઠ્યા, ''**મોટા** તો નાગાબાવાની જમાતના ગણાય. આ વસ્ત્રની પણ શી જરૂર!'' એટલે દેહ પર રહેલું એકમાત્ર વસ્ત્ર પણ લઈ લીધું. શ્રી રમણભાઈના હસ્તે અગ્નિદાહ દેવાયો. બે કલાકમાં તો દેહ પંચભૂતમાં ભળી ગયો. એનાં છેલ્લાં અવશેષો અસ્થિ અને રાખને ફાર્મ મૅનેજર શ્રી છગનભાઈ અને શ્રી રાજુભાઈએ મહી નદીનાં પાણીથી ડોલો ભરી ભરી ઉલેચીને પૂજ્યશ્રીના આદેશ અનુસાર મહી નદી ભેગાં કર્યાં. બે બહેનોએ સ્ત્રીસહજ ઋજુતાથી ડૂસકાં ભર્યાં ત્યારે અન્ય વ્યક્તિઓ થોડી ગંભીર બની. નહિતર મૃત્યુ ને જન્મ બંને એક જ સિક્કાની બે બાજુ એમણે ગણી લીધી હતી.

તા. ૨૩ જુલાઈ, સવારે ૯-૪૫ વાગ્યે ફાજલપુરમાં બધાં જમ્યાં. શ્રી રમણભાઈ અને શ્રીમતી ધીરજબહેન વડોદરા ગયાં. શ્રી નંદુભાઈ એકલા આશ્રમે આવ્યા. થોડીક વારમાં વાત વહેતી થઈ અને આશ્રમમાં લોકપ્રવાહ વહેવા માંડ્યો.

પૂજ્યશ્રીના આ દેહવિલય પછી એમના આખરી આદેશને માન આપી જે કંઈ રકમ એમનાં મૃત્યુ નિમિત્તે એકત્રિત થાય તે તદ્દન નાનાં ગામડાંની પ્રાથમિક શાળાના ઓરડા બાંધવામાં જ વાપરવાનો નિર્ણય હરિઃૐ આશ્રમે કર્યો. શરૂઆતમાં તો એમ વિચારાયું હતું કે ૧૨-૧૩ દિવસમાં જે કંઈ રકમ આવશે તે આ રીતે ફાળવી દઈશું, પરંતુ શ્રી ઇંદ્રવદન શૅરદલાલને સ્વયંસ્ફુરિત પ્રેરણા થઈ કે પૂજ્ય શ્રીમોટાની ઇચ્છા આયોજનપૂર્વક પાર પાડવી. અમદાવાદના હરિઃૐ સત્સંગ મંડળનાં સ્વજનોએ શ્રી ઇંદ્રવદન શૅરદલાલની એ પ્રેરણાને મૂર્તસ્વરૂપ આપવા તેમની તથા શ્રી લક્ષ્મીકાંત અમીનની દોરવણી હેઠળ આયોજનપૂર્વક એક વિશિષ્ટ આંદોલન ઉપાડ્યું, અને ઘણી સારી રકમ

એકત્રિત કરી. એમાંથી જે પ્રેરણા સ્ફુલિંગો જન્મ્યાં તેને કારણે આણંદમાં, ખેડા જિલ્લાનાં એક-બે ગામોમાં, વડોદરા, સુરત અને મુંબઈ વગેરે સ્થળોએ સ્વજનોએ એ કામ ઉપાડી લીધું. આ પ્રવૃત્તિ આઠેક મહિના ખૂબ વેગથી ચાલી. યોજનાપૂર્વક રકમ એકત્રિત કરવાનું કામ હાલમાં બંધ છે, પરંતુ આપમેળે દાનનો પ્રવાહ તો હજુ પણ એકધારો આશ્રમમાં વહ્યા જ કરે છે. કેટલીક વાર તો આશ્રમ સાથે કોઈ પણ જાતનો પરિચય  ન હોય એવી વ્યક્તિઓ તરફથી મોટી મોટી રકમનાં દાનો મળ્યે જાય છે. તેને પરિણામે સમગ્ર ગુજરાતમાં કચ્છથી માંડીને વલસાડ સુધીના અને ઉત્તર ગુજરાતના પણ તમામ જિલ્લાઓને આવરી લઈને ૧૮૫ તાલુકાઓમાંથી ૧૮૩ તાલુકાને આજ સુધીની ફાળવેલી રકમ બે કરોડ ઉપર થવા જાય છે. આ એક વિસ્મયકારક અનોખી ઘટના બની છે. ત્યારે પૂજ્યશ્રીના અનેક વાર ઉચ્ચારાયેલા શબ્દો કર્ણપટ પર ગુંજારવ કરતા સંભળાય છે. ''જો જો ને! મારું શરીર ગયા બાદ આશ્રમને દરવાજે પૈસાનો ઢગ થઈ જશે.'' કેટલું યથાર્થ ભવિષ્યકથન!

**– પૂજ્ય શ્રીમોટા–જીવનવૃત્તાંત (સાક્ષાત્કાર પશ્ચાત્-એક સંક્ષેપ)**
**આલેખન (પાનાં નં. ૮૦૧ થી ૮૧૨) શ્રી ઈંદુકુમાર દેસાઈ**
**('જીવનદર્શન' આ. ૮, પૃ. ૪૭૬,૪૭૮થી ૪૮૯)**

પૂજ્ય શ્રીમોટાનાં કાર્યની આ પૂર્ણાહુતિ નથી પણ આરંભ છે.

**॥ હરિઃૐ ॥**

શ્રીમોટાની આ જ્ઞાનયુક્ત પ્રવૃત્તિની વિગતથી એનો વિસ્તાર અને વૈવિધ્ય સમજી શકાશે.

## • જનકલ્યાણની પ્રવૃત્તિઓ •

મૌનમંદિરની સાધના ઉપરાંત, શ્રીમોટા તરફથી હરિઃૐ આશ્રમો દ્વારા નીચે મુજબની વિવિધ પ્રકારની લોકકલ્યાણની પ્રવૃત્તિઓ પણ થાય છે.

૧. ભક્તિ પરત્વેનાં અને ભાવનાત્મક સાહિત્યનાં મૌલિક સર્જનો.

૨. બાળકોમાં ગુણ અને ભાવના પ્રકટે એવાં મૌલિક વાર્તાનાં સર્જનો.

૩. બહેનો અને માતાઓના જીવન પરત્વે સમાજના માનસમાં સદ્‌ભાવ, આદર અને માન પ્રકટે એવા સાહિત્યનું સર્જન.

૪. ''જ્ઞાનગંગોત્રી'' સંદર્ભ ગ્રંથો (Book of Knowledge)નું સર્જન. 'બાલભારતી', 'કિશોરભારતી', વિજ્ઞાનશ્રેણીના ગ્રંથો તથા સર્વધર્મી તત્ત્વજ્ઞાનદર્શન—શ્રેણીના ગ્રંથો વગેરે.

૫. માનવસમાજનાં સાહસ, હિંમત, પરાક્રમ, પ્રામાણિક્તા, ત્યાગ, સહનશક્તિ વગેરે ગુણની કદરભાવના-પ્રતીકરૂપે ચંદ્રકો આપવા.

૬. સ્ત્રીઓનાં શરીર સુદૃઢ બને અને તેમનામાં ગુણ અને ભાવનાના સંસ્કાર પ્રકટે તેવી સક્રિય યોજનાઓ.

૭. વિદ્યાર્થીઓમાં ગુણ અને ભાવના પ્રકટે તેવા નિબંધની હરીફાઈઓ.

૮. નાનાં નાનાં ગામડાંની નિશાળોમાં ગુણ અને ભાવના પ્રકટે એવાં પુસ્તકોની વહેંચણી.

૯. જૂના જર્જરિત થઈ ગયેલા ઓવારાઓની દુરસ્તી અને જુદી જુદી સામાજિક સંસ્થાઓને સહાય.

૧૦. પછાતવર્ગની બહેનોમાં એસ. એસ. સી. ઇત્યાદિમાં પ્રથમ આવનારને શિષ્યવૃત્તિઓ.

૧૧. ખેડા જિલ્લામાં અસ્પૃશ્યતા નિવારણનું સારામાં સારું કામ કરે તેને પ્રત્યેક વર્ષે ચાંદીનો મોટો શિલ્ડ.

૧૨. નડિયાદમાં, સુરતમાં, વડોદરામાં અને રાજપીપળામાં સ્નાનાગારો, તાપી નદીમાં અને નર્મદા નદીમાં તરણ-હરીફાઈઓ તથા અખિલ હિંદ ધોરણે સમુદ્ર તરણસ્પર્ધા યોજનાઓ તથા રાજ્ય કક્ષાએ હોડી હરીફાઈઓ તથા મેરેથોન દોડ-રેઈસ યોજના.

૧૩. યુનિવર્સિટી દ્વારા શ્રીઅરવિંદ તત્ત્વજ્ઞાન વ્યાખ્યાનમાળા અને બીજી વ્યાખ્યાનમાળાઓ.

૧૪. ફળાઉ વૃક્ષારોપણ, પાણીની પરબ, તિતિક્ષા હરીફાઈ. વિદ્યાર્થીને મદદ, નાનાં ગામોમાં નિશાળોનાં બાંધકામોમાં મદદ, પક્ષીને ચણ, દવા-મદદ વગેરે વગેરે.

૧૫. વેદની ઋચાઓના અર્થો આમજનતાને સુલભ બને એ માટેનાં પ્રકાશનો.

૧૬. વિજ્ઞાન, ખેતી, મૅડિસિન, સર્જરી, ઇલેક્ટ્રોનિક્સ, પ્લેનેટરી એન્ડ સ્પેસ સાયન્સીસ, ગામડાંમાં અને શહેરોમાં સસ્તાં અને મજબૂત મકાનોનાં બાંધકામ આદિ ક્ષેત્રોએ એન્ડાઉમેન્ટના વ્યાજમાંથી પ્રતિવર્ષે મોટી રકમોનાં અખિલ હિંદ કક્ષાએ માતબર પારિતોષિકોની યોજનાઓ.

૧૭. વિદ્યાર્થીઓમાં શ્રમનું મહત્ત્વ પ્રકટે, તેનાં ટ્રસ્ટો અને કન્યા-વ્યાયામશાળાઓને ઉત્તેજન.

૧૮. હાઈસ્કૂલ કક્ષાનાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ માટે સાઈકલ અને દોડસ્પર્ધા પારિતોષિક ટ્રસ્ટો.

૧૯. પર્યટનો, પર્વતારોહણો, બોટિંગ, પગપાળા પ્રવાસો અને રમતગમતો દ્વારા ગુજરાતની બધી યુનિવર્સિટીઓના

વિદ્યાર્થીઓમાં સાહસ, હિંમત, નીડરતા આદિ ગુણોના વિકાસાર્થે જુદાં જુદાં ટ્રસ્ટો અને યોજનાઓ.

૨૦. સંગીત-વાદ્ય-નૃત્ય અને ચિત્ર જેવી લલિતકળાઓની સ્પર્ધાઓની યોજના અને વાર્ષિક પારિતોષિકો.

૨૧. બ્રિટિશ એન્સાઈક્લોપીડિયાની ઢબની કક્કાવારી કોશની ગ્રંથશ્રેણીઓ તથા ગુજરાતી સાહિત્યકોશ.

૨૨. ગુજરાત સ્ટેટ કક્ષાએ બધી યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ માટે જુદા જુદા વિષયોની પ્રતિભા શોધ અને ઉત્કર્ષ માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ દ્વારા પારિતોષિકોની યોજના.

૨૩. રામાયણ, મહાભારત, ભાગવત આદિ ગ્રંથોની ત્રિરંગી સચિત્ર સરળ શૈલીમાં વાર્તાઓનાં પ્રકાશન ટ્રસ્ટોની યોજનાઓ.

૨૪. ગુજરાત કક્ષાએ લીલીસૂકી ખેતી, બાગાયત, રેશમ અને તેના રેસા, સમુદ્રશાસ્ત્ર, પુરાતત્ત્વવિદ્યા, બાયો-જીઓ-સોઈલ કેમિસ્ટ્રી, બોટની પ્લાન્ટસ્ અને પ્લાન્ટ પેથોલોજી, ટ્રોપીકલ ડીસીસીઝ, ઍંજિનિયરિંગ અને ટેક્‌નિકલ વિષયો, રંગ અને રંગની બનાવટો, પ્રાણીવિજ્ઞાનશાસ્ત્ર આદિ જુદા જુદા વિષયોની ગુજરાતની જુદી જુદી યુનિવર્સિટીઓ દ્વારા સ્પર્ધાત્મક પારિતોષિકોની યોજનાઓ.

॥ હરિઃૐ ॥

હરિૐ આશ્રમ દ્વારા લોકકલ્યાણાર્થે ઈ.સ. ૧૯૬૨ થી ૧૯૭૪ સુધીમાં અપાયેલાં કુલ રૂપિયા ૮૫,૩૭,૩૨૫-૦૦ દાનોની યાદી :

| | | |
|---|---|---|
| ૧. | રૂપિયા ૨૮,૦૫,૦૦૦-૦૦ | જુદાં જુદાં ક્ષેત્રોએ ઉત્કૃષ્ટ શોધખોળો માટે મુદ્દલ રકમ કાયમ રહે અને તેના વાર્ષિક વ્યાજમાંથી પ્રતિવર્ષે એવોર્ડ્સ - પારિતોષિકો માટે. |
| ૨. | રૂપિયા ૩૨,૫૬,૩૦૦-૦૦ | સંસ્કારપોષક ગુણભાવ, વિકાસક સાહિત્ય, કેળવણીનાં વિવિધ ક્ષેત્રે સહાયક પ્રકાશનો, જીવનચરિત્રોનાં પ્રકાશનો તથા વિજ્ઞાન-તત્ત્વજ્ઞાન આદિ પ્રવૃત્તિઓ માટે. |
| ૩. | રૂપિયા ૮,૫૭,૬૨૫-૦૦ | સમુદ્ર અને નદીતરણ સ્પર્ધાનાં પ્રતિવર્ષે વ્યાજમાંથી હિંદકક્ષાએ અને ગુજરાત સ્ટેટ કક્ષાએ પારિતોષિકો, હોડીસ્પર્ધા પારિતોષિકો, સ્વિમિંગ પુલો કરવા આદિ તરણ ક્ષેત્રે. |
| ૪. | રૂપિયા ૬,૯૮,૭૫૦-૦૦ | વિદ્યાર્થીઓ માટે પર્યટનો, પગપાળા પ્રવાસો, સાઈકલિંગ, દોડ સ્પર્ધાઓ, વ્યાયામ, બોટિંગ પર્વતારોહણ, મર્દાનગીની રમતો આદિ વિદ્યાર્થી જીવનવિકાસ કેળવણી માટે. |
| ૫. | રૂપિયા ૫,૯૦,૨૫૦-૦૦ | વિદ્યાર્થીઓની સર્વાંગી કેળવણી માટે. |
| ૬. | રૂપિયા ૩,૨૯,૪૦૦-૦૦ | વિધવિધ ક્ષેત્રોએ સમાજ ઉપયોગી કાર્યો માટે |

**કુલ રૂપિયા ૮૫,૩૭,૩૨૫-૦૦**

(૧)

**જુદાં જુદાં ક્ષેત્રોએ ઉત્કૃષ્ટ શોધખોળોના એવોર્ડ્સ માટે (મુદ્દલ રકમ અકબંધ રહે - પ્રતિવર્ષે પૂરા વ્યાજમાંથી એવોર્ડ્ઝ).**

| રૂપિયા | |
|---|---|
| ૩,૦૦,૦૦૦ | મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયા (દિલ્હી)ને દર્દ અને દવાના ઉત્કૃષ્ટ સંશોધન એવોર્ડ્ઝ માટે (હિંદ કક્ષાએ). |
| ૪,૫૦,૦૦૦ | યુનિવર્સિટી ગ્રાન્ટસ્ કમિશન (યુ.જી.સી. દિલ્હી)ને પદાર્થ વિજ્ઞાન-ફિઝિક્સ ઉત્કૃષ્ટ શોધખોળો એવોર્ડ્ઝ માટે (હિંદ કક્ષાએ). |
| ૩,૦૦,૦૦૦ | હાઉસિંગ એન્ડ અર્બન ડૅવલપમેન્ટ કોર્પોરેશન (દિલ્હી)ને (હુડકોને) આર્થિકપણે ગરીબ વ્યક્તિઓ માટે સસ્તા દરોનું આયોજન કરવા માટેના સંશોધન એવોર્ડ્ઝ માટે (હિંદ કક્ષાએ). |
| ૨,૦૦,૦૦૦ | એસોશીએશન ઑફ સર્જન્સ (ઑલ ઇન્ડિયા) મદ્રાસને સર્જરી ક્ષેત્રે ઉત્કૃષ્ટ સંશોધન એવોર્ડ માટે (હિંદ કક્ષાએ). |
| ૨,૦૦,૦૦૦ | ફિઝિક્સ રીસર્ચ લેબોરેટરી પી.આર.એલ. (અમદાવાદ)ને હિંદ કક્ષાએ ઇલેક્ટ્રોનિક્સ, ટેલિકૉમ્યુનિકેશન્સ, પ્લેનેટરી એન્ડ સ્પેસ સાયન્સીઝ, એટ્મોસ્ફિરિક ફિઝિક્સ એન્ડ હાઈડ્રોલોજી, સિસ્ટમ્સ ઑફ એનાલીસીસ એન્ડ મેનેજમેન્ટ પ્રોબલેમ્સ ક્ષેત્રોએ શ્રેષ્ઠ સંશોધન એવોર્ડ્સ માટે. |
| ૧,૦૦,૦૦૦ | ગુજરાત યુનિવર્સિટી (અમદાવાદ)ને બોટની પ્લાન્ટસ્ ઍન્ડ પ્લેન્ટ પેથોલોજી-વનસ્પતિ સંરક્ષણ સંવર્ધન તેમ જ જીવશાસ્ત્રના ક્ષેત્રે શ્રેષ્ઠ સંશોધનને એવોર્ડ માટે (ગુજરાત રાજ્ય કક્ષાએ) પ્રતિવર્ષે વ્યાજમાંથી. |
| ૧,૫૦,૦૦૦ | યુનિવર્સિટી ગ્રાન્ટસ્ કમિશન (દિલ્હી) સંસ્થાને લાઈફ સાયન્સીઝ (પ્રાણી વિજ્ઞાન) ક્ષેત્રે હિંદ |

કક્ષાએ-શ્રેષ્ઠ સંશોધન એવોર્ડ માટે પ્રતિવર્ષે વ્યાજમાંથી.

૫૦,૦૦૦ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (સુરત)ને માનવ સર્જિત રેષા-રસાયણ શાસ્ત્ર, સમુદ્રશાસ્ત્ર, પુરાતત્ત્વ વિદ્યા અને સમાજશાસ્ત્ર ક્ષેત્રોએ વારાફરતી પ્રતિવર્ષે શ્રેષ્ઠ સંશોધન માટે ગુજરાત રાજ્ય કક્ષાએ વ્યાજમાંથી એવોર્ડ માટે.

૫૦,૦૦૦ સરદાર પટેલ યુનિવર્સિટીને ફિઝિક્સ ક્ષેત્રે ગુજરાત કક્ષાએ શ્રેષ્ઠ સંશોધન સારુ વ્યાજમાંથી પ્રતિવર્ષે એવોર્ડ માટે.

૫૦,૦૦૦ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને બાયોકેમિસ્ટ્રી (સેન્દ્રિય પદાર્થ રસાયણશાસ્ત્ર), જીઓ કેમિસ્ટ્રી (ભૂસ્તર રસાયણશાસ્ત્ર અને સોઈલ કેમિસ્ટ્રી (માટી રસાયણશાસ્ત્ર)ના ક્ષેત્રે શ્રેષ્ઠ સંશોધન માટે ગુજરાત કક્ષાએ વ્યાજમાંથી પ્રતિવર્ષે એવોર્ડ માટે.

૫૦,૦૦૦ ટ્રોપીકલ ડિસિઝ (ઉષ્ણ કટિબંધના રોગો) અને તેના ઈલાજોના ક્ષેત્રે પ્રતિવર્ષે શ્રેષ્ઠ સંશોધન સારુ ગુજરાત કક્ષાએ વ્યાજમાંથી એવોર્ડ માટે ગુજરાત યુનિવર્સિટી (અમદાવાદ)ને.

૫૦,૦૦૦ ઍંજિનિયરિંગ ઍન્ડ ટેક્નિકલ વિષય ક્ષેત્રે પ્રતિવર્ષે શ્રેષ્ઠ સંશોધન સારુ, ગુજરાત કક્ષાએ, વ્યાજમાંથી એક એવોર્ડ માટે ગુજરાત યુનિવર્સિટીને.

૫૦,૦૦૦ રંગ, રંગની બનાવટો અને ટેક્સ્ટાઈલ્સના ક્ષેત્રે પ્રતિવર્ષે શ્રેષ્ઠ સંશોધન સારુ, ગુજરાત કક્ષાએ, વ્યાજમાંથી એક એવોર્ડ માટે અટીરા (અમદાવાદ)ની સંસ્થાને

૫૦,૦૦૦ જુદા જુદા વિષયોમાં આંતર યુનિવર્સિટી સ્તરે ગુજરાત કક્ષાએ પ્રતિવર્ષે શ્રેષ્ઠ સંશોધનાર્થે પારિતોષિક વ્યાજમાંથી આપવા સારુ સરદાર પટેલ યુનિવર્સિટી (વિદ્યાનગર)ને.

| | |
|---|---|
| ૫૦,૦૦૦ | ડીસેલીનેશન (ખારા પાણીમાંથી મીઠું પાણી બનાવવા)ના ક્ષેત્રે, સોલર એનર્જી ફોર પાવર (સૂર્યશક્તિમાંથી સંચાલક બળ)ના ક્ષેત્રે તથા પ્રીવેન્શન ઓફ વોટર પલૂશન (જળ દૂષણ અટકાવવા)ના ક્ષેત્રે શ્રેષ્ઠ સંશોધન સારુ એવોર્ડ હિંદ કક્ષાએ પ્રતિવર્ષે વ્યાજમાંથી આપવા સારુ સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મેરીન કેમિકલ્સ રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (ભાવનગર)ને. |
| ૫૦,૦૦૦ | આયુર્વેદિક સંશોધન સારુ આયુર્વેદિક ઔષધિઓના શ્રેષ્ઠ સંશોધન સારુ પ્રતિવર્ષે ગુજરાત રાજ્યકક્ષાએ વ્યાજમાંથી એવોર્ડ આપવા માટે આયુર્વેદિક યુનિવર્સિટી (જામનગર)ને. |
| ૫૦,૦૦૦ | નેચરલ સાયન્સીઝ (કુદરતી વિજ્ઞાન) ક્ષેત્રે પ્રતિવર્ષે શ્રેષ્ઠ સંશોધન સારુ, ગુજરાત કક્ષાએ, વ્યાજમાંથી એવોર્ડ સારુ ગુજરાત યુનિવર્સિટીને. |
| ૩,૦૦,૦૦૦ | (ખેતીવાડી સંશોધનાર્થે) અનાજ, કઠોળ અને પશુસંવર્ધન ક્ષેત્રે ઈન્ડિઅન કાઉન્સિલ ઑફ એગ્રીકલ્ચરલ રીસર્ચ (દિલ્હી)ને હિંદ કક્ષાએ શ્રેષ્ઠ સંશોધન સારુ વ્યાજમાંથી પ્રતિવર્ષે એવોર્ડ્ઝ માટે. |
| ૨,૦૦,૦૦૦ | સૂકી ખેતી-કઠોળ-દરિયાઈ વનસ્પતિ અને હોર્ટિકલ્ચર (બાગાયત) ક્ષેત્રે, ગુજરાત રાજ્ય કક્ષાએ, શ્રેષ્ઠ સંશોધન સારુ વ્યાજમાંથી પ્રતિવર્ષ એવોર્ડઝ્ માટે ગુજરાત એગ્રીકલ્ચરલ યુનિવર્સિટીને. |
| ૩૦,૦૦૦ | એગ્રીકલ્ચરલ સાયન્સીઝ (ખેતીવાડી વિજ્ઞાન) ક્ષેત્રે, ગુજરાત કક્ષાએ, શ્રેષ્ઠ સંશોધન સારુ વ્યાજમાંથી, પ્રતિવર્ષ એવોર્ડ માટે ગુજરાત એસોસીએશન ઑફ એગ્રીકલ્ચરલ સાયન્સીઝ (અમદાવાદ)ને. |
| ૨૫,૦૦૦ | કપાસ આદિ ખેતીવાડી કેળવણી ઉત્તેજના દ્વારા |

| | |
|---|---|
| | શ્રેષ્ઠ પાક લેનારને પારિતોષિક સારુ પ્રતિવર્ષે વ્યાજમાંથી - ભરૂચ જિલ્લા કક્ષાએ પ્રોત્સાહન માટે ભરૂચ જિલ્લા લોકલ બોર્ડને. |
| ૨૫,૦૦૦ | ડાંગર-બાજરી આદિ ખેતીવાડી કેળવણી ઉત્તેજના દ્વારા શ્રેષ્ઠ પાક લેનારને વ્યાજમાંથી પ્રતિવર્ષે ખેડા જિલ્લા કક્ષાએ પારિતોષિક માટે પ્રોત્સાહનાર્થે ખેડા જિલ્લા લોકલ બોર્ડને. |
| ૨૫,૦૦૦ | જુવાર-ડાંગર-કપાસ આદિ ખેતીવાડી કેળવણી ઉત્તેજના દ્વારા શ્રેષ્ઠ પાક લેનારને, પ્રતિવર્ષે વ્યાજમાંથી સુરત જિલ્લા કક્ષાએ પારિતોષિકો માટે શ્રી દક્ષિણ ગુજરાત સહકારી કોટન માર્કેટિંગ એસોસીએશન (સુરત)ને. |

**કુલ રૂ.૨૮,૦૫,૦૦૦**

(૨)

**સમુદ્ર અને નદીતરણ સ્પર્ધાઓ, તરણકુંડ સ્પર્ધાઓ, સ્વિમિંગ પુલો કરવા, નદી અને સમુદ્રમાં હોડીઓની સ્પર્ધાઓ આદિ તરણક્ષેત્રે દાનો :**

| રૂપિયા | |
|---|---|
| ૧,૨૫,૦૦૦ | અખિલ હિંદ કક્ષાએ સમુદ્રતરણ સ્પર્ધાના પ્રતિવર્ષે વ્યાજમાંથી પારિતોષિકો માટે ગુજરાત રાજ્ય સરકારને. |
| ૨,૫૦૦ | ઉપરની સ્પર્ધાનાં પારિતોષિકો માટે (૧૯૬૮ માટે). |
| ૪૦,૦૦૦ | ગુજરાત રાજ્ય કક્ષાએ સમુદ્ર હોડીસ્પર્ધાના પ્રતિવર્ષે વ્યાજમાંથી પારિતોષિકો માટે ગુજરાત રાજ્ય સરકારને. |
| ૩,૦૦૦ | સમુદ્ર હોડીસ્પર્ધા (૧૯૭૧) પારિતોષિકો માટે ગુજરાત રાજ્ય સરકારને |
| ૧,૦૦,૦૦૦ | અખિલ હિંદ કક્ષાએ સમુદ્ર તરણ સ્પર્ધાના પ્રતિવર્ષે વ્યાજમાંથી પારિતોષિકો માટે મહારાષ્ટ્ર રાજ્ય સરકારને. |
| ૧,૨૫,૦૦૦ | સાર્વજનિક સ્વિમિંગ પુલ બાંધવા માટે સુરત |

| | |
|---|---|
| | મ્યુનિસિપલ કૉર્પોરેશનને (૧૯૬૭)માં. |
| ૧,૦૦,૦૦૦ | માત્ર બહેનો માટેનો સ્વિમિંગ પુલ બાંધવા સારુ સુરત મ્યુનિસિપલ કૉર્પોર્શનને (૧૯૭૪)માં. |
| ૫૫,૦૦૦ | સ્વિમિંગ પુલ (સ્નાનાગર) બાંધવા માટે નડિયાદ મ્યુનિસિપાલિટીને. |
| ૧,૦૦,૦૦૦ | સ્વિમિંગ પુલ બાંધવા માટે, ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ (રાજપીપળા)ને. |
| ૪૦,૦૦૦ | બાળકો માટે તરણકુંડ (સ્વિમિંગ પુલ) કરવા સુરત મ્યુનિસિપલ કૉર્પોરેશનને. |
| ૪૦,૦૦૦ | બાળકો માટે તરણકુંડ (સ્વિમિંગ પુલ) કરવા વડોદરા મ્યુનિસિપલ કૉર્પોરેશનને. |
| ૩૦,૦૦૦ | નર્મદા નદીમાં વ્યાજમાંથી પ્રતિવર્ષે ગુજરાત રાજ્ય કક્ષાએ તરણસ્પર્ધા પારિતોષિકો માટે ભરૂચ જિલ્લા લોકલ બોર્ડને. |
| ૨,૫૦૦ | ૧૯૭૦ની સાલ માટે નર્મદામાં ગુજરાત રાજ્ય કક્ષાએ તરણસ્પર્ધા પારિતોષિકો માટે ભરૂચ જિલ્લા લોકલ બોર્ડને. |
| ૧૮,૦૦૦ | તાપી નદીમાં ગુજરાત રાજ્ય કક્ષાએ ભાઈઓની અને બહેનોની તરણસ્પર્ધા પારિતોષિકો પ્રતિવર્ષે વ્યાજમાંથી દેવા માટે સુરત મ્યુનિસિપલ કૉર્પોરેશનને. |
| ૩,૦૦૦ | તાપી નદીમાં સુરત જિલ્લા કક્ષાએ હોડીઓની સ્પર્ધામાં પ્રતિવર્ષે વ્યાજમાંથી પારિતોષિકો માટે સુરત મ્યુનિસિપલ કૉર્પોરેશનને. |
| ૧,૨૨૫ | તાપી નદીમાં તરણસ્પર્ધા અને હોડીસ્પર્ધાનાં પારિતોષિકો દેવા માટે (૧૯૬૨ની સાલ માટે) સુરત મ્યુનિસિપલ કૉર્પોરેશનને. |
| ૨,૫૦૦ | શ્રી મિહિરસેન (સાત સમુદ્ર તરનાર બંગાળી ભાઈ)ને સાત સમુદ્ર તરણ સાહસના પ્રોત્સાહનાર્થે (૧૯૬૫)માં. |
| ૪,૯૦૦ | તરણ કેળવણીના પ્રોત્સાહનાર્થે સુરત બોટિંગ |

| | |
|---|---|
| | ક્લબ સુરતને (જુદાં જુદાં વર્ષોનાં થઈને.) |
| ૧૦,૦૦૦ | પ્રતિવર્ષે તરણસ્પર્ધા પારિતોષિકો માટે વડોદરા મ્યુનિસિપલ કૉર્પોરેશનને. |
| ૧૦,૦૦૦ | વડોદરા હાઈસ્કૂલોના બધા વિદ્યાર્થીઓની પ્રતિવર્ષે તરણસ્પર્ધા પારિતોષિકો માટે શ્રી શ્રેયસ વિદ્યાલય (વડોદરા)ને. |
| ૧૦,૦૦૦ | સુરત સ્વિમિંગ એન્ડ બોટિંગ ક્લબ (સુરત)ને લાંબા અંતરની તરવાની તાલીમી પ્રયોગની કેળવણી આપવા માટે, પ્રોત્સાહનાર્થે ક્લબને પ્રતિવર્ષે વ્યાજમાંથી તે અંગેનો ખર્ચ કરવા માટે. |
| ૧૦,૦૦૦ | સુરત શહેરના બાલ વિદ્યાર્થીઓની તરણસ્પર્ધામાં પારિતોષિકો પ્રતિવર્ષે વ્યાજની રકમમાંથી આપવા માટે સુરત મહાનગરપાલિકાને. |
| ૨૫,૦૦૦ | ગુજરાત કક્ષાએ લાંબા અંતરના સમુદ્ર તરણ સ્પર્ધાનાં પારિતોષિકો માટે (પ્રતિવર્ષે વ્યાજમાંથી) સુરત મહાનગરપાલિકાને. |

**કુલ રૂ.૮,૫૭,૬૨૫**

(૩)

**સંસ્કારપોષક, ગુણભાવવિકાસક સાહિત્ય, કેળવણીનાં વિવિધ ક્ષેત્રે સહાયક પ્રકાશનો, જીવનચરિત્રાલેખનાં પ્રકાશનો તથા વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન આદિ પ્રવૃત્તિઓ માટે અપાયેલાં દાનોની યાદી :**

| રૂપિયા | |
|---|---|
| ૧૦,૦૦,૦૦૦ | ગુજરાતી ભાષામાં કક્કાવારી 'જ્ઞાનકોશ' (એન્સાઈકલોપીડીઆ બ્રિટાનિકા હબની) ગ્રંથશ્રેણી પ્રકાશનાર્થે ગુજરાત યુનિવર્સિટીને. |
| ૨,૦૦,૦૦૦ | 'જ્ઞાનગંગોત્રી' ગ્રંથશ્રેણીના પ્રકાશનાર્થે વિષયવાર જ્ઞાનકોશ માટે સરદાર પટેલ યુનિવર્સિટીને. |
| ૩૫,૦૦૦ | 'જ્ઞાનગંગોત્રી' ગ્રંથશ્રેણી (હિંદી) પ્રકાશનાર્થે સરદાર પટેલ યુનિવર્સિટીને. |
| ૨,૦૦,૦૦૦ | 'કિશોરભારતી' ગ્રંથશ્રેણીનાં પ્રકાશનાર્થે ગુજરાત યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ (અમદાવાદ)ને. |

| | |
|---|---|
| ૨,૦૦,૦૦૦ | 'બાલભારતી' ગ્રંથશ્રેણીનાં પ્રકાશનાર્થે ચરોતર એજ્યુકેશન સોસાયટી (આણંદ)ને. |
| ૨૫,૦૦૦ | 'શિશુભારતી' ગ્રંથશ્રેણીનાં પ્રકાશનાર્થે ચરોતર એજ્યુકેશન સોસાયટી (આણંદ)ને. |
| ૨,૦૦,૦૦૦ | સર્વધર્મતત્ત્વજ્ઞાનદર્શન ગ્રંથશ્રેણીનાં પ્રકાશનાર્થે સરદાર પટેલ યુનિવર્સિટીને. |
| ૨,૦૦,૦૦૦ | 'ગુજરાતી સાહિત્યકોશ' (કવિ નરસિંહ મહેતાથી શરૂ થઈને વર્તમાન લેખકો, સાક્ષરો, કવિઓનાં સર્જનોની અને તેમનાં જીવનની માહિતી આપતી (ગ્રંથશ્રેણી) માટે ચરોતર એજ્યુકેશન સોસાયટી (આણંદ)ને. |
| ૫,૦૦,૦૦૦ | વિજ્ઞાન અને ટેક્નોલોજી અંગેના સંદર્ભ સાહિત્ય માટે, વિજ્ઞાન અને યંત્રવિદ્યાકોશ ગ્રંથશ્રેણી પ્રકાશન માટે ગુજરાત યુનિવર્સિટીને. |
| ૩૦,૦૦૦ | વિજ્ઞાન ગ્રંથશ્રેણીના પ્રકાશનાર્થે ગુજરાત યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ (અમદાવાદ)ને. |
| ૨૫,૦૦૦ | ઉત્કૃષ્ટ જીવનચરિત્ર ગ્રંથશ્રેણીનાં પ્રકાશનાર્થે ચરોતર એજ્યકેશન સોસાયટી (આણંદ)ને. |
| ૨,૦૦,૦૦૦ | રામાયણ, મહાભારત, ભાગવત આદિની ત્રિરંગી સચિત્ર કથાઓ વગેરે ૧૨ ગ્રંથશ્રેણીનાં પ્રકાશનાર્થે ચરોતર એજ્યુકેશન સોસાયટી (આણંદ)ને. |
| ૯,૦૦૦ | સંસ્કાર પોષક વાર્તાઓ, શૌર્ય સાહસકથાઓ, ભક્તિ વિષયક કથાનકો આદિ ગ્રંથોનાં પ્રકાશનાર્થે ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળી લિ. (વડોદરા)ને. |
| ૨૦,૦૦૦ | વ્યુત્પત્તિશાસ્ત્ર ગ્રંથ પ્રકાશનાર્થે ગુજરાત યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ (અમદાવાદ)ને. |
| ૧૨,૦૦૦ | ગુજરાતી વ્યાકરણ ગ્રંથ (અદ્યતન વ્યાકરણ, નવેસરથી સંશોધન કરાવવા) માટે ગુજરાત યુનિવર્સિટીને. |

૨૫,૦૦૦ બાળવાર્તા ગ્રંથશ્રેણી માટે ચરોતર એજ્યુકેશન સોસાયટી (આણંદ)ને.

૨૦,૦૦૦ વેદઋચાઓ, આમજનતાને સુલભ બને તેવી ગ્રંથશ્રેણીનાં પ્રકાશનાર્થે ગુજરાત યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડને.

૨૫,૦૦૦ ગુજરાતી સાહિત્યના વિકાસાર્થે કવિ-સાક્ષર મેઘાણી સ્મારક ગ્રંથમાળા માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને.

૨૫,૦૦૦ ગુજરાતી સાહિત્યના વિકાસાર્થે કવિ નર્મદ સ્મારક ગ્રંથમાળા માટે સુરત સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન (સુરત)ને.

૨૫,૦૦૦ શ્રીઅરવિંદ તત્ત્વજ્ઞાન ગ્રંથશ્રેણી પ્રકાશનાર્થે સરદાર પટેલ યુનિવર્સિટીને.

૨૫,૦૦૦ શ્રી પ્રેમરાય બાપુ સ્મારક, મણિભાઈ નભુભાઈ, શ્રી બાલાશંકર, શ્રી ગોવર્ધનરામ વ્યાખ્યાનમાળા માટે સરદાર પટેલ યુનિવર્સિટીને.

૫૦,૦૦૦ શિષ્ટ ગુજરાતી સાહિત્ય, સસ્તી કિંમતે, પ્રસારણ અર્થે લોકમિલાપ ટ્રસ્ટ (ભાવનગર)ને.

૨૫,૦૦૦ સ્ત્રી સાક્ષરોની મૌલિક ઉત્કૃષ્ટ સાહિત્ય કૃતિઓને પ્રતિવર્ષ વ્યાજમાંથી પારિતોષિકો માટે ગુજરાતી સાહિત્ય પરિષદ (અમદાવાદ)ને.

૧૫,૦૦૦ ગુજરાતી સાહિત્યમાં ભક્તિવિષયક મૌલિક સર્જનના સાક્ષરને પ્રતિવર્ષે વ્યાજમાંથી સુવર્ણચંદ્રક યા પારિતોષિક આપવા માટે ગુજરાતી સાહિત્ય પરિષદ (અમદાવાદ)ને.

૧૨,૦૦૦ બાળવાર્તાઓની ગ્રંથશ્રેણીનાં પ્રકાશનાર્થે ગુજરાતી સાહિત્ય પરિષદ (અમદાવાદ)ને.

૩,૩૦૦ ભાવનાત્મક અને ગુણ વિકાસક સાહિત્ય પ્રકાશનાર્થે અન્ય લેખકોને. (કુમાર કાર્યાલય દ્વારા.)

| | |
|---|---|
| ૧,૫૦,૦૦૦ | અંગ્રેજીમાંથી ગુજરાતી શબ્દકોશ લગભગ સવા લાખ શબ્દોનો બૃહદકોશ હજુ સુધી ગુજરાતીમાં નથી તેવો પ્રકાશન કરવા માટે ગુજરાત યુનિવર્સિટીને. |

**કુલ રૂ.૩૨,૫૬,૩૦૦**

(૪)

**વિદ્યાર્થીઓ માટે પર્યટનો, પગપાળા પ્રવાસો, સાઈકલિંગ સ્પર્ધા, દોડકૂદ, પર્વતારોહણ-વ્યાયામ, બોટિંગ, મર્દાનગીની રમતો આદિ વિદ્યાર્થીજીવન વિકાસ કેળવણી અર્થે**

રૂપિયા

| | |
|---|---|
| ૪,૦૦,૦૦૦ | ગુજરાતની બધી યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ માટે સરદાર પટેલ યુનિવર્સિટીને. |
| ૬૦,૦૦૦ | સરદાર પટેલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે તે સંસ્થાને. |
| ૧,૦૦,૦૦૦ | મહાજન શક્તિદળ ટ્રસ્ટ, ગુજરાત કક્ષાએ, ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ (રાજપીપળા)ને. |
| ૨૫,૦૦૦ | વ્યાયામ શાળાઓને પોષક એવી કુસ્તી, વેઈટ લીફટિંગ, જુડો તથા જીમનેસ્ટીક વગેરે રાજ્ય કક્ષાની રમત સ્પર્ધાઓમાં વિવિધ વિભાગોમાં નીવડેલા વિજેતાઓને વ્યાજમાંથી દર વર્ષે ચંદ્રકો આપવા માટે ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ (રાજપીપળા)ને. |
| ૨૫,૦૦૦ | પ્રતિવર્ષે વ્યાજમાંથી મેરેથોન રેઈસ દોડ પારિતોષિકો માટે ગુજરાત રાજ્ય વ્યાયામ પ્રચારક મંડળ (રાજપીપળા)ને. |
| ૧૩,૭૫૦ | રમતગમતના શિલ્ડો આપવા માટે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (સુરત)ને. |
| ૨૫,૦૦૦ | વૉલીબોલ, ખોખો, કબડ્ડી આદિ રમતોની સ્પર્ધા માટે સુરત મ્યુનિસિપલ કૉર્પોરેશનને પ્રતિવર્ષે વ્યાજમાંથી વિજેતાઓને પારિતોષિકો દેવા માટે. |
| ૧૪,૦૦૦ | શાળાના વિદ્યાર્થીઓની સાઇકલ અને દોડસ્પર્ધા |

| | |
|---|---|
| | પારિતોષિકો પ્રતિવર્ષે વ્યાજમાંથી આપવા માટે ખંભાત મ્યુનિસિપાલિટીને. |
| ૧૪,૦૦૦ | શાળાના વિદ્યાર્થીઓની સાઈકલ અને દોડસ્પર્ધા પારિતોષિકો પ્રતિવર્ષે વ્યાજમાંથી આપવા માટે નડિયાદ મ્યુનિસિપાલિટીને. |
| ૧૫,૦૦૦ | શાળાના વિદ્યાર્થીઓની સાઈકલ અને દોડસ્પર્ધા પારિતોષિકો પ્રતિવર્ષે વ્યાજમાંથી દેવા માટે વડોદરા મ્યુનિસિપલ કૉર્પોરેશનને. |
| ૫,૦૦૦ | કન્યા વ્યાયામશાળાને મકાન કરવા માટે નડિયાદ. |
| ૨,૦૦૦ | પર્વતારોહણ માટે (વડોદરાની સંસ્થાઓને). |
| **કુલ રૂ.૬,૯૮,૭૫૦** | |

(૫)

## વિદ્યાર્થીઓની કેળવણી માટે

| રૂપિયા | |
|---|---|
| ૫૦,૦૦૦ | 'લોકભારતી' (સણોસરા)ને વિદ્યાર્થીઓને શ્રમયજ્ઞ દ્વારા સહાય માટે (વ્યાજમાંથી, પ્રતિવર્ષ). |
| ૨૫,૦૦૦ | 'સરસ્વતી ગ્રામવિદ્યાપીઠ' સમોડાને સ્વાવલંબી વિદ્યાર્થીઓને શ્રમયજ્ઞ દ્વારા સહાય માટે (વ્યાજમાંથી, પ્રતિવર્ષ) |
| ૧૫,૭૫૦ | બારડોલી કન્યાશાળાને વિદ્યાર્થિનીઓને સહાય માટે (વ્યાજમાંથી, પ્રતિવર્ષ). |
| ૧૧,૨૫૦ | શ્રેયસ વિદ્યાલય (વડોદરા)ને પારિતોષિકો માટે |
| ૧૦,૦૦૦ | ભાદરણ, શાળા-કૉલેજને (પ્રતિવર્ષ વ્યાજમાંથી). |
| ૫,૦૦૦ | એસ.એસ.સી. પરીક્ષામાં પ્રથમ આવનાર હરિજન બાળા માટે હરિજન આશ્રમ, અમદાવાદને (પ્રતિવર્ષ, વ્યાજમાંથી). |
| ૬,૭૫૦ | એસ.એસ.સી. પરીક્ષામાં પછાત વર્ગના વિદ્યાર્થીને પ્રથમ નંબરે આવનારને (પ્રતિવર્ષ, વ્યાજમાંથી). |

| | |
|---|---|
| ૮,૦૦૦ | એમ.એ. સંસ્કૃત વિભાગમાં વેદાંત અધ્યયન પરીક્ષા સ્પર્ધા પારિતોષિક માટે (પ્રતિવર્ષ, વ્યાજમાંથી) (એમ.એસ. યુનિવર્સિટી, વડોદરાને). |
| ૨૦,૦૦૦ | એમ.એસ. અને એમ.ડી.ની ફાઈનલ પરીક્ષાઓમાં પ્રતિવર્ષ પ્રથમ નંબરે આવનાર વિદ્યાર્થીને (દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતને) સુવર્ણચંદ્રકો આપવા માટે. |
| ૭,૫૦૦ | એમ.કોમ.ની ફાઈનલ પરીક્ષામાં પ્રથમ નંબરે આવનાર વિદ્યાર્થીને પ્રતિવર્ષ સુવર્ણચંદ્રક આપવા માટે (દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતને). |
| ૩,૦૦૦ | સુરત સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીને. |
| ૧,૦૦૦ | હરિજનોમાં કેળવણી માટે ગુજરાત હરિજન સેવક સંઘને. |
| ૨,૩૦૦ | ગામડાંઓમાં ત્રણ શાળાનાં મકાનો માટે. |
| ૩,૭૦૦ | વિદ્યાર્થીઓને મદદ-પરચૂરણ મદદ. |
| ૨,૦૦૦ | વિદ્યાર્થીઓને પુસ્તક મદદ માટે. |
| ૪,૦૦૦ | પ્રથમ નંબરે આવનાર વિદ્યાર્થીઓને ઈનામો માટે. |
| ૧૦,૦૦૦ | ગ્રામશાળા વિદ્યાર્થીઓને માટે પુસ્તકાલયોને પુસ્તકો માટે (ખેડા જિલ્લામાં). |
| ૧૫,૦૦૦ | ગ્રામશાળા વિદ્યાર્થીઓને માટે પુસ્તકાલયોને પુસ્તકો માટે (ડાંગ જિલ્લામાં). |
| ૧૦,૦૦૦ | ગ્રામશાળા વિદ્યાર્થીઓને માટે પુસ્તકાલયોને પુસ્તકો માટે (સુરત જિલ્લામાં). |
| ૧૦,૦૦૦ | નિબંધ હરીફાઈનાં પ્રતિવર્ષે પારિતોષિકો માટે (ખેડા જિલ્લા શાળાઓમાં). |
| ૧૦,૦૦૦ | નિબંધ હરીફાઈનાં પ્રતિવર્ષે પારિતોષિકો માટે (સુરત જિલ્લા પંચાયતને શાળાઓમાં). |
| ૫,૦૦૦ | નિબંધ હરીફાઈનાં પ્રતિવર્ષે પારિતોષિકો માટે (સુરત નગરપાલિકાને). |

| | |
|---|---|
| ૫,૦૦૦ | નાનાં ભલાઈનાં કાર્યો માટે (સુરત નગરપાલિકાને). |
| ૫૦,૦૦૦ | ગુજરાત રાજ્ય કક્ષાએ ઉચ્ચ ગણિતશાસ્ત્ર પ્રતિભાશોધ ક્ષેત્રે સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પ્રતિવર્ષે વ્યાજમાંથી, પારિતોષિકો માટે ગુજરાત યુનિવર્સિટીને. |
| ૫૦,૦૦૦ | ગુજરાત રાજ્ય કક્ષાએ વિજ્ઞાનશાસ્ત્ર પ્રતિભા શોધક્ષેત્રે સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પ્રતિવર્ષે વ્યાજમાંથી, પારિતોષિકો માટે ગુજરાત યુનિવર્સિટીને. |
| ૫૦,૦૦૦ | ગુજરાત રાજ્ય કક્ષાએ ગુજરાતી ભાષા પ્રતિભા શોધ ક્ષેત્રે સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પ્રતિવર્ષે વ્યાજમાંથી, પારિતોષિકો માટે ગુજરાત યુનિવર્સિટીને. |
| ૫૦,૦૦૦ | ગુજરાત રાજ્ય કક્ષાએ હિંદી ભાષા પ્રતિભા શોધ ક્ષેત્રે સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પ્રતિવર્ષે વ્યાજમાંથી, પારિતોષિકો માટે ગુજરાત વિદ્યાપીઠ (અમદાવાદ)ને. |
| ૫૦,૦૦૦ | ગુજરાત રાજ્ય કક્ષાએ અંગ્રેજી ભાષા પ્રતિભા શોધ ક્ષેત્રે સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પ્રતિવર્ષે વ્યાજમાંથી, પારિતોષિકો માટે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને (સુરતને). |
| ૧,૦૦,૦૦૦ | લલિતકળાઓના પ્રોત્સાહનાર્થે ગુજરાત રાજ્ય કક્ષાએ કંઠ્ય-સંગીત, વાદ્યસંગીત, નૃત્યકળા, ચિત્રકળાની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં, પ્રતિવર્ષે વ્યાજમાંથી, પારિતોષિકો માટે વડોદરા એમ.એસ. યુનિવર્સિટીને. |

**કુલ રૂ.૫,૯૦,૨૫૦**

(૬)

## જુદાં જુદાં ક્ષેત્રોએ કરાયેલાં દાનોની વિગત :

| રૂપિયા | |
|---|---|
| ૨૫,૦૦૦ | ગુણભાવ-મર્દાનગી-સાહસ-પરોપકાર-નીડરતા-શૌર્ય આદિનાં કાર્યો માટેનાં પારિતોષિકો માટે પ્રતિવર્ષે વ્યાજમાંથી, ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ (રાજપીપળા) દ્વારા. |
| ૧૭,૦૦૦ | અસ્પૃશ્યતા નિવારણ કાર્ય પ્રોત્સાહનાર્થે, પ્રતિવર્ષે વ્યાજમાંથી, પારિતોષિક માટે ગુજરાત હરિજન સેવકસંઘ દ્વારા. |
| ૫,૦૦૦ | હરિજન કાર્યોના સહાયાર્થે સદ્‌ગત પરીક્ષિતલાલ મજમુદાર ફાળામાં ગુજરાત હરિજન સેવકસંઘ દ્વારા. |
| ૭,૦૦૦ | હરિજન કુટુંબોનાં મકાનો બાંધવામાં સદ્‌ગત ઠક્કરબાપા સ્મરણાર્થે (તામિલનાડુ-કુંભકોણમ્‌માં). |
| ૧૭,૮૦૦ | તાપી નદી અને કાવેરી નદીના ઓવારાઓની દુરસ્તી માટે. |
| ૧૪,૦૦૦ | ગ્રામ વિસ્તારની સડક કરવા માટે ખેડા જિલ્લા લોકલ બોર્ડને. |
| ૨૨,૦૦૦ | પાણીની પરબો માટે (ગ્રામ્ય વિસ્તારોમાં). |
| ૧૧,૦૦૦ | દેશ-સંરક્ષણ ફાળા માટે હિંદ સરકારને. |
| ૪૩,૦૦૦ | દુષ્કાળ, અતિવૃષ્ટિ, રેલસંકટો માટે. |
| ૭૬,૦૦૦ | દવા મદદ (હૉસ્પિટલોને) વગેરે માટે. |
| ૨૧,૫૦૦ | પક્ષીઓના ચણ માટે. |
| ૫,૦૦૦ | કૃષિ ઓજારો સુધારણા સહાયાર્થે બારડોલી સ્વરાજ્ય આશ્રમને હસ્તે મોહનભાઈ નરહરિભાઈ પરીખ. |
| ૨,૫૦૦ | કબીરવડ (ભરૂચ જિલ્લો) સંરક્ષણ માટે ભરૂચ જિલ્લા પંચાયતને. |
| ૯,૨૦૦ | સુવર્ણચંદ્રકો જુદાં જુદાં ક્ષેત્રોની વિશિષ્ટ |

| | |
|---|---|
| | વ્યક્તિઓને કુલ્લે ૧૪ વ્યક્તિઓને (જાહેર સમારંભો દ્વારા). |
| ૫,૦૦૦ | અંધ (પ્રજ્ઞાચક્ષુ) વિદ્યાર્થીઓને અભ્યાસ સહાય અર્થે કેસેટો માટે ગુજરાત યુનિવર્સિટી દ્વારા. |
| ૧,૦૦૦ | પ્રજ્ઞાચક્ષુ-અંધ કન્યાગૃહને. |
| ૨,૦૦૦ | શ્રી અંબુભાઈ પુરાણી સ્મારક માટે. |
| ૮,૭૦૦ | આધ્યાત્મિક પથયાત્રીઓને સહાય માટે. |
| ૧,૦૦૦ | ફ્લાઈંગ ક્લબ વડોદરાને. |
| ૯,૭૦૦ | વિવિધ ક્ષેત્રે નાની નાની સંસ્થાઓને પરચૂરણ સહાય |
| ૩,૦૦૦ | આધ્યાત્મિક કૃતિઓનાં પ્રકાશનાર્થે અન્ય લેખકોને. |
| ૨૨,૦૦૦ | મૌનએકાંત મંદિરની સાધનાર્થે, પદ્ધતિ પ્રસારણાર્થે શ્રી ભાગવત વિદ્યાપીઠ (અમદાવાદ)ને. |
| ૧,૦૦૦ | ટેલિવિઝન બુસર શોધખોળ પ્રયત્નોના પ્રોત્સાહનાર્થે. |

**કુલ રૂ.૩,૨૯,૪૦૦**

નંબર ૧ થી ૬ વિભાગોનો મોટો સરવાળો રૂ. ૮૫,૩૭,૩૨૫.

હરિઃૐ આશ્રમ, સુરતમાં કુલ ૯ મૌનમંદિરો છે. જે પૈકી ૮ મૌનમંદિરો ૭, ૧૪ કે ૨૧ દિવસ માટે ફાળવવામાં આવે છે, જે માટે અગાઉથી નોંધણી કરાવવાની હોય છે. કોઈ વ્યક્તિ માત્ર થોડા સમય માટે પણ મૌનએકાંત યજ્ઞનો અનુભવ લઈ શકે, તે માટે ૯ નંબરનો મૌનરૂમ ફાળવવામાં આવે છે (આ રૂમમાં પૂજ્ય શ્રીમોટાના અંતેવાસી શ્રી ઝીણાકાકા રહેતા હતા). આ ઓરડામાં રહેવા માટે ફક્ત ૧૫ દિવસ સુધીનાં જ નામો નોંધવામાં આવે છે. આ ઉપરાંત, ફક્ત દિવસ દરમિયાન મૌન રાખવા ઇચ્છુક ભક્તોને માટે આ મૌનમંદિરની ઉપર પહેલે માળે અલાયદો **'આત્મનિવેદન કક્ષ'** બનાવવામાં આવ્યો છે, જેમાં આશ્રમના નિયમ મુજબ સવારે ૬ થી સાંજે ૬ સુધી વ્યક્તિ મૌન, પ્રાર્થના અને વાંચન કરી શકે એવી વ્યવસ્થા કરવામાં આવી છે.

પૂજ્ય શ્રીમોટાની દાનગંગા વડે ગુજરાતનાં ઊંડાણનાં ગામડાંઓમાં અત્યાર સુધી ૧૦૦૦૦ શાળાના ઓરડાઓ તથા શિક્ષણની અન્ય જરૂરી સુવિધાઓનું નિર્માણ થઈ શક્યું છે. જેમાં ત્રણ લાખથી વધુ બાળકોને શિક્ષણક્ષેત્રે શ્રીગણેશ કરાવવામાં આવ્યા છે. આ પ્રવાહ આજ પર્યંત અવિરત ચાલુ છે. વિજ્ઞાનક્ષેત્રે 'PRL'(ફિઝિકલ રીસર્ચ લૅબોરેટરી, ISRO(ઈસરો)ની સંશોધન શાખા)ને અપાયેલ દાન વડે ભારતના નામાંકિત વૈજ્ઞાનિકોને એવોર્ડ અને સન્માન એનાયત થાય છે.

દાનની મૂળ રકમ જળવાઈ રહે, વ્યાજમાંથી એવોર્ડ અપાય અને વહીવટી ખર્ચ પણ સંસ્થા ભોગવે, તેવી મૌલિક કાર્યપદ્ધતિ પૂજ્ય શ્રીમોટાએ પ્રસ્થાપિત કરી છે.

• • •

## • વહાલાં સ્વજનોને •

*કિરાપટ્ટી, પ્રેમકુંજ,*
*ભાદરવા વદ ચોથ,*
*મંગળવાર, તા. ૬-૯-૧૯૪૧.*

આજે મારા શરીરનો જન્મદિન છે. એ અંગે તમારાં બધાંનું પુણ્ય પ્રેમસ્મરણ કરું છું. ભગવાનની કૃપાથી અને વહાલાંઓના પ્રેમભર્યા આશીર્વાદથી ભગવાન મને સત્યપંથે દૃઢ રાખે અને ઉત્તરોત્તર દૃઢ કરાવે એ જ માગું છું. વહાલાંઓનો પ્રેમ એ મારે મન એક ભારે શક્તિ છે. તેથી જ મને નીચેની લીટીઓ સૂઝી છે તે લખું છું :-

પ્રભુની વ્હાલાંઓ પ્રતિપળ જગે પ્રેમની દિવ્યમૂર્તિ,
પ્રભુની વ્હાલાંઓ પળપળ હૃદે ભાવની ઊર્મિશક્તિ,
પ્રભુની વ્હાલાંઓ હૃદય જગવે પ્રેરણાઓ અનેરી,
પ્રભુની વ્હાલાંઓ અમ ઉર રહો આત્માની દિવ્ય જ્યોતિ.

એટલે હંમેશાં મેં જેમને મારાં સ્વજન માન્યાં છે, તેમની નિકટવર્તી રહેવાનો પ્રમાણિકપણે પ્રયાસ કર્યો છે. બની છે તેટલી પ્રેમભાવનાની ઊર્મિ તેમના તરફ મેં રાખ્યા કરી છે અથવા ભગવાને કૃપા કરીને રખાવી છે, એમ લખું અથવા કહું તો તે જ વધુ યોગ્ય ગણાશે. મારે તો કશું ખોવાપણું ન હતું. મારે તો જે કંઈ આપવાપણું હતું તે આપતો રહ્યો છું. ગરીબની પાસે પ્રેમ-વહાલ વિના બીજું શું હોઈ શકે ? ગરીબની તો એ મોટામાં મોટી, અણમોલ, મૂડી છે. એ મૂડી ઉપર તો એનું જીવન નિર્ભર રહ્યા કરે છે. પ્રેમની એ અમોઘ દિવ્ય શક્તિનું માપ જ્યારે એના હૃદયમાં જાગે છે ત્યારે એ પ્રેમ જ એની એક મોટી શક્તિ થઈ પડે છે. એ શક્તિની આગળ બીજી બધી શક્તિઓ કંઈ ખપની નથી, એવો એને જીવનમાં સ્પષ્ટ અનુભવ થાય છે. આ શરીરના આજના જન્મ દિવસને ટાંકણે મારા હૃદયનો એવો પ્રેમ તમારાં ચરણમાં માથું

મૂકીને તમારા આશીર્વાદ માગે છે. પ્રભુ મને જ્યાં રાખે ત્યાં (જ્યાં હોઉં ત્યાં) તમારા હૃદયનો નિર્મળ પ્રેમનો પ્રવાહ મારા પ્રત્યે સદાય વહ્યા કરે એવી હૃદયથી માગણી કરું છું. પોતાનાં છોકરાંઓ ઉપર જે પ્રેમ હોય તેના કરતાંયે વધારે ઉત્કટ ભાવનાભર્યો શુદ્ધ પ્રેમ મારે તો ખપે. પોતાનાં છોકરાં પરત્વેનો આપણો પ્રેમ, એ શુદ્ધ નિઃસ્વાર્થ ભાવનાનો ન હોવાથી તેમાં જોઈતાં પૂરતાં જોશ અને પ્રાણ યોગ્ય પ્રકારનાં હોતાં નથી.

મારી નજરે તેવો પ્રેમ સતેજ નથી, જીવતો નથી, બલકે કમજોર છે. એવું મને નમ્રપણે જણાયું છે. આપણાં બધાનાં પોતાનાં છોકરાંઓ ઉપરના પ્રેમમાં Sense on Possessionની વૃત્તિ, (જીવ સ્વભાવની તેમના પરત્વેની મમતાની રાગાત્મક લાગણી) તથા બીજી લાલસાની વૃત્તિઓ સેળભેળ ભરેલી રહે છે. એટલે જે પ્રેમ માગી રહ્યો છું, તે પ્રેમને છોકરાંઓ ઉપરના આપણાથી રહેતા પ્રેમમાં આસમાન જમીનનો ફરક છે. મારે અંગે તમારામાં તેવું ન હોય તે હું સમજી શકું છું. એટલે તમારા હૃદયનો નિર્ભેળ, ઉત્કટ ભાવનાવાળો ધગધગતો પ્રેમ મારે તો જોઈએ છે. સ્વજનોના શુદ્ધ હૃદયના એવા પ્રેમની મને ભૂખ લાગેલી છે. એવા પર માંગલ્યકારી પ્રેમભાવનો વરસાદ જ્યારે આપણા ઉપર વરસે છે, ત્યારે જીવનમાંના સર્વ સંકોચ દૂર થઈ જઈને હૃદય ઉદાત્ત ભાવનાથી પ્રફુલ્લિત બને છે. આખાયે આધારની અંદર રહેલી ચેતનાશક્તિમાં ઉષાની પેઠે નવા પ્રાણની સ્ફૂર્તિ જાગે છે, અને જગત ત્યારે આપણી સામે જગત તરીકે ઊભું રહેતું નથી, પણ પ્રેમભાવમાં રસબસથી તરબોળ થયેલું અને તેની સાથે એકતા સાધતા હોઈએ, તેવું દર્શન આપણને પ્રાપ્ત થાય છે, અને એમ હૃદયથી અનુભવ થતાં થતાં પ્રેમ એ જ પરમેશ્વર છે, એવી સહજ ઝાંખીની ઊંડી ઊંડી હૃદયમાં અસર થતી હોય, એમ અનુભવાય છે.

પ્રેમનો આવો તે દિવ્ય મહિમા કેટલો ગાઈ શકીએ ! અને જો જોવા બેસીએ તો જગતમાં આપણે જે સંકળાયેલા દેખાઈએ છીએ,

તે જો પ્રેમની ભાવના વડે સંકળાયેલા રહીએ, તો જગત ડહોળાયેલું દેખાય છે, તેવું એ જગત આપણી સમક્ષ નહિ રહે, પણ ભગવાને આપણને લીલા કરવા માટે આપેલું એક સુંદર ઉપવનનું રમ્ય સ્થળ છે એવું લાગ્યા કરે. પ્રેમભાવના અનુભવતાં અનુભવતાં આપણામાં જે શક્તિ જાગૃત થાય છે, તે જીવનના સાંકડા વહેણને ક્યાંય ઉછાળી નાખીને એને પ્રચંડ પ્રવાહનો વહેતો ધોધ બનાવી દે છે. અને એ જ્યાં જ્યાં જાય છે, કે હોય છે ત્યાં ત્યાંથી પ્રત્યેકમાંથી, એ પ્રેમભાવનું તત્ત્વ લોઢાને જેમ લોહચુંબક ખેંચે છે, તેમ પોતે ખેંચ્યા કરતો હોય છે, અને એવા પ્રેમભાવની અસર જો આપણાં દિલ તેની સાથે શુદ્ધ ભાવથી પ્રેરાયેલાં હોય, તેની સાથે આપણા હૃદયના તાર પ્રેમભાવથી સંધાયેલા રહેતા હોય, અથવા તો એવા પ્રેમ પ્રત્યેનો આપણો ભાવ સહજપણે જાગ્રત થયેલો હોય, તો આપણને તે (અસર) અનુભવાયા વિના રહેતી નથી. અને એમ પ્રેમ આપણને પણ ધન્ય કરે છે અને બીજાના જીવનને પણ ધન્ય કરે છે. એવા પ્રેમની શક્તિ તે એક ભારે મહાન ગતિ છે. એવી ગતિ આપણા હૃદયને હલમલાવી નાખે છે, એ ગતિની ભાવનાને લીધ જ આપણે તેની વધુ ને વધુ નિકટ આવતા જઈએ છીએ. એ પ્રેમની સંચાલક ભાવના આપણને હૃદયથી પરમ સહિષ્ણુ રખાવી શકે છે. એ પ્રેમની ગતિભાવના આપણને આપણા દોષો તરફ જ અને તે દોષોને ટાળવાને કાજે એકલક્ષી બનાવે છે. એ મતિ આપણને જીવનમાં સહાનુભૂતિ, હૂંફ, સાથ, બળ અને પ્રેરણા પણ આપે છે. આપણને જે જે જીવાત્મા સાથેનો સંપર્ક છે, તેમના તેમના પરત્વેના આપણા જીવ સ્વભાવનાં વલણને તે પ્રેમભાવ ફેરવાવી શકે છે, તથા તે તે જીવાત્માઓ પરત્વે તેમના તેમના જીવ સ્વભાવનાં વલણને જોવાનું ન કરતાં, મહત્ત્વ ન આપતાં, જીવનની ઊર્ધ્વગતિ કેમ થાય એવી રીતે વર્તવાની કળા પણ તે જાગેલો પ્રેમભાવ આપણને શીખવતો હોય છે. જીવન આદર્શના એક પછી એક ઉચ્ચોચ્ચ શિખરોની હારમાળાને વટાવવાને જીવનમાં તે પ્રેમભાવ ધગધગતી ધગશ

પ્રગટાવે છે. કેમ કરીને જાણે ઊડીને આદર્શના ઉચ્ચમાં ઉચ્ચ અને છેવટની ટોચે પહોંચી જઉં એવી પ્રેરણાત્મક તમન્ના એ પ્રેમભાવ આપણા દિલમાં પ્રચંડ જ્વાળારૂપે પ્રગટાવે છે.

એવો પ્રેમભાવ એ તો જીવનની તપશ્ચર્યા છે, જીવનની સાધના પણ છે. અરે, એના વડે જ સાધના થતી હોય છે. **એવો પ્રેમભાવ આપણા જીવનનો ઉલ્લાસ છે, જીવનનો આવિર્ભાવ છે, જીવનનો આનંદ છે, જીવનની રંગભૂમિ છે અને જીવનનો રસ પણ તે જ છે.** જગતમાં પ્રેમ ના હોત, તો જગતમાં રહેવા જેવું પણ લાગત નહિ. જીવનનું આકર્ષણ એ પ્રેમ જ છે. જો તે પ્રેમભાવ ન હોત તો કોઈથી જીવી શકાત જ નહિ. જો જીવનમાં એ પ્રેમભાવની ઉત્કટ ભાવના નથી, તો એવું જીવન સાચું જીવન પણ નથી. આવા પ્રેમભાવની મર્યાદાનો સહૃદયતાથી વધુ ને વધુ વિસ્તાર કર્યા કરીએ અને એની મર્યાદા ન આંકીએ તો કેવું સારું ! **સત્કર્મનો બદલો સત્કર્મ આપીને જ ચૂકે છે.** સત્કર્મની ભાવનામાં અપેક્ષાને સ્થાન જ નથી. તેવી જ રીતે આપણા હૃદયનો જેવો પ્રેમભાવ તેવું જ આપણું જીવન ફળતું રહેતું હોય છે. પ્રેમભાવના જોશ અને વેગ આપણામાં જે ગતિ પ્રેરે છે, તે ગતિમાં આપણને ક્યાંયે લઈ જવાની શક્તિ છે. આપણને જો એનો ઉપયોગ કરતાં આવડે, ભગવાન કૃપા કરીને એવી ઊંડી સમજ અને અંતરને અનુભવવાનો ઉકેલ આપે તો આપણા પ્રત્યેક કર્મમાં તે કર્મના સમગ્રપણાના એ પ્રેમના સાધનથી આપણને દર્શન થાય જ. એવા પ્રેમભાવના તારથી મારાં સકળ સ્વજનોની સાથે હું પોતાને સંકળાયેલો અનુભવું છું, અને એ પ્રેમભાવ મારાં વહાલાં સ્વજનો તરફથી હૃદયની નિર્મળતાથી વધારે ને વધારે મળતો રહે, તો જીવનની આપલે થઈ શકે એ હેતુથી આ શરીરના આજના જન્મદિવસે પ્રત્યેક સ્વજનને આ કાગળ પાઠવું છું.

**('જીવનસંદેશ', ૭ મી આ.; પૃ. ૨૭૭ થી ૨૮૧)**

**— શ્રીમોટા**

# સ્મરણભાવના

(હરિગીત)

પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ પ્રેમથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ રીતથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ ખંતથી,
તુજ નામનો પ્રભુ તંત જરી ના છોડશું હરગિજ કદી....૧

જીવનતણા અતિશય કઠણ દારુણ ઝંઝાવાતમાં,
કે સહુ દિશે સૂઝે નહિ એવા જીવન અંધારમાં,
જીવનતણી ચઢતી અને પડતીમહીં પળપળ સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં....૨

સંસારનાં કર્તવ્યમાં, વ્યવહારીઓની સાથમાં,
સહુ કામમાં, ખાતાં, પીતાં, ઊઠતાં અને વળી બોલતાં,
જે જે કંઈ કરતાં, બધાંની સાથ વર્તતાં સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં....૩

મુશ્કેલીમાં નડતી અમોને ને ઉપાધિમાં જગે,
ઝઘડા અને કંકાસમાં, દિલમાં થતાં સહુ દર્દમાં,
દિલની અમૂંઝણમાં અને આવી પડેલી ગૂંચમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં....૪

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મન વાસનામાં, પાપમાં, ચિતના બધા સંસ્કારમાં,
મનની રમત ને ગમતમાં, મનના રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં....૫

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઇંદ્રિયોના વિષયમાં,
અમ શરીરકેરા રોમરોમે, હૃદયકેરા લોહીમાં,
રગરગમહીં, નખશિખમહીં,ને શરીરના નવ દ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં....૬

ખટરસતણા સહુ સ્વાદમાં, મીઠી મીઠી બધી વાસમાં,
ઉર ચેતનામાં, બુદ્ધિમાં, ચિત પ્રેરણામહીં, પ્રાણમાં,

અમ લાગણીમાં, ભાવનામાં, પ્રેમમાં, રસમાં બધા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં....૭

આધાર સૌ નિજનો સદા માની ઉપર જે ધારતું,
માને અતિશય વ્હાલથી જ્યમ બાલુડું પોકારતું,
વિખૂટું પડેલું માડીથી હરપળ કરે શું આરડ્યાં !
તેવી રીતે તુજ નામ પ્રભુ ! તારું સ્મરાજો તાનમાં....૮

જીવનતણા સહુ ભંગમાં, જીવનતણા સૌ રંગમાં,
જીવનતણા એ અટપટા આડા ઊભા સૌ તારમાં,
મારી ગમે તેવી ભલે હો સર્વ જીવન-ભાતમાં,
રસીલું વણાયા ત્યાં કરો પ્રિય નામ તારું ભાવમાં....૯

સંબંધીઓ ને સ્વજનની સહુ વાતમાં ને ચીતમાં,
સંસારના વ્યવહારમાં ને જે થતાં સહુ કાર્યમાં;
પત્ની અને પરિવારમાં છોને પરોવાયેલ હો,
તે તે દશામાંહે પ્રભો ! તુજ નામ પ્રિય હૈયે વસો....૧૦

પ્રિય નામ- સૂર્ય ઊગ્યા થકી ફીટે જીવનઅંધાર સૌ,
એવું કૃપાથી જીવનમાં અમને ફૂલવજો, ફળવજો;
ચાનક અમોને લાગજો તુજ દિવ્ય જે પ્રિય નામની,
પ્રગટી રહો અમ જીવન તે છાયા રૂપે તુજ પ્રેમની....૧૧

સારાય જીવનપટતણા તાણા અને વાણા વિશે,
ભીંજાયેલા હો રગરગે તુજ પ્રેમથી રંગાયેલા;
તુજ નામના પ્રિય સ્મરણના ઠોકે સદા ઠોકાયેલા,
એવું પ્રભુપદ હો સમર્પિત આ જીવન, હો તુજ કૃપા...૧૨

તુજ નામનો મહિમા ઋષિઓ કૈંક ભક્ત કવિ કથે,
હું તો બિચારું રાંકડું તે શું કથી કથીને કથે ?
જ્યમ સૂર્ય આગળ આગિયો, દરિયા કને ખાબોચિયું.
હીરા કને જ્યમ કાચ એવો સાવ હું નાદાન છું....૧૩

'શ્રી ગંગાચરણે', પૃ. ૨૯ થી ૩૨ **- શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## ● પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ ●

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૨૦ :** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૧:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૧ :** ગૂજરાત વિદ્યાપીઠ પ્રવેશ.

**૧૯૨૨ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૨ :** 'મનને'ની રચના.

**૧૯૨૩ :** 'તુજ ચરણે'ની રચના.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજનસેવા.

**૧૯૨૪ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** સાકોરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકોરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૨૮ :** પહેલી હિમાલયયાત્રા.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી ૧૯૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

**૧૯૩૪થી ૧૯૩૯** દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું,

ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં છાણાંની ૬૩ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને ૨૮ દિવસની સાધના, શિરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ના રોજ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) જન્મતારીખના દિવસે વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦:** દક્ષિણભારત, કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં તાપી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.


**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહી નદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

## (૧) તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ દેહત્યાગ પૂર્વેનાં લખાણ


શ્રીમોટા



જે કોઈને આ અંગે લાગેવળગે છે તેઓ જોગ-

હું ચુનીલાલ આશારામ ભગત ઉર્ફે મોટા, રહેવાસી હરિઃૐ આશ્રમ નડિયાદ, આથી જણાવું છું કે મારી રાજીખુશીથી મારી પોતાને મેળે મારા જડ દેહને છોડવા ઇચ્છું છું. આ દેહ ઘણા રોગોથી ઘેરાયેલો છે અને હવે લોક કલ્યાણના કામમાં આવે તેમ નથી. રોગો મટવાની આશા પણ નથી. એટલે આનંદપૂર્વક શરીર છોડવું ઉત્તમ છે. અને તે માટે યોગ્ય પળ લાગશે ત્યારે હું એમ કરી લઈશ.

મારા શરીરનો અગ્નિ સંસ્કાર એકાંતમાં શાંત જગ્યાએ, મૃત્યુ સ્થળ તદ્દન નજીકમાં કરવો.




અને તે પણ આપ છ જણની હાજરીમાં જ  કરવો. ઘણા ભેગા કરવા નહીં, તેમ મારા સેવકોને હું ફરમાવું છું. મારાં અસ્થિને પણ નદીમાં પૂરેપૂરાં પધરાવી દેવાં.

મારા નામનું ઈંટ-ચુનાનું કોઈ સ્મારક કરવું નહિ.

મારા મૃત્યુ નિમિત્તે જે કંઈ નાણા ભંડોળ ભેગું થાય, તેનો ઉપયોગ શાળાના ઓરડા બાંધવામાં કરવો.

મોટા

તા. ૧૯-૭-૭૬




મને જેમણે જેમણે મને મદદ કરી છે,

મારું કામ કર્યું, તેમનો તેમનો આભાર

માનું છું. ભગવાન તેમનું યશ-કલ્યાણ કરો.'

●



અમારાનું અમે છાનું

કદી રાખ્યું છે ના,

બધું ખુલ્લે ખુલ્લું સરળ

સરળ રીતે લખેલું,

ન લખાયેલું,

ન વિદ્વાનોએ

ન કવિઓએ કદી

પણ ન લખેલું છે,


અમે અમારી મેળે તો

કદી ના લખેલું છે

કદી કોઈના કહેવા

-થી ને પૈસા તેના દેવાથી અમે

●




અમે એનું એમ લખેલું,
કદી પણ ગુજરાતી
સાહિત્યમાં ન લખાયેલું
લખેલું
(નિમિત્ત, શ્રદ્ધા, શ્રીસદ્‌ગુરુ,
ભાવ, નિમિત્ત,
રાગદ્વેષ, સ્વાર્થ)
એવું કોઈને સૂઝેલું ને તે
લખેલું તેનો

•


જશ મારા પ્રભુને
ફાળે જાય.
કદી વિચારી
વિચારીને લખ્યું નથી.
દરેક કાવ્ય થોડાક વખતમાં
લખેલું ને તે પણ તે લખાણના
પૈસા મળેલા છે ત્યારે.

તા. ૨૨ $\frac{૭}{૭૬}$ મોટા

•



ગુરુ મહારાજ જીવતા
પ્રાણી છે એમ નથી. એ તો
એમને કે આપણને ખપ
પડે માણસ જેવા થઈ
આપણા આગળ થઈને
જે તે આપણું ઉકેલી
આપે છે.



ખરે વખતે ખરા વખતના
ભક્તનું ન અટકી રાખે છે.
નિજના ભક્તનું કામ કદી પણ
ન અટકાવે છે.

મોટા

ૐ શરણા સરણા તેને

પ્રભુ શરણા સરણા તેને

પતિત ઉગારો તેને (૨)

[illegible] ઉગારો તેને -

પ્રભુ [illegible] શરણા સરણા તેને

મન વાણીના ભાવો [illegible] ઊગવો

પ્રભુ [illegible] ઊગવો

મન વાણીને હિતને કૃપાઓ આપે [illegible]

પ્રભુ કૃપાઓ આપે [illegible]

ૐ શરણા સરણા તેને

કાર્ય [illegible] હિત કે ઉપાય ઊગો

પ્રભુ હિત કો ઉપાય ઊગો

[illegible] ભાવ ભરો

પ્રભુ [illegible] ભાવ ભરો

ૐ શરણા સરણા તેને

[illegible] ઊર્ધ્વ ગમન કરવા

પ્રભુ ઊર્ધ્વ ગમન કરવા

પ્રભુ કૃપાળુ [illegible] સરણા શરણ ગ્રહવા

પ્રભુ સરણા શરણ ગ્રહવા ૐ શરણા સરણા તેને

[illegible]

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિશે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

# ● નામસૂચિ ●


અક્કલકોટના સ્વામી—૯૨, ૬૭૨
અનુપરામ ભટ્ટ (ભટ્ટ સાહેબ)—૭૩૧, ૭૩૪, ૭૩૭
અબદુલ્લાબાબા—૬૭૩
અમૃતલાલ પઢિયાર—૧૩૧
અંબુભાઈ પુરાણી—૭૯૭
અંબાલાલ વ્યાસ—૧૦૬
અરવિંદ (ઘોષ)—૫૯૫, ૬૦૬, ૭૯૭, ૮૦૯
આથવલે રા. બ.—૫૯૫
આર. કે. દેસાઈ (ડૉ.)—૬૦૭
આનંદમયીમૈયા—૧૬૬
આનંદશંકર ધ્રુવ—૭૨, ૭૯૭
આશારામ ભગત (શ્રીમોટાના પિતાજી)—૩
એન. ગોપાલદાસ ઍન્ડ કંપની—૭૧૮
ઇંદ્રજિત્—૫૮૮
ઇંદ્રવદન શૅરદલાલ—૭૦૨, ૮૧૧
ઇંદુકુમાર દેસાઈ—૭૨૨, ૭૪૨, ૮૧૨
ઇંદુલાલ યાજ્ઞિક—૧૫, ૧૮, ૨૧, ૭૬, ૬૧૫, ૬૧૬
ઇંદોરના યુવરાજ—૭૮, ૭૯
ઈર્વિન—૧૭
ઈશ્વરભાઈ પટેલ (સોજિત્રા)—૩૫
ઉપાસનીબાબા—૮૮, ૮૯, ૯૧, ૯૨
એન્ડ્રુઝ—૬૧૦
એલિઝાબેથ સ્ટેડલર—૭૮૧
કનૈયાલાલ દવે—૬૭૮
કબીર સાહેબ—૬૫૧
કબીરવડ—૬૫૧
કરસનદાસ માણેક—૧૦૭
કલ્યાણપુર—૯૭
કાંટાવાળા સાહેબ (કે. એમ.)—૭૨૧, ૭૨૩, ૭૨૫
કાંતાબા—૧૨૮, ૬૪૭
કાંતાબહેન પટેલ (ડૉ.)—૮૦૩, ૮૦૬, ૮૦૭, ૮૦૯
કાલિદાસ—૭૬૮
કાસમમિયાં સાહેબ—૭૫
કાશીબા—૬૬૫, ૬૬૮
કાળી કામળીવાળા બાબા—૧૨૯
કુબેરદાસ ભાવસાર—૬૧૩, ૬૪૭, ૬૪૮, ૭૪૯
કુમારભાઈ—૧૩૭
કુરેશી સાહેબ—૩૩
કુસુમ—૪૯
કૂક (ડૉ.)—૧૮
કૃષ્ણ (શ્રી)—૧૦૦, ૬૨૨
કૃષ્ણાનંદ સ્વામી—૭૦૦
કેશવ (જુઓ ધૂણીવાળા દાદા)
ખંડેરીઆ—૬૫૬
ગટુભાઈ—૬૫૬
ગંગામાતા—૧૨૦
ગાંધીજી (ગાંધીબાપુ)—૧૩, ૧૪, ૧૬, ૧૭, ૩૧, ૩૭, ૧૦૨, ૧૨૪, ૬૦૯, ૬૩૯, ૬૫૬, ૭૧૫, ૭૧૬
ગિડવાણી—૧૪, ૧૫
ગિરધરબાપા—૭૦૨
ગિરિજાશંકર જોશી—૬૪૨
ગિરીશ ઘોષ—૭૦૧
ગુરુદયાલ મલ્લિકજી (ચાચાજી)—૪૬, ૬૧૦, ૭૫૧
ગોકુળદાસ તલાટી—૩૭
ગુલાબ—૪૯
ગોદડિયા મહારાજ—૩૮, ૪૪, ૬૩
ગોદાવરીમાતા (સાકોરી)—૯૧
ગોપાળજી ડાહ્યાભાઈ દેસાઈ—૭૭૬
ગોપાળદાસ મહેતા (જુઓ મામા)—૧૧૧, ૧૩૬, ૬૪૨, ૭૧૭, ૭૧૮
ઘનશ્યામ નટવરરાય મહેતા—૮
ઘનુભાઈ—૩૫, ૧૧૭
ચંદુભાઈ—૬૮૭

ચંદુભાઈ ભાવસાર—૬૧૮
ચંદ્રકાંત ર. મહેતા—૬૭૯
ચંપાબહેન—૭૫૦
ચાગલા સાહેબ—૩૨
ચિરાયુભાઈ—૮૦૪
ચીમનભાઈ મહાજન—૬૧૩
ચૂનીલાલ આશારામ ભગત (શ્રીમોટા)—૩, ૮૦૯, ૮૧૦
ચૂનીલાલ વ્યાસ—૩૬, ૭૮
છગનભાઈ (ફાર્મ મૅનેજર)—૮૦૯, ૮૧૧
છગનભાઈ જોશી—૬૩૯
જતનબહેન—૭૯૬
જમનાદાસ—૬૬૩
જયશ્રીબહેન શૅરદલાલ—૭૩૧
જયાબહેન જાની—૬૦૯
જયરામભાઈ દેસાઈ—૮૦૪
જલારામબાપા—૭૦૨
જાનકીદાસ મહારાજ—૩૪, ૩૫, ૩૬
જિસસ—૬૯૧
જીવણજી દેસાઈ—૬૬૭
જીવણલાલ મોતીચંદ ઍલ્યુમિનિયમવાળા—૧૦૭, ૧૦૮, ૧૩૧
જેકી (કૂતરો)—૭૬૫
જ્ઞાનસિંગ—૧૨૯
ઝીણાભાઈ (ઝીણાકાકા)—૬૫૧, ૭૫૫
ટાગોર (કવિવર)—૪૬, ૧૨૪, ૬૧૦
ઠક્કરબાપા—૨૫, ૩૧, ૩૨, ૪૯, ૫૮, ૭૯, ૮૦, ૧૦૫, ૧૦૬, ૧૦૭, ૧૧૬, ૧૧૭, ૧૩૧, ૬૩૭, ૬૪૪, ૭૯૭
ડાહ્યાભાઈ ઈજતરામ—૧૨
ડાહ્યાભાઈ નાયક—૧૦૬
ડેનિઅલ ગોલમેન—૭૮૨
ઢેબરભાઈ—૭૧૫, ૭૧૬
તાજુદ્દીનબાબા—૯૨, ૬૭૨
તુલસીદાસ—૬૮૫
તેનસિંગ—૬૪૫
દયારામભાઈ—૮૮
દિલીપ મણિયાર—૬૯૨
દેવાણ ગામના ઠાકોર—૩૯
દેવેન્દ્રનાથ (મહર્ષિ)—૪૫, ૪૬
ધીરજબહેન અમીન—૮૦૭, ૮૦૯, ૮૧૧
ધીરુભાઈ મોદી—૭૭૬
ધૂણીવાળા દાદાજી—૫૭, ૭૨, ૭૬, ૭૭, ૬૭૨, ૬૮૮, ૬૯૫
ધૂંવાધાર—૪૨
નગીનદાસ—૬૧૩
નર્મદામૈયા—૨૩
નરસિંહકાકા—૧૫, ૧૬, ૧૭
નરસિંહ મહેતા—૩૦
નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા—૩૨, ૧૦૨, ૧૧૯
નરહરિભાઈ પરીખ—૬૧૧, ૬૩૯, ૬૯૦
નંદલાલ ભોગીલાલ શાહ—૭૪૫, ૮૦૦
નંદુભાઈ—૫૦, ૧૦૫, ૧૧૩, ૧૧૬, ૧૨૫, ૧૨૭, ૧૨૮, ૧૨૯, ૧૩૨, ૧૩૮, ૬૨૩, ૬૨૪, ૬૩૪, ૬૭૪, ૬૭૬, ૬૭૭, ૬૮૭, ૬૯૦, ૭૦૪, ૭૧૭, ૭૩૦, ૭૪૫, ૭૫૪, ૭૫૬, ૭૬૦, ૭૬૭, ૭૯૩, ૭૯૬, ૮૦૩, ૮૦૬ થી ૮૦૯, ૮૧૧
નાથાકાકા—૬૨૧, ૬૨૨
નાનચંદ્રજી મહારાજ—૧૩૪
નાનુભાઈ કંથારિયા—૭૩
નાનુભાઈ ભટ્ટ—૩૩
પરસદભાઈ ઉર્ફે પ્રિયંવદભાઈ નટવરલાલ મહેતા—૩૨
પરસોત્તમભાઈ—૬૫૭
પહેલદાસજી મહારાજ—૭૪૮
પરીક્ષિતલાલ મજમુદાર—૨૧, ૪૦, ૪૯, ૫૯, ૮૦, ૧૧૬, ૧૧૭, ૬૧૯, ૬૨૪, ૬૩૮, ૬૪૪, ૬૬૮, ૬૯૦, ૭૫૬
પાંડુરંગ વળામે (પૂ. રંગ અવધૂત)—૧૧
પુષ્પાબહેન દલાલ—૭૫૦

પી. ટી. પટેલ—૭૦૦
પ્રભાવતીબહેન (શ્રીમોટાનાં આધ્યાત્મિક મા)—૮, ૨૪, ૫૧, ૫૪, ૫૭
ફૂલચંદ બાપુજી—૩૭
બલરામભાઈ—૬૫૫
બલવંતભાઈ ભટ્ટ (લેફ્ટનન્ટ કર્નલ)—૭૭૫
બા (શ્રીમોટાનાં)—૫૭, ૬૧ થી ૭૦, ૬૧૦, ૬૬૪, ૬૬૬, ૬૬૮,
બાપુ (શ્રીમોટાના એક મુરબ્બી સ્નેહી)—૪૯, ૬૬, ૯૭, ૯૯, ૧૩૦, ૬૭૩
બાળકૃષ્ણ અમરજી પાઠક (ડૉ.)—૧૦૫
બાળયોગી—૫૬, ૫૭, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૫૯૬, ૫૯૮ થી ૬૦૦, ૭૪૯
બાળકદાસજી—૭૪૮
બિલ્વમંગળ—૬૮૯
બ્રાહ્મણ પંડિત (ચિત્રકૂટ)—૪૩
ભગત (આશારામ)—૩
ભગવતપ્રસાદ પંડ્યા—૭૯, ૮૦
ભગવાનજીભાઈ પંડ્યા—૬૫૫
ભગિની નિવેદિતા—૭૯૭
ભત્રીજી (શ્રીમોટાની)—૬૧૦
ભાભા (ડૉ.)—૭૯૭
ભાનુપ્રસાદ પંડ્યા—૨૨
ભીખુભાઈ પટેલ—૬૧૪, ૬૫૧, ૭૧૧, ૭૪૫, ૭૫૦, ૭૫૫, ૭૮૫
ભીમજીભાઈ ડ્રાઈવર—૯૭
ભીષ્મ પિતામહ—૮૦૯
ભૂલાભાઈ—૧૩
મકનભાઈ—૨૯
મગરમચ્છ—૫૯૮ થી ૬૦૦
મણિભાઈ પટેલ—૭૫૬
મણિભાઈ ભગત (ડૉ.)—૬૧૧
મધુરીબહેન ખરે—૭૦૦, ૭૯૨
મનુભાઈ રાવસાહેબ—૪
મસ્તરામ—૧૨૨, ૬૦૦
મહેશભાઈ મહેતા—૨૨
મા (શ્રીમોટાનાં)—૬૧ થી ૭૦
મામા (શ્રી ગોપાલદાસ મહેતા)—૧૧૧, ૧૩૬, ૧૩૭, ૬૧૧, ૬૧૯
માલવિયાજી (મદનમોહન)—૩૦
માવલંકરદાદા—૬૫૨
મિહિર સેન—૬૪૫, ૭૯૫, ૭૯૬
મીરાં—૭૬૦, ૭૮૧
મૂળજીભાઈ (ભાવસાર)—૬૫, ૬૬, ૭૦, ૧૧૬
મોખડીઘાટ—૨૨
મોટીબા—૧૨૮, ૬૦૯, ૬૧૧, ૬૪૬, ૬૪૭
મોટાભાઈ (શ્રી વાડીલાલ ભોગીલાલ શાહ)—૧૧૧, ૧૩૬-૧૩૭
મોરારભાઈ—૨૯
મોહનભાઈ પરીખ—૬૯૦
મૌનીબાબા (ફિરોજપુરવાળા)—૭૬૯
મંગળદાસ (ડૉ.)—૬૫૨
રજનીભાઈ બર્માવાળા—૭૫૫
રણછોડજી—૨૨
રતિલાલ મહેતા—૬૫૩
રવિશંકર મહારાજ—૭૯૭
રવિશંકર પંડિત (સિતારવાદક)—૭૯૭
રથીન્દ્રનાથ ટાગોર—૪૬
રમણ મહર્ષિ—૬૦૬, ૬૨૩
રમણભાઈ અમીન—૭૭૪, ૮૦૪, ૮૦૭ થી ૮૧૧
રમણલાલ વસંતલાલ દેસાઈ—૬૫૪, ૬૬૭
રમાકાંત જોશી—૭૭૭
રમેશભાઈ ભટ્ટ—૬૪૦, ૭૩૪
રાજારામ—૧૨૨
રાજુભાઈ પટેલ—૮૦૬, ૮૦૯, ૮૧૧
રામ (શ્રી)—૬૮૫,૮૦૪
રામભાઈ (પટેલ, વ. વિદ્યાનગરવાળા) ૮૦૩, ૮૦૯, ૮૧૦
રામકૃષ્ણ પરમહંસ—૫૫૯, ૬૦૬
રામદાસ સ્વામી—૬૦૬
રાવજીભાઈ પટેલ (ડભાણ)—૬૧૪, ૬૭૯

રાવણ—૫૮૮
રિચાર્ડ એલપર્ટ ઉર્ફે બાબા રામદાસ—૭૮૨
રોબિન—૭૪૭, ૭૬૮ થી ૭૭૦, ૭૭૩
રંગવાળા શેઠ—૩૪
રંગ અવધૂત—૧૧, ૭૦૭
લતા—૧૭૨
લક્ષ્મણ—૫૮૮
લક્ષ્મીકાંત અમીન—૮૧૧
લલિતભાઈ (માજી મેયર, વડોદરા)—૮૦૪
લાલભાઈ દેસાઈ—૬૬૭
વજુભાઈ જાની—૬૪૫
વલ્લભભાઈ (સરદાર) પટેલ—૧૪, ૨૫, ૬૫૨
વાડીભાઈ (જુઓ મોટાભાઈ)—૧૩૬
વાડીલાલ સારાભાઈ—૩૧
વિષ્ણુભાઈ (એફર્ટસ પ્રા. લિ. વાળા)—૮૦૫
વિષ્ણુકુમાર દવે—૭૬૭
વિષ્ણુપ્રસાદ ઈશ્વરલાલ પંડ્યા—૭૪૮
વિદ્યાબહેન—૬૧૪, ૬૧૫
વિનોબા—૭૪૫, ૭૬૦
વિલિયમ પીટ—૧૮
વિવેકાનંદ—૬૦૬
વીરેન્દ્રભાઈ દેસાઈ (ડૉ.)—૮૦૫
વૈકુંઠભાઈ પટેલ—૬૧૪
વૈદકાકા (રાંદેર)—૬૩૮
શર્મા—૬૭૧
શંકરાચાર્ય—૬૮૪
શ્યામસુંદર ગુપ્તા—૭૫૧
શાહ (વેપારી-દાતા)—૧૦૬
શાંતાબહેન—૭૫૬
શાંતિનિકેતન—૪૫, ૪૬, ૬૧૦
શાંતિભાઈ (શ્રીમોટાના ભત્રીજા)—૬૫
શિશુપાલ—૬૨૨
શ્રીકાંત શેઠ—૨૫
સરયુદાસજી મહારાજ—૩૬
સંતરામ મહારાજ—૩૬, ૮૪, ૮૦૬
સત્યસાંઈબાબા—૭૦૬, ૭૦૭, ૭૮૨
સાગર કવિ—૫૫, ૫૬
સાંઈબાબા—૭૨, ૯૨, ૯૮, ૬૭૦ થી ૬૭૩, ૭૦૬, ૭૦૭, ૭૧૭
સાધુ-મહાત્મા (નર્મદા નદીવાળા)—૨૨ થી ૨૪
સિદ્ધાર્થ (નંદલાલ શાહ)—૧૨૯, ૬૦૯, ૬૩૪, ૬૪૪
સી. ડી. શાહ—૭૨૮
સી. વી. મહેતા—૭૪૯
સી. વી. રામન—૭૯૭
સીમુભાઈ—૨૯
સૂરજબા (શ્રીમોટાનાં બા) જુઓ બા
સુરદાસ—૬૮૯
સોમાભાઈ ભાવસાર—૬૫, ૬૧૮
સોની સાહેબ—૭૩૦
હકીમ સાહેબ—૮૩ થી ૮૮
હનુમાન—૧૦૫
હરખચંદભાઈ—૧૩૧
હરિ—૧૪૧, ૬૪૨, ૭૩૦, ૭૩૧
હરિવદનભાઈ—૪૦, ૪૯, ૬૩૯
હસમુખભાઈ (મહેતા)—૩૩, ૧૨૪, ૬૦૯, ૬૪૧, ૬૭૭, ૭૧૮, ૭૫૬, ૭૯૧
હસમુખભાઈ રેશમવાળા—૮૦૪
હર્ષદાબહેન—૧૦૮
હેમાબહેન આચાર્ય—૭૯૬
હેમંતકુમાર (હેમંતભાઈ) નીલકંઠ—૧૬, ૪૦, ૪૨, ૪૭ થી ૫૦, ૧૧૬, ૧૨૪ થી ૧૨૬, ૧૩૧, ૧૩૪, ૧૩૫, ૬૧૧, ૬૨૩, ૬૨૯, ૬૩૯, ૬૫૨, ૬૫૪ થી ૬૫૬, ૬૬૬ થી ૬૬૮, ૬૭૦, ૬૮૬, ૭૧૭, ૭૪૫, ૭૭૪, ૭૯૩
હેમંતકુમાર મિસ્ત્રી—૭૭૫

# ● વિષયસૂચિ ●


અક્કડપણું ઓછું કરવું—૪૯૬
'અનુભવ' ક્યારે?—૧૮૯, ૩૦૦
અનુભવી આત્માઓના પ્રકાર—૬૮૪
અભ્યાસ—૫૪૯
અહમ્—૫૨૧, ૫૭૪, ૫૮૪
આત્મનિવેદન—૩૦૦, ૫૨૬
આત્માનો અવાજ—૨૨૫
આદર્શ—૫૨૩
આસક્તિનું પરિણામ—૨૮૫, ૨૮૬
ઈશ્વર કર્તાહર્તા છે?—૩૩૮
ઉદારતા—૨૧૬ થી ૨૧૮
કસોટીનું મહત્ત્વ—૨૦૨
કર્મસાધના—૩૦૭ થી ૩૧૧
કરકસર—૫૦૭, ૫૦૮
કામવૃત્તિ—૩૧૩ થી ૩૧૮
કાળ પાકવો—૫૮૫
કૃપા—૫૪૨
'ખુલ્લાં થવું'—૫૬૬
ખંત—૨૧૩
ગુરુ—૨૬૪, ૫૩૮, ૫૩૯, ૫૪૦
—નું કાર્ય—૨૬૭, ૫૫૫
—ની કૃપા—૫૦૪
—નું શાસન—૨૨૫, ૨૨૬
ચમત્કાર—૩૪૦, ૫૮૦
ચરણ—૨૫૮
ચરણરજ—૨૬૦
ચેતન—૫૬૬
જનમદિવસનું મહત્ત્વ—૧૯૪ થી ૧૯૬
જપ—૨૪૬ થી ૨૪૯
જીવની સ્વતંત્રતા—૩૮૭
જીવન—૧૮૪, ૫૭૭
—નું કર્મ—૧૯૨
—નો હેતુ—૧૮૫
જીવન્મુક્ત—૩૨૪
જીવનસારથિનો સ્વીકાર—૩૯૪
તમસ-રજસ-સત્ત્વ—૨૧૯ થી ૨૨૨
તપશ્ચર્યા—૫૧૩, ૫૨૫
તાલીમની જરૂર—૨૨૪
તીર્થ—૫૬૨
ત્વમેવ શરણં (અર્થ)—૩૪૧
ત્રાટક—૨૮૦ થી ૨૮૩
દિવ્યચેતનાશક્તિનું કાર્ય—૨૧૬
ધર્મની અપેક્ષા—૨૦૯, ૫૪૮
—ની ભાવના—૫૩૦
धर्मक्षेत्रे कुरुक्षेत्रे (અર્થ)—૩૪૨
'ધાર્યું ધણીનું થાય'—૩૩૬
ધ્યેયની ભાવના—૧૮૯
ધ્યાન—૨૪૦, ૫૦૨
નકારાત્મક—૫૧૦, ૫૨૨, ૫૩૪, ૫૩૬
'નમવું'—૫૫૪
न मे भक्तः—૩૪૬
નમ્રતા—૨૧૮, ૨૧૯, ૫૦૨, ૫૨૧,૫૨૩, ૫૫૨
નામસ્મરણ—૨૪૦ થી ૨૪૩, ૫૦૦
'નિર્ધન' થવું—૫૭૯
'નિર્બળ' થવું—૫૨૦, ૫૮૩
નિ:સંગ—૫૧૦
'પાપને ધીક્કારતા શીખો'—૫૪૪
પારમાર્થિક જીવનનો આરંભ—૫૬૨
પૂર્ણપુરુષ—૩૩૦
પ્રભુમય જીવન—૫૪૬
પ્રસન્નતા—૫૫૪, ૫૬૮
પ્રાર્થના—૨૬૨, ૫૮૬
—ભાવે પ્રવૃત્તિઓ—૨૬૩, ૨૬૪
પ્રેમ—૨૧૦, ૨૯૪, ૨૯૫, ૫૫૦
બુદ્ધિ—૪૯૪, ૫૬૨
—નું સત્ય—૫૦૮
બ્રહ્મચર્યપાલન—૫૦૧
ભક્તિ—૫૩૮
ભક્તિમય જીવન—૫૪૨
ભગવાનનું દર્શન—૩૧૯, ૫૬૯
—ના ભાવનું કાર્ય—૩૨૧

—ની શક્તિનું સર્જન—૫૬૬
'ભજતે'નો અર્થ—૫૮૩
ભાવ—૨૦૭
ભાવના—૨૦૩, ૨૦૪, ૨૫૭, ૫૦૨,
૫૧૬, ૫૩૩, ૫૩૪, ૫૪૭, ૫૫૭
મન—૨૪૪, ૪૯૮, ૫૩૦
—ની વૃત્તિ—૨૯૦
'મરીને જન્મવું'—૫૪૫
મય્યાવેશ્ય—૩૪૫
મુક્તાત્મા—૩૨૨
મુક્તાવસ્થા—૩૨૬
મૌન—૫૩૧, ૫૩૨, ૫૩૪, ૫૮૦, ૫૮૯,
૫૯૩
મૌનએકાંત—૨૩૦, ૫૧૯
મૃત્યુ—૧૮૫
રાગ—૫૧૫
લાગણી—૨૧૨, ૪૯૫, ૫૧૫, ૫૩૨,
૫૪૪, ૫૬૧
વર્તનરીત—૨૦૦
વાતાવરણ—૨૮૭
વિવેકશક્તિ—૩૦૧ થી ૩૦૭
વૈરાગ્ય—૨૮૩, ૫૪૯
વૃત્તિ—૨૨૬,૩૧૨, ૫૧૩, ૫૩૦, ૫૩૩
—નું જોશ—૪૯૬
—નો સદુપયોગ—૩૧૩
શરીર—૫૬૦
—નો હેતુ—૧૯૬
—ની સંભાળ—૫૨૦, ૫૨૧
શબ્દ—૨૫૦ થી ૨૫૩, ૫૧૨, ૫૫૮
સદ્‌ગુરુ—૫૨૨, ૫૨૩
સમર્પણ—૫૧૪
સમાજ—૫૨૯
—ની ઉન્નતિ—૫૭૦
સમાજસુધારણા—૫૬૩
समोऽहं सर्वभूतेषु—૩૪૮
सर्वधर्मान् परित्यज्य—૩૪૩
સલામત સ્થિતિ—૨૮૯
સહિષ્ણુતા—૨૧૪
સાધક—૪૯૮
—અને જીવનસાથી (પદ્ય)—૨૩૨
—અને નોકર—૨૩૩
—અને બહેનો—૨૩૮
—અને સાધક—૨૩૬
—અને સંસારી—૫૮૧
—અને સ્વજન—૨૩૦
—કાજે જરૂરી—૫૨૬
સાધના—૨૨૭, ૨૩૦, ૫૧૯, ૫૮૫, ૫૮૬
—નો આરંભ—૨૨૮
—ની ઉત્તરોત્તર કક્ષા—૪૯૯, ૫૦૧
—નું પરિણામ—૫૧૪
—નો પ્રચાર—૫૫૦
—માં રસ ક્યારે?—૨૨૭
—માં વાચન—૪૯૫
—માં વિવેક—૪૯૯
સાધનાપથ—૪૯૯, ૫૦૭
સાક્ષીભાવ—૨૯૨, ૨૯૩
સુસંવાદ—૫૫૭
સંકલ્પશક્તિ—૧૮૮
સંકલ્પશુદ્ધિ—૫૦૯
સંતકૃપા—૫૦૪
સંતોના પ્રકાર—
સંબંધો—૪૯
સંસાર—૧૯૯, ૫૦૪
—વ્યવહારની રીત—૫૨૭, ૫૩૭, ૫૪૯
—યજ્ઞની વેદી—૧૯૭
સંયમ—૫૪૪
સંસ્કારો (કર્મના)—૫૧૧
સ્થળ-કાળ—૫૪૮
સ્મરણશક્તિનું કાર્ય—૨૧૦, ૨૧૧
સ્વચ્છતા—૫૦૭
क्षुद्रं हृदय-दौर्बल्यम् (અર્થ)—૩૪૩
શ્રદ્ધા—૨૦૫, ૫૦૧
—ના પ્રકાર—૨૦૬
શ્રેયાર્થી—૧૯૩
જ્ઞાન—૫૮૪

## આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા-ટેપવાણી | ૧૮ |
| ૪. | શ્રીમોટા પ્રવચન-વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |
| ૧૩. | આર્તપોકાર | ૧૯૫૪ |
| ૧૪. | અભ્યાસીને | ૧૯૬૭ |
| ૧૫. | જિજ્ઞાસા | ૧૯૭૦ |
| ૧૬. | ભાવ | ૧૯૭૧ |
| ૧૭. | જીવનઝલક | ૧૯૭૧ |
| ૧૮. | જીવનસૌરભ | ૧૯૭૧ |
| ૧૯. | જીવનઅનુભવગીત | ૧૯૭૧ |
| ૨૦. | જીવનસ્મરણ | ૧૯૭૧ |
| ૨૧. | શ્રદ્ધા | ૧૯૭૧ |
| ૨૨. | જીવનલહરી | ૧૯૭૧ |
| ૨૩. | જીવનતપ | ૧૯૭૨ |
| ૨૪. | જીવનરસાયણ | ૧૯૭૨ |
| ૨૫. | જીવનઆહ્લાદ | ૧૯૭૨ |
| ૨૬. | રાગદ્વેષ | ૧૯૭૨ |

| | |
|---|---|
| ૨૭. નિમિત્ત | ૧૯૭૨ |
| ૨૮. ગુણવિમર્શ | ૧૯૭૨ |
| ૨૯. જીવનસ્પંદન | ૧૯૭૩ |
| ૩૦. જીવનરંગત | ૧૯૭૩ |
| ૩૧. જીવનકથની | ૧૯૭૩ |
| ૩૨. જીવનસ્મરણસાધના | ૧૯૭૩ |
| ૩૩. જીવનમથામણ | ૧૯૭૩ |
| ૩૪. પ્રેમ | ૧૯૭૩ |
| ૩૫. મોહ | ૧૯૭૩ |
| ૩૬. કૃપા | ૧૯૭૩ |
| ૩૭. સ્વાર્થ | ૧૯૭૩ |
| ૩૮. શ્રીસદ્‌ગુરુ | ૧૯૭૩ |
| ૩૯. કર્મઉપાસના | ૧૯૭૩ |
| ૪૦. જીવનચણતર | ૧૯૭૪ |
| ૪૧. જીવનઘડતર | ૧૯૭૪ |
| ૪૨. જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૪૩. જીવનકેડી | ૧૯૭૪ |
| ૪૪. ભાવકણિકા | ૧૯૭૪ |
| ૪૫. ભાવરેણુ | ૧૯૭૪ |
| ૪૬. ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૪૭. ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૪૮. ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૪૯. જીવનપ્રભાત | ૧૯૭૫ |
| ૫૦. જીવનપ્રવાહ | ૧૯૭૫ |
| ૫૧. મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |

•

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | શ્રીમોટાની દાંપત્ય-ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા-પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કૅન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

•

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |

| | | |
|---|---|---|
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા-ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | **મોટા** - મારી મા | ૨૦૦૩ |

●

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

●

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મ-મૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |
| ૧૭. | દુર્લભ દેહ મનુષ્યનો | ૨૦૦૭ |
| ૧૮. | દૈવાસુર સંગ્રામ | ૨૦૦૭ |
| ૧૯. | પ્રસાદી (ગુજરાતી) | ૨૦૦૮ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટાના બે બોલ (તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક) | ૨૦૧૪ |
| ૨૧. | જીવનયોગ ભાગ ૧ અને ૨ | ૨૦૧૬ |
| ૨૨. | બુદ્ધિ | ૨૦૧૭ |

●

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા-જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી **મોટા**નો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા 'ભાઈ' શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

●

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના **મોટા** | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |

| | | |
|---|---|---|
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટાચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટાચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્‌ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

●

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तकों का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम (श्रीभगवान के अनुभव का स्थान) | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के **मोटा** | २०१२ |
| ११. | विद्यार्थी **मोटा** का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

## English books available at Hariom Ashram Surat.
## January - 2020

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet | 1948 |
| 2. | To The Mind | 1950 |
| 3. | Life's Struggle | 1955 |
| 4. | The Fragrance Of A Saint | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-Interest | 2005 |
| 9. | Inquisitiveness | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children | 2008 |
| 14. | Against Cancer | 2008 |
| 15. | Faith | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human To Divine | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace | 2012 |
| 20. | I Bow At Thy Feet | 2013 |
| 21. | Attachment And Aversion | 2015 |
| 22. | The Undending Odyssey (My Experience of Sadguru Sri Mota's Grace) | 2019 |
| 23. | Pujya Shri Mota Glimpses of a divine life (Picture Book) | 2020 |
| 24. | Genuine Happiness | 2021 |

●

‘હું સર્વત્ર વિદ્યમાન છું.’

- શ્રીમોટા

‘જીવન દર્શન’, બી. આ., પૃ.૩૮૨